

**આનંદીબેન પટેલ**

ક્રમાંક : મહે./આ.વ્ય./મા. મ./પાયો./મબાક/ 1185 /૧૧
**મંત્રી,**
**મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન,**
**પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ.**
ગુજરાત સરકાર,
૧/૬, સરદાર પટેલ ભવન, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોન નં. (૦૭૯) ૨૩૨૪૩૩૩૧/૨૩૨૩૮૦૭૭
તારીખ : 20-7-2011

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર મંગલ મંદિર તેના ૪૦૦મા અંકની સિદ્ધિ સ્વરૂપે "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ" વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યો છે, તે જાણી હર્ષની લાગણી અનુભવું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા પ્રકાશિત થનાર વિશેષાંક અમદાવાદમાં વસતા સમગ્ર કચ્છી જૈન સેવા સમાજ પરિવારને ખૂબ જ ઉપયોગી નીવડે તેવી અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

**(આનંદીબેન પટેલ)**

પ્રતિ,
શ્રી અશોકભાઈ મહેતા,
પ્રમુખશ્રી - શ્રી કચ્છી જૈન સેવા સમાજ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ.

## શુભેચ્છા સંદેશ

ભાઈશ્રી,

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર'નો ૪૦૦મો અંક "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ" વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત કરી રહ્યું છે, તે જાણી હર્ષની લાગણી અનુભવી.


કપરામાં કપરી મુશ્કેલીઓને હસતા મુખે આવકારી, તેનો દ્રઢ મનોબળથી મુકાબલો કરીને પણ આનંદમય જીવન પસાર કરે છે, તેવી કચ્છની ખમીરવંતી પ્રજા ગુજરાતનું ગૌરવ છે. આવી ગૌરવવંતી, સાહસિક કચ્છી પ્રજાની ગઈકાલ સુવર્ણમય હતી તેમજ આજ અને આવતીકાલ પણ સુવર્ણમય બની રહેશે એમાં શંકાને કોઈ સ્થાન જ નથી.

"કચ્છ : ગઈકાલ... આજ અને આવતીકાલ" વિશેષાંક પ્રકાશિત કરવાના સુંદર પ્રયાસને આવકારું છું અને મુખપત્ર 'મંગલ મંદિર'ની ઉત્તરોત્તર પ્રગતિ ઈચ્છું છું.

આપનો સ્નેહાધીન,
**(જય નારાયણ વ્યાસ)**

પ્રતિ,
શ્રી અશોકભાઈ મહેતા
મુખ્ય તંત્રીશ્રી - મંગલ મંદિર
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

*ભવિષ્ય, આપના આજના પાયા પર નિર્ભર હોય છે.*



ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૩૦૮૦, ૨૩૨૩૮૦૭૩
૨૩૨૫૭૭૬૨, ૨૩૨૫૭૮૬૧
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૭૭૬૬
**મંત્રી,**
**શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**
બ્લોક નં. ૧, ૮મો માળ, સરદાર પટેલ ભવન,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તા. ૧૮-૭-૨૦૧૧

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર મંગલ મંદિરનો ૪૦૦મો અંક "કચ્છ : ગઈકાલ... આજ અને આવતીકાલ" વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત થઈ રહેલ છે તે જાણી આનંદ થયો.

ગઈકાલ એટલે ૨૦૦૧ના ધરતીકંપ અગાઉનું કચ્છ. આજ એટલે ૨૦૦૧ના ધરતીકંપ બાદનો સમય અને આવતીકાલ એટલે ભવિષ્યની મેઘધનુષી કલ્પના... આવી સચોટ અને સૂરીલી થીમ સાથે પ્રસિદ્ધ થઈ રહેલ આ વિશેષાંક દરેક કચ્છી માડુ માટે પોતાના હૃદયનો ધબકાર બની રહેશે.

કચ્છની ભાતીગળ સંસ્કૃતિ, ધીંગી ધરાના માયાળુ માનવી અને કચ્છના સર્વાંગી વિકાસની વાતોને વણી લેતા આ વિશેષાંકની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**(રમણલાલ વોરા)**

પ્રતિ,
શ્રી અશોકભાઈ મહેતા
મુખ્ય તંત્રીશ્રી - મંગલ મંદિર
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

---

**ફકીરભાઈ વાઘેલા**
**મંત્રી**

ક્રમાંક : મંત્રી/સા.ન્યા.અ./સા.શૈ.પ.વ./યુ.સે.સાં.પ્ર./
**સામાજીક ન્યાય અને અધિકારિતા (અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોનું કલ્યાણ સહિત)/ રમત ગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
**ગુજરાત સરકાર,**


તા. ૨૧-૭-૨૦૧૧

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેમના મુખપત્ર "મંગલ મંદિર"નો ૪૦૦મો અંક "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ" વિશેષાંક રૂપે પ્રગટ કરવામાં આવનાર છે તે જાણી આનંદ થયો. 'મંગલ મંદિર' મુખપત્રને લાંબી મંજિલ સુધી લાવવા માટે સંસ્થાને અભિનંદન આપું છું. આ મુખપત્ર ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી અભિલાષા સહ આ પ્રસંગે મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**(ફકીરભાઈ વાઘેલા)**

પ્રતિ,
શ્રી અશોક મહેતા
મુખ્ય તંત્રીશ્રી - મંગલ મંદિર
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



**વાસણભાઈ આહીર**
રાજ્યકક્ષાના મંત્રી,
સામાજિક, શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ,
ગુજરાત સરકાર.

सत्यमेव जयते

તારીખ : ૧૬ / ૭ / ૨૦૧૧

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા 'મંગલ મંદિર'નો ૪૦૦મો અંક "કચ્છ : ગઈકાલ... આજ અને આવતીકાલ" વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત કરી રહ્યા છો તે જાણી આનંદની લાગણી અનુભવું છું.

કચ્છની સંસ્કૃતિમાં લોકજીવન ધબકે છે. અહીંનો માણસ, માણસપ્રેમી છે, જીવનપ્રેમી છે, ઉત્સવપ્રેમી છે. આથી જ કચ્છીઓ જ્યાં જ્યાં વસે છે, ત્યાં કચ્છી સંસ્કૃતિના દર્શન કરાવે છે અને કચ્છીયતની ખુશ્બૂ પ્રસરાવે છે. કચ્છમાં વસતા કચ્છવાસીઓને વતનપ્રેમથી અભિભૂત કર્યા છે. કચ્છ જિલ્લામાં વૈવિધ્ય ઘણું બધું છે. રણ, દરિયો અને ડુંગરો એમ ત્રિવેણી પ્રકૃતિ ધરાવતો રાજ્યનો સરહદી કચ્છ જિલ્લો વિવિધ ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ તરફ હરણફાળ ભરી રહ્યો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપની વેદનાઓ વિસરીને આફતને અવસરમાં પલટી દેવાના પ્રયાસોમાં સરકાર અને પ્રજા સહભાગી બની છે. રાજ્ય સરકાર અને પ્રજાના સહિયારા પુરુષાર્થથી કચ્છની ભૂમિ પર વિકાસની નવી કેડીઓ કંડારાઈ છે. કચ્છ જિલ્લામાં આંતરમાળખાકીય સુવિધાઓ અને વિવિધક્ષેત્રે થયેલ બેનમૂન વિકાસના લીધે દેશ અને દુનિયાની નજર તેની તરફ મંડાઈ છે.

રાજ્ય સરકારના સહયોગ અને કચ્છની પ્રજાની ખુમારીના કારણે કચ્છ જિલ્લો ઝડપથી બેઠો થયો છે. લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા પાયાની સેવાઓનું ઝડપથી પુનઃનિર્માણ તથા રોજગારી અને આર્થિક વિકાસ માટે વિપુલ મૂડીરોકાણ સાથે મોટી સંખ્યામાં ઉદ્યોગોની સ્થાપના થવાથી કચ્છનું અર્થતંત્ર ઝડપથી વિકસી રહેલ છે. કચ્છમાં વિસર્જન પછીનું નવસર્જન છે. રણ અને મહેરામણની કચ્છની ભાતીગળ ભોમકા, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી સુંદર, આધુનિક, આયોજનબદ્ધ અને નમૂનેદાર બનેલ છે. કચ્છને સમૃદ્ધ, સુખી અને રળિયામણું બનાવવામાં રાજ્ય સરકારની કટિબદ્ધતા, વહીવટી તંત્રની ગતિશીલતા અને જનભાગીદારીની પ્રતિબદ્ધતાએ મહત્ત્વનું યોગદાન આપેલ છે.

કચ્છની પ્રજાના ઊંચા ખમીર, કુદરતી આફતો સામે મહેનત અને હિંમતથી કામ લેવાની ક્ષમતા અને કુશાગ્ર શાસન વ્યવસ્થાએ કચ્છમાં આધુનિક વિકાસના નવા મંદિરો ઊભા કર્યા છે. જે ઝડપથી કચ્છનો વિકાસ થઈ રહેલ છે તે જોતાં જણાય છે કે નજીકના ભવિષ્યમાં કચ્છ એ દેશના શ્રેષ્ઠ જિલ્લામાં સ્થાન મેળવશે તેમજ આર્થિક વિકાસ અને પ્રવાસન ક્ષેત્રે વિશ્વના નકશામાં મોખરાનું સ્થાન મેળવશે, તેવો મને દ્રઢ વિશ્વાસ છે.


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા 'મંગલ મંદિર'ના માધ્યમથી કચ્છ અને કચ્છીયતને દેશ અને સમગ્ર વિશ્વ સમક્ષ મૂકવાના ઉમદા પ્રયાસો માટે 'મંગલ મંદિર'ના તંત્રીશ્રી અને આ માટે સહયોગ આપનાર સૌને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

(વાસણભાઈ આહીર)

પ્રતિ,
શ્રી અશોકભાઈ મહેતા
મુખ્ય તંત્રીશ્રી - મંગલ મંદિર
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

*સ્વયંમાં પરમાત્માનું દર્શન ધ્યાન છે, બીજામાં દર્શન પ્રેમ છે અને બધામાં પરમાત્માનું દર્શન જ્ઞાન છે.*

विधानसभा
गुजरात




# જયંતિ ભાનુશાલી

ધારાસભ્ય
૧ અબડાસા (કચ્છ)
પ્રમુખ, કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી

ઘર : મુ.પો. હાજાપર, તા. અબડાસા, જી. કચ્છ. ફોન : ઘર. ૨૮૧૨૦૬, મો. ૯૮૨૫૦૩૦૩૬૨

ઓફીસ : દહેગામ રોડ, કડવા પટેલ વાડીની બાજુમાં, નરોડા, અમદાવાદ.
ફોન : ૦૭૯- ૨૨૮૨ ૨૩૬૬, ફેક્સ : ૦૭૯- ૨૩૨૪ ૮૮૦૬, મો. : ૯૮૨૫૦ ૩૦૩૬૨

ઓફીસ : જિલ્લા ભાજપ કાર્યાલય, પંડિત દીનદયાળ ભવન,
વી.ડી. સ્કૂલ સામે, ભૂજ - કચ્છ. ફોન : ૦૨૮૩૨ - ૨૨૬૫૨૯, ૨૫૨૫૯૫


તા. ૨૫-૭-૨૦૧૧

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર "મંગલ મંદિર"નો ૪૦૦મો અંક "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ" વિશેષાંક બહાર પાડવા જઈ રહ્યું છે. તે બદલ હું સંસ્થાને મારા અભિનંદન પાઠવું છું.

વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ કચ્છના લોકોએ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કર્યો છે. પરંતુ આજે કચ્છ એક નવી દિશામાં આગળ વધી રહ્યું છે અને વિશ્વની ફલકે કચ્છનું નામ કાયમ કર્યું છે. માટે સમગ્ર કચ્છ જિલ્લાના લોકો અભિનંદનને પાત્ર છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આ પ્રસંગે આપના કાર્ય બદલ કચ્છની સમગ્ર પ્રજા વતી શુભેચ્છા પાઠવું છું.

**(જયંતિ ભાનુશાલી)**

પ્રતિ,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

*સફળતા માટે સક્રિયતાની સાથે સતર્ક રહેવું જરૂરી છે.*

વિધાનસભા
सत्यमेव जयते
ગુજરાત

**બાબુભાઈ મેઘજી શાહ**
**ધારાસભ્ય : રાપર (કચ્છ)**
મુ. પોસ્ટ – લાકડીઆ, તાલુકો – ભચાઉ,
જિલ્લો – કચ્છ, (ગુજરાત)
પીન : ૩૭૦ ૧૪૫.
**મોબાઈલ : ૯૮૨૫૨ ૨૫૯૪૪**

૮૫, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ – ૪૦૦ ૦૦૧.
**ફોન કાર્યાલય : ૨૨૬૯ ૬૨૭૫**
**નિવાસ : ૨૬૧૮ ૩૫૯૭**

તા. ૨૨-૭-૨૦૧૧

## શુભેચ્છા સંદેશ

આત્મિયશ્રી અશોકભાઈ મહેતા
મુખ્યતંત્રીશ્રી 'મંગલ મંદિર'
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

સવિનય જણાવવાનું જે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'નો ૪૦૦મો અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે. હંમેશાં જુદા જુદા વિષયોની પ્રણાલી અનુસાર આ વખતે 'કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ'નો વિશેષાંક પ્રસિદ્ધ થવા જઈ રહ્યો છે તેને આ પત્રથી શુભેચ્છા પાઠવું છું.

*કચ્છડો ખેલે ખલકમેં જીં મહાસાગરમેં મચ્છ*
*જીત હિકડો કચ્છી વસે, ઉત ડીંયાણી કચ્છ*

ની ઉક્તિને ગુજરાતના પાટનગર અમદાવાદમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ સાર્થક કરી રહ્યું છે. જેમને જેમને શ્રી કચ્છી જૈન સેવા સમાજની વિવિધ પ્રવૃત્તિઓનો પ્રત્યક્ષ - પરોક્ષ પરિચય છે તેમની પ્રશંસા - અનુમોદના આપની સંસ્થા અનુભવે તે સ્વાભાવિક છે.

આ સંસ્થાની અનુભૂતિ 'મંગલ મંદિર'ના મુખપત્રથી કચ્છીઓનાં ઘરેઘરે પહોંચે અને વાંચનારને ઉપયોગી વિષયોનાં લેખો - માહિતી - સામગ્રી 'મંગલ મંદિર' દ્વારા મળે છે તેનું પ્રમાણ હું મારા અનુભવોનાં સંભારણા સંગ્રહથી આપી શકું તેમ છું. 'મંગલ મંદિર'ની માહિતી મને પણ માર્ગદર્શકતા આપતી અનુભવી છે. સુંદર પ્રિન્ટિંગ, આકર્ષક મુખપૃષ્ઠ અને માહિતીસભર મંગલ મંદિરનો ૪૦૦મો અંક સંગ્રહ કરવાનો વાચકોને અનુરોધ કરું છું.

***લી. બાબુભાઈ મેઘજીના જય જિનેન્દ્ર.***

*કોઈ કોઈવાર નિષ્ફળતા મળે એ સારું છે, કારણ કે સફળતા કરતાં નિષ્ફળતામાંથી વધારે શીખવાનું મળે છે.*

# શુભેચ્છા સંદેશ

**સુરેશ મહેતા**
ક-૧૮, સેક્ટર-૨૦,
ગાંધીનગર.

તા. ૨૧-૭-૨૦૧૧

*સ્નેહી શ્રી અશોકભાઈ,*

મંગલ મંદિરના ૪૦૦મા અંકની કચ્છ (ભૂતકાળ - વર્તમાન - ભાવિ) વિશેષાંકની પ્રસિદ્ધિ પ્રસંગે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.

કોઈ એક ચોક્કસ ભૌગોલિક વિસ્તાર, જ્ઞાતિ અને ધર્મના મુખપત્રની ઓળખ ધરાવતું મંગલ મંદિર માસિક કાળના ચક્રની સાથે ધીમે ધીમે પોતાનું ફલક વિસ્તારતું ઉત્તરોત્તર વિકાસ પામતું જાય છે. તે છેલ્લા ચારેક વર્ષથી જોતો રહ્યો છું અને તેનો આનંદ છે.

અગાઉના અંકોનો તો ખ્યાલ નથી પણ છેલ્લા ચારેક વર્ષના લગભગ દરેક અંકોને વાંચ્યા છે અને સંગ્રહયા પણ છે.

ટેકનોલોજીના ઝડપી વિકાસના આ યુગમાં માનવ સમાજ પાસે સમયની ખોટ વરતાતી જાય છે ત્યારે ઊંડાણપૂર્વકના વાંચન-વિચારની અપ્રસ્તુતિ જણાઈ છે. તેવે પ્રસંગે ટૂંકમાં વિષયોચિત ઊંડાણપૂર્વકનું જુદા જુદા ક્ષેત્રોનું ભાથું પીરસવાનું મંગલ મંદિરનું કામ સ્તુત્ય છે.

રાષ્ટ્રીય અને માનવીય હિત સાથે ચોક્કસ વિસ્તાર તરીકે કચ્છ જિલ્લાના વિકાસનો વિચાર, તેના ઊંડાણપૂર્વક અભ્યાસ અને તેના હિત માટેના સૂચનો આજે કોમર્શિયલ એંગલ ધરાવતા પત્રો કે સામયિકો તટસ્થ ભાવે આપે તેવી પરિસ્થિતિ ઉત્તરોત્તર ઘટતી જાય છે, ત્યારે આ દિશામાં તેની વિરુદ્ધ જઈને 'મંગલ મંદિર' તેનું ફલક વિસ્તારતું, નીડરતાથી સાચી દિશામાં આગળ વધતા સામયિક તરીકે ઊભરી રહ્યું છે.

કચ્છના Infrastructureમાં Human Resourcesને Develop કરવાની તાતી અને તીવ્ર જરૂરિયાત વરતાઈ રહી છે. વર્તમાન સમય - સંજોગો અને વાતાવરણ આ દિશામાં જઈ શકતા નથી, તેનો થોડો રંજ અનુભવી રહ્યો છું ત્યારે મંગલ મંદિર આ HRDને સાચી દિશામાં લઈ જવા માટે પ્રેરતા આત્મવિશ્વાસનું સાધન બની રહે તેવી અપેક્ષા સાથે ખૂબ ખૂબ શુભેચ્છા.

આપનો,


**(સુરેશ મહેતા)**

*જે સમયને બરબાદ કરે છે તેને સમય બરબાદ કરે છે.*

# પુષ્પદાન શંભુદાન ગઢવી

☎ ૦૨૮૩૨ - ૨૫૧૧૭૭ (ઘર)
૨૫૬૧૭૭ (ઓ)
એમ.એફ. -૮, ઓધવધામ એપાર્ટમેન્ટ,
આકાશવાણી સામે, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧. (ગુજરાત)

તારીખ : ૧૧-૭-૨૦૧૧



પ્રતિ,
શ્રી અશોકભાઈ મહેતા
મુખ્ય તંત્રીશ્રી - મંગલ મંદિર
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

સ્નેહી શ્રી અશોકભાઈ,

સાદર જયભારત.

'મંગલ મંદિર' દ્વારા માહિતી અને સાહિત્ય ક્ષેત્રે પીરસાતી વાનગીઓ જોતા આપના સમાજનું મુખપત્ર એ ખરેખર હવે ખરા અર્થમાં સમગ્ર કચ્છનું મુખપત્ર બની રહ્યું છે. તે માટે હું એક સામાન્ય કચ્છી પ્રજાજન તરીકે ખૂબ જ ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

આપના આ મુખપત્રના ૪૦૦મા અંકને 'કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ' વિશેષાંક સ્વરૂપે પ્રકાશિત કરવાનું આપે નિરધાર્યું છે. અને તેમાં કચ્છના લબ્ધ પ્રતિષ્ઠિત અને જે તે વિષયના નિષ્ણાત લેખકોના લેખો પ્રકાશિત થવાના છે તે જાણી અતિશય આનંદ થયો.


કચ્છનો તમામ ક્ષેત્રે વિકાસ થાય અને તેમાં આપના સમાજ દ્વારા, આ મુખપત્ર દ્વારા તથા આપની સમગ્ર ટીમ દ્વારા જે પ્રદાન આપવામાં આવી રહ્યું છે તે તમામ શુભ પ્રવૃત્તિઓને 'મંગલ મંદિર'ના ૪૦૦મા વિશેષાંક દ્વારા ઓર તેજ ગતિ અને વધુ બળ મળે તે માટે પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં મારી હૃદયપૂર્વકની પ્રાર્થના અને અંતઃકરણ પૂર્વકની શુભેચ્છાઓ પાઠવતા પણ હર્ષની લાગણી અનુભવું છું.

કુશળ હશો.

લી. સ્નેહાધીન,

**(પુષ્પદાન શંભુદાન ગઢવી)**

*મિત્ર પસંદ કરવામાં ઉતાવળ કરવી નહિ, મિત્ર બદલવામાં તો જરાય નહિ.*



## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર' ૩૬ વર્ષની મંજિલ પૂરી કરી તેનો ૪૦૦મો અંક પ્રસિદ્ધ કરવા જઈ રહ્યું છે તે એક સીમાચિહ્નરૂપ ઘટના છે. મંગલ મંદિરના તંત્રી મંડળના સભ્યો આ અનોખી સિદ્ધિ માટે અભિનંદનના અધિકારી છે. આવતા વર્ષોમાં હજુ પણ વધુ પ્રગતિ સાધતા રહો તેવી શુભેચ્છા.

**તારાચંદ છેડા**
**ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી - ભુજ, કચ્છ**



## શુભેચ્છા સંદેશ

**લહેરચંદભાઈ એન. મહેતા**
"સિધ્ધાચલ",
૨૨-૨૩, શાંતિ પેલેસ સોસાયટી,
રાંદેર રોડ, સુરત.

પ્રતિ,
સ્નેહી શ્રી અશોકભાઈ,
પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની તવારીખમાં એક વધુ સોનેરી પૃષ્ઠ અંકિત થઈ રહ્યું છે. મંગલ મંદિર ખૂબ જ લાંબી મજલ પાર કરી સળંગ ૪૦૦મા અંકના પ્રકાશન તરફ પ્રયાણ કરી રહ્યું છે તે જાણી ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવી રહ્યો છું. મંગલ મંદિરના વિશેષાંક મારફત લબ્ધ પ્રતિષ્ઠિત લેખકશ્રીઓ દ્વારા "ભાતીગળ ભોમકા કચ્છ"ની વિપુલ માહિતીના રસથાળ સ્વરૂપે વિવિધરંગી ફુલછાબની ભેટ ધરીને આપશ્રીએ કચ્છના ગૌરવવંતા ભૂતકાળ, સ્વર્ણિમ વર્તમાન અને દેદીપ્યમાન ભવિષ્યની અણમોલ ઝાંખી કરાવવાની અમૂલ્ય તક ઝડપી છે. આ વિશેષાંક કચ્છવાસીઓ માટે માહિતીનો મહામૂલ્ય ખજાનો બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

અકલ્પનીય ઔદ્યોગિક વિસ્તરણ દ્વારા રોજગારીની વિપુલ તકોનું સર્જન અને વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ તથા કંડલા - મુંદ્રા જેવા બંદરોના અપ્રતિમ વિકાસના મીઠા ફળ હવે દૂર નથી. નર્મદાના નવલા નીરનું શુભ આગમન દરેક કચ્છીઓના મનને આનંદ - ઉત્સાહથી તરબતર કરશે એ દિવસો પણ હવે નજીક છે.

આપશ્રીના નેજા હેઠળના કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિશાળ ફલકની પ્રવૃત્તિઓને બિરદાવું છું. અત્રેથી કચ્છી જૈન સેવા સમાજ - સુરત નવસારીના ટ્રસ્ટી ગણ - કાર્યવાહક સમિતિ વતી વિશેષાંક પ્રકાશન પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ અને ભવ્ય સફળતાની મંગલ શુભકામનાઓ પાઠવું છું.

**લહેરચંદ એન. મહેતા**
**પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ**
**સુરત - નવસારી**


*પુસ્તકો, એ કાળ સમુદ્રને પાર કરીને જનારી નૌકાઓ છે.*

## શુભેચ્છા સંદેશ

'મંગલ મંદિર'ના ૪૦૦મા અંકની પ્રસિદ્ધિ સમયે સમાજના કર્તવ્યનિષ્ઠ અને સમર્પિત ભાવનાવાળા કાર્યકરો અને મંગલ મંદિરનું તંત્રીમંડળ આ સર્વે અભિનંદનના અધિકારી છે. આવતા દિવસોમાં પણ આ જુસ્સા અને સમર્પણભાવ સાથે કાર્ય કરતા રહેશો તેવી શુભ ભાવના સાથે અભિનંદન અને મંગલ કામના.

**મૂલચંદ કરમચંદ શેઠ**
**ઉપપ્રમુખ - વિરાયતન**
**ચેરમેન - રૂરલ એગ્રો રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી**
**ભૂતપૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ, શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - માટુંગા (પાખાડી)**

## શુભેચ્છા સંદેશ



પ્રતિ
મુખ્યતંત્રીશ્રી
'મંગલ મંદિર' મુખપત્ર
શ્રી કચ્છી જૈન સેવા સમાજ
અમદાવાદ.

ભાઈશ્રી,

ગાલા પરિવારના જય જિનેન્દ્ર.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એના મુખપત્ર 'મંગલ મંદિર'નો ૪૦૦મો વિશિષ્ટ અંક પ્રગટ કરે છે, એ સમાચાર આપના પત્ર દ્વારા જાણી આનંદ અને ગૌરવ થયા.

સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે સામયિકોનું વિશેષ ઉત્તરદાયિત્વ રહેલું હોય છે, ને એ ઉત્તરદાયિત્વ 'મંગલ મંદિર' હંમેશાં બજાવતું રહ્યું છે. કચ્છની 'ગઈકાલ' એના ભવ્યાતિભવ્ય, સાંસ્કૃતિક વારસાને કારણે ભારતીય સંસ્કૃતિ રાણીના મુગટમાં મોરપીચ્છની જેમ શોભે છે. કચ્છની ભૂમિનાં પુણ્ય અને પ્રભાવ 'આજ'ને પણ પ્રભાવિત કર્યા વિના કેમ રહે? ૨૦૦૧ના ધરતીકંપ પછી ફિનિક્સ પંખીની જેમ કચ્છ અનેક દૃષ્ટિએ ધમધમતું થઈ રહ્યું છે. કચ્છની આવતીકાલ જેના પર નિર્ભર છે, એવી 'આજ'ના વિકાસને જોઈને, કયા માદરે વતનીનું હૈયું ન હરખાય? ૪૦૦મા અંકમાં પ્રગટ થનારા લેખો તેમજ લેખકોની સૂચિ જોઈને, સંપાદકની વિશિષ્ટ દૃષ્ટિ અને સૂઝને ધન્યવાદ આપીએ છીએ. કોઈપણ પ્રજાની સાચી સંપદા એનાં સાંસ્કૃતિક વારસો અને વૈભવ છે. એ વારસાને વિવિધ દૃષ્ટિકોણવાળા લેખો દ્વારા 'મંગલ મંદિર' ઘણી મોટી સામાજિક સેવા કરે છે, એમાં કશી શંકા નથી. આ પ્રસંગે અમે 'મંગલ મંદિર'ને શુભેચ્છા પાઠવીએ છીએ.

***અમરચંદભાઈ ગાલા***
***તેમજ ગાલા પરિવારનાં તમામ સભ્યો***

## <u>શુભેચ્છા સંદેશ</u>

'મંગલ મંદિર' તેનો ૪૦૦મો અંક પ્રસિદ્ધ કરી રહ્યું છે. એક સમાજના મુખપત્ર તરીકેની આ એક અનોખી વણથંભી સિદ્ધિ છે. એના માટે સમાજના જ સમર્પિત કાર્યકરોની નિષ્ઠા પણ એમાં ભાગીદાર છે. 'મંગલ મંદિર' આવતા વર્ષોમાં વધુને વધુ પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છા અને મંગલ કામના.

**ચંદ્રકાંત ગોગરી**
**અધ્યક્ષ, આરતી ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - મુંબઈ**

*માણસ કરતાં ચડિયાતા માણસ બનો તો તમે માણસ! નહિ તો કીડી કરતાંય નપાવટ.*

Nenshi L. Shah
Chairman & Managing Director

પ્રતિ
શ્રી અશોકભાઈ મહેતા
મુખ્યતંત્રી – 'મંગલ મંદિર'
શ્રી કચ્છી જૈન સેવા સમાજ
અમદાવાદ.

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ થતું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' તેનો ઓગસ્ટ-૨૦૧૧નો ૪૦૦મો અંક "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ"ના થીમ સાથે વિશેષાંક રૂપે પ્રગટ થઈ રહેલ છે તે જાણીને ખૂબ આનંદ થયો.

'મંગલ મંદિર' મુખપત્રમાં માહિતીપ્રદ લેખોની સાથે કચ્છ, ગુજરાત અને અન્ય સ્થળોની વિગતોના અહેવાલો જેવી વૈવિધ્યસભર સામગ્રી નિયમિત રૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેથી કચ્છની સંસ્કૃતિ સાથે વાંચક વર્ગને શિષ્ટ વાંચન અને જાણકારી પ્રાપ્ત થાય છે. આ કાર્ય માટે આપને, આપની ટીમને અને સમાજને ખૂબ ખૂબ અભિનંદન....

'મંગલ મંદિર' ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

**નેણશી એલ. શાહ**
**(યુરો ગ્રૂપ)**

## શુભેચ્છા સંદેશ

તા. ૧૪-૭-૨૦૧૧

'મંગલ મંદિર'ના મંગલમય અંકોએ સમાજ માટે અનેકવિધ સર્જનો આપ્યા છે.

આ ૪૦૦મો અંક ખૂબ અનોખી રીતે કચ્છનું વૈવિધ્યસભર દર્શન આપણી બધાની સામે મૂકવાનો છે.

મંગલ મંદિર પાસેથી મેં હંમેશાં પ્રેરણાઓ મેળવી છે, મેળવતો રહું છું.

એવું જ વર્ષોવર્ષ મંગલમય દર્શન અપાતું રહેવાનું, સાથે સાથે મંગલમય કાર્યો થતા રહેશે એ શ્રદ્ધા સાથે.

**કાંતિસેનના સ્નેહ વંદન.**
*શ્રુજન, પોસ્ટ : ભુજોડી, તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*

*મન એવું શસ્ત્ર છે કે વિવેકપૂર્વક વાપરતાં ન આવડે તો તેના માલિકને માટે એ ભયજનક બની રહે.*

**રાયચંદ હંસરાજ ધરમશી**
મઢુલી, ૧૪મો માળ,
ડૉ. એની બેસન્ટ રોડ,
નહેરુ નગરની સામે,
વરલી, મુંબઈ-૪૦૦ ૦૧૮.

તા. ૨૨-૭-૨૦૧૧

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'નો હું છેલ્લા કેટલાક વર્ષથી વાચક છું. તેમાં પીરસાતી વાનગીઓ, વિવિધ વિષયને આવરી લેતી અને ખૂબજ અભ્યાસપ્રદ હોય છે. મંગલ મંદિરમાં પ્રસ્તુત થતા લેખો, તેનો લેખક વર્ગ ખૂબજ કાળજીપૂર્વક અને સતત અભ્યાસ બાદ તૈયાર કરતો હોય તેવું લેખોના વાંચન કર્યા બાદ સ્પષ્ટપણે ખ્યાલ આવી શકે.

મંગલ મંદિરના ૩૬ વર્ષની, ૪૦૦ અંકની ગાથાના જે કોઈ સાથી હોય તે સહુને આ પ્રસંગે મારા અભિનંદન પાઠવું છું. તેઓની સક્રિય કાર્યવાહી વગર મંગલ મંદિર આ ઊંચાઈએ કદાપિ ના પહોંચી શક્યું હોત.

મંગલ મંદિરનો પ્રવેશ ભારતભરના દરેક કચ્છી પરિવારમાં થાય તેવી શુભ કામના. શિષ્ટ સામગ્રી દ્વારા જરૂરથી તે આ મંજિલ તરફ પ્રયાણ કરતો રહેશે તેમાં કોઈ જ શક રહેતો નથી.

'મંગલ મંદિર' પ્રગતિ તરફ પ્રયાણ કરતું રહે તેવી શુભેચ્છા.

***રાયચંદ હંસરાજ ધરમશી***

પ્રતિ
મુખ્યતંત્રી - મંગલ મંદિર, અમદાવાદ.



## શુભેચ્છા સંદેશ

'મંગલ મંદિર' માસિકના સંચાલનના વર્ષો સુધીના પરોક્ષ સાક્ષી તરીકે મેં તેને ખૂબ જ નજીકથી નિહાળેલ છે. આજે જ્યારે તે ૪૦૦મો અંક પ્રસારિત કરવા જઈ રહેલ છે ત્યારે તેની ૩૬ વર્ષની ગાથા માટે અન્યને જેટલો આનંદ થાય તેટલો જ, બલકે તેનાથી પણ વિશેષ આનંદ હું પણ અનુભવી રહેલ છું.

ચાર પાનાથી શરૂ થયેલ 'મંગલ મંદિર'ના એ દિવસો હજુ પણ ઝાંખી સ્વરૂપે નજર સમક્ષ ઉપસ્થિત થતા દેખાય છે. તેના વર્ષો-વર્ષની પ્રગતિની ઝાંખી પણ બિલકુલ નજરની સામે દૃષ્ટિગોચર થાય છે.

શરૂમાં તે સમાજના પ્રત્યેક ઘેર પહોંચવા મનોરથ સેવતું. ત્યારબાદ સમાજના પ્રત્યેક ઘરને સંગઠિત કરવા મનોરથ સેવતું. ત્યારબાદ સમાજના પ્રત્યેક ઘરને એક તાંતણે બાંધી રાખતું અને હવે સમાજની દરેક પ્રવૃત્તિઓનો ભારતભરના કુટુંબોમાં પ્રસારણ કરતું તથા અમદાવાદ બહારના સમાજના કોઈ પણ કુટુંબને શિષ્ટ વાંચન પીરસતા આ મંગલ મંદિરને તેના દરેક બદલાતા જતા કલેવરનો હું મૂકભાવે સાક્ષી રહેલ છું.

મંગલ મંદિરના ભૂતપૂર્વ સુકાનીઓને આ પ્રસંગે નત મસ્તકે સલામ ભરું છું. તેના અત્યારના સુકાનીઓ હજુ પણ આ સામયિકને વધુ ને વધુ ઊંચાઈએ પહોંચાડે તેવી અભ્યર્થના વ્યક્ત કરું છું.

**ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા**
**પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*પ્રાર્થના એ ધર્મના ગઢની મજબૂત દીવાલ છે.*

## શુભેચ્છા સંદેશ

ગાંધીધામ, તા. ૧૯-૭-૨૦૧૧

આદરણીય
મેનેજિંગ ટ્રસ્ટી / પ્રમુખ શ્રી – શ્રી કચ્છી જૈન સેવા સમાજ
મુખ્યતંત્રી : મંગલ મંદિર માસિક મુખપત્ર
અમદાવાદ.

જય જિનેન્દ્ર, પ્રણામ.

વિ. 'મંગલ મંદિર'ના ૩૬મા વર્ષના ૪૦૦મા સ્પે. અંકના પ્રકાશનના સુમંગળ અવસરે આનંદ અને ગૌરવ સાથે હાર્દિક અભિનંદન.

**ગઈકાલ અને આજ – વણથંભી વણઝાર**

સમાજની કેટલીક બાબતો, સમાજની પ્રવૃત્તિ અને પ્રગતિના અહેવાલો, સમાજના પરિવારોમાં જાગૃતિ લાવવા, પચરંગી સમુદાયના સમૂહના આ સમાજને એક સેતુ દ્વારા સાંકળવાના ઉમદા વિચારોના સથવારે.... આજથી ૩૬ વર્ષ પૂર્વે પ્રથમ "પ્રેરણા" નામના મુખપત્રથી આ પ્રવૃત્તિનો પ્રારંભ થયો.... તેના સંપાદનની - વ્યવસ્થાપનની જવાબદારી મારા શિરે મૂકવામાં આવી હતી.

સમાજના પરિવારોના સાંકળ સ્થાન સમાન આ મુખપત્રથી સમાજના પરિવારોને સામાજિક ક્ષેત્રે કંઈક નવી દિશા પ્રાપ્ત થઈ - નવી સોચ અને નવો જોમ આવ્યો... ઉદ્દાત્ત અને શુભ ભાવના દ્વારા રોપેલું આ બીજ સૌના સહિયારા પુરુષાર્થ દ્વારા ઉત્તરોત્તર સફળતામાં પરિણમવા લાગ્યું. સૌના સુંદર સાથ-સહકાર, લાગણી અને આવકાર દ્વારા 'મંગલ મંદિર'ના નવા નામાભિધાનથી મુખપત્રને રજિસ્ટ્રેશનનું કવચ મળી ગયું.

**અને આજે....**

પ્રાચીન વિદ્યાશાખા, સાચી જીવન પદ્ધતિ, સાચું શિક્ષણ, આગમ-નિગમ, જીવન ઉપયોગી મીઠી વાતો, આપણી સંસ્કૃતિનો અમર વારસો, વિવિધ સમાચારો, ઐતિહાસિક બોધાંશો, જીવન ઘડતરની મીઠી વાતો, મનનીય મુદ્દાઓ, વર્તમાન પ્રસંગોની તટસ્થ સમીક્ષા, મિમાંસા, વિવિધ આલોચનો જેવા વિવિધ વિષયો પર સરળ અને લોકભોગ્ય લેખો વગેરે વિષયો / બાબતોને વાચા આપી પ્રતિભાસંપન્ન વિવિધ સામગ્રીનો રસથાળ પીરસવામાં 'મંગલ મંદિર' વિદ્યમાન છે. આ તમામ પ્રકારની માહિતીઓનું પ્રતિબિંબ સમાજના પરિવારો - સમાજના શુભેચ્છકો સુધી પહોંચાડવામાં 'મંગલ મંદિર' આજે કાર્યરત છે.

આ માસિક / મુખપત્ર સમાજનું મુખપત્ર માત્ર નહીં પરંતુ સમાજની 'દીવાદાંડી' કહીએ તો અતિશયોક્તિ નથી. માસિકની પ્રગતિ, તેણે વિતાવેલો ૪ દાયકાનો ઉજ્જવળ ભૂતકાળ, પાકા પાયાના ચણતર કામ માટે મને અભિમાન નથી પણ ગૌરવ ચોક્કસ છે....

આપ સૌ સાથી કાર્યકર્તાઓની લગન, શુભ નિષ્ઠા અને સમાજના પ્રેમનો ત્રિવેણી સંગમ મુખપત્રના સફળ સંચાલન માટે કારણભૂત છો.

સૌને અભિનંદન.... ધન્યવાદ.... અનુમોદના.

આ માસિક મુખપત્ર હજુ પણ દિન-પ્રતિદિન આગળ વધે.... પ્રગતિ સાધે.... ફલે-ફૂલે....

એજ... શુભેચ્છા.... મનોકામના..... અભ્યર્થના....

લી. સમાજનો સેવક - આપનો અદનો સાથી
**પ્રભુલાલ કે. સંઘવી**

*જીવનની ઘણી બાજી હારીને જીતી જવાની હોય છે.*



## 'મંગલ મંદિર'ના ૪૦૦મા અંક માટે શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર 'મંગલ મંદિર' ૧૯૭૫થી શરૂ થયેલ ૩૬ વર્ષની અવિરત યાત્રા બાદ ૪૦૦મું શિખર સર કરી રહ્યું છે. એક સામાજિક સંસ્થાના બિનધંધાદારી મુખપત્ર માટે આ એક ગૌરવપ્રદ ઘટના છે. ફક્ત ૪ પાનાથી શરૂ થયેલ એક ચોપાનિયું, આજે રસપ્રદ વાંચન સામગ્રી સાથેના દળદાર માસિક તરીકેનું સન્માનજનક સ્થાન મેળવી શકેલ છે અને એ માટે 'મંગલ મંદિર'નું હાલનું તંત્રી મંડળ અને તેના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતા - ધન્યવાદને પાત્ર છે.

ભારતભરની સામાજિક સંસ્થાઓમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એક આદરણીય સ્થાન ધરાવે છે. અને આવી સંસ્થાના મુખપત્ર 'મંગલ મંદિર'ના મુખ્ય સંપાદિકા તરીકે જુલાઈ-૧૯૮૪થી ઓગસ્ટ-૨૦૦૬ સુધીના ૨૨ વર્ષો દરમ્યાન ધૂરા સંભાળવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું, તે બદલ સંસ્થાની હું ઋણી છું.

આ સમયગાળા દરમ્યાન 'મંગલ મંદિર'નો શતાંક, દ્વિ-શતાબ્દી (૨૦૦મો અંક) અને માર્ચ-૨૦૦૩નો ૩૦૦મો દળદાર અંક (૨૩૬ પાના) પ્રકાશિત કરેલ હતા. આ ૩૦૦મા અંકમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના સ્થાપનાકાળ ૧૯૬૩થી ૨૦૦૩ના ચાલીસ વર્ષ દરમ્યાન સંસ્થાના પાયાના પથ્થર સમાન સૂત્રધારોની ઐતિહાસિક તવારીખ તથા અન્ય કેટલીક વિશિષ્ટ માહિતી સંકલિત કરી શકાઈ હતી. અને હવે જ્યારે 'મંગલ મંદિર'નો ૪૦૦મો અંક પ્રસિદ્ધ થવા જઈ રહ્યો છે ત્યારે એક મા પોતાના બાળકની પ્રગતિ જોઈને ખુશી અનુભવે એવી લાગણી હું અનુભવી રહી છું.

હાલમાં શ્રી અશોકભાઈ મહેતાની રાહબરી હેઠળ 'મંગલ મંદિરે' જે પ્રગતિ કરી છે અને લોકચાહના મેળવી છે એ બદલ હું ખૂબજ આનંદ અને સંતોષની લાગણી અનુભવું છું.

'મંગલ મંદિર'ની આ વણથંભી યાત્રા ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે અને આનાથી પણ ઉચ્ચ શિખરે પહોંચવાનો પ્રયત્ન કરે એ જ શુભ ભાવના સાથે....

***ચંદ્રિકા દેઢિયા***

***પૂર્વ સંપાદિકા - 'મંગલ મંદિર'***

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)
**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી
**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)
**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)
**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– *મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ :
  - ■ ૪૦૦મા અંકની સિદ્ધિના ટાંકણે
  - ■ કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ ..................... અશોક મહેતા ...... ૨૩
- 'મંગલ મંદિર'ના વિશેષાંકો
  ૪૦૦મા અંક સુધીની મંજિલ ......................... તંત્રી મંડળ – મંગલ મંદિર ...... ૨૬

*લેખ વિભાગ :*

**કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ**

- કચ્છની પ્રાચીન, અર્વાચીન, ઐતિહાસિક, વર્તમાન જળઅસ્મિતા ..................................... યોગેશ જાડેજા, વિનીત રાણા ...... ૩૩
- કચ્છ – ભૂકંપ પહેલાં અને પછી.... ..................................... વિનીત રાણા ...... ૩૬
- પુરાતત્ત્વ અને ઈતિહાસના સંદર્ભમાં "કચ્છની ગઈકાલ, આજ અને આવતીકાલ" ........................... દિનકર મહેતા ...... ૩૮
- કચ્છની અસ્મિતાના અદ્‌ભુત સ્થાપત્યો અને હુન્નરકલા ..........પ્રા. ડૉ. રામજીભાઈ સાવલિયા........ ૪૧
- કચ્છનું ધોળાવીરા વર્લ્ડ હેરીટેજ સાઈટનો ઉત્કૃષ્ટ નમૂનો ..................................... ચૌલા કુરુવા ...... ૪૩
- કચ્છના ગૃહ ઉદ્યોગો : એની ગઈકાલ, આજ અને આવતીકાલ ................................ ચંદાબહેન શ્રોફ ...... ૪૬
- **Initiative of NGOs' in Kutch Region ...... Dr. Kalpana C. Satija ....... ૪૮**
- કચ્છ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ : રાજાશાહીથી લોકશાહી સુધી ..................................... શશિકાંત મો. ઠક્કર ...... ૫૬
- 'ક' વર્ગના રાજ્ય દરમિયાન કચ્છનો વિકાસ અને આજની સ્થિતિ ..................................પ્રા. પૃથ્વી શાહ ...... ૬૯
- કચ્છમાં ધરતીકંપ પછીનો રાજ્ય વહીવટ ....................... શશિકાંત એમ. ઠક્કર ...... ૭૩
- કચ્છની લોકકળાઓ અને કારીગરી................................. ખોડીદાસ પરમાર ...... ૭૭
- સ્વાતંત્ર્ય સંગ્રામ અને કચ્છ ..................................ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૮૪
- કચ્છમાં વાહન વ્યવહાર સુવિધાઓનો વિકાસ : ગઈકાલ, આજ અને આવતીકાલ .................. ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' ...... ૯૦
- કચ્છનું સાહિત્ય : ગઈકાલ, આજ અને આવતીકાલ ............ ડૉ. દર્શના ધોળકિયા ...... ૯૪
- કચ્છની રાજકીય સ્થિતિ : કલ, આજ ઔર કલ ...................... હરેશ ધોળકિયા ...... ૯૬
- ભીષણ ભૂકંપ બાદ કચ્છનો ઔદ્યોગિક વિકાસ ...................... પ્રા. સૂર્યકાંત ભટ્ટ .... ૧૦૦

- કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોની પર્યાવરણીય અસર અને તેના ઉપાયો ........ અશ્વિન ઝીંઝુવાડિયા .... ૧૦૩
- કચ્છમાં પાણીની જરૂરિયાત ........ અશોક મહેતા .... ૧૦૫
- કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ ........ અશોક મહેતા .... ૧૦૮
- "ગઈકાલ, આજ અને આવતીકાલ" કચ્છમાં ખેતી અને પશુપાલન ........ હસમુખ પટેલ .... ૧૧૦
- કચ્છમાં શિક્ષણની વર્તમાન સ્થિતિ ........ ડૉ. કાંતિ ગોર 'કારણ' .... ૧૧૩
- કચ્છમાં મહિલા શિક્ષણનો વિકાસ ........ વખતસિંહ જાડેજા .... ૧૧૭
- કચ્છી ભાષા : વિકાસ અને સાહિત્ય ........ ડૉ. વિશન નાગડા .... ૧૧૯
- કચ્છમાં સિંધી સાહિત્ય ........ ડૉ. જેઠો લાલવાણી .... ૧૨૬
- કચ્છનાં વિશિષ્ટ વ્યક્તિત્વો ........ હરેશ ધોળકિયા .... ૧૨૯
- કચ્છના પાળિયાઓ ........ દિલીપ કે. વૈદ્ય .... ૧૩૭
- કચ્છનાં મ્યુઝિયમો ........ નરેશ અંતાણી .... ૧૪૦
- ઐતિહાસિક દસ્તાવેજોની જાળવણી કચ્છનાં સંદર્ભમાં ........ જિતેન્દ્ર વી. શાહ .... ૧૪૮
- સ્વતંત્રતા પછીના કચ્છના યુદ્ધો : કચ્છ સીમાએ ખેલાયેલા જંગની દાસ્તાન ........ નિખિલ પંડ્યા .... ૧૫૧
- કચ્છનો બંદરીય વિકાસ : ગઈકાલ, આજ અને આવતીકાલ ........ ઉમિયાશંકર અજાણી .... ૧૫૭
- કચ્છી માલમોનો અસ્તિત્વ જંગ! ........ હસમુખ અબોટી 'ચંદન' .... ૧૬૪
- અણપોંખાયેલું, કચ્છનું પોરસીલું પત્રકારત્વ ........ પ્રવીણચંદ્ર શાહ .... ૧૬૬
- કચ્છનાં ગામડાંનાં આરોગ્યના પ્રશ્નો ........ લીલાધર માણેક ગડા .... ૧૭૧
- કચ્છમાં વ્રજભાષા પાઠશાળા : ગઈકાલ, આજ અને આવતીકાલ ........ ઉમિયાશંકર અજાણી .... ૧૭૩
- કચ્છમાં ગોધનનો વિકાસ અને કચ્છનો ડેરી ઉદ્યોગ ........ તારાચંદ છેડા .... ૧૭૯
- કચ્છના ઈતિહાસમાં જૈન યતિ આચાર્યોનું વિદ્યાભ્યાસમાં પ્રદાન ........ પુષ્પદાન શંભુદાન ગઢવી .... ૧૮૦


## વ્યક્તિ વિશેષ


- કચ્છી અગ્રણી સપૂત તુલસીદાસ મૂળજી શેઠ ........ સંજય ઠાકર .... ૧૮૩
- કચ્છના ભેખધારી પત્રકાર અને સ્વાતંત્ર્યસેનાની ફૂલશંકર પટ્ટણી ........ સંજય ઠાકર .... ૧૮૯
- નાના ગજાના મહામાનવ – શ્રી મહેન્દ્રભાઈ ગઢવી ........ અશોક મહેતા .... ૧૯૧



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,,** Nr. Water Tank, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## વિચાર વિમર્શ


- ખોરાકની પસંદગી સ્વાસ્થ્ય માટે કે શાસ્ત્રો આધારે? ........ મુરજી ગડા ...... ૧૯૫


## માહિતી


- કહાં હો તુમ જરા આવાઝ દો....
  મહાન ગાયક સ્વ. મુકેશની પુણ્યતિથિ પ્રસંગે ........ દિનેશ આર. મહેતા ...... ૧૯૭


## તંદુરસ્તી


- આત્મહત્યા : મનની બીમારી – (૨) ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૧૯૯


## મહિલા વિશ્વ


- રેસીપી – જૈન વાનગી માટે ........ સુરભિ નીરવ વસા ...... ૨૦૨


## હળવાશની ક્ષણોમાં


- જો હું સ્ત્રી હોઉં તો....! ........ દિનેશ પાંચાલ ...... ૨૦૩
- તમારે ત્યાં ફેવિકોલ છે? ........ દિનેશ પાંચાલ ...... ૨૦૪
- બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૨૦૫



## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૨૦૬
- મંગલ મંદિર – શ્રેષ્ઠ લેખક, શ્રેષ્ઠ આંજો કાગર – નિર્ણાયક સમિતિ ........ ૨૦૮
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૦૯
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૨૧૦
- 'મંગલ મંદિર' – પરત ફરેલા અંકોની યાદી ........ ૨૧૦
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૨૧૧
- 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોનું લિસ્ટ ........ ૨૧૧
- જાણવા જેવું સંકલન : સૂરજલાલ મહેતા ........ ૨૧૨
- શબ્દ રમત-૬૩સંકલન : સૂરજલાલ મહેતા ........ ૨૧૩
- સુડોકુ – ૧૦૨૦ ........ હરખચંદ સાવલા ...... ૨૧૫
- સાર સમાચાર સંકલન : શાંતિલાલ સંઘવી ........ ૨૧૭
- વલોવતન સંકલન : રજનીકાંત પારેખ, દિનેશ આર. મહેતા ........ ૨૧૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ નિમંત્રણ ........ ૨૨૫
- સમાજ દર્પણ ........ ૨૨૬
- ઊડતી નજરે ........ ૨૨૭
- સંસ્થા સમાચાર ........ ૨૨૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૨૩૯


કલ...
ઠંડુ પાણી પી છાસની મોજમાણો પરબ
વેચાતું?... શું આપું..ઠંડુ પાણી કે છાશ!?
આજ...
ઠંડાપીણા-પાઉચ પરબ બરફ જેલા મીનરલવોટર
શું પીશો લસ્સી.. જ્યુસ... પેપ્સી કે સાદું પાઉચ
...કલ?
દેશી... વિદેશી.. દારૂ
શું ચાલશે? દેશી ઠર્રો... -વિદેશી રમ... કે...વોડ્કા?
પ્યાસીઓનું પરબ...


ત્યારે...
આ લ્યો..! કોરી-આના-પાઈ..!! એમાંથી શાંતિથી ઘર ચલાવો!!! મારો પગાર છે!
પગાર
આજે...
અને?
એઈ, આ મારો એક મહિનાનો પગાર... ઘરનું ખર્ચ તેમાંથી..
પગારના રૂપિયા
એય, ડાર્લિંગ..!! આ આખો કબાટ રૂપિયાથી ભરેલો છે...તેમાંથી દૂધ-શાકભાજી... અનાજ..!! સ્કૂલની ફી-ચોપડા-યુનિફોર્મ..
..કપડાં માટે બીજા કબાટમાં પૈસા ભરેલા છે!!
કાલે?


કલ...
બે જ ઉમેદવારો?
વોટ.. વોટ..
મતદારો
મતપેટી
કોંગ્રેસ
આજ...
ઢગલાબંધ ઉમેદવારો ની ફોજ?
વોટ...વોટ..વોટ..
કોંગ્રેસ
બેલેટ બોક્સ
...ઔર કલ!!
ઉફ્ફ! આટલાબધાં માં પેલો કોંગ્રેસ વાળો...જનસંઘ વાળો...સ્વ.પક્ષ.. ક્યાં?
પ્રજાજન
EVM


કલ...
વાહ!
દેશી ઘીના સારા-હલવા
કેસર જલેબી
ગગન-શીરો
ગુલાબપાક ચપડો
દૂધ પાક
આજ...
ઓહ!
અમદાવાદી કાજુકતરી
સુરતી ઘારી
રાજકોટી ચવડો પેંડા
વડોદરી શ્રીખંડ
પાલનપુરી પાન
ભરૂચનાં ગુલાબજાંબુ
ભાવનગરી ગાંઠીયા
કચ્છી માવો
અંજારની ગુજીત
ડાયાબિટીસ હાર્ટ ટ્રબલ
...કલ!!
વા...ઉ...!!
અમેરિકન અંગૂર-બાસુંદી
લંડનની લાયસી
ફ્રાંસની
પેરીસના
ગ્રીકની
રોમની
રંગુનના
ચીની
સુગર ફ્રી

“કલ, આજ ઔર કલ”

# તંત્રી લેખ

## ૪૦૦મા અંકની સિદ્ધિના ટાંકણે

*– અશોક મહેતા*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ની શુભ શરૂઆત વર્ષ ૧૯૭૫માં શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી દ્વારા કરવામાં આવેલ. તેનું સુકાન સ્વ. પ્રમીલાબહેન કુરુવાને જાન્યુઆરી-૧૯૭૭માં સુપરત કરવામાં આવેલ. જૂન - ૧૯૮૪માં તેમનું નિધન થતાં, જુલાઈ-૧૯૮૪થી તેની ધૂરા શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાએ સંભાળેલ. ૨૨ વર્ષની એકધારી સેવા બાદ ઓગસ્ટ-૨૦૦૬માં તેઓશ્રીએ નિવૃત્તિ સ્વીકારી. સપ્ટેમ્બર-૨૦૦૬થી તેનું મુખ્ય તંત્રીપદ શ્રી અશોક મહેતા સંભાળી રહેલ છે.

માત્ર ૪ પાનાથી શરૂ કરવામાં આવેલ આ મુખપત્ર, હાલે તો વિકાસની મંજિલ તરફ દોટ મૂકતું જણાય છે. વર્ષોની એકધારી લગન, તેના સુકાનીની આગવી જહેમત, તેના અભ્યાસપ્રદ તથા નિષ્ઠાવાન લેખકોના વિવિધ લેખો દ્વારા દિલો દિમાગને તર કરી દે તેવી રજૂઆત, આજ દિન સુધી ખૂબ જ અસરકારક રહેવા પામેલ છે. છેલ્લા પાંચેક વર્ષથી તેના ટાઈટલ કવર પણ મનભાવન તથા આકર્ષક બની રહેલ છે.

આ સમયગાળા દરમ્યાન કચ્છનું પુરાતત્ત્વ, કચ્છની લોકસંસ્કૃતિ, કચ્છી લલિતકલાઓ, કચ્છના ખેતી આધારિત પાકો, બાગાયતી પાકો, ખેતી આધારિત ઉદ્યોગો, ધરતીકંપ બાદ કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોની વિગતો, ઉદ્યોગો સ્થપાયા બાદ કચ્છની પરિસ્થિતિ, કચ્છના ખનીજ આધારિત ઉદ્યોગો, નર્મદા નદીના પીવાના - સિંચાઈના તેમજ વધારાના પાણી અંગેની માહિતીના અભ્યાસપ્રદ લેખો, કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટની જરૂરિયાત, અમદાવાદ-ગાંધીનગર, દક્ષિણ ગુજરાત તેમજ મુંબઈમાં કચ્છી સમાજે હાંસલ કરેલ પ્રગતિની તથા સિદ્ધિઓની વિગતો તેમજ અન્ય અનેક વિષયે માહિતીપ્રદ લેખો તે પીરસતું રહેલ છે. મંગલ મંદિરના કેટલાક લેખકોએ તર્કબદ્ધ દલીલો દ્વારા વાચકવર્ગના દિલો દિમાગને વિચારતા તો કરી દીધેલ છે પરંતુ સાથે સાથે આ લેખો સમાજને દોરવણી પણ પૂરી પાડી રહેલ છે. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપની અસરો તથા ત્યારબાદના રાહતકાર્યોની વિગતોની રજૂઆત પણ તેણે અસરકારક રીતે રજૂ કરેલ હતી. સમગ્ર ભારતવર્ષના પ્રશ્નોની રજૂઆત તથા વિકાસની ગાથાઓ પણ તે અવારનવાર રજૂ કરતું રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓની રજૂઆત તે અસરકારક રીતે કરતું રહેલ છે. સમાજના સભ્યોને એક તાંતણે બાંધી શકવામાં તો તે સફળ પુરવાર થયેલ છે પરંતુ સાથે સાથે સમગ્ર ભારતવર્ષના મોટાભાગના શહેરોમાં તે પ્રસ્થાપિત થઈ ચૂકેલ છે અને ભારતભરના કચ્છી જૈનોને એકસૂત્રતા તરફ વાળવા સતતપણે પ્રયાસ આદરી રહેલ છે.

મંગલ મંદિરના સમયગાળા દરમ્યાન ગીતા મંદિર પરનું સેવાભવન, પાલડીનું શ્રી કચ્છી જૈન ભવન, શાહીબાગમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, બહેરામપુરામાં આવાસ યોજના, શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના વિકાસના વિવિધ તબક્કાઓ, મુંબઈના અતિથિ ભવનના મંડાણ, ઉદ્યોગ, ખનીજ તેમજ ખેતી વિષય આધારિત સેમિનારો, કચ્છના પાણી પ્રશ્નના સેમિનારો, કચ્છના શૈક્ષણિક સેમિનારો વગેરે પસાર થઈ ચૂકેલ છે કે જેના રસપ્રદ અહેવાલો તે, જે-તે સમયે સફળતાપૂર્વક વાચકવર્ગ સમક્ષ રજૂ કરી ચૂકેલ છે.

૪૦૦ અંકના સમયગાળા દરમ્યાન તે અંદાજિત ૨૫ જેટલા અભ્યાસપ્રદ વિશેષાંકો તેના વાચકવર્ગ સમક્ષ રજૂ કરી ચૂકેલ છે કે જેની સરેરાશ દર પંદર અંકે એક વિશેષાંક ગણી શકાય. ૧૦૦, ૨૦૦, ૩૦૦ કે ૪૦૦મા અંકને તો તેણે વિશેષાંક સ્વરૂપે રજૂ કરેલ જ છે, પરંતુ સાથે સાથે કચ્છ ઉદ્યોગ વિશેષાંક, મુંબઈ વિશેષાંક, અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક, દક્ષિણ ગુજરાત વિશેષાંક, વગેરેએ તો નવી કેડીઓ કંડારેલ છે.

અત્યારના તબક્કે વાર્ષિક રૂા. ૧૫૦/- લવાજમ તરીકે સ્વીકારી, બાર મહિનાની જેની પડતર કિંમત રૂા. ૬૦૦/- થવા જાય છે, તેવા ૧૨ અંકો તે તેના વાચકવર્ગ સમક્ષ રજૂ કરી રહેલ છે અને આજ પ્રકારની સેવા તે આ સમાજને આપતું રહે તેવી મનોકામના સાથે મક્કમપણે આગળ વધી રહેલ છે.

'મંગલ મંદિર'ના તંત્રી મંડળના ભૂતપૂર્વ સુકાનીઓએ કંડારેલ કેડીને હાલનું તંત્રીમંડળ વધારે ને વધારે કંડારતું રહે તેવી મનોભાવના અત્રે વ્યક્ત કરવામાં આવે તો તે અસ્થાને નહીં જ ગણાય.

*મેલી વાત જ અંધારું અને ગોપન શોધે છે, ગુપ્તતાને હું ધિક્કારું છું.*

# કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ

## • ગઈકાલ :

કચ્છ એ સદીઓ પુરાણો પ્રદેશ છે. તેના પુરાતન કાળ વિશે સહુ સારા એવા માહિતગાર હોવાથી, એ વિગતોને અત્રે રજૂ કરવાનું ટાળેલ છે. કચ્છમાં વિવિધ સમયે વિવિધ સત્તાઓએ રાજ કરેલ. આઝાદી અગાઉના છેલ્લા ૪૦૦ વર્ષ દરમ્યાન માત્ર જાડેજા વંશજની અને તેમાં પણ માત્ર એક જ પરિવાર, જાડેજા કુળની સત્તા રહેવા પામેલ. એ ૪૦૦ વર્ષના સમયગાળામાં કોઈ રાજવીએ કચ્છને વિકસાવવા યોગ્ય પ્રયાસો કરેલ હશે. પરંતુ મોટાભાગના રાજવીઓ પ્રજા પાસેથી પોતાના લાગા અને ખંડણી ઉઘરાવવામાં જ વ્યસ્ત રહેતા. તેમના ભાયાતો અને ઠકરાણાઓ પણ આવા જ પ્રકારના કાર્યો કરતા. એ ૪૦૦ વર્ષનો ઇતિહાસ લખવા બેસીએ તો પ્રજાના વિકાસ જેવી કોઈ પ્રવૃત્તિઓનું અસ્તિત્વ હતું તે સ્વીકારવું ખૂબ જ કઠિન બને.

કચ્છમાં વરસાદ ખૂબ જ ઓછો અને અનિયમિત. મોટાભાગે અહીં દુષ્કાળ જેવી જ પરિસ્થિતિનું નિર્માણ થતું. ખેતીની આવક પર જીવી શકાય નહીં. ઉદ્યોગ કે વિકાસ જેવી પ્રવૃત્તિઓનું અહીં અસ્તિત્વ જ ન હતું. પરિણામે રોજી રોટી રળવા પ્રજાને કચ્છ બહાર જવું પડતું. સ્થાનિકે રોજી રોટી રળી લેવાના પ્રજાને માટે કોઈ વિકલ્પ જ ના રહેતા.

૧૯૪૭માં ભારતને આઝાદી મળ્યા બાદ કચ્છને કેન્દ્ર સરકાર હેઠળ ''સી'' સ્ટેટના દરજ્જા તરીકે મૂકવામાં આવ્યું. ત્યારબાદ મુંબઈ રાજ્યમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો. ૧૯૬૦માં તેને ગુજરાત રાજ્યમાં ભેળવવામાં આવ્યું અને ગુજરાતના એક જિલ્લા તરીકે તેનો ઉદ્‌ગમ થયો.

૧૯૪૭થી ૨૦૦૦ સુધી ભારતના અન્ય પ્રદેશો જે રીતે વિકાસ પામ્યા, એ રીતે કચ્છે પણ વિકાસના દર્શન કર્યા, પરંતુ તે નહિવત્ હતા. 'પાણી'ની ઉપલબ્ધિ વગર તેના વિકાસ કાર્યોમાં જોઈએ તેવો ઉભરાવ આવ્યો નહીં. હા, થોડા ઝાઝા કામ કરી શકાયા. ઈનામ નાબૂદી ધારો અસ્તિત્વમાં આવ્યો. વિઘોટીની પ્રથા રદ કરવામાં આવી. ભુજ સુધી રેલવે લાઈન શરૂ કરવામાં આવી. કંડલા બંદરનો વિકાસ અગ્રતાક્રમે હાથ પર લેવામાં આવ્યો. મુંદ્રા બંદર અદાણીને સુપરત કરવામાં આવ્યું. અબડાસા વિભાગમાં સાંઘી સિમેન્ટનો પ્લાન્ટ સ્થપાયો. પરંતુ આ બધા વિકાસના કાર્યો જોઈએ તે માત્રા સુધી પહોંચી શકેલ નહીં. કચ્છમાંથી અન્ય પ્રદેશ તરફનું માઈગ્રેશન તો ચાલુ જ રહ્યું. કચ્છને એક રણ પ્રદેશની નજરે જ નીરખવામાં આવતું.

## • આજ :

વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ સમયે અનેક જાનહાનિ થઈ. હજારો લોકો ઘવાયા. હજારો મકાનો જમીનદોસ્ત થયા. પ્રજા ઘરબાર વગર તહસ-નહસ થઈ ગયેલ.

ઉચ્ચ કક્ષાએ વિચારણા કરવામાં આવી. એ વિચારવામાં આવ્યું કે પ્રજાને બેઠી કરવી હોય તો તેને કાર્યરત કરવી જોઈએ અને તે જાતે રોજી રોટી કમાઈ શકે તેવું વાતાવરણ ઉત્પન્ન થવા દેવું જોઈએ. આ હકીકત તો જ શક્ય બને કે જો કચ્છમાં મોટું મૂડીરોકાણ કરવામાં આવે અને ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવે કે જેનાથી નોકરી માટેની અનેક જગ્યાઓ ઉપલબ્ધ કરી શકાય. અનેક ઉદ્યોગો કચ્છ જેવા પ્રદેશમાં આવવા તો જ લલચાય કે જો તેઓને કોઈ લાભો આપવામાં આવે. પરિણામસ્વરૂપે કચ્છમાં 'ટેક્ષ હોલી ડે'ની જાહેરાત કરવામાં આવી. ત્યારબાદના બે વર્ષમાં તો અંદાજિત ૬૦૦ની સંખ્યામાં મહાકાય તેમજ મધ્યમ કક્ષાના ઉદ્યોગો રૂા. ૪૦ હજાર કરોડના મૂડીરોકાણથી કચ્છમાં સ્થપાયા અને કચ્છ ચમત્કારિક રીતે ધમધમવા લાગ્યું. દરેક સ્થળે જમીનના ભાવમાં તેજી આવી. કોન્ટ્રાક્ટ, ટ્રાન્સપોર્ટ, રેસ્ટોરન્ટ વગેરે અનેક પ્રકારના ધંધાને વેગ મળ્યો. કચ્છમાં રોજી કમાવા નવા આવેલા માનવ મહેરામણના કારણે જીવન જરૂરિયાતનો વ્યાપાર કરતા વ્યાપારીઓના ધંધા પણ તેજ ચાલવા લાગ્યા. ચારે તરફના વાતાવરણમાં ઉત્સાહનો માહોલ સરજાઈ ગયો. ભુજ, અંજાર, ગાંધીધામ, મુંદ્રા જેવા શહેરોમાં જાવ તો ત્યાંના વાતાવરણમાં પણ પૈસો મહેસૂસ થવા લાગ્યો. અનેક શહેર અને ગામની જીવન દિશા જ પલટાઈ ગઈ. અનેક નવા ધંધા અને ધંધાર્થીઓ ઉત્પન્ન થવા લાગ્યા. વાતાવરણમાં ચમક-દમક વરતાવા લાગી.

સાથે સાથે જળસંચયની પ્રવૃત્તિઓનો પણ વિકાસ થવા લાગ્યો કે જેના કારણે ખેતીની પરિસ્થિતિમાં પણ સુધારો કરી શકાયો.

*આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય.*

## • આવતીકાલ :

જે રીતે કચ્છના કેટલાક વિભાગોમાં ઉદ્યોગોના આગમનથી સારી એવી ચહલ-પહલ શરૂ થઈ શકી, લોકોના જીવનધોરણ ઊંચકાયા, લોકો બે પૈસે સુખી થવા લાગ્યા, એ રીતે વાઈબ્રન્ટ ગુજરાતના સંમેલનોથી હજુ પણ વધુ ઉદ્યોગો કચ્છમાં પ્રસ્થાપિત થવાની શક્યતા ઊભી થયેલ છે અને તેના કારણે બાકી રહેતા વિભાગોનો પણ વિકાસ થઈ શકશે તેવી ધારણા રાખવામાં આવી રહેલ છે.

અન્ય તરફ, છેલ્લા આઠેક વર્ષથી કચ્છમાં ચોમાસુ સારું જતું હોવાના કારણે હાલે તો દુષ્કાળના દિવસો ભૂતકાળ બની રહેલ છે. ખેતી ક્ષેત્રે સારો એવો સુધારો થવા લાગ્યો છે. લોકો રોકડિયા પાકો તથા બાગાયતી પાકો લેતા થયેલ છે. ગામડાનો ખેડૂત વૈજ્ઞાનિક પદ્ધતિથી આધુનિક ખેતી અપનાવતો થયેલ છે.

ચાલુ વર્ષથી નર્મદા નદીના સિંચાઈના પાણી માટેની કેનાલોના કામો ધમધમવા માંડ્યા છે. પમ્પિંગ સ્ટેશનોના કામો પણ શરૂ કરી દેવામાં આવેલ છે. પરિણામે આવતા બે-ત્રણ વર્ષમાં કચ્છમાં નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી તથા વધારાના પાણી પહોંચવાની પૂરેપૂરી શક્યતા ઊભી થયેલ છે. ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈ થઈ શકશે. વધારાના ૧.૦ એમ.એ.એફ. પાણીથી અંદાજિત અન્ય ૫,૦૦,૦૦૦ એકર જમીનમાં સિંચાઈ થઈ શકશે. એ હકીકતમાં કોઈ જ શક રહેતો નથી કે ઉપરોક્ત અંદાજિત ૮,૦૦,૦૦૦ એકર જમીનમાં સિંચાઈ માટેના પાણી પહોંચવાથી કચ્છમાં ખેતીની પ્રવૃત્તિ ખૂબ જ નફાકારક બની રહેશે અને ખેતીથી ઉત્પન્ન થયેલ આ પૈસો ગામડાંના ખેડૂતોના હાથમાં સીધો જ પહોંચી શકશે. ડ્રિપ ઈરિગેશનનો પ્રભાવ પણ દિવસો-દિવસ વધતો રહેશે.

એજ રીતે આવતા દિવસોમાં કચ્છમાં દરિયાનું ખારું પાણી મીઠું બનાવવા ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થપાવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે. એ તરફના ચક્રો પણ ગતિમાન થયેલ છે. પરિણામે ઉદ્યોગો નર્મદા નદીના કે બૉરવેલના પાણી પર આધારિત રહેવાને બદલે ડી-સેલિનેશન પ્લાન્ટના પાણીથી આધારિત રહેશે કે જેના કારણે ઉદ્યોગો પણ પાણીની મુશ્કેલીમાંથી બહાર આવી શકશે.

જળસંચયની પ્રવૃત્તિના કારણે અનેક ચેક ડૅમો કચ્છના વિવિધ ક્ષેત્રોમાં બંધાવા લાગ્યા છે. કચ્છના કેટલાયે ગામોમાં એવા આયોજનો અમલમાં મૂકાઈ ચૂકેલ છે કે કદાચ ૨૫ ઈંચ વરસાદ પડે ત્યાં સુધી ગામનું બધું જ પાણી ગામના ચેક-ડૅમો કે તળાવોમાં સંચવાઈ જાય. દરિયામાં પાણીનું એક ટીપુંયે ના પહોંચે.

આ બધા જ પ્રકારની પ્રવૃત્તિઓના કારણે આવતા દિવસોમાં કચ્છમાં ખેતીની પરિસ્થિતિમાં ખૂબ જ સારો સુધાર આવવાની શક્યતા ઊભી થયેલ છે કે જેના કારણે ગામડાંઓની આર્થિક પરિસ્થિતિમાં પૂરેપૂરો બદલાવ આવી શકશે.

કચ્છની આવતીકાલ ખેતી ક્ષેત્રે ખૂબ જ ઉજ્જવળ બની રહે તેવા એંધાણ અત્યારે વરતાઈ રહેલ છે કે જેની અસર કચ્છના પર્યાવરણ પર પણ પડી શકશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૧<br>સવારના ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | ધ્વજવંદન.<br>તથા યુવા વિકાસ સમિતિ આયોજિત અન્ય કાર્યક્રમો. |
| • | રવિવાર, તા. ૨૧-૮-૨૦૧૧<br>બપોરના ૩.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સરસ્વતી સન્માન કાર્યક્રમ<br>ધોરણ-૮થી ઉપરની કક્ષાના વિદ્યાર્થીઓનું સન્માન. |
| • | રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧<br>સવારના ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સ્વામિવાત્સલ્ય અને વાર્ષિક સ્નેહ મિલન સમારોહ. |

*માણસ ફક્ત માંસનો લોચો જ નથી, તેનો સંબંધ અંદર બેઠેલા આત્મા સાથે છે.*

# "મંગલ મંદિર"ના વિશેષાંકો — ૪૦૦મા અંક સુધીની મંજિલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ની શરૂઆત વર્ષ ૧૯૭૫માં કરવામાં આવેલ. શરૂમાં તેના કર્ણધાર તરીકે શ્રી પ્રભુલાલ સંઘવી, ત્યારબાદ સ્વ. પ્રમીલાબહેન કુરુવા અને ત્યારબાદ શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા રહેલ હતા. હાલે તેના મુખ્યતંત્રી તરીકે શ્રી અશોક મહેતા સેવા આપી રહેલ છે. છેલ્લા ૩૬ વર્ષથી ચાલતા આ માસિક મુખપત્રની મંજિલ આ અંક સુધી ૪૦૦મા અંકે પહોંચેલ છે. ૪૦૦ અંકના સમયગાળા દરમ્યાન મંગલ મંદિર અનેક વખત વિશેષાંક સ્વરૂપે આ સમાજ સમક્ષ ઉપસ્થિત થયેલ છે. શિષ્ટ, માહિતીપ્રદ અને બુદ્ધિગમ્ય વાંચન સ્વરૂપે ઉપસ્થિત થયેલ કેટલાક વિશેષાંકોની વિગત જાણવી રસપ્રદ રહેશે. અહીં પ્રસ્તુત છે તેની સુનહરી ઝલક.

| | | | | |
|---|---|---|---|---|
| ■ | અંક ૧૦૦ | ફેબ્રુઆરી-માર્ચ | ૧૯૮૫ | ૧૦૦મો અંક — વિશેષાંક |
| ■ | અંક ૧૪૪ | એપ્રિલ | ૧૯૮૯ | શ્રી કારાણી સ્મૃતિ વિશેષાંક |
| ■ | અંક ૨૦૦ | જૂન-જુલાઈ | ૧૯૯૪ | ૨૦૦મો અંક — વિશેષાંક |
| ■ | અંક ૨૨૮ | ફેબ્રુઆરી | ૧૯૯૭ | શ્રી કચ્છી જૈન ભવન - ઉદ્‌ઘાટન સમારોહ વિશેષાંક |
| ■ | અંક ૨૪૦ | ફેબ્રુઆરી | ૧૯૯૮ | શ્રી કચ્છી જૈન ભવન - નામકરણવિધિ સમારોહ વિશેષાંક |
| ■ | અંક ૨૬૪ | માર્ચ | ૨૦૦૦ | શ્રી કચ્છી વિશ્રામગૃહ - ભૂમિપૂજન સમારોહ વિશેષાંક |
| ■ | અંક ૨૮૬ | જાન્યુઆરી | ૨૦૦૨ | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - ઉદ્‌ઘાટન સમારોહ વિશેષાંક |
| ■ | અંક ૨૮૭ | ફેબ્રુઆરી | ૨૦૦૨ | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - ઉદ્‌ઘાટન સમારોહ વિશેષાંક-૨ |
| ■ | અંક ૩૦૦ | માર્ચ | ૨૦૦૩ | ૩૦૦મો અંક વિશેષાંક સ્વરૂપે |
| ■ | અંક ૩૨૯ | સપ્ટેમ્બર | ૨૦૦૫ | શ્રી કચ્છી વિશ્રામગૃહ - ડ્રો વિશેષાંક-૧ |
| ■ | અંક ૩૩૦ | ઓક્ટોબર | ૨૦૦૫ | શ્રી કચ્છી વિશ્રામગૃહ - ડ્રો વિશેષાંક-૨ |
| ■ | અંક ૩૩૧ | નવેમ્બર | ૨૦૦૫ | દીપોત્સવી વિશેષાંક |
| ■ | અંક ૩૪૨ | ઓક્ટોબર | ૨૦૦૬ | દીપોત્સવી વિશેષાંક |
| ■ | અંક ૩૪૭ | માર્ચ | ૨૦૦૭ | કચ્છ ઉદ્યોગ વિશેષાંક |
| ■ | અંક ૩૫૫ | નવેમ્બર | ૨૦૦૭ | મુંબઈ વિશેષાંક / દીપોત્સવી વિશેષાંક |
| ■ | અંક ૩૬૩ | જુલાઈ | ૨૦૦૮ | અમદાવાદ-ગાંધીનગર વિશેષાંક / અષાઢી બીજ વિશેષાંક (ભાગ : ૧-૨) |
| ■ | અંક ૩૬૯ | જાન્યુઆરી | ૨૦૦૯ | દક્ષિણ ગુજરાત વિશેષાંક (ભાગ : ૧-૨) |
| ■ | અંક ૩૮૭ | જુલાઈ | ૨૦૧૦ | અષાઢી બીજ વિશેષાંક |
| ■ | અંક ૩૯૧ | નવેમ્બર | ૨૦૧૦ | દીપોત્સવી વિશેષાંક |
| ■ | અંક ૩૯૯ | જુલાઈ | ૨૦૧૧ | અષાઢી બીજ વિશેષાંક |
| ■ | **અંક ૪૦૦** | **ઓગસ્ટ** | **૨૦૧૧** | **૪૦૦મો અંક વિશેષાંક સ્વરૂપે "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ"** |

શરૂથી આજ સુધી જે જે લેખકોએ પોતાના માહિતીપ્રદ, અભ્યાસપ્રદ, સમાજના પ્રશ્નોની છણાવટ આધારિત તેમજ શિષ્ટ વાંચન, મંગલ મંદિરના વાચક વર્ગ સમક્ષ રજૂ કરેલ છે, એ સહુ લેખક મિત્રોનો 'મંગલ મંદિર' ખૂબ ખૂબ આભાર માને છે. લેખક મિત્રોના બહુમૂલ્ય લેખો વગર મંગલ મંદિર કદાચ આ ઊંચાઈએ પહોંચી ના શકત.

સાથે સાથે મંગલ મંદિરના ઉત્તરોત્તર વધતા જતા ખર્ચના ત્રાજવાને બેલેન્સ કરવા જે-જે શુભેચ્છકોએ, વ્યવસાય ધારકોએ, ઉદ્યોગ પતિઓએ તેમજ વ્યાપાર ગૃહોએ જાહેરાત અથવા તો સૌજન્ય સ્વરૂપે સહકાર આપેલ છે [વિશેષ સ્વરૂપે ઈન્ડોસેમ (ઈન્ડિયા) પ્રા.લિ.] તે સહુને અમે બિરદાવીએ છીએ અને અભિનંદન પાઠવી તે સહુ મહાનુભાવોનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

જ્યારે જ્યારે અમને જરૂરત પડેલ છે ત્યારે શ્રી હંસરાજભાઈ કંસારા અમારા માનદ્ સલાહકાર તરીકે અને અમારા અડીખમ સાથીદાર તરીકે સદાયે અમારા પડખે ઊભા રહેલ છે કે જેમના પણ અમે ઋણી છીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે, સમાજનું મુખપત્ર પ્રસારિત કરવામાં તેના તંત્રી મંડળને જે સ્વતંત્રતા બક્ષેલ છે તેના પરિણામ સ્વરૂપે એક-એકથી ચડિયાતા અંક અમે આપશ્રી સમક્ષ રજૂ કરી શક્યા છીએ અને 'મંગલ મંદિર'ને ઊર્ધ્વ ગતિએ લઈ જવામાં સફળ રહેવા કોશિશ કરતા રહીએ છીએ. સમાજના ટ્રસ્ટ મંડળના પણ અમે આભારી છીએ.

**તંત્રીમંડળ — મંગલ મંદિર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય.*

# કચ્છની પ્રાચીન, અર્વાચીન, ઐતિહાસિક, વર્તમાન જળઅસ્મિતા

• યોગેશ જાડેજા, વિનીત રાણા •



ગુજરાત રાજ્યની એરીડ કમ્યુનિટીઝ એન્ડ ટેકનોલોજીસ સંસ્થાના ૧૯૯૩થી ડાયરેક્ટરપદે કાર્યરત **ડૉ. યોગેન્દ્રસિંહજી જાડેજા** રણ વિસ્તાર જળ આપૂર્તિ આયોજન - નિયોદન તાલીમ ક્ષેત્રના નિષ્ણાત છે. અભ્યાસ અને અનુભવના આધારે એમણે ગ્રામીણ યુવાઓ માટે ઘડેલા તેમજ જન ભાગીદારી સાથેનાં જળ-પૂર્તિ આયોજન નિયોજન કાર્યક્રમના અસરકારક અમલ ક્ષેત્રે એમનું નોંધપાત્ર યોગદાન છે.

તેઓશ્રીએ જીઓલોજી વિષયમાં ડોક્ટરેટ કર્યું છે.

આશરે ૬૦૦ કરોડ વર્ષ પહેલાં પૃથ્વીની ઉત્પત્તિ થઇ છે એવો અંદાજ બાંધવામાં આવેલો છે. કચ્છનું ભૂસ્તર બનવાની શરૂઆત ૧૮ કરોડ વર્ષ પહેલાં થઇ હતી. આ સમયે ઉપરની તરફ દરિયો અને તેની નીચે જમીન જેવી પરિસ્થિતિ હતી. કાળક્રમે જમીનની અંદર ભૌગોલિક ફેરફાર જેવા કે, જ્વાળામુખીની હલચલ, પૃથ્વીના જમીન ભાગોની પ્લેટોનું એકબીજા તરફ સરકવું વગેરે જેવા કારણોને લીધે ધીરે-ધીરે જમીનનો ભાગ ઉપર આવવા લાગ્યો અને દરિયો જમીન ઉપરથી સરકવા લાગ્યો હતો. પૃથ્વીનો જમીનનો ભાગ જે સમયે અલગ-અલગ ખંડોમાં વિભાજિત થયેલો ન હતો ત્યારે ભારતીય પ્લેટ (ઇન્ડો-ઑસ્ટ્રેલિયન પ્લેટ)નું યુરેશિયન પ્લેટ સાથે અથડાવાથી બન્ને વચ્ચે ટ્રિથીસ સમુદ્રમાં બની રહેલા ખડકો ઊંચકાઇને હિમાલય પર્વતનું નિર્માણ થવાનું શરૂ થયું હતું.

આ ઘટના સમયે કચ્છની જમીન પણ દરિયાની બહાર આવવાની શરૂઆત થઇ હતી. આ સમયને પૃથ્વીના ઉત્પત્તિકાળના મોસોઝોઇક યુગ તરીકે ઓળખવામાં આવે છે. કચ્છમાં મળી આવતાં અગત્યના જીવાશેષો એમોનોઇડ આ બાબતની પૂર્તતા કરે છે. કચ્છમાં મળી આવતાં શેલ (મુલઇ), ફાઇન ગ્રેઇન સેન્ડસ્ટોન (ઝીણાદાણાવાળો સાગ)ના એકાંતીકરણ તથા ચીકણી માટીના ખડકો અને ચૂનાના પથ્થરોના ખડકોના એકાંતીકરણ એ દરિયાઇ બનાવટના ખડકો હોવા છતાં પણ કચ્છમાં મોટા ભાગના ડુંગરો મળી આવે છે જે સૂચવે છે કે, કચ્છની જમીન દરિયામાંથી બહાર આવી છે. આજે પણ આવા ખડકોમાંથી મળી આવતું પાણી વધારે માત્રામાં ખારાશ ધરાવે છે. **જેને જન્મજાત ખારાશ** કહેવામાં આવે છે. ૧૮ કરોડ વર્ષ પહેલાં ગુજરાતનો ઉત્તર-પૂર્વનો થોડો ભાગ જમીન સ્વરૂપે હતો. આશરે ૨૦ લાખ વર્ષની આસપાસ સૌરાષ્ટ્ર અને કચ્છનો મેઇનલેન્ડ પ્રદેશ દરિયામાંથી બહાર ઉપસી આવ્યો હતો. ત્યારબાદ છેલ્લા ૨૦ હજાર થી ૫ હજાર વર્ષ દરમિયાન સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રનો તમામ ભાગ, મોટાભાગનો કચ્છ મેઇનલેન્ડ તથા કેટલાક ટાપુઓ બહાર આવ્યા અને અંતે આશરે ૫ હજાર વર્ષ પહેલાં હાલમાં છે તે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ અસ્તિત્વ પામ્યા હતા. ઇતિહાસમાં નોંધ છે કે એલેકઝાન્ડર (૩૨૫ બી.સી.) કચ્છની ધરતી ઉપર બન્નીના દરિયાઇ માર્ગે આવ્યો હતો. આ દરિયો બહાર નીકળતા આજે કચ્છને વિશ્વનો સૌથી મોટો રણ પ્રદેશ આપ્યો જેમાં આજે પણ **બાષ્પીભવનના ઊંચા દરને લીધે સતત ખારાશમાં વધારો થઇ રહ્યો છે.** આમ, આ બે ખારાશ ઓછી હોય તેમ કચ્છનો દક્ષિણ વિભાગ કે જ્યાં અરબી સમુદ્ર આવેલો છે જેના દ્વારા ઊંડા ભૂગર્ભ જળના અતિશય ખેંચાણને લીધે જમીન પર આવેલા **એક્વિફર ખડકોમાં દરિયાઇ પાણીનું અતિક્રમણ થઇ રહ્યું છે.** આ બાબતની વિસ્તારથી ચર્ચા આગળ કરવામાં આવી છે.

પૃથ્વી ઉપર જીવ સૃષ્ટિની શરૂઆત આશરે ૩૫૦ કરોડ વર્ષ પહેલાં થઇ હતી. સૌથી પહેલો દરિયાઇ જીવ અમીબા હતો. અમીબા બાદ માછલીઓ, નાના જીવાણુઓ તેમજ પ્રાણીઓ, ડાયનાસોર, સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ અસ્તિત્વમાં આવ્યા હતા. માનવની ઉત્પત્તિ આશરે ૧ લાખ વર્ષ પહેલાં થઇ હતી એમ માનવામાં આવે છે. કચ્છમાં વનસ્પતિઓ ઉગવાની શરૂઆત આશરે ૭ થી ૮ કરોડ વર્ષ પહેલાં થઇ હતી. કચ્છના ભૂસ્તરની રચના મુખ્યત્વે દરિયાઇ ગમન-આગમન અને ટેકટોનિક પ્રક્રિયા જેવી કે, જ્વાળામુખી ફાટવાને લીધે કે પ્લેટો એકબીજા સાથે અથડાવવાના કારણે થતાં ધરતીકંપને લીધે થઇ છે. જ્વાળામુખીના કારણે અગ્નિકૃત ખડકો બન્યા જ્યારે દરિયાઇ અને વહેતાં પાણી તેમજ હવાના લીધે જળકૃત ખડકો બન્યા છે. ટેકટોનિક પ્રક્રિયાને કારણે વિકૃત ખડકો બન્યા છે. કાળમીંઢ અગ્નિકૃત ખડક છે જે કચ્છમાં પ્રમાણમાં ઓછા સ્થળે જોવા મળે છે. કચ્છમાં જોવા મળતાં સેન્ડસ્ટોન, શેલ, ચીકણી માટી, ચૂનાનો પથ્થર, અશ્મિયુક્ત ચૂનાના પથ્થરને જળકૃત ખડકો તરીકે ઓળખવામાં આવે છે જે મુખ્યત્વે દરિયાઇ પાણી, નદીના વહેતા પાણી અને હવાથી ઊડીને આવેલી રેતીના કારણે બનેલા છે. જ્વાળામુખીના

*સત્ય વિશેની આપણી શ્રદ્ધા જ આપણું જીવન છે ને સર્વસ્વ છે.*

કારણે ચૂનાના પથ્થરોમાં ઘૂસી ગયેલા લાવારસના લીધે ઉત્પન્ન થયેલી ગરમી અને દબાણને કારણે આવેલા બદલાવથી બનેલા ખડકોને ક્રિસ્ટલાઈન લાઈમ સ્ટોન તરીકે ઓળખવામાં આવે છે અને સ્તરભંગના કારણે બનેલા ખડકોના ટુકડાઓનું ફરીથી નવા ખડકોમાં રૂપાંતરણ થવાથી બનેલા ખડકોને ફોલ્ટ બ્રેસિયા તરીકે ઓળખવામાં આવે છે. આ બન્ને ખડકોને ભૂસ્તરવિજ્ઞાનના દૃષ્ટિકોણથી વિકૃત ખડકો કહેવામાં આવે છે.


જમીનમાંથી મળી આવતાં પાણીને ભૂગર્ભજળ કહેવામાં આવે છે. જમીનની અંદર રહેલું આ ભૂગર્ભજળ આમ તો વરસાદનું સંગ્રહ થયેલું પાણી જ હોય છે જે જમીન અંદર રહેલા ખડકોમાં વહેતાં હોય છે અને જે-તે ખડકોમાંથી પસાર થાય છે એ પ્રમાણે તેની ગુણવત્તામાં ફેરફાર થાય છે. પાણી જે ખડકોમાંથી પસાર થાય છે અથવા જે ખડકોમાંથી પાણી મળી આવે છે તેને એક્વિફર તરીકે ઓળખવામાં આવે છે. આવા ખડકોની પણ પોતાની આગવી લાક્ષણિકતા હોય છે જેમ કે, જે ખડક પાણી લે, સંગ્રહ કરે અને મુક્ત પણ કરે તેને એક્વિફર, જે કડક પાણી સંગ્રહ કરે પણ મુક્ત કરે નહી તેને એક્વિકલુડ અને જે ખડક પાણી સંગ્રહ પણ ન કરે અને મુક્ત પણ ન કરે તેને એક્વિફ્યુઝ તરીકે ઓળખવામાં આવે છે.

કચ્છના સંદર્ભમાં પાણીની યાત્રા જાણવી હોય તો કચ્છ પ્રદેશને ઓળખવો પડે. કચ્છ પ્રદેશની વિવિધતા પ્રમાણે કચ્છમાં નવ પ્રકારના પાણી મળી આવે છે એમ કહી શકાય! કચ્છમાં આજે જે-તે વિસ્તાર જે નામથી ઓળખાય છે તે પહેલાં પર્યાવરણ અને ત્યાંના રહેવાસીઓની જાતિ ઉપરથી ઓળખાતો હતો. જેમ કે, ભુજ વિસ્તાર એટલે બન્ની, પચ્છમ, પાવર (આહીર) પટ્ટી અને મિયાણી પટ્ટી. એ જ પ્રમાણે નખત્રાણા-માકપટ્ટ, અબડાસા-ગરડો, ભચાઉ-પ્રાંથડ, રાપર-વાગડ, લખપત અને અબડાસાનો દરિયાકાંઠો-કડ, મુન્દ્રાની સાથે ગાંધીધામ-ઉગમણી કંઠી, માંડવી અને અબડાસાનો અમુક ભાગ-આથમણી કંઠી, અંજાર-અંજાર ચોવિસી અને મુન્દ્રાના અમુક ભાગને ભુવડ ચોવિસી તરીકે ઓળખવામાં આવતા હતા.

કચ્છ વિસ્તારમાં ભૂસ્તરની પરિસ્થિતિ પ્રમાણે અલગ-અલગ ગુણવત્તાવાળા પાણી મળી આવે છે. જીવન સાથે પાણી એક અતૂટ બંધન ધરાવે છે માટે જ્યારે કચ્છમાં એક વિસ્તારમાં પાણીની અછત જોવા મળે એટલે એ વિસ્તારમાંથી લોકો હિજરત કરીને અન્ય વિસ્તારમાં જવાનું ચાલુ કરે! કચ્છ પ્રદેશની સંસ્કૃતિનું આ એક અવિભાજ્ય અંગ છે. ખાસ કરીને કચ્છના જત લોકો કે પશુપાલન ઉપર નભતા માલધારીઓ પહેલાં કચ્છના જ બીજા વિસ્તારમાં હિજરત કરે અને જો એ પણ શક્ય ન હોય તો કચ્છની બહાર સૌરાષ્ટ્રના મોરબી, જામનગર અથવા ગુજરાતના પાટણ, સુરત જેવા વિસ્તારોમાં આશરો લે. ખેર, કચ્છપ્રદેશમાં પાણીની યાત્રાની વાત કરીએ તો કચ્છમાં પર્યાવરણના સંદર્ભમાં વરસાદની માત્રા ઓછી છે. (જે હવે કલાઈમેટ ચેન્જના દૃષ્ટિકોણથી બદલાઈ રહી છે.) વરસાદની ઋતુમાં વરસાદ ઓછો પડતો હોવાથી વરસાદના પાણીનો શક્ય એટલો સંગ્રહ કરવાની પ્રવૃત્તિ આ વિસ્તારમાં યુગોથી કરવામાં આવે છે એમ કહી શકાય. કારણકે, ૩૦૦૦ વર્ષ પહેલાંની સભ્યતા **ધોળાવીરામાં વરસાદી પાણીના સંગ્રહ માટેની એક ચોક્કસ વ્યવસ્થાપન** પદ્ધતિ જોવા મળે છે જે દર્શાવે છે કે, વર્ષો પહેલા પણ વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે એક પદ્ધતિસરનું આયોજન થતું હતું. **ઇજનેરી ટેક્નિક દ્વારા જળસ્રોતોનું વ્યવસ્થાપન** યોગ્ય પદ્ધતિથી કેવી રીતે કરી શકાય તે માટે ધોળાવીરાની મુલાકાત લેવી જરૂરી બની જાય છે. કચ્છના લખપત વિસ્તારમાં ભૂગર્ભજળ મળી શકે તેવા ખડકો છે નહીં, માટે આ વિસ્તારમાં પણ વરસાદી પાણીનો જ સંગ્રહ કરવામાં આવે છે, લખપત વિસ્તારમાં એક જૂની મસ્જિદમાં 'રૂફ રેઈન વોટર હાર્વેસ્ટિંગ'નો નમૂનો જોવા મળે છે. જે દર્શાવે છે કે, એ સમયે પણ લોકો જાણતા હતા કે જમીનમાંથી પાણી મળી શકે તેમ નથી માટે વરસાદી પાણીનો સંગ્રહ કર્યા વગર છૂટકો નથી.

કચ્છમાં આવેલા વિસ્તારોમાં વિવિધતા જોવા મળે છે. વિસ્તારની વિવિધતા પ્રમાણે પાણી મેળવવાની અને સંગ્રહ કરવાની પદ્ધતિ પણ અલગ-અલગ રીતે વિકસાવવામાં આવેલી છે. બન્ની વિસ્તારમાં રણપ્રદેશ લાગુ પડતો હોવાથી અહીંની 'કાઠી' જાતિના લોકોએ 'વીરડા' અને ઝીલ (નાના તળાવો) જેવી પદ્ધતિ વિકસાવી હતી જે આજે પણ દુષ્કાળના સમયમાં ખૂબ જ કારગત નિવડેલી છે. **કાઠી લોકોએ ખારાશ અને પાણીના વિજ્ઞાનને સમજીને વીરડાની ટેક્નિક** દ્વારા આપણને એ સમજણ આપી કે, ખારાશ સામે કેવી રીતે ટકી શકાય!

પશ્ચિમ વિસ્તારમાં સપાટીય જળસ્રોતો એટલે કે વરસાદી પાણી ઉપર વધારે આધાર




ધોળાવીરા

*માણસ ગમે ત્યાં અને ગમે તે વખતે પોતાના જીવનમાં નવેસરથી ફેરફાર કરી શકે છે.*


રાખવો પડે છે. આ વિસ્તારમાં જ્યારે પાણી ખૂટી પડે છે ત્યારે અહીંના રહેવાસીઓ હિજરત કરી જાય છે. જોકે આજે હવે આ પરિસ્થિતિમાં પણ બદલાવ આવેલો છે. લોકો હવે પાણીના પુરવઠાના આધારે પોતાની જરૂરિયાત પ્રમાણે વપરાશનું ગણિત માંડીને પાણીનો વપરાશ કરી રહ્યા છે. પાવરપટ્ટી વિસ્તારમાં **ઓછી ઊંડાઇના ખડકોમાંથી** પાણી મળી આવે છે. આ પાણી આધારિત અહીંના લોકોએ જીવનશૈલી અપનાવેલી છે. પાવરપટ્ટી વિસ્તારમાં ઋતુ પ્રમાણે અનુકૂળ પાકો લેવામાં આવે છે. જેમાં ચારાના પાકો, ધાન અને રોકડિયા પાકોનો સમાવેશ થાય છે. ઓછા પાણીને કારણે અહીં ઘેટાં-બકરાં જેવાં નાના પશુઓનું પશુપાલન પણ જોવા મળે છે. જ્યારે અંજાર વિસ્તારમાં વધુ ઊંડાઇના ખડકોમાંથી પાણી મળી આવે છે. આ વિસ્તારમાં પાણીની અનુકૂળતા પ્રમાણે શાકભાજી અને બાગાયતી પાકો વિપુલ પ્રમાણમાં થાય છે અને પશુપાલન ઓછી માત્રામાં જોવા મળે છે. રાપર વિસ્તારના ખડકોમાંથી જૂજ પ્રમાણમાં જ પાણી મળી આવે છે. માટે અહીં મોટાભાગે પાણીનો મુખ્ય સ્રોત વરસાદ જ છે. ગેરડો વિસ્તારના **માલધારી લોકોએ તળાવમાં કૂવા** બનાવીને દુષ્કાળના વર્ષોમાં પણ ટકી રહેવાની ક્ષમતા કેળવી હતી.

વિકાસના ચક્રની સાથે પૃથ્વી ઉપર વસતિ વધારો પણ થવા લાગ્યો અને પાણીનો વપરાશ પણ વધવા લાગ્યો. આવા સમયમાં કોઇ એક જ જગ્યાએથી પાણીનો ઉપયોગ સામૂહિક રીતે થઇ શકે એ માટે શહેરોમાં તળાવો બાંધવામાં આવ્યા. જેની સાક્ષી તરીકે **રાજાશાહી વખતના હમીરસર અને ટોપણસર જેવા તળાવો છે.** હમીરસર તળાવ ભૂ-ભૂસ્તરિયા વિજ્ઞાન અને કુદરતી રીતે વરસતાં વરસાદની માત્રા આધારિત બનાવવામાં આવેલા તળાવનું એક ઉત્તમ ઉદાહરણ છે. ઓછા વરસાદે પણ પાણીનું વ્યવસ્થાપન કેવી રીતે થઇ શકે એ બાબતે હમીરસર આપણને ઘણું શીખવી જાય છે.



નર્મદા બંધ

કચ્છમાં પાણીની આ યાત્રા તો અવિરત ચાલી રહી છે ત્યારે આપણે એ યાત્રામાં ક્યાં સુધી પહોંચ્યા તેનો ક્યાસ કાઢવો હોય તો એમ કહી શકાય કે, આઝાદી પછીના સમયમાં આપણે અલગ અલગ **"કેન્દ્રીય સરકારી યોજનાઓના"** પ્રભાવમાં આવીને ક્રમે ક્રમે યુગો જૂની વરસાદી પાણીના સંગ્રહ કરવાની આપણી આદતને આજે આપણે ભૂલી ગયા છીએ અને રાજાશાહી વખતના તળાવોને એક 'મોન્યુમેન્ટ' ગણી હવાફેર કરવાના સ્થળ તરીકે જોઇ રહ્યા છીએ. ઓછી ઊંડાઇએ મળતાં પાણીવાળા પ્રદેશોમાં પણ હજુ નીચે જવાથી પાણી મળશે એવી લાલચે ધરતીનું પેટાળ ચીરીને દરિયાના ખારા પાણીને અંદર આવવા માટેના રસ્તા બનાવી આપ્યા છે. ઊંડા ભૂગર્ભજળનું શોષણ દિવસે-દિવસે આપણે વધારી દીધું જેને કારણે ભૂગર્ભજળ વધુ ઊંડા ઉતરતાં ગયા છે. પાણી માટેની આપણી તરસ હજુ સંતોષાઇ નહી એટલે આપણે પાણી માટેની સ્વાયત્તતાને નેવે મુકીને કચ્છ બહારથી **'નર્મદા'**ને લાવ્યા. નવા યુગની નવી વિચારધારા પ્રમાણે નર્મદાના આવવાથી શું થયું??!!.. કદાચ એમ કહી શકાય કે જીવન જરૂરી એવા પાણી માટે સંપૂર્ણપણે કચ્છ વિસ્તાર બહારના સ્રોત ઉપર આધારિત થયો. આજે પરિસ્થિતિ એવી છે કે આપણે આપણા જળસ્રોતોને યોગ્ય રીતે સાચવી શક્યા નથી અને નર્મદાનું પાણી નિયમિત મળી શકતું નથી.



હમીરસર તળાવ

**અહીં મૂળભૂત મુદ્દો પાણીની જરૂરિયાત કરતાં પાણીના વપરાશને અનુલક્ષીને માંગ અને પુરવઠાનું અર્થતંત્ર સમજીને અસરકારક વ્યવસ્થાપનને અનુસરી પાણી બાબતે સ્વાવલંબન કેળવવાની જરૂરિયાત છે.**

સ્વાવલંબન મેળવવા માટે દરેક વ્યક્તિએ વ્યક્તિગત રીતે જળસ્રોતોની જાળવણી કરવી ફરજિયાત થઇ જાય છે! જો આપણે આપણા પરંપરાગત જળસ્રોતોનું વ્યવસ્થાપન યોગ્ય અને અસરકારક રીતે નહીં કરીએ તો કદાચ ભવિષ્યમાં નર્મદા જેવા બહારના સ્રોતોનું અસ્તિત્વ નહીં હોય ત્યારે પાણી માટે આપણે શું કરીશું? આ એક આપણો પોતીકો સવાલ છે આ સવાલનો જવાબ કોઇ કચ્છ બહારની વ્યક્તિ નહીં પણ આપણે જ આપવાનો છે અને આ સવાલનો એક માત્ર જવાબ પાણીનું પરંપરાગત, સુનિયોજિત યોગ્ય વ્યવસ્થાપન છે. જે માત્રામાં પાણી કચ્છમાં મળે છે એ માત્રાને સમજી, જરૂરિયાત પ્રમાણેના વપરાશને અનુસરીને પાણીનો ઉપયોગ કરીએ તો નર્મદા જેવા બહારના સ્રોતો ઉપર આધાર રાખવો પડે નહીં તે દીવા જેવી સ્પષ્ટ વાત છે! આ વાત આપણે બધા જાણતા હોવા છતાં પણ આજે આપણે શું કરી રહ્યા છીએ? જવાબ મેળવવાની કોશિશ કરીએ તો પાણી બાબતે આપણે હજુ પણ અર્ધ જાગૃત છીએ!!! ■

*પ્રેમ એક લાંબી યાત્રા પર નીકળેલી નદી છે.*

# કચ્છ – ભૂકંપ પહેલાં અને પછી.....

• વિનીત રાણા •

કુદરતની ઇચ્છા વિરુદ્ધ એક તણખલું પણ હલતું નથી. આવું વાક્ય આપણે દરેક વડીલ વૃદ્ધના મુખેથી સાંભળતા આવ્યા છીએ. આ બાબતની પ્રતીતિ દસ વર્ષ પહેલાં કુદરતે કચ્છને કરાવી હતી. એ ગોઝારો દિવસ હતો ૨૬, જાન્યુઆરી ૨૦૦૧. કચ્છના ઇતિહાસમાં એક નવું પાનું ઉમેરાયું હતું. કચ્છમાં આજે જ્યારે વાતચીતના દોરમાં અમુક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે સ્પષ્ટ પૂછવામાં આવે કે, ભૂકંપ પહેલાં કે પછી???!!..

આજના સમયમાં કચ્છનો ઇતિહાસ ભૂકંપ પહેલાં અને પછી એમ બે ભાગમાં વહેંચાઈ ગયો છે.

ભૂકંપ પહેલાં કચ્છપ્રદેશ ફક્ત રણપ્રદેશ માટે જાણીતો હતો. સરકારી બાબુઓના દૃષ્ટિકોણથી વાત કરીએ તો કોઇપણ સરકારી બાબુઓની નોકરી સજાપાત્ર બનાવવી હોય તો તેનું પોસ્ટિંગ કચ્છ પ્રદેશમાં કરવામાં આવતું હતું. ભૂકંપ બાદ આ પરિસ્થિતિમાં ફેરફાર થયો છે. જે ભૂકંપ બાદ કચ્છનો ઔદ્યોગિક વિકાસ થયો તેને આભારી છે.

ભૂકંપ બાદ સ્થાનિક રાજકીય નેતાઓના પ્રયાસોને કારણે કેન્દ્ર સરકાર દ્વારા જે ટેક્સ હોલિડે જાહેર થયો તેનો મહત્તમ લાભ કચ્છને થયો છે. ભૂકંપ પહેલાં સૂકા પ્રદેશ તરીકે ઓળખાતા કચ્છ પ્રદેશમાં આજે ગુજરાત રાજ્ય ઉપરાંત અન્ય રાજ્યના સાહસિક ઉદ્યોગપતિઓને પણ ઉદ્યોગો માટે તક દેખાઈ રહી છે.

કચ્છમાં પહેલાં માછીમારી, ટિમ્બર અને મીઠા (નમક) ઉદ્યોગ મુખ્ય હતા. આજે દસ વર્ષ બાદ કચ્છમાં ટિમ્બર, સોલ્ટની સાથે ખાદ્યતેલ, સૉ પાઈપ, પ્લાસ્ટિક, સિરામિક અને સિમેન્ટ ઉદ્યોગોનો વ્યાપક વિકાસ થયો છે. આ ઉદ્યોગોની સાથે કચ્છ પ્રદેશમાં અન્ય રાજ્યોના લોકો પણ રોજગારીની તક જોઇને સ્થાપિત થયા છે. ગાંધીધામ, ભચાઉ અને અંજાર વિસ્તારમાં ધમધમતા ઉદ્યોગો વાર્ષિક આશરે ૭૦ હજાર કરોડનું ટર્નઓવર ધરાવે છે. આ ઉપરાંત કંડલા અને મુન્દ્રા બંદર દેશના કુલ ટર્નઓવરમાં ૩૦% જેટલો ફાળો ધરાવે છે.

કચ્છમાં બીજા એક શરમજનક ઉદ્યોગનો વિકાસ થયો છે અને તે છે 'બોટલ્ડ વોટર'નો ઉદ્યોગ! આજે પ્રકૃતિનું પાણી પ્રકૃતિનું રહ્યું નથી પણ ધંધો કરનારા વિશાળ ધંધાદારી વર્ગનું થઈ ગયું છે. જગત ઉપર રહેલા મોટાભાગના શુદ્ધ પાણી ઉપર સામાન્ય જનતા કરતાં લેભાગુઓનો કાયદેસર કે બિનકાયદેસર હક્ક થઈ ગયો છે. આ 'આસમાની સોનું' સામાન્ય જનતા માટે 'ઇદનો ચાંદ' બનતું જાય છે. એ માટે જવાબદાર છે જગત આખામાં ધમધમતો પાણીનો ૪૦૦ અબજ ડોલરનો વેપાર...!

વિખ્યાત લેખક કાંતિ ભટ્ટ લખે છે કે, ભારતમાં 'બોટલ્ડ પાણીનો ઉદ્યોગ ૨૦૦૨માં રૂપિયા ૧૦૦૦ કરોડનો હતો તે દર વર્ષે ૨૫ ટકાના વેગે આગળ વધી રહ્યો છે.' કહેવાનો અર્થ એ થયો કે, દર વર્ષે પાણીનો ૨૫ ટકા હિસ્સો પાણીનો વેપાર કરતા લેભાગુઓના હાથમાં જતો રહે છે. આજ રીતે પાણી સંપૂર્ણપણે કોઇ 'વોટર માફિયા' ના હાથમાં આવી જશે તો કદાચ ભવિષ્યમાં પાણીના પણ પેટ્રોલપંપની માફક 'પાણીપંપ' હશે!

ભારતમાં ૨૦૦ જેટલી બ્રાન્ડના નામે પાણી વેચાય છે અને બીજી સેંકડો બ્રાન્ડ વગરની બોટલો વેચાય છે. આ વેપાર અટકવાનો નથી, કારણકે પાણીના વેપારીકરણમાં કદીય ખોટ આવી શકે નહીં. પાણીના વેપાર માટે સૌપ્રથમ ફાયદો તો એ છે કે તેના માટે કોઇ 'રો મટિરિયલ્સ' ની જરૂર રહેતી નથી. વેપારીઓ પાણી સીધું 'ભૂગર્ભજળ' દ્વારા મેળવી લે છે. રાજસ્થાનમાં એક કંપની દરરોજ ૫૦ લાખ લિટરના દરે પાણી ખેંચે છે અને ૧૦૦૦ લિટરના ૧૪ પૈસા સરકારને આપે છે. આ પાણી, એના પછી રૂપિયા ૧૨-૧૪ પ્રતિ લિટરના ભાવમાં વેચાય છે. હવે આવા ધંધામાં ખોટ કેવી રીતે આવે? કાંતિ ભટ્ટ આવા પાણી વિશે લખે છે કે, આવું પાણી પીવું એ પાપ છે કારણકે, એક બોટલ્ડ વોટર તૈયાર કરવા માટે સાત લિટર સાદું પાણી વપરાય છે.

એક વર્ષ પહેલાં ગાંધીધામની બળૂકી મહિલાઓએ પાણીના મુદ્દે નગરપાલિકામાં જઈને આક્રોશ વ્યક્ત કર્યો હતો. કચ્છપ્રદેશમાં પણ પાણીના વેપારના રાફડા ફાટી નીકળ્યા છે. કચ્છના ભુજ શહેરની આસપાસ ઘણી પાણીની 'ફેકટરીઓ' ફૂટી નીકળી છે જે ભુજ અને તેની આસપાસના વિસ્તારની ભૂગર્ભજળની સ્થિતિને અસંતુલિત કરી રહી છે. રાપર, ભચાઉ, મુંદ્રા અને માંડવી જેવા વિસ્તારોમાં સરકારની રહેમરાહે 'કચ્છના ઔદ્યોગિક વિકાસ' માટે ઘણી કંપનીઓને પોતાની પ્રોડક્ટ બનાવવા માટેના યુનિટ સ્થાપવાની છૂટ અપાતા, આજે હાઇ-વે રોડની બન્ને બાજુએ વૃક્ષોની હારમાળાના સ્થાને ફેકટરીઓની હારમાળા દેખાય છે. આવી ફેકટરીઓ કચ્છના માનવીઓનું પાણી પી જાય છે. આવી ફેકટરીઓ ભૂગર્ભ જળની સાથે કચ્છને પીવાના પાણીના ભાગ રૂપે મળતું 'નર્મદા'નું પાણી પણ ગળી જાય છે અને લોકો પાણી વગર તરસ્યા રહે છે.

આજે રાજસ્થાનમાં મહિલાઓએ જાગૃત

*પત્નીને કેવળ ભોગ્યા ગણવાને બદલે યોગ્યા ગણવી એવી ઉદાત્ત દૃષ્ટિવાળું મન જ પુરુષની શોભા છે.*

થઈને પાણી માટે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. જયારે કચ્છમાં પણ લેભાગુ 'વોટર માફિયા' ઘર કરી જશે ત્યારે કચ્છની મહિલાઓને પણ રાજસ્થાનની મહિલાઓની જેમ આંદોલનનો માર્ગ અપનાવ્યા વગર છૂટકો નથી. એના કરતાં જો 'સમય વર્તે સાવધાન' થઈને ભૂગર્ભ જળના રક્ષણ અને વ્યવસ્થાપનના કાર્યો અત્યારથી જ કરવામાં આવે તો કચ્છનું ભવિષ્ય 'પાણીદાર' થઈ શકે એ વાતમાં શંકાને સ્થાન નથી!


આવા ઔદ્યોગિક વિકાસની સાથે કચ્છને નુકસાન પણ ઘણું થયું છે. સૌથી વધારે નુકસાન પર્યાવરણને થયું છે. કચ્છ ભલે સૂકો પ્રદેશ રહ્યો પણ અહીંની આબોહવા ભૂકંપ પહેલાં ખુશનુમા હતી. આ આબોહવાને કચ્છના ઔદ્યોગિક વિકાસે અસંતુલિત કરી નાખી છે. આખા દિવસમાં પડતા ધોમધખતા પ્રખર તાપ બાદ પણ સાંજે ઠંડક અનુભવાતી હતી જે કારખાનાંઓમાંથી સતત નીકળી રહેલા ઝેરી વાયુઓ દ્વારા આ ઠંડક છીનવાઈ ગઈ છે. ઠંડીની ઋતુમાં માફકસરની ઠંડી પડતી હતી પણ હવે તો ઠંડીની ઋતુમાં પણ પારો સતત ઊંચો રહે છે. વરસાદની અનિયમિતતા વધી ગઈ છે. પહેલાં કચ્છનો વાર્ષિક સરેરાશ વરસાદ ૩૧ મિ.લી. હતો જે હવે વધીને ૪૦૦ થી ૫૦૦ મિ.લી. થઈ ગયો છે. ગત વર્ષમાં તો માંડવી તાલુકામાં રેકોર્ડ બ્રેક વરસાદ પડ્યો હતો જેને કારણે માંડવી શહેરની સાથે તાલુકા સ્તરે ગામડાંઓની સ્થિતિ પણ બેહાલ થઈ ગઈ હતી, જે આજની તારીખે પણ સુધારાની દિશામાં નથી.

કચ્છના અમુક વિસ્તારમાં ભૂગર્ભજળના સ્રોતો સારી એવી માત્રામાં મળી આવે છે, જેનું આજે ઔદ્યોગિક વિકાસની આડમાં ભરપૂર શોષણ કરવામાં આવે છે. ભૂકંપ બાદ કચ્છમાં નર્મદા આવી, પણ આજની તારીખે કચ્છને તેનો પૂરતો લાભ મળી રહ્યો નથી. કચ્છના ભૂગર્ભસ્રોતોનું રક્ષણ કરવાને બદલે તેનો શક્ય એટલો વધારે ઉપયોગ કરી તેને ખાલી કરી નાખવાની પ્રવૃત્તિમાં વધારો થયો છે. વરસાદનું પ્રમાણ વધ્યું છે પણ વરસાદી પાણીનો સંગ્રહ કરવાની નૈતિક વિવેક અને ક્ષમતાનો વિકાસ થયો નથી. આજની તારીખે પણ શહેરોને પાણી પૂરું પાડવાની લ્હાયમાં ગામડાંઓના ભૂગર્ભસ્રોતો ખાલી થઈ રહ્યા છે.

કચ્છ પ્રદેશ એક શબ્દ માટે જાણીતો છે : ખુમારી... ભૂકંપ પહેલાં અતિ વિકટ પરિસ્થિતિમાં પણ લોકો ખુમારીથી જીવી રહ્યા હતા. કચ્છ તરફ કોઈ ધ્યાન આપતું નહીં. તો પણ કચ્છી પોતાની જાતે અનેક વિટંબણાઓને ખુમારીથી ભોગવીને જીવી રહ્યો હતો. ભૂકંપ બાદ જે ઝડપી ઔદ્યોગિકીકરણ થયું અને વર્લ્ડ બેંકથી લઈને કેન્દ્ર અને રાજ્ય સરકાર ઉપરાંત દેશ-વિદેશથી અનેક પ્રકારની સહાયના પેકેજોનો મારો થયો તેમાં કચ્છીઓની ખુમારી વિસારે પડી ગઈ. લોકો ઝડપથી ઠરીઠામ થવાની આશામાં જે પણ સહાય મળે, જે રીતે મળે તે સ્વીકારીને સ્થાયી થવા લાગ્યા. ભૂકંપ બાદ નૈતિક મૂલ્યોને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે. 'આવતી કાલે શું થવાનું છે કોને ખબર?' એવું વિચારીને આજે કચ્છમાં સામાન્ય માનવીથી લઈને મહત્ત્વના હોદ્દા ઉપર બેઠેલા માનવીએ પોતાની જાતને હાલમાં ચાલતા પ્રવાહમાં ગોઠવી દીધી છે. કચ્છ પ્રદેશમાં વસતાં લોકોની માનસિકતામાં સામૂહિક પરિવર્તન આવી ગયું છે. 'કલ કરે સો આજ, આજ કરે સો અભી' જેવી વૃતિ આ માનસિકતામાં સ્પષ્ટ જોઈ શકાય છે.

કુદરતની ઈચ્છા વિરુદ્ધ કશું થતું નથી. કચ્છની ભૂકંપ પહેલાં અને પછીની સ્થિતિ વચ્ચે ખાસ્સો એવો ફર્ક આવી ગયો છે. એ ઈતિહાસ વિશે લખવા બેસીએ તો એક આખો ગ્રંથ તૈયાર થાય પણ એક મુદ્દાની વાત સમજવાની જરૂર એ છે કે, બસ...હવે બહુ થયું..કચ્છના નૈસર્ગિક સૌંદર્યને વધુ ન બગાડીએ...કચ્છના પેટાળને હવે વધુ ખાલી ન કરીએ. કુદરત આપણી મિલકત નથી, તે આપણને આપણી પુરોગામી પેઢી દ્વારા વારસામાં મળેલી છે. આ મિલકતનું વધુ સારી રીતે જતન કરી આપણી ભાવિ પેઢીને આપીએ જેથી આવનારા વર્ષો કચ્છના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખી શકાય!

*એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેક્નોલોજીસ*
*ભુજ, કચ્છ.*





*છેલ્લા બે મોટા ધરતીકંપ દરમ્યાન સ્તરભંગની લાક્ષણિક હલનચલન ઉર્ધ્વ પ્રકારની જોવા મળે છે. આવા પ્રકારની રીવર્સ ટેક્ટોનિકની પ્રક્રિયા છેલ્લા ૫ કરોડ વર્ષથી શરૂ થયેલી છે. ૨૦૦૧ના ધરતીકંપ દરમ્યાન તેના ઉદ્‌ગમસ્થાને લગભગ ૬ મીટર જેટલું હલનચલન નોંધાયું છે. ભવિષ્યમાં આવનારી ઘટનાની પણ રૂપરેખા જોવા મળે છે.* ***(સૌજન્ય : ડૉ. મહેશ ઠક્કરના એક લેખનો અંશ)***

*મિત્રો વિના કોઈપણ જીવવાનું પસંદ નહિ કરે, ભલે તેની પાસે અન્ય તમામ સારી વસ્તુઓ કેમ ન હોય.*

# પુરાતત્ત્વ અને ઇતિહાસના સંદર્ભમાં
# "કચ્છની ગઇ કાલ, આજ અને આવતી કાલ"

• દિનકર મહેતા •



**શ્રી દિનકર મહેતા** સને ૧૯૬૪માં ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતામાં જોડાયા બાદ ૧૯૯૯માં નિવૃત્ત થયા. ૧૯૭૨માં તેઓશ્રી અનુસ્નાતક થયા અને ઉત્તરોત્તર બઢતી પામતાં ૧૯૯૨માં ખાતાના વડા તરીકે નિમાયા. સૌરાષ્ટ્ર, કચ્છ, અમદાવાદ વગેરે તેમના કાર્યક્ષેત્રો રહ્યા. કચ્છ વર્તુળમાં બદલી થતાં મહત્ત્વનું યોગદાન શિકારપુરના હરપ્પીય ટિંબાની શોધ અને તેના ઉત્ખનનથી મહત્ત્વની માહિતી મેળવી હતી. સિધ્ધિ કહી શકાય તેવું તેમનું કાર્ય એટલે "હવેલી"નું પુનઃનિર્માણ. અમદાવાદમાંથી ઉતારી લીધેલ હવેલીના પૃથક ભાગોને જોડી ગાંધીનગર સંસ્કૃતિ કુંજમાં પુનઃ નિર્માણનો પાયો તેઓના પ્રયત્નથી નખાયો. ગુજરાત વિશ્વકોશ માટે પુરાતત્ત્વ સંબંધી અધિકરણો પણ તેમનું મહત્ત્વનું પ્રદાન છે. એમના પુરાતત્ત્વ ખાતાના અન્ય યોગદાનમાં અપ્રાપ્ય એવા ગુજરાતનું 'મૂર્તિ વિધાન' આધાર ગ્રંથનું પુનઃ મુદ્રણ તેમજ રાજ્ય રક્ષિત સ્મારકોની બે દાયકા જૂની સૂચિનું અદ્યતન પ્રકાશન મુખ્ય છે.

ગુજરાત ઈતિહાસ પરિષદના સોળમા અધિવેશન દરમ્યાન ગુજરાતના પાળિયા પરનો એમનો નિબંધ સર્વશ્રેષ્ઠ ગણાયો, જે માટે એમને રૌપ્ય ચંદ્રક એનાયત થયો. અમેરિકાની પેન્સિલ્વેનિયા યુનિવર્સિટી, ડેક્કન કૉલેજ પૂણે અને સયાજીરાવ યુનિવર્સિટી - વડોદરાના ઉપક્રમે મહત્ત્વના ટીંબાઓ ઉત્ખનન સંશોધન થકી પ્રકાશમાં આવ્યા. હાલે નિવૃત્ત છતાં ઈતિહાસ, પુરાતત્ત્વ ક્ષેત્રે સંશોધન લેખનમાં સતત પ્રવૃત્ત રહે છે.

કચ્છની તાસીર કંઈક સમુદ્રના તરંગ જેવી છે. જેમાં ઈતિહાસના પ્રસંગો એવા તો વણાઈ ગયા છે કે તેને ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં વિભાજિત કરવા કઠિન કામ છે. પ્રકૃતિએ કચ્છને ખોબો ભરીને કુદરત આપી છે. અહીં સમુદ્ર છે, તો પહાડો પણ છે. સૂકું ભઠ્ઠ રણ છે તો લીલીછમ વાડીઓ પણ છે. અલભ્ય વનસ્પતિ છે, તો આંખો પહોળી થઈ જાય તેવી ભૂ-સંપત્તિ પણ છે. અને આ બધા કુદરતી તત્ત્વોએ કચ્છીને કચ્છીયત બક્ષી છે. માનવ જીવનને અસર કરતી તમામ પ્રાકૃતિક બાબતો કચ્છના સામાજિક જીવનમાં જોવા મળે છે. ગુજરાતના અન્ય જિલ્લામાં ભાગ્યેજ જોવા મળતી ત્રણસો-ચારસો વર્ષ પહેલાં ચાલતી ગધેડા ગાડી અને આજની અદ્યતન મર્સીડીસ કાર અહીં એકજ રસ્તા પર આજે પણ સાથે જોવા મળશે અને બંનેના ચાલકની મસ્તી પણ સમાન હશે. અહીં ભૂત અને વર્તમાન સાથે જ ચાલે છે. ભવિષ્યની ફિકર નથી. ઉપરવાળો છે ને! એ મસ્તી સાથે અહીંનો માનવી વર્તમાનને લહેરથી ભોગવે છે.

ઈ.સ. ૧૮૧૯ પહેલાં અહીંનું જન જીવન ખુશહાલ હતું. ઉત્તર-પશ્ચિમ કચ્છ સિંધુ નદીના આશીર્વાદથી લીલુંછમ હતું. લખપત બંદર લાખોનો વેપાર કરતું હતું. અહીંના ચોખા ઉત્તમ પ્રકારનું ધાન્ય હતું. પાણીની વિપુલતાને કારણે પશુ પાલકો સમૃદ્ધ હતા. અચાનક કુદરત વિફરી. ૧૬, જૂન, ૧૮૧૯ની સાંજે ભૂકંપનો પહેલો આંચકો આવ્યો. આખી રાત આંચકા ચાલુ રહ્યા. છ અઠવાડિયા સુધી આંચકા ચાલુ રહ્યા. (કારા ડુંગર કચ્છજા, ૧૯૬૩, પૃ. ૨૦૬). બધું જ પલટાઈ ગયું. કચ્છની જીવાદોરી સમાન સિંધુ નદીનો ફાંટો પાકિસ્તાન તરફ વળી ગયો. કચ્છની દુર્દશા શરૂ થઈ. સામાજિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું.

પુરાતત્ત્વનો વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ છેલ્લા પોણા બસ્સો વર્ષથી શરૂ થયો છે. તેથી ભૂકંપથી કઈ કઈ પ્રાચીન ઈમારતોનો નાશ થયો છે કે ભૂમિગત કઈ કઈ પ્રાચીન વસાહતોને નુકસાન થયું છે તેની સવિગત નોંધ મળી નથી. કચ્છના જે પ્રાચીન સ્થળો પર ઉત્ખનન થયું છે તેના અહેવાલમાં પણ ભૂકંપને કારણે થયેલ નુકસાનની સ્પષ્ટ નોંધ નથી, પરંતુ હરપ્પન સમયના સંભવિત બંદરોથી સમુદ્ર દૂર ખસી ગયો હશે તેમ અનુમાની શકાય. જો કે હજાર કે તેથી વધારે સમયથી ઊભેલા પ્રાચીન મંદિરોને ખૂબ જ નુકસાન થયું છે તે જોઈ શકાય છે. ઈ.સ. ૧૮૧૯ના ભૂકંપથી સૌથી વિશેષ નુકસાન કેરાના પ્રાચીન શિવાલયને થયું. તેનો સભામંડપથી અંતરાલ સુધી અને ગર્ભગૃહનો આગળનો ભાગ ધરાશાયી થઈ ગયો. પણ સદ્નસીબે સભા મંડપનો ઉત્તર તરફનો ભદ્રપરની વાતાયનનો ઉત્તમ નમૂનો કુદરતી રીતે જળવાઈ ગયો. મંજલ પાસે આવેલ રાણી રાજૈ (પુંઅરેશ્વર)ના મંદિરના અને કંથકોટના સૂર્યમંદિરના શિખરના પથ્થરો અસ્તવ્યસ્ત થઈ ગયા. કોટાઈનું સૂર્યમંદિર પણ નુકસાનમાંથી બચી શક્યું નહીં. અંજારના

*તમારા અહંકારને છોડો, પરમાત્મા આપોઆપ મળશે.*

ભડેશ્વરના મંદિરનો મંડપ સંભવતઃ આ ભૂકંપને કારણે તૂટી પડ્યો. અન્ય ઈમારતોમાં મંજલ પાસે આવેલ વડી મેડીનો ઉપરનો ભાગ તૂટી ગયો તો પણ કેટલાક સ્તંભ જેમના તેમ ટકી રહ્યા. ભુજમાં આવેલ રામકુંડને કશું નુકસાન થયું હોય તેમ જણાતું નથી.




*શિવ મંદિર કેરા. ઉત્તર તરફની મંડપની દીવાલનો તૂટેલો વાતાયન. ૨૦૦૧ના ભૂકંપ પછી.*

આ કુદરતી આફતને લોકો સમય જતાં ભૂલી ગયા. કુદરતે જે સ્થિતિ આપી તેમાં રહેવાનું લોકોએ સ્વીકારી લીધું. કચ્છીના સ્વભાવમાં છે. ઈશ્વરના નિયમો સામે બળવો નહિ, શરણું હોય. આ સંતોની ભૂમિ છે શેતાનની નહિ. હવે બધું જ રાબેતા મુજબ ચાલવા માંડ્યું. પરંતુ બરાબર ૧૩૭ વર્ષ પછી ફરી ઈ.સ. ૧૯૫૬ની ૨૧મી જુલાઈ, શનિવારની રાત્રે ૯ કલાક, ૩ મિનિટ અને ૪૬ સેકંડે ભૂકંપનો પહેલો તીવ્ર આંચકો આવ્યો. બીજો આંચકો રાત્રે પોણા બાર વાગ્યે અને ત્રીજો આંચકો વહેલી સવારે સવા પાંચ વાગ્યે આવ્યો. લોકો ભયભીત થઈ ગયા. આ ભૂકંપનું કેન્દ્ર અંજાર નજીક હતું તેથી વધારે ખુવારી અંજાર અને તેની આસપાસના વિસ્તારમાં થઈ. નબળી થઈ ગયેલી પ્રાચીન ઈમારતો વધારે નબળી થઈ ગઈ. અંજારમાં આવેલ મેકમર્ડોના બંગલાને વિશેષ નુકસાન થયું.

ઈ.સ. ૧૯૫૬નો ભૂકંપ જ્યારે ભૂતકાળ બની ગયો હતો અને કચ્છના લોકોને પડેલા મારની હજુ કળ વળી હતી ત્યાં ૪૫ વર્ષ પછી ૨૬, જાન્યુઆરી ૨૦૦૧ના સવારના ૮ કલાક ૪૬ મિનિટ ને ૧૩ સેકંડે ભૂગર્ભમાંથી આવતા મોટા અવાજ અને વિચિત્ર ચિચિયારી સાથે ભુજ ડોલવા માંડ્યું. ધુળની ડમરીઓ ઊડી. આ સમયે તે સમયના મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા ૨૬ જાન્યુઆરીની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન કરાવતા હતા. કોઈ કશું સમજે તે પહેલાં નાસભાગ શરૂ થઈ ગઈ. કોઈ સ્થિર નહોતું. જૂના મકાનો પત્તાના મહેલની માફક ભૂમિવંદન કરવા લાગ્યા. કેટલાક મકાનો સીધા જમીનમાં ગરકાવ થઈ ગયા. આ ભયંકર ભૂકંપ ૧૨૦ સેકન્ડ સુધી કચ્છને ઘમરોળતો રહ્યો. આ ભૂકંપ એટલો વિસ્તૃત હતો કે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં તેની વધતી ઓછી અસર થઈ. ગુજરાત રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદમાં પણ દસ માળની ભવ્ય ઈમારત સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ. કચ્છમાં ભચાઉ તાલુકાના પ્રસિદ્ધ કંથકોટના કિલ્લામાં આવેલ સૂર્યમંદિર તથા જૈન મંદિર સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ગયા અને કિલ્લાના દરવાજાને નોંધપાત્ર નુકસાન થયું. નખત્રાણા તાલુકાના મંજલ ગામ પાસે આવેલ પુંઅરેશ્વર મંદિરના શિખર તથા ભુજ તાલુકાના કેરા ગામ પાસે આવેલ શિવમંદિરના શિખર તથા વાતાયનના ઉત્તમ નમૂનાને ભારે નુકસાન થયું.

કચ્છમાં અનેક પ્રાચીન સ્થળો અને સુંદર સ્થાપત્યો છે. ગુજરાત રાજ્યે તેમાંથી ૨૧ સ્થળોને પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો તથા અવશેષોને સને ૧૯૬૫ના ૨૫મા અધિનિયમ અને ૧૯૬૭ના નિયમ હેઠળ રક્ષિત જાહેર કર્યા છે. આ સ્થળોને ભૂકંપથી કેટલું નુકસાન થયેલ છે તથા તેને મૂળ સ્થિતિમાં લાવવા માટે કેટલો ખર્ચ થશે તે જાણવા ગુજરાત સરકારે તજજ્ઞોની એક કમિટી બનાવેલી. કમિટીએ નુકસાન પામેલા સ્થળોની જાત તપાસ કરી તેનો અહેવાલ સરકારને સુપરત કરેલો. આ અહેવાલના આધારે પુરાતત્ત્વ ખાતાએ સરકારે નક્કી કરેલા માપદંડ મુજબ લાયકાત ધરાવતા સ્થપતિઓ પાસેથી વિગતો મંગાવવા હેતુ દર્શક જાહેરાત (EOI. Expression of interest) ઓગસ્ટ, ૨૦૦૫માં બહાર પાડી. જેમાં સ્મારકો માટે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા. (૧) જામનગર જિલ્લાના ઘુમલીમાં આવેલા સ્મારકો, (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા સ્મારકો અને (૩) કચ્છમાં આવેલા સ્મારકો. આ ત્રણેય વિભાગના સ્મારકોના પૂરા રક્ષણ કામ માટે અલગ અલગ ત્રણ એજન્સીને કામ સોંપવામાં આવ્યું. કચ્છમાં આવેલા જે પાંચ સ્મારકોને વિશેષ નુકસાન થયેલ હતું તેને પુરારક્ષણ કામના કાર્યક્રમમાં સમાવવામાં આવ્યા. આ સ્મારકો આ પ્રમાણે હતા.



*શિવ મંદિર કેરા. વાતાયન - પશ્ચિમ.*

**સદકાર્ય દેખાડા માટે નહિ, નિર્મળ ભાવનાથી કરો.**

૧. શિવ મંદિર, કેરા, તાલુકા ભુજ.
૨. પુંઅરેશ્વર મહાદેવ મંદિર, તાલુકા નખત્રાણા.
૩. કંથકોટના કિલ્લામાં આવેલ સૂર્ય મંદિર, તાલુકા ભચાઉ.
૪. કંથકોટના કિલ્લામાં આવેલ જૈન મંદિર, તાલુકા ભચાઉ.
૫. કંથકોટના કિલ્લાનો ગેટ, તાલુકા ભચાઉ

આ તમામ સ્મારકોના કામ અંગે કચ્છના બે વર્તમાન પત્રો 'દિવ્ય ભાસ્કર' અને 'કચ્છ મિત્ર'માં અનુક્રમે તા. ૨૪, જાન્યુઆરી ૨૦૧૧ તથા તા. ૨૮, જાન્યુઆરી ૨૦૧૧ આ સ્મારકોની સ્થિતિ વિશે સમાચાર પ્રકાશિત થયા. 'દિવ્ય ભાસ્કરે' આ સ્થિતિ અંગે ટીકા કરતાં છાપ્યું કે, 'કચ્છના ઇતિહાસની સાક્ષી પુરતા સ્થાપત્યો પુરાતત્ત્વખાતાની ઉદાસીનતાનો ભોગ બની રહ્યા છે.' જ્યારે 'કચ્છમિત્ર' નિરાશ સ્વરે છાપે છે કે, 'ભૂકંપના દાયકા પછીય કચ્છના સાંસ્કૃતિક વારસાનું ભાવિ અંધકારમય.'

એપ્રિલ ૨૦૧૧ની માહિતી મુજબ કચ્છના ઉપર જણાવેલ સ્મારકોમાંથી કંથકોટના કિલ્લાના ગેટનું મોટાભાગનું કામ પૂર્ણ થયેલ છે. પરંતુ સૂર્યમંદિર અને જૈન મંદિરનું કામ હજુ બાકી છે. પુંઅરેશ્વરની જગતીનું કામ શરૂ કરેલ પણ કોઇ કારણસર અધૂરું રહેલ. જે ટૂંક સમયમાં શરૂ થવાની સંભાવના છે. કેરા શિવમંદિરનું કામ શરૂ જ થઇ શક્યું નથી.

આ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ તે માટે કારણો જે હોય તે પણ હવે આ મૂલ્યવાન સાંસ્કૃતિક વારસાને શક્ય બને તેટલી ત્વરાથી બચાવી લેવામાં આવે તે જરૂરી છે.

*શ્રી હરિકૃપા, ૧૯/૨૩ડી,*
*મુંદ્રા રિલોકેશન સાઈટ, ભુજ, કચ્છ-૩૭૦ ००૧.*
*મો. ૯૮૯૮૪ ०૮૧૮૧*

## ચિંતાથી મનને મુક્ત રાખો

વારંવાર ભૂતકાળ વિશે વિચારવામાં અને ભવિષ્યની ચિંતા કરવામાં મન પોતાની પુષ્કળ શક્તિ ખર્ચી નાંખે છે. મનને જો ભવિષ્યની ચિંતા કરવાની ટેવ હોય તો તમારે મનને વિનંતી કરતા રહેવું જોઈએ, "દોસ્ત, આવતીકાલ હજી આવી નથી અને આપણે એના માટે આયોજન કરેલું જ છે. માટે હમણાં એના વિશે વિચારવાની જરૂર નથી. આપણે મન સાથે મૈત્રી કરવી જોઈએ. એને આપણું સાથી, સહાયક બનાવવું જોઈએ. મન પાસેથી જોર જબરદસ્તીથી નહીં પણ ફોસલાવી પટાવીને કામ લેવું જોઈએ. આ એક નવું જ માનસિક વલણ છે. માનસિક ક્રિયાનો એક નવો જ અભિગમ છે. મનને એના પરિઘ પર નહીં, એના કેન્દ્રબિંદુ પર પકડવું જોઈએ.

અર્થહીન બબડાટમાં મનની ઘણી શક્તિ ખર્ચાય છે. પ્રત્યેક વિચાર શક્તિનો ક્ષય કરે છે. તમે જ્યારે સાવ એકલા હો છો ત્યારે પણ મનમાં ને મનમાં વિચારો કરી કરીને તમારી ઘણી શક્તિ ખર્ચી નાખો છો. નિરર્થક બડબડ અને અર્થહીન વિચારો, જે તમારી અમૂલ્ય શક્તિનો ક્ષય કરે છે, તેનાથી તમારા મનને મુક્ત રાખો.

*સાભાર : "પરિત્રાણ", પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

# કચ્છની અસ્મિતાના અદ્‌ભુત સ્થાપત્યો અને હુન્નરકલા

• પ્રા. ડૉ. રામજીભાઇ સાવલિયા •



**પ્રા. ડૉ. રામજીભાઈ ઠાકરશીભાઈ સાવલિયા**નો જન્મ અમરેલી જિલ્લાના કાથરોટા ગામે ૧૯૫૯માં થયો.

તેઓએ ભારતીય સંસ્કૃતિ વિષય એમ.એ. પીએચ.ડી. ઉપરાંત સંસ્કૃત સાહિત્ય અને ઈતિહાસમાં શાસ્ત્રીની પદવી પ્રાપ્ત કરી.

તેઓએ મૂર્તિવિદ્યાનો ઉપર અનેક પુસ્તકો લખ્યાં છે. તેઓને અનેક માન-સન્માન પ્રાપ્ત થયાં છે.

હાલમાં તેઓ કાર્યકારી નિયામક તરીકે ભો.જે. વિદ્યાભવનમાં કાર્યરત છે. તેઓ પુરાતત્ત્વ વિષય ઉપર અનેક સામયિકોમાં લેખો પ્રગટ કરે છે.

ખમીરવંતો, ખડતલ, સામર્થ્ય અને સમૃદ્ધિ, વિદ્યા, હુન્નર અને રસિકતાનો પ્રદેશ એટલે કચ્છ. આ ભાગ્યશાળી ભૂમિએ વીરતા, ગર્જના, વ્યવસ્થાશક્તિ, નૈતિક શાસનો, ઔદાર્ય અને મુત્સદ્દીગીરીનાં એણે દર્શન કર્યા છે. નૃત્ય, ગીત, રસ, વ્રત-ઉત્સવના ઉલ્લાસથી એની દિશાઓ ગાજતી રહે છે. અદ્‌ભુત સ્થાપત્યોએ અને હુન્નરકલાએ કચ્છની કીર્તિને સૌંદર્યના સત્ત્વ સમાન બનાવી દીધી છે. ધાર્મિક સંસ્કારો, ધર્મની કૃતિઓ, ઊર્મિકથનો રાષ્ટ્રીય કવિઓની કાવ્ય સમૃદ્ધિએ કચ્છને ગૌરવ અપાવ્યું છે. આ બધામાં આ ધરતીના સંતો અને દેવ સ્થાનકો તથા કલા-સૌંદર્ય સ્થાપત્યો અને હુન્નર કલાએ તેને અસ્મિતા આપી છે.

આ બધું નજર સમક્ષ હોવા છતાં અલ્પ શ્રદ્ધામાં આનંદ માનતા કેટલાક 'પ્રાંતિક અસ્મિતા'ની અવગણના કરે છે. આમ માનનારા આપણો-કચ્છનો ઈતિહાસ, આપણા સંયોગો અને આપણી પરિસ્થિતિએ પેદા કરેલાં કેટલાંક સત્યો વીસરી જાય છે. સૈકાઓથી પ્રાંતિક સમાજ, સાહિત્ય, સંસ્કારો, કલાઓ, પરંપરાઓ ચાલ્યાં આવ્યા છે. કચ્છની સંસ્કૃતિએ લાક્ષણિક સ્વરૂપ લઈ પોતાની આગવી અસ્મિતા પ્રગટાવી છે. પ્રાંતિક અસ્મિતા મજબૂત થતાં રાષ્ટ્રીયતાનો વિકાસ અટકતો નથી. ઊલટું એમ કહી શકાય કે જેમ જેમ પ્રાંતિક અસ્મિતા વધશે તેમ તેમ રાષ્ટ્રીયતાનો વિકાસ થશે અને તેની ખુશ્બૂ ચોમેર ફેલાશે.

આ સંદર્ભમાં કચ્છની પોતાની એક અલગ અસ્મિતા છે. જેમાં તેના કલા-સૌંદર્યના સ્થાપત્યો અને હુન્નર કલાઓ રાષ્ટ્ર અને વિશ્વ સ્તરે પોતાની ઓળખ જાળવી રહ્યાં છે.

કચ્છની ભાતીગળ સાંસ્કૃતિક અસ્મિતાનું ઘડતર તેની ભૌગોલિક રચનાને આધારે થયું છે. આમ છતાં વિશ્વની અસ્મિતાના કેન્દ્ર સમા આ પ્રદેશમાં યુગાંતરોથી દેશવિદેશની પ્રજાઓ, પોતાની કલા, સંસ્કૃતિ અને વેપાર સાથે જોડાયેલી રહી છે. જેને લીધે કચ્છના કલા-સ્થાપત્યમાં, હુન્નર કલામાં વિવિધતા અને વિશિષ્ટતા સાથે એકતા, સમતા અને સમન્વય જળવાયેલા નજરે પડે છે. જેના પુરાવારૂપ વિવિધ પ્રાચીન વસાહતો, સંસ્કૃતિ કેન્દ્રો, ધર્મ-સંપ્રદાયના મંદિરો અને દેવસ્થાનકો આ પ્રદેશમાં વિકસેલા અને વિસ્તરેલા જોવા મળે છે.

પ્રાચીનકાળથી અનેક જાતિ-જ્ઞાતિ, રાજવંશો રાજસત્તાઓ પોતપોતાના રીતરિવાજ, કલા અને સ્થાપત્યની વૈવિધ્યપૂર્ણ શૈલીઓ સાથે અહીં આવ્યા, વસ્યા અને એમાંથી કચ્છની સાંસ્કૃતિક અસ્મિતાનું ઘડતર થતું ગયું. કચ્છમાં આવેલા આ સ્થાપત્યો એક યા બીજા કારણે ખંડન-મંડન થયાં જ કર્યા છે. તેમ છતાં આજે પણ આ કલા સ્થાપત્યના અવશેષો તેની મૂળ ઓળખ જાળવીને કચ્છની અસ્મિતાને ઉજાગર કરતાં અડીખમ ઊભા છે. જેમાં પુંઅરાના ગઢમાં આવેલા વડી મેડી સ્થાપત્યો, કોટાયનું સૂર્ય મંદિર, અંધૌના પુરાતત્ત્વીય અવશેષો, કેરાકોટા, ભુજની છતરડીઓ અને નાગરિક સ્થાપત્યો, ધીણોધરનું નાથ સંપ્રદાયનું સ્થાનક, માતાનો મઢ, કુળદેવી આશાપુરાનું સ્થાનક, કોટેશ્વરનો મંદિર સમૂહ, નારાયણ સરોવરના વૈષ્ણવ પરંપરાના સ્થાનકો, મુંદ્રા માંડવીના જૈન મંદિર, રાજમહેલ અને દરિયાઈ સંસ્કૃતિના સ્થળો, ભદ્રેશ્વરનું જૈનતીર્થ, ભૂખંડનું પ્રાચીન શિવાલય, અંજારના તીર્થસ્થાનો, કંથકોટના ખોખરાં દહેરાં, કિલ્લો, સોળ-થંભી જૈન મંદિર, સૂર્ય મંદિર, ઉપરાંત વાગડ પ્રદેશી પાળિયા સમૃદ્ધિ અને ફૂલવાવ-રંગવાવ વગેરે. આ કલા સ્થાપત્ય વિશે અનેક ઐતિહાસિક કે કુદરતી ઘટનાઓ સંકળાયેલી છે. પ્રાચીન વસાહતી સ્થાપત્યો પૈકી ધોળાવીરા, દેશલપર, સૂરકોટડા, પબુમઠ અને શિયોતની ગુફાઓથી લઈને મુસ્લિમ, બ્રિટિશકાળના સ્થાપત્યો ઉપરાંત વાવ, કૂવા, જળાશયો, મહેલો, હવેલીઓ તેની પરંપરાગત શૈલી સાથે સ્થાનિક પરંપરાના મિશ્રણવાળા સ્થાપત્યો વિશે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં થોકબંધ સાહિત્ય પણ લખાયું છે. તેથી અહીં દરેક કલા-સ્થાપત્ય અંગે વર્ણન કરી પુનરાવર્તન

*સત્તાધીશોની સત્તાનો અંત ખુરશી પરથી ઊતરતાં જ આવે છે. જ્યારે દેશ ભક્તોની સત્તા તેમના મૃત્યુ પછી પણ ચાલે છે.*

કચ્છની હુન્નરકલાની વાત કરીએ તો કચ્છ પાસે પોતાનો આગવો ઈતિહાસ છે, અનોખો કલાકસબ અને વિશિષ્ટ અસ્મિતા છે. કચ્છની આ ભાતીગળ હુન્નરકલા આજે તો પોતાના સીમાડાઓ ઓળંગીને જગતને ખૂણે ખૂણે પહોંચી છે. કચ્છની આ કલાના કસબી કલાકારો પણ રાષ્ટ્રકક્ષા અને વિશ્વકક્ષાએ સ્થાન પામ્યાં છે અને સન્માનિત થતાં રહ્યાં છે. આ દૃષ્ટિએ કચ્છની વિવિધલક્ષી હસ્તકલાઓનો પ્રમાણભૂત સ્વાધ્યાય થાય અને કચ્છ વિશે જાણવા-સમજવા ઉત્સુક સુજ્ઞજનોને તે અંગેની જાણકારી મળે તે આશયથી અહીં કચ્છની હુન્નરકલા કસબ વિશે સંક્ષિપ્ત ખ્યાલ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, જે ધ્યાનાકર્ષક બની રહેશે.

કચ્છનું લોકભરત એટલે લાલિત્ય અને સૌંદર્યથી દીપી ઊઠનારું ઉત્કૃષ્ટ કોટિનું હસ્તકલાનું રંગીન નજરાણું. આ લોકકલાનાં ઉત્તમ તત્ત્વો રજૂ કરતાં આયર, રબારી, રજપૂત, જત, મુતવા, સોઢા અને બન્નીયારો જેવી વિવિધ કોમોની આગવી શૈલી હોય છે. એમનાં વસ્ત્રાભૂષણો અને તે ધારણ કરવાની તેમની જ્ઞાતિવાર રીતભાત તેમના તળપદા લોકજીવનના સંસ્કારને આગવી રીતે, રૂપે અને રંગે મઢે છે. એમના આગવા રંગ, પદ્ધતિ અને પરંપરાગત કસબને, સમયના વહેણ સાથે ચાલી આવતી નવી મૌલિકતા અને કલાદૃષ્ટિને રોકી શકે એવી રૂઢિગત જડતા કે બંધન હોતાં નથી.

કચ્છનાં લોકભરતમાં મોચી-ભરત, બન્નીનું ભરત, મહાજન ભરત, આહિર ભરત, કણબી ભરત અને રબારી ભરત એ મુખ્ય પ્રકાર કહી શકાય. કચ્છી મોચીભરત સુરતની ગજી તેમજ માંડવી, જામનગરની અતલસ ઉપર બસરાઈ હીરના દોરાથી તેમજ ચીનાઈ રેશમથી બહુ જ નાજુક ચિત્ર જેવું ચોક્કસ થતું. આ બારીક ભરતકામ નાની સોય અને નાની આરીથી કરવામાં આવે છે.

કચ્છના આ લોકભરતના કેટલાક નમૂનાઓ સાંકળી, આંટીઆળા લપેટા, ટાંકા તથા આભલા સાથેના કે આભલા વગરના ભરતની વિશિષ્ટતાને લઈને જગપ્રસિદ્ધ બનેલા છે. એકસરખી ભરણી, ભરતકામની સફાઈ અને આકૃતિઓની બારીકાઈનો હુન્નર ટોપીથી તોરણ સુધી, ઝૂલ, ઘાઘરા, કાપડાં, પાલવપટી, ચાકળા, ચંદરવા તેમજ રોજિંદા વપરાશનાં ઘણી જાતનાં વસ્ત્રો ઉપર કરવામાં આવે છે. લોકજીવનની પ્રતિકૃતિ સમા કસુંબલ, રાતા, કાળા, લીલા, ભૂરા, કેસરી, જાંબલી કે નારંગી સફેદ રંગના દોરાનો વિશેષ ઉપયોગ થયેલો જોઈ શકાય છે. પ્રકૃતિના વિશાળ પટે, આનંદ-કિલ્લોલ કરતા મોર, પોપટ તથા નીલ-પાંદડીઓ વચ્ચે ખીલું ખીલું કરતા કમળ ફૂલનાં ચક્કર પણ આકૃતિઓ રૂપે આ ભરતકલામાં ગૂંથેલાં નજરે પડે છે.

કચ્છના બન્ની પ્રાંતમાં વસતાં જત, રાયસીપોત્રા, હાલે પોત્રા, મતવા, હીંગોરજા અને સુમરા જુણેજા વગેરે માલધારી નારીના કરકસબ, ભરતકામ અને કટાવ કામમાં ઝીણી વિગતો અને રંગની ઉઠાવદાર મેળવણી એ એની વિશેષતા છે. આ ભરતકામ ઉપર બલુચી અને સિંધી અસર વરતાય છે. ખાવડાના હિંદુ લુવાણાનું ભરતકામ આ પંથકની કચ્છી ઢબનું છે. જત, મતવાનું બન્નીનું ભરત તેના પહેરવાના આખા કજરીમાં શ્રેષ્ઠ પ્રકારનું હોય છે. એ ભરત સાંકળી અને ગાજના ટાંકાથી ઝીણી ટપકી અને બુટ્ટાદાર ભાતવાળું છે. જેમાં ઝીણાં આભલાં ટાંકેલાં હોય છે. કોઠા ઉપર આગળના ભાગે મોટા બુટ્ટા કે પદકમાં હીર દોરાથી ઊંચા પ્રકારનું ભરત ભરાય છે. રેશમી કે સુતરાઉ કાપડ પર લાલ, લીલા, વાદળી, સોનેરી, સફેદ અને કાળા રેશમી દોરાને જોઈતાં પ્રમાણમાં એ રંગ ઊઠી નીકળે એ રીતે ભરાય છે. જતના બાળકના પહેરણની આગળની ચાળમાં સુંદર ભરેલા બુટ્ટા કે ચોખૂણ પદક ધ્યાન ખેંચે છે. હાંસડીને આગળના ભાગે બુટ્ટી ભરીને શોભાવે છે. બન્નીની મુસ્લિમ સ્ત્રીઓ એના ભરતમાં જીવંત પશુ-પક્ષીઓની આકૃતિ ભરતી નથી. પોતની કોર ઉપર ગાજના ટાંકાને સાંકળી ટાંકાથી અંદર જોઈતાં નાના આભલાં મૂકે છે. ચોરસ રાચમાં વચ્ચે અષ્ટકોણ તાસક જેવો મોટો બુટ્ટો ભરી, અંદર નાની બુટ્ટી, ટપકી અને નાનાં આભલાંના ભરતકામને ગરવું રૂપ આપે છે.

હસ્તકલાની આવી લોકભોગ્યતા આપણને કચ્છને ગામડે ગામડે જોવા મળે છે. આ ગામડાઓમાં લોકજીવનનાં રોજ-બ-રોજના ગૃહશણગાર અને ગૃહવપરાશના રાચરચીલામાં અને વસ્ત્ર-આભૂષણોની બનાવટમાં વિશિષ્ટ કલાકારીગરી દૃષ્ટિગોચર થાય છે. કચ્છના છેવાડાના પ્રદેશમાં પશુધનના ઉછેર સિવાય બીજો કોઈ વ્યવસાય વિકસી શક્યો ન હોવાથી પશુધનના ઉછેરની સાથે ધાંધલ વગરના શાંત જીવનમાં તેમણે કલાકસબના આગવા રંગ ખીલવ્યા છે. એ આરામી જીવને, પોતીકી મોજના માનવીય સ્વભાવને ગમતા રૂડા રૂપેરા ભભકદાર રંગ, અવનવી ભાત અને કોઠાસૂઝના કસબથી ઉમદા અને બેનમૂન ભરતકામની કલા વિકસાવી છે.

ટાળ્યું છે. ટૂંકમાં કચ્છમાં આવેલા સ્થાપત્યો વિવિધ કાળમાં જુદા-જુદા હેતુસર અને ભાવના સાથે જોડાયેલા છે. જેને લઈને તેમાં વૈવિધ્યપૂર્ણ રચના, પ્રકાર અને લાક્ષણિકતાઓ તેની અસ્મિતાને જાળવી રહ્યા છે.

આમ કચ્છની સંસ્કૃતિ અને ઈતિહાસના બંધારણ સમજવા માટે પુરાતત્ત્વીય વૃત્તાંતો બહુ જ મહત્ત્વનાં છે. આ વૃત્તાંતો બતાવે છે કે જે સાંસ્કૃતિક વિવિધતા આપણે કચ્છમાં નિહાળીએ છીએ એના મૂળ બહુ ઊંડા જાય છે. હજારો વર્ષથી આ વિવિધતા અહીં પ્રચલિત છે અને એમાં સમયે-સમયે ઉમેરો થતો જ રહ્યો છે. ઐતિહાસિક કાળની ઇમારતો સ્થાપત્ય કલાની દૃષ્ટિએ નોંધનીય છે. જેમાં ધાર્મિક સ્થાપત્યોની વિવિધતા તેના લક્ષણો અને શૈલીને લઈને અલગ તરી આવે છે. ઈ.પૂર્વેથી ઈ.સ. ૧૯૦૦ સુધીના ઈતિહાસમાં કચ્છમાં અનેક ધાર્મિક નાગરિક સ્થાપત્યો નિર્માણ પામ્યાં. જેમાં હિંદુ, જૈન, બૌદ્ધ, મુસ્લિમ સ્થાપત્યોનો સમાવેશ થાય છે. સાથે સરોવરો, તળાવો, કૂંડો, વાવ, કિલ્લા, મંદિરો-દેવસ્થાનો, મસ્જિદો, દરગાહો વગેરે જે તે સમયની જાહોજલાલી અને કલા રસિકતાના પ્રતીક સમા છે.

કચ્છના રાજવીઓના મહાલયો, દરબારગઢો કંઈ કેટલીય ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતને જાળવી રહ્યાં છે. જેનું સ્વતંત્ર સંશોધન કરવામાં આવે તો કચ્છની અસ્મિતાના ધરબાયેલા કેટલાય મેઘધનુષી રંગો ખીલી ઊઠે તેમ છે.

આમ કચ્છની અસ્મિતાને જાળવતા કલા-સ્થાપત્યો અને હુન્નરકલાના વૈભવ-વારસાની સાંસ્કૃતિક ધરોહર માટે દિશાસૂચક સ્તંભો ઊભા કરીને તેના પર ઑપ ચડાવી તેને ઝળહળતાં કરવા આપણે સામૂહિક જહેમત ઉઠાવવી જ રહી અને તો જ આપણે આપણી ગઈકાલની અને આજની કચ્છની અસ્મિતાને જાળવી શકીશું-ટકાવી શકીશું.

*"વિચાર" એ-૪, યજ્ઞપુરુષનગર*
*કર્મચારીનગર સામે, રત્નાપાર્ક,*
*ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧*
*મો. ૯૮૨૫૧ ૧૪૪૧૭*

*મિત્રની ખુશીમાં ખુશ થાય એ જ સાચો મિત્ર કહેવાય.*

# કચ્છનું ધોળાવીરા
# વર્લ્ડ હેરીટેજ સાઇટનો ઉત્કૃષ્ટ નમૂનો

• ચૌલા કુરુવા •

કચ્છમાં ભુજથી લગભગ ૨૫૦ કિ.મી. દૂર આવેલ ધોળાવીરા પાંચ હજાર વર્ષ જૂનું મોહેંજો દડો અને હડપ્પાની સંસ્કૃતિના શહેર તરીકે પ્રસિદ્ધ છે. વિશ્વની સૌથી પ્રાચીન નગર રચનાનું સ્થાપત્ય ગણી શકાય તેવા આ ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવાની માંગણી ઉપર હજુ સુધી કોઇ નિર્ણય લેવાયો નથી. પરંતુ ૨૦૧૦ના છેલ્લા રિવાઇઝ થયેલા ટેન્ટેટીવ લિસ્ટમાં ધોળાવીરાનો ફરીથી સમાવેશ કરવામાં આવેલ છે.

ધોળાવીરાનું ઉત્ખનન અને શોધ ૧૯૮૯માં કરવામાં આવ્યું છે. ભારત સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા કચ્છના આ વિસ્તારમાં વિશાળપાયે ખોદકામ કરીને આશરે પાંચ હજાર વર્ષ જૂની મોહેંજો દડો અને હડપ્પાની પ્રાચીન સંસ્કૃતિના પ્રતીક એવા ધોળાવીરા નગરના અવશેષો શોધી કાઢવામાં આવ્યા હતા. તેના દસ વર્ષ પછી લગભગ ૧૯૯૮માં તા. ૩-૦૭-૧૯૯૮ના રોજ ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે જાહેર કરવાની દરખાસ્ત સર્વપ્રથમ વાર યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિ સમક્ષ ભારત સરકાર તરફથી કરવામાં આવી. અને વારંવાર તેને રિવાઇઝ લિસ્ટ તરીકે મૂકવામાં આવેલી છે. છેલ્લે ડિસેમ્બર-૨૦૧૦ના છેલ્લા લિસ્ટમાં પણ તેનો સમાવેશ કરાયેલ છે. પરંતુ કોઇ કારણસર ધોળાવીરાને હજુ સુધી વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન વર્લ્ડ હેરિટેજ કમિટી દ્વારા આપવામાં આવ્યું નથી. જે દુઃખદ છે.

વિશ્વના ૯૧૧ જેટલા સ્થાનોની પસંદગી વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે યુનેસ્કોએ કરી છે. વિશ્વના અદ્‌ભુત પ્રાચીન સ્થાપત્યો – જો સાંસ્કૃતિક અને પ્રાકૃતિક બંને દૃષ્ટિએ પ્રાચીનતા અને વિશેષતા ધરાવતા હોય તો તેમનો સમાવેશ વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે યુનેસ્કો દ્વારા થાય છે. વર્લ્ડ હેરિટેજ તરીકે સમાવેશ પામેલ સ્થાનનું મૂલ્ય અનેકઘણું વધી જાય છે. તેની જાળવણી માટે અને સંરક્ષણ માટે યુનેસ્કો દ્વારા ખાસ ફંડ ઊભું કરવામાં આવ્યું છે. તે ઉપરાંત પણ વિશેષ મહત્ત્વ પ્રવાસીઓ દ્વારા આવા સ્થળોને આપવામાં આવે છે. વર્લ્ડ હેરિટેજ સાઇટો વિશ્વભરના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર હંમેશાં બન્યા છે. એટલે કે, યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો મળતાં જ આ સ્થાનનો સમાવેશ આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળોમાં આપમેળે આવી જાય છે. વિશ્વના અમૂલ્ય વારસા જેવા પ્રાચીન શિલ્પ સ્થાપત્યો જેઓ કુદરતી રીતે જ તેમજ માનવ સર્જિત રીતે અદ્‌ભુત અને સુંદર હોય તેમજ અમૂલ્ય હોય તેવાઓને શોધીને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો આપવામાં આવતો હોય છે. ભારતમાં અનેક સુંદર અદ્‌ભુત સ્થાપત્યો હોવા છતાં વિશ્વના વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માત્ર ૨૮ સ્થાનો આજ સુધી પસંદગી પામ્યા છે જ્યારે ઇટાલી, ફ્રાન્સ, જર્મની, મેક્સિકો જેવા નાના રાષ્ટ્રોના ૩૦થી વધુ સ્થાનોને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ મળ્યો છે. સ્પેનમાં ૪૩ જેટલાં અને ઇટાલીમાં ૪૫ જેટલાં સ્થાનો વર્લ્ડ હેરિટેજ સાઇટ ગણાય છે. બીજી તરફ ભારત પાસે માત્ર ૨૮ સ્થળોને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે યુનેસ્કોએ માન્યતા આપી છે અને ૩૦થી વધુ બીજા સ્થાનો ટેન્ટેટીવ લિસ્ટમાં યુનેસ્કો સમક્ષ પેન્ડિંગ મૂકવામાં આવ્યા છે.

ભારતના આ ૨૮ સ્થાનોમાં ગુજરાતનું માત્ર એક જ સ્થાન પાવાગઢ પાસેનું ચાંપાનેર આજ સુધી વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે ગણાયું છે. આ ચાંપાનેર એટલે કે હિંદુઓ અને મુસ્લિમ સ્થાપત્યોનું સુભગ સંગમ અને ગુજરાતની પ્રાચીન રાજધાની ચાંપાનેરને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન અપાવવાનો પ્રયત્ન એક ખાનગી ટ્રસ્ટ અને વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો છે. ત્યાર પછી ગુજરાતમાંથી ૧૯૯૮માં કચ્છનું ધોળાવીરા અને પાટણની રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવવા ભારત સરકારના



**ચૌલાબહેન કુરુવા**નો જન્મ કચ્છ ભુજમાં થયો. તેઓ મૂળ કચ્છ માંડવીના ગોધરા ગામના વતની છે.

તેઓએ એમ.એ., એલએલ.બી.ની ઉપાધિ મેળવી અને ગુજરાત સરકારના ટૂરિઝમ વિભાગમાં ૩૦ વર્ષથી વધુ સેવાઓ આપી છે. તેઓએ ભારતના અનેક શહેરો અને પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી છે તેમજ વિદેશ પ્રવાસ પણ ખેડેલ છે.

તેઓનો મુખ્ય શોખ પ્રવાસ, લેખનકાર્ય અને ફોટોગ્રાફી છે.

તેમની "ગરવી ગુજરાત પ્રવાસ પથ દર્શિકા" અને "જ્ઞાતિના વાડા ક્યાં સુધી" નામના પુસ્તકો પ્રસિદ્ધ થયેલા છે. તેઓએ કચ્છી સમાજના મુખપત્ર "કચ્છશ્રુતિ"ના તંત્રીપદનું ૧૦ વર્ષ સુધી સંચાલન કર્યું છે.

તેઓની સંસ્થા "પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન" ૧૯૯૬માં શરૂ કરી, જે રજિસ્ટર્ડ સંસ્થા છે. તેનું મખ્ય કાર્ય ગરીબોને શિક્ષણમાં, અનાજમાં તેમજ તબીબી ક્ષેત્રે સહાય કરવાનો છે.

તેઓ 'શાકાહારી બનો' એ વિષય પર પણ પ્રચાર - પ્રસાર કરે છે.

*જે આપણી પાસે કંઇ પણ ચાહે છે, તે આપણો ગુરુ કેવી રીતે થઈ શકે છે?*

પુરાતત્ત્વ વિભાગે પ્રયત્ન કર્યા હતા, જે આજ સુધી સફળ થયા નથી. જ્યારે ૨૦૧૦ના લિસ્ટમાં પણ ભારતના આ સ્થળોને દરખાસ્ત તરીકે કમિટી સમક્ષ મૂકવામાં આવ્યા હતા. કચ્છનું જંગલી ગધેડાઓના અભ્યારણ્યને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં મૂકવાની દરખાસ્ત ૨૦૦૬માં એક ખાનગી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે જે પણ આજ સુધી પેન્ડિંગ છે.

છેલ્લા થોડા સમયથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદની પોળોનો વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ કરવામાં આવે તે પ્રકારની પ્રચાર અને જાગૃતિની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેમાં અનેક સંસ્થાઓ અને મીડિયા પણ કાર્યશીલ છે. આમ ગુજરાતના ચારેક સ્થાનોને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન અપાવવાના પ્રયત્નો થઇ રહ્યા છે. જેમાં ધોળાવીરા, રાણકીવાવ અને કચ્છના જંગલી ગધેડાઓના અભ્યારણ્યની દરખાસ્તો યુનેસ્કો સમક્ષ પેન્ડિંગ છે. હાલમાં યુનેસ્કો સમક્ષ ૨૦૧૦ સુધી ભારતના બીજા ૩૦ સ્થાનોને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો મળે તે માટે દરખાસ્તો કરવામાં આવી છે. જેમનો સમાવેશ ટેન્ટેટીવ લિસ્ટમાં છે. આમાં ગત વર્ષે જયપુરના જંતર મંતરને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે યુનેસ્કોની હેરિટેજ કમિટીએ દરજ્જો આપ્યો છે પરંતુ ધોળાવીરાનો કેસ ફરીથી પેન્ડિંગ રહી ગયો છે.

ખરેખર જોઇએ તો પાંચ હજાર વર્ષ જૂની આ ધોળાવીરાની હડપ્પાની પ્રાચીન સાઇટ વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે ૧૯૯૮માં જ જ્યારે પહેલીવાર દરખાસ્ત મૂકાઇ ત્યારે જ પસાર થઇ જવી જોઇતી હતી. વિશ્વના હાલના અદ્ભુત સ્થાપત્યો અને વર્લ્ડ હેરિટેજ સાઇટોને જોતાં સરખામણીએ ધોળાવીરાનું મહત્ત્વ અનેકગણું વધારે છે. એને શા માટે હજુ સુધી બાકાત રાખવામાં આવ્યું છે તે સમજી શકાય તેમ નથી. ભારતના પુરાતત્ત્વ ખાતા દ્વારા ચાલી રહેલા આ પ્રયત્નમાં ગુજરાત સરકાર પણ સાથ આપી રહી છે. જેથી ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો આપી શકાય. પાવાગઢ અને ચાંપાનેર કરતાં પણ ધોળાવીરાની સાઇટ વધુ પ્રાચીન છે. એ જુદી બાબત છે કે એનું સંશોધન અને ઉત્ખનન ૧૯૮૯માં થયું હતું.

ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સ્થાન અપાવવા હવે એક રીતસર ઝુંબેશ અને પ્રચાર અભિયાન તેમજ મજબૂત લોબિંગ કરવાની જરૂર છે. ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે મૂકવામાં વધુ વિલંબ થઇ ચૂક્યો છે.

ચાંપાનેર અને વિશ્વના અનેક આવી વર્લ્ડ હેરિટેજની સરખામણીએ ધોળાવીરા પાસે ઘણું વધારે છે જે પ્રકૃતિ અને સંસ્કૃતિની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. માનવ ઇતિહાસનો અને નગર રચનાનો આ કદાચ સૌથી વિશેષ પ્રાચીન નમૂનો છે. અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે સ્થાન મળે તેવી શક્યતાઓ જૂજ છે. પરંતુ થોડાક વધુ પ્રયત્નો કરવામાં આવે તો ધોળાવીરાને ૨૦૧૧ સુધીમાં વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા મળી શકે તેમ છે. આ માટે ભારત સરકારના પ્રયાસો પૂરતા નથી. લોક ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વની જનતાનો અવાજ અને સહકાર બુલંદ કરવામાં આવે તે પણ જરૂરી છે. યુ.કે. અને અમેરિકામાં સ્થાયી થયેલા ભારતીયો, ઇતિહાસવિદો અને સ્થાપત્યના નિષ્ણાતો તેમજ મીડિયા જગત દ્વારા ધોળાવીરાનો કેસ મજબૂત કરવાની જરૂર છે.

ધોળાવીરા એ સ્થાપત્ય કલાનો અદ્ભુત નમૂનો છે. તેમજ પ્રાચીન સમયની અદ્ભુત નગર રચના દર્શાવે છે. પાણીના સંગ્રહની સુંદર વ્યવસ્થાના નમૂનાઓ પણ નગર રચનાના શરૂઆતથી આધુનિક સમયના ૭ સ્ટેજ જોવા મળે છે અને હજુ આનું ઉત્ખનન કાર્ય ચાલુ જ છે. તે સમયના ભારતીય પુરાતત્ત્વ વિભાગના વડા શ્રી બિસ્ટ જેમણે ધોળાવીરાના ઉત્ખનનમાં ઊંડો રસ લીધો, તેઓ આ સમય દરમિયાન દિવસો સુધી તંબૂ તાણીને સાઇટ ઉપર જ રહેતા હતા. એમના ઊંડા રસથી ધોળાવીરાના ઉત્ખનન પુરાતત્ત્વ વિભાગે બહુ જોરશોરથી કર્યું હતું અને તે સમયે એટલે કે ૧૯૮૯માં એની તમામ રીતે પ્રચાર પબ્લિસિટી કરવામાં આવી હતી. એટલું જ નહીં પણ તેને ૧૯૯૮માં પ્રથમવાર વર્લ્ડ હેરિટેજ સાઇટના ટેન્ટેટીવ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સ્થળે ઉત્તમ નગર રચના, ગટર વ્યવસ્થા, પાણીના સંગ્રહ વ્યવસ્થા, પાણીના કુંડો, સાઇન બોર્ડો વગેરેની અદ્ભુત નગર રચના ઉત્ખનન દરમિયાન દેખાય છે કે હડપ્પા સમયનું આ એક ઉત્તમ નગર રચના ધરાવતું નગર હશે. જેમાં પાણીના સંગ્રહની અદ્ભુત વ્યવસ્થા ગટર અને પાણીના સંગ્રહનાં સરોવરોની વ્યવસ્થા હશે. એટલે કે તે સમયના લોકો આવું સુંદર નગર બાંધી શકે છે તે જ તેમની અદ્ભુત કુશળતા અને દીર્ઘદૃષ્ટિ અને ઉત્તમ રહેણી-કહેણીની સંસ્કૃતિ દર્શાવે છે.

૫૦૦૦ વર્ષ જૂના હડપ્પાના આ નગર ધોળાવીરા પાસે વિશ્વના થિયેટર ઇતિહાસને ફરીથી લખી શકાય તેવું મટિરિયલ પણ છે. ગ્રીક અને રોમન થિયેટરો વિશ્વના ૨૫૦૦ થી ૩૦૦૦ વર્ષ જૂના થિયેટરો છે તેમ માનવામાં આવે છે. પરંતુ ધોળાવીરા પાસે મળેલા વિશાળ મેદાન રૂપી થિયેટરો પાંચ હજાર વર્ષથી પણ વધુ જૂના છે. પુરાતત્ત્વવિદ શ્રી બિસ્ટ જણાવે છે કે, ધોળાવીરામાં અમને ઉત્ખનન દરમિયાન બહુહેતુક મેદાન મળી આવ્યું છે જે નગરની ઉપર અને મધ્યમાં જણાય છે. આનો ઉપયોગ રમત ગમતો, કુસ્તી, બળદગાડા રમત વગેરે માટે થયો હોય તેમ જણાય છે. આ વિશાળ મેદાન ૨૮૩ મી. x ૪૧૧ મી. જણાય છે. શહેરનો મધ્યભાગ કે ઉપરનો ભાગ આ મેદાનની આસપાસ ઑપન એર થિયેટરમાં હોય તેવાં પગથિયાં પણ મળી આવ્યાં છે. એટલે કે આ રંગભૂમિ તરીકે અથવા સ્ટેડિયમ તરીકે વપરાતું હોય તેમ જણાય છે. બળદગાડાંઓ એક પછી એક અહીં આવતા હોય તેવા પથ્થરના નમૂનાઓ છે તેમજ સ્ટેડિયમની એક છેડે ગ્રીન રૂમ કહી શકાય તેવું નાનું સ્ટેડિયમ છે. જેનો ઉપયોગ ખાસ શો માટે થતો હોય તેમ પણ જણાય છે. બિસ્ટે વધુમાં જણાવ્યું કે મેદાનના ૨ મી. x ૨ મી. ભાગને ખોદતાં વિશાળ સંખ્યામાં ઘરેણાંના મોતી વેરાયેલા પડ્યા હોય તેમ જણાય છે. જે સમગ્ર વિસ્તારમાં પથરાયેલા છે. નૃત્ય કરતાં કે અન્ય રીતે ડાન્સરો કે બળદો કે પ્રાણીઓના ગળામાંથી અહીંયાં પડ્યા હોવા જોઇએ. અહીંયાં એક પછી એક હરોળમાં ખાડા પડ્યા હોય તેવું મેદાનમાં જણાય છે જેથી વિવિધ પ્રદર્શનો અને સ્ટોલો લગાવવા અને પ્રદર્શનો માટે ઉપયોગ થયો હોય તેમ જણાય છે. આમ ધોળાવીરા અદ્ભુત નગર રચના, વિશ્વનું વિશાળ પ્રાચીન થિયેટર, પાણીના સંગ્રહની અદ્ભુત વ્યવસ્થા ધરાવતી નગરી છે. જે, તે સમયની સુંદર અને અદ્ભુત નગર રચના અને માનવ સંસ્કૃતિનું દર્શન કરાવે છે.

આમ બધી રીતે જોતાં ધોળાવીરાનો કેસ ઘણો મજબૂત છે, અને તેને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે લાંબા સમયથી પેન્ડિંગ હોવાથી

*સાચી સલાહ માનવી એટલે આપણી યોગ્યતા વધારવી.*

જલદીથી સ્થાન મળે તેવું એક જલદ અભિયાન અને પ્રચાર ઝુંબેશ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મીડિયા દ્વારા, સંસ્થાઓ દ્વારા, એન.જી.ઓ. દ્વારા, નિષ્ણાતો દ્વારા તેમજ સરકાર દ્વારા હાથ ધરવામાં આવે તે ખૂબ જરૂરી છે. ધોળાવીરાનું ફંડ તો ભારત સરકાર, ગુજરાત સરકાર કે કચ્છના દાનવીરો આપી શકે તેમ છે. એટલે ફંડ કરતાં પણ વધારે મહત્ત્વ અને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે મળે તે જરૂરી છે. આ દરજ્જાનો સવાલ છે, પ્રતિષ્ઠાનો સવાલ છે. માત્ર યુનેસ્કોના નાણાંનો નહિ. એટલું જ નહીં ધોળાવીરા પાસે એટલું બધું છે કે વિશ્વના હાલના સંખ્યાબંધ વર્લ્ડ હેરિટેજ સાઈટો કરતાં વિશેષ છે. એનું ઉત્ખનન અને શોધ ૧૯૮૯માં થઇ હોવાથી કદાચ તે પાછળ રહી ગયું છે. પરંતુ જો સહિયારો પ્રયત્ન થાય તો આગામી વર્ષ સુધી ધોળાવીરાને આપણે વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો અપાવવામાં સફળ થઈશું. આ અંગે રસ ધરાવનારને સંપર્ક કરવા વિનંતી છે.

*એમ-૩/૧૫, પ્રગતિનગર,*
*નારણપુરા, અમદાવાદ.*
*મો. ૯૨૨૭૭ ૨૩૯૧૮, ૯૩૨૭૦ ૭૫૪૮૮*
*E-mail : chaulakuruwa@gmail.com*

## પાંચ હજાર વર્ષ પુરાણી હડપ્પન સંસ્કૃતિના અવશેષરૂપ ધોળાવીરા શા માટે અડીખમ છે?

પ્રચંડ ભૂકંપમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાત ખળભળી ઊઠ્યું. ભુજ, અંજાર, રાપર, ભચાઉ ધરાશાયી થયા. ગુજરાતના અનેક વિસ્તારોમાં મોટી જાનહાનિ થઈ. મહાનગરોની વિશાળ ઈમારતો, નાનાં-મોટાં મકાનો પત્તાંના મહેલની જેમ તૂટી પડ્યાં તો ધોળાવીરા શા માટે અડીખમ ઊભું રહ્યું? આનું રહસ્ય શું?

કચ્છની ધરતી પર આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે હડપ્પન સંસ્કૃતિના અવશેષરૂપે શોધાયેલા ધોળાવીરાના અવશેષો ભૂકંપ પછી પણ સલામત ઊભા છે, તેના રહસ્યોને ઉકેલવાના પ્રયાસ દેશ વિદેશના નિષ્ણાતો કરી રહ્યા છે. ત્યારે મુંબઈના કન્ઝર્વેશન આર્કિટેક્ટ ડેવિડ કાર્ડોસે જણાવ્યું કે કોઈ પણ ઈમારત કે સ્ટ્રક્ચર ભૂકંપ સામે ઝીંક ઝીલીને પણ સાબૂત ઊભું રહી શકે એ માટે બે મહત્ત્વની બાબતો કારણભૂત છે. કોઈ પણ ઈમારત કે સ્ટ્રક્ચરના જોઈન્ટ્સ (સાંધા) ફલેકસિબલ (સ્થિતિસ્થાપક) હોય અથવા રિજિડ (સખત) હોય. આ બે કારણોમાંય જોઈન્ટ્સ ફ્લેક્સિબલ હોય એ કારણ વધુ મહત્ત્વનું છે. એટલે કે કોઈ પણ ઈમારતના સાંધા સ્થિતિસ્થાપક હોય તો તે ભૂકંપ સામે ઝીંક ઝીલીને પાછું તેની મૂળ સ્થિતિમાં આવી, ટકી શકે છે. ધોળાવીરાના સ્થાપત્યોના સાંધા સ્થિતિસ્થાપક હોવાની શક્યતા વધુ છે.

આ ઉપરાંત ધોળાવીરાના બાંધકામમાં જે પથ્થરની ઈંટો વાપરવામાં આવી છે તેની સ્ટાન્ડર્ડ સાઈઝ છે. આટલું જ નહીં ધોળાવીરાની મોટાભાગની દીવાલોને આજુબાજુથી બે ત્રાંસા ટેકારૂપ સ્ટ્રક્ચર ઊભા કરાયા છે, જેને કારણે દીવાલો તૂટી પડતી નથી. આ ઉપરાંત આખું ધોળાવીરા નગર એક વિરાટ પ્લીન્થ પર ઊભું કરાયું છે તથા દરેક ઈમારતોની કોલમ 'સ્ટોન બેઝ' છે. આથી તે ભૂકંપના આંચકા સામે ઝીંક ઝીલી શકે છે. ધોળાવીરાના મોટાભાગના બાંધકામમાં લાઈમ મોર્ટારનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કરાયો છે. દરેક નગર વચ્ચે વિશાળ ખાલી જગ્યા રાખવામાં આવી છે. આ અને આવાં બીજાં અનેક કારણો છે, જેને કારણે ધોળાવીરા આજે અડીખમ ઊભું છે.

# કચ્છનાં ગૃહ ઉદ્યોગો
# એની ગઇકાલ, આજ અને આવતીકાલ

● ચંદાબહેન શ્રોફ ●



**શ્રીમતી ચંદાબહેન શ્રોફ**નો જન્મ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૩૩ના રોજ થયો હતો. તેમણે ૧૯૪૮માં મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ પેઈન્ટિંગ, ટીચીંગ અને ટેઈલરિંગ ક્ષેત્રના ટૂંકી મુદતવાળા કેટલાંક કોર્સ કર્યા છે. તેમનાં લગ્ન ૧૯૫૭માં થયા હતા. બાટિક અને ફેબ્રિક્સ પર હેન્ડ પેઈન્ટિંગ કરવાની કામગીરીનો તેમને સારો અનુભવ છે. પેઈન્ટિંગ, ફિલ્મના સેટ તૈયાર કરવા ડીઝાઈન, જૂનાં ફર્નિચર રિનોવેટ કરવા, લગ્ન મંડપોની ડીઝાઈન કરવા વગેરે સંબંધિત અનેક પ્રકારના કામો તેઓ કરે છે.

૧૯૬૯માં, ભુજોડી ગામે તેમણે 'શ્રુજન' કંપનીનું નિર્માણ કર્યું હતું. તેમાં તેઓ વહીવટી ઉપરાંત મેનેજમેન્ટ ક્ષેત્રની કામગીરી સાથે હાથકામના કારીગરોને માલ-સામાન તૈયાર કરવા અર્થે જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સ્પર્ધા કરી શકે તેવી ચીજવસ્તુઓ તૈયાર કરવા માટે આધુનિક પ્રકારની અવનવી ડીઝાઈનો તૈયાર કરવામાં તેઓ હંમેશાં કાર્યરત રહે છે.

કચ્છ નવનિર્માણ અભિયાનના તેઓ ટ્રસ્ટી છે. હાલે 'શ્રુજન' કંપનીમાં તેઓ મેનેજિંગ ટ્રસ્ટી છે અને અંગ્રેજી, હિંદી તેમજ ગુજરાતી ભાષા પર સારું પ્રભુત્વ ધરાવે છે.

ગૃહ ઉદ્યોગોની ગઇકાલમાં ડોકિયું કરીએ તો ગૃહ ઉદ્યોગો ગામનાં લોકોની એકબીજાની જરૂરિયાત પૂરી કરવા માટે જ હતા.

એક જમાનામાં કચ્છમાં સૂડી ચપ્પુનો ઉદ્યોગ ખૂબજ જાણીતો હતો. પણ હવે સૂડીની જરૂરિયાત બહુ ઓછી થઇ ગઇ છે. અને હવે છરી ચપ્પાની હરીફાઇમાં કચ્છ બહુ પાછળ રહી ગયું છે. પણ મેટલની જે કલા છે એની ઉપર ડિઝાઇનર લોકો વિચાર કરે તો બીજી કોઇ નવી પ્રોડક્ટ બનાવી શકાય ખરી.

પોટરીનો વિચાર કરીએ તો રોજિંદી જિંદગીમાં એની જરૂરિયાત પણ ઘટી ગઇ છે. કચ્છમાં ટાઇલ્સની ફેક્ટરીઓ તો આવીજ ગઇ છે એ લોકો વિચાર કરે અને કોઇ ડિઝાઇનરોને રોકીને નવી અને ઘર વપરાશમાં ઉપયોગી થાય એવી પ્રોડક્ટ બનાવે તો એને પણ વાંધો ન આવે.

કચ્છ ઢોર ઉછેરનો પ્રદેશ છે અને જાનવરો મૃત્યુ પામે એટલે એના ચામડાંમાંથી ચંપલ વગેરે બનાવતા. હવે અહીં એ ચામડાંનો વપરાશ નથી. છતાંય ઉદ્યોગ રહી ગયો છે. બહારથી સારું ચામડું મંગાવે છે અને ચંપલથી લઇને જુદી જુદી પ્રોડક્ટ બનાવે છે.

આમ જોઇએ તો ઘણી બધી ઈન્ડસ્ટ્રીઝ આવી છતાંય કારીગર લોકોને પોતાની કારીગરીમાં હજી પણ માર્કેટ મળે તો એ કરવામાં વિશેષ રસ છે.

આવી અનેક કારીગરી લોકભોગ્ય થઇ છે. જેમ કે સોના ચાંદી, સુથારકામ, લુહારીકામ, ભરતકામ, વીવિંગ અને બ્લોકપ્રિન્ટિંગ આદિ.

આ બધા ગૃહ ઉદ્યોગના કાર્ય એક રીતે જોઇએ તો એટલા માટે સરસ છે કે એમાં ઘરના બધાજ સભ્યો સાથે મળીને જ આ પ્રવૃત્તિ કરતા હોય છે અને તે પણ ઘરમાં બેસીને જ. એટલે કુટુંબ આખું એક સાથે કામ કરતું હોવાથી કુટુંબમાં એકબીજા સાથે સંપ પણ સારો રહે છે.

છેલ્લા ૪૦-૪૫ વર્ષથી હું આ બધાં કાર્યો સાથે સંકળાયેલી છું. મેં આ પ્રવૃત્તિઓમાં આવતા ચડાવ ઉતાર જોયા છે તેમ છતાં મને વિશ્વાસ છે કે આ કારીગરી તો જીવંત રહેશે અને રહેવી જોઇએ. કારણકે એ માણસની અંદરની આવડતને વધારતી જ રહે છે.

ભરતકામ ઉપર વિચાર કરીએ તો કાપડને શણગારવામાં એ ઉપયોગમાં આવતું. એટલે બધી રીતે વિચારીને, એને દીકરીને કરિયાવરમાં આપવાનું ફરજિયાત બની ગયું. છોકરી આઠ-દસ વર્ષની થાય ત્યારથી એનું આણુ તૈયાર કરવા માટે એ ભરત ગૂંથણ શીખી લેતી. એટલે એક રીતે જોઇએ તો ત્યારના જમાનામાં સ્કૂલો ઓછી હતી એટલે ભરત જેવી કલામાં નિષ્ણાત થતી. જેને તત્કાલીન સમાજ એને શિક્ષણનો એક ભાગ ગણતી. હું દુષ્કાળને કારણે કચ્છમાં આવી ત્યારે મેં એ બહેનોનું ભરતકામ જોયું. એ ભરતકામમાં એના બુટ્ટાનાં આકારની એમની સમજ અને કલર મેચિંગ જોઇને હું આભી જ થઇ ગઇ.

મને વિચાર આવ્યો કે એમની આ આવડતોનો ઉપયોગ કરીને એમને કેવી રીતે પગભર કરવા! આ વિચારમાંથી શ્રુજન ટ્રસ્ટનો ઉદ્ભવ થયો. આ મહિલાઓ ભરતકામ ઘરે બેસીને પોતાની અનુકૂળતા પ્રમાણે કામ કરે છે, એટલે 'ભરતકામ' ગૃહઉદ્યોગ છે. છતાંય એનો સામાન વેચાય છે. મોટા શહેરના

*જીવનમાં મારું મારું કરીને મરી જવા કરતાં તારું તારું કરીને તરી જવું સારું.*

એમ્પોરિયમમાં અને દેશ પરદેશના લોકો ખુશ થઈને એને ખરીદે છે. આ છે ગૃહઉદ્યોગની આજ.

સમયાનુક્રમે ભરતકામ ક્ષેત્રે, ''કલારક્ષા'' આવી. ગામડાનાં કારીગરોને ભરતકામની ડિઝાઇનિંગ શીખવા માટેની આ સ્કૂલ શરૂ કરી છે. ''કચ્છ મહિલા વિકાસ સંગઠન'' ભરતકામ ક્ષેત્રે તાલીમ આપવાનું કામ કરે છે. સાથે સાથે બીજા ઘણા ક્ષેત્રે સ્ત્રીઓને સ્વનિર્ભર કરવા માટેના અને એને લગતા કાર્ય કરે છે.

હકીકતમાં લોકોના ખમીરનો જન્મ થયો ધરતીકંપમાં. અને આ સંસ્થા હાલે ઘણા કારીગરો સાથે કામ કરી રહી છે અને ગૃહઉદ્યોગ ક્ષેત્રે, હવે ઘણા જ લોકો કામ કરતા થયા છે.

કેન્દ્ર સરકાર પણ નેશનલ ઍવૉર્ડ આપીને આ ગૃહ ઉદ્યોગના વિકાસ માટે પ્રોત્સાહન આપે છે. એનું પરિણામ, એની આ કસબીઓની કારીગરીમાં દેખાય છે. વીવિંગ અને બ્લોક પ્રિન્ટિંગમાં એમનો વિકાસ બહુજ સારો છે. પહેલાં એમને પોટલા લઇને ગામે-ગામ વેચવા જવું પડતું. એના બદલે, હવે દેશ પરદેશથી લોકો એમને શોધતાં આવે છે. એ ગૃહઉદ્યોગ આજે ઘણી દિશામાં આગળ વધી રહ્યો છે. ઘણી સંસ્થાઓ અને વેપારીઓ પણ આ હસ્તકલા ઉદ્યોગને લગતા, ઘણા કામ કરી રહી છે. આ બધું જોતાં એમ લાગે છે કે આવતીકાલ ગૃહઉદ્યોગ માટે વિક્સીત અને ઉજ્જવળ દેખાય છે.

આ આવતીકાલનો વિચાર કરીને શ્રૃજન પણ એક મોટું પગલું ભરી રહી છે.

કચ્છના ભરતકામનું ગઇકાલ અને આજનાં ભરતકામના ઉત્કૃષ્ટ નમૂનાઓનું એક મ્યુઝિયમ બનાવી રહી છે. એનું નામ ''લીવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર'' રાખ્યું છે. મ્યુઝિયમમાંથી પ્રેરણા લઇને નવી પેઢી પણ નવું નવું બનાવશે. સાથે-સાથે, એ એક એવું રીસોર્સ સેન્ટર હશે કે જ્યાં દુનિયાભરનાં ડિઝાઇનરો આવી આપણા કારીગરો સાથે વિચારો, અનુભવો આદિની અરસપરસ આપલે કરીને કાંઇક નવું નવું બનાવતા થશે. જેથી આ કલા સ્થગિત ન થઇ જાય.

સાથે-સાથે જુદા-જુદા ક્રાફ્ટ માટે પણ કામ ચાલશે અને ક્રાફ્ટની સ્કૂલ બનશે. આવી ગણતરીથી શ્રૃજનનું બે વર્ષમાં, ''લીવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર'' બનશે.

અને મ્યુઝિયમમાં જે બધું ડિસ્પ્લે હશે, તે એક ડિઝાઇન લાઇબ્રેરીનું કામ કરશે. આ રીતે જોઇએ તો કચ્છની ભરતકળાનું ભવિષ્ય પણ ઉજ્જવળ છે.

૪૨ વર્ષની 'શ્રૃજન'ની મારી સફરમાં મેં કેટલાક ભય સ્થાનો પણ જોયા છે. એમાં સૌથી મહત્ત્વનું ભયસ્થાન છે એની 'ગુણવત્તા'નો હ્રાસ. ડિમાન્ડ વધે છે ત્યારે ત્યારે ક્વૉલિટી ડાઉન થાય છે અને એને કારણે એનો ચાહક વર્ગ, શોખીન ખરીદ વર્ગ, ખરીદી કરવાનું પસંદ નથી કરતો કારણકે કારીગરીની અંદર જે કલા અને ગુણવત્તા છે તે નીકળી જાય તો એની અંદરનું સત્ત્વ નથી રહેતું. એનો ખ્યાલ કારીગર વર્ગે એમના ઉત્પાદનની ગુણવત્તા જાળવવામાં ખાસ રાખવો પડશે. અને તોજ, આ ગૃહ ઉદ્યોગોનું વર્ષો સુધી ભવિષ્ય ઉજ્જવળ રહેશે.

*શ્રૃજન, જી.ઈ.બી. સબ સ્ટેશન પાછળ,*
*ભુજોડી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*

# Initiative of NGOs' in Kutch Region

● Dr. Kalpana C. Satija ●

**ડૉ. કલ્પના સતિજા,** SPIESR અમદાવાદમાં એસોસિએટ પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેમણે કચ્છ ક્ષેત્રમાં કાર્યરત સ્વયંસેવી સંસ્થાઓનો વિશદ્ અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ અંગેનો એમનો અંગ્રેજી ભાષામાં લેખ અત્રે પ્રસ્તુત છે. ડૉ. સતિજાએ, NGO's નું સાંપ્રત સમયે મહત્ત્વ, પ્રવર્તમાન વ્યાખ્યાઓ, એની કાર્યપધ્ધતિઓ, વ્યાપકતા અને ઉપયોગીતા અંગે વિસ્તારથી માહિતી આપી છે.

કચ્છમાં કાર્યરત સ્વયંસેવી સંસ્થાઓનું હાર્દ, ઉદ્દેશો, વ્યાપકતા અને કાર્યપદ્ધતિ વિશેનાં વિશ્લેષણ સાથે સંશોધનાત્મક દૃષ્ટિકોણથી એમણે કરેલાં અભ્યાસના કેટલાક તારણો આપ્યા છે, જેમકે કચ્છમાં આવી કેટલી સંસ્થાઓ છે, કયા સંદર્ભમાં એમનો ઉદ્ભવ અને વિકાસ થયો અને એમની કાર્યરીતિ કેવી અને કેટલી વ્યાપક તેમજ અસરકારક છે. આ સંદર્ભે પ્રસ્તુત લેખમાં, ડૉ. સતિજાએ બે ઉદાહરણો 'Case Studies'ની વિસ્તૃત ચર્ચા કરી છે. જેને એમના મૂળ અંગ્રેજી લેખમાં પ્રસ્તુત કર્યા છે.

**Definition of NGOs :**

A non-governmental organization (NGO) is any non-profit, voluntary citizens' group which is organized on a local, national or international level. Task-oriented and driven by people with a common interest, NGOs perform a variety of service and humanitarian functions, bring citizen concerns to Governments, advocate and monitor policies and encourage political participation through provision of information. Some are organized around specific issues, such as human rights, environment or health. They provide analysis and expertise, serve as early warning mechanisms and help monitor and implement international agreements. Their relationship with offices and agencies of the United Nations system differs depending on their goals, their venue.

The World Bank defines NGOs as "private organizations that pursue activities to relieve suffering, promote the interests of the poor, protect the environment, provide basic social services, or undertake community development" (Operational Directive 14.70). In wider usage, the term NGO can be applied to any non-profit organization which is independent from government. NGOs are typically value-based organizations which depend, in whole or in part, on charitable donations and voluntary service. Although the NGO sector has become increasingly professionalized over the last two decades, principles of altruism and voluntarism remain key defining characteristics.

## WORLD BANK CRITERIA

**Size and Influence of the NGO Sector :**

Over the past several decades, NGOs have become major players in the field of international development. Since the mid-1970s, the NGO sector in both developed and developing countries has experienced exponential growth. From 1970 to 1985 total development aid disbursed by international NGOs increased tenfold. In 1992 international NGOs channeled over $7.6 billion of aid to developing countries. It is now estimated that over 15 percent of total overseas development aid is channeled through NGOs. While statistics about global numbers of NGOs are notoriously incomplete, it is currently estimated that there is somewhere between 6,000 and 30,000 national NGOs in developing countries. CBOs across the developing world number in the hundreds of thousands.

*પરિસ્થિતિ મુજબ જાતને બદલો, મુશ્કેલીથી બચશો.*

**Categories of NGOs :**

The term NGO is very broad and encompasses many different types of organizations. In the field of development, NGOs range from large, Northern-based charities such as CARE, Oxfam and World Vision to community-based self-help groups in the South. They also include research institutes, churches, professional associations and lobby groups The World Bank tends to interact with two main categories of NGOs: i) *operational* NGOs - whose primary purpose is the design and implementation of development-related projects, and; ii) *advocacy* NGOs - whose primary purpose is to defend or promote a specific cause and who seek to influence the policies and practices of the Bank. The focus of this paper is operational collaboration, as opposed to policy dialogue with NGOs. As a result, the emphasis here will be on the first of these groups.

It should be noted, however, that these two categories are not mutually exclusive. A growing number of NGOs engage in both operational and advocacy activities, and some advocacy groups, while not directly involved in designing and implementing projects, focus on specific project-related concerns.

**Operational NGOs :**

The World Bank classifies operational NGOs into three main groups: **i) *community-based*** organizations (CBOs) - which serve a specific population in a narrow geographic area; **ii) *national*** organizations - which operate in individual developing countries, and; **iii) *international*** organizations - which are typically headquartered in developed countries and carry out operations in more than one developing country. Throughout the 1970s and 1980s, most examples of World Bank-NGO collaboration involved international NGOs. In recent years, however, this trend has been reversed. Among projects involving NGO collaboration recorded in FY94, 40% involved CBOs, 70% involved national organizations and 10% involved international organizations.

CBOs (also referred to as grassroots organizations or peoples' organizations) are distinct in nature and purpose from other NGOs. While national and international organizations are "intermediary" NGOs which are formed to serve others; CBOs are normally "membership" organizations made up of a group of individuals who have joined together to further their own interests (e.g.: women's groups, credit circles, youth -clubs, cooperatives and farmer associations). In the context of Bank-financed activities, national or international NGOs are normally contracted to deliver services, design projects or conduct research., CBOs are more likely to be the recipients of project goods and services. In projects which promote participatory development, grassroots organizations play the key function of providing an institutional framework for beneficiary participation. CBOs might, for example: be consulted during design to ensure that project goals reflect beneficiary interests; undertake the implementation of community-level project components; or receive funds to design and implement sub-projects. Many national and international NGOs work in partnership with CBOs - either channeling development resources to them or providing them with services or technical assistance.

Such NGOs can play a particularly important role as "intermediaries" between CBOs and institutions such as the World Bank or government.^

**NGO Typologies :**

Individual operational NGOs vary enormously according to their purpose, philosophy, sectoral expertise and scope of activities. A number of different NGO typologies exist. For example, NGOs have been classified according to whether they are more relief or development-oriented; whether they are religious or secular; whether they stress service delivery or participation and whether they are more public or private-oriented. Sources for further reading on NGO typologies are listed at the end of this section

**NGO Strengths and Weaknesses :**

Because the nature and quality of individual

ઈર્ષા છોડો, તેનાથી જ્ઞાન, ધર્મ-ધીરજનો નાશ થાય છે.

NGOs varies greatly, it is extremely difficult to make generalizations about the sector as a whole. Despite this diversity, some specific strengths generally associated with the NGO sector include the following:

- strong grassroots links;
- field-based development expertise;
- the ability to innovate and adapt;
- process-oriented approach to development;
- participatory methodologies and tools;
- long-term commitment and emphasis on sustainability;
- Cost-effectiveness.

The most commonly identified weaknesses of the sector include:

- limited financial and management expertise;
- limited institutional capacity;
- low levels of self-sustainability;
- isolation/lack of inter-organizational communication and/or coordination
- small scale interventions;
- Lack of understanding of the broader social or economic context.

**Introduction :**

**Importance of NGOs: Their Vital Role in the World:**

Since World War II ended in 1945 and the United Nations came into operation, we began to notice the letters NGOs used with relative frequency. These letters stand for Non Governmental Organizations. For all practical purposes we may conclude that all existent organizations that are not governmental they must be Non Governmental. This may certainly be viewed as pure common sense. Just as we do have a variety of governmental organizations, we also have a great amount of different Non Governmental Organizations.

**Nature of Governmental Organizations:**

In every country, each government is ran by a series of organizations that may be referred to by a variety of names like department^, agencies, and institutes in addition to others. Each of these organizations is represented by a director or minister or secretary or any other title a government may wish to devise or create. Needless to say, each one runs on a governmental budget and everyone that works within such entities works on a paid salary.

The business conducted by such governmental organizations anywhere in the world seems to function along the same lines regardless of the type or structure of government. On the other hand, when we come to Non Governmental Organizations, the variety is enormous. This explains why we need to learn more about the structure and purpose of such organizations, which are found in every country across every continent.

Let us bring a few examples to illustrate this great variety of NGOs. Every religious congregation or order, like the Dominicans, the Benedictines, the Franciscans and the Jesuits among numerous others are all Non Governmental Organizations in the sense that they are not controlled by any rules and regulations of any government. The congregation of nuns of the well-known Mother Teresa has been undoubtedly an NGO from the outset. This type of NGOs may be classified as religious.

Other types of NGOs may be enlisted as academic or educational like the National Education Association, the Philosophy of Education Society, the Boy Scouts Association, and the list goes on and on. Besides, we do have NGOs that stemmed from the field of sociology like Marriage Encounter, Alcoholic Anonymous, and various supporting groups for widows and widowers and for the handicap. In recent times, we find many NGOs working for a variety of vital human causes, like peace education, environmental protection, human rights and disarmament. Some work on a budget while others work • merely as volunteers.

**Importance of Non Governmental Organizations:**

The various governments of the world have

સૌને મિત્ર નથી બનાવી શકાતા, પરંતુ શત્રુ તો એકને પણ ન બનાવતા.

at least one thing in common. They all know that without people involvement in the solution of problems, the nation may deteriorate to the point of disintegration and self-annihilation. In fact, in countries where we have* plenty of volunteers working through various Non Governmental Organizations, we tend to discover less problems and less human suffering. Very fortunately^ from the very outset, the United Nations has realized this tangible evidence and thus it proceeded to establish good rapport with several NGOs. These good relations of the UN with selected NGOs should continue to be strengthened, and to grow and to develop further.

**NGOs in True Perspective in Kutch :**

If we were to examine what outstanding NGOs that were religious in nature, such as the congregation of Mother Teresa have done, we all notice that they dedicated their time and energy to bring peace among all people they came across. Besides, they all tried to safeguard the purity of air and water to the best of their ability. Moreover, they all ^ showed sensitivity on the question of human rights that relate to adequate shelter, proper nourishment, good health care, and relevant education. And lastly, they all viewed peace as a sacrosanct human right that could be obtained properly and effectively only through disarmament and arms control.

Hence in the Kutch, these humanitarian objectives are not a monopoly of NGOs that happened to have established some link with the UN but they are the moral obligation to follow and implement of all NGOs in every realm of society across every continent. Regardless of its defects and handicap, the United Nations still - remains the "best instrument we have available in the world today to whip things into order and to bring about world peace. We all should help the UN to create a good environment where people could enjoy a healthy life, where people could communicate freely with each other without any fear, and where violence that is often instigated through the waging of wars would become a thing of the past.

In view of what has been stated, it is obvious that Governmental Organizations have a unique role to play in the constructive management 'in Kutch. At the same time, Non Governmental Organizations of any kind have the sacrosanct duty to provide their expertise as to enable the more productive. We may state categorically that the ultimate objective of NGOs, regardless of their character, nature and eventual original purpose, is to make substantial contributions toward the creation of a better and more stable global community in the Kutch. This ultimate objective is best achieved primarily through dedication to the achievement. Goals that were mentioned earlier, that is, peace education, environmental protection, human rights and disarmament. NGOs should become the source of inspiration for every moment to respect and implement these vital human needs.

**Environmental Protection :**

For human beings to survive they must have both clean air and pure water. The air and water pollution that is being emitted by big industries, ironically supported by leading industrial governments, is leading millions a year prematurely to their graves through needless cancer and other deadly diseases. NGOs must bring this episode into the open for everyone to see.

**Human Rights :**

One of the best documents in this-regard is the *UN Universal Declaration on Human Rights,* which was signed by all nations. In spite of this, every single nation without exception tends to violate one segment or another of this sacred document. Human beings have a sacrosanct right for free health care and education, for adequate housing facilities and appropriate nourishment.

**Need for Research :**

Feedback from the persons living in conflict, uneducated, mismanagement and emergency situations indicates that 'emergency plans are not inclusive or accessible'.. It is widely acknowledged that emergency response needs to be coordinated, and that governments, UN, NGOs and other key stakeholders need to collaborate to ensure efficacy and equity in the response. The need for coordi-

સકારાત્મક દૃષ્ટિકોણ સમસ્યાને અડધી કરી દે છે. તેથી હંમેશાં સકારાત્મક બનો.

nation is of course true in relation to ensuring that the whole needy community is included but this is extremely challenging for under-resourced, small-scale stakeholders, NGOs in an emergency response situation, and explore the activity of NGOs .

**Research Design :**

This research is a part of wider research process in the selected parts of NGOs activity in Kutch in Gujarat. Emergency and conflict situations across the globe. This research is carried out in the selected parts of Gujarat, where many NGOs are working after the earthquake of 2001. Earthquake had its devastating effect. The aim of this research is to review the current responses to emergency and conflict situations in the light of inclusion of persons with disabilities and suggest appropriate measures to improve greater co-ordination, convergence, synergy between different key players' for the effective and meaningful inclusion of persons with disabilities in relief and reconstruction operations.

**Research methodology :**

This research applies exploratory approach and following methodologies are followed. Case studies of individuals with two separate NGOs are undertaken through a structured guide.

**List of presently working NGO's in Kutch region:**

1. Kutch Vikas Trust
2. Shri Dhebar Sarva Sewa Vikas Mandal
3. Banni Vikas Trust
4. Bharatiya Jalstrav Vistar Vikas Mandal
5. Bharapar Jalstrav Vistar Vikas Mandal
6. Dhareshi Jalstrav Vistar Vikas Mandal
7. Gandhigram Jalstrav Vistar Vikas Mandal
8. Lakhaniya Jalstrav Vistar Vikas Mandal
9. Mamaymora Jalstrav Vistar Vikas Mandal
10. Manjal Jalstrav Vistar Vikas Mandal
11. Mapar Jalstrav Vistar Vikas Mandal
12. Nagiya Jalstrav Vistar Vikas Mandal
13. Phachariya Jalstrav Vistar Vikas Mandal
14. Rajda Jalstrav Vistar Vikas Mandal
15. Shiyot Jalstrav Vistar Vikas Mandal
16. Virani Jalstrav Vistar Vikas Mandal
17. Anarde Foundation - Anjar
18. Gandhi Sevashram, Simavarti Kendra
19. Gangajaja Gram Vikas Trust
20. Gramya Shilip
21. Kutchchh Fodder Fruit & Forest Development Trust
22. Shri Sahajanand Sarva Seva Trust
23. Shri Sahajanand Rural Development Trust
24. Gujarat Jan Jagaran Sangh
25. Nr. Jain Ashram, Nagalpur Road
26. Gandhi Sewa Ashram - Kachchh,
    At & Post : Lakadiya

## CASE STUDY

**(1) Kutch Navnirman Abhiyan**

Abhiyan - a District level network of Voluntary Organizations based in Kutch The wide geographical expanses of the Kutch District coupled with the harsh living conditions gave birth to varied community groups arid self-help groups who started working towards improving the livelihood of the people in general and development in particular like drought proofing, etc. Over a period of time, these groups were formalised as Community Based Development Platforms (locally known as Non-Governmental Organizations or NGOs in short): However, different priorities and competencies of these NGOs created uneven development and exclusion zones in the District. This was reminiscent in the **June 1998 Kandla cyclone** when the immediate relief operations were either duplicated or missed by lack of co-ordination among the governmental and other agencies and due to gaps in implementation processes. These prompted the NGOs to come forward to provide support to the affected people under a common umbrella, which drew synergies from each other's competencies. Thus, started a collective effort of various organizations towards rehabilitation of the affected

*વિકાસનું એકમાત્ર કારણ 'પ્રેમ'. વિનાશનું એકમાત્ર કારણ 'અહંકાર'.*

people. 22 local organizations came together, and started working as a group. The group also worked collectively during the **1999 Kutch cyclone.** The group thus formed came to be known as - ***Kutch Sankat Ane Punarvasvat Abhiyan,*** which had a common goal of working for the rehabilitation of the cyclone affected people. This practice enabled the NGOs to build capacity and gain confidence to perform as a collective, even in totally unexpected disaster situations. Consequently it was realized that NGOs need a common platform to share the developmental efforts. Thus, *Kutch Sankat Ane Punarvasvat Abhiyan* was renamed as ***Kutch Nav Nirman Abhiyan*** to work as a supporting & networking organization to voluntary organizations of Kutch, on the issues, which are of common interest.

**Abhiyan Believes in ...**

The network's core belief is inculcating self-rehabilitation of the individual communities and given the drought prone nature of the area, is constantly ensuring that local capacities are built and the resources are maximized to avoid dependency. Abhiyan is committed to leveraging available resources to catalyze reconstruction and development and further strengthen the innate force of the community. External aid invariably carries the danger of weakening the spirit of self-reliance, and the challenge before Abhiyan is to make sure that the people of Kutch emerge stronger and richer in experience of cooperative and collaborative work This common platform enabled the partners to share their developmental efforts in sectors like education, natural resources and disaster management, and work as a network that could influence policies. Abhiyan as a network plays a supportive role to its members to enhance their capacities to work for collective developmental activities and at the same time taking special care of not hindering their own core competencies. Collectively, the member organizations of Abhiyan cover around 450 villages in the district through their work in various sectors - such as

- Natural resource management
- Watershed management
- Micro-credit
- Livelihood up gradation and generation with craft artisans
- Empowerment of Women
- Health
- Education
- Drought management
- Drinking Water Management
- Disaster Management

**The Earthquake :**

The 26th January 2001 earthquake had its impact on the entire State of Gujarat, devastating in particular, most of the villages and towns of Kutch. The calamity took thousands of lives, left many injured, orphaned and homeless. Out of the 25 districts of Gujarat 21 districts, 181 talukas and 7633 villages fell prey to this devastation. After 16th June 1819, this was the first time that Kutch had suffered such 'an enormous loss of human life and property. The epicenter of the quake was 20 km North East of Kutch that caused maximum damage to Bhuj, Rapar, Anjar, Bhachau, Gandhidham and Mundra, affecting 884 villages. The total number of human deaths in Kutch was 12221 and the number of severely injured persons, 14382. In a tremendous response by civil society to the situation, more than 200 NGOs have been working in different sectors, namely, housing reconstruction, dam repair, health, education, handicrafts, livelihood and legal. With its prior experience in disaster management and local presence and network in all the blocks of Kutch, Abhiyan emerged as a nodal coordination point in the relief and rehabilitation efforts that began on January 26, 2001 in Kutch District.

**(2) Kutch Mahila Vikas Sangathan (KMVS)**

The 1980s also witnessed a spurt of women's organizations and the development sector began

*તુચ્છ માનવી અલ્પસિદ્ધિથી પણ ઘમંડી બની જાય છે.*

taking note of the importance of women's empowerment in Kutch region. Sensitive government officials realized the linkage of women as craft producers in the time of drought and approached NGOs to do something about it. lyengar, fresh out of Cornell University in the US with a degree in development communication, was keen on working to organize rural women. She visited the office of the NGO, Janvikas, just hours after the Gujarat State Handicraft Development Corporation's chief had approached it to do something to alleviate the Kutch women's plight.

**Kutch Mahila Vikas Sangathan (KMVS), Gujarat**

Like the colourful threads that make up the distinctive embroidery of Kutch , several diverse events "some by coincidence and some intentional" led to the setting up of Kutch Mahila Vikas Sangathan (KMVS) in 1989. Recalls Sushma lyengar, vice president, "In the late 1980s, the ethnic look was the rage in urban India. Gurjari outlets were flooded with handicrafts. Ironically this frenetic outburst was an outcome of distress - the third successive year of drought and massscale migration. Traditionally the women of Kutch did not sell their pieces of embroidery but kept it as part of their dowry."

**Sushma lyengar making a point :**

But although crafts provided an entry point, lyengar was wary of entering into "narrow lanes"

KMVS thereby evolved into an organization with myriad activities designed for empowerment such as looking at handicrafts, credit and savings, health, education, natural resources management and capacity building of mahila sarpanches. In the process it has gone through several restructuring exercises with the Sir Dorabji Tata Trust (SDTT) playing a major role in the process of decentralization - helping the mahila mandals at the village levels to grow into taluka-level sangathans (federation of mahila mandals) that are now registered as independent bodies. SDTT bears the administrative costs and funds the staff of the sangathans that have established their own specific identity and capacity to work on issues of gender transformation.

Each sangathan has a member on the KMVS governing board which also has three state officials and two representatives from Janvikas. The initial years were tough. The pioneering team had to build a rapport with the multi-ethnic communities. Each block had its own unique needs that needed redressal.

The young city girls persisted, displaying sensitivity to the needs of the different communities and blocks, while forming a group and organizing a mahila mandal. In the Nakhatrana block livelihood and health were the focus and a creche was the medium. In Mundra, the Darbari women faced violence and high demands for dowry despite being educated. Here savings and credit became the focus. The initial three-member' venture slowly expanded into a KMVS team being inducted and learning social work as-they worked in the villages. Today it is this rung that handles much of the running of KMVS

even as lyengar is busy in her role as head of Abhiyan (the network of 28 organizations in Kutch working for quake and drought relief) and the Craft Resource Centre to provide and facilitate trade, market design and technological support to craft organizations and artisan groups in Kutch. It is a process in keeping with lyengar's belief that no single individual should lead a collective for long.

The nurturing of this second rung came along with another level of restructuring. At first there was no division of roles for these staff members who provided inputs to the four sangathans in the blocks of Abdasa, Nakhatrana, Mundra and Pachchham. Later, they learnt to articulate their own interest areas, to specialize and form resource support units, thereby getting their own spaces to grow. For example Soni who was interested in teaching formed the education cell. Later this morphed into the knowledge centre for media with special radio programs produced for AIR Bhuj and the newsletter *Ujjas*. Other knowledge centres are : Panchayat; savings and credit; legal maters; environment; health; and the handicrafts centre

મૃત્યુ સમયે સૌ જે અનુભવે તેને જ્ઞાની તો પળેપળ જીવે.

run by entrepreneur craftswomen of the Muttwa, Darbari, Rabari and Jat communities that has adopted Qasab as its brand name. SDTT has helped in the expansion of these resource units with an institutional grant. After the 2001 earthquake, KMVS threw its entire resources and energies in relief and rehabilitation work. Sangathan women proved their ability by directing and organizing relief supplies, keeping proper accounts and ensuring equal distribution, thereby gaining huge respect from the community.

KMVS has thus emerged as a blend of an action-oriented grassroots movement as well as a support NGO. Like an ever-expanding patchwork quilt, its women engage in various activities. So even as lyengar is busy in her new role, we have young Sabena of the Mundra block training as a reporter by working on a radio program - *Bandhani ni gaal,* examining gender bias and violence. There is craftswoman Meghuben of the Saiyere'Jo Sangathan in Nakhatrana who has made up a song recounting her visit to Italy organized by an Italian KMVS buyer to foster a revival of traditional crafts. And deep in the desert village of Hazra in the Rann of Kutch, Yamabai, Jeenabai and Mariumbai discover the alchemy of tapping water and framing guidelines for its usage to transform rural life. For lyengar, the successful implementation of such projects brings about a sense of joy but on an introspective note she adds that implementation must not make one complacent. For her, the larger issues of the struggle such as land rights for women must be kept alive. For KMVS and for the collective women's movement the challenge is to go from an assertion of rights to shouldering responsibilities.

KMVS said," We need to see how to structure the movement so that we look at each issue in which implementation is also accompanied with an articulation of struggle-related issues. For example, the sangathan women are now familiar with banking. Banks too have become sensitive, but now how do the women partner with the banks in systems for the poor? Banks will give loans for consumers' needs, but not for say a solar panel or a fan. Or take health. Sangathans must learn to develop a sustainable system of health insurance and a specific insurance policy focusing on women's health.'

**Conclusion :**

Many NGOs occupy a space between public and private sector organisations, and the papers in this special issue demonstrate that the mechanisms required for effective accountability by these NGOs are usually be different to mechanisms suited to discharging the accountability duties of other forms of organization in Kutch.

The research findings derived from case studies, and general observations reveal a set of facts and draw the immediate attention of the stakeholders regarding specific issues of persons, during emergency and conflict. It can be concluded that:

- There is a general agreement and feeling among all the stakeholders that persons with NGOs are included in relief and reconstruction, humanity and human rights, persons who are with NGOs, needed all levels of operations including planning, decision making, implementation, monitoring and reviews are required.
- There is a slight mismatch between the responses of the state and civil society organizations and ground realities where persons with NGOs and their family members feel that their participation is limited
- There is a greater need to establish effective coordination among state, development agencies and NGOs in order to achieve maximum utilization of resources and facilitate meaningful and effective inclusion process.
- The communication channels are not effective where the information is not flowing to the grass root. There is a need to establish effective communication channels to ensure persons with NGOs have access to adequate and appropriate information.

*302, Arjun Appartment, Bhaikaka Nagar,*
*Opp. Home Town, Thaltej, Ahmedabad-380 054.*
*M. : 99091 40018*

મૂંગા પ્રાણીઓ પ્રત્યે સંવેદના રાખનાર જ સાચો માનવ.

# કચ્છ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ : રાજાશાહીથી લોકશાહી સુધી

● શશિકાંત મો. ઠક્કર ●

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે જે તે વિસ્તારના નાના નાના સ્થાનિક પ્રશ્નો ઉકેલવા અને નાગરિક સુવિધાઓ પૂરી પાડવા માટેનું તંત્ર. સ્વરાજ્ય એટલે પોતાનું રાજ્ય. આ સંસ્થાઓ જો મુક્તપણે અને સ્વતંત્ર રીતે પોતાના પ્રશ્નો ઉકેલવા સક્ષમ હોય તો જ તે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ કહેવાય. આ સંસ્થાઓનો વાસ્તવમાં કેમ અને કઇ રીતે વિકાસ થયો તે કચ્છનાં સંદર્ભમાં આપણે જોઇશું.

● **રાજાશાહી યુગ :**

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનો પ્રથમ ઉદ્‌ભવ શ્રી કુંદનલાલ ધોળકિયાના 'શ્રુતિ અને સ્મૃતિ' પુસ્તકમાં થયેલ ઉલ્લેખ મુજબ સન ૧૮૭૧માં થયો. કચ્છના તત્સમયના પાટનગર ભુજમાં તે વખતે પ્રથમ નગરસભાની રચના થઇ. ત્યારબાદ માંડવીમાં સન ૧૮૭૬માં અને અંજારમાં સન ૧૮૮૧માં નગરસભા રચાઇ. તે વખતે નગરસભાના સભ્યો રાજ્ય તરફથી નીમાયેલા રહેતા અને તેમનું કાર્યક્ષેત્ર પણ મર્યાદિત હતું. સન ૧૯૪૨માં નગરસભાના પ્રમુખ કચ્છના પોલીસ કમિશનર હતા. મહદ્‌અંશે તાલુકા વહીવટદાર જે તે તાલુકા મથકની નગરસભાનો વહીવટ ચલાવતા. સૌ પ્રથમ બંધારણીય રીતે સન ૧૯૪૫માં ચૂંટણી દ્વારા નગરસભાઓની રચના કરવામાં આવી હતી. તે વખતે ૨/૩ બેઠકો મર્યાદિત મતાધિકારના ધોરણે ચૂંટણી દ્વારા ભરવામાં આવી હતી અને ૧/૩ બેઠકો પર રાજ્ય તરફથી નિયુક્ત સભ્યો હતા. જેમાં રાજ્યના અધિકારીઓ મુખ્ય હતા. આવી સાત નગરસભાઓ રચાઇ હતી. ભુજ, અંજાર, મુન્દ્રા, માંડવી, ભચાઉ, રાપર અને જખૌ. ભારત સ્વતંત્ર થયું અને કચ્છમાં 'ક' વર્ગનું રાજ્ય રચાયું ત્યાં સુધી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આ પરિસ્થિતિ હતી. વાસ્તવમાં તે સ્વરાજ્ય સંસ્થાઓ ન હતી પરંતુ રાજ્ય સંચાલિત સંસ્થાઓ હતી.

● **'ક' વર્ગના રાજ્યનો સમય :**

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ રચવાની દિશામાં વાસ્તવિક વિચારણા સન ૧૯૪૯ પછી જ હાથ ધરાઇ. તે વખતે રાજ્યના વડા ચીફ કમિશનર હતા. શ્રી સી.કે. દેસાઇ નામનું જાજરમાન વ્યક્તિત્વ તે વખતે આ પદ સંભાળતું હતું. એવું જ જાજરમાન વ્યક્તિત્વ શ્રી ટી.એમ. શેઠ કચ્છના કલેક્ટર પદે હતા. તે વખતે મોટા ભાગના તમામ રાજ્ય ખાતાઓનો વહીવટ કલેક્ટરના અંકુશ હેઠળ હતો. લગભગ ત્રીસેક જેટલા ખાતાઓના તેઓ વડા હતા. મહેસૂલ, સર્વે, જંગલ, પછાત વર્ગ કલ્યાણ, કાયદો વ્યવસ્થા, ખેતીવાડી, સહકારી ક્ષેત્ર, નાગરિક પુરવઠો એમ વિવિધ ખાતાઓના વડા તરીકે કલેક્ટર જ હતા. કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો પાયો યોગ્ય રીતે નંખાય તે માટે તેમણે સૌ પ્રથમ મુંબઇનો વિલેજ સેનિટેશન એક્ટ કચ્છમાં લાગુ પાડવાની દરખાસ્ત કરી હતી જેથી ગામેગામ આરોગ્ય અને સ્વચ્છતાને લગતાં કામો આ કાયદા હેઠળ જે તે ગામની સ્થાનિક સમિતિને સોંપી શકાય અને તે રીતે ગ્રામ્ય સ્વરાજ્યની દિશામાં એક કદમ ભરી ગ્રામ્ય પ્રજાને અનુભવ મળે તેવી વ્યવસ્થા ગોઠવી શકાય. પરંતુ ગમે તે કારણે આ દરખાસ્ત આગળ વધી નહીં.

સ્વરાજ્ય પછી સ્થાનિક સંસ્થાઓનો વિચાર ત્રણ સ્તરમાં થયો : ગ્રામ્ય સ્તરે પંચાયતો, શહેરી વિસ્તારમાં સુધરાઇઓ અને જિલ્લા સ્તરે જિલ્લા બોર્ડો. આથી આ સંસ્થાઓના વહીવટને લગતા મુંબઇ રાજ્યમાં જે કાયદા હતા તે કાયદાઓ કચ્છને લાગુ પાડી તે હેઠળ આવી સંસ્થાઓની રચના કરવાનું ગોઠવવામાં આવ્યું.

સૌપ્રથમ મુંબઇનો ગ્રામ પંચાયત ધારો ૧૯૩૩ કચ્છને તા. ૧૩-૯-૧૯૫૦ના લાગુ પાડવામાં આવ્યો. ત્યારપછી મુંબઇનો બરો મ્યુનિસિપલ એક્ટ ઓક્ટોબર, ૧૯૫૦માં લાગુ પાડવામાં આવ્યો અને બીજા વર્ષે મુંબઇનો જિલ્લા લોકલ બૉર્ડ એક્ટ ૧૯૨૩ કચ્છને લાગુ પાડવામાં આવ્યો.

શહેરી વિસ્તારોમાંથી ભુજ, માંડવી, અંજાર અને મુન્દ્રાને બરો મ્યુનિસિપાલિટી બનાવવામાં આવી અને પુખ્ત મતાધિકારના ધોરણે સન ૧૯૫૧માં પ્રથમ ચૂંટણી કરવામાં આવી. તે વખતે ભુજ અને માંડવીની દરેકની ૨૦ બેઠકો અને અંજાર તથા મુન્દ્રાની દરેકની ૧૫ બેઠકો હતી. આ ચૂંટણીઓ કચ્છના કલેક્ટરની રાહબરી હેઠળ કરવામાં આવી હતી.

કચ્છમાં જિલ્લા લોકલ બોર્ડની રચના ૧૯૫૨માં પ્રથમ ચૂંટણી દ્વારા થઇ. આ માટે સમગ્ર કચ્છ જિલ્લાને ૩૦ મતદાર મંડળોમાં વહેંચી દરેક મતદાર મંડળને એક બેઠક આપવામાં આવી હતી. જિલ્લા લોકલ બોર્ડના કાયદામાં વહીવટી અધિકારો પ્રમુખને હતા અને તેમની મદદ કરવા અને સલાહ આપવા ત્રણ અધિકારીઓ હતા. ચીફ ઓફિસર વહીવટી કામ સંભાળતા, એન્જિનિયર બાંધકામોનું કામ સંભાળતા અને હિસાબી અધિકારી નાણાકીય વહીવટ સંભાળતા. પ્રાથમિક શાળાઓનો તથા ગ્રામ્ય દવાખાનાઓનો વહીવટ પણ જિલ્લા લોકલ બોર્ડને અપાયેલો. લોકલ બોર્ડે કામકાજની શરૂઆત એપ્રિલ ૧૯૫૩થી કરી. આ વ્યવસ્થા કચ્છમાં એટલી સુંદર રીતે ગોઠવાઇ

*પુત્ર અને શિષ્યને પોતાનાથી શ્રેષ્ઠ બનાવવાનું વિધાન છે, પણ પોતાના ગુલામ બનાવવાનું નથી.*

હતી કે ખરા અર્થમાં આ સંસ્થા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે ઘણી સુંદર અને સફળ પ્રવૃત્તિઓ કરી શકી. પ્રથમ પ્રમુખ તરીકે હીરજીભાઇ કોટક હતા. તેઓ એક સ્વપ્નશીલ આર્ષદૃષ્ટા અને મૌલિક વિચારો ધરાવતા વ્યક્તિ હતા. પરિણામે તેમણે કેટલીક એવી યોજનાઓ શરૂ કરેલી જેની પ્રશંસા તત્સમયના ભારતના આયોજન પંચે પણ કરેલી. સન ૧૯૬૩માં ત્રિસ્તરીય પંચાયતી રાજ્ય વ્યવસ્થા અમલમાં આવી ત્યારે લોકલ બોર્ડનું વિસર્જન થયું પણ છતાં એક દસક ના ટૂંકા ગાળામાં સ્થાનિક સ્વરાજ્યની સાચી પરિકલ્પના કેવી હોઇ શકે તેનું દર્શન આ સંસ્થાએ કચ્છની પ્રજાને કરાવ્યું હતું. તેમણે શરૂ કરેલી મહત્ત્વની યોજનાઓમાં 'સામાન્ય જ્ઞાન શાળા યોજના', 'કિંમતી દવાઓ આપવાની યોજના', 'વથાણ સુધારણા યોજના' વગેરે ગ્રામ્યસ્તરની પાયાની મૌલિક યોજનાઓ હતી અને તેનો સફળ અમલ તે સમયે થયો હતો.

ગ્રામ પંચાયતોને લાગે વળગે છે ત્યાં સુધી સન ૧૯૫૦માં પંચાયત કાયદો લાગુ પાડ્યા પછી બે વર્ષ સુધી ખાસ પ્રગતિ ન થઇ. ૧૯૫૨માં એકબાજુ સમૂહ વિકાસ યોજના અમલમાં આવી અને બીજી તરફ તે પછી તરત જ જિલ્લા લોકલ બોર્ડ અમલમાં આવ્યું. સમૂહ વિકાસ યોજનાનું નિયંત્રણ તે વખતે તેવી જ એક જાજરમાન વ્યક્તિ શ્રી એચ.સી. જેઠીના હાથમાં હતું. તેમણે અંગત પ્રયત્નો કરી તા. ૧૫-૮-૧૯૫૨ના સપરમાં દિવસે કચ્છમાં સૌ પ્રથમ આઠ પંચાયતોની સ્થાપના કરાવી. રાપર-ભચાઉ અને જખૌની અગાઉની નગરસભાઓ પણ પંચાયતમાં પરિવર્તિત થઇ. લોકલ બોર્ડની રચના પછી પંચાયત સ્થાપવાની પ્રવૃત્તિને વેગ મળતો ગયો. આમ છતાં મુંબઇનો ૧૯૩૩નો કાયદો બ્રિટિશ જમાનાનો હતો એટલે તેની કેટલીક જોગવાઇઓના કારણે આ પ્રવૃત્તિ બહોળા પ્રમાણમાં વિકસી શકી નહીં. સન ૧૯૫૨ના અંતે પાઠ પંચાયતો (જેના ૧૦ ગામો)ની સ્થાપનાથી વધીને ૧૯૫૬ના ઓક્ટોબર એટલે 'ક' વર્ગના રાજ્યની સમાપ્તિ સુધી આ આંકડો વધીને ૩૨ ઉપર પહોંચ્યો હતો. જેમાં એકંદર ૪૨ ગામોનો સમાવેશ હતો.

- **પ્રગતિ અવરોધતા કારણો :**

ગ્રામ પંચાયતોની સ્થાપનામાં ધારી પ્રગતિ ન થવાના મુખ્ય કારણો આ મુજબ હતા.

૧. કચ્છનો ગ્રામ્ય વિસ્તાર સીધા કરવેરાની પદ્ધતિથી અજાણ હતો. પંચાયત કાયદામાં મકાન વેરો અને અન્ય એક કર એમ બે કરો નાખવાની ફરજિયાત જોગવાઇ હતી. પંચાયતના ફાયદા લોકોને સમજાય નહીં ત્યાં સુધી કરવેરા આપવાની વાત ગ્રામ્ય પ્રજા સ્વીકારે નહીં. આથી વિઘ્નસંતોષી તત્ત્વો નકારાત્મક ભૂમિકા ભજવવામાં સફળ રહ્યા.

૨. પંચાયતની નવેસર સ્થાપના કરવી એટલે શૂન્યમાંથી સર્જન કરવું. આ માટે નાણાં જોઇએ અને મહેનતુ અને કુશળ સભ્યો જોઇએ. આર્થિક સગવડતાની કોઇ પર્યાપ્ત જોગવાઇ ન હતી.

૩. પંચાયત પ્રવૃત્તિમાં સ્થાનિક રાજકારણનો પ્રવેશ થતાં વાતાવરણ કલુષિત થયું.

૪. કચ્છનો ૨/૩ ભાગ નોનખાલસા હોવાથી તે વિસ્તારોની મહેસૂલી આવક અલ્પ હતી. તેથી મહેસૂલી આવકની મળવાપાત્ર ગ્રાન્ટ નગણ્ય હતી.

૫. જાગીરદારી ગામોમાં પંચાયતોની સત્તા નહિવત હતી. ગ્રામ્ય સફાઇ માટે પણ તેમને જાગીરદારની ઇચ્છા પર નિર્ભર રહેવાનું હતું.

- **મુંબઇ રાજ્ય :**

૧૯૫૬ના નવેમ્બરની ૧લી તારીખથી કચ્છ મુંબઇ રાજયમાં ભળ્યું. આજ રીતે અન્ય કેટલાક વિસ્તારો પણ ભળ્યા અને પરિણામે દ્વિભાષી મુંબઇ રાજ્યની રચના થઇ. તે દરમ્યાન બીજી પંચવર્ષીય યોજના શરૂ થઇ. જેમાં ૧૦૦ નવી ગ્રામ પંચાયતો સ્થાપવાનું લક્ષ્ય રખાયું. એટલે દર વર્ષે ૨૦થી વધુ પંચાયતની રચના કરવાનું ગોઠવાયું. આમ આ ગાળામાં થોડી પ્રગતિ થઇ. આ ગાળામાં ૫૭ નવી પંચાયતો સ્થપાઇ જેની હેઠળ ૬૮ ગામો આવરી લેવાયા. આમ એકંદરે ૮૯ પંચાયતો હેઠળ ૧૧૦ ગામો સન ૧૯૫૯ના માર્ચ સુધી આવરી લેવાયા હતા. આ પછી મુંબઇના નવા રાજ્યના જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા કાયદા અને ધારાધોરણ હતા. આ બધાનું એકીકરણ કરી સમાન કાયદો ઘડવાનું વહીવટી રીતે જરૂરી બન્યું. આથી જે જે પ્રદેશની સારી જોગવાઇઓ હતી તેને અપનાવી એક નવો કાયદો મુંબઇ સરકારે ઘડ્યો જે સન ૧૯૫૮ના મુંબઇના ગ્રામ પંચાયત ધારા તરીકે ઓળખાયો. આ કાયદાનો અમલ તા. ૧-૬-૫૯થી શરૂ થયો. વાસ્તવમાં આજની ગ્રામ્ય પંચાયતોના વહીવટના મહત્ત્વના પાસાંઓનો પાયો આ કાયદાથી નંખાયો. નવા કાયદાના અમલ પછીના બે વર્ષમાં એટલે કે ૩૦-૬-૬૧ સુધીમાં ૨૩૬ પંચાયતો સ્થપાઇ જેમાં ૩૩૬ ગામો આવરી લેવાયા. આમ કચ્છમાં એકંદરે ૩૨૫ પંચાયત હેઠળ ૪૪૬ ગામો આવરી લેવાયા હતા. આ દરમ્યાન ૧૯૬૦ના મેની પહેલી તારીખથી મુંબઇ રાજ્યનું વિભાજન થયું અને કચ્છ, ગુજરાત રાજ્યનો એક જિલ્લો બન્યું.

## પંચાયતી રાજ્યને બંધારણી દરજ્જો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ – ૨

કચ્છનું મુંબઇ રાજ્યમાં વિલીનીકરણ થયું ત્યારથી તે ગુજરાત રાજ્યની રચનાના સમયનો ગાળો એ બીજી પંચવર્ષીય યોજનાનો ગાળો હતો. આ ગાળામાં કેન્દ્રસ્તરે જિલ્લા કક્ષાથી માંડીને ગ્રામ્ય સ્તર સુધીનું વહીવટનું સુગ્રથિત લોકશાહી માળખું ગોઠવવાનું વિચારાયું અને તે માટે લોકશાહી વિકેન્દ્રીકરણની વિચારધારાને પ્રાધાન્ય અપાયું. એવી વિચારણા થઇ કે, ગ્રામ પંચાયતોને જિલ્લા કક્ષા સુધી સંસ્થાકીય રીતે સાંકળી લેવી જોઇએ અને કાયદો-વ્યવસ્થા, ન્યાય જેવા કેટલાક કામો બાદ કરતાં બાકીનું જિલ્લા સ્તરનું તમામ કામકાજ આ તંત્ર દ્વારા ગોઠવવું જોઇએ. સન ૧૯૫૭માં શ્રી બળવંતરાય મહેતાના અધ્યક્ષપદે આ હેતુ માટે એક અભ્યાસ જૂથની રચના થઇ. આ જૂથે આપેલો અહેવાલ પંચાયતરાજના પાયાના પથ્થર તરીકે ગણાય છે.

*સાચું વિશ્વાસધામ એ કહેવાય છે કે જ્યાં વિશ્વાસ મૂકાયા પછી શ્વાસ કદી અદ્ધર ન થાય.*

આ અહેવાલ સમગ્ર ભારત માટે હતો. આથી તેની ભલામણોના માળખામાં રહીને ગુજરાતમાં કઇ રીતે અને કેવી વ્યવસ્થા ગોઠવવી તે માટે સન ૧૯૬૦માં શ્રી રસિકલાલ પરીખના અધ્યક્ષપદે એક કમિટી રચાઇ. આ કમિટીની ભલામણોને ધ્યાનમાં લઇ સન ૧૯૬૧નો ગુજરાત પંચાયત અધિનિયમ ઘડવામાં આવ્યો અને તેનો અમલ કચ્છ જિલ્લામાં તા. ૧૫-૪-૬૩થી કરવામાં આવ્યો.

આ કાયદાના પરિણામે જિલ્લા લોકલ બોર્ડનું અસ્તિત્વ જિલ્લા પંચાયતમાં વિલીન થયું. જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયતની રચના થઇ. તાલુકા કક્ષાએ તાલુકા પંચાયતની રચના થઇ અને જિલ્લાના દરેકે દરેક ગામ સ્વતંત્ર અથવા જૂથ ગ્રામ પંચાયત હેઠળ આવરી લેવાયા. જિલ્લા પંચાયતની મુખ્ય કચેરી ભુજમાં રખાઇ. આરોગ્ય વિભાગના દવાખાનાઓનો વહીવટ ચલાવવા માધાપરની જિલ્લા લોકલ બોર્ડ હોસ્પિટલમાં ચાલતા આરોગ્ય વિભાગને ચાલુ રાખી તેને જિલ્લા પંચાયત હેઠળ મૂકવામાં આવ્યો. રાજયના વહીવટમાંથી નવા કાયદા મુજબ રાજયના ૧૯ ખાતાંઓની જુદી જુદી પ્રવૃત્તિઓના અધિકાર સત્તા અને સ્ટાફ તથા નાણાંની ફાળવણી જિલ્લા પંચાયતને કરવામાં આવી અને એ રીતે વહીવટની બે પાંખો કેન્દ્ર અને રાજય ઉપરાંત ત્રીજી પાંખ એવી પંચાયતરાજ ઉમેરાઇ.

નવા કાયદા મુજબ મોટા ગામોને નગર પંચાયત આપવાની જોગવાઇ હતી તે મુજબ માધાપર, મુન્દ્રા અને ભચાઉ નગર પંચાયત બની. સન ૧૯૮૦ સુધીના આંકડા મુજબ કુલ ૫૯૩ ગ્રામ પંચાયત રચાઇ હતી. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ લાગુ થતાં બરો મ્યુનિસિપાલિટીના બદલે નગરપાલિકાઓ રચાઇ અને તેમાં ભુજ, અંજાર, માંડવી અને ગાંધીધામનો સમાવેશ થયો.

● **સન ૧૯૬૩થી ૧૯૭૩ :**

આ ગાળો એ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો 'પંચાયતી રાજ'ના તબક્કાનો શરૂઆતનો ગાળો હતો. પંચાયતી રાજની રચના થયા પછી ત્રિસ્તરીય પંચાયતીરાજ સંસ્થાઓની ચૂંટણીઓ અને એક સ્તરને બીજા સ્તર સાથે સંસ્થાકીય રીતે સાંકળવા માટેના જુદા જુદા અખતરાઓ થયા અને તે રીતે અવારનવાર કાયદામાં સુધારાઓ પણ થતા રહ્યા. શરૂઆતના તબક્કામાં ગ્રામ્યકક્ષાએ વૉર્ડવાર પંચાયતના સભ્યોની ચૂંટણી થતી. આ સભ્યો પોતાનામાંથી સરપંચને ચૂંટતા. આ સરપંચ તાલુકા પંચાયતના સભ્ય ગણાતા. તાલુકા પંચાયતમાં સીધી ચૂંટણીથી તાલુકાના ગામડાંના જૂથો બનાવી દરેક જૂથમાંથી એક સભ્ય આવતા તે પણ તાલુકા પંચાયતના સભ્ય ગણાતા. આ બધા સભ્યો મળીને તાલુકા પંચાયતના પ્રમુખ ચૂંટે. તાલુકા પંચાયતના પ્રમુખ તેજ રીતે જિલ્લા પંચાયતમાં સભ્ય બનતા. અને તે ઉપરાંત જિલ્લા પંચાયતના સીધી ચૂંટણીથી ચૂંટાયેલા સભ્યો પણ લેવાતા. આમ ત્રણે સ્તર એકબીજાથી સાંકળી લેવામાં આવ્યા હતા.

આ તબક્કામાં સભ્યોની ચૂંટણીનું સંચાલન અને વ્યવસ્થા કરવાની જવાબદારી પંચાયત તંત્ર પર જ હતી. આ વ્યવસ્થા મુજબ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું સંચાલન તાલુકા વિકાસ અધિકારી કરતા. તાલુકા પંચાયતની ચૂંટણીનું સંચાલન જિલ્લા વિકાસ અધિકારી કરતા અને જિલ્લા પંચાયતની ચૂંટણીનું સંચાલન રાજયના નીમાયેલા અધિકારી એટલે કલેક્ટર કરતા.

● **૧૯૭૩ થી ૧૯૯૪ :**

સન ૧૯૭૩ અને ૧૯૮૧માં પંચાયત ધારામાં મહત્ત્વના સુધારા કરવામાં આવ્યા. આ સુધારાઓ મુજબ ગ્રામ્ય સ્તરે સરપંચની ચૂંટણી સમગ્ર ગામના મતદારો પુખ્ત મતાધિકારના ધોરણે કરે તેવું ગોઠવાયું. બીજો મહત્ત્વનો ફેરફાર બધી પંચાયતોના સરપંચો તાલુકા પંચાયતમાં સભ્ય બનતા તેમાં થયો. નવી વ્યવસ્થા મુજબ સરપંચો અને નગરપંચાયત અધ્યક્ષો સાથી સભ્યો તરીકે તાલુકા પંચાયતમાં ગણવામાં આવ્યા અને સીધી ચૂંટણીથી નિયત સંખ્યાના સભ્યો લેવાનું ગોઠવાયું. તેજ રીતે તા.પં.ના પ્રમુખો પણ જિલ્લા પંચાયતમાં સાથી સદસ્યો તરીકે ગણાયા અને સીધી ચૂંટણીથી નિયત સંખ્યામાં સભ્યો લેવાનું ગોઠવાયું. ત્રીજો મહત્ત્વનો ફેરફાર એ થયો કે બધી જ પંચાયતોની ચૂંટણીઓનું સંચાલન અને નિયંત્રણ કરવાની વ્યવસ્થા રાજયના અધિકારીઓ એટલે નાયબ કલેક્ટરોને આપવામાં આવી.

આ બન્ને તબક્કા દરમ્યાન જુદા જુદા સમયે વાસ્તવિક અનુભવો આધારિત જુદા જુદા સુધારાઓ થતા રહ્યા હતા.

● **૧૯૯૪ પછીનો ગાળો :**

ભારતના વડાપ્રધાનપદે જ્યારે સ્વ. રાજીવ ગાંધી હતા ત્યારે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપી બધા રાજયો તેનો અમલ કરે તેવી વિચારણા થઇ. જેના પરિણામે ભારતના બંધારણમાં ૭૩મો અને ૭૪મો સુધારો કરવામાં આવ્યો. આ સુધારાના પરિણામે ગુજરાત રાજ્યે સન ૧૯૯૩નો ગુજરાત પંચાયત અધિનિયમ પસાર કર્યો અને સન ૧૯૬૧નો જૂનો કાયદો રદ કર્યો.

બંધારણ સુધારા દ્વારા ત્રિસ્તરીય પંચાયતરાજને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો અને તેની જોગવાઇઓને સુસંગત રહીને જ દરેક રાજ્ય જરૂરી કાયદો ઘડી અમલમાં મૂકે તે માટે એક વર્ષની મુદત નક્કી કરવામાં આવી. બંધારણીય સુધારો તા. ૨૩-૪-૧૯૯૩થી અમલમાં લાવવામાં આવ્યો.

આથી નગર પંચાયતોનું માળખું નાબૂદ કરવામાં આવ્યું. નાની નગર પંચાયતોને ગ્રામ પંચાયતમાં પરિવર્તિત કરાઇ અને મોટી નગર પંચાયતોને નગરપાલિકાનો દરજ્જો મળ્યો.

બંધારણ સુધારા અનુરૂપ ગુજરાતના નવા કાયદા મુજબ સમગ્ર રાજયના ત્રિસ્તરીય માળખાની દરેક કક્ષાની પંચાયતોમાં ચૂંટણી દ્વારા ભરવાની બેઠકો પ્રાદેશિક વસતિના પ્રમાણ મુજબ એકસરખી રીતે ગોઠવવાની જોગવાઇ થઇ. તેજ રીતે અનામત બેઠકો પણ વસતિના પ્રમાણમાં પ્રમાણસર જાળવવાની જોગવાઇ થઇ. મહત્ત્વની બાબત એ હતી કે કુલ સભ્યોની એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઇ થઇ. દરેક કક્ષાની પંચાયતોની મુદત પાંચ વર્ષ નક્કી કરવામાં આવી અને તે મુદત પૂરી થતાં અગાઉ ચૂંટણી કરવાની

*જે વાત સાચી નથી હોતી તે જ મોટેથી કહેવી પડે છે.*

ફરજિયાત જોગવાઇ કરવામાં આવી. આર્થિક સવલતો માટે નાણાપંચની રચનાની જોગવાઇ થઇ. ન્યાય પંચાયતો અને સમાધાન પંચની રચનાની જોગવાઇઓ નાબૂદ કરવામાં આવી. સૌથી મહત્ત્વનો સુધારો એ થયો કે તમામ સ્તરની પંચાયતોની ચૂંટણીઓ કરવા અને નિયંત્રણ રાખવા રાજ્ય ચૂંટણી પંચની રચના રાજ્યપાલ દ્વારા નિમાયેલા ચૂંટણી કમિશનરથી કરવાની જોગવાઇ થઇ અને તેમને રાજ્યપાલના સીધા અંકુશ હેઠળ મૂકવામાં આવ્યા. જેથી ચૂંટણીઓ મુક્તપણે અને નિષ્પક્ષ રીતે થાય.

પંચાયત રાજ્યની સ્થાપના પછી બંધારણીય સુધારાને અનુરૂપ ઘડવામાં આવેલ નવો કાયદો એક સીમાચિહ્ન બન્યો.

## રાજ્ય ચૂંટણી પંચની પ્રશસ્ય કામગીરી અને સફળતા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ – ૩

સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ રાજ્ય ચૂંટણી પંચની પ્રથમ રચના તા. ૨૩-૯-૧૯૯૩ના કરવામાં આવી. રાજ્ય ચૂંટણી પંચની મુખ્ય ફરજ તમામ સંસ્થાઓની સમયસર ચૂંટણીઓ યોજાય અને તેની તમામ પ્રક્રિયા તટસ્થ અને નિષ્પક્ષ રીતે થાય તે જોવાની છે. આ પંચ સ્વતંત્ર અને બંધારણીય હોદ્દો ધરાવતું હોવાથી તેની નિમણૂક રાજ્યપાલ દ્વારા કરવાની જોગવાઇ કરવામાં આવી છે અને તે નિમણૂક થયા પછી તેમાં રાજ્ય સરકાર હસ્તક્ષેપ કરી શકતી નથી.

- **નવા કાયદા હેઠળની ચૂંટણીઓ :**

પ્રથમ તબક્કામાં સન ૧૯૯૪-૯૫માં રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ હેઠળ ચૂંટણીઓ યોજવામાં આવી હતી. ભુજ, અંજાર, ગાંધીધામ અને માંડવી નગરપાલિકાઓની કુલ ૧૪૧ બેઠકોની ચૂંટણી ડિસેમ્બર ૧૯૯૪માં યોજાઇ હતી અને ભચાઉ તથા રાપર નગરપાલિકાની ૪૨ બેઠકોની ચૂંટણી ડિસેમ્બર ૧૯૯૫માં યોજાઇ હતી. આ અંગેની વિગતો આ સાથેના કોઠા નં. ૧માં જોઇ શકાશે. આ ચૂંટણીઓમાં ભારે મતદાન થયું હતું. ભુજમાં ૭૦.૫૧ ટકા, અંજારમાં ૭૨.૨૩ ટકા, માંડવીમાં ૬૭.૮૧ ટકા અને ગાંધીધામમાં સૌથી ઓછું ૫૫.૨૦ ટકા મતદાન થયેલું. ભચાઉ અને રાપરમાં ૧૦૦ ટકા મતદાન થયું હતું.

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની નવા કાયદા હેઠળની પ્રથમ સામાન્ય ચૂંટણી જૂન ૧૯૯૫માં કુલ ૧૪૯ બેઠકો માટે કરવામાં આવી હતી. (કોઠો-૩), જિલ્લા પંચાયત ચૂંટણીનું મતદાન ૫૯.૧૪ ટકા અને નવ તાલુકા પંચાયતોની ચૂંટણીનું સરેરાશ મતદાન ૫૯.૨૩ ટકા થયું હતું.

પ્રથમ તબક્કા પછી રાજ્ય ચૂંટણી પંચ તરીકે કચ્છના જ શ્રી પ્રભાકરભાઇ ધોળકિયાની નિમણૂક તા. ૧૮-૯-૧૯૯૮થી રાજ્યપાલે કરી છે. તેમના સમયમાં ૧૯ જિલ્લાઓનું અને ૧૮૪ તાલુકાઓનું પુનઃગઠન થતાં નવરચિત ૨૫ જિલ્લા અને ૨૨૫ તાલુકાઓ રચાતાં પ્રાદેશિક ફેરફારવાળી જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની નવેસરથી વોર્ડ રચના અને અનામત બેઠકોની ફાળવણીનું વિરાટ કાર્ય કાયદા નિયમોના ચુસ્ત અમલ સાથે કોઇ રાજકીય શેહશરમ વિના તેમણે તટસ્થ અને નિષ્પક્ષ કાર્યવાહી દ્વારા બિન વિવાદાસ્પદ રીતે પાર પાડ્યું અને તેના આધારે સન ૨૦૦૦માં ચૂંટણીઓનો બીજો તબક્કો શરૂ થયો હતો અને તે મહદઅંશે સુપેરે સંપન્ન થયો છે.

પ્રાદેશિક નવરચનામાં કચ્છ જિલ્લાને સંબંધ છે ત્યાં સુધી અંજાર તાલુકાનું વિભાજન થતાં ગાંધીધામ તાલુકો નવો રચાયો છે. આમ, કુલ દસ તાલુકા થયા છે. નગરપંચાયત ભચાઉ અને રાપર નગરપાલિકામાં પરિવર્તિત થઇ છે એટલે કુલ છ નગરપાલિકા થઇ છે. મુન્દ્રા નગર પંચાયત ગ્રામ પંચાયતમાં પરિવર્તિત થઇ છે અને માધાપર નગર પંચાયતનું વિભાજન થતાં બે ગ્રામ પંચાયતો રચાઇ છે. આમ, પંચાયતોની એકંદરે સંખ્યા ૬૧૩ની થઇ છે.

રાજ્ય ચૂંટણીપંચ દ્વારા બીજી સામાન્ય ચૂંટણીઓ સન ૨૦૦૦માં યોજાઇ. તે વર્ષે જાન્યુઆરીમાં ભુજ, અંજાર, ગાંધીધામ તથા માંડવી નગરપાલિકાઓની ચૂંટણી થઇ. જેનું મતદાન અનુક્રમે ૫૦ ટકા, ૫૪

### ડિસેમ્બર ૧૯૯૪-૯૫માં નગર પાલિકાઓની ચૂંટણી (કોઠો-૧)

| અ.નં. | નગર પાલિકાનું નામ | કુલ વોર્ડ | કુલ બેઠકો | પરિણામ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ભાજપ | કોંગ્રેસ | બસપા | અપક્ષ | કુલ |
| ૧. | ભુજ | ૧૨ | ૩૬ | ૨૪ | ૧૧ | - | ૧ | ૩૬ |
| ૨. | અંજાર | ૧૨ | ૩૬ | ૨૪ | ૯ | - | ૩ | ૩૬ |
| ૩. | ગાંધીધામ | ૧૪ | ૪૨ | ૨૧ | ૧૪ | ૬ | ૧ | ૪૨ |
| ૪. | માંડવી | ૯ | ૨૭ | ૩ | ૨૧ | - | ૧ | ૨૭ |
| ૫. | ભચાઉ | ૭ | ૨૧ | - | - | - | ૨૧ | ૨૧ |
| ૬. | રાપર | ૭ | ૨૧ | ૨૧ | - | - | - | ૨૧ |

*દાનનું સાચું મહત્ત્વ ત્યાગમાં જ સમાયેલું છે.*

ટકા, ૪૪.૨૦ ટકા અને ૫૩.૮૧ ટકા થયેલું. પરિણામ કોઠા-૨ મુજબ હતું.

જિલ્લા પંચાયતની ચૂંટણી સપ્ટેમ્બર ૨૦૦૦માં યોજાઇ. જેમાં ૫૯ ટકા જેટલું મતદાન થયું. સાથે દસ તાલુકા પંચાયતોની ચૂંટણી થઈ. તેમાં સરેરાશ મતદાન ૫૭.૯૪ ટકા થયું. પરિણામ કોઠા-૩ મુજબ હતું.

ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ જેમ જેમ મુદત પૂરી થતી જાય તેમ તેમ તબક્કાવાર યોજવામાં આવી. પ્રથમ તબક્કે ડિસેમ્બર ૨૦૦૧માં ૪૮૦ પંચાયતોની ચૂંટણી થઈ. જેમાંથી ૨૨૧ પંચાયતો બિનહરીફ ચૂંટાઇ હતી. બાકીની ૨૫૯ પંચાયતોનું સરેરાશ મતદાન ૫૮ ટકા થયેલું. બીજા તબક્કામાં એપ્રિલ-૨૦૦૨માં ૫૭ પંચાયતોની ચૂંટણી થયેલી તે પૈકી ૧૭ બિનહરીફ થયેલી અને બાકીની ૪૦ પંચાયતોની ચૂંટણીમાં સરેરાશ ૭૦ ટકા મતદાન થયેલું. છેલ્લે ફેબ્રુઆરી ૨૦૦૩માં ૭૦ પંચાયતોની ચૂંટણી થયેલી. આજ સમયમાં રાપર અને ભચાઉ નગરપાલિકાની પણ ચૂંટણીઓ યોજવામાં આવી. જેમાં અનુક્રમે ૬૯ ટકા અને ૫૬ ટકા મતદાન થયેલું. પરિણામ કોઠા-૪ મુજબ હતું.

રાજ્ય ચૂંટણીપંચ જેવા મહત્ત્વના બંધારણીય પદ ઉપર રહીને કચ્છી માડુએ સન ૧૯૯૮થી અત્યાર લગીની ચૂંટણીઓ કાયદાકીય

**જાન્યુઆરી ૨૦૦૦ / ફેબ્રુઆરી-૨૦૦૨માં નગર પાલિકાઓની ચૂંટણી (કોઠો-૨)**

| અ.નં. | નગર પાલિકાનું નામ | કુલ વોર્ડ | કુલ બેઠકો | પરિણામ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ભાજપ | કોંગ્રેસ | બસપા | અપક્ષ | કુલ |
| ૧. | ભુજ | ૧૨ | ૩૬ | ૨૯ | ૫ | – | ૧ | ૩૬ |
| ૨. | અંજાર | ૧૨ | ૩૬ | ૨૯ | ૭ | – | – | ૩૬ |
| ૩. | ગાંધીધામ | ૧૪ | ૪૨ | ૧૯ | ૧૭ | ૬ | – | ૪૨ |
| ૪. | માંડવી | ૯ | ૨૭ | ૨૫ | – | – | ૨ | ૨૭ |
| ૫. | ભચાઉ | ૭ | ૨૧ | ૨૧ | – | – | – | ૨૧ |
| ૬. | રાપર | ૭ | ૨૧ | ૪ | ૧૭ | – | – | ૨૧ |

**કચ્છ જિલ્લા / તાલુકા પંચાયતો ચૂંટણી (કોઠો-૩)**

| | કુલ બેઠકો | પરિણામ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | જૂન-૧૯૯૫ | | | સપ્ટેમ્બર-૨૦૦૦ | | |
| | | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ |
| ૧. કચ્છ જિ.પં. | ૨૯ | ૨૭ | ૨ | – | ૧૨ | ૧૭ | – |
| ૧. અબડાસા | ૧૫ | ૧૩ | ૨ | – | ૩ | ૯ | ૩ |
| ૨. અંજાર | ૧૫ | ૧૩ | ૨ | – | ૩ | ૧૨ | – |
| ૩. ભચાઉ | ૧૫ | ૭ | ૬ | ૨ | - | ૧૫ | – |
| ૪. ભુજ | ૨૧ | ૧૮ | ૩ | ૦ | ૯ | ૧૧ | ૧ |
| ૫. લખપત | ૧૫ | ૯ | ૬ | – | ૭ | ૮ | ૧ |
| ૬. માંડવી | ૧૭ | ૧૫ | ૨ | – | ૪ | ૧૨ | ૧ |
| ૭. મુન્દ્રા | ૧૫ | ૧૪ | ૧ | – | ૫ | ૯ | ૧ |
| ૮. નખત્રાણા | ૧૭ | ૧૪ | ૩ | – | ૧૧ | ૬ | – |
| ૯. રાપર | ૧૯ | ૧૩ | ૬ | – | ૮ | ૧૧ | – |
| ૧૦. ગાંધીધામ | ૧૫ બેઠકો નવરચિત | | | | ૬ | ૮ | ૧ |
| કુલ | ૧૪૯ | ૧૧૬ | ૩૧ | ૨ | ૫૬ | ૧૦૧ | ૭ |

*જીવનમાં જ્ઞાન અને ભક્તિનું સંતુલન જાળવી રાખો.*

| કચ્છ જિલ્લા / તાલુકા પંચાયતો ચૂંટણી (કોઠો-૪) | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | કુલ ગ્રા.પં. | ડિસે.-૦૧ના તબક્કામાં યોજાયેલ ચૂંટણી | ડિસે.-૦૨ના તબક્કામાં યોજાયેલ ચૂંટણી | ફેબ્રુઆરી-૨૦૦૩ |
| ૧. | ભુજ | ૧૦૬ | ૮૪ | ૧૯ | — |
| ૨. | માંડવી | ૭૪ | ૬૨ | ૧૧ | ૧ |
| ૩. | મુન્દ્રા | ૪૨ | ૨૧ | ૧૫ | ૬ |
| ૪. | અંજાર | ૫૧ | ૩૨ | ૪ | ૧૬ |
| ૫. | ભચાઉ | ૫૯ | ૫૦ | ૧ | ૮ |
| ૬. | રાપર | ૭૯ | ૫૦ | ૩ | ૨૬ |
| ૭. | ગાંધીધામ | ૭ | ૭ | - | - |
| ૮. | નખત્રાણા | ૭૭ | ૬૬ | - | ૭ |
| ૯. | અબડાસા | ૮૫ | ૮૧ | ૪ | - |
| ૧૦. | લખપત | ૩૩ | ૨૭ | - | ૬ |
| | એકંદર કુલ | ૬૧૩ | ૪૮૦ | ૫૭ | ૭૦ |

ગૂંચો અને મુશ્કેલીઓમાંથી સરળતાથી માર્ગ કાઢીને નિર્વિઘ્ને રાજ્યની લગભગ પંદર હજાર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું કાર્ય તેમણે સંપન્ન કર્યું છે. શ્રી ધોળકિયા ભુજના વતની છે. એડવોકેટ કુટુંબમાં જન્મેલા છે, કૉલેજ સુધીનું શિક્ષણ કચ્છમાં મેળવીને વકીલાત શરૂ કરેલી. ત્યારપછી તેઓ ન્યાયતંત્રમાં જોડાઈ રાજ્યના જુદા જુદા જિલ્લાના જિલ્લા ન્યાયાધીશ રહ્યા હતા. ૧૯૯૫માં તેમની રાજ્યના કાયદા વિભાગના સચિવ તથા કાયદા સલાહકાર તરીકે નિયુક્તિ થઈ જે ઉચ્ચ પ્રકારનું ગૌરવશાળી પદ હતું. આ સમય દરમ્યાન તેમણે કચ્છની મુલાકાતો દરમ્યાન કચ્છના જાહેર ટ્રસ્ટોના પ્રશ્નો ઉકેલવા સારો રસ લીધો અને કેટલાક પ્રશ્નો ઉકેલી આપ્યા. તેમની વહીવટી કુશળતા, કાનૂની જાણકારી, આગવી કોઠાસૂઝ અને તટસ્થતાથી નિષ્પક્ષ નિર્ણયો લેવાની આવડતના પરિણામે ૧૯૯૮થી તેમને રાજ્ય ચૂંટણી પંચનો બંધારણીય હોદ્દો આપવામાં આવ્યો છે જે તેમણે સારી રીતે ઉજાળ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તેમની ગૌરવશાળી કામગીરીએ કચ્છને પણ ગૌરવ અપાવ્યું છે.

## ગુજરાતના પંચાયતી રાજની ખૂટતી કડીઓ – ૧

ગુજરાતમાં પંચાયતી રાજની સ્થાપનાને લગભગ ચાલીસ વર્ષનો સમય થયો છે. આ સમય દરમ્યાન આ વ્યવસ્થાનું મૂલ્યાંકન કરી તેમાં પરિવર્તન લાવવાના ઘણા પ્રયત્નો થયા છે પરંતુ રાજકીય ઈચ્છાશક્તિના અભાવે અને સંકુચિત વિચારસરણીના કારણે આ પ્રયત્નો મોટાભાગે અસફળ રહ્યા છે. પરિણામે આ વ્યવસ્થાની મૂળભૂત ત્રુટીઓ જેમની તેમ રહી છે. મહત્ત્વની ગણાય તેવી આ ખૂટતી કડીઓનું આજે વિશ્લેષણ કરીએ.

● **સત્તાની સોંપણી :**

પંચાયતી રાજ્યની રચના સમયે રાજ્યના કાયદાથી વિવિધ સ્તરોની પંચાયતોને કેટલીક સત્તાઓ સોંપવામાં આવી છે. આ સત્તાઓની યાદી એટલી વ્યાપક અને વિસ્તૃત છે કે ભાગ્યે જ તેમાં કોઈ બાબત બાકી રહી હોય. બંધારણ મુજબ રાષ્ટ્રીય સત્તાની વહેંચણી માત્ર કેન્દ્ર અને રાજ્યો વચ્ચે જ કરવામાં આવી છે. ૧૯૭૩ના બંધારણ સુધારા દ્વારા જ્યારે સમગ્ર દેશમાં પંચાયત રાજ્ય વ્યવસ્થા ફરજિયાત કરવામાં આવી ત્યારે પણ રાજ્યોની સત્તામાંથી કેટલીક બાબતોની સત્તા અને અધિકાર રાજ્ય સરકાર પંચાયતોને આપી શકે તેવી જોગવાઈ થઈ છે. પરંતુ કઈ અને કેટલી સત્તા કઈ શરતોએ રાજ્ય સરકાર પંચાયતોને આપે તે જે તે રાજ્યોએ કાયદાથી નક્કી કરવાનું રહે છે. આમ પંચાયતોની સત્તા અને અધિકાર રાજ્ય સરકારની દયા પર નિર્ભર છે. ગુજરાતનો અનુભવ એવો છે કે રાજ્યે ઘણા વિષયોની સત્તા અને અધિકારો પંચાયતોને આપ્યા છે પરંતુ તેમાં એટલી બધી શરતો અને નિયંત્રણો છે કે વાસ્તવિક રીતે આ સત્તાઓનો ઉપયોગ પંચાયતો સ્વવિવેકથી કરી જ શકતી નથી. તેઓ માત્ર સરકારના એજન્ટ તરીકે ફરજો બજાવે છે. આમ સાચા અર્થમાં સત્તાનું વિકેન્દ્રીકરણ થયું નથી, માત્ર ડેલિગેશન થયું છે. આ બાબત પંચાયતરાજની મૂળભૂત

*પ્રામાણિકપણે અસંમતિ દર્શાવવી એ પણ વિકાસની નિશાની છે.*

ભાવના અને વિચારધારા સાથે સુસંગત નથી.

- **વહીવટી સત્તાનું કેન્દ્ર :**

**ગુજરાતમાં કાયદાની જોગવાઇ મુજબ ગ્રામકક્ષાએ ગ્રામ પંચાયતની કારોબારી સત્તા સરપંચને અપાઇ છે. જ્યારે તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રમુખને કોઇ વહીવટી સત્તા નથી. તમામ વહીવટી અને કારોબારી સત્તાઓનું કેન્દ્ર, સરકારે નીમેલા અધિકારીઓ છે.** પરિણામે કાયદાથી જે કક્ષાએ વધુમાં વધુ બાબતોની સત્તાઓ પંચાયતોને અપાઇ હોવાનો યશ લેવાય છે તે કક્ષાએ જ વહીવટી સત્તા પંચાયતના પ્રમુખોના હાથમાં નહીં આપીને સરકારે દિલચોરી દાખવી છે. ગ્રામકક્ષાએ જ્યાં શિક્ષિત અને વહીવટી કાબેલિયત ધરાવતા લોકો પ્રમાણમાં ઓછા હોય છે ત્યાં વહીવટી સત્તા ચૂંટાયેલ વ્યક્તિને અપાઇ છે અને તાલુકા જિલ્લાકક્ષાએ જ્યાં શિક્ષિત અને કાબેલ લોકો ઉપલબ્ધ હોય છે ત્યાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને વહીવટી સત્તા નથી. આમ પ્રજાકીય જવાબદારી ધરાવતા ચૂંટાયેલા પદાધિકારીઓ વહીવટી સત્તાવિહોણા છે. જ્યારે વહીવટી સત્તા ધરાવતા અધિકારીઓની કોઇ પ્રજાકીય જવાબદારી નથી. સત્તા વિનાની જવાબદારી નિષ્પ્રાણ બને છે અને જવાબદારી વિનાની સત્તા ભ્રષ્ટ અને આપખૂદ બને છે. પરિણામે પંચાયતી રાજ સાચા અર્થમાં પ્રજાનું રાજ્ય બની શક્યું નથી. જવાબદારી અને સત્તાનું વિવેકપૂર્ણ સંયોજન જ સાચો ઉકેલ બની શકે.

- **અધિકારીઓની નિમણૂકો :**

કોઇપણ તંત્રની સફળતાનો આધાર તેના સ્ટાફ ઉપર મહદઅંશે રહેલો હોય છે. પંચાયત તંત્રમાં ત્રીજા વર્ગના કર્મચારીઓને જુદા જુદા ખાતાઓમાંથી લઇને પંચાયત કેડરમાં સમાવવામાં આવ્યા છે. તેમ છતાં આ કર્મચારીઓને ગેઝેટેડ કક્ષાની બઢતી માટે તેમના ખાતાના રાજ્ય સરકારમાં બેઠેલા અધિકારીઓને ખુશ રાખવા પડે છે. એટલે તેમની નજર તેમના મૂળ ખાતા તરફ જ રહેતી હોય છે. રાજ્યપત્રિત અધિકારીઓની જગ્યાઓ ઉપર રાજ્ય સરકાર પોતાના અધિકારીઓને ડેપ્યુટેશન પર મૂકે છે. આ અધિકારીઓ ઉપરનું કોઇપણ નિયંત્રણ પંચાયતો પાસે નથી. આવા અધિકારીઓ યાતો પંચાયતોમાંથી બદલી કરાવી રાજ્ય સેવામાં પરત જવાના પેંતરા ગોઠવવામાં મશગૂલ હોય છે અથવા રાજ્ય સેવામાં અણખપતા અને અણમાનીતા હોય અથવા જેમને શિક્ષા કરવી હોય તેવા અધિકારીઓ પંચાયતોમાં મુકાય છે. આથી આવા અધિકારીઓ બિનધાસ્ત રીતે કાર્યશિથિલ થઇ ફાવે તેવું અયોગ્ય વર્તન કરતા હોય છે. કેટલાક સારા અધિકારીઓ પણ તેમની ભવિષ્યની મહત્ત્વાકાંક્ષાઓ સાચવવા અથવા નોકરીના સંજોગો બગડી ન જાય તેવા ડરથી રાજ્ય સરકારમાં બેઠેલા તેમના ખાતાઓના ઉપરીઓની સૂચનાઓ મુજબ જ કામ કરતા હોય છે. આથી પંચાયતના કાયદા અને નિયમોની સ્પષ્ટ જોગવાઇઓ હોવા છતાં રાજ્ય સરકારના ખાતાકીય અધિકારીઓ દ્વારા પંચાયતના અધિકાર અને સત્તા ઉપર કાતર મારવામાં આવતી હોય તેવા ગેરકાનૂની પરિપત્રો અને સૂચનાઓ પણ તેઓ ચેલેન્જ કરતા કે કરાવતા નથી, પરંતુ બ્રહ્મવાક્ય માની તેનું પાલન કરે અને કરાવે છે. ચૂંટાયેલી પાંખ એટલી તૈયાર હોતી નથી કે આવી બાબતો સામે લાલ આંખ કરી શકે. **પરિણામે પંચાયતી રાજ્યની તાત્ત્વિક વિભાવના મુજબ વહીવટ ચાલી શકતો નથી. સરકાર પંચાયતોના વહીવટમાં પોતાની ઇચ્છા મુજબ રમત કરી શકે છે અને ઘાલમેલિયા નેતાઓ અને અમલદારી તંત્રની જુગલબંધી થાય ત્યાં પંચાયત તંત્રને લકવાગ્રસ્ત કરી શકાય છે તેવા આપણા અનુભવો છે.**

- **નાણાંકીય જોગવાઇઓ :**

કોઇ પણ વહીવટીતંત્ર માટે સૌથી અગત્યની બાબત તેના સ્વતંત્ર નાણાંકીય સાધનોની છે. આ બાબતમાં પંચાયત રાજ્ય તંત્ર સંપૂર્ણપણે સરકારી તંત્રનું મોહતાજ છે.

**જમીન મહેસૂલની વસૂલાતમાંથી અપાતો ભાગ એ પંચાયતોની આવકનો મુખ્ય સ્રોત છે. દર એકસો રૂપિયાની સરેરાશ વસૂલાતમાંથી ૩૦ રૂપિયા ગ્રામ પંચાયતને ૧૫ રૂપિયા તાલુકા પંચાયતને અને ૬ રૂપિયા જિલ્લા પંચાયતને મળે છે.** આ રકમ વહીવટી ખર્ચ અને રાજ્ય સરકારના એજન્ટ તરીકે કરવાના વહીવટી કાર્ય માટે પણ પૂરતી થતી નથી એટલે વિકાસ કામો માટે તેમાંથી કોઇ બચત રહેતી નથી. એટલું જ નહીં પણ રાજ્યના મહેસૂલ માફીના જુદા જુદા સુધારાત્મક કાનૂનોના પરિણામે આ રકમ પણ વર્ષોવર્ષ ઘટતી જાય છે.

આવકનો બીજો સ્રોત લોકલ સેસ છે જે માત્ર જિલ્લા પંચાયતને મળે છે. આ સેસની રકમ જૂની જિલ્લા લોકલ બોર્ડની જે જવાબદારીઓ જિલ્લા પંચાયતોને ભાગે આવી છે તેમાં થતા ખર્ચ સામે મળે છે. એટલે આ રકમમાંથી આ જવાબદારીઓનો ખર્ચ જતા ભાગ્યે જ કંઇ બચત રહે છે.

પંચાયત કાયદામાં કરવેરા લેવાની જે જોગવાઇઓ છે તેમાં બતાવાયેલા જુદા જુદા કર અને ફી પૈકી સારી આવક થઇ શકે તેવા માત્ર બેજ કર છે : એક મકાનો અને જમીનો પરનો કર અને બીજો ઓક્ટ્રોય. આ બે પૈકી મુખ્ય આવક આપનાર ઓક્ટ્રોય કર સરકારે રદ કરી નાખ્યો છે અને આ કરની આવકના બદલામાં આપવાની ગ્રાન્ટ અગાઉથી ત્રિમાસિક ધોરણે આપવાની જાહેરાત છતાં તે નિયમિત રીતે પંચાયતોને અપાતી નથી. પરિણામે સમગ્ર રાજ્યનું પંચાયતી તંત્ર લકવાગ્રસ્ત થયું છે. મકાનવેરો એક માત્ર થોડીઘણી આવક આપી શકે તેવો રહ્યો છે. આ ઉપરાંત પાણીવેરો, દીવાબત્તી વેરો અને ગટરવેરો આ ત્રણે કર જે તે સેવાના ખર્ચને પહોંચી શકે તે મુજબ લેવાના હોય છે. એટલે તેમાંથી વધારો થવો શક્ય નથી. ઊલટાનું આ વેરાઓના દરના પ્રમાણમાં તેના નિભાવણી ખર્ચનું પ્રમાણ અતિ ભારે હોવાથી તેમાં ખાધ રહે છે. આ સિવાયના કર અને ફી આવકની દૃષ્ટિએ નગણ્ય જેવા છે.

આમ પંચાયતોના સ્વતંત્ર આવકના સાધનો અતિ મર્યાદિત છે અને જે છે તે પણ રાજ્ય ઉપર આધારિત છે. જિલ્લા અને તાલુકા પંચાયતોની તો લગભગ નેવું ટકા પ્રવૃત્તિઓ રાજ્યની યોજનાઓ અને

*જીવનને દર્પણની માફક જીવનાર ખરો સુખી થાય છે.*

તે માટે રાજ્ય તરફથી મળતી નાણાકીય ફાળવણીઓનો એજન્ટ તરીકે વહીવટ કરવા પૂરતી જ હોય છે. **આથી લગભગ બધી જ જિલ્લા પંચાયતો અને મોટા ભાગની તાલુકા પંચાયતોના સ્વભંડોળ માઇનસમાં ચાલતા હોય છે.** આ એક અતિ ગંભીર નાણાકીય ગેરવ્યવસ્થા હોવા છતાં આ ખાધ પુરવાના બદલે દિવસો દિવસ મોટી થતી જાય છે. રાજ્ય સરકાર માત્ર આ એક જ બહાને ગમે તે પંચાયતને ગમે ત્યારે ગૂંગળાવી મારી નાખી શકે તેમ છે તેમ કહેવું અસ્થાને નથી.

આમ પંચાયતી તંત્રની જુદા જુદા સ્તરની સંસ્થાઓને સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ હોય તેવી કોઈપણ સ્વતંત્ર વિકાસ યોજનાઓ કરવી હોય તો તેમને સ્વતંત્ર રીતે નાણાંની જોગવાઇ કરવી ખૂબ જ કપરી બને છે. રાજ્યની વિવિધ યોજનાઓ હેઠળના કામોનો વહીવટ પણ રાજ્યના અધિકારીઓ દ્વારા નિયમિત થાય તે માટે દરેક જિલ્લામાં આયોજન બોર્ડ કલેક્ટરના અધ્યક્ષપદે સ્થાપીને જિલ્લા પંચાયતોને તદ્દન પાંગળી બનાવી દેવાઇ છે. અધૂરામાં પૂરું હવે કેન્દ્રની યોજનાઓ પણ સીધી ગ્રામકક્ષાએ જ અપાય છે. **આમ પંચાયતોને પોતાના વિકાસ કામો માટે રાજ્યની આયોજન બોર્ડની, ગ્રામ વિકાસ નિગમની, સાંસદો અને ધારાસભ્યોની ગ્રાન્ટોની વગેરે જુદા જુદા સ્રોતોમાંથી રાજ્ય વ્યાપી યોજનાઓના ભાગ તરીકે જે નાણાકીય સુવિધા મળે તેનો ઉપયોગ કરવા સિવાય અન્ય રસ્તો રહેતો નથી.**

૭૩મા બંધારણ સુધારા દ્વારા આનો ઉપાય કરવા નાણાપંચની નિમણૂક કરી તેની ભલામણો મુજબ રાજ્યે પંચાયતોને નાણાંની ફાળવણી કરવા જોગવાઇ કરવામાં આવી છે. પરંતુ ગુજરાત રાજ્યને સંબંધ છે ત્યાં સુધી નાણાપંચની રચના ભારે વિલંબ બાદ થયા પછી પણ આ પંચે કરેલી મોટાભાગની ભલામણો સરકારે સ્વીકારી નથી તેવા સમાચારો બહાર આવ્યા છે. નાણાપંચની રચના રાજ્યપાલે કરવાની હોય છે અને તેની ભલામણો વિધાનસભામાં રજૂ કરવાની હોય છે પરંતુ ભલામણો સ્વીકારવી કે ન સ્વીકારવી તેની મુનસફી રાજ્ય સરકારની છે. એટલે નખ વગરના સિંહ જેવી આ જોગવાઇ બની રહે છે.

ગુજરાતના પંચાયતી રાજ્યની આ અતિ મહત્ત્વની ખૂટતી કડી છે.

## – તો તંત્ર વ્યવસ્થામાં નવો પ્રાણ પુરાય ખૂટતી કડીઓ – ૨

જયાં જયાં સત્તા અને અધિકારોની સુપરત થઇ હોય ત્યાં ત્યાં તેવી સત્તાઓનો દુરુપયોગ ન થાય તે માટેના નિયંત્રણો આવશ્યક બને છે. **રાજ્ય શાસ્ત્રના પ્રખ્યાત સિદ્ધાંત મુજબ સત્તા ભ્રષ્ટતાને નોતરે છે અને અનિયંત્રિત સત્તા સંપૂર્ણ ભ્રષ્ટાચાર નોતરે છે.** આથી દરેક સત્તાતંત્ર માટે નિયંત્રણો પણ એટલા જ જરૂરી અને આવશ્યક મનાય છે. ગુજરાતના પંચાયત કાયદામાં પણ આ અંગેની કેટલીક જોગવાઇઓ છે પરંતુ તેમ છતાં તેની કેટલીક મહત્ત્વની ત્રુટીઓના કારણે આ જોગવાઇઓ મહદઅંશે બિન અસરકારક પુરવાર થઇ છે અને તેના પરિણામે ભ્રષ્ટ તત્ત્વો આ છટકબારીઓનો ઉપયોગ સરળતાથી કરીને સમગ્ર પંચાયત તંત્ર બદનામ થાય તેવા કારનામાઓ અવિરત કરતા રહે છે. આવા નિયંત્રણો અને તેની ત્રુટીઓ ટૂંકમાં જોઇએ.

(૧) પંચાયતોના દરેક સભ્યની ચૂંટાવા માટેની લાયકાતો અને ગેરલાયકાતો કાયદાથી નક્કી કરવામાં આવી છે. આવી કોઇપણ ગેરલાયકાત ધરાવતી વ્યક્તિ સભ્યપદે ચૂંટાઇ જાય અથવા ચૂંટણી બાદ ગેરલાયકાત વહોરે તો તેને સભ્યપદેથી ગેરલાયક ઠરાવવાની સત્તા કલમ ૩૨ મુજબ ચોક્કસ અધિકારીઓને અપાઇ છે. આ અધિકારીઓ કોઇની અરજી પરથી અથવા પોતાની મેળે કાર્યવાહી કરી શકે છે. રાજકીય કારણોસર અધિકારીઓ પોતાની મેળે કંઇ કરતા નથી પણ અરજી થાય ત્યારે પણ તેનો નિકાલ કરવામાં વિલંબ નીતિ અપનાવાય છે. કારણ કે કાયદામાં આવી અરજીઓના નિકાલ માટે કોઇ સમયમર્યાદા અપાઇ નથી. આથી જે તે વ્યક્તિની સભ્યપદની મુદત પૂરી થઇ જાય ત્યાં સુધી આવા પ્રકરણો લંબાવાય છે. **જિલ્લા પંચાયત કચ્છની એક અગત્યની સમિતિના ચેરમેનપદે છ વર્ષ સુધી ભળતી જ વ્યક્તિએ સત્તા ચલાવી તેનો કાર્યકાળ પૂરો થઇ ગયો ત્યાં સુધી કોઇ પગલાં લેવાયા નહીં તે જાણીતી વાત છે. આવી વિલંબ નીતિના અનેક દાખલા બને છે.**

(૨) પંચાયતોની ચૂંટણી માટેના ઉમેદવારી પત્રોના નમૂનામાં ઉમેદવાર ભારતનો નાગરિક છે તેવું ડેકલેરેશન સમાવાયું નથી. આથી ભારતીય નાગરિક ન હોય તેવી વ્યક્તિઓ સભ્યપદે ચૂંટાઇ જાય છે. પાછળથી આ બાબત ધ્યાને આવે તો પણ કંઇ શિક્ષાત્મક કાર્યવાહી થતી નથી તે પણ અનુભવાયું છે.

(૩) બાકી લેણાં જેના ઉપર હોય તે સભ્યપદ માટે લાયકાત ધરાવતા નથી પરંતુ તે માટે તેને ત્રણ મહિના અગાઉ ખાસ નોટિસ તંત્રે આપવી જરૂરી છે. આ જોગવાઇનો અમલ રાજકીય કારણોસર તંત્ર કરતું જ નથી. પરિણામે મોટા પ્રમાણમાં બાકીદારો પંચાયતોના સભ્યપદે ચૂંટાઇ જાય છે. **આ છટકબારી બંધ કરી જેના પર બાકી લેણું હોય તે ઉમેદવારી કરી જ ન શકે તેવી જોગવાઇ થવી જોઇએ** આમ થાય તો વસૂલાતની સ્થિતિ પણ સુધરે.

(૪) કલમ ૫૭-૭૧-૮૫ મુજબ પંચાયતોના હોદ્દેદારો અગર સભ્યો ગેરવર્તણૂક કરે અથવા સત્તાનો દુરુપયોગ કરે તો તેને હોદ્દા પરથી દૂર કરી શકાય છે અગર ગેરલાયક ઠરાવી શકાય છે. પણ આમ કરવાની સત્તા ધરાવતા અધિકારી માટે નિર્ણય લેવાની કોઇ સમયમર્યાદા રખાઇ નથી. આથી આવી બાબતો પણ સમયસર નિર્ણિત થતી નથી. આ ઉપરાંત આવી વ્યક્તિએ સત્તાના દુરુપયોગથી જે લાભ મેળવ્યો હોય અથવા નુકસાન કર્યું હોય તેનો કોઇ ઉપાય કે શિક્ષાની જોગવાઇ નથી.

(૫) આવા હોદ્દેદારો કે સભ્ય હોદ્દો છોડી દે ત્યારબાદ આવી

*મહેનત પર વિશ્વાસ રાખો અને ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા રાખો.*

ગેરવર્તણૂક કે સત્તાના દુરુપયોગની હકીકત બહાર આવે તો તેને ગેરલાયક ઠરાવવા હોદ્દો છોડ્યાની તારીખથી છ મહિનામાં જ પગલું લેવાની મર્યાદા ઠરાવાઈ છે. મોટાભાગે આવા હોદ્દેદારોના આવા કૃત્યો ઓડિટમાં અથવા હોદ્દો છોડ્યા બાદ થોડા સમય પછી જ બહાર આવે છે અને તે પછી પ્રાથમિક તપાસમાં સમય જાય છે. પરિણામે છ મહિનામાં કોઈ પગલાં લેવાતાં નથી અને આવા શખ્સો સરળતાથી છટકી જાય છે. **સમયમર્યાદા હોદ્દો છોડ્યાની તારીખથી રાખવાના બદલે કૃત્ય બહાર આવ્યાની તારીખથી હોવી જોઈએ અને તે કમ સે કમ એક વર્ષની હોવી જોઈએ.**

(૬) નૈતિક અધઃપતનના ગુનામાં સંડોવાયેલ હોય અગર ચોક્કસ ગુનાસર પકડાયેલ હોય તેવા હોદ્દેદારને સસ્પેન્ડ કરવાની જોગવાઈ છે પણ તેમાં હુકમ કરવાની સમયમર્યાદા બાંધેલી નથી.

(૭) પંચાયત કે તેની સમિતિના સભ્ય પંચાયતના નાણાં કે મિલકતના નુકસાન, બગાડ કે ગેરઉપયોગમાં સામેલ હોય અગર કરેલ હોય તો તેની પાસેથી અંગત રીતે નુકસાન કે બગાડની રકમ વસૂલ કરવાની જોગવાઈ કલમ ૨૬૭માં છે. પરંતુ આવા હુકમ કરવાની સત્તા ધરાવતા અધિકારીઓ વર્ષો સુધી કાર્યવાહી કરતા નથી જેથી આ જોગવાઈ પણ બિન અસરકારક બને છે.

આમ પંચાયતો પરના નિયંત્રણની સત્તાઓનો ઉપયોગ કરવાના લગભગ બધા અધિકારો વાસ્તવમાં પંચાયતના અથવા રાજ્યના અધિકારીઓ પાસે છે. આ અધિકારીઓ રાજકીય દબાણ હેઠળ સત્તા પક્ષના હોદ્દેદારો અને સભ્યો સામે પગલાં લેવાનું ટાળે છે અને જ્યાં સામેથી અરજ અહેવાલ થાય ત્યાં વિલંબનીતિ અપનાવે છે. વિરોધપક્ષના સભ્યો અને હોદ્દેદારો સામે ક્ષુલ્લક બાબતોના બહાને પણ પગલાં લેવાની કાર્યવાહીઓ હાથ ધરાય છે. પરિણામે સમગ્ર વ્યવસ્થા નિયંત્રણની દૃષ્ટિએ બિન અસરકારક બની છે અને તેથી જ ઘાલમેલિયા નેતાઓને પીઠબળ મળતાં સમગ્ર પંચાયત રાજ વ્યવસ્થા બદનામ થાય છે. આનો ઉપાય તો જ શક્ય બને જો સ્વતંત્ર ન્યાયિક પંચ જેવી અલગ વ્યવસ્થા ઊભી કરી નિયંત્રણની સત્તાઓ તેને સોંપાય અને જરૂરી હુકમો કરવા માટે સ્પષ્ટ સમયર્યાદા નિશ્ચિત થાય.

- **સત્તાસંઘર્ષ :**

પંચાયતી સંસ્થાઓને મજબૂત બનાવી સ્થાનિક સ્વરાજ્યના સાચા એકમો તરીકે કામ કરતી કરવા આડે વિવિધ એજન્સીઓ વચ્ચેનો સત્તા સંઘર્ષ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૧) પંચાયતી તંત્ર જો અસરકારક કામ કરતું થાય તો તે જિલ્લાકક્ષા સુધીની બાબતો માટે એક મિની સરકાર બની જાય. જો તેમ થાય તો ધારાસભ્યો અને પ્રધાનો તથા રાજ્યકક્ષાની નેતાગીરીનું મહત્ત્વ અતિશય ઓછું થઈ જાય અને રાજકીય વજન પણ જિલ્લાકક્ષાની નેતાગીરીનું ગણનાપાત્ર થાય. આ પરિસ્થિતિના રાજકીય પરિમાણોના સંદર્ભમાં રાજ્યની ઉચ્ચ નેતાગીરી પંચાયતોને સુદૃઢ કરવાના બદલે નબળી બનાવવા જેવા પગલાંઓ જ અમલમાં મૂકે છે.

(૨) પંચાયતી તંત્રના અધિકારીઓ રાજસેવામાંથી આવતા હોવાથી બદલીપાત્ર હોય છે અને સ્થાનિકના હોતા નથી. તેથી પરિસ્થિતિઓની સાચી વિગતોના માહિતગાર હોતા નથી. જ્યારે ચૂંટાયેલા પદાધિકારીઓ પ્રજાકીય પીઠબળ, સત્તાકીય મહત્ત્વાકાંક્ષા અને વિષયના જ્ઞાનના અભાવે બે-લગામ બનતા હોય છે અને અધિકારીઓ જ્ઞાનના ઘમંડ અને નોકરીની સલામતીના ખ્વાબમાં હોય છે. પરિણામે આ બન્ને સત્તાસંઘર્ષ પ્રશ્નોને ગૂંચવે છે.

(૩) ત્રીજું રાજ્ય સરકારના વિવિધ ખાતાઓનું પંચાયતી સંસ્થાઓ તરફનું ઓરમાયું વર્તન, શંકાજનક અભિગમ અને સત્તાના સાચા વિકેન્દ્રીકરણ તરફની છૂપી દિલચોરીના કારણે તે બન્ને વચ્ચેનો વૈચારિક અને વ્યવહારિક સંઘર્ષ પણ પંચાયતોને અસરકારક બનતાં અટકાવે છે. આ સંઘર્ષમાં પણ પંચાયતના અધિકારીઓની વફાદારી રાજ્યના ખાતાઓ તરફ હોતાં પરિસ્થિતિ વધુ બગડે છે.

(૪) પંચાયતી સંસ્થાઓમાં પડેલા સૌના વ્યક્તિગત હિતોનો સંઘર્ષ અને રાજકીય હિતોની તેમાં થતી ભેળસેળ અને પરિણામે ઊભા થતા દબાણ જૂથો અને તેમના વિરોધાભાસી હિતસંબંધો પંચાયતી વ્યવસ્થાને છિન્નભિન્ન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ વિવિધ પ્રકારના સત્તાસંઘર્ષ નિવારવાના અસરકારક ઉપાયો છે. પરંતુ રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ તેમાં મુખ્ય આડખીલી છે તેનો ભાગ્યે જ કોઈ ઇનકાર કરી શકશે.

- **જિલ્લા ફંડોનો સુચારુ ઉપયોગ :**

પંચાયત તંત્રને આર્થિક રીતે મદદરૂપ થવા ગુજરાતના કાયદામાં ક.-૨૨૦ થી ૨૨૩ મુજબ જુદા જુદા પ્રકારના ફંડો ઊભા કરવાની જોગવાઈઓ છે. સન ૧૯૬૩થી અત્યાર લગીના ૩૮ વર્ષમાં આવા ફંડોમાં લાખોની નહીં બલકે કરોડોની રકમો જમા પડેલી છે. આ ફંડોની રકમોના વ્યવસ્થિત અને સુચારુ ઉપયોગ માટેની પ્રવૃત્તિઓ અત્યારપર્યંત અપૂરતી બિન અસરકારક રહી છે. આ ફંડોના ઉપયોગની જોગવાઈઓમાં જરૂરી સુધારા કરી તેનો વ્યવસ્થિત ઉપયોગ થાય તો પંચાયતી સંસ્થાઓને પગભર થવામાં ઘણી મદદ મળી શકે. પરંતુ આવી કરોડોની બિન ઉપયોગી મૂડી સરકારી ખજાનામાંથી બહાર જવા દેવા રાજ્ય સરકાર ઇચ્છે તો જ તે શક્ય બને.

- **ઉપસંહાર :**

પંચાયતી રાજ્ય વ્યવસ્થાની અનેક ખૂટતી કડીઓની પૂર્તિ કરવાથી પંચાયત રાજ્ય વ્યવસ્થામાં નવો પ્રાણવાયુ પુરાશે તેમાં કોઈ શંકા નથી. આ અને આવી અનેક સમસ્યાઓ વિવિધ કમિટીઓ દ્વારા ધ્યાને લેવાઈ છે, ચર્ચાઈ છે અને ઉપાયોની ભલામણો પણ થઈ છે પરંતુ તેનો વાસ્તવિક અમલ કમનસીબે થતો નથી. અધૂરામાં પૂરું અગાઉ નીચેથી ઉપર સુધી સત્તા માળખું એક જ પક્ષમાં કેન્દ્રિત થતું હતું તેના બદલે છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર અને પંચાયતી સંસ્થાઓ વચ્ચે વિરોધાભાસી રાજકીય પક્ષીય પરિસ્થિતિના વલણો ઉપસ્થિત થયા હોવાથી આવા સુધારાત્મક પગલાંઓ લેવામાં આ વલણો મુખ્ય મુશ્કેલી સર્જે છે તે સ્વીકારવું રહ્યું.

*"દીનમાન", જૂનો વાસ, માધાપર, ભુજ-૩૭૦ ૦૨૦.*

*બીજાની સ્વતંત્રતા છીનવી લેવાનો કોઈને પણ હક્ક નથી.*

# 'ક' વર્ગના રાજ્ય દરમિયાન કચ્છનો વિકાસ અને આજની સ્થિતિ

● પ્રા. પૃથ્વી શાહ ●

**પ્રા. પૃથ્વી શાહ.** જૂન ૧૯૪૭માં કર્ણાટક ખાતે જન્મ. એસ.વી કોમર્સ કોલેજ - અમદાવાદ ખાતે સતત ૩૭ વર્ષ અધ્યાપક. કોમર્સ વિભાગના અધ્યક્ષપદેથી ૨૦૦૭ જુલાઈમાં સ્વૈચ્છિક નિવૃત્તિ. સરકાર તરફથી વિવિધ સમયે જિલ્લા નાગરિક પુરવઠા, પ્રૌઢ શિક્ષણ, અછત રાહત, માર્ગ વાહન વ્યવહાર, સરકારી હોસ્પિટલ સમિતિના સભ્યપદે નિયુક્તિ. નામદાર રાજ્યપાલશ્રી તરફથી રેડક્રોસ સોસાયટીની સ્ટેટ એક્ઝિક્યુટિવ કમિટી અને સૌરાષ્ટ્ર યુનિ. ખાતે અધ્યાપક પ્રમોશન કમિટીમાં ગવર્નરશ્રીના પ્રતિનિધિપદે નિયુક્તિ. તેમનાં ત્રણ વાર્તાસંગ્રહ, કાવ્ય સંગ્રહ પ્રકાશિત થયા છે. તેમના કચ્છ અને કાશ્મીર સમસ્યાના સંશોધનાત્મક લેખો ગુજરાતના ખ્યાતનામ દૈનિકોમાં પ્રકાશિત થયા છે. પત્રકાર તરીકે પ્રભાત, ગુજરાત સમાચાર, આસપાસ, શ્રી સાપ્તાહિક વગેરેનો બહોળો અનુભવ ધરાવે છે.

● **પ્રાસ્તાવિક :**

૧૯૪૭માં કચ્છના મહારાવપદે વિજયરાજજી હતા. તેમની નાદુરસ્ત તબિયતને લીધે તેઓને અવારનવાર સારવાર માટે પરદેશ જવું પડતું હતું. એ સમયે કચ્છનું રાજતંત્ર ચલાવવાની જવાબદારી કુમારશ્રી મદનસિંહને સોંપાતી હતી. ૧૯૪૭ના પ્રારંભમાં જ અંગ્રેજો તરફથી દેશને આઝાદી આપવાની તથા દેશના ભાગલાની યોજના ઘડાઈ ચૂકી હતી. આ સમયમાં દેશમાં કેટલાક રાજ્યોના ગઠનને પણ આખરી ઓપ અપાઈ રહ્યો હતો. પરિણામે કુમારશ્રી મદનસિંહને વારંવાર દિલ્હી જવાનું થતું. શ્રી મદનસિંહને આવી એક દિલ્હીની મુલાકાત દરમિયાન જાણવા મળેલ કે મિનિસ્ટ્રી ઓફ સ્ટેટ તરફથી સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય રચવાની દરખાસ્ત છે અને કચ્છને તેની સાથે જોડી દેવાશે. આ પળે કુનેહ દાખવી શ્રી મદનસિંહે ભારત ખાતેના બ્રિટિશ વાઈસરોય લોર્ડ માઉન્ટબેટનને કચ્છ એક સરહદી રાજ્ય હોવા ઉપરાંત તેના આગવા પ્રશ્નો અંગે રજૂઆત કરી. રાજ્યની મર્યાદિત આવકને લીધે સિંચાઈ, વાહન વ્યવહાર, ખેતી, ઉદ્યોગ અને બંદરોનો કચ્છમાં ઝડપી વિકાસ અસંભવ હોવાની શંકા વ્યક્ત કરી. કચ્છની આગવી ભૌગોલિક સ્થિતિ જોતાં કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડવાને બદલે કેન્દ્રની સાથે રાખવાની તેમણે હિમાયત કરી. લોર્ડ માઉન્ટબેટને તેમના સલાહકાર શ્રી વી.પી. મેનનને બોલાવી કચ્છમાં રેલવે અને બંદરોનો મર્યાદિત વિકાસ અને તેનું સરહદી મહત્ત્વ જોતાં કચ્છને કેન્દ્ર હસ્તક રાખવા ભલામણ કરી હતી. ત્યારબાદ શ્રી મદનસિંહે સરદાર વલ્લભભાઈ પટેલને સઘળી હકીકતથી વાકેફ કરતાં તેઓશ્રી પણ શ્રી મદનસિંહની લાગણી સાથે સંમત થયા હતા.

● **કેન્દ્ર શાસિત રાજ્ય :**

આખરે ૧ જૂન, ૧૯૪૮ના મધ્યસ્થ સરકારના એક એકમ તરીકે કચ્છ હિંદ સંઘમાં જોડાયું. કચ્છને કેન્દ્રશાસિત રાજ્યનો દરજ્જો મળ્યો. વહીવટ માટે ચીફ કમિશનરને કચ્છનું તંત્ર સોંપાયું. કચ્છના પ્રથમ ચીફ કમિશનરપદે આઈ.સી.એસ. ઓફિસર શ્રી છોટુભાઈ કાશીભાઈ દેસાઈ (પટેલ)ની નિમણૂક થઈ.

● **લોકશાહીની સ્થાપના :**

૧ જૂનના કચ્છમાં રાજાશાહીની જગ્યાએ લોકશાહી તંત્રની સ્થાપના પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલે મોકલાવેલ સંદેશામાં જણાવ્યું હતું કે કચ્છનું રાજકીય, ભૌગોલિક અને આર્થિક રીતે ઘણું મહત્ત્વ છે. તે હિંદનું એક અગત્યનું સરહદી થાણું છે. વિકાસની રીતે તે પછાત હોવા છતાં તેની કુદરતી સંપત્તિ વિશાળ શક્યતાઓથી ભરપૂર છે. ઘરબારથી વિખૂટા થઈ ગયેલ નિરાશ્રિતો જેમને મદદ, રાહત અને પુનર્વસવાટની જરૂર છે તેમને વસાવવા કચ્છમાં ઘણો અવકાશ છે.

સરહદી વિસ્તાર તરીકે મધ્યસ્થ સરકારે કચ્છ પ્રત્યે વિશેષ લક્ષ આપ્યું. કચ્છનું તંત્ર કાર્યદક્ષતાથી અને લોકશાહી ધોરણે ચાલે અને પ્રગતિ પામેલ રાજ્યોની હરોળમાં તે ઝડપથી આવે એ માટે કાર્યવાહી હાથ ધરી. જુલાઈ ૧૯૪૯ના કચ્છમાં કચ્છીઓની બનેલી એડવાઈઝરી કાઉન્સિલની રચના થઈ. આમ કચ્છના રાજતંત્રમાં પ્રજાના પ્રતિનિધિઓનો અવાજ પ્રવેશ્યો.

● **રાજાશાહીનો અંત :**

૧૬ ફેબ્રુઆરી, ૧૯૪૮ના કચ્છ મહારાવશ્રી વિજયરાજજીનું અવસાન થયું. ૪થી માર્ચ ,૧૯૪૮ના શ્રી મદનસિંહ મહારાવ તરીકે કચ્છની ગાદી પર બેઠા. વાઈસરોય સહિત અનેક રાજવીઓએ તેમને અભિનંદન પાઠવ્યા. શ્રી મદનસિંહ માત્ર પોણા ત્રણ મહિના સત્તા ઉપર રહ્યા. એ ગાળામાં તેમણે ભાયાતો ઉપરના કચ્છ રાજ્યના તમામ લેણા માફ કર્યા. કચ્છની ઘણી શિક્ષણ સંસ્થાઓને નાણાકીય સહાય આપી. શ્રી મદનસિંહે કચ્છના છેલ્લા જાડેજા રાજવી તરીકે કચ્છની ટંકશાળમાંથી તેમના નામના પાંચિયા, કોરી વગેરેના સોના-ચાંદી અને તાંબાના સિક્કા બહાર પડાયા. આ સિક્કાઓની પાછળની

*અભિમાનથી હંમેશાં આપણને જ નુકસાન પહોંચે છે. સૌ સાથે નમ્રતાભર્યું વર્તન રાખવું જોઈએ.*

બાજુએ જયહિંદ શબ્દો છપાયા. તેમના સમયમાં જ રાજાશાહી અંતના ખતપત્ર ઉપર સહી થઇ. અલબત્ત મહારાવશ્રીએ મધ્યસ્થ સરકાર સાથેની સમજૂતી વખતે બે ખાસ વધારાની કલમ મુકાવી હતી. પ્રથમ કલમ મહારાવને વિદેશી હૂંડિયામણ ઉપલબ્ધ કરાવવા અંગેની હતી. બીજી કલમ અનુસાર કચ્છના સમુદ્રી હક્કોનું રક્ષણ કરાવવાનું અને કચ્છ રાજયના અધિકારોનું રક્ષણ કરવાની બાબત હતી. જે હેઠળ ભવિષ્યમાં કચ્છના વહીવટીતંત્રમાં ફેરફાર થાય ત્યારે મહારાવ પાસેથી જરૂરી સંમતિ મેળવવાની હતી. આવી કોઇ સંમતિ દ્વિભાષી રાજ્યની રચના કે ગુજરાત રાજ્યના એક જિલ્લા તરીકે જોડાણ વખતે લેવાઇ નહિં. શ્રી મદનસિંહની વિશિષ્ટ લાયકાત જોઇ મધ્યસ્થ સરકારે તેમને નોર્વે ખાતેના ભારતના પ્રથમ એલચી બનાવ્યા હતા.

- **સચિવાલયની રચના :**

કચ્છમાં જૂન ૧૯૪૮થી વહીવટ મધ્યસ્થ સરકાર હસ્તક લેવાયો. કચ્છને ચીફ કમિશનરના પ્રાંત સાથે ‘ક’ વર્ગના રાજ્ય તરીકે વહીવટ સોંપાયો. એ સમયે કચ્છમાં રહેલ જૂની દીવાન ઓફિસને સચિવાલયમાં તબદીલ કરવામાં આવી. કેટલાક ઉચ્ચ અધિકારીઓ ગૃહખાતાના અમલદાર શ્રી એન.એલ. નાગરને કચ્છ મોકલવામાં આવેલ. તેમણે સચિવાલયની પુનઃ રચનાનો અહેવાલ તૈયાર કર્યો. ૧૯૫૧ બાદ સચિવાલયમાં બે સેક્રેટરી, રજિસ્ટ્રાર અને છ સુપ્રિન્ટેન્ડન્ટ એટલો અધિકારીગણ હતો.

- **મહેસૂલી જિલ્લો :**

કચ્છને મધ્યસ્થ સરકાર તરફથી ‘ક’ વર્ગના રાજયનો દરજ્જો મળેલ અને સમગ્ર રાજ્યના વહીવટી વડા તરીકે ચીફ કમિશનરની નિમણૂક થયેલ. છતાં મહેસૂલી કામકાજ માટે કચ્છને એક જિલ્લો જાહેર કરવામાં આવેલ. ફેબ્રુઆરી ૧૯૪૯ના કચ્છ કલેક્ટરની નિમણૂક કરવામાં આવી. કચ્છના પ્રથમ કલેક્ટરપદે બેરિસ્ટરશ્રી તુલસીદાસ મૂળજી શેઠની નિમણૂક થયેલ. જે શ્રી ટી.એમ. શેઠ તરીકે સમગ્ર કચ્છમાં જાણીતા હતા.

મહેસૂલી કામકાજની સરળતા માટે કચ્છને ત્રણ મુલ્કી વિભાગમાં વિભાજિત કરાયેલ. દરેક વિભાગમાં એક ડેપ્યુટી કલેક્ટરની નિમણૂક કરવામાં આવેલ. મધ્ય વિભાગમાં ભુજ, મુન્દ્રા, માંડવી તાલુકા અને ખાવડા મહાલનો સમાવેશ કરાયો હતો. પૂર્વ વિભાગમાં અંજાર, ભચાઉ, રાપર તાલુકા અને ખડીર મહાલ રખાયા હતા. જયારે નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાનો સમાવેશ પશ્ચિમ વિભાગમાં હતો. આઝાદી અગાઉના કચ્છના જૂના મહેસૂલી વહીવટમાં દરેક તાલુકાના મહેસૂલી અધિકારીને વહીવટદાર અને થાણા તરીકે ઓળખાતા મહાલના અધિકારીને થાણદાર કહેવાતા. ડિસેમ્બર ૧૯૪૯થી વહીવટદારને મામલતદાર અને થાણાદારને મહાલકારી તરીકેની ઓળખ અપાઇ.

- **મહેસૂલી કાયદા અને વસૂલી પદ્ધતિમાં ફેરફાર :**

આઝાદી અગાઉ કચ્છના વિવિધ ગામોમાં મહેસૂલી રસમ અને લાગા વસૂલીની પદ્ધતિ અલગ હતી. અગાઉ ભાગબટાઇ પ્રથા અમલી હોવાથી ખેડૂતે તમામ ઉત્પાદન ખળાવડમાં લાવવું પડતું અને રાજયનો અમલદાર પેદાશમાંથી રાજયનો હિસ્સો મેળવે તે પછી જ ખેડૂતને અનાજ મળતું. એ સમયે ગરાસદારો ખેતીની જમીનની આવકમાંથી પોતાના અંગત ખર્ચની રકમ વસૂલી લેતા. તેથી ખેડૂતો ગરીબીમાં સબડતા અને જમીન મહદઅંશે શાહુકારો પાસે ગીરવી રહેતી.

કચ્છમાં પ્રવર્તતી લાગાલગમ અને મહેસૂલી રસમ પદ્ધતિને સરળ બનાવવા ઓગસ્ટ ૧૯૪૯ના લાગાલગમ સમિતિ બનાવાઇ. આ સમિતિના અહેવાલના આધારે માત્ર ચાર મહિનામાં ડિસેમ્બર ૧૯૪૯થી એક સરખી અને સામાન્ય મહેસૂલી રસમ દાખલ થઇ. કચ્છના ગામેગામ ખાળાવડમાં લેવાતા લાગાલગમ નાબૂદ કરાયા. બન્નીના માલધારીઓ પાસેથી મહેસૂલ રૂપે ઘીનું દાણ લેવામાં આવતું. માલધારીઓ માટે અગવડરૂપ આ પદ્ધતિ બદલી તેમની પાસેથી પનચરીની લાગતથી વસૂલાત લેવાની રસમ દાખલ થઇ.

કચ્છના મહેસૂલી કામકાજમાં થતા સુધારા વધારાથી જનતાને જાણકાર રાખવા કલેક્ટર ઓફિસ તરફથી ૧૯૫૦ ઓક્ટોબરથી દર પખવાડિયે ‘મહેસૂલ પત્રિકા’ બહાર પડાતી. વર્તમાનપત્રોમાં પણ આ સમાચાર આવતા જેથી સામાન્ય માનવી તેના હિતમાં રાજ્ય તરફથી લેવાતા નિર્ણયોથી વાકેફ રહેતો.

ઓગસ્ટ ૧૯૫૩ના કાયદાથી ખાલસા જમીનના ખેડૂતોને માલિકીહક્ક પરત આપવા કાયદો થયો અને મર્યાદિત રકમ ભરવાની શરતે સંપૂર્ણ ખાતેદાર તરીકે તેમને ફરી સ્વીકારવામાં આવ્યા.

૧૯૫૦માં કચ્છમાં મુંબઇનો ૧૯૪૭નો મની લેન્ડર્સ એક્ટ (શાહુકાર ધારો) લાગુ કરાયો. જેથી શાહુકારોના અતિશય ઊંચા વ્યાજના દરે અપાતા ધીરાણ પર અંકુશ લદાયા અને સામાન્ય માનવીને કરબોજમાંથી રાહત આપવા પ્રયત્ન થયા.

આ ઉપરાંત મે ૧૯૫૦થી કચ્છમાં મુંબઇનો જમીન મહેસૂલી કાયદો, મુંબઇ ગણોતધારો, ૧૯૦૬નો મામલતદાર્સ કોર્ટ એક્ટ, ૧૯૩૯નો મહેસૂલ પંચ કાયદા અમલી બનાવાયા. આમ ખેડૂતોના હિતમાં ‘ક’ વર્ગના રાજયમાં થોડા સમયમાં જ ઝડપી સુધારા થયા.

- **કંડલા બંદરનો વિકાસ :**

કચ્છ ‘ક’ વર્ગનું રાજ્ય બન્યા બાદ મધ્યસ્થ સરકારે કંડલાને વિશાળ બંદર તરીકે વિકસાવવાની જવાબદારી માથે લીધી. કરાચી બંદર પાકિસ્તાનમાં જતાં તેનું સ્થાન લઇ શકે એ હેતુથી પશ્ચિમ કાંઠે કંડલાને મહત્ત્વ મળ્યું. કંડલા બંદરના વિકાસ માટે જર્મન અને અન્ય પરદેશી નિષ્ણાતોની સલાહ મેળવાઇ. ૧૯૫૪માં કંડલા આંતરરાષ્ટ્રીય કક્ષાના બંદર તરીકે અસ્તિત્વમાં આવ્યું. કેન્દ્ર સરકારે કંડલાના આધુનિક વિકાસ માટે કરોડો રૂપિયાનું પ્રાથમિક રોકાણ કર્યું.

- **ગાંધીધામની રચના :**

૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા. પાકિસ્તાન નામના નવા દેશની રચના થઇ. પાકિસ્તાનમાં રહેલ લઘુમતી કોમના લોકો ભારતમાં આવવા સ્થળાંતર કરી રહ્યા હતા. જેમાં ઘણા સિંધી હિંદુઓ હતા. સિંધ વિસ્તારમાંથી સ્થળાંતર કરનારની ભાષા અને સંસ્કૃતિ કચ્છને મળતી હતી. મૂળ સિંધ પ્રાંતના ઉદ્યોગપતિ અને સમાજસેવક શ્રી ભાઇ પ્રતાપ દયાલદાસે આ બાબતે મહાત્મા ગાંધીને

*આપણી અડધી જિંદગી જૂની પેઢીને સમજવામાં જાય છે અને બાકીની અડધી જિંદગી નવી પેઢીને સમજવામાં જાય છે.*

રજૂઆત કરી અને ગાંધીજીના નામે 'ગાંધીધામ'ની રચના માટે આશીર્વાદ અને પરવાનગી માગ્યા. ગાંધીજીના આશીર્વાદ સાથે આ હેતુ માટે કચ્છનું રાજતંત્ર સંભાળતા કુમારશ્રી મદનસિંહને રજૂઆત થઇ. તેમણે પણ સંમતિ આપી. મહારાવશ્રી તરફથી અંજાર તાલુકાની કંડલા બંદર નજદીકની પંદર હજાર એકર જમીન આ હેતુ માટે ફાળવવામાં આવી.

આ વિસ્તારના વિકાસ માટે જો ખાનગી માલિકીની જમીન ખરીદવી પડે તો નાણાકીય જરૂરત પડે. એ ઉપરાંત સરકારી જમીનમાં રહેણાંકના મકાન બાંધવા અને માળખાકીય સુવિધા માટે નાણાની જરૂરિયાત રહે. હેતુની પૂર્તતા માટે દિલ્હી ખાતે બેઠકો મળી. પરિણામે 'ક' વર્ગના રાજ્ય દરમિયાન સિંધુ રિ-સેટલમેન્ટ કોર્પોરેશન નામની કંપની અસ્તિત્વમાં આવી. ગાંધીધામના વિકાસ માટે આખરી માસ્ટર પ્લાન અમેરિકન ટાઉન પ્લાનિંગ ફર્મ મેસર્સ આદમ્સ અને ગ્રીલ તરફથી બનાવાયેલ અને મધ્યસ્થ સરકાર તરફથી મંજૂર થયેલ. ૧૯૫૬ સુધીમાં એટલે કે 'ક' વર્ગના રાજ્યશાસન દરમિયાન અહીં સાત હજાર ટેનામેન્ટ બની ચૂક્યા હતા. આ ગાળામાં દુકાનો અને મકાનો મળી ૫૧૯૭ની સંખ્યાની સરકારી લોનથી બનેલ અને તે નિરાશ્રિત બનેલ લોકોને ભાડા ખરીદ પદ્ધતિથી વેચી દેવામાં આવેલ. આમ અસંખ્ય નિરાધાર લોકોને 'ઘરનું ઘર' સ્વપ્ન સાકાર થયેલ.

### ● દુકાળ પ્રસંગે પગલાં :

દેશના ભાગલા અગાઉ દુકાળ સમયે કચ્છના લોકો પોતાના ઢોર સાથે સિંધ તરફ જતા અને વરસાદ થતાં વતન પરત આવતા. આઝાદી બાદ સિંધ પાકિસ્તાનમાં જતાં આ સવલત ઝૂંટવાઇ ગઇ. ૧ જૂન, ૧૯૪૮ના કચ્છનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું અને બે મહિનામાં જ દુકાળની વિકટ સ્થિતિ પેદા થઇ. એ તબક્કે કચ્છના ચીફ કમિશનરે દિલ્હી જઇ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી. પરિણામે દિલ્હી ખાતે ૨૦ સપ્ટેમ્બર, ૧૯૪૮ના આંતરખાતાઓની પરિષદ ખાસ કચ્છના દુકાળ સંદર્ભમાં બોલાવાઇ. ચીફ કમિશનરે દુકાળ કાર્યનો પ્રબંધ, ફ્રી કોલ્સની મદદ અને પશુઓ માટે ઘાસચારો ઉપલબ્ધ કરાવવા રજૂઆત કરી. પરિણામે દુકાળની અસરવાળા વિસ્તારમાં તાત્કાલિક રસ્તા અને ખાણેત્રાના કામો શરૂ થઇ શક્યા. કેન્દ્ર સરકારે રસ્તા કામો, તગાવી લોન, ફ્રી કોલ્સ, ખાણેત્રા, સિંચાઇ તળાવ અને ફોડર સબસિડી માટે તાત્કાલિક ૬૧.૫ લાખ મંજૂર કર્યા. એ ઉપરાંત વધારાના સિંચાઇ તળાવો બાંધવા, પાંજરાપોળને મદદ કરવા અને બન્નીના માલધારીઓને ખોળ સ્વરૂપે લોન આપવા ચીફ કમિશનરને સત્તા અપાઇ. દુકાળ સમયમાં અશક્તિને લીધે ઢોરમાં રોગચાળો ન ફેલાય એ માટે કેન્દ્રમાંથી વેટરનરી ડોક્ટર પણ મોકલાયા અને ટૂંકા ગાળામાં ત્રીસ હજાર ઢોરને રસી મુકવામાં આવી.

એ વખતે દુકાળ ફંડમાંથી ૧૮૦ માઇલમાં માટીકામ થયું. દરરોજ ચાર હજાર ચારસો મજૂરોને રોજગારી અપાઇ. ૧૯૭૨ મજૂરોને નવ સિંચાઇ તળાવ ખાતે રોજી મળી. સિંચાઇ ખાતાએ ચારસો બોરિંગ નાખ્યા. ખેડૂતોને ૮૦ નવા કૂવા બનાવવા તગાવી અપાઇ. પરિણામે કચ્છ દુકાળ પાર કરી ગયું અને કચ્છનો વિકાસ પણ થયો.

### ● ૧૯૫૦ની અતિવૃષ્ટિ :

એ સમયે કચ્છનો સરેરાશ વરસાદ ચૌદ ઈંચ ગણાતો. પરંતુ ૧૯૫૦ની ૧૩ અને ૧૪ જુલાઇ એ બે દિવસમાં જ ભુજમાં ૧૮ ઈંચ, માંડવી ૭ ઈંચ, મુન્દ્રા ૧૦½ ઈંચ, અંજાર ૧૫ ઈંચ, નખત્રાણામાં ૯ ઈંચ વરસાદ નોંધાયો. પરિણામે કાચા મકાનો પડી ગયા. જમીન ધોવાઇ ગઇ. નદીઓના પૂરથી નુકસાન થયું. કેટલાય પૂલ તૂટ્યા. ગામડાના ઘણા તળાવ તૂટ્યા. એ સમયે રાહત માટે કેન્દ્ર સરકારને રજૂઆત થઇ. કેન્દ્ર સરકારે ઝડપી તપાસ કરાવી તગાવી પેટે પાંચ લાખ, તળાવી પાળ-બંધ-કૂવાના સમારકામ માટે દોઢ લાખ, નગરસભાઓને રસ્તા રિપેરિંગ માટે પચાસ હજાર, અતિવૃષ્ટિના ભોગ બનેલા જેમની નબળી આર્થિક સ્થિતિ હોય તેમને મફત મદદ માટે અઢી લાખ તેમજ મધ્યમવર્ગના લોકોને વ્યાજરૂપે મદદરૂપ થવા અઢી લાખ એમ કુલ બાર લાખની રકમ મંજૂર થઇ. આ રકમની ન્યાયી વહેંચણી માટે શ્રી પ્રેમજી ઠક્કર, શ્રી કાંતિપ્રસાદ અંતાણી શ્રી મૂળશંકર ગોરની મુખ્ય સમિતિમાં નિમણૂક થઇ. તાલુકા ખાતે મામલતદાર અને તાલુકા કાર્યકરોની સમિતિ બનાવાઇ જેથી અતિવૃષ્ટિના નુકસાનમાંથી કચ્છ અને કચ્છના લોકો ઉગરી શક્યા.

### ● સામૂહિક વિકાસ યોજના :

આઝાદી બાદ દેશને ઝડપથી વિકાસના પંથે લાવવાનો હતો. ખાસ કરીને ગામડાની જરૂરિયાતો જેવી કે શાળાના ઓરડા, દવાખાના, આરોગ્ય રક્ષણ, પાણીની વ્યવસ્થા, ઘરવિહોણાને મકાન તેમજ રસ્તા અંગે પગલાં લેવાના હતા. આ માટે જનભાગીદારી સાથે સામૂહિક વિકાસ કાર્યક્રમ ઓક્ટોબર ૧૯૫૨થી કેન્દ્ર સરકારે અમલમાં મૂક્યો. આ માટે તાલુકા કક્ષાએ વિકાસ ઘટક કચેરી ખોલવાની હતી. ૧૯૫૬ સુધીમાં ભુજ, અંજાર, નખત્રાણા, માંડવી, અબડાસા, રાપરને વિકાસ ઘટક હેઠળ આવરી લેવાયા હતા.

### ● ૧૯૫૬નો ધરતીકંપ :

૨૧ જુલાઇ, ૧૯૫૬ના કચ્છમાં ભયાનક ભૂકંપ થયો. ભુજ-અંજાર-ભચાઉ સુધીના વિસ્તારમાં ભારે તારાજી થઇ. અંજારમાં તો ભૂકંપમાં ૧૦૭ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા. આ ભૂકંપમાં કુલ આશરે ૨૨૨૫ મકાન ધરાશયી થયા હતા અને ૬૦૫૧ જેટલા મકાનોને તિરાડ પડી હતી. સરકારે તાત્કાલિક પગલાં લીધાં. અંજારના દેવળિયા નાકા બહાર નવી વસાહત વસાવવાનું નક્કી થયું. દેશના વડાપ્રધાને પણ કચ્છની મુલાકાત લઇ ભૂકંપગ્રસ્ત વિસ્તારને બેઠું કરવામાં અંગત રસ લઇ લક્ષ આપ્યું હતું. એ વખતના વડાપ્રધાને નવી બનેલ વસાહત 'જવાહર નગર'નું તોરણ જાતે બાંધ્યું હતું. આમ આફત સમયે કેન્દ્રની સીધી દેખરેખનો લાભ કચ્છને મળતો હતો.

આમ દેશના સરહદી 'ક' વર્ગના રાજ્ય તરીકે કચ્છને સર્વાંગી રીતે વિકસાવવા કેન્દ્ર સરકાર તત્પર હતી. કચ્છમાં ઉપસ્થિત થતી પ્રત્યેક સમસ્યાના નિવારણ માટે કચ્છના વહીવટીતંત્રની જેમ પળના વિલંબ વિના કેન્દ્ર સરકાર પણ કચ્છની પડખે ઊભી રહેતી હતી. ભુજ મોટા હવાઇ મથક તરીકે વિકસાવવાનું હતું. કચ્છના મહત્ત્વના મીઠા ઉદ્યોગ, ખનિજ ઉદ્યોગના વિકાસ માટે પગલાં લેવાઇ રહ્યા હતાં. પશુપાલન ક્ષેત્રે લક્ષ અપાઇ રહ્યું હતું. દુકાળગ્રસ્ત કચ્છની પાણીની સમસ્યા હલ કરવા એક સમયે કચ્છમાંથી વહેતી સિંધુ નહેરમાંથી પાણી લાવવા કેન્દ્ર સાથે વાટાઘાટ ચાલી રહી હતી. ૧૯૪૮માં

*ઠગાઈ કરવા કરતાં નિષ્ફળ જવું અનેક રીતે સારું છે.*

કેન્દ્રના ઇરિગેશન કમિશને પાંચ વરસમાં કચ્છમાં કેન્દ્રના નાણાના સહયોગથી ૫૬ નવા ડેમ અને કેનાલ બનાવવા સૂચન કરેલ. કચ્છમાં રાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શન પણ યોજાઇ રહ્યા હતા. એવામાં ૧૯૫૩માં દેશના રાજ્યોના પુનઃ ગઠન માટે પંચ નિમાયું. આ પંચ ૧૯૫૫માં કચ્છ આવ્યું. કચ્છનું અલગ રાજ્ય હોવા છતાં માત્ર સલાહકાર સમિતિ મળી હતી. પ્રધાનપદું મળ્યું ન હતું. નેતાઓને કચ્છ ખાબોચિયા સમાન જણાતું હતું. તેથી વિશાળ રાજ્યમાં ભળી પ્રધાનપદાની અંગત લાલસામાં એ વખતના નેતાઓએ કદાચ કચ્છને રાજ્યમાંથી અન્ય રાજ્યનો એક જિલ્લો માત્ર બનાવવાનો ઠરાવ કર્યો.

આમ કચ્છના એ વખતના નેતાઓને કચ્છનું અલગ રાજ્ય ખાબોચિયા સમાન દેખાયું. વિશાળ રાજ્યમાં હોદ્દો મેળવવાની અંગત લાલસામાં દ્વિભાષી મુંબઇ રાજ્યમાં ભળી જવાનો ઠરાવ બંધબારણે કર્યો. એ પ્રસંગે કચ્છની જનતાનો જનમત ન લેવાયો. વહીવટી તંત્રમાં ફેરફાર સમયે કેન્દ્ર સાથે થયેલ સંધિ મુજબ કચ્છના મહારાવશ્રીની સંમતિ મેળવવાની દરકાર પણ ન લેવાઇ. નેતાઓની અંગત કદ વધારવાની મનોદશામાં-અવિચારી લાલસામાં કચ્છનું કદ એકદમ ઘટી ગયું. કચ્છ અન્ય એક રાજ્યનો માત્ર જિલ્લો બની રહ્યો. તેના પરિણામે સ્વતંત્ર સચિવાલય ગયું, નીતિવિષયક નિર્ણયો લેવાની સ્થાનિક સત્તા ગઇ, કચ્છી પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સલાહકાર સમિતિ ગઇ, રાજ્યનો દરજ્જો ગયો. કેન્દ્ર સરકારમાં તેનો અવાજ રૂંધાયો કેન્દ્રમાંથી રાજ્ય તરીકે મળતી સીધી મદદ બંધ થઇ. કચ્છનું અવમૂલ્યન ઓછું હોય તેમ ગુજરાત રાજ્યની રચના બાદ કચ્છને રાજ્યનો સામાન્ય જિલ્લો ગણતાં કચ્છને વિભાગીય કચેરીઓ પણ ન મળી. કેટલીય વિભાગીય કચેરીઓ રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર રહી તેથી કચ્છના અધિકારીઓને નિર્ણય માટે વારંવાર વિવિધ જગ્યાએ ફાઇલો લઇ દોડવાના દિવસો આવ્યા.

ભારતના બંધારણમાં કલમ ૩૭૧(ક) હેઠળ કચ્છ માટે વિકાસ બોર્ડની ભલામણ હતી તે અન્વયે બોર્ડના કામકાજનો અહેવાલ દર વરસે રાજ્ય વિધાનસભામાં મૂકવાની જોગવાઇ છે પરંતુ કચ્છને આવા બોર્ડથી પણ વંચિત રખાયો.

અત્રે નોંધવાનું કે સરહદી વિસ્તારને નાતે દેશમાં નવા રાજ્ય અસ્તિત્વમાં આવ્યા. તેમાં સિક્કીમ, અરૂણાચલ, મિઝોરમ વગેરેનો સમાવેશ થાય છે. ૨૦૦૧ની વસતિ ગણતરી અનુસાર સિક્કીમની વસતિ પાંચ લાખ ચાલીસ હજાર, અરૂણાચલની વસતિ દસ લાખ સત્તાણુ હજાર, મિઝોરમની વસતિ આઠ લાખ અઠ્યાસી હજાર છે. સિક્કીમમાં ચાર જિલ્લા છે. અરૂણાચલ તેર જિલ્લા અને મિઝોરમમાં આઠ જિલ્લા સમાવિષ્ટ છે. આ રાજ્યોમાં વિધાનસભા છે અને સ્થાનિક મંત્રીમંડળ પણ છે. જ્યારે ૨૦૦૧ અનુસાર એક વખતના કચ્છ રાજ્યની વસતિ ૧૫ લાખ ૮૩ હજાર છે. વધુમાં આ નાના રાજ્યોનું ક્ષેત્રફળ કચ્છ કરતાં ઓછું છે. કચ્છનું કુલ ક્ષેત્રફળ ૪૫,૬૫૨ ચો. કિ.મી. છે. જે સમગ્ર ગુજરાતની કુલ જમીનના ૨૨.૫ ટકા થાય છે. કચ્છનો વિસ્તાર વધુ હોવા છતાં વિધાનસભામાં માત્ર છ ધારાસભ્ય હોવાથી સામૂહિક વિકાસ માટે કચ્છને વર્ષ ૨૦૧૧-૧૨ માટે માત્ર રૂપિયા ત્રણસો લાખ ફાળવાયા છે. જ્યારે વિકસિત અને વધુ વસતિ ધરાવતા અમદાવાદ જિલ્લાને નવસો પચાસ લાખ ફાળવાયા છે. કચ્છમાં વિકાસની વિપુલ તક છતાં તેની અવગણના થવાથી વસતિ મર્યાદિત રહી છે અને ગ્રાન્ટ પણ મર્યાદિત મળે છે. કચ્છમાં વિપુલ ખનિજ સંપત્તિ છે પરંતુ તેમાંથી મળતી આવકનો હિસ્સો કચ્છમાં કેટલો વપરાય છે એ પણ વિચારણીય છે.

નર્મદા યોજનાના લાભથી કચ્છ વરસો સુધી વંચિત રહ્યું. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ અમદાવાદ વસવાટ કરતા મૂળ કચ્છી આગેવાન શ્રી અશોક મહેતાએ પહેલ કરી રાઇટ ટુ ઇન્ફરમેશન એક્ટ હેઠળ સરકારમાં પત્રો લખ્યા. ગાંધીનગર જઇ રૂબરૂ રજૂઆતો કરી અને લેખ લખ્યા. આખરે કચ્છમાં નર્મદા યોજનાની કામગીરી આગળ ધપી.

કચ્છની વિશિષ્ટ આબોહવા છે. અલગ બોલી છે, આગવા સંસ્કાર છે. સ્વતંત્રતા સમયે રાજ્યનો દરજ્જો પ્રાપ્ત કરનાર કચ્છના લોકોનું આજે સરકારી નોકરીઓમાં પ્રમાણ કેટલું? અરે, કચ્છમાં જ કચ્છી શિક્ષકોનું પ્રમાણ સમજવા જેવું છે. વરસો પછી કચ્છ યુનિ. મળી પણ તેનું ઉપકુલપતિપદ કચ્છી પાસે નથી રહ્યું. કચ્છમાં વિશાળ પશુધન હોવા છતાં વિસ્તારના પ્રમાણમાં પશુ દવાખાના, પશુ આહાર કારખાનાં, પશુ ઉછેર કેન્દ્ર, પશુ બજાર, ચામડાને વિકસાવવાનાં કારખાનાં અને વેટરનરી અભ્યાસ સંદર્ભની સ્થિતિ તપાસવા જેવી છે. કચ્છમાં અનેક પ્રવાસનધામ છે, ધાર્મિક દેવસ્થાન છે પરંતુ ધનાઢ્ય લોકો માટે ઉજવાતા રણોત્સવ સિવાય પ્રવાસન વિભાગ તરફથી નિયમિત પેકેજ ટૂરના આયોજનની સ્થિતિ સમજવા જેવી છે. કચ્છના હવાઇ મથકની સ્થિતિ જાણવાની જરૂર છે. કચ્છની તુલનામાં નાના સરહદી રાજ્યોના વિવિધ ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર તરફથી મળેલ ખાસ પેકેજ અને આયોજન પંચ તરફથી થતી ફાળવણીનો અભ્યાસ કરવા જેવો છે.

કચ્છને નંદનવન બનાવવું હશે તો હવે કચ્છના અમદાવાદ અને મુંબઇમાં વસવાટ કરતા વતન પ્રેમીઓએ જાગૃત થવાની જરૂર છે. કચ્છને વસતિને આધારે નહિં પણ વિસ્તારને વિકસીત કરવાની દૃષ્ટિએ નાણાકીય ફાળવણી થાય એ જોવાની તાતી જરૂર છે. કચ્છનું તેના કદ પ્રમાણે ગૌરવ જળવાય અને ભૂતકાળનું સન્માનનીય સ્થાન તેને પ્રાપ્ત થાય એ દિશામાં લક્ષ આપવાની જરૂર છે.

'ક' વર્ગના રાજ્યશાસન દરમિયાન આરોગ્યને અનુલક્ષી ફરતું દવાખાનું શરૂ કરાયેલ. જે ભુજ આસપાસના ગામોને આવરી લેતું. ૧૯૫૦ની અતિવૃષ્ટિ બાદ મેલેરિયાનો ઉપદ્રવ વધતાં મેલેરિયા અટકાવવાની દવાનું વિના મૂલ્યે સમગ્ર કચ્છમાં વિતરણ કરાયેલ. તાલુકાના ડોક્ટરોને ગામડામાં સેવા આપવા મોકલવામાં આવ્યા. માંડવી અને મુન્દ્રા તાલુકામાં શીતળાનો રોગચાળો ફેલાતા લોકોને રસીકરણથી અને રક્ષણના ઉપાય બનાવી શીતળાનો રોગચાળો અટકાવાયો.


કચ્છ રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણી મફત હતી. ઉચ્ચ કેળવણી માટે હાઇસ્કૂલ અને કૉલેજોમાં સરકાર તરફથી શિષ્યવૃત્તિ અપાતી હતી. કેળવણી વિકાસ માટે મુંબઇ રાજ્યનો ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ કચ્છમાં લાગુ કરાયેલ. મોટી ઉંમરની વ્યક્તિ ભણે તે માટે વિવિધ તાલુકામાં ૧૧ રાત્રી શાળા ચલાવાતી. દરેક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી નિષ્ણાત ડોક્ટરો મારફત કરાવવાની વ્યવસ્થા હતી.

*પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦,*
*ગાંધીનગર-૩૮૨ ૦૩૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૧૫૭૫*

*દુઃખ એ પોતાને જાણવા સમજવા માટેનું યોગ્ય દર્પણ છે.*

# કચ્છમાં ધરતીકંપ પછીનો રાજ્ય વહીવટ

● શશિકાંત એમ. ઠક્કર ●



**શ્રી શશિકાંત મોહનલાલ ઠક્કર**નો જન્મ ૩૧-૧૨-૧૯૩૫ના રોજ થયો. તેઓ B.A., LL.B. થયા બાદ સરકારમાં મહેસૂલ ખાતામાં જોડાયા અને તેની અનેક પરીક્ષાઓ પાસ કરી. તેઓએ સરકારી નોકરીમાંથી ૧૯૮૭માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ અનેક સામાજિક સેવા સંસ્થાઓમાં માનદ્ સેવાઓ આપી છે. તેઓ એક સફળ વકીલ તરીકે મહેસૂલી, ગણોત વગેરે વિષયોમાં સલાહ માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓએ જુદા સામયિકોમાં મનનીય લેખો લખ્યા છે. કચ્છના દૈનિક 'કચ્છ મિત્ર'ની 'મંગળ પૂર્તિ'માં 'પ્રજાતંત્રના પ્રશ્નો' નામની નિયમિત લોકપ્રિય કોલમ પ્રકાશિત થાય છે. આ લેખોનો સંગ્રહ 'રવિકિરણે કચ્છ' ત્રણ ભાગોમાં પ્રકાશિત થયો છે. તેઓશ્રી માધાપર લોહાણા મહાજન સંસ્થાના પ્રથમ પ્રમુખ તેમજ મેનેજિંગ ટ્રસ્ટી છે. તદુપરાંત બીજી અનેક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદના ઉપાધ્યક્ષ છે.

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ગોઝારા દિવસે ભયંકર ભૂકંપે સમગ્ર ગુજરાતને ધમરોળ્યું. પરંતુ વધુમાં વધુ ખુવારી કચ્છે ભોગવી. સન ૧૯૯૬થી અવારનવાર થતી આગાહીઓને પ્રજા અને તંત્ર બન્નેએ ગંભીરતાથી લીધી નહીં. મારા જેવા સામાન્ય માણસે પણ કચ્છમાં છેલ્લા ૧૭૫ વર્ષમાં થયેલા ભૂકંપોનું પૃથક્કરણ કરી સન ૨૦૦૧થી શરૂ થતા દસકામાં કચ્છમાં ભયંકર ભૂકંપ આવવાની શક્યતા છે તેવું તા. ૨૮-૮-૯૬ના મારા લેખમાં જણાવેલું. આજ બાબત સન ૧૯૯૮માં આવેલ વાવાઝોડાં વખતે પણ તા. ૨૧-૭-૯૮ના લેખમાં લખેલી. અવગણનાનું પરિણામ આ પ્રમાણે આવ્યું.

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના સવારે ૮.૪૬ કલાકે ભુજથી ઉત્તર પશ્ચિમે ૨૦ કિ.મી.ના અંતરે આવેલા કેન્દ્ર બિંદુથી ભયંકર તબાહી આવી. રાજ્યના ૨૧ જિલ્લા ૧૮૧ તાલુકા અને ૭૬૩૩ ગામોને અસર થઈ. કચ્છના બધાજ ૮૯૦ ગામો તબાહીમાં સપડાયા. જે રાજ્યના કુલ ગામોના ૧૨ ટકા જેટલા હતા. રાજ્યના ૧૭ તાલુકામાંથી કચ્છના ૬ તાલુકાના ૪૪૩ ગામો તીવ્ર અસરગ્રસ્ત બન્યા. જેનું પ્રમાણ ૩૮ ટકા હતું. રાજ્યના ૨૨૯ ગામોમાં ૭૦ ટકાથી વધારે મકાનો નાશ પામ્યા. તે પૈકી અંદાજે ૧૯૯૦૪ મૃત્યુ થયા તેના ૫૨ ટકા એટલે ૧૦૩૧૫ મૃત્યુ કચ્છમાં થયા. રાજ્યના ૧૬૬૦૬૧ ઈજાગ્રસ્તો પૈકી ૧૩૬૦૪૮ એટલે ૮૨ ટકા કચ્છના. પશુ મૃત્યુ ૯૫ ટકા કચ્છના. નાશ પામેલ ઘરો ૬૩ ટકા કચ્છનાં. નુકસાન પામેલ ઘરો ૨૧ ટકા કચ્છના. ઈન્ડોર દર્દી ૬૫ ટકા કચ્છનાં. નાના અને મધ્યમ ઉદ્યોગોનું નુકસાન ૬૧ ટકા માત્ર કચ્છમાં. એકંદરે ૮૦થી ૯૦ ટકા ખુવારી કચ્છે ભોગવી. સારવાર માટે રાજ્યમાં ઉપલબ્ધ ૪૧૦ હોસ્પિટલ અને ૯૯૧ પીએચસી પૈકી માત્ર ૪૯ હોસ્પિટલ અને ૩૭ પીએચસી મળી માત્ર છ ટકા સારવાર સેવા કચ્છમાં ઉપલબ્ધ હતી. તે પણ ભૂકંપના કારણે બિનઉપયોગી બની હતી.

આટલી મોટી ભયંકર આફતની કળ કચ્છી પ્રજા અને વહીવટીતંત્રને ખૂબ ઝડપથી વળી અને રાજ્ય સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને અસરગ્રસ્ત લોકોના સુભગ સમન્વયથી અનેક મૂંઝવણો અને મુશ્કેલીઓ વચ્ચે માર્ગ કાઢતાં કાઢતાં આજે કચ્છ ફિનીક્સ પક્ષીની જેમ બેઠું થઇ ગયું છે અને જેટ ગતિથી વિકાસના પથ પર કદમ માંડ્યા છે, તે અવિસ્મરણીય અને દુનિયામાં નોંધપાત્ર ઘટના છે તેમાં બેમત નથી. પરંતુ તેમ છતાં આ કાર્યમાં આપણી સૌની કઇ મુશ્કેલીઓ હતી, શું પ્રશ્નો ઊભા થયા અને તેના શું પરિણામો આવ્યા તેનું વિશ્લેષણ ભવિષ્યની કેડી કંડારવા માટે કરવું જરૂરી અને ઈચ્છનીય છે.

● **પુનઃવસન પેકેજો :**

ભૂકંપ પછી રાજ્ય સરકારે અસરગ્રસ્તોના પુનઃવસન માટે એકદમ ઝડપથી જુદા-જુદા પેકેજો જાહેર કર્યા. આ જાહેરાત તા. ૧૪-૨-૦૧ના થઈ અને તેના લેખિત ઠરાવો તા. ૨૪-૨-૦૧ના બહાર પડાયા. શરૂના તબક્કામાં સ્વાભાવિકપણે તેમાં કેટલીક અસમાનતાઓ અને અસમંજસ ઊભી થઈ. કયા ગામો કયા પેકેજમાં આવશે જેવા સવાલો થયા. પરંતુ ક્રમાનુસાર આ પ્રશ્નોના સુખદ ઉકેલો પણ આવતા ગયા. મકાનોના બાંધકામ અને રિપેરિંગના માપદંડો નક્કી કરવામાં બે ત્રણ મહિનાનો સમય ગયો અને ત્યાં સુધી તમામ રિપેરિંગ કામગીરી પણ પ્રતિબંધિત કરાઇ. મોટાભાગની પંચાયતો તત્સમયે વહીવટદારોના તાબામાં હતી અને વહીવટી સ્ટાફનો અભાવ અને હાજર સ્ટાફને પુનઃવસન કામગીરીમાં

*ગમે તેવો શોક એક કલાકના વાચનથી શમી જાય છે.*

જોતરવામાં આવતાં પંચાયત કક્ષાએ કામગીરી સંભાળનારાઓનો અભાવ મુશ્કેલી સર્જક રહ્યો.

● **બાંધકામ માટે માલ સામાન :**

સરકારે મકાનોના પુનઃનિર્માણ અને રિપેરિંગમાં મદદરૂપ થવા સિમેન્ટ, લોખંડ, રેતી, કાંકરી, કપચી વગેરે માલસામાન લોકોને વાજબી ભાવે મળી રહે તે માટે લગભગ ૨૦ જેટલી મટીરિયલ બેન્કો ઊભી કરવામાં આવી પરંતુ માલનો પુરવઠો અને વિતરણની વ્યવસ્થા સુપેરે ન થતાં, જોઇએ તેવી મદદ લોકો મેળવી શક્યા નહીં.

● **ઉદ્યોગો માટે પેકેજ :**

આ પછી ઉદ્યોગોને બેઠા કરવા સરકારે ઉદાર પેકેજ આપ્યું અને આ પેકેજની તમામ વિગતો વર્તમાનપત્રોમાં જાહેર કરવામાં આવી તેથી તેનો લાભ ઘણા લોકોને સારી રીતે મળી શક્યો.

● **અનુવાદમાં છબરડા :**

પેકેજો સરકાર દ્વારા જાહેર થયા તેમાં અંગ્રેજી મૂળ ઠરાવના ગુજરાતી અનુવાદમાં થયેલ મહત્ત્વની ભૂલે સમગ્ર પેકેજના અમલીકરણની દિશા બદલી નાખી અને તેના પરિણામે ઊભા થયેલા પ્રશ્નો આજે પણ લોકોને પીડી રહ્યા છે. પ્રથમના ફેબ્રુઆરી ૨૦૦૧માં જાહેર થયેલા પેકેજમાં મહત્ત્વની વાત એ હતી કે સરકારની નીતિ લોકોને થયેલ નુકસાનનું વળતર આપવાની ન હતી પરંતુ ખરેખર અસરગ્રસ્તોને રાહત પહોંચાડવાની હતી. આ વાતના સંદર્ભમાં તેમાં ભાડૂતી મકાનો અંગેની કાર્યવાહીની જોગવાઇ હતી. ગુજરાતી અનુવાદમાં આ મહત્ત્વની નીતિનો ઉલ્લેખ ખવાઇ ગયો. પરિણામે જે મકાનો ક્ષતિગ્રસ્ત થયા હતા તેમાં બેઠેલા લોકો પછી તે માલિક હોય ભાડૂત હોય કે અન્ય કોઇ હોય તેને રાહત આપવાના બદલે મકાનના માલિકોને રાહત અપાઇ. પછી ભલે આવા માલિકો કચ્છ બહાર પણ વસતા હોય. આજે પણ ભાડૂતોના પુનઃવસનનો પ્રશ્ન આજ કારણે ઉકેલ વિનાનો રહ્યો છે.

● **ગ્રામ્ય પુનઃવસન :**

એકંદર પરિસ્થિતિ જોતાં જાહેર થયેલા પેકેજોમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચે અસમાનતા હોવા છતાં પણ ગ્રામ્ય વિસ્તારોનું પુનઃવસન સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી અને ગામડાંઓ દત્તક લેવાની વ્યવસ્થાના પરિણામ સ્વરૂપે ખૂબ ઝડપથી અને સારી રીતે પૂરું થયું અને જે ગ્રામ્ય પ્રજા ગારમાટીના મકાનોમાં રહેતી તેમને સુવિધાપૂર્ણ પાકાં મકાનો ઉપલબ્ધ થયા. મહત્ત્વની ખામી એ રહી કે આયોજનકારોએ શહેરી સંસ્કૃતિ અને ગ્રામીણ સંસ્કૃતિ વચ્ચેનો ભેદ પારખ્યા વિના શહેરી સંસ્કૃતિ મુજબના મકાનો બાંધ્યા. તેના પરિણામે ઘણા ગામોમાં આજે પણ આ મકાનોનો ઉપયોગ સ્ટોર અગર ગોડાઉન તરીકે થાય છે અને લોકો પાછા પોતાના જૂના સ્થળોએ વસવાટ કરે છે.

● **અસમાનતા :**

ભૂકંપ સહાયના ધોરણોમાં અને ચૂકવણીની નીતિમાં પણ કચ્છના વિસ્તારો અને રાજ્યના અન્ય વિસ્તારો વચ્ચે અસમાનતા રખાઇ. જેના પરિણામે અન્ય વિસ્તારોમાં એક આંકડે અસરગ્રસ્તોને એક માસમાં જ સહાય ચૂકવાઇ, જ્યારે કચ્છમાં અસરગ્રસ્તો હપ્તા લેવાની પળોજણમાં પરોવાયા, જેમાંથી આજ સુધી ઘણા અસરગ્રસ્તો બહાર આવી શક્યા નથી. પરિણામે હપ્તાઓમાં મળેલ રકમોનો ઉપયોગ પણ જે તે હેતુસર થયો નહીં.

● **સત્તામંડળોમાં પ્રજાકીય અભાવ :**

શહેરોના પુનઃવસન માટે સરકારે ચાર મહત્ત્વના શહેરો, ભુજ-અંજાર-રાપર અને ભચાઉ માટે વિસ્તાર વિકાસ સત્તામંડળોની રચના કરી આ વિસ્તારોમાં ટાઉન ડેવલપમેન્ટ યોજનાનો અમલ કરાવ્યો. આ યોજનાના અમલ માટેના તંત્રમાં ક્યાંય પ્રજાકીય પ્રતિનિધિઓનો સમાવેશ કરાયો નહીં અને કાયદામાં ખાસ સુધારો કરી કચ્છના સત્તામંડળો માત્ર વહીવટી અધિકારીઓના હવાલે મૂકાયા. આના પરિણામે ડેવલપમેન્ટ પ્લાનની વિગતોની પૂરી જાણકારી લોકોને અપાઇ નહીં, લોક પ્રતિનિધિઓને વિશ્વાસમાં ન લેવાયા, અને લોકોને વાજબી સૂચનો કરી શકવાની વ્યવસ્થા પણ અપાઇ નહીં. સત્તામંડળોમાં મૂકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓએ આ તકનો લાભ લઇ ભયંકર ભ્રષ્ટાચાર આચર્યો અને મનસ્વી અને ભેદભાવયુક્ત નિર્ણયો લેતા રહીને સમગ્ર આયોજનને તિતર-બિતર કરી નાખ્યું. જેના ફળ આજે પણ લોકોને અને નગરપાલિકાને ભોગવવા પડે છે. એકની જમીન કપાતમાં લઇ બીજાને આપી દેવી અને હયાત બાંધકામ બિનજરૂરી તોડાવીને તે જમીન બીજાને એલોટ કરવી એવા કેટલાય ગેરકાનૂની કાર્યો બિનદાસ્ત થયા. જેથી અસર પામેલા લોકો આજે પણ આંસુ સારે છે.

● **નમૂનારૂપ કામગીરી :**

ભૂકંપની ભયંકર આપત્તિના પરિણામે જ્યારે સમગ્ર વિસ્તારમાં અને તંત્રમાં અફડાતફડીનો માહોલ હતો ત્યારે પણ તંત્રના કેટલાક વિભાગોએ નમૂનારૂપ કામગીરી કરી લોકોને એવી રાહત પહોંચાડી જેના સુખદ સંભારણા જીવનપર્યંત યાદ રહેશે.

● **આરોગ્ય સારવાર :**

સૌપ્રથમ ઇજાગ્રસ્ત લોકોને સારવાર આપવાનો પ્રશ્ન હતો. કચ્છની મુખ્ય જનરલ હોસ્પિટલ પત્તાંના મહેલની માફક ધરાશાયી થઇ હતી ત્યારે જ્યુબિલી ગ્રાઉન્ડમાં કામચલાઉ વ્યવસ્થા ઊભી કરીને લોકોને પ્રાથમિક સારવાર આપવાનું અને દવા વિતરણ કરવાનું મહત્ત્વનું કામ આ ક્ષેત્રના લોકોએ, ડૉક્ટરોએ અને દવાના વેપારીઓએ ઉપાડી લીધું. આ કાર્યમાં સૈન્યની હોસ્પિટલ અને સૈન્ય અધિકારીઓએ સારામાં સારી સેવા આપી અને ગંભીર ઇજાગ્રસ્તોને વિમાન દ્વારા બહાર મોકલી અન્ય હોસ્પિટલોમાં પહોંચાડવાની સમયસરની અતિ જરૂરી સેવા તેમણે બજાવી.

● **વીજળી :**

ગામેગામ વીજળી ખોરવાઇ ગઇ હતી. કચ્છના વીજતંત્રે વીજ પુરવઠો પૂર્વવત કરવા રાતદિવસ જોયા વિના પ્રશંસનીય કામગીરી કરી. તે જો ન કરી હોત તો ઘણા ગામોમાં પીવાનું પાણી પણ ઉપલબ્ધ ન થઇ શક્યું હોત.

● **સંદેશા વ્યવહાર :**

સંદેશા વ્યવહારને પૂર્વવત કરવા ટેલિફોન તંત્રની મહેનત પણ દાદ માગી લે તેવી હતી. ટપાલ તંત્રે ટીવીના માધ્યમે અને

*મનુષ્ય એક માત્ર એવું જાનવર છે જેનાથી હું પૂરેપૂરો બીઉં છું.*

આકાશવાણીએ પણ પોતાની સેવાઓ પૂર્વવત કરી લોકોને એકબીજાના ક્ષેમકુશળ પહોંચાડવામાં સારી મદદ કરી.

- **મહેસૂલી કામગીરી :**

સામાન્ય રીતે જે તંત્ર સામે લોકોની ફરિયાદો હોય છે તે મહેસૂલી તંત્રે પણ રાત દિવસ જોયા વિના તેમને સોંપાયેલ કામમાં ખૂબ ઝડપ અને દક્ષતા દાખવી. કેશ ડોલ્સનું વિતરણ, મૃત્યુ સહાય અને ઇજાગ્રસ્તોની સહાયતા ચૂકવણી કરવામાં તેમણે અદમ્ય ઝડપ બજાવી. એટલું જ નહીં પણ મૃત્યુ સહાય અને ઇજાગ્રસ્તોને સહાય આપવામાં ક્યાંય સ્વાર્થ વૃત્તિની પણ ફરિયાદો ન આવી. અલબત્ત મકાન સહાયના વિતરણમાં સરવેયરોની ગરબડોના કારણે ઘણો વિલંબ થયો અને લોકોને મુશ્કેલીઓ પણ થઇ.

- **સરવેમાં ગરબડ :**

સરવેયરોની ગરબડનો ઉકેલ લેવા રિ-સરવે કરાવાઇ. પરંતુ નિયંત્રણ અને દેખરેખના અભાવે તેમાં ઊલટી ગરબડો વધી. તે પછી હાઇકોર્ટના સૂચન મુજબ લોકપાલની નિમણૂક થઇ. પરંતુ લોકપાલના નિર્ણયોને કાયદાનો આધાર ન અપાતાં તેના નિર્ણયોનો પણ તંત્રે અમલ ન કર્યો.

સરવે, સહાય વિતરણ અને ટાઉન પ્લાનિંગના ઘણા વ્યક્તિગત પ્રશ્નો ઊભા થયા. તે અંગે લોકોને ન્યાય આપવાની કોઇ વ્યવસ્થા થઇ નહીં. મોડે મોડે સરકારે અપેલેટ ઓથોરિટીની વ્યવસ્થા મંજૂર કરી પણ તે કાર્યાન્વિત ન થઇ. પરિણામે જે લોકોને તંત્ર તરફથી અન્યાય થયાનો અહેસાસ હતો તેમને ન્યાય મેળવવા કોઇ વિકલ્પ ન હતો. પરિણામે ભ્રષ્ટાચારને ખૂબજ મોકળું મેદાન મળ્યું.

- **મલબાની સફાઇ :**

ગામેગામ ધરાશાયી થયેલાં મકાનોનો મલબો સાફ કરાવી જનજીવન પૂર્વવત કરવાનો પ્રશ્ન પણ વ્યાપક હતો. સરકારે આ માટે સ્થાનિક ગ્રામ સમિતિ દ્વારા પ્રત્યેક ઘરના મલબા દીઠ ચોક્કસ રકમ નક્કી કરીને મલબો ઉપડાવવાની યોજના જાહેર કરી. પરંતુ ઉચ્ચ અધિકારીઓની ઉપરથી આવેલી સૂચનાઓના પગલે તમામ ગામોમાં આ કાર્ય ચોક્કસ કોન્ટ્રાક્ટરો દ્વારા કરાવવામાં આવ્યું અને પરિણામે તેમાં થયેલ ખાયકીનો ભોગ બન્યા શિક્ષકો, તલાટીઓ, ગ્રામસેવકો અને સરપંચો. મગરમચ્છો છટકી ગયા પણ માછલીઓ સપડાઇ ગઇ. આજે પણ આ પ્રશ્ન અનેકને પીડા આપતો રહ્યો છે.

- **ઉદ્યોગોની સ્થાપના - ઝોનિંગનો અભાવ :**

ભૂકંપની તબાહીના પરિણામે કચ્છને એક મોટો ફાયદો થયો પણ તેની સાથોસાથ મુશ્કેલીઓ પણ આવી. કેન્દ્ર સરકારે કચ્છમાં ઉદ્યોગ સ્થપાય તેને પાંચ વર્ષ કર માફીની યોજના કરી. આના પરિણામે અને રાજ્ય સરકારની ઉદ્યોગોને અનુકૂળતાઓ કરી આપવાની નીતિના પરિણામે કચ્છમાં જ્યાં ઉદ્યોગો નહિવત હતા ત્યાં એક પછી એક નાના મોટા ઉદ્યોગો સ્થપાતા ગયા. અહીં મોટી એક ભૂલ એ થઇ છે કે ઉદ્યોગો માટેની ઝોનિંગ સિસ્ટમ દાખલ કરવામાં ન આવી. આથી જેને જ્યાં ઠીક લાગે ત્યાં ઉદ્યોગો સ્થપાતા ગયા. પરિણામે પર્યાવરણના અનેક પ્રશ્નો ઊભા થયા. બહારના રાજ્યોના મજૂરો અને કારીગરો લેવાયાના પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી. સ્થાનિક રોજગારી પૂરી પાડવાનો હેતુ સર્યો નહીં. સારી ખેતીની પેદાશો આપતી જમીનો બિનખેતીમાં ફેરવાઇ, ઉદ્યોગોના હવાલે થઇ. કારણકે આ વિસ્તારોમાં આંતરમાળખાની સગવડો ઉપલબ્ધ હતી. જ્યારે વેરાન વિસ્તારો જ્યાં કોઇ પ્રદૂષણના પ્રશ્નો ઊભા ન થાય તેવા વિસ્તારોમાં ઉદ્યોગો ગયા જ નહીં. આથી વિકાસ ખૂબ થયો છતાં તે અસમાનતા ભર્યો થયો.

ઉદ્યોગોની આવશ્યકતા પાણીની. પરંતુ તે આવશ્યકતા પૂરતા પ્રમાણમાં નર્મદાની પાઇપલાઇન દ્વારા ઉપલબ્ધ ન થતાં ભૂગર્ભ જળ ઉલેચવાનું અમર્યાદપણે વધ્યું.

- **જમીનોની કિંમતોમાં વૃદ્ધિ :**

અલબત્ત કચ્છના ખેડૂતોને અકલ્પ્ય ફાયદો એ થયો કે જે જમીનની કોઇ લેવાલ ન હતી તેવી જમીનો પણ લાખો અને કરોડોની કિંમતની બની ગઇ અને ટપોટપ જમીનો વેચાતી ગઇ. ખેડૂતો ખોબે ખોબે નોટો ગણતા થયા અને પરિણામે કચ્છમાં વાહનોની ખરીદી અમર્યાદપણે વધી. લગ્ન વગેરે સામાજિક પ્રસંગોમાં અમર્યાદ ખર્ચ થવા લાગ્યો અને ધીમે ધીમે ખેતી સંકોચાવા લાગી. ઉદ્યોગો ધરાવતા વિસ્તારોમાં આજે ખેતી નહિવત છે અને જમીનો બંજર બનતી જાય છે.

- **મહેસૂલી દફ્તરની અસમંજસ :**

કચ્છમાં જમીનોની વિપુલતા અને તદ્દન નજીવી કિંમતના કારણે જમીનોના દફ્તરોમાં ન તો તંત્રને દિલચસ્પી હતી કે ન તો લોકોને. પરિણામે કચ્છનું મહેસૂલી દફ્તર તદ્દન અવ્યવસ્થિત દશામાં હતું. આખા રાજ્યમાં ક્યાંય ન હોય તેવા મહેસૂલી દફ્તર સંબંધિત પ્રશ્નો કચ્છમાં હતા. જે તે સમયે આ પ્રશ્નોના સરળ ઉકેલ માટે સરકારી હુકમો પણ થયા હતા પરંતુ બન્ને પક્ષની ઉદાસીનતાના કારણે તેના યોગ્ય અમલ થયો ન હતો. ઔદ્યોગિકીકરણના પગલે એકતરફ જમીનો મેળવવા માટે ઉદ્યોગોની માંગ ઊભી થઇ અને બીજી બાજુ તેના પરિણામે કિંમતોમાં વધારો થયો. આથી જમીનોના દફ્તરની અસમંજસનો લાભ લઇ બોગસ વ્યવહારો થયા. વહીવટી તંત્રના ભ્રષ્ટ તત્વોએ અને દલાલો તેમજ રાજકારણીઓએ તેનો ભરપૂર લાભ લઇ બે પાંદડે પણ થયા અને ગરીબ અને પહોંચ વિનાના લોકોને પોતાની જમીનો ગુમાવવાનો પણ વારો આવ્યો.

- **બિન ખેતીની પળોજણ :**

સરકારે ઉદ્યોગોને સરળતા કરી આપવા બિનખેતી મંજૂરી મેળવવાની વિધિ કાનૂની ફેરફારો કરી સરળ બનાવી. તો ઉદ્યોગો ખેડૂત ન હોવા છતાં ઉદ્યોગ કરવા માટે ખેતીની જમીનો ખરીદી શકે તેવા કાયદામાં સુધારા કર્યા. થોડો સમય આ બધું સમુસુતરું ચાલ્યું, પરંતુ ત્યારબાદ કચ્છના કેટલાક ઉચ્ચ અધિકારીઓને કાયદાના સકંજામાં લેવામાં આવતાં સમગ્ર વહીવટીતંત્ર નકારાત્મક બની ગયું હોવાથી અગાઉના પ્રશ્નો તેના વરવા સ્વરૂપમાં બહાર આવવા લાગ્યા છે. આથી જે ઉદ્યોગકારોએ કરોડોના રોકાણ કરી ઉદ્યોગ શરૂ કર્યા છે તેમને પણ જમીનોની વહીવટી વિધિઓ પૂરી ન કરી શકવાના પરિણામે જબરદસ્ત નુકસાન થાય તેવી પરિસ્થિતિ ઊભી થઇ છે.

*આંખોની દૃષ્ટિ, એ સાચી દૃષ્ટિ નથી. જ્ઞાનની દૃષ્ટિ એ જ સાચી દૃષ્ટિ છે.*

સરકારે બિનખેતી મંજૂરીની પ્રક્રિયા સરળ બનાવવા વખતોવખત હુકમો કર્યા છે. પરંતુ તેમ છતાં આજે મોટાભાગના પ્રકરણોમાં ટાઇટલના પ્રશ્નો જૂના, અસ્પષ્ટ મહેસૂલી દફતરોના આધારે ઊભા કરી બિનખેતી મંજૂરી આપવાનો ઇનકાર કરાય છે. તેથી જેમણે ઉદ્યોગો કાયદા મુજબની છુટછાટના આધારે શરૂ કરેલા છે તેમની સ્થિતિ સાપે છછુંદર વળ્યા જેવી થઇ છે.

**• માપણી વધારાનો દુ:ખાવો :**

આવોજ પ્રશ્ન માપણી વધારાનો છે જે રાજયમાં ક્યાંય નથી. આ પ્રશ્નનો સરળ ઉકેલ સરકારે છેક ૧૯૭૭માં કરી આપ્યો છે પણ બન્ને પક્ષે ઉદાસીનતાના કારણે તેનો અમલ થયો નથી અને તેથી ત્યારબાદ જુદી જુદી કક્ષાએ તેમાં મુંઝવણોનો ઉમેરો થતો ગયો છે અને આજે ખાનગી માલિકીની આ જમીનોના વૈજ્ઞાનિક માપણીના પરિણામે નોંધાયેલા માપોનો સ્વાભાવિક તફાવત દબાણ ગણી, ભળતી રકમો કિંમત તરીકે વસૂલવા અને તેમ કર્યા પછી પણ તે જમીનો નવી શરતની ગણવાની ગેરકાનૂની શરતો લાદયા પછી પણ સમય મર્યાદામાં તેનું નિરાકરણ થતું નથી.

આ તો ઠીક પણ વર્ષો અગાઉ તત્સમયના હુકમો મુજબ જે કેસો નિયમિત થયેલા છે તે પણ ખોટા થયા છે એમ ગણી તેને પણ ઉખેળવામાં આવે છે. આવી અનૈતિક, ક્રુર અને હાંસીપાત્ર કાર્યવાહીને અટકાવવા પણ કચ્છની કોઇ આગેવાની આગળ આવતી નથી તે એક મોટી કમનસીબી છે.

**• પી.આર. ની જમીનો :**

આવોજ બીજો પ્રશ્ન કોઇપણ કાનૂની કાર્યવાહી કર્યા વિના ઇનામ નાબૂદી ધારા હેઠળ ખોટી રીતે સરકારના ખાતામાં ચડાવી દેવાયેલી ખાનગી જમીનોનો છે. આ પ્રશ્નનો સરળ ઉકેલ કરતો ઠરાવ સરકારે છેક ૧૯૭૦માં કરેલ હોવા છતાં તેનો વ્યાપકપણે અમલ થયો નથી અને ગામેગામ આવા વીસ પચીસ સરવે નંબરો ખોટી રીતે સરકારમાં ચડેલા છે જે વળી સરકારી ગણી કોઇને અપાય ત્યારે કબજાના પ્રશ્નો ઊભા થાય છે.

**• માપણીનો અભાવ :**

સન ૧૯૬૦ પછી સાંથણીમાં કે અન્યથા અપાયેલ જમીનોની મોટાભાગની માપણી થઇ નથી અને જ્યાં માપણી થઇ છે ત્યાં તે નકશામાં બેસાડાઇ નથી. આથી તકવાદી તત્ત્વો જમીનના ભાવો વધતાં પોતાને મંજૂર થયેલ જગ્યાના બદલે અન્ય સારી જગ્યાએ ગોઠવાઇ જાય છે અને સામાન્ય અને ગરીબ લોકોની મંજૂર થયેલ જમીન પણ તેમના નામે ચડતી નથી.

**• ટાઉન પ્લાનિંગ :**

શહેરી વિસ્તારમાં જે ટાઉન પ્લાનિંગ થયું તેના નકશા સિટી સરવેના દફતર મુજબ દોરવામાં આવ્યા. ધરતીકંપ પછી જ્યારે ટાઉન પ્લાનિંગ કરવાનું હતું તે વખતે સ્થાનિકે સ્થિતિ હતી તેને તદ્દન નજરઅંદાજ કરાઇ. સિટી સરવે વીસ પચીસ વર્ષ અગાઉ થયેલ. ત્યારબાદ જે તે ફેરફારો સ્થળ, સ્થિતિ અને માલિકીના થયા તે ફેરફારો સિટી સરવે દફતરમાં કરતા જવા માટે મેન્ટેનન્સ સરવેયરો હતા નહીં. પરિણામે મૂળ સિટી સરવે વખતનું જે દફતર અને નકશા હતા તેના પર જ ટાઉન પ્લાનિંગના લીટા દોરાયા. આથી અંદરોઅંદરના હક્કોના અને માલિકીના ઝઘડાઓ થયા. કેટલાય લીટિગેશન થયા અને લોકોને ખૂબ હેરાનગતિ થઇ. ખાસ કરીને માલિકો અને ભાડૂતોના ઝઘડા પણ ઘણા થયા. હજુ આજે પણ છેલ્લા કેટલાયે વર્ષોમાં જે ખેતીની જમીનો બિનખેતી થઇ છે અગર નવી સોસાયટીઓ બંધાઇ છે તે સિટી સરવેમાં મિલકતવાર દાખલ થઇ નથી અને આ પ્રશ્નને હલ કરવાની કોઇ યંત્રણા આજે પણ વહીવટીતંત્ર પાસે નથી.

**• શરત ફેરફાર :**

નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા માટે સરકારે સન ૧૯૯૬માં ખૂબજ ઉદાર નીતિ અપનાવી. તેમ છતાં જે જે પ્રશ્નો ઊભા થયા તે અંગે શક્ય તેટલી સરળતા કરી આપવામાં આવી. અને જે નવી શરતની જમીનો પંદરવર્ષીય સળંગ કબજામાં હોય તેને અરજી કર્યા વિના જૂની શરતમાં ફેરવી આપવા હુકમો થયા. બિનખેતી હેતુ માટે પ્રીમિયમ નક્કી કરવાની વિધિ પણ સરળ બનાવી જંત્રીના દરો મુજબ પ્રીમિયમ લેવા હુકમો કર્યા.

આમ છતાં સ્થાનિક વહીવટીતંત્રે તેના અમલમાં પણ જાત જાતના ગતકડાં કાઢ્યે રાખ્યાં અને જ્યાં અરજદાર પ્રીમિયમ ભરવા તૈયાર હોય ત્યાં પણ પ્રીમિયમ નક્કી કરી આપવામાં પણ વિલંબ નીતિ અખત્યાર કરી. સામાન્ય ધોરણ મુજબ જે સમયે જે નીતિ અમલમાં હોય તે મુજબ હુકમો થયા હોય. પાછળથી જ્યારે નીતિમાં ફેરફાર થાય ત્યારે તે ફેરફાર પાછલી અસરથી અમલમાં ન લેવાય. તેમ છતાં અગાઉ જે તે સમયે થયેલા હુકમો ખોટા થયા છે તેમ ગણી અરજદારોની માંગણીઓ નામંજૂર કરવામાં આવે છે.

**• ટાઇટલના પ્રશ્નો :**

બિનખેતીની મંજૂરી મેળવવામાં પણ સુપ્રીમકોર્ટ અને હાઇકોર્ટના સ્પષ્ટ ચુકાદાઓ હોવા છતાં તમારું ટાઇટલ ક્લિયર નથી એવા મોઘમ બહાના તળે મંજૂરીઓ અટકાવાય છે. વિવિધ અધિકારીઓના અભિપ્રાય ૨૧ દિવસમાં ખાતાકીય રીતે મેળવવાના હોય છે અને તે ન આવે તો તેની જરૂર નથી તેમ માની મંજૂરી આપવાના સ્પષ્ટ સરકારી હુકમો છતાં અરજદારોને વિવિધ ખાતાઓ પાસે દોડાવાય છે અને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન અપાય છે. ટાઉન પ્લાનિંગ ખાતાએ તૈયાર કરી મંજૂર કરેલા લેઆઉટ પ્લાનમાં પણ મનસ્વી ફેરફારો વહીવટી અધિકારીઓ દ્વારા વિના અધિકારે સૂચવાય છે અને અરજદારોને બમણા ખર્ચના ખાડામાં ઉતારાય છે.

**• ઉપસંહાર :**

ધરતીકંપ પછીના દસ વર્ષની એકંદર કામગીરીનું વિશ્લેષણ કરીએ તો એ સ્પષ્ટ થાય છે કે સરકારના ઉદ્દેશો સારા હોવા છતાં અને ઉદારતાથી સમયે સમયે હુકમો થયા છતાં તેના અમલીકરણના તબક્કે જવાબદેયીતા, નિયંત્રણ અને સંવેદનશીલતાના અભાવના કારણે અને ભ્રષ્ટાચારને અમર્યાદ મોકળાશ હોવાના કારણે ભાવના મુજબ અમલ થયો નથી. તેથી લોકોને પરેશાની ભોગવવી પડી છે અને છેલ્લા બે વર્ષથી તો સમગ્ર તંત્ર નકારાત્મક અભિગમથી ગ્રસિત થયેલા હોવાથી સાચા કામો પણ સુપેરે પાર પાડવા શક્ય બનતા નથી.

*'દિનમાન', ખોજા ફળિયા,*
*જૂના વાસ, માધાપર, તા. ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૦૧૩૮*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

*કામ, ક્રોધ અને લોભ એ ત્રણે મોટા ચોર છે, એ ચોરોની સાથે પ્રવાસ કરવો એ આપઘાત કરવા જેવું છે.*

# કચ્છની લોકકળાઓ અને કારીગરી

• ખોડીદાસ પરમાર •

## • લોકકળા - કારીગરી :

દેશ કે પરદેશની લગભગ બધી જ લોકકળાઓ અને કારીગરી એ તળપદ લોકોની રૂઢિ પરંપરા અને પ્રણાલિઓમાંથી અવતરિત એવી કોઠાસૂઝની સરજતો છે. એની રચનાનું સર્જન કાર્ય વિશેષ રૂપે સાંધિકદળનાં સરજનથી મંડાયું હોવાથી આ લોકકલાકારીને જનસમાજે પોતીકી ગણીને માણી અને પ્રમાણી છે.

લોકસંઘના સમૂહથી ગણ્ય રૂપે નિષ્પન્ન થયેલી આ કળાકારીનું સ્વરૂપ સરળ બાંધાનું, સાદગીભર્યું અને તત્કાલે સહજ રીતે ઉપલબ્ધ એવી સામગ્રીમાંથી સર્જાયું હોવાથી તળપદ જનતાની લોકનારીઓ-કળાકારો, કારીગરો, વસવાયા- એ સહુએ પોતપોતાની આવડત અને કોઠાસૂઝના આધારે પરંપરાગત રીતે ઉતરી આવેલી લોકકળાકારીગરીનું ચિત્રણ-ઘડતર, કંડારણ કે મંડન રૂઢિ પ્રમાણે ચાલુ રાખ્યું, તો કોઈ વાર કોઈ કલાપ્રેક્ષીએ પોતાની અંગત સૂઝનું નાવીન્ય ઉમેરીને પણ પરંપરાએ ચાલી આવતી કળાકારીગરીમાં કશુંક નવું ઉમેર્યું પણ છે. આમ, પ્રાચીન, મધ્ય કાળ વટાવીને લોકકળાકારીગરીનો સ્રોત ઊતરી આવેલો છે.

આ દર્શિત લોકકળાઓ કારીગરો તેમજ લોકનારીઓ દ્વારા સાંધિક રીતે સર્જિત કળા પ્રકાર છે. તેનો ઉપયોગ લોકો સાંસારિક લોકવ્યવહાર તેમજ દેવ-દેવીઓનાં વિધિવિધાન અને અનુષ્ઠાનોમાં કરતા હોવાથી આ લોકકળાકારીગરીમાં અભદ્રતા નથી હોતી, પણ જનરુચિને ગમે એવી ભદ્રિકતા સાથે તેજસ્વી રંગો અને ઘાટ-સઘાટે રૂપદર્શી હોવાથી સહુ તેને સ્વીકારે છે.

લોકકળાકારીગરીનો વિકાસ અને ઘડતર સાંધિક રીતે થયાં હોવાથી તે લોકનારીઓ, કલાકારો, વસવાયા દ્વારા નિર્મિત થયેલી 'લોકકળા' છે. એકલ વ્યક્તિના સર્જનકાર્યમાં જે રીતે નામ-છાપ હોય છે, પણ લોકકળા સાંધિક સર્જન હોવાથી તેમાં કોઈ નામ-છાપ નથી હોતી.

## • કચ્છની લોકકળાઓ :

ભારતના પશ્ચિમ છેડે સિંધ-પાકિસ્તાનને અડીને આવેલો કચ્છ પ્રદેશ ગુજરાત રાજ્યનો જ ભાગ છે. કચ્છ સમુદ્ર અને રણ વચ્ચે કાચબા જેવા આકારનો લાગતો હોવાથી એનું નામ "કચ્છ" થયું હશે.

કચ્છમાં હરપ્પન સભ્યતાની પરંપરાના "ધોળાવીરા", "સૂર કોટડા" વગેરેના ઉત્ખનનમાંથી હરપ્પા પરંપરાની સંસ્કૃતિના પાંચેક હજાર વર્ષ પૂર્વેના અવશેષો મળ્યા છે, તેમાં પ્રાચીન કચ્છી લોકકળાની એંધાણીઓ જોઇ શકાય છે.

ઈ.સ. પૂર્વે ૩૨૬માં સિકંદર કચ્છમાંથી પસાર થયેલો ત્યારે મોટું રણ અર્ણવ હતો. તે પછી કચ્છમાં ફેરફાર થતા ગયા અને આ પ્રદેશમાં અનેક જાત-પ્રાંતની પ્રજાઓનો પગ ફેરો ચાલુ રહેલો એવું અનુમાન કરાય છે.

સિકંદર પછી મૌર્ય, શુંગ, કાઠી ઉપરાંત ક્ષત્રપના તો 'લાઠ્ય' (યષ્ટિ) જેવા શિલાલેખો, આંધૌમાંથી મળ્યા છે. એ પછી યવન, ક્ષહરથ-શક, કૃષાન, હૂણ જેવાં પ્રજાજૂથો અહીં આવી વસ્યા છે.

આભીર, રબારી, ભરવાડ, જત વગેરે જેવા માલધારીઓ, ખારવા, સંઘાર જેવા દરિયાખેડૂઓ, કણબી, રાજપૂતો, ગરાસિયા જેવા ખેડવાયા ઉપરાંત વસવાયા, ભણસાલી, લોહાણા, સમા, સુમરા, જેઠીમલ્લ વગેરે છે.

સિંધ જવાનો પુરાણો જમીન માર્ગ કચ્છમાંથી જતો હોવાથી તેમજ વિવિધ કલાકારીનો બહુ સારો વિકાસ થયો હોવાથી કચ્છીમાં લોકસંસ્કૃતિના સંશોધન માટે વિપુલ માહિતી મળી શકે તેમ છે.

નોંધ : ઈ.સ. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ કચ્છમાં ભીષણ ધરતીકંપ થતાં જાનહાનિ, માલહાનિ, સ્થાપત્યો, મકાનો વગેરે ઉપરાંત લોકકલાકારીને ભારે નુકસાન થયું. આ ધ્વંસમાં ઘણું નાશ પામ્યું છે.

*કચ્છી લોકકલાઓ અને કારીગરી*

❖ ચિત્રકળા, ❖ શિલ્પકળા, ❖ સ્થાપત્યકળા

## • પરંપરિત લોકકળા કારીગરીઓ :

**સ્ત્રીઓ દ્વારા નિર્મિત : લોકકળા-કારીગરી.**

લોકભરત, મોતી પરોણું, લીંપણકલા, કુંભકારી સુશોભન વગેરે.

લોકકલાકારો દ્વારા ચિત્રાંકન, શિલ્પ, લુહારીકામ, સુથારી-તક્ષણ, કુંભારી, છાપકામ, ખત્રીવટો વગેરે.

સામાન્ય રીતે જોવા જતાં લૌકિક પરંપરાની લલિતકળાઓ જેવી કે ચિત્રાંકન, શિલ્પ કંડારના કલાકારો બધાં જ ગામોમાં ઉપલબ્ધ તો નથી હોતા, પણ કારીગરી કરનારા આનુવંશિક રીતે ગામેગામ વસે છે અને ચિત્રકર્મ માટે કે સલાટી ઘડતર માટે તેના લોકકલાકારને વેતન આપીને અન્ય ગામોમાં નોતરાય છે, જ્યારે કારીગરો તો ગામમાં જ વસતા હોવાથી તેઓ લોકમાનસ અને રુચિને ધ્યાનમાં રાખી,

*જે મધમાખીના મુખમાં મધ હોય છે તેની પૂંછડીમાં ડંખ જરૂર હોય છે.*

ઘડતર, ચણતર, જડતરનું બધું જ કામ આથ લઈને કરી દે છે.


આમ, કચ્છી લોકવ્યવહારમાં વ્યવસાયી કારીગરોમાં કુંભાર ઠામ-વાસણ ઘડે-પકવે, સુથાર ઘર-ખોરડાં માળે, તેમાં તક્ષણ કરે, મોચી પગરખાં તૈયાર કરે, સોની ઘાટ ઘડે, સલાટ છીપરમાંથી થાંભલા, કુંભીઓ બનાવે, વણકર કપડું વણે, ખત્રી કપડું રંગે અને છાપકામ કરે, લુહાર હથિયાર, દીવડા, પાવડા વગેરે તૈયાર કરે, આ રીતે કચ્છની તળપદ લોકસંસ્કૃતિમાં કળા કસબ સારી રીતે વિકસેલ છે.

● **લોકપરંપરાની ચિત્રકળા :**

વર્ષો સુધી કચ્છ પ્રદેશ ભૌગોલિક કારણોને લીધે ભારતના ઘણા પ્રદેશોથી લગભગ અલિપ્ત જેવો રહ્યો હોવાથી તેમજ સિંધમાંથી અને દરિયાવાટે કચ્છમાં વિવિધ પ્રજાજૂથો-દેશના તેમજ પરદેશમાંથી આવીને વસી ગયાથી કચ્છમાં લોકકળા કારીગરી ઠાવકી રીતે વિકસી છે.

બાર ગાઉએ બોલી બદલાય, પ્રજાસમૂહોમાં પણ પોતીકી આગવી લોકકળા પરંપરા હોવાથી કચ્છી લોકકળામાં ગામેગામનાં તેમજ જાતિ-પાંતીવાર શોભનસંસ્કાર અને કારીગરીનાં વૈવિધ્યમાં પણ કચ્છી રૂપ પરંપરાનો તંતુ ગૂંથાયેલો હોવાથી, લગભગ બધી જ લોકકળા અને કારીગરી એક સૂત્રે, કચ્છી રૂપે બંધાયેલ જોવા મળે છે.

ચિત્રકળાને સર્વ કળાઓમાં માંગલિક ગણવામાં આવી હોવાથી પ્રાચીન કાળથી તેમજ મધ્ય કાળે પણ ઘર તેમજ કૂબા (ભૂંગા)ઓની ભીંતે પણ લોકનારીઓ ચિત્રો કરતી હતી, તો મોચી પુરુષો મંદિરો તેમજ મહેલ, ચોરામાં સુશોભન તેમજ તેની વચ્ચે રૂપાંકનો જેવી આકૃતિઓ દોરતા હતા.




*(કચ્છી લોકસ્ત્રીઓએ કરેલાં ભીંત આલેખો)*

કચ્છી લોકચિત્રણની પરંપરાનું આ તળપદ કચ્છી પ્રકારનું ચિતરામણ હતું. તેમાં વેલ, બુટ્ટીફૂલ, મોર, પોપટ ઉપરાંત આંબો, કલ્પવૃક્ષ, કૃષ્ણ, ગોપીઓ, શ્રીગણેશ, રામ-સીતા જેવાં રૂપાંકનોની આકૃતિઓ પણ ચિત્રિત થતી હતી. આ લગભગ અઢારમી સદીનો સમય હતો. એ પછી રાવશ્રી લખપતજીના રાજ્યકાળે રાજસ્થાનમાંથી આવીને કચ્છમાં વસી ગયેલા કમાંગરોએ સ્થાનિક કચ્છી લોકકળા અને રાજસ્થાન ચિત્રાંકન પરિપાટીનો સમન્વય સાધી તેમાંથી નવી પરિપાટી 'કમાંગરી શૈલી' સર્જી, એટલે અઢારમી સદીના મધ્ય કાળની આસપાસથી 'કમાંગરી શૈલી'માં જ કમાંગરો, ભીંતચિત્રો, પોથી ચિત્રો કરતા હતા.

કચ્છમાં લોકચિત્રકળા તેમજ કમાંગરી ચિત્રકળાનું જોડાજોડ ચલણ જોઈ શકાય છે. જેમ કે ઓગણીસમી સદીની વીસીમાં મેકમેર્ડોના અંજારના બંગલામાં જે ભીંતચિત્ર થયું છે, તેમાં લોકકળાની પ્રરૂઢિ જોઈ શકાય છે. તો મુન્દ્રામાં શ્રી રવીન્દ્રભાઈ અંજારિયાની મેડીમાં તળપદ કચ્છી લોકકળા પરંપરાનું સ્વરૂપ છે. આ ઉપરાંત લોકપરંપરામાં પ્રચલિત 'શકુનમાલા' કે 'શકુનાવલિ'નાં ચિત્રો લોકકળાની પરંપરાએ થયેલાં જોઈ શકાય છે.

ચિત્રાંકનની રેખ જો ઘરમાં ન હોય તો એ ઘર સ્મશાનવત્ ગણાય છે. આવી પરંપરિત માન્યતાથી સંચિત બની કચ્છી નારીઓ પોતેપોતાના પાણિયારે મોર, પોપટ, કલ્પવૃક્ષ, કામધેનુ વગેરે ચિતરે છે. બારણે કે બારસાખે તોરણ વગેરેની માંડણી કરે છે, કારણ કે "લાશ્ય (લક્ષ્મી) ભણે લખમી કિયા ઘરે જાશ્યો રે, કિયા ઘરે જાશ્યો રે... જે ઘર ચિતર્યા સામી ભીંત સાથિયા રે."

॥ : શકુનાવલિના ચિત્રો : ॥





કચ્છમાં ઘરધણીને ઘેર લગ્ન જેવો શુભ પ્રસંગ આવે એ વખતે આથનો જેનો આ ઘરમાં લાગો હોય એ ચિતારો ઘરના દરવાજાના ટોડલે હાથી, ઘોડો, પૂતળી ચિતરીને પોતાનો લાગો મેળવી લે છે. આ ચિત્રાંકન પણ લોકપરંપરાનું જ હોય છે. હજી આજે પણ કચ્છમાં લોકચિત્રણ તો ચાલુ જ છે.


● **લોકશિલ્પ :**

રાજા-ઠાકોરોના મૃત્યુ પછી તેને જ્યાં દેન દેવાયા હોય ત્યાં છત્રીઓ, મંદિરો, સમાધિઓ કે ઓટા ચણાવાતા હતા, એ પરંપરાએ લોકપ્રજામાં મૃતકના મૃત્યુ પછી તેના ગામને પાદરે 'ખાંભી' ખોડવામાં આવે છે. જે નરનારી ગામ, ગાય કે અબળાનાં રક્ષણાર્થે કામ આવી ગયાં હોય તેનો 'પાળિયો' કહેવાય છે બાકી તો ઠેશ, ચગો, પાવળિયો, શૂરાપુરા વગેરેથી તે ઓળખાય છે.

ગામડાના પાદરે આવી ખાંભીઓના થરના થર ઊભેલા જોઈ શકાય છે. આવી ખાંભીઓમાં ઘોડે સ્વાર, પદાતી પાળો, ઊંટ સ્વાર, રથ સ્વાર, સતીનો પંજો.

(વીરનો પાળિયો)





(સતીનો પાળિયો)

*તમે નાણાં ઉધાર આપો છો તો એ નાણાં તો તમે ગુમાવો જ છો અને નવા શત્રુ બનાવો છો તે નફામાં.*

વગેરે જેવા છીછરા તક્ષણથી કંડાર કરાયેલા હોય છે. આ ઉપરાંત પાળિયાના ઉપરના ભાગે ચાંદો અને સૂર્યનાં પ્રતીકો ॥ યાવત્ ચંદ્ર દિવાકરૌ ॥ ની સાક્ષીરૂપે કંડારાય છે. પાળિયામાં રજૂ થયેલ વીર તેમજ સતીનું પ્રતીક બધે સ્થળે એક સરખું જ હોવા છતાં ગામેગામનાં સલાટની હથરોટીની પરિપાટીમાં થોડો-ઘણો શોભન કંડાર વધતો-ઓછો જોઇ શકાય છે ખરો.

પાળિયામાં કંડારાતું ઘોડેસ્વાર વીરનું પ્રતીક રૂપ લગભગ બાવીસ સો વરસ જેટલું પ્રાચીન છે. શુંગ કાળે રચાયેલાં 'ભારહૂત સ્તૂપ'માં આ પ્રકારના વીર ઘોડેસ્વારના તક્ષણ છે. આપણા લોકશિલ્પીએ બાવીસ સદીઓની પરંપરાને હજી આજ સુધી જીવંત રાખી છે.

કચ્છના પાળિયા, ખાંભી મધ્યકાલીન છે. ઇ.સ.ની આઠમી સદી પહેલાના પાળિયા સિંધમાંથી મળે છે.

ગ્રામ સલાટ ઘોડેસ્વાર એવા જખની મૂર્તિઓ પણ કંડારે છે. કચ્છના પુંઅરા રા'ના કાળે જખ લોકો રૂમ સામ મુલ્કમાંથી કચ્છમાં આવી કચડાયેલી પ્રજાને સહાય કરતા હતા, તેને પુંઅરા રા'એ મારી નાખેલા એનો થડો પદ્ધરગઢ પાસેની એક ટેકરી ઉપર છે. સંઘાર જાતિના લોકો તેમને 'ધર્મવીર' તરીકે માને છે.


ઘરોઘરમાં પૂજાતી ગણેશજીની મૂર્તિ, બજરંગીની મૂર્તિ, વાલિયો વીર તેમજ કાલી, ભૈરવ વગેરેની લોકશૈલી પરિપાટીની મૂર્તિઓ ગ્રામસલાટ ઘડે છે.

## • કચ્છી લોકસ્થાપત્ય અને લીંપણ શિલ્પ:

કચ્છ સૂકો મુલક તેમજ ત્યાં વસતી લોકજાતિઓની કમાણી માટે આર્થિક તંગીવાળો પ્રદેશ હોવાથી, લોકપ્રજાના વસવાટનાં ઘરો ચૂના-ગચ્છીનાં નથી હોતાં, માલધારીને બે વરસ સારા તો એકાદ વરસ નબળું આવતા માલઢોર સાથે વાંઢે ફરવા જવું પડે છે. ખેતીનો પણ વરસાદ ઉપર આધાર હોવાથી ખેડવાયા તેમજ અન્ય લોકપ્રજા પોતાનાં ઘર કાચી માટીનાં જ બાંધે છે.

બન્ની વિસ્તારના માલધારીઓ પણ જમીનમાં ગોળ ભૂંગા કરીને રહે છે. જત સ્ત્રીઓ પોતાના આવા ભૂંગાને ગાર-માટીથી શણગારીને ભારે રૂડા રાખે છે. કચ્છી આહિરાણીઓ પોતાનાં ઘર-ખોરડાની ભીંતે ધોળ કરી, કે તોરણ-ચાકળા બાંધીને ઘરને દિહતું રાખે છે, ઘરને ઠારનાર પોતે ઠરીને જિંદગી જીવી શકે છે.

કચ્છી રબારીનાં ઘરો વિશેષ રૂપે એક પડાળિયા હોય છે. ઉનાળામાં નવરાશની વેળાએ રબારણો ગાર-ગોરમટી કરી, ઓશરીના અંદરના ભાગે ઘરના મુખ્ય બારસાખની આસપાસ ગાર-લીંપણ ઉપર ગાર-માટીના વાઢા તૈયાર કરી ભીંત ઉપર ઉપસતું લીંપણ શિલ્પ માંડે છે. આ લીંપણ-શિલ્પ બાઇઓ પરંપરિત રૂઢિથી તેમજ પોતપોતાની કોઠાસૂઝ પ્રમાણે કરે છે, જેમાં રૂપાંક આકારે હાથી, ઊંટ, મોર, પોપટ, પાણિયારી, કલ્પવૃક્ષ વગેરે વાટા શિલ્પથી કંડારતી વખતે આભલા, કાચ, મણકા વગેરે જડતા જાય છે. વાટા શિલ્પનાં કંડારો સુકાય પછી તેના ઉપર સફેદ માટીના ધોળનું પોતું મારી સમગ્ર વાટા શિલ્પને અજવાળી કાચને લૂંછી લે છે. આવી વાટા શિલ્પની સરજત ભારે રૂડી લાગે છે.



લીંપણશિલ્પના થોડાંક રૂપાંકનો

લાદ-માટીમાંથી બનાવેલ કોઠલો

વાટાશિલ્પ લીંપણમાં ખાંપ, કાચ જડેલાં હોવાથી રાતે ઘરમાં દીવડો પેટાવાય ત્યારે ઓશરીના પરિસરમાં ઝબકતું આભામંડળ સર્જાય જાય છે.

ધોમ ધખતા ઉનાળે દૂધ, માખણ, બગડી ન જાય, રોટલા શાક ઉતરી ન જાય એથી એને સાચવવા કચ્છી માલધારી સ્ત્રીઓ માટી-લાદના ગારિયાથી કોઠલા, કોઠી, ઘંટીના થાળા વગેરે બનાવી એના ઉપર વાટા શિલ્પથી કાંગરા, ત્રિકોણ વગેરે કંડારે છે. આ કોઠલામાં દૂધ, માખણ, રોટલા મૂકી છાંડે છે, માટીના કોઠલામાં વસ્તુ બગડતી નથી, આવી કોઠી, કોઠલા લોકપ્રજાના રેફ્રિજરેટર ગણાય, વળી તેના ઉપર ગાદલા-ગોદડાની થપ્પી પણ મૂકી રખાય છે. માટીના ઉપયોગની આ સર્જનાત્મકતાને લોકસંસ્કૃતિનું શિરમોર શિખર કહી શકીએ!

## • કચ્છનું લોકભરત :

કચ્છ પ્રદેશમાં ચોમાસું ખેડૂતો તેમજ માલધારીઓ માટે કામની મોસમ, પણ શિયાળા-ઉનાળામાં વધારે નવરાશ હોવાથી કચ્છી લોકનારીઓ પોતપોતાની આવડતનો કળા-કારીગરીનો કસબ હાથ ઉપર લે છે.


બન્ની વિસ્તાર તેમજ કચ્છના અન્ય વિસ્તારની સ્ત્રીઓ ઉનાળાના તાપે તપતા લાંબા દિવસોમાં પોતાના માટે, બાળકો માટે તેમજ ઘરના ઉપસ્કરોની શોભા માટે ભરતનો કસબ શરૂ કરી દે છે.

કચ્છી પ્રદેશ ઓછા વરસાદવાળો હોવાથી અહીં લીલીછમ અને ફૂલેભરી હરિયાળી નથી, ફૂલે મહેંકતી ફૂલવાડીઓ નથી, એથી રંગરંગીન ફૂલોની સરજત કચ્છી સ્ત્રીઓએ પોતાના ભરતકામમાં ભરી છે. ચિતારાઓએ ભીંત ચિત્રો કે પોથી ચિત્રોમાં ચિત્રિત કરી દીધી છે!

કચ્છમાં બધી જ નાતજાતની લોકસ્ત્રીઓ ભરત ભરે છે. કચ્છમાં અનેક પ્રજાજૂથો હોવાથી સહુના ભરતમાં નાતપાંતની છાપ જોઇ શકાય છે. જેને આ પ્રમાણે વિભાગી શકાય.

પાકું ભરતકામ, ખારેકી ભરત, નાકાનું ભરત, સૂફ ભરત, મોચી ભરત - આરી ભરત

*કોઇપણ માણસ જ્યાં સુધી સારો થવાનો પ્રયત્ન ન કરે ત્યાં સુધી પોતે કેટલો ખરાબ છે તે જાણી નથી શકતો.*



(૧) આહિરીભરતમાં વલોણાનું રૂપાંકન, (૨) રબારીભરતમાં વીંઝણો, (૩) જતભરતનું રૂપાંકન (૪) સોઢાસ્ત્રીઓનું સૂફ ભરત, (૫) મોચી ભરતમાં આરીથી ભરેલ મોરનું રૂપાંકન.

- **આહિરી પાકું ભરત :**

ભુજ શહેરની આસપાસના વર્તુળમાં આહિરોના લગભગ ૩ર ગામો આવેલા છે. આહિરો વિશેષ રૂપે માલઢોર પણ રાખે છે અને ખેડવાયા પણ છે.

આહિરોમાં ભરેલાં કાપડાં, છોકરીઓને ઘાઘરીની કિનારી, છોકરાને કેડિયા તેમજ ભરેલી ટોપી પહેરવાનો ચાલ હોવાથી આહિરાણીઓ ઉનાળાના નવરા દિવસોમાં ભરતકામ કરે છે.

આહિરો કાનુડા-મુરલીધરને પૂજે છે, એથી આઠમના રોજ આહિરી સ્ત્રી, બાળકોનો ભરત ભરેલો પોશાક જોઈને ખુશ થાય છે. આહિરોમાં યુવાન છોકરા-છોકરીઓનાં લગ્નો પણ એક જ તિથિના થાય છે, ત્યારે કૃષ્ણ સખા આહિરોની રોનક જોઈ શકાય છે.

આહિર ભરતમાં રંગીન- જ્યાં કે લાલ, કાળા, લીલા, પીળા, દેશી કે રેશમી કાપડ પટ ઉપર ભરતનો આળેખ કર્યા પછી આળેખ ઉપર સાંકળી કે દોરીથી બંધવણું કરીને અંદરના ભાગે હીર કે સૂતરના પૂરણા પુરાય છે. આહિરાણીઓ પોતાને પહેરવાનું કાપડું બહુ ઠાવકાઈથી ભરે છે, તેમાં કાચ, સતારા પણ ટાંકે છે. તેમના ભરતમાં લાલ, ગુલાબી, ભૂરો, લીલો, પીળો અને સફેદ રંગો મુખ્ય હતા, પણ હાલના સમયે મોરપીચ્છનો ઉપયોગ શરૂ થયો છે. મોરપીચ્છ સૂતરનો રંગ કાચો હોવાથી ભરતકામ ધોવાતાં તે રેળાવા લાગે છે.

આહિરી ભરતમાં મોર, પોપટ, ફૂલગોટા, કલ્પવૃક્ષ, હાથી પૂતળી વગેરે જયા શોભાંકનો ભરે છે. આહિરી ભરતમાં જે બંધવણવાળું હોય તે 'પાકું ભરત' કહેવાય છે.

- **રબારીઓનું લોકભરત :**

કચ્છી રબારીઓના ભરતમાં ભારે ભભક જોઈ શકાય છે. રબારણો પોતાની લાંબા પેટ (ચાળ)ની કંચુકી, દીકરીની કાપડી, છોકરાનું કેડિયું, ટોપી ઉપરાંત ચોરણીના પગ પાસેના મોશકા, ચાકળા, તોરણ, ઊંટની ઝૂલ, તલવારનું ખોળું, વરરાજાને લગ્ન વખતે પાઘડી, માથે બાંધવાનો મોડ વગેરે જાડી, પાતલી દોરીના બંધવણાથી ભરે છે, વળી ગોદડાં ઢાંકવાની મળી (કીલ) અને સુપડા ઉપર પણ ભરતની રેખ માંડે છે!

ભરત રંગીન કાપડ તેમજ અતલસ અને મશરુ (એલ્ચો) ઉપર પણ ભરાય છે. રંગરંગીન સૂતર તેમજ હીરથી ભરત ભરી તેની આસપાસ સતારા પણ ટાંકે છે.

હાથી, ઘોડા, વલોણું, પંખો, મોર, પોપટ, કલ્પવૃક્ષ વગેરે શોભાંકનોથી નમૂનો સૌંદર્યમય બનાવી દે છે.

ઢેબરિયા રબારીમાં તો કંચુકી રંગરંગીન દોરાથી ભરી, પૂરી થયે સિલાઈ કરાવ્યા પછી તેને કાળા રંગમાં બોળી દે છે, કાપડું ધોવાતું જાય, ધીમે ધીમે કાળો રંગ ઓછો થાય એ વખતે એ કંચુકી બહુ સુંદર દેખાય છે. કબૂતરની ડોક જેમ લાલ, જાંબલી, ભૂરો રંગ ચળકે એવી રીતે આ કંચુકીનો નીચે ભરેલા ભરતનો આછો ઘેરો રંગ અને તેમાં જડેલી ખાંપો ચમકે છે. મીરાંબાઈ કહે છે ને,

*"ચૂંદડી ઓઢું રે ત્યારે રંગ ચૂવે, જે રંગબેરંગી હોય,*
*ઓઢું કાળો કામળો, ત્યારે દૂજો ડાઘ ન લાગે કોય."*

- **ખારેકી ભરતકામ :**

લીલું રસભર્યું ખલેલું સૂકાઈને ખારેક બની જાય છે, ત્યારે તેના ઉપર સળ ઉપસી આવે છે. આ સૂકી ખારેકનાં ઉપસેલા સળનું આધાન માંડી કચ્છની લોકનારીઓએ ભરતમાં પણ આવી સરજત શરૂ કરી દીધી છે.

કોઈ દેશી સૂતરાઉ કપડું કે ધાબડ અટલસ ઉપર પાતળી દોરીને વિવિધ આકારે સીવીને ટાંકી દીધા પછી એના ઉપર રંગ-રંગીન સૂતર કે રેશમથી નીચેની દોરી ઉપર ટાંકાની રેખ માંડી દેવાતા દોરી ઉપર ચડાવેલા રંગરંગીન દોરાથી ભરાયેલ ભરતવાળી દોરી વાળું ભરત ઉપસેલું લાગે છે. કાપડ ઉપર ઉપસેલા સળવાળું આવું ભરત લોહાણા, મેમણ વગેરેમાં થાય છે.

- **સૂફ ભરતકામ :**

સ્વચ્છ ને સાફ, ચોખ્ખું કહીએ છીએ, એ પરંપરાએ સ્વરાજ્ય મળ્યા પછી સિંધ-પાકિસ્તાનમાંથી કચ્છની કંધારે આવી વસેલા સોઢાના ભરતકામને 'સૂફ' ભરત કહેવાય છે. 'સાફ-સૂફ' રીતે સોઢાનું 'સૂફ' ભરત એકદમ ચોખ્ખું અને નજાકતવાળું છે.

'સૂફ' ભરતકામ સૂતરાઉ કાપડના તાણાવાણાની ઉપર ત્રાગ મેળવીને ભરાતું હોવાથી કાપડનાં પોતની સાથોસાથ સૂફ ભરત ચોંટી જાય છે. આ ભરતકામ કરવામાં ઘણી ચોકસાઈ જોઈએ છીએ. સોઢાનાં 'સૂફ' ભરતની જેવી જ કાપડ ઉપર તાણાવાણાની ઉપર ત્રીબથી ભરવાની રીત પંજાબમાં ખ્યાત હતી. પંજાબી કન્યાઓ પોતાના લગ્નની ઓઢણી-પાનેતરમાં આવું જ 'ફૂલકારી' પરંપરાનું ભરત ભરે છે. જેમાં

*માણસ પોતાની નિષ્ફળતાથી જેટલો ડરે છે, તેટલો જ કાર્ય સિદ્ધિથી દૂર રહે છે.*

વિવિધ ભૂમિતિની ભાતો ઉપરાંત અલંકાર - હાર, કર્ણફૂલ, કંગન પણ ભરે છે.

સૌરાષ્ટ્રમાં આ પરંપરામાં જે ભરત ભરાય છે તેને 'કથિપી' કહે છે.

- **નાકાનું ભરત :**

સૌરાષ્ટ્રમાં જેને 'નાકાભરત' કહે છે, આવું ભરત ભરેલા ઘાઘરા-ચણિયા પ્રૌઢ સ્ત્રીઓ જ પહેરે છે, એ ભરતનો પ્રકાર મૂળ સિંધમાંથી કચ્છમાં અને ત્યાંથી સૌરાષ્ટ્રમાં ઊતરી આવેલો છે. સિંધમાં આ ભરતને 'હૂરમચી' કહે છે. કચ્છમાં 'બાવળિયા' અને સૌરાષ્ટ્રમાં 'નાકાભરત' કહેવાય છે.

'નાકાનું ભરત' આળેખ-ચિત્રણ કર્યા સિવાય કાપડ ઉપર દોરાથી જે ભરવાની આકૃતિ હોય તેની 'ખાટલી' માંડી પછી તેના ઉપર ભરાય છે, બૌધિકતત્ત્વનો આમાં ઉપયોગ કરવાનો હોવાથી પ્રૌઢ ઉંમરની સ્ત્રીઓ જ વિશેષરૂપે આ ભરત ભરે છે.

દોરાથી જ આલેખેલી 'ખાટલી' આકાર ઉપર ખાટલામાં જેમ ઉપર નીચે, નીચેથી ઉપર પાટી ભરાય છે, એવી રીતે માંડેલી ખાટલીની ઉપર નીચે, નીચે ઉપર ત્રીબથી ભરતાં આકાર ઝંકૃત થાય છે. આવી રીતે સૌરાષ્ટ્ર-કચ્છમાં કાંગરી, બાવળિયો, પોટલિયો, ચટકુંું વગેરે ભરાય છે.

- **બન્ની વિસ્તારનું ભરતકામ :**

કચ્છના બન્ની વિસ્તારમાં રહેતા માલધારી જત, મુતવા વગેરે મુસ્લિમ જાતિઓમાં માનવ, પશુ વગેરે આકૃતિ ચિત્રણનો નિષેધ હોવાથી તેમના ભરતમાં વિશેષ રૂપે ભૌમિતિક આકૃતિઓ, ખાંપ, ચટકુડા, કાંગરી, બાવળિયા વગેરે બહુ જ ખંતપૂર્વક ભરાય છે. સ્ત્રીઓનાં આભામાં બહુ જ ઝીણવટપૂર્વક ભરાયેલ ભરત આશ્ચર્ય ઉપજાવે છે.

જેવો પ્રદેશ એવી અસર, એ રીતે બન્ની વિસ્તારમાં આવળ, બાવળ, બોરડી જેવાં કાંટાળાં વૃક્ષોનો પરિસર હોવાથી જતના ભરતમાં કાંટાદાર ડાળી, પાન એવું આપણે ઘડીક અનુભવીએ છીએ.

- **મોચી ભરત - આરી ભરત :**

કચ્છ માલધારીઓનો પ્રદેશ હોવાથી માલધારીઓની સાથોસાથ ચમાર અને મોચી પ્રજા વસતી હતી. ચમારે કમાવેલા ચામડામાંથી મોચી સઘાટા પગરખાં, ઘોડાનાં જીન વગેરે બનાવતા હતા. મોચી ચામડું સીવવાનું તેમજ તેના ઉપર ઊનનું ભરત પણ કરતા હતા, તેથી મધ્ય કાળે કચ્છી મોચીઓએ સૂતરાઉ કાપડ તેમજ રેશમ ઉપર ભરવાનું શરૂ કર્યું. રાજા, ઠાકોરો તેમજ કાઠીદરબારો માટે મોચીઓએ ચાકળા, ચંદરવા, તોરણ તેમજ સ્ત્રીઓ માટે ઘાઘરાપાટ, કાપડા વગેરે વ્યાપારિક રીતે ભરવાનું શરૂ કર્યું.

મોચીનું હાથે ભરેલું ભરત તેમજ 'આરીથી' ભરેલું ભરતકામ ઘણું સુંદર બનતું, તેની માગ દેશ તેમજ પરદેશમાં પણ હતી. મોચીએ ભરેલી આકૃતિપ્રધાન પિછવાઈ તેમજ ભુજબુટ્ટીના ઘાઘરાપાટ આજે સંગ્રહસ્થાનોની ચીજ બની ગયા છે.

મોચીનું ભરત ચિત્ર સદૃશ દેખાવમાં લાગતું હતું. કૃષ્ણ, ગોપી રાસમંડળ, હાથી, ઘોડા, ગાય, કદંબ જેવી આકૃતિઓથી ભરેલું તેમનું ભરત તો ભોં ઉપર ભાત પાડે એવું છે!

- **મોતી પરોણું :**

કચ્છી લોકપ્રજાઓમાં કીડિયા મોતીમાંથી ગૃહશણગારના ઉપસ્કરો નહિવત બને છે. ઘરના બારસાખે મોતીના બે ગોળ ટોડલિયા આહિર કે રાજપૂતોમાં જોઈ શકાય, પણ રબારી જાતિમાં તો કીડિયા મોતીમાંથી પહેરવાના અલંકારો બનાવાય છે.

નાની છોકરીઓને લમણા ઉપર મોતી પરોણાનું 'ધબક' પહેરાવાય છે. મોટી ઉંમરની સ્ત્રીઓ ડોકને ચપોચપ રહે એવા મોતીના ડોકિયા પરોવીને માથે છીપ કે પ્લાસ્ટિકનાં બટન ટાંકી ડોકે પહેરે છે. ખોબા ભરાય એટલા વિવિધ રંગી મોતીની 'ઝરમર' પરોવી સ્ત્રીઓ સારા પ્રસંગે ડોકમાં પહેરે છે. આવા જ પ્રકારની કંઠ ઝરમર મિસરની રાણીઓ, કુંવરીઓ આજથી પાંચેક હજાર વર્ષ પહેલાં પહેરતી હતી, તે ચિત્ર-શિલ્પમાં જોઈ શકાય છે.




કચ્છી સ્ત્રીઓ વિશેષ રૂપે રૂપાના અને કીડિયા મોતીને પરોવીને સુંદર ઘરેણાં બનાવે છે. તેમાં માથા ઉપર બંને લમણામાં પહેરાતો મોતીનો ધબક મુખ્ય ગણાય. હાથના પોંચે હાથી દાંતનું બલોયું, ચાંદીના ચૂડામણિ, પગમાં રૂપાનાં કાંબી-કડલાં અને ડોકમાં સોનાની પાંદડીવાળો-સીઅર (શ્રીહાર), કાનમાં પંદડો અને નાકની વાળી જેવાં ઘરેણાં ઘાટસઘાટા હોય છે.

તળ લોકપ્રજામાં શરીર શોભાવણ છુંદણાં (ત્રાજવાં)ની પરંપરા ઘણી પ્રાચીન છે. ભારહૂતના સ્તૂપમાં જખ અને જક્ષિણીઓની જે મૂર્તિઓ મળે છે, એમાં જક્ષિણીઓના કપાળે, ગાલે, હાથે, દૂંટીએ છુંદણા જેવા પ્રતીકો કંડારેલા છે. જેમાં બીજ, ચંદ્ર, ટપકું વગેરે પ્રતીકો છે. હાલના સમયે કચ્છમાં વસતા જખો શું યક્ષ હશે? જખ સ્ત્રીઓ પણ છુંદણાં ત્રોફાવે છે.

શરીર ઉપર નર-નારીઓ ત્રાજવાં (છુંદણાં) ત્રોફાવે છે, એના બે ફાયદા કહે છે. છુંદણાની ભાતથી હાથ-પગ સંમોહક લાગે અને શરીર ઉપર ત્રાજવું અનેક વાર સોયની અણીથી ત્રોફાયું હોવાથી ધનુર્વા

*ક્યારેય જ્ઞાન વિનાના ધનિક બનવાનું જોખમ ન લેવું જોઈએ.*


થવાની શક્યતા ઓછી એવી પરંપરિત માન્યતા છે.

- **કુંભારી ઘાટ ઘડતર અને ટેરાકોટાનાં રમકડાં :**

કચ્છમાં સારી જાતની ધૂળ મળતી હોવાથી મુસ્લિમ તેમજ હિંદુ પ્રજાપતોએ આ માટીમાંથી સુંદર ઘાટ ઘડતરની કળા વિકસાવી છે. ફરતાં ચાકડે તેઓ બાવન ઘાટનાં ઠામ-વાસણ ઘડે છે. આવા ઘાટ ઘડતરનાં વાસણો દેખાવે નભરમા લાગે તેથી કચ્છી કુંભારણો તેના ઉપર લાલ ગેરુ અને કાળા કાયાથી ચિતરડા આળેખે છે.

કચ્છી કુંભારણો ઠામ-વાસણ ઉપર જે ચિતરડા પાડે છે, એ ચિતરડાની પરંપરાના સગડ હરપ્પન કાળનાં ઠામ-વાસણ ઉપર થતાં ચિત્રો સુધી લઈ જાય છે. જેવાં કે કરચલો, માછલી, મોર, ઝાબલા વગેરે હરપ્પન ઠામ ઉપર ચિત્રિત થતાં એવા જ લગભગ આલેખાય છે.

કચ્છના હિંદુ તેમજ મુસ્લિમ કુંભકારો, દિવાળીના તહેવારો ઉપર બાળકો માટે ઘંટી, ઘોડા, હાથી, હેલ, પાણિયારું, ઊંટ, ભગવાનનું સિંહાસન વગેરે બનાવે છે અને દિવાળીના દીપ પ્રાગટ્ય માટે હસ્તિદીપ, મેરાયા, કોડિયા વગેરે ઘડે છે. આવાં, રમકડાંને લાલ ગેરું તેમજ કાયાથી રંગવામાં પણ આવે છે. આવા પકવેલી માટીના 'રાધીકડા'ને આજે 'ટેરાકોટા' કહેવાય છે, પણ એનું મૂળ સંસ્કૃત શબ્દ "धराकूट" માં જોઈ શકાય છે. કચ્છી ટેરાકોટાનાં આ રમકડાં આજે દેશ-પરદેશમાં વખણાયાં છે. તેમાંથી પૂતળી, ઘોડો, રથ વગેરેનો ઘાટ-વળોટ હરપ્પન સંસ્કૃતિમાં થયેલાં રમકડાંની પરંપરાની યાદ આપે છે.




- **લુહારી તેમજ સુથારી કારીગરી :**

કચ્છમાં સુથારીકામ પણ સુંદર થાય છે. સુથારો અવાઢ, શરા, ટેકણ ઝરુખા તેમજ ઘરના બારણામાં તેમજ બારસાખમાં છંદાવેલ, કુંભ, હાથી, ઘોડા વગેરેનું બહુ જ સુંદર કોતરકામ કરે છે.

કચ્છમાં બાટીક, અજરખ, અલીજર્સ બાંધણી વગેરેનું છાપકામ બેનમૂન થાય છે. એના માટે વિવિધ રૂપાંકનો તેમજ સુશોભિત આકૃતિનાં નાજુક અને નજાકતવાળાં બીબાં પણ અહીંના સુથારો બનાવે છે.

બાળકો માટે ઘોડા, હાથી, ગાડું અને પૂતળી પણ લાકડું ખોતરી, કંડારીને સુથાર ઘડી દે છે.

કચ્છી લુહારોની તાતી ભઠ્ઠી અને ધમાતી ધમણની કોઢમાં લુહારો છરી, ચપ્પા, સૂડી, કાતર ઉપરાંત દીવડા, ડબ્બા તેમજ લડાઈનાં હથિયાર-પડિયાર માટે તો ભારે નામના છે. ઘંટડીઓ પણ રણદાર કરે છે.

બન્ની પ્રદેશમાં ખાટલાના પાયા, લાકડાના કચોળા, દાબડા ઉપર ખરાદી લાખ પાયેલો રંગ ચડાવી-ફરી તેના ઉપર અન્ય શેઈડનો રંગ ચડાવી સુકાયા પછી ધારદાર હથિયારથી ઉપલા પડમાં કોતરકામ કરતાં નીચેનો રંગ દેખાઈ આવે છે. આવું 'ઓવરલેપીંગ'નું કામ દૃષ્ટિને ગમી જાય એવું બને છે. આ પ્રકારના કામને કચ્છમાં 'વાઢા કામ' કહે છે. સૌરાષ્ટ્રમાં 'સંઘેડા કામ' કહે છે.

- **રાસ-ગરબાનું લોકનૃત્ય-મનોરંજન :**

કચ્છી લોક પરંપરામાં આસોના નવરાત્રનું હિંદુ પ્રજામાં ભારે મહત્ત્વ છે. લોકપ્રજામાં માડીનો ગરબો માંડી ઘરોઘર નવરાત્ર ઉજવાય છે. સિંધમાં મહામાયા હિંગળાજ, જે તળપદ લોકસંસ્કૃતિની નાની મનાય છે એવી માતૃપરંપરાની દેવી છે. ઉપરાંત અંબા, ભવાની, બહુચરી, મોમાઈ, આશાપુરા વગેરે માતાજીઓને આરાધાય છે.

કચ્છી લોકજીવનનો અભ્યાસ કરતાં લોકસંસ્કારમાંથી જ સામાજિક વ્યક્તિત્વ આપોઆપ પ્રગટે છે. નવરાત્ર સિવાય હિંદુ અને મુસ્લિમ સ્ત્રીઓ મનમોજ માટે રાસડા ગાય-રમે છે, તેમાં પોતાની ઈચ્છાઓ, ભાવનાઓ, સુખ-દુઃખને ગાઈ નાખી હૈયું હળવું કરી દે છે અને કચ્છની મીઠાશ વખાણે છે.

*"અસીં માડુ કચ્છજા, કચ્છમેં રોંધાસીં રે,*
*કચ્છમેં તાં મોર બોલે*
*મીઠડે મોરેં કેં કી વેસારિયાં...કચ્છમેં."*

કચ્છી લોકસ્ત્રીઓનાં લોકનૃત્યમાં આહિર સ્ત્રીઓની 'મટકી રાંધ' ઢોલના તાલ સાથેનો રાસડો, પુરુષોના દાંડિયા રાસ, તાલીવાળી ગરબી, કોળી સ્ત્રી-પુરુષો દ્વારા પ્રયોજાતો 'મૃગિયા રાસ' જનસમૂહ માટે મનમોજનો આનંદ છે. જત અને સોઢાનો તરવાર રાસ પણ ખેલાય છે.

કચ્છમાં પ્રૌઢ વયના માલધારી, ખેડવાયા વગેરે જ્ઞાન, કર્મ, ભક્તિ રસનાં ભજનોની રાત્રે આરાધના માંડે છે, તેમાં મેંકણનું તત્ત્વ રૂપ મામૈ દેવની આગમવાણી અને જેસલ-તોરલનાં ભજનો એકતારા સાથે ગવાય છે.

- **કચ્છી લોકવાદ્યો :**

કચ્છી લોકસંસ્કૃતિમાં તંતુ વાદ્ય, ચામડું મઢેલ વાદ્ય, ફૂંકીને વગાડાતું વાદ્ય તેમજ સામસામે અથડાવીને રણકાવાતું વાદ્ય એ ચારેય પ્રકારનાં વાદ્યો છે.

સિંધ, પાકિસ્તાન અને કચ્છના જતનું પ્રિય વાદ્ય 'સુરંદો' પ્રાચીન ભારતમાં યક્ષ-કિન્નરનું વાદ્ય હતું. ફૂંક મારીને વગાડતાં જોડિયા પાવા તેમજ પકવેલી માટીમાંથી બનાવેલ અને ફૂંક મારીને વગાડાતો 'બોરુન્દો' તો હરપ્પન કાળે પણ મોજૂદ હતો.

આ ઉપરાંત એકતારો, ઢોલ, નગારા, શરણાઈ વગેરે કચ્છનાં લોકવાદ્યો છે.

*આપણી વાણી આપણા મન કરતાં શ્રેષ્ઠ હોવી જોઈએ, નહિતર મૌન રહેવું સારું.*

- **રંગ, છાપ અને વણાટની કલાકારી :**

કચ્છી કારીગરોને મન કલા કારીગરી ભાવ સાધનાનો રૂડો યોગ છે. એથી કચ્છી મુલકના વિપરિત સંજોગોમાં પણ તેમણે પોતપોતાની કલાકારીમાં પ્રાણ રેડીને કાર્ય કર્યું છે.

ભુજોડીના વણકરનો ઊની ધાબળો, તેના છેડાની વણાટ ભાતો કલામય છે. માંડવીમાં અટપટા વણાટનો 'ઇલાયચો' (હિમરું, મશરું)માં નીચેના ભાગે સૂતરાઉ પડ, ઉપરના ભાગે રેશમ પટની કરામત કારીગરો મનમોજથી કરે છે.

કચ્છી મુસ્લિમ તેમજ હિંદુ ખત્રીઓ જાતભાતનાં વસ્ત્રોમાં રંગ અને ભાત ઉપસાવે છે. ખત્રીવટાના સીરખમાં હાથી, ઘોડા, પૂતળી, સૈનિક, છંદાવેલ વગેરેનું ભાતીક કામ દાદ માગી લે એવું છે.

રેશમ તેમજ મલમલ અને સૂતરાઉ કાપડને નખ વડે બાંધીને કારીગરો તૈયાર કરે, જેમાં વેલબુટ્ટા, બારભાત, ચંદ્રમણી રાસમંડળના સુશોભનોને ખત્રીઓ વિવિધ રંગે રંગી, નિતારીને રૂપસુંદર બનાવી દે છે, એ છે કચ્છી ખોંભી. "અ" - "જરઠ" - "જે વૃદ્ધ નથી" - સદા સમયુવાન છે એવા કચ્છી "અજરખ"નો નીલ, શ્વેત અને રક્તરંગની મધુર જમાવટ અહીં થાય છે. ઉપરાંત વનસ્પતિના તળપદ રંગોથી રંગેલ, અલીજર્સ વગેરે કચ્છી વસ્ત્રોની નીપજ છે.



સુરકોટડામાંથી મળેલ ચિત્રિત ઠીકરાનો થોડો ભાગ.
ધોળાવીરામાંથી મળેલ 'અરધો દરિયો' નામે રમત - ૭૦ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં આ રમત જો ભેરું, જો તું કરીને રમતાં હતાં.
પકવેલી માટીનો રમકડાંનો ઘોડો.

કચ્છમાં મીણિયા-બાટીક છાપ, રંગાવટનો પરંપરિત ધંધો છે. શાંતિ નિકેતનના 'શ્રીનિકેતન'માં બાટીકનો કસબ શિખવાય છે, ત્યારે કચ્છી લોકનારી કચ્છમાં બાટીક ભાતનાં ઓઢણાં અને ઘાઘરા પહેરે છે. એક કવિ છે :

> ***"ઉદ્યોગ અપારા, કસબી સારા, સઈ, સુતારા સોનારા,***
> ***ભરત ભરનારા ગૂંથણહારા, રંગરંગોથી રંગનારા"***

અહીં છે. અહીં છે.

***સૌજન્ય : 'ગુજરાત' દીપોત્સવી-૨૦૫૭***

***'પરમાનંદ ભવન', કાળુભા રોડ, ભાવનગર-૩૬૪૦૦૧***

## ખુશી જોઈએ તો....

રેલવેમાં મુસાફરી કરવી એવા પ્રવાસી માટે કઠિન છે, જેની પાસે સામાન વધુ હોય છે. તેને ચઢવામાં પણ તકલીફ પડે છે અને ઉતરવામાં પણ! આ સચ્ચાઈ જીવનની યાત્રામાં પણ લાગુ પડે છે. જીવનની સફરમાં જો આપણે વધુ સંપત્તિ લઈને ચાલીશું, તો મોતનું સ્ટેશન આવતાં, આપણને ઉતરવામાં ઘણી તકલીફો પડશે. જીવનયાત્રા સુખમય કરવી હોય તો અતિ સંગ્રહ અને અતિ સંબંધથી બચો.

***સાભાર : "પરિત્રાણ"***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# સ્વાતંત્ર્ય સંગ્રામ અને કચ્છ

• ભરત 'કુમાર' પ્રા. ઠાકર •

## • પ્રાસ્તાવિક :

આપણી અણમોલ આઝાદીનો ઈતિહાસ નેવું વર્ષ (૧૮૫૭-૧૯૪૭)ના સતત સંઘર્ષો અને લડતોથી ભરેલો છે. સ્વતંત્રતા માટે સમગ્ર રાષ્ટ્રે દેશકાળ અનુસાર ભૂમિકા ભજવી છે. કચ્છમાં પણ સ્વાતંત્ર્ય ચળવળની હવા પ્રસરી હતી. શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭-૧૯૩૦), યુસુફ મહેરઅલી (૧૯૦૩-૫૦) જેવા કચ્છી આંદોલનકારોએ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ મેળવી છે. તો, ૧૮૫૭ના બળવાના વિપ્લવવાદીઓને કચ્છમાં આશ્રય આપીને કચ્છની પ્રજાએ પણ પોતાની ભાગીદારી નોંધાવી છે. કચ્છમાં અંગ્રેજો સામેની લડત સાથે દેશી રાજયના નિયંત્રણમાંથી મુક્ત થઇ 'જવાબદાર રાજયતંત્ર' મેળવવાની સમાંતર લડત પણ ચાલુ રહી હતી.

## • ગાંધીયુગનો ઉદય કાળઃ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮) દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૪માં ભારત પાછા આવ્યા પછી એમના કાર્યક્રમો અને વિચારો થકી દેશભરમાં છવાઇ ગયા. એમના પુનરાગમન પછી સર્વત્ર રાષ્ટ્રવાદ અને સ્વાતંત્ર્ય ચળવળની અનોખી ચિનગારી પ્રગટી હતી. કચ્છપ્રદેશ પણ આ નવચેતન અને નવજીવનની ચિનગારીથી કેમ બાકાત રહે? કચ્છમાં પણ ગાંધીવિચારોથી પ્રેરિત સંનિષ્ઠ કાર્યકરોએ સેવાની જ્યોત જલાવી હતી.

૧૯૧૯થી દેશમાં ગાંધીયુગનો ઉદય થયો ત્યારે કચ્છમાં પણ પ્રજાજાગૃતિનો સળવળાટ શરૂ થયો હતો. હરેશભાઇ ધોળકિયા નોંધે છે તેમ કોંગ્રેસની સ્થાપના (૧૮૮૫)થી લઇ સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ (૧૯૪૭) લગી કચ્છ પણ તેનાથી વિખૂટું રહ્યું નથી. તે દૂરનો મુલક હોવાથી અન્ય પ્રદેશો જેવા રોમાંચક બનાવો અહીં ઓછા બન્યા હશે કે પછી તેણે સત્યાગ્રહોની ઉગ્રતા ઓછી અનુભવી હશે, છતાં યત્કિંચિત ફાળો કચ્છે પણ જરૂર આપ્યો છે.

રાજાશાહી અને અંગ્રેજશાહીના એ કપરા કાળે સ્વાતંત્ર્ય સંબંધી પ્રવૃત્તિઓ કે ચળવળોમાં ભાગ લેવો કેટલું કઠિન હતું તે સહભાગી વ્યક્તિઓ જ જાણી શકે. તેવા સમયે પણ હિંમતપૂર્વક તેમાં સામેલ થઇ જે મુઠ્ઠીભર વ્યક્તિઓએ કચ્છની નવજાગૃતિમાં જીવન સમર્પિત કર્યું છે તે વંદનીય છે. કચ્છના ઈતિહાસની એ અમૂલ્ય પળોની વિગતો જે કંઇ થોડા સંદર્ભોમાં નોંધાઇ છે તે પર નજર ફેરવીએ.

## • કચ્છમાં લોક લડતના મંડાણ :

૧૮૦૦ આસપાસ કચ્છમાં અંગ્રેજોનો પગપેસારો રોકવામાં કચ્છના લશ્કરી સેનાપતિ જમાદાર ફતેહમહંમદ (૧૭૫૨-૧૮૧૩) અને તત્કાલીન રાવ ભારમલજી-બીજા (શાસન ૧૮૧૪-૧૯)એ પ્રયત્નો કરેલા. ૧૮૧૫માં અંજારની જનતાએ કૂવાઓમાં ઝેર ભેળવી અંગ્રેજ



**ભરતભાઈ ઠાકર**નો જન્મ ૧૭મી ડિસેમ્બર, ૧૯૫૨ના થયો છે. કચ્છ જિલ્લામાં એમની વતનભૂમિ મુંદ્રા અને નિવાસસ્થાન અંજાર રહ્યું છે. સમાજશાસ્ત્રના મુખ્ય વિષય સાથે તેઓ વિનયન સ્નાતક (૧૯૭૫) થયેલા છે. છેલ્લા ત્રણેક દાયકાથી તેઓ લેખન-સંશોધન ક્ષેત્રે પ્રવૃત્ત છે. એમના ઈતિહાસ, સંશોધન, ચરિત્ર, પર્યટન પ્રસંગાનુલક્ષી અભ્યાસ-લેખો ગુજરાતના ગણનાપાત્ર દૈનિકો તેમજ સામયિકોમાં પ્રસિદ્ધ થતા રહ્યા છે.

તેઓશ્રીએ 'કચ્છ મિત્ર' (ભુજ)ની સાપ્તાહિક પૂર્તિમાં પ્રવાસનને લગતી કટાર 'ભ્રમણ ભૂમિ કચ્છ' (૧૯૯૨-૯૫) 'સ્વબળ' માસિક (મુંબઈ)ના દીપોત્સવી અંકનું 'કચ્છ દર્શન વિશેષાંક' (૧૯૯૧) સ્વતંત્રપણે સંપાદન કર્યું છે. 'અંજારનું જગતમંદિર : માધવરાય' (સંશોધન, ૨૦૦૫) અને 'પિતાના પત્રો... પુત્રીને નામ' (અનુવાદ, ૨૦૦૫) એ બે પુસ્તકો પણ પ્રસિદ્ધ થયાં છે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટ-કચ્છ (૧૯૯૪), ફૂલશંકર પટ્ટણી એવૉર્ડ (૧૯૯૫), મુન્દ્રા રોટરી ક્લબ (૧૯૯૬), જિલ્લા મધ્યસ્થ પુસ્તકાલય (૧૯૯૮), ઔદિચ્ય બ્રહ્મસમાજ (૧૯૯૯), મુંબઈ કચ્છશક્તિ એવૉર્ડ (૧૯૯૯), સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદનો 'કામદાર રૌપ્ય ચંદ્રક' (૨૦૦૩), ગાંધીધામ આર્યસમાજ (૨૦૦૪), અંજાર સીતારામ પરિવાર (૨૦૦૫), ખાદ્યનિગમ હિન્દી પુરસ્કારો (૨૦૦૬ અને ૨૦૦૭) વગેરે દ્વારા એમની કલમને પુરસ્કૃત કરાઈ છે.

૧૯૭૬થી તેઓ ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ગાંધીધામ) ખાતે સેવા બજાવી રહ્યા છે.

*ખ્વાબો વાસ્તવિક્તામાં પલટાઈ જાય એ માટે ઊંઘમાંથી જાગવું અતિ જરૂર હોય છે.*

લશ્કરને પાયમાલ કરેલું. મુંબઈના હીરજી કાયાણીએ 'કચ્છાધિપતિ પ્રત્યે વિજ્ઞપ્તિ તથા રુશવતખાન બહાદુર' (૧૯૦૯) પુસ્તક દ્વારા દેશી રાજ્ય સામેની લડતના મંડાણ કરેલા.

ત્યારબાદ ગતાનુગતિક રાજકીય પ્રવૃત્તિઓના પગલે ૧૯૧૯-૨૬ દરમ્યાન કચ્છમાં રાજકીય સંગ્રામના બીજ વ્યવસ્થિત સ્વરૂપે ફાલવા લાગ્યા. લોકલડતો માટેના વ્યક્તિગત પ્રયાસોએ પાછળથી સંગઠનોનું સ્વરૂપ પકડ્યું. કચ્છમાં રાજકીય પ્રવૃત્તિના મંડાણ મુનિ જયવિજયજીના નેતૃત્વમાં કચ્છમાં અને ૧૯૨૫માં અહમદભાઈ હાજીના પ્રમુખપદે મુંબઈમાં સ્થાપના થયેલી.

## 'દાંડી-કૂચ'માં કચ્છના સૈનિકો

ભારતના આઝાદી-જંગમાં 'દાંડી કૂચ' (૧૨ માર્ચથી ૫મી એપ્રિલ, ૧૯૩૦) ઐતિહાસિક સ્થાન ધરાવે છે. દાંડી (જિ. નવસારી)ના દરિયા કિનારેથી ચપટી મીઠું ઉપાડીને સવિનય કાનૂનભંગની ચળવળ ઉપાડનાર મહાત્મા ગાંધીની સાબરમતી આશ્રમ (અમદાવાદ)થી દાંડી સુધીની ૨૪૧ માઈલ (એટલે કે ૩૮૬ કિલોમીટર) લાંબી એ ઐતિહાસિક ૨૫ દિવસીય યાત્રામાં ભારતભરમાંથી માત્ર ૮૧ સૈનિકો પસંદ કરાયા હતા. તેમાંથી કચ્છની સાત વ્યક્તિઓ ભારતીય ઈતિહાસની આ ભવ્ય ઘટનાની સાથીદાર બની હતી તેમનાં નામો...

૧. જયંતીલાલ નથુભાઈ પારેખ (આશ્રમની શાળાના વિદ્યાર્થી, વય ૧૮)
૨. જેઠાલાલ વીરજી રૂપારેલ (ખાદી ખાતામાં, વય ૨૫)
૩. ડુંગરશીભાઈ કચરા (ખાદી કાર્યકર્તા, વય ૨૭)
૪. નારાણજી નેણશી ઠક્કર (ઉત્કલમાં ખાદી કાર્યકર્તા હતા, વય ૨૨)
૫. પૃથ્વીરાજ લક્ષ્મીદાસ આશર (આશ્રમની શાળાના વિદ્યાર્થી, વય ૧૯)
૬. મગનભાઈ વોરા (ઉત્કલમાં ખાદી કાર્યકર્તા, વય ૨૫)
૭. માધવજી વીરજી ઠક્કર (લંડનમાં ફતેહમંદ વેપાર ખેડેલો, કલકત્તામાં ધીકતો ધંધો છોડી આશ્રમમાં જોડાયેલા, વય ૪૦)

દરમ્યાન કચ્છના પ્રખર ગાંધીવાદી અને રાજકીય જીવનના અગ્રણી એવા કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી (૧૯૦૨-૮૬)ના પ્રયાસથી ૧૯૨૧માં કચ્છ જિલ્લાનો સિંધ પ્રાંતમાંથી ગુજરાતમાં સમાવેશ કરાયો. પ્રારંભથી જ તેઓ કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની લડતોમાં સતત સક્રિય રહેલા. સરદાર વલ્લભભાઈ પટેલ (૧૮૭૫-૧૯૫૦) સમક્ષ લીધેલા સેવાવ્રતોને આજીવન વળગી રહ્યા અને મુંબઈ વિધાન પરિષદનું સભ્યપદ (૧૯૫૬) પણ ટાળ્યું. મહાદેવભાઈ હરિભાઈ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨)ની ડાયરીમાં પણ શ્રી અંતાણી ઉલ્લેખ પામ્યા છે.

### ● ગાંધીજીનો કચ્છ-પ્રવાસ :

૧૯૨૫માં સરદાર પટેલ અને મહાદેવ દેસાઈ સાથે મહાત્મા ગાંધીની કચ્છયાત્રાથી કચ્છની સ્વાતંત્ર્ય-તવારીખમાં ચેતના અને વેગ આવ્યા હતા. માનસંગભાઈ કચરા સ્વાગત મંડળના પ્રમુખ હતા. ૨૨મી ઓક્ટોબરથી ૪થી નવેમ્બર (ચૌદ દિવસ) સુધી તેઓ કચ્છમાં રહ્યા હતા. ત્યારે એમની સાથે રહેલા આગેવાનો ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા (૧૮૯૩-૧૯૭૨), કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી (૧૯૦૨-૮૬), પ્રભુલાલ જશવંતરાય ધોળકિયા (૧૯૦૫-૮૦), દોલતરામ જયશંકર ધોળકિયા અને પ્રભાશંકર રૂગનાથરાય વૈદ્ય... એ પાંચ નાગરજનોને છૂતાછૂત પ્રશ્ને 'નાતબહાર થવાની સજા' મળી હતી!

ગાંધીજી કચ્છ આવ્યા તે પૂર્વે અને પછી મુંબઈ કે અન્યત્ર વસતા ઘણા કચ્છીઓ ગાંધીરંગે રંગાયા હતા. મહાત્માજીને કચ્છ તેડી લાવનાર ઓરિસ્સા સ્થિત જીવરામ કલ્યાણજી કોઠારી (કોટડા-રોહા)એ તે જમાનામાં બે લાખ રૂપિયાનું અનુદાન ગાંધીચરણે ધર્યું હતું! ૩૧મી જુલાઈ, ૧૯૨૧ના મુંબઈમાં વિદેશી કાપડની હોળી સળગાવાઈ અને સ્વદેશી ચળવળનો આરંભ થયો. તેમાં મુંબઈ ખાદી પ્રવૃત્તિના જનક અને કચ્છના ભીમાણી ખાદી સંઘના સ્થાપક એવા કાકુભાઈ ઉર્ફે પુરુષોત્તમ કાનજી સંપટે પોતાનાં વસ્ત્રો હોમી દીધેલાં.

બાપુની સવિનય કાનૂન ભંગ લડત (૧૯૩૦) વખતે વડાલા (મુંબઈ)માં આવેલ મીઠાના અગરો પર ૧૮મી મેના સત્યાગ્રહીઓ ઉમટ્યા હતા. તેમાં કચ્છી લોહાણા સ્વયંસેવક મંડળની ટુકડીનું નેતૃત્વ મૂળે ખોંભડી (તા. નખત્રાણા)ના યુવાન વીર વિઠ્ઠલદાસ વલ્લભદાસ ચંદને (૧૯૧૨-૩૦) કર્યું હતું. લાઠીમારમાં ઘવાયા છતાં બીજા દિવસે આઝાદ મેદાનની સભામાં ભાગ લેતાં ગોળીબાર વચ્ચેની ભાગદોડમાં મૃત્યુ પામ્યા. મુંબઈના તે પ્રથમ શહીદ ગણાય છે.

તો, મુંબઈ સ્થિત અનેક કચ્છી અગ્રણીઓ ભારતની સ્વાતંત્ર્ય ચળવળો અને કચ્છની લોકલડતોના સહયોગીઓ તરીકે આગળ રહ્યા હતા. શેઠ વેલજી લખમશી નપુ અને શેઠ ઉમર સોબાની કોંગ્રેસના 'ટિળક સ્વરાજ્ય ફાળા'ના ખજાનચી હતા. એમાંના વેલજી લખમશી નપુ મુંબઈ કચ્છી વેપારી આલમના સંગઠક, કચ્છના રાજકારણના મુંબઈમાં મંડાણ કરનાર, કચ્છ પ્રજા સંઘના મંત્રી તરીકે કચ્છ અને મુંબઈમાં તેના સંયુક્ત સ્વરૂપના પ્રેરક તથા અખિલ ભારત કોંગ્રેસ કારોબારીના ખજાનચી રહ્યા હતા.

### ● પ્રજાકીય પરિષદની સ્થાપના :

૧૯૨૬માં શેઠ સૂરજી વલ્લભદાસના પ્રમુખપદે મુંબઈમાં 'કચ્છી પ્રજાકીય પરિષદ'ની રચના થઈ, જે આઝાદીની પ્રાપ્તિ લગી ચાલુ રહી. કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની ગતિવિધિઓમાં મહત્ત્વનું માધ્યમ બની રહેનારી આ સંસ્થાની સ્થાપના પછી વ્યવસ્થિત લોકલડતના મંડાણ થયા.

તેના કાર્યકાળનાં ૨૨ વર્ષો દરમ્યાન મુંબઈ અને કચ્છનાં વિવિધ સ્થળોએ સમયાંતરે યોજિત તેનાં કુલ આઠ અધિવેશનો દ્વારા સ્થાનિક

*જો મિત્રતા તમારી નબળાઈ હોય તો, તમે વિશ્વના સૌથી મજબૂત વ્યક્તિ છો.*

સ્વરાજયની સંસ્થાઓ, મધ્યસ્થ ધારાસભા અને જવાબદાર પ્રધાનમંડળની માંગણીઓ થતી રહી. પ્રતિ પક્ષે કચ્છના શાસકો પણ લડતને દબાવવા લેખન અને વાણી સ્વાતંત્ર્ય પર અંકુશ મૂકતા ગયા.

પરિષદના પ્રથમ મુંબઈ અધિવેશન (૧૯૨૬)ના સૂત્રધાર સૂરજી વલ્લભદાસે ૧૯૨૯-૩૦ના વિકટ કાળે ‘ચાલો હાકલ થઈ દેશની’નો નાદ કચ્છના ગામેગામ પહોંચાડી દેશપ્રેમનો જુસ્સો જગાડ્યો હતો. મુંબઈમાં ‘સ્વદેશી બજાર’ શરૂ કરનાર આ કચ્છી અગ્રણી કચ્છમાં પણ સક્રિય હતા અને કચ્છ સંગ્રામના છેવટ લગીના કુશળ સહયોગી બન્યા હતા.

### કચ્છી પ્રજાકીય પરિષદનાં અધિવેશનો

| *ક્રમ* | *તારીખો* | *સ્થળ* | *પ્રમુખ* |
|---|---|---|---|
| ૧. | ૨૨, ૨૩, ૨૪ ઓક્ટોબર, ૧૯૨૬ | મુંબઈ | શેઠ સૂરજી વલ્લભદાસ |
| ૨. | ૨૮, ૨૯, ૩૦ ડિસેમ્બર, ૧૯૨૭ | માંડવી | લક્ષ્મીદાસ રવજી તેરસી |
| ૩. | ૨૦, ૨૧ એપ્રિલ, ૧૯૩૦ | અંજાર | જનાબ યાકુબ હુસેન |
| ૪. | ૨૮, ૨૯, ૩૦ એપ્રિલ, ૧૯૩૪ | ભુજ | શેઠ મૂળરાજ કરસનદાસ |
| ૫. | ૨૦, ૨૧, ૨૨ નવેમ્બર, ૧૯૩૭ | ભચાઉ | બિહારીલાલ નારાણજી અંતાણી |
| ૬. | ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બર, ૧૯૩૮ | મુન્દ્રા | યુસુફ મહેરઅલી મર્ચન્ટ |
| ૭. | ૧, ૨, ૩ ડિસેમ્બર, ૧૯૪૫ | ભુજ | ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા |
| ૮. | ૧૯ ઓક્ટોબર, ૧૯૪૮ | કોડાય | ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા |

### • અધિવેશનો અને સૂત્રધારો :

પરિષદના બીજા માંડવી અધિવેશન (૧૯૨૭)ના પ્રમુખ રહેલા લક્ષ્મીદાસ રવજી તેરસી (૧૮૭૬-૧૯૩૯) મુંબઈના કચ્છી આગેવાન હતા અને ‘મુંબઈનું નૂર’ ગણાતા! તેમણે છેક ૧૯૦૨થી રાજ્યના અધિકારીઓની રંજાડ સામે લડત આપેલી. તો, મદ્રાસની રાજાજી સરકારમાં પ્રધાનપદે રહેનાર જનાબ યાકુબ હુસેને રાજદ્રોહની કલમ વચ્ચે અને સ્થાનિક જ્ઞાતિબંધુઓની નારાજી વહોરીને પણ ત્રીજા અંજાર અધિવેશન (૧૯૩૦)નું પ્રમુખપદ સ્વીકાર્યું હતું.

તેમાં ભારતના સ્વતંત્રતા સંગ્રામને બિરદાવી ગાંધીજીની દોરવણીમાં શ્રદ્ધા અને સહાનુભૂતિ જાહેર કરાયા હતા. તે પછી ભુજના નગરશેઠ સાકરચંદ પાનાચંદ (૧૮૮૬-૧૯૫૨)ના પ્રમુખપદે તથા કાંતિપ્રસાદ અંતાણી અને અન્યોની દોરવણી તળે ભુજમાં વિરાટ ‘કચ્છ ખેડૂત સંમેલન’ (૧૯૩૧) મળ્યું, જેણે કચ્છની પ્રજાને બળ આપ્યું.

પરિષદના ચોથા ભુજ અધિવેશન (૧૯૩૪)ના પ્રમુખ શેઠ મૂળરાજ કરશનદાસ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના મુંબઈ સ્થિત લડવૈયા, મહેરઅલીના સાથીદાર અને કચ્છમાં પ્રવાસો ખેડી જનજાગૃતિના પ્રસારક હતા. સ્વરાજ્ય પૂર્વે ઝાંઝિબાર ખેડીને કચ્છના રાજકારણમાં ઓતપ્રોત થનાર ડૉ. બિહારીલાલ નારાણજી અંતાણી (૧૮૯૨-૧૯૭૧) પરિષદના પાંચમા ભચાઉ અધિવેશન (૧૯૩૭)ના કર્ણધાર બન્યા. તેઓ પ્રખર વક્તા અને આઝાદી પછી રાજ્યસભાના સભ્ય બન્યા હતા. આ સંમેલનમાં મુંબઈથી બિરાદર મહેરઅલી પ્રથમવાર હાજર રહી કચ્છની સ્વાતંત્ર્ય સંઘર્ષની પ્રવૃત્તિમાં સંકળાયા હતા.

### • પ્રજા જાગૃતિનું વળાંક-બિંદુ :

કચ્છી પ્રજાકીય પરિષદના છઠ્ઠા મુંદ્રા અધિવેશન (૧૯૩૮)ના પ્રમુખ બનીને કેપ્ટન યુસુફ મહેરઅલી જેવી રાષ્ટ્રીય પ્રતિભા સંપન્ન વ્યક્તિ ટૂંકાગાળા માટે કચ્છના રાજકીય સુકાની પણ બન્યા હતા. આ સંમેલનમાં ‘જવાબદાર રાજતંત્ર’ની માંગણી સાથે પ્રજાને સીધી લડતની તૈયારી માટે આહ્વાન અપાયું હતું. આ અધિવેશનને હરિપુરા કોંગ્રેસ અધિવેશન સાથે સરખાવવામાં આવે છે. તેમાં લાખો લોકોએ હાજરી આપી જુસ્સાના દર્શન કરાવ્યા હતા.

મુંદ્રા અધિવેશનમાં કચ્છરાજને તાકીદ કરાઈ હતી કે ૩૧મી માર્ચ, ૧૯૩૯ સુધી કચ્છમાં પ્રજાકીય શાસન નહિ સ્થપાય તો તે માટે શાંત સત્યાગ્રહ આદરવામાં આવશે. તત્પશ્ચાત્ મહેરઅલીએ કચ્છની પ્રજાને સત્યાગ્રહની લડત હેતુ સજ્જ કરી. તે માટે કચ્છનાં મુખ્ય સ્થળોએ સભા, સરઘસો, પ્રભાત ફેરીઓ, દેખાવો, ધરણાં વગેરે યોજાતાં રહ્યાં.

મુંદ્રા અધિવેશનના આગળ જતાં બીજા વર્ષે (૧૯૩૯માં) પડઘારૂપ અનેક બનાવો બન્યા. ૧૦મી જાન્યુઆરીના માંડવીની બેઠકમાં કચ્છના મહારાવે પ્રજાકીય ચળવળોથી દૂર રહેવા ‘સલાહ’ આપી. તો, પરિષદે પણ પોતાનું દષ્ટિબિંદુ રજૂ કર્યું. ૧૬મી જાન્યુઆરીના મહેરઅલી-મહારાવ મિલન નિષ્ફળ રહ્યું અને ૧૯મીના કચ્છના જાણીતા વકીલોની સનદ છીનવી લેવાઈ. પ્રજાનો જુસ્સો ટકાવી રાખવા ૨૦મીના મહેરઅલીના નેતૃત્વ હેઠળ ભુજમાં વિરાટ ‘અખિલ કચ્છ કિસાન સંમેલન’ યોજાયું, જે કચ્છની પ્રજાજાગૃતિ કાળનો મહત્ત્વનો પ્રસંગ લેખાય છે. ૨૧મીના કચ્છમાં ઠેરઠેર દારૂનાં પીઠાં સામે પિકેટિંગ શરૂ થયું.

### • ‘જવાબદાર રાજતંત્ર દિન’ :

૨૬મી જાન્યુઆરીને હિંદભરમાં ‘સ્વતંત્રતા દિવસ’ તરીકે મનાવવાનું ગાંધીજીએ આહ્વાન આપેલું. તે અનુસાર કચ્છમાં પણ તે ‘જવાબદાર રાજયતંત્ર દિન’ રૂપે ઉજવવાનું મુંદ્રા અધિવેશનમાં ઠરાવાયેલું. તેમાં ભાગ લેવા મુંબઈથી આવતા સ્વયંસેવક દળનો વિદાય સમારંભ ૧૪મી જાન્યુઆરીના કોંગ્રેસ પ્રમુખ સુભાષચંદ્ર બોઝ (૧૮૯૭-૧૯૪૫)ની હાજરીમાં યોજાયો હતો અને તેની સફળતા ઇચ્છતો પ્રેરક સંદેશો પણ નેતાજીએ કચ્છની પ્રજાને પાઠવ્યો હતો.

તે મુજબ કચ્છમાં ૨૬મી જાન્યુઆરી, ૧૯૩૯ના પરિષદ પ્રમુખ મહેરઅલીની હાજરીમાં આ દિવસની ‘જવાબદાર રાજતંત્ર દિવસ’ રૂપે મોટા પાયે ઉજવણી થઈ. કચ્છમાં વ્યાપક સ્વરૂપનો એ પ્રથમ રાજકીય બનાવ હતો. આ રાજકીય લડતના ભાગ રૂપે તારીખ ૨૪-૨૫ માર્ચે ભુજમાં જૈન વંડી ખાતે લેડી પ્રેમલીલા ઠાકરશી (૧૮૯૪-૧૯૭૭)ના પ્રમુખપદે કચ્છનું પ્રથમ ‘મહિલા સંમેલન’ યોજાયું હતું, જેનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રીય પ્રતિભા કમલાદેવી ચટ્ટોપાધ્યાય (૧૯૦૩-૮૮)ના હસ્તે થયેલું.

*સફળતાની ચિંતા છોડીને આગળ વધવા ડગ ભરો.*

દરમ્યાન ૨૨મી માર્ચ, ૧૯૩૯ના ગાંધીજીએ દેશી રાજ્યો સામેની પ્રજાકીય ચળવળો મોકૂફ રાખવાનો આદેશ આપતાં ૧લી એપ્રિલ, ૧૯૩૯થી કચ્છમાં પણ શરૂ થનારી 'જવાબદાર રાજ્યતંત્ર માટેની સૂચિત લડત' પાછી ખેંચાઈ હતી.

લડત મોકૂફી છતાં પરિષદનાં આંદોલનોએ કચ્છની પ્રજામાં રાજકીય જાગૃતિ આણવાનું કામ તો કર્યું જ હતું. સામા પક્ષે રાજ્ય તરફથી (લડત બંધ રહી છતાં) કચ્છમાં ગરાસિયા-ભાયાતો-ચારણોનાં સંમેલનો, કણબીઓનું સરઘસ અને મુસ્લિમ સંમેલન બોલાવીને આંતરિક ફાટફૂટની કુટિલ કૂટનીતિ પણ અપનાવાઈ. તો, ૧૯૩૯માં જ વેલજી ઠાકરશી, કાંતિપ્રસાદ અંતાણી, જમનાદાસ ગાંધી જેવા સ્વાતંત્ર્ય સંગ્રામના સિપાઈઓ કારાવાસમાં પણ પૂરાયા.

## મુંબઇમાં મુક્તિ સંગ્રામના કચ્છી સેનાની બિરાદર યુસુફ મહેરઅલી

મૂળે કચ્છના ભદ્રેશ્વર (તા. મુંદ્રા)ના વતની અને પેઢીઓથી મુંબઈને કર્મભૂમિ બનાવનાર યુસુફ મહેરઅલી (૧૯૦૩-૫૦) પ્રખર સમાજવાદી અને રાષ્ટ્રવાદી સેવક હતા. કચ્છે જે સ્વાતંત્ર્ય વીરો દેશને આપ્યા તેમાં મહેરઅલી વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આઝાદી આંદોલન સમયે કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ તરીકે કચ્છમાં લોકસ્વરાજની લડતને આગેવાની પૂરી પાડનાર કચ્છી બિરાદર મહેરઅલી મુંબઈના રાજકારણમાં પણ એટલા જ સક્રિય હતા અને મુંબઈના 'પ્રથમ કચ્છી મેયર' (૧૯૪૨) બન્યા હતા.

યંગ ઇન્ડિયા સોસાયટી, બોમ્બે પ્રોવિન્સિયલ યુથ લીગ, બોમ્બે સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ જેવાં મંડળો સ્થાપીને ક્રાંતિકારી યુવકોને તાલીમ આપી તૈયાર કર્યા. સાયમન કમિશન (૧૯૨૮) સામેના વિરોધને મુંબઈમાં જલદ બનાવવાની પહેલ કેપ્ટન મહેરઅલી અને તેના સાથીઓએ કરી. મુંબઈ બંદરે ચારસો નવયુવકોની ટુકડી લઈને એમણે 'સાયમન - પાછા જાવ'ના નારા સાથે દેખાવો કર્યા હતા.

૧૯૩૦-૩૨ની લડતો દરમ્યાન સભા-સરઘસો પર પ્રતિબંધ હતો ત્યારે જનતાના ઓસરતા જુવાળને એમની સ્થાપેલી 'નેશનલ મિલિશિયા' એ જ ચેતન પૂરેલું! 'કોંગ્રેસ સમાજવાદી પક્ષ'ની સ્થાપના (૧૯૩૪)માં તેઓ પણ એક હતા. તો, 'હિન્દ છોડો' ચળવળ (૧૯૪૨)માં રાષ્ટ્રીય નેતાઓ સાથે ભાગ લીધો.

૧૯૩૯માં એમના પ્રમુખપદેથી કચ્છી પ્રજાકીય પરિષદ દ્વારા કચ્છના જાહેર જીવનને ગતિ, વિસ્તાર અને આદર્શ પ્રાપ્ત થયા હતા. સુરેન્દ્રભાઈ શેઠ (૧૯૩૨-૨૦૦૩) નોંધે છે તેમ બિરાદર મહેરઅલીના નેતૃત્વનું એક અગત્યનું પરિણામ તે કચ્છની પ્રજાકીય ચળવળને ભારતના આઝાદી આંદોલનના એક અંતર્ગત ભાગ તરીકે આકાર મળ્યો.

### • 'અંગ્રેજો પાછા જાવ' ચળવળ :

૧૯૪૦માં પ્રમુખપદેથી રાજીનામું આપી યુસુફ મહેરઅલી રાષ્ટ્રીય કક્ષાએ સત્યાગ્રહમાં જોડાવા ગયા. ૧૯૪૨માં એમને લાહોરમાં કારાવાસ અને મુંબઈમાં મેયરપદ બંને મળ્યા. એ પછી ભારતના સ્વાતંત્ર્ય જંગની તવારીખમાં પરાકાષ્ટા અને સીમાચિહ્નરૂપ સ્થાન ધરાવતી ૧૯૪૨ની 'ભારત છોડો' ચળવળ (ઓગસ્ટ ક્રાંતિ) શરૂ થાય છે. મુંબઈમાં ગોવાલિયા ટેંક ખાતે દેશના ટોચના નેતાઓ સાથે મહેરઅલીએ પણ ભાગ લીધેલો અને જેલવાસ ભોગવેલો.

ગાંધીજીની હાકલ પરથી ગામડા તરફ પ્રયાણ કરી ચરખામઢી (ગઢશીશા) થી ૧૯૩૯માં કચ્છમાં ગ્રામોત્થાનની પ્રવૃત્તિઓનો આરંભ કરનાર મૂલ્યનિષ્ઠ ગાંધીવાદી માવજીભાઈ ધરમશી વેદે (૧૯૦૭-૪૫) 'હિંદ છોડો' લડત વખતે કચ્છમાં ખમીર ઝળકાવી બતાવ્યું હતું. તો, ગિજુભાઈ બધેકા (૧૮૮૫-૧૯૩૯), રતુભાઈ અદાણી (૧૯૧૪-૯૭), ઇસ્માઇલ નાગોરી જેવા અગ્રણીઓના હાથ નીચે કેળવાયેલા કચ્છના સ્વાતંત્ર્ય સેનાની કાસમશાહ દર્દ (૧૯૦૯-૮૯) 'કરેંગે યા મરેંગે'ની આ ચળવળ વખતે યુવાનોને બંદૂક ચલાવવાની તાલીમ આપતા. આઝાદી બાદ તેઓ શામળદાસ લક્ષ્મીદાસ ગાંધી (૧૮૯૭-૧૯૫૩)ની 'આરઝી હકુમત' (જૂનાગઢ)ના લશ્કરમાં એક સૈનિક તરીકે જોડાયા હતા.

### • વિસર્જન અને વિલીનીકરણ :

કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામના ભેખધારી અને જાહેરજીવનના ભીષ્મ પિતામહ ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા (૧૮૯૩-૧૯૭૨)ના પ્રમુખપદે પરિષદનું સાતમું ભુજ અધિવેશન (૧૯૪૫) યોજાયું, તેમાં મહેમાનો તરીકે મોરારજીભાઈ દેસાઈ (૧૮૯૬-૧૯૯૫), મૃદુલાબહેન સારાભાઈ (૧૯૧૧-૭૪) એ હાજરી આપી માર્ગદર્શન આપેલું.

ત્યારબાદ પરિષદનું આખરી અને આઠમું કોડાય અધિવેશન (૧૯૪૮) પણ શ્રી ધોળકિયાના પ્રમુખપદે જ યોજાયું. સ્વાતંત્ર્ય સંગ્રામના અંતિમ અટપટા કાળથી સત્તાપલટા સુધીના સાક્ષી બનેલા ગુલાબશંકરભાઈ પાછળથી ભારતની કામચલાઉ સંસદ (૧૯૫૦-૫૨)માં કચ્છના પહેલા પ્રતિનિધિ, પ્રથમ લોકસભા (૧૯૫૨-૫૭)માં કચ્છના પ્રથમ બે પ્રતિનિધિઓ પૈકીના એક અને ગુજરાત વિધાનસભા (૧૯૬૨-૬૭)માં પણ ચૂંટાયા હતા.

૧૯૪૭માં ભારતની આઝાદીની પ્રાપ્તિ સાથે પરિષદનો હેતુ પૂરો થતાં કોડાય અધિવેશનમાં તેના વિસર્જનનો નિર્ણય લેવાયો. આમ કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખમાં મહત્ત્વનો ફાળો આપનારી અને ૨૨મી ઓક્ટોબર, ૧૯૨૬ના સ્થપાયેલી 'કચ્છી પ્રજાકીય પરિષદ' આઝાદી બાદ ૧૯મી ઓક્ટોબર, ૧૯૪૮ના વિસર્જિત થઈ તથા પાછળથી તેનું કોંગ્રેસમાં વિલીનીકરણ થયું હતું.

### • નારીશક્તિનો પણ ફાળો :

આઝાદી જંગમાં કેટલીક કચ્છી મહિલાઓએ પણ પોતાનું

*મુશ્કેલીનો પોતે જ સામનો કરે એ જ સાચો નાયક.*

યત્કિંચિત્ યોગદાન આપ્યું છે. મહિલાઓના હક્ક અને સ્વમાન માટે લડત ચલાવનાર માંડવીના રમીબહેન રણછોડદાસ (જ. ૧૮૯૬) ૧૯૧૬થી જાહેરજીવનમાં ઝુકાવી રાષ્ટ્રીય લડતમાં સહભાગી થયેલાં. મુંબઈના એમ.એમ. કામદાર સાથે લગ્ન થયેલાં. અસામાન્ય સ્ત્રી વક્તાઓ પૈકીના એક હતા. મૂળે નલિયા (તા. અબડાસા)ના વતની મોતીબહેન મૂળજી વકીલે ખાર (મુંબઈ)ના મીઠા સત્યાગ્રહ વખતે ધરપકડ વહોરી જેલવાસ વેઠ્યો હતો.

કચ્છના ભેખધારી પત્રકાર ફુલશંકર પટ્ટણી (૧૯૦૫-૯૨)નાં પત્ની અને કચ્છના જાહેર-જીવનના અગ્રણી ગુલાબશંકર ધોળકિયા (૧૮૯૩-૧૯૭૨)નાં પુત્રી જ્યોત્સનાબહેન પટ્ટણી (૧૯૧૦-૮૯) પણ પિતા-પતિની જેમ આજીવન ખાદીધારી અને રચનાત્મક પ્રવૃત્તિઓને વરેલાં હતાં. દારૂપીઠાં વિરુદ્ધ મહિલા દેખાવો, જવાબદાર રાજતંત્રની લડત, કચ્છ મહિલા સંમેલનના મંત્રી (ત્રણે બનાવો ૧૯૩૯) વગેરેમાં યોગદાન આપેલું.

મૂળે માંડવીના અને જેસલમેરના દીવાનના પુત્રી બાબીબહેન મૂળજી દયાળે ૧૯૨૦માં આઝાદી આંદોલનમાં ઝુકાવેલું. કોંગ્રેસ અધિવેશન (૧૯૪૩) માં સક્રિય ભાગ લીધો. સત્યાગ્રહમાં પકડાયાં હતાં અને જેલવાસ વેઠ્યો હતો. આ ઉપરાંત રસીલાબહેન તનસુખરાય પટ્ટણી, લક્ષ્મીબહેન સૂરજી વલ્લભદાસ, સાવિત્રીબહેન પ્રાગજી કંસારા, ઈન્દુબહેન ભગવાનદાસ અડવાણી, મુદ્રિકાબહેન અંજારિયા, ગોદાવરીબહેન ઠક્કર, કમળાબહેન શર્મા, જેઠીબાઈ આણંદજી વગેરેએ પણ ફાળો આપ્યો હતો.

## પરદેશમાં આઝાદી ચળવળના કચ્છી ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા

કચ્છ જિલ્લાના તાલુકા-મથક માંડવી ખાતે જન્મેલા અને ગુજરાતના ગૌરવસમા ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭-૧૯૩૦) મહર્ષિ દયાનંદ સરસ્વતીના માનસપુત્ર, વીર સાવરકરના ગુરુ અને અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના પથદર્શક હતા. અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે એમણે ક્રાંતિની મશાલ પ્રજ્વલિત રાખી હતી. વિદેશમાં ભારતીય સંસ્કૃતિના પ્રચારાર્થે દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૮૩)ની પ્રેરણાથી પ્રથમવાર ૧૮૭૯માં અને તે પછી વિદેશી ભૂમિ પરથી ભારતના મુક્તિ સંગ્રામને બળ મળે તે માટે બાળગંગાધર તિલક (૧૮૫૬-૧૯૨૦)ની પ્રેરણાથી ફરી ૧૮૯૭માં તેઓ ઈંગ્લેન્ડ ગયા.

ત્યાં એમણે 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' અખબાર, 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' સંસ્થા અને ક્રાંતિમથક 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરીને પરદેશમાં આઝાદીની ચળવળ શરૂ કરી. ત્યાં એમની સાથે દેશના અન્ય બે ક્રાંતિવીરો લીંબડીના સરદારસિંહ રાણા (૧૮૭૦-૧૯૫૭) અને નવસારીના મેડમ ભિકાઈજી કામા (૧૮૬૧-૧૯૩૬) હતા. વિદેશી ભૂમિ પર ક્રાંતિકારી પ્રવૃત્તિનો પ્રથમ પ્રારંભ આ ગુજરાતી નરવીરો દ્વારા થયો હતો!

આ ત્રિપુટીએ આઝાદી જંગમાં વિશ્વ જનમત જગાડવા ઝુંબેશ ચલાવી. ભારત પર શાસન કરતા અંગ્રેજોના પાટનગરમાં જ આશ્રયસ્થાન સ્થાપીને ભારતીય ક્રાંતિકારીઓને સંગઠિત બનાવવાનો પુરુષાર્થ કરનાર તેઓ પ્રથમ હતા. સેનાપતિ બાપટ (૧૮૮૦-૧૯૬૭), વીર સાવરકર (૧૮૮૩-૧૯૬૬), મદનલાલ ધીંગરા (૧૮૮૭-૧૯૦૯), લાલા હરદયાળ વગેરે જેવા ક્રાંતિવીરોની હરોળ ઊભી કરી. એટલું જ નહિ, ભારતીય વિદ્યાર્થીઓને લંડનમાં ઉચ્ચ અભ્યાસ કરવાની વ્યવસ્થા પણ કરી.

૧૮૫૭ના બળવાની અર્ધશતાબ્દીની ઉજવણી (૧૯૦૭)થી સૌની નજરે ચડતાં તેઓ પેરિસ (ફ્રાન્સ) અને જર્મની આવ્યા. સ્ટટગાર્ટમાં પ્રથમવાર ભારતીય ધ્વજ ફરક્યો. ૧૯૧૪માં જિનિવા (સ્વિટ્ઝર્લેન્ડ) આવ્યા, જ્યાં એમણે અંતિમ શ્વાસ લીધા. અદ્યાપિ ત્યાં સચવાઈ રહેલા એમના અસ્થિકુંભો તાજેતરમાં રાષ્ટ્રીય સન્માન સાથે ભારત લાવવામાં આવ્યા અને મુંબઈથી માંડવી સુધીની ભવ્ય 'વીરાંજલિ યાત્રા' યોજીને માદરે વતનમાં સ્થાપિત કરાયા (૪-૯-૨૦૦૩) એ સૌને વિદિત છે.

### ● 'બંધારણ સભા'માં યોગદાન :

આઝાદીની પ્રક્રિયાના ભાગરૂપે ભારતનું રાજબંધારણ ઘડવા ૨જી સપ્ટેમ્બર, ૧૯૪૬ના 'બંધારણ સભા' (૧૯૪૬-૪૯) રચવામાં આવી હતી. તેમાં કચ્છના બે પ્રતિનિધિઓ ચૂંટવા માટે દસ સભ્યોનું 'સ્થાનિક મતદાર મંડળ' રચવામાં આવેલું. તેમાં કચ્છના આ આગેવાનો નિયુક્તિ પામ્યા હતા : ગુલાબશંકર ધોળકિયા (કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ), મૂળશંકર ગોર (ભુજ સુધરાઈના પ્રમુખ), કલ્યાણજી ધનજી (માંડવી સુધરાઈના પ્રમુખ), કાંતિપ્રસાદ અંતાણી (અંજાર સુધરાઈના પ્રમુખ), રેવાશંકર હરિશંકર (મુંદ્રા સુધરાઈના પ્રમુખ), ભવાનજી અરજણ (મુંબઈ સ્થિત કચ્છના રાજકીય અગ્રણી), ફૂલશંકર પટ્ટણી (પ્રજાકીય પરિષદના મંત્રી), જમિયતરાય વૈદ્ય (ભુજ), સુબોધચંદ્ર અંજારિયા (માંડવી) અને નૌશીર દસ્તુર (માંડવી).

આ મતદાર મંડળ દ્વારા ચૂંટાઈને બે કચ્છી સપૂતો ભવાનજી અરજણ શાહ (મુંબઈ) અને ખુશાલ તલકશી શાહ (માંડવી) એ સ્વતંત્ર ભારતની બંધારણ સભામાં કચ્છનું પ્રતિનિધિત્વ કરેલું. બંધારણમાં નહેરુ-સરદાર સાથે કચ્છના આ બંને આગેવાનોની પણ સહી સ્થાન પામી છે. તે પૈકી પ્રૉ. કે.ટી. શાહ (૧૮૮૮-૧૯૫૩) માંડવીના વતની અને પરિષદના સ્થાપક સભ્યો પૈકીના એક હતા. પંડિત નહેરુ (૧૮૮૯-૧૯૬૪)ના પ્રમુખસ્થાને નીમાયેલ 'કોંગ્રેસ આયોજન મંડળ' (૧૯૩૪) માં મંત્રી હતા. ભવાનજીભાઈ સાથે એમણે પણ બંધારણ સભામાં બહુમૂલ્ય ફાળો આપેલો. એક બંધારણવિદ તરીકે એમનું નામ

*જે આપણી પાસેથી ધન-સંપત્તિ, સુખ-સુવિધા, માન-આદર, પૂજા-સત્કાર વગેરે પણ ચાહે છે તે આપણું કલ્યાણ નહીં કરી શકે.*

ભારતભરમાં ખ્યાત થયેલું.

કચ્છના તેરા (તા. અબડાસા)ના વતની, મુંબઈના જૈન શ્રેષ્ઠી અને કચ્છના જાહેરજીવનના મોભી એવા ભવાનજી અરજણ ખીમજી (૧૯૦૨-૭૦) મુંબઈ પ્રાંત કોંગ્રેસ સમિતિના ખજાનચી પદે રહેલા અને ૧૯૩૦-૩૨ની સવિનય કાનૂનભંગ લડતના આગેવાન હતા. વિદેશી વેપારી પેઢીઓનો બહિષ્કાર કરવા બદલ ધરપકડ વહોરેલી. પ્રથમ લોકસભા (૧૯૫૨-૫૭)માં તેઓ કચ્છના પ્રથમ બે પ્રતિનિધિઓ પૈકીના એક હતા. સ્વરાજ્ય પહેલાં ગુલાબશંકર ધોળકિયા અને સ્વરાજ્ય પછી ભવાનજીભાઈ કચ્છ માટે મહત્ત્વના આધારસ્તંભો બનેલા.

### ● થોડા નામોલ્લેખ અને ઉપસંહારઃ

સ્વાતંત્ર્ય સંગ્રામના સંઘર્ષકાળ દરમ્યાન અનેક સામાજિક-રાજકીય આગેવાનો સંકળાયેલા રહ્યા હોય એ દેખીતું છે. ઉપરના લેખમાં જેમની વાત આવી ગઈ છે તે સિવાય પણ અમૂલ્ય યોગદાન આપ્યું હોય એવા નામીઅનામી અનેક મહાનુભાવોનાં નામો રહી જવા સંભવ છે, જેનો મર્યાદિત લેખમાં ઉલ્લેખ શક્ય નથી. બીજું, સ્વાતંત્ર્ય સંગ્રામના એક ભાગરૂપે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમ આપેલો, જેના પણ અનેક નાનામોટા કાર્યકરો કચ્છની સ્વાતંત્ર્ય તવારીખ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષપણે સંકળાયેલા રહ્યા છે. કચ્છમાં ખાદી, ગ્રામોદ્યોગ, સ્વદેશી, લોકશિક્ષણ, હરિજનોદ્ધાર વગેરે જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કેટલાક મુખ્ય કાર્યકરોની યાદી આ મુજબ છે...

'કચ્છના ગાંધી' તરીકે પ્રસિદ્ધ માંડવીના ગોકુલદાસ બાંભડાઈ (૧૮૮૧-૧૯૬૨), મહર્ષિ અરવિંદ (૧૮૭૨-૧૯૫૦)ના શિષ્ય અને સાધનાશ્રમ (બિદડા)ના સ્થાપક વેલજી ઠાકરશી ફુરિયા (૧૯૦૧-૬૬), શિક્ષણસંસ્થા 'સદનવાડી' (દેશલપર-વાંઢાય)ના સ્થાપકો પ્રભુલાલ જશવંતરાય ધોળકિયા (૧૯૦૫-૮૦) અને મગનભાઈ ગોવિંદજી સોની (૧૯૦૯-૯૧), સેવાશ્રમ (ચકાર-કોટડા)ના હીરજીભાઈ રણછોડભાઈ કોટક (૧૯૧૮-૨૦૦૭), ગ્રામલક્ષ્મી બે શિક્ષણ સંસ્થાઓ સર્વોદય આશ્રમ અને ગ્રામ સ્વરાજ સંઘ (બંને નીલપર)ના સ્થાપકો અનુક્રમે દયારામભાઈ રામદાસ કેવરિયા (૧૯૨૦-૨૦૦૮) અને મણિભાઈ ન્યાલચંદ સંઘવી (૧૯૨૧-૨૦૦૮) વગેરેને સંભારવા રહ્યા.

ઉપરાંત, કચ્છરાજના પ્રતિબંધ કે હેરાનગતિના કારણે ઘણા કચ્છી પત્રકારોએ બહુધા મુંબઈમાંથી લઘુ અખબારો બહાર પાડીને જે લોકજાગૃતિનો પ્રકાશ ફેલાવ્યો તેનો વળી એક જુદો જ ઈતિહાસ છે. તેમ છતાં તેઓનો પણ નામોલ્લેખ કરવો રહ્યો... વકીલ દયારામ દેપાળા (માંડવી)નાં બે પત્રો 'કચ્છ સમાચાર', 'કચ્છી ઢોલ', ચત્રભુજ જગજીવન ભટ્ટ (લાકડિયા)નું 'કચ્છી', રવજીભાઈ શાહ (દેવપર-ગઢ)નું 'કચ્છ કેસરી', ફુલશંકર પટ્ટણી (ભુજ)નું 'જયકચ્છ', કલ્યાણજી લાલજી વ્યાસ (માંડવી)નું 'કચ્છી', પ્રાણલાલ શાહ (ભુજ)નું 'જાગૃત કચ્છ', છગનલાલ ભવાનીશંકર મહેતાનું 'કચ્છ વર્તમાન', બી.એન. મહીશેરીનું 'સ્વદેશ' મુખ્ય ગણી શકાય.

આઝાદી બાદ કચ્છ પ્રાંત ભારત સંઘમાં વિલીન થતાં ૧લી જૂન, ૧૯૪૮થી તેને ચીફ કમિશનર દ્વારા હિંદી સરકારના સીધા વહીવટ હેઠળ 'ક' વર્ગના રાજ્ય ('સી' સ્ટેટ કેટેગરી) તરીકે અલગ દરજ્જો મળ્યો હતો અને બીજા દિવસે (૨/૬ના) ભુજમાં પ્રથમવાર ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવાયો હતો. આમ, સ્વાતંત્ર્ય-પ્રાપ્તિના સંઘર્ષનાં વર્ષો દરમ્યાન કચ્છમાં પણ આઝાદી માટે જાગૃતિ લાવવાનું, પોતાના હકો માટે લડવાનું, ભ્રષ્ટાચાર નાબૂદી, દમન સામે માથું ઊંચકવું વગેરે જેવી લડતો દ્વારા કચ્છમાં સ્વાતંત્ર્ય ચેતનાનો સંચાર થયો હતો.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવનનગર, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર (જિ. કચ્છ) ૩૭૦ ૧૧૦,*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## શરીર - મનને નિરોગી રાખવા : કમ ખાઓ - ગમ ખાઓ

***"રહે નિરોગી જો કમ ખાય, બાત ન બિગડે જો ગમ ખાય."***

શરીર અને મનને સ્વસ્થ રાખવાના બે સરળ ઉપાયો છે : કમ ખાઓ અને ગમ ખાઓ. શરીરના પોષણ માટે જેટલો જરૂરી હોય તેટલો ખોરાક જ લેવો જોઈએ. વધુ પડતો આહાર શરીરને નુકસાન પહોંચાડતો હોય છે અને રોગોને આમંત્રણ આપતો હોય છે. એટલા માટે જ ઉપર કહ્યું તે પ્રમાણે ઓછું ખાવાથી શરીર હંમેશાં નિરોગી રહે છે. જૈન અનુશાસનમાં એને "ઉણોદરી વ્રત" કહેવામાં આવે છે. જરૂર હોય તેના કરતાં પેટને - ઉદરને ઊણું રાખવું - ખાલી રાખવું તે "ઉણોદરી વ્રત" છે. એ હંમેશાં નિરોગી રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે. એની સાથે સાથે મનને પણ જો નિરોગી રાખવું હોય તો ગમ ખાતાં શીખવું જોઈએ. ગમ ખાવું એટલે થયેલા અપમાનને સહન કરી લેવું. આમ કરવાથી લડાઈ, ઝઘડા અને કલેશ - કંકાસને દૂર રાખી શકાય છે. જીવનમાં સુખી થવાના આ બે જ રાજમાર્ગ છે.

મનુષ્ય જીવનના ત્રણ તબક્કાઓ છે : પહેલો તબક્કો તે બાળપણ છે, બીજો યુવાની અને ત્રીજો તે વૃદ્ધાવસ્થા છે. વિદુર નીતિમાં એવું કહેવામાં આવ્યું છે કે, 'પહેલી અવસ્થામાં મનુષ્યે એવા કામ કરવા જોઈએ કે જેનાથી વૃદ્ધાવસ્થામાં તે સુખ અને શાંતિપૂર્વક રહી શકે.' એને માટેની પૂર્વતૈયારી આપણે યુવાનીમાં જ કરવી પડે. શરીરના સ્વાસ્થ્યનું રક્ષણ જો યુવાનીમાં કર્યું હશે તો વૃદ્ધાવસ્થામાં તે સાથ આપશે. મનને પણ જો યોગ્ય રીતે કેળવણી આપવામાં આવી હશે તો વૃદ્ધાવસ્થામાં મન પણ ઠરીઠામ બનીને હંમેશાં સાથ આપતું રહેશે. એને માટે નિયમિત યોગાભ્યાસ, પ્રાણાયામ તથા સત્સંગ જરૂરી છે.

'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવત પ્રમાણે નિરોગી શરીર એ સૌથી મોટામાં મોટું સુખ છે. એને માટે યોગ્ય આહાર-વિહાર જરૂરી છે. આચાર્ય ચરકે નિરોગી રહેવા માટે ત્રણ સૂત્રો આપતાં કહ્યું છે કે 'જે વ્યક્તિ 'હિતભૂક્, મિતભૂક્ અને ઋતભૂક્ છે તે હંમેશાં સ્વસ્થ રહી શકે છે.' હિતભૂક્ એટલે જે કલ્યાણકારી - હિતકારી હોય તેવો જ ખોરાક ગ્રહણ કરવો જોઈએ. મિતભૂક્ એટલે ઓછું ખાવું જોઈએ અને ઋતભૂક્ એટલે ઋતુ પ્રમાણે પથ્યાપથ્યનું પાલન કરવું જોઈએ. આવી વ્યક્તિ હંમેશાં સ્વસ્થ રહી શકે છે. મનને સ્વસ્થ રાખવા માટે ઉપર કહ્યું તે પ્રમાણે હંમેશાં પ્રસન્ન રહી, ગમ ખાઈને તે વાતન સહન કરી લેવી જોઈએ. જો આટલું કરી શકીએ તો જીવનમાં હંમેશાં આપણે શરીર અને મનથી સંપૂર્ણ રીતે સ્વસ્થ રહી શકીએ.

***સાભાર : "પરિત્રાણ"***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# કચ્છમાં વાહન વ્યવહાર સુવિધાઓનો વિકાસ
# ગઇકાલ, આજ અને આવતીકાલ

• ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' •



**શ્રી ધનજીભાઈ** મહેસૂલ ખાતામાંથી ડાયરેક્ટ ક્ષેત્રમાં અધિકારી તરીકે એસ.ટી.માં ગયેલ. ત્યાં ૩૪ વર્ષની એસ.ટી.ની સેવામાંથી વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા. ૧૯૭૨માં કાયદાની પરીક્ષા પાસ કરેલ હોવાથી ભુજમાં સફળ વકીલ તરીકે કામ કરે છે. લેબર લૉઝ - મજૂર કાયદાના નિષ્ણાત છે. કચ્છી અને ગુજરાતીમાં લખતા લેખકનાં ૯ પુસ્તકો પ્રસિદ્ધ થયેલ છે. કચ્છીનાં ત્રણ પૈકી બે પુસ્તકોને કચ્છી સાહિત્ય અકાદમીએ પહેલું / બીજું પુરસ્કાર આપેલ છે. ડૉ. મનુભાઈ પાંધી એવૉર્ડ વિજેતા લેખક શુદ્ધ કચ્છીમાં લખતા પાંચ લેખકો પૈકીના એક છે.

કચ્છમાં જમીન માર્ગે, દરિયાઇ માર્ગે તેમજ આકાશ માર્ગે વાહન વ્યવહારની સગવડ ક્યાં, કેવી હતી તે અંગે સમયગાળા સંદર્ભે વિચાર કરીએ તો ધરતીકંપ સુધીનો સમય ગઇ કાલનો અને ધરતીકંપથી આજ સુધીનો સમય એટલે આજનો સમય. આજથી હવે પછીની ઝંખના ધરાવતો સમય એટલે આવતકાલનો સમયગાળો. આ રીતે ત્રણ ગાળામાં સમયને વહેંચી, આલેખવાનો પ્રયત્ન કરેલ છે.

**● જમીન માર્ગે-રસ્તા માર્ગે :**

(અ) જમીન માર્ગે માત્ર રણ જ કચ્છીઓ માટે રાજમાર્ગ હતો. આજના અબડાસા તાલુકાની ઉત્તરે, લખપતની સામે પાર સિંધપ્રદેશ આવેલો છે. કચ્છમાં જ્યારે જ્યારે દુષ્કાળ પડ્યા છે ત્યારે ત્યારે કચ્છીઓએ અબડાસાથી અને નીરોણા-હાજીપીર માર્ગે સિંધ જવાનો જમીન માર્ગ પકડ્યો છે. ત્યાં જમીનદારો પાસે ખેતીના કામે મજૂરીએ રહી, કપરો-કાળ પસાર કરી અને વરસાદ થતાં પાછા કચ્છ એ જ રસ્તે આવી જતા હતા. આ માટે બળદગાડાનો ઉપયોગ થતો હતો. આઠ-દસ જણ સાથે એક ગાડું રહેતું હતું જેના પર જરૂરી સામાન રહેતો હતો અને અશક્તો ગાડામાં બેસી મુસાફરી કરતા હતા. એટલે બળદગાડું એ વાહન વ્યવહાર માટે અતિ ઉપયોગી સાધન હતું.

ત્યારબાદ શહેરોમાં ઘોડાગાડી એટલે કે 'ટાંગા'નો વ્યવહાર એક છેડાથી બીજા છેડા સુધી વધ્યો. ક્યાંક અશ્વનો ઉપયોગ થવા લાગ્યો અને લડવૈયા તેમજ સાહસિકો તેનો ઉપયોગ કરવા લાગ્યા. જ્યારે રણ જેવા અને લાંબા રસ્તે ઊંટનો ઉપયોગ કરવામાં આવતો. પછી ઊંટગાડી અસ્તિત્વમાં આવી. કચ્છમાં ગધેડાગાડીમાં પણ મુસાફરી થતી જોવામાં આવી છે. બાકી પગપાળા મુસાફરી પણ એટલી જ થતી હતી!

**(બ) યાંત્રિક સાધનો**

જેમ જેમ સમય પસાર થવા લાગ્યો અને ટેકનોલોજીનો વિકાસ થવા માંડ્યો તેમ તેમ યાંત્રિક સાધનો એટલે કે મોટરકારનો વ્યવહાર વધવા માંડ્યો. કચ્છમાં મહારાવશ્રી પાસે મોટરકાર હતી. સૌપ્રથમ કચ્છમાં મોટરકાર, માંડવીથી જિનિંગ પ્રેસ સુધી જવા-આવવા અને માંડવીની હદ પૂરતી, માંડવીના કલ્યાણજી ઉકાને પરવાનગી મળી. પછીથી એ જ નામના શાહસોદાગર કલ્યાણજી ધનજીને પણ આવી પરવાનગી મળી હતી. સમય જતાં માલેતુજાર શેઠિયાઓ પાસે મોટરકારો આવતી થઇ. પછી જીપોનો જમાનો આવ્યો અને તેમાં મુસાફરી થવા લાગી. છેવટે રિક્ષાઓ અને છકડાનો સમય પણ આવ્યો. આ બધા વ્યવહારોથી મુસાફરી થતી હતી.

**(ક) બસ વ્યવહાર :**

સને ૧૯૧૪ના પહેલા વિશ્વયુદ્ધ પછી પર્શિયન ગલ્ફમાં લડાઇમાં વપરાયેલી ચાર ટ્રકોને લીલામમાંથી ખરીદી, કચ્છ રાજયના એ સમયના ચીફ મિકેનિકલ એન્જિનિયર અને માનીતા જાદવજી બુદ્ધભટ્ટીએ તેના પર તાલપત્રીઓ ફિટ કરાવી પેસેન્જર બસો તૈયાર કરાવી. નેપિયર ટાઇપની અને સોલિડ ટાયરવાળી આ બસોમાં બેસવા માટે સળંગ બાંકડા રાખવામાં આવ્યા અને તેને બસ તરીકે ચલાવવાની પરવાનગી મળી. સને ૧૯૨૧માં સૌ પ્રથમ, ખારીરોહર બંદરે આવતા મુસાફરોને ખારીરોહરથી અંજાર સુધીની મુસાફરી માટે આ બસ ચાલુ કરવામાં આવી. મુંબઇથી માંડવી અને કરાંચીથી માંડવી સ્ટીમર મારફતે આવતા ઉતારુઓ માટે સને ૧૯૨૩માં ભુજથી માંડવીની બસ સેવા શરૂ કરવામાં આવી. એ માટે મુંબઇથી નીકળતા 'સ્વદેશ' નામના અઠવાડિકમાં છ માસ પહેલાંથી બસના ફોટા સહિત જાહેરાત કરવામાં આવી હતી. આમ છતાં પહેલાં દિવસે, કચ્છના શિક્ષણ ખાતામાં ઉચ્ચ અધિકારી મોરારજી કાનજી મહેતા કે જેઓએ કુતૂહલ ખાતર મુસાફરી કરી હતી તે એકમાત્ર પ્રવાસી મળ્યા હતા. એ બસના પહેલા ડ્રાઇવર તરીકે મોતીલાલ આર.

*મહાપુરુષોનાં જીવનચરિત્રને આચરણમાં લાવવું જોઈએ.*

બુદ્ધભટ્ટીએ ફરજ બજાવી હતી. જો કે એ બસને વળતાં આઠ પ્રવાસીઓ મળ્યા હતા. ભુજ-માંડવીનું ૫૯ કિ.મી.નું અંતર કાપતાં એ બસને ૩ કલાકનો સમય લાગ્યો હતો. શરૂમાં અઠવાડિયામાં બે વખત અને પછીથી એકાંતરે દિવસે ચલાવવામાં આવતી આ બસ સને ૧૯૩૧ થી દરરોજની ચાર ટ્રીપો ભુજ અને માંડવી વચ્ચે કરતી હતી જે આઝાદી પર્યંત ચાલુ રહી હતી.

ચારેબાજુથી બસની માંગ વધતાં સને ૧૯૩૮માં અંજાર-મુન્દ્રાના માર્ગે મોતીલાલ આર. બુદ્ધભટ્ટીને તે ચલાવવાની પરવાનગી મળી. જ્યારે ભુજ-મુન્દ્રાના માર્ગે એ જ અરસામાં નાગોર-ના દેવશી રાજાભાઈ અને એમના પછી મુન્દ્રાના વકીલ રેવાશંકરભાઈને પણ આવી પરવાનગી મળી. જ્યારે ભોંસલે નામના અધિકારીને ભુજ-નખત્રાણાની પરવાનગી મળી. તેઓ માતાના મઢ અને નારાયણ સરોવરના મેળા જેવા પ્રસંગોએ ખાસ બસ ચલાવતા હતા. પશ્ચિમ કચ્છમાં લખપત તાલુકો આ સેવાથી વંચિત રહ્યો. ભુજની શાક માર્કેટ પાસે જે સિટી ડિસ્પેન્સરી હતી ત્યાંથી ભુજ-વિજયવિલાસ માટે પણ ભોંસલેને આજ અરસામાં વિશેષ પરવાનગી મળી. સંવત ૧૯૯૫માં ભુજ-ખાવડા વચ્ચે લાલજી સાધુને પરવાનગી મળી. પણ સંવત ૧૯૯૬માં આ સેવા શિવજી નારાણજી જોષીને તબદીલ થઇ. ભુજમાં ભીડને નાકેથી ઉપડતી આ બસ ભુજ-ખાવડા-બન્ની અને હાજીપીર સુધી ચલાવાતી હતી. એવી જ રીતે, માંડવી-મુન્દ્રા વચ્ચે પહેલાં મામદ બાવલાને અને ત્યારબાદ હરિભાઇ નામના લોહાણા સદ્‌ગૃહસ્થને તેવી પરવાનગી આપવામાં આવી. પૂર્વ કચ્છ માટે અંજારના ભાટિયા ત્રિકમજી જીવણદાસવાળા રણછોડદાસભાઈને પરવાનગી મળી. બીજી બાજુ ધ્રાંગધ્રા મોટર સહકારી મંડળી-મોરબી તરફથી ધ્રાંગધ્રાંથી ચિત્રોડ-પલાંસવા માટે મોસમી રીતે બસસેવા મળી. નવાઈ જેવી વાત એ હતી કે ભુજથી અંજાર અને ત્યારબાદ, નવલખી કંડલા વચ્ચે ચાલતી પેસેન્જર સર્વિસને જોડાણ આપતી ભુજ-કંડલા બસ સર્વિસ કચ્છ સ્ટેટ રેલવે તરફથી શરૂ કરવામાં આવી હતી.

આવી બસોમાં ૧૮થી ૨૮ સીટોની વ્યવસ્થા હતી. બસમાં બેસવાની નિયત બેઠકોથી વધારે એક પણ મુસાફરને લેવામાં આવતો ન હતો. એકાદ બાળક કે અડધી ટિકિટવાળો મુસાફર આવી ચડે ત્યારે એ ઊભે ઊભે મુસાફરી કરે એવી શરતે લેવામાં આવતો હતો. ડ્રાઇવર સીટ પાસે દોઢા ભાડાવાળી 'અપરસીટ' પણ રહેતી.

સને ૧૯૫૦ના રોડ ટ્રાન્સપોર્ટ એક્ટથી ભારતભરમાં રોડ ટ્રાન્સપોર્ટનું રાષ્ટ્રીયકરણ થયું. પણ તે પહેલાં સને ૧૯૪૨માં કચ્છ રાજયના દીવાન વેબ સાહેબે કચ્છમાં બસસેવાનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું અને 'કચ્છ સ્ટેટ મોટર સર્વિસ' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. જે તારીખ ૧-૧-૧૯૫૪ના રોજ 'કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન'ના નામે ઓળખવામાં આવી. તા. ૧-૧૧-૧૯૫૬ના રોજ દ્વિભાષી મુંબઇ રાજયની સ્થાપના થતાં કચ્છનું આ કોર્પોરેશન મુંબઇના કોઇ કોર્પોરેશન સાથે જોડાયું ન હતું.

● **ગુ.રા.મા.વા.વ્ય. કોર્પોરેશન :**

તા. ૧-૫-૧૯૬૦થી દ્વિભાષીમાંથી ગુજરાત રાજયની સ્થાપના થતાં કચ્છ ગુજરાત રાજયનો એક જિલ્લો બની રહ્યો. કચ્છ એસ.ટી.નું આ આખું માળખું 'ગુ.રા.મા.વા.વ્ય.કોર્પો.' ની સાથે ભળી ગયું. આડેસર-સાંતલપુર રોડ થતાં સને ૧૯૬૭થી ભુજ વિભાગ તરફથી રાજયભરમાં સૌપ્રથમ રાત્રિ બસસેવા શરૂ કરવામાં આવી. તા. ૧-૫-૧૯૬૯ થી સૂરજબારીનો પુલ ખુલ્લો મૂકાતાં, ભુજ-વલસાડ, ભુજ-જૂનાગઢ, અંબાજી, બારમેડ વગેરે લાંબા રૂટોની બસો શરૂ થઇ. સને ૧૯૬૭થી મુન્દ્રા તાલુકાના અને પછીથી માંડવી તાલુકાના સો એ સો ટકા ગામડાંઓને બસ સેવાથી આવરી લેવામાં આવેલ. પરંતુ, સાથે સાથે ખાનગી બસસેવા પણ ધીમે ધીમે આખા કચ્છમાં પ્રસરવા લાગી અને ૨૦૦૦ની સાલ સુધીમાં કચ્છની નસેનસમાં તે પ્રસરી ગઇ. આમ છતાં તા. ૭-૮-૧૯૮૨ના રોજ ભુજ-અમદાવાદ વચ્ચે લકઝરી બસ સેવા શરૂ થઇ. તા. ૧-૬-૧૯૯૧ ના ભુજ-ઘાટકોપર-કુર્લાની લકઝરી બસ, પછી ભુજ-ડોંબીવલી બસ શરૂ થઈ. ભુજ-મુલુંડ, રાપર-મુલુંડની સેવા પણ મળી. વિદ્યાર્થી વગેરેને કન્શેસન અને રાહતો મળવા લાગી. આ દરમ્યાન ખાનગી ઓપરેટરોએ સ્લીપીંગ કોચની સગવડવાળી બસો ચાલુ કરી.

● **રેલવે માર્ગ :**

સને ૧૯૦૨માં કેશવજી પ્રેમજી બુદ્ધભટ્ટી નામના ભુજવાસીને અંજાર અને તુણા બંદર વચ્ચે ૩૦ કિ.મી.ની નેરોગેજ રેલવેના પાટા નાખવાની પરવાનગી મળી. તા. ૧-૮-૧૯૦૫માં અંજાર-ભુજ વચ્ચે આ રેલવે સિવાય બીજી વધારાની સગવડ મળી નહિ. તા. ૧૬-૧૧-૧૯૨૭ ના વરસામેડી-કંડલા વચ્ચે નેરોગેજ રેલવે પણ ચાલી. જ્યારે સને ૧૯૨૮ માં અંજાર-કંડલા વચ્ચે અને સને ૧૯૩૦ માં અંજાર-વરસામેડી વચ્ચે અને સને ૧૯૩૧માં તેને ભચાઉ સુધી લંબાવી. આમ કચ્છમાં મુસાફરી માટે આઝાદી સુધી ૧૨૦ કિ.મી.ની રેલવે હતી. તેનું નેરોગેજમાંથી મીટરગેજમાં રૂપાંતર સને ૧૯૫૬માં ભુજથી ગાંધીધામ સુધીનું થયું.

આ સગવડ પર્યાપ્ત ન હતી. ભાગલાને કારણે કરાંચી બંદર પાકિસ્તાનમાં જતાં તેની ખોટ પૂરવા 'મહાબંદર વિકાસ સમિતિ'ની રચના થઈ. તેની ભલામણ મુજબ કંડલા બંદર ઉપર પસંદગી ઉતરી. કુંદનલાલ ધોળકિયાના પ્રમુખપદે રેલવે વિસ્તરણ સમિતિની રચના થઇ. આ માટે કચ્છના નાના રણમાં પુલ બાંધીને ઝુંડ-કંડલા વચ્ચે ૨૧૯ કિ.મી.ની બ્રોડગેજ લાઇન નાખવી અને બીજો ટ્રેક ડીસાથી કંડલા જે ૨૭૮ કિમી.નો હતો તે માટે ભલામણ થઇ. જાન્યુ. ૧૯૫૦માં એ કામ શરૂ થયું અને તા. ૨-૧૦-૧૯૫૨ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે ડીસા-કંડલા વચ્ચે મીટરગેજ લાઇન ખુલ્લી મુકાઇ.

તા. ૧-૪-૧૯૫૫માં ભુજ-ગાંધીધામ વચ્ચેના પાટાને નૅરોગેજમાંથી મીટરગેજમાં ફેરવવામાં આવ્યા અને લાલ બહાદુર શાસ્ત્રીના હાથે ઉદ્‌ઘાટન થતાં ભારતના અન્ય ભાગો સાથે કચ્છ રેલવે માર્ગે જોડાયું. તા. ૨-૬-૧૯૬૯થી ભુજ-અમદાવાદ વચ્ચે મીટરગેજની

*ભક્તિમાં પ્રાર્થનાનું મોટું મહત્ત્વ હોય છે. પ્રાર્થના વિધિ નહિ, પણ સેવા છે.*

શરૂઆત થઇ. જયારે સમિતિની બીજી ભલામણ મુજબ ઝુંડ-કંડલા વચ્ચે તા. ૧૭-૫-૧૯૬૪ના રોજથી બ્રોડગેજના પાટા નંખાવવાના શરૂ થયા. તા. ૩૦-૧૨-૧૯૬૯ના રોજ કામ પૂરું થતાં, મુંબઇ સાથે જોડાણ ધરાવતી સૌરાષ્ટ્રમેલ અને સૌરાષ્ટ્ર જનતા ટ્રેન ગાંધીધામથી ઉપડવા લાગી. આ ટ્રેન વીરમગામમાં રોકાણ કરતી. શરૂમાં અમદાવાદ સુધી જતી આ ટ્રેન તા. ૨-૧૦-૧૯૮૪ના રોજથી ગાંધીધામથી સીધી મુંબઇ જવા લાગી. તે 'કચ્છ એક્સપ્રેસ' તરીકે ઓળખાઇ.

ભુજ એ કચ્છનું પાટનગર હોઇ, ભુજથી મુંબઇની સીધી ટ્રેન માટે માંગણી બુલંદ હતી અને છેવટે ૨૬મી જાન્યુ., ૨૦૦૧થી સગવડ મળે તેવું નક્કી થયું. એ સમયના વડા પ્રધાન અટલ બિહારી બાજપાઇના હસ્તે રીમોટ કંટ્રોલથી ગ્રીન સીગ્નલ આપવામાં આવ્યું.

કચ્છ એ ભારતનો પશ્ચિમી છેડાનો સરહદી જિલ્લો છે. સામે પાર પાકિસ્તાનનું બદીન એરબેઝ છે. સને ૧૯૬૫ના પાકિસ્તાનના આક્રમણ સમયે ખાવડા સુધી મિલિટરી પહોંચાડવામાં જે તકલીફ થઇ હતી તેને યાદ કરી કોટેશ્વર સુધી રેલવેની તાતી જરૂરિયાત દર્શાવવામાં આવી. વિકલ્પે તા. ૮-૮-૧૯૯૦ના રોજ ભુજ-નલિયા મીટરગેજ ટ્રેન શરૂ કરવામાં આવી અને બંધ પણ થઇ. તેને બદલે 'રેલબસ' નામની સગવડ તા. ૬-૧૧-૨૦૦૦ થી શરૂ કરવામાં આવી. પણ ટ્રાફિકના અભાવે તે પણ બંધ થઇ.

ધરતીકંપ પછી જયારે ઘણાં ઉદ્યોગો કચ્છમાં આવવા લાગ્યા ત્યારે મુન્દ્રામાં અદાણીપોર્ટ અસ્તિત્વમાં આવતાં માલની હેરફેર માટે અદાણી પોર્ટથી આદિપુર સુધી ૫૭ કિ.મી. સુધી બ્રોડગેજના પાટા નંખાયા અને તા. ૧૫-૧૧-૨૦૦૧થી માલની હેરફેર માટે માલગાડી શરૂ થઇ. આ ટ્રેક પર ડબલ ડેકર માલગાડી પણ પ્રાયોગિક ધોરણે ચલાવાઇ. આ ટ્રેક પર પેસેંજર ગાડી ચલાવી શકાય અને તેમ થવાની શક્યતા પણ છે. જયારે તા. ૭-૭-૧૯૯૨થી ગાંધીધામ-ત્રિવેન્દ્રમ ટ્રેન શરૂ થઇ. તા. ૩-૩-૧૯૯૯ના ગાંધીધામથી બરેલી ટ્રેન પણ શરૂ થઇ. તા. ૬-૭-૨૦૦૦ ગાંધીધામ-પૂના વચ્ચે અહિંસા એક્સપ્રેસ નામની ટ્રેન શરૂ થઇ. તા. ૧૧-૨-૨૦૦૨ ગાંધીધામ-બરેલી ટ્રેનને ભુજ સુધી લંબાવવામાં આવી. તા. ૨૪-૧૧-૨૦૦૦ થી સયાજીનગરી-ગાંધીધામની ટ્રેન શરૂ થઇ જે હાલે ભુજથી ઊપડે છે.

## (ક) વિમાની સેવા :

હવે આપણે કચ્છની વિમાની સવલતોની વાત કરીએ. ભારતના પહેલા વિમાની જે.આર.ડી. તાતાને તા. ૧૦-૨-૧૯૨૯ના રોજ વિમાન ઉડાડવાનું પહેલું લાઇસન્સ મળ્યું અને ત્યારપછી તરત જ, મૂળ લખપતના પુરુષોત્તમ મેઘજી કબાલીને આવું લાઇસન્સ મળ્યું. અલબત્ત, કબાલી શેઠ તે પહેલાંથી વિમાન ઉડાડતા હતા અને સુભાષચંદ્ર બોઝ તેમ જ અફઘાનિસ્તાનના સુલતાનને એક સ્થળેથી બીજી જગ્યાએ સહીસલામત પહોંચાડી કચ્છને ગૌરવ અપાવ્યું છે. તાતાએ પણ એક ઇન્ટરવ્યૂમાં પુરુષોત્તમ કબાલીને પહેલા વિમાની ગણાવ્યા છે. પણ સને ૧૯૩૭માં કચ્છમાંથી વિમાનથી મુંબઇ-અમદાવાદ-ભુજની ટપાલ સેવા શરૂ થઇ. તેમાં જગ્યા હોય તો વજનના હિસાબે મુસાફરો પણ લેવામાં આવતા હતા. સને ૧૯૩૬માં પુરુષોત્તમ કબાલીએ 'એર સર્વિસ ઓફ ઇન્ડિયા' નામની વિમાની સેવા શરૂ કરી. આ કંપનીએ મુંબઇ-અમદાવાદ-જામનગર-ભુજની વિમાની સેવા પૂરી પાડી. તા. ૩-૫-૧૯૪૮ના રોજથી સોમ-ગુરુ-શનિવાર એમ ત્રણ રોજ ભુજ-માંડવી વચ્ચે પણ સાત બેઠકવાળા 'ડી.એસ. રેપીડર્સ'થી આ સેવા મળવા લાગી. એ સમયે ખાસ વાત એ હતી કે જયારે જોઇએ ત્યારે તે સમયે વિમાની સેવા મળતી હતી. માંડવીથી ભુજનું ભાડું હતું માત્ર રૂા. ૧૦/-. પણ સને ૧૯૫૨માં ભારત સરકારે આ સેવાનું રાષ્ટ્રીયકરણ કરતાં ભુજ-મુંબઇ-જામનગર વચ્ચે તા. ૨૦-૫-૧૯૭૮થી ૧૨૬ બેઠકોવાળા બોઇંગ વિમાનની સેવા મળવા લાગી. તા. ૧-૨-૧૯૬૪થી ભુજ-અમદાવાદ વચ્ચે ચાલતી આ સવલત ટ્રાફિકના અભાવે તા. ૧૩-૫-૧૯૬૪થી બંધ થઇ. જયારે સને ૧૯૬૭માં ભુજ-મુંબઇ-રાજકોટ વચ્ચે આ સેવા ચાલુ થઇ જે આ જ કારણસર તા. ૫-૫-૨૦૦૩થી બંધ થઇ. પણ હરીફાઇના આ જમાનામાં ખાનગી કંપનીઓએ પગપેસારો કર્યો. તા. ૭-૪-૧૯૯૮થી 'એરવેઝ'એ આ સેવા શરૂ કરી.

શરૂમાં ટપકેશ્વરીના રસ્તે વિમાની મથક હતું અને તે પછી નાની રુદ્રાણી પાસે નવું એરપોર્ટ કચ્છ રાજ્ય તરફથી બનાવાયું. સને ૧૯૭૧ના યુદ્ધ સમયે આ નવા વિમાની મથકને બોમ્બમારાથી જે નુકસાન થયું તે માધાપરની શ્રમજીવી બહેનોએ ચાલુ યુદ્ધે રિપેર કરી આપ્યું. રાષ્ટ્રીય લેવલે તેની નોંધ લેવાઇ છે. આ સમગ્ર સમય દરમ્યાન અનેક વિમાનો કચ્છની ધરતી પર તૂટી પડ્યા હતા. તા. ૧૯-૫-૧૯૬૫ના રોજ ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી બળવંતરાય મહેતા વગેરે છ જણનું સુથરી પાસે વિમાની અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

## • બંદરી સવલતો :

હવે આપણે દરિયાઇ માર્ગે આવી સગવડો કેટલી હતી તે જોઇએ. 'ધી બ્લેક હિલ્સ....' નામના પુસ્તકમાં એના લેખક રસબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે, તેમ 'વસતિના પ્રમાણમાં આટલી બંદરી સવલતો વિશ્વના અન્ય કોઇ હિસ્સામાં ભાગ્યે જ જોવા મળશે.' ભગવાન બુદ્ધના સમયમાં કચ્છના લોકોની, સમુદ્ર સારંગ, વહાણ બાંધનારાઓ, વહાણવટીઓ વગેરે તરીકે ખ્યાતિ હતી. ૧૯મી સદી સુધીમાં તો જાવા, સુમાત્રા, મલેશિયાની સફર સાહસ તરીકે ઓળખાતી. એથી 'જે જાય જાવે, તે પાછો ના આવે, ને આવે તો પરિયાના પરિયા ખાવે...' એવી કહેવત પડી ગઇ. સને ૧૪૯૮ના મે માસના છેલ્લા દિવસોમાં માંડવીના રામસિંહ માલમ પાસેથી માહિતી મેળવી વાસ્કો-ડી-ગામા ભારતમાં કાલિકટ બંદરે ઉતર્યો હતો. એ સમય પહેલાંથી કચ્છીમાડુઓ દરિયો ખેડતા હતા અને દરિયાઇ મુસાફરી કરતા હતા. માંડવીના જીવરાજ બાબુ ભાટિયા વહાણ દ્વારા મુંબઇ સને ૧૭૮૫માં પહોંચ્યા હતા. ખટાઉ મિલના સ્થાપક ખટાઉ મકનજી પણ સને ૧૮૧૮માં વહાણની મુસાફરી કરી મુંબઇ પહોંચ્યા હતા. જયારે

*સમાધાનકારી વલણથી સફળતા જલદી મળે છે.*

૧૭૮૭માં ઠાકર ગોવિંદજી પુરુષોત્તમ ઓધવજી પણ વહાણમાં બેસી મુંબઇ આવ્યા હતા. 'હાજી કાસમ તારી વીજળી ભરદરિયે વેરણ થઇ..' એ લોકગીતમાં પણ સને ૧૮૮૮ની સાલમાં પણ સ્ટીમરના મુસાફરો હતા એ હવે સૌ જાણીએ છીએ. મુંબઇ વગેરે ભારતના અન્ય ભાગોમાં જવા માટે બ્રિટિશ ઇન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપની તરફથી વીટા, ચકલા વગેરે નામની અને 'બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપની' તરફથી નેત્રાવતી, સોનાવતી, સરસ્વતી, સાબરમતી વગેરે નામની સ્ટીમરો મોસમી રીતે ચલાવવામાં આવતી હતી. એવું જ માંડવીથી ઓખા, દ્વારકા પણ દેશી વહાણોથી જવાતું હતું. મુન્દ્રા અને તુણા બંદરોએથી પણ પ્રવાસીઓ દરિયાઇ મુસાફરી કરતા હતા. કંડલા-નવલખી ફેરી સર્વિસ સને ૧૯૭૧થી બંધ કરવામાં આવી. આંકડા એમ કહે છે કે દર વર્ષે ૪૦૦૦૦ મુસાફરો ફક્ત માંડવી બંદરેથી દરિયાઇ મુસાફરી કરતા હતા.

- **આજ :**

કચ્છની ગઇકાલની વિગત આપણે જોઇ. હવે આજની વાત પણ કરી લઇએ. આજ એટલે ધરતીકંપથી આજ સુધીનો સમય. આજના રોડ ટ્રાફિકમાં એટલે કે બસસેવા વિસ્તારી છે. ઠેઠ ધરમપુર સુધી, સૌરાષ્ટ્રમાં સોમનાથ સુધી-દ્વારકા સુધી અને થરાદ સુધી જવા માટે એસ.ટી.ની બસો મળે છે. ગુજરાતભરમાંથી કચ્છમાં ૭૬ બસો આંતર-જિલ્લાની બસ સેવા આપે છે. ટ્રકો અને ટ્રાવેલ્સવાળા પણ ઠેઠ મુંબઇ સુધીની સેવા આપે છે.

રેલવેની વાત કરીએ તો તા. ૧૧-૨-૨૦૦૨થી ગાંધીધામ બરેલી ટ્રેનને ભુજ સુધી લંબાવાઇ છે. તા. ૧૬-૭-૦૨થી ગાંધીધામ-બેંગલુરુની સાપ્તાહિક ટ્રેન શરૂ થઇ છે. તા. ૧-૭-૦૩થી સયાજીનગરી ટ્રેન ભુજ સુધી લંબાવવામાં આવી છે. તા. ૫-૭-૦૭થી ગાંધીધામ-ત્રિવેન્દ્રમને બદલે ગાંધીધામ-નાગરકોઇલ નામે ચલાવાય છે. જ્યારે તા. ૨૫-૨-૦૭થી ભુજ-બરેલીને દરરોજ ઉપાડવામાં આવે છે. તા. ૧-૭-૦૭થી ગાંધીધામ-પાલનપુર ટ્રેન પણ શરૂ થઇ છે.

વિમાની સેવામાં કોઇ ફરક પડ્યો નથી. ઘણાં સમયથી જેમ ચાલે છે તેમ ચાલ્યા કરે છે. દરિયાઇ મુસાફરી માછીમારો પૂરતી સીમિત છે.

- **આવતીકાલ :**

ઉદ્યોગો આવતાં અનેક પ્રાંતના મજૂરો, ટેકનિશિયનો અને અધિકારીઓ મોટા પ્રમાણમાં કચ્છમાં ભારતભરમાંથી આવે છે અને આવનજાવન કરે છે. કચ્છીઓ પોતે પણ હવે પરદેશ જવાને બદલે કચ્છમાં જ પોતાના ધંધા વિકસાવવા માંગતા હોય એમ જણાય છે.

સૌપ્રથમ એસ.ટી.ની વાત કરીએ તો દયાપરને ડેપો આપી પશ્ચિમ કચ્છ માટે એસ.ટી.ની સેવાઓ વધારવાની તાતી જરૂરિયાત છે. નલિયા અને અબડાસામાં પ્રાઇવેટ સાહસે નલિયામાં રીતસર બિનસત્તાવાર રીતે ડેપો શરૂ કરી દીધો હોય એમ જણાય છે. જ્યારે ભુજથી નાથદ્વારા, ભુજથી શિરડી, ભુજથી ઉદેપુર, ભુજથી રણુજા અને ભુજથી ઘાટકોપરની સેવાઓ શરૂ કરવી જોઇએ. ભુજથી ધોળાવીરા હાલે એક ટ્રીપને બદલે બીજી ટ્રીપ આપવી જોઇએ.

દરિયાઇ મુસાફરી પણ હવે શરૂ કરાવવી જોઇએ. આમ તો માંડવી-દ્વારકા વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવાની વાત તો અગાઉ હતી. તેના પર વિચાર હવે જરૂરી છે. આમ થવાથી માંડવી બંદર ફરીથી ધમધમતું થશે. રોજગારીની તકો વધશે અને ઑફ સીઝનમાં દરિયાખેડૂઓને ધંધો મળી રહેશે.

હાલે ભુજથી મુંબઇ જવા બે ફ્લાઇટો કિંગફિશર અને એર જેટવેઝ તરફથી છે. કચ્છથી મુંબઇની બીજી ફ્લાઇટ ગળપાદર (કંડલા એરપોર્ટ) થી મળે છે. પણ તેમાં વધારો કરવાની જરૂરત છે. અદાણી પોર્ટને કારણે મુન્દ્રા અને આસપાસ આ સેવા વિસ્તારી શકાય તેમ છે. એટલે અદાણી પોર્ટથી પણ મુંબઇની વિમાની સેવા શરૂ કરવાની જરૂરત છે જ. અરે, તા. ૪-૬-૨૦૦૦થી માંડવીમાં બંધાયેલ એર સ્ટ્રીપમાં સુધારા-વધારા કરી માંડવીથી પણ મુંબઇ સુધીની સર્વિસ આપી શકાય તેમ છે અને જરૂરત પણ એટલી જ છે. આ માટે પહેલાં નક્કી પણ થયું હતું.

સને ૧૯૬૫માં પાકિસ્તાનના કચ્છ પરના આક્રમણ સમયે ભુજથી ખાવડા સુધી મિલિટરી પહોંચાડવામાં જે તકલીફ પડી હતી તે આ લખનારે નજરોનજર જોઇ છે. એટલે ખાવડાના એરપોર્ટને વિસ્તારી અને ભાનાડાના મિલિટરી એરફોર્સને પણ વિકસાવી તૈયાર રાખવા જોઇએ.

વળી, કચ્છીઓ તો સાઉદી અરેબિયા, ઇંગ્લેન્ડ, આફ્રિકા, અમેરિકા વગેરે દેશોમાં ધંધાર્થે વસ્યા છે. એમને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનોની ખાસ જરૂરત છે. બે કરોડની વસતિવાળું કેરળ છ આંતરરાષ્ટ્રીય ઉડ્ડયનો ધરાવે છે જ્યારે એક રાજ્ય જેટલો વિસ્તાર ધરાવતો આ જિલ્લો એક પણ આંતરરાજ્ય ઉડ્ડયનોથી વંચિત છે.

છેલ્લે વાત કરીએ ટ્રેન સેવાની. આખું પશ્ચિમ કચ્છ રેલવે સેવાથી વંચિત છે. સને ૧૮૦૮ની સાલે બ્રિટિશરોએ તે સમયે સિંધને મુંબઇ ઇલાકા સાથે જોડતી 'મુંબઇ-વિરમગામ-માળિયા-ભુજ-લખપત-બદીન-હૈદ્રાબાદ-કરાચી' સુધીની રેલવે લાઇનની સર્વે કરાવી હતી અને દરખાસ્ત પણ કરી હતી. પણ તત્કાલીન રાજાશાહીએ તેને કાઠું નહિ આપતાં યોજના અમલી બની શકી ન હતી.

આ દરખાસ્તને નવેસરથી હાથ ધરી તેને 'કોટેશ્વર-નલિયા-ભુજ-માળિયા'માં ફેરવવા ફરીથી વિચારણા કરવી જરૂરી છે. માલની હેરફેર અને સરહદની રક્ષા માટે તે અતિ જરૂરી છે. આમેય ભુજથી મુંબઇની ત્રીજી ટ્રેનની જરૂરત તો છે જ. ભુજથી હરદ્વારની ટ્રેનની ખાસ જરૂરત છે. સૂચિત ઘડુલી-સાંતલપુર રોડ બની જતાં ૮૫ કિ.મી. કરતાં વધુ અંતર ઘટશે એ સાથે રોડ ટ્રાફિકની સમસ્યા પણ હલ થશે. અને જો આમ થાય તો ભુજ-ધોળાવીરા-કોટડા ટીંબાની બસ વાયા ખાવડાથી પણ ચલાવી શકાય અને ઓછા અંતરને કારણે સમય અને ખર્ચ પણ બચાવી શકાશે.

'હવેનો દાયકો કચ્છનો છે...' કચ્છીઓએ તેને સ્વપ્ન તરીકે નહિ પણ ખરી હકીકત તરીકે જોવા માટે સૌએ સહિયારા પ્રયાસો કરવાની જરૂરત છે.

*જલારામ કૃપા, ૧૦ એસ.ટી. સોસાયટી,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

***કર્મીઓને (કર્મચારીઓને) કાઢવા સહેલા છે પણ જાળવવા અઘરા છે.***

# કચ્છનું સાહિત્ય : ગઇ કાલ, આજ અને આવતીકાલ

• ડૉ. દર્શના ધોળકિયા •



**ડૉ. દર્શના ચમનલાલ ધોળકિયાનો** જન્મ ભુજ (કચ્છ) મુકામે તા. ૧૧-૧-૧૯૬૨ના રોજ થયો હતો. તેઓએ એમ.એ., પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરેલી છે. તેઓએ ૧૯૮૫થી ૨૦૦૮ સુધી લાલન કૉલેજના વ્યાખ્યાતા તરીકેની સેવા પ્રદાન કર્યા બાદ હાલે તેઓ કચ્છ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા ભવનના વિભાગાધ્યક્ષ છે. તેઓએ અનેક કાવ્યગ્રંથો અને નવલકથાઓ પ્રકાશિત કરેલ છે. તેઓએ સાહિત્ય ક્ષેત્રના સાહિત્ય પરિષદ સહિતના અનેક પારિતોષિક મેળવ્યા છે. તેઓએ ગુજરાતી સાહિત્ય પરિષદ તેમજ કેન્દ્રીય સાહિત્ય અકાદમીની સમિતિમાં સેવા પ્રદાન કરેલ છે.

ગુજરાત પ્રદેશનો એક વિશિષ્ટ ભૂભાગ કચ્છ અનેક રીતે નિરાળો પ્રદેશ છે. અડખે રણ, ને પડખે દરિયાની વચાળે વસેલા આ પ્રદેશે અનેક પ્રાકૃતિક, સામાજિક અને સાંસ્કૃતિક અવરોધોને અતિક્રમીને પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ અને સાહિત્યને સાચવ્યાં છે. એટલું જ નહીં પણ એનું સંવર્ધન પણ કર્યું છે.

કચ્છના સાહિત્યની વિકાસરેખાને આલેખતાં કચ્છના વતની અને ગુજરાતના સમર્થ સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતા કચ્છના સાહિત્ય સંદર્ભે એમનો સૂક્ષ્મ નિરીક્ષણયુક્ત અભિપ્રાય આપતાં ઉચિત રીતે નોંધે છે : ‘કચ્છનો ભૂમિભાગ વિશાળ છે. એની ભૌગોલિક પરિસ્થિતિમાં ખાસ્સું વૈવિધ્ય છે. વસતી પાંખી છે પરંતુ એમાં જુદી જુદી જાતિ અને કોમના લોકો વસે છે... આ કારણે કચ્છની ભોમકાને ભાતીગળ કહી છે.. સરહદી પ્રાંત, ભૌગોલિક વિષમતાને લઇને પડી જતું અંતર અને એને કારણે ઊભી થતી એકલતા, ક્યારેક અનુભવાતી અસહાયતા, એથી જન્મતી અન્યાય અને અસમાનતાની લાગણી, જાગી ઊઠતું ખમીર અને આત્મગૌરવ, આવાં આવાં પરિબળો પણ એની સાથે ગૂંથાય છે અને સાહિત્યમાં સંદર્ભ પામે છે. સાહિત્યમાં બીજું ઘણું બધું હોય છે પરંતુ કચ્છ જેવી વિલક્ષણ ભૂમિમાં સર્જાયેલા સાહિત્યમાં આવી વિશિષ્ટ પરિસ્થિતિ અને પરિબળોએ જગવેલો એક અલગ તરી આવતો સૂર અવશ્ય સાંભળી શકાય છે.’ (મોરચંગના સૂર, પ્રસ્તાવના પૃષ્ઠ-૫)

કચ્છનાં પૂર્વકાલીન, સમકાલીન અને અનુકાલીન સાહિત્ય સંદર્ભે ડૉ. ધીરેન્દ્ર મહેતાનું આ નિરીક્ષણ ઘણું કામ લાગે તેવું છે.

કચ્છનાં, કચ્છ પ્રદેશના વતનીઓ દ્વારા રચાયેલા ગુજરાતી સાહિત્યને ગઇકાલ, આજ અને આવતીકાલના સંદર્ભમાં, ઐતિહાસિક કાલાનુક્રમે તપાસીએ તો સ્વાભાવિક રીતે એનાં મૂળ સંત મેકરણમાં જડે. દુલેરાય કારાણી જેવા સર્જકે તો ગુજરાતી સાહિત્ય સાથે સંત સાહિત્ય, લોક સાહિત્યનું સંશોધન-સંપાદનનું ધૂળધોયું કાર્ય કરીને કચ્છનાં સાહિત્ય રસિકોને તેમના ઋણી બનાવ્યા. પણ ‘સાહિત્ય’ સંજ્ઞા સાથે જોડાઇને, સમગ્ર ગુજરાતી સાહિત્યના સંદર્ભથી સંકળાવાનો કચ્છના સાહિત્યકારોને લક્ષમાં લેતાં જે પ્રારંભ થયો તે, નિશ્ચિત સમયરેખા બાંધીને કહીએ તો ડૉ. જયંત ખત્રીથી.

ડૉ. ખત્રીએ પોતાના પ્રદેશને, પરિવેશને ભરપૂર ચાહ્યો. તેમણે લખ્યું : ‘હું મારા સ્થળ સાથે, મારા લોકો સાથે ખૂબ આત્મીયતા ધરાવું છું. જે ધરતી પર ચાલું છું તેને પૂરેપૂરી ઓળખું છું.’ વ્યવસાયના આરંભે તેમણે અનુભવેલો મુંબઇના જીવનનો સંઘર્ષ, દાક્તર તરીકેના અનુભવો, ખારવા લોકોના જીવન સાથેની ગાઢ નિસબત, આ પરિબળો તેમના વાર્તાલેખનમાં ઝિલાયાં. તેમની પાસેથી ૪૧ વાર્તાઓ, ૧૪ પ્રકરણમાં લખાયેલી એક અપૂર્ણ નવલકથા, એક એકાંકી અને એ સિવાય કેટલાક પત્રો, વાર્તાલાપો સાંપડ્યાં. ખત્રીનું લેખન જીવનલક્ષી રહ્યું. તેમનો અભિગમ આધુનિક હોવા છતાં, તેમની નગરજીવનની વાર્તાઓમાં યાંત્રિકતા વચ્ચે ભીંસાતા પાત્રોની એકલતા વર્ણવાઇ છે. તો કચ્છના પરિવેશવાળી વાર્તાઓમાં છે, કારમો જીવનસંઘર્ષ. ખત્રીની વાર્તાસર્જન પ્રવૃત્તિને બિરદાવતું પ્રો. કનુભાઇ જાનીનું આ વિધાન ખત્રીનું ઉચિત મૂલ્યાંકન કરે છે ને સાથોસાથ ખત્રીનું સ્થાન પણ ચીંધે છે : ‘જે જમાનામાં ધૂમકેતું દ્વિરેફનો પ્રભાવ હતો ત્યારે ભિન્ન નવલિકાના ઘાટ ખત્રીએ ઉતાર્યા છે, એ ભૂલવા જેવું નથી.’ ખત્રીને સમગ્ર રીતે મૂલવતાં ડો. ધીરેન્દ્ર મહેતાએ નોંધ્યું : ‘જીવનને તેના સમગ્ર સ્વરૂપે (પરંતુ નિશ્ચિત દૃષ્ટિબિંદુએથી) ખત્રીએ જોયું અને તેના વિશે પોતાના વિચારોને વ્યવહારથી અળગા ન રાખ્યા. સફળતા-નિષ્ફળતાને ક્ષુલ્લક ગણી કોઇ પ્રલોભનને દિશાચૂક ન કરવા દીધી.’

*તમારા દુશ્મન કે હરીફનું સાંભળો. કારણકે તમારી ભૂલનો સૌથી વધુ ખ્યાલ તેને જ હોય છે.*

ડૉ. ખત્રીનાં વાર્તાલેખને તેમજ તેની સાહિત્યિક સમજે તેમને પરંપરા ઊભી કરવાના વાહક પણ બનાવ્યા. તો તેમની સાથેસાથે ડૉ. મનુભાઇ પાંધી અને વનુભાઇ પાંધી પાસેથી પણ કચ્છને સાહિત્ય સાંપડતું રહ્યું.

કરાંચીમાં જન્મેલા અને ભુજ-માંડવીમાં દાંતના ડોક્ટર રહેલા મનુભાઇ પાસેથી 'ફીણોટા' વાર્તાસંગ્રહ સાંપડ્યો. જેમાં કચ્છપ્રદેશના અભાવગ્રસ્ત વાતાવરણનું સાંવેદનિક આલેખન સાંપડ્યું છે. આ અઢાર વાર્તાઓમાં માનવમનની સંકુલતા ઝીલાઇ છે.

તો વનુભાઇ પાંધી પાસેથી 'છીપલાં' ને 'આવળ-બાવળ' બે વાર્તાસંગ્રહો, 'સઢ અને સુકાન', 'ખીણ' જેવી નવલકથાઓ સાંપડી છે. કચ્છ પ્રદેશના પરિવેશને, આધુનિક નગરજીવનને, બદલાતા જીવન પ્રવાહોને વનુભાઇની કૃતિઓ સમર્થ રીતે ઝીલી શકી છે.

ઉપરોક્ત ત્રણ સમર્થ સર્જકોની લગોલગ મૂળરાજ રૂપારેલ, જટુભાઇ પનિયા, નાનાલાલ જોશી, ગૌતમ શર્મા, જશોદા પલણ, માધુરી છેડા જેવા સર્જકો પાસેથી કચ્છને સતત નોંધપાત્ર સર્જન સાંપડતું રહ્યું.

કચ્છમાં સાહિત્યની આ ગઇકાલમાંથી જ પાંગરેલા આજના સમર્થ સાહિત્યકારોમાં ડૉ. ધીરેન્દ્ર મહેતા, વીનેશ અંતાણી, રાજેશ અંતાણી, રમણિક સોમેશ્વરનું સ્મરણ થાય.

વીનેશ અંતાણીએ ડૉ. ખત્રીના સમર્થ ઉત્તરાધિકારી તરીકે ડૉ. ધીરેન્દ્ર મહેતાને લઈ જઈને રાષ્ટ્રીય સ્તરે કચ્છને ગૌરવ અપાવ્યું છે. છેક સાતમા દાયકાથી લેખન શરૂ કરનાર ડૉ. ધીરેન્દ્ર મહેતા પાસેથી ગુજરાતને પંદર જેટલી નવલકથાઓ, ત્રણ વાર્તાસંગ્રહો, છ જેટલા વિવેચન સંગ્રહો, ત્રણ કાવ્યસંગ્રહો, પાંચેક જેટલાં સંપાદનો, રેડિયો નાટકો, મુલાકાતો - સાંપડ્યાં છે. સાહિત્યનાં લગભગ દરેક સ્વરૂપને ડૉ. ધીરેન્દ્રભાઇએ એકસરખી કુશળતાથી ખેડી જાણ્યું છે. તેમની નવલકથાઓમાં જીવન પ્રત્યેની નિસબત છે, પ્રભાવ વગરની આધુનિકતા છે, અનાયાસ સાંપડતો મૂલ્યબોધ છે, પ્રદેશ પ્રત્યેની નિષ્ઠા છે. તો વાર્તાઓમાં નારીસંવેદનને લગતી વાર્તાઓ વધારે પ્રમાણમાં છે. મનુષ્યની બૌદ્ધિકતાએ તેને આપેલી એકલતા તેમના સાહિત્યમાં વણાઇ છે તો 'ભંડારી ભવન' જેવી કુટુંબપ્રથા ગુજરાતી સાહિત્યને મળેલી કુટુંબ કથાઓમાં નોખી ભાત પાડે છે. 'ઘટડો મિંજ તો ગરે' એ કચ્છી કાવ્યોના આસ્વાદનું ઐતિહાસિક ગણાય તેવું પુસ્તક છે તો 'મોરચંગના સૂર'માં કચ્છનાં સાહિત્યનો ઐતિહાસિક દસ્તાવેજ સચવાયો છે.

વીનેશ અંતાણી પાસેથી પણ ગુજરાતી સાહિત્યને અનેક સમર્થ નવલકથાઓ જેવી કે 'પ્રિયજન', 'બાડ', 'ધુન્ધભરી ખીણ' વગેરે સાંપડી છે. 'રણઝણવું', 'તને ખબર નથી જાદુ' જેવા વાર્તા સંગ્રહોમાં નારીસંવેદન, આધુનિક નગરજીવનની વેદના પણ છે. 'પોતપોતાનો વરસાદ' જેવા નિબંધ સંગ્રહોમાં વતન, પ્રદેશના અનુભવો ભરપૂર સંવેદનથી આલેખાયા છે. ડૉ. ધીરેન્દ્રભાઇ અને વીનેશભાઇનું સર્જન રાષ્ટ્રીય સ્તરનાં પારિતોષિકોથી વિભૂષિત થયું છે જે કચ્છ માટે ગૌરવની બીના છે.

ગુજરાતના કવિ તરીકે સતત પ્રમાણિત થતા રહેલા કચ્છના વતની શ્રી રમણિક સોમેશ્વરની કવિતાએ એક નવી કેડી કંડારીને કચ્છને ગૌરવ બક્ષ્યું છે. તેમની કવિતામાં આલેખિત થતાં પ્રણય, પ્રકૃતિ ને Inner lifeનો આગવો અભિગમ તેમને નોખી મુદ્રાના કવિ ઠેરવે છે. તાજેતરમાં તેલુગુ કવિ એન. ગોપીની કૃતિ 'જળગીત'ના રમણિકભાઇએ કરેલા અનુવાદને પણ ભારતીય સ્તરે પોંખવામાં આવ્યો જેણે કચ્છના સાહિત્ય પ્રત્યે ગુજરાતને જોતું કરી દીધું!

સાહિત્યના ક્ષેત્ર સાથે દેખીતી રીતે જોડાયેલા ન હોવા છતાં છેલ્લા ત્રીસ વર્ષથી અનુવાદ, નવલકથા, હાસ્ય નિબંધોનું પુષ્કળ ખેડાણ કરતા રહીને હરેશ ધોળકિયાએ સમગ્ર ગુજરાતનું ધ્યાન દોર્યુ છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામની આત્મકથા 'અગનપંખ'નો ગુજરાતી અનુવાદ કરીને હરેશ ધોળકિયાએ રાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવ્યું છે. તેમની 'અંગદનો પગ' નવલકથાની નવ આવૃત્તિઓ થઇ ચૂકી છે. તો તેમની શૈક્ષણિક આત્મકથા 'ચારસો ટકા આનંદ' પણ શિક્ષણ જગતમાં આગવો આદર પામી છે.

અંજારના રહેવાસી અને ભોજાયના વતની શ્રી માવજી મહેશ્વરીએ કાઠું તો કાઢ્યું વાર્તાકાર તરીકે 'અદૃશ્ય દીવાલો'થી. પણ છેલ્લા દસકામાં નિબંધકાર, નવલકથાકાર તરીકે તેમનું સર્જકત્વ ઉત્તરોત્તર સંકોરાતું રહ્યું ને ગુજરાત ક્ષેત્રે પોંખાતું રહ્યું છે.

શ્રી માવજીભાઇ સાવલાએ ખૂણે બેસીને અનુવાદ, ચિંતન ક્ષેત્રે સમર્થ રીતે કલમ ચલાવી છે ને વર્તમાનકાળમાં તેમનાં પુત્રી દક્ષા સંઘવી, કવિતા, વાર્તા, દ્વારા ગુજરાતનું ધ્યાન ખેંચી રહ્યાં છે.

છેક ખત્રીથી ચાલી આવેલી આ યાત્રાનો નકશો આવનારા વર્ષોમાં જો યાંત્રીકરણ, સંસ્કૃતિના વિચ્છેદથી આપણને નડતરરૂપ નહીં બને તો કેટલીક આરંભાયેલી નવી કલમોને જરૂર પ્રોત્સાહન મળશે. સમર્થ સર્જકોની નિશ્રામાં રહીને કેટલીક નારીકલમો પણ ધ્યાન ખેંચતી રહી છે જેમાં વિરાજ મહેતા, શ્રીમતી રમીલા મહેતા જેવાં નામો તત્કાળ યાદ આવે છે. કટારલેખન કરતી કેટલીક નવોદિત કલમોમાં ઉત્કંઠા ધોળકિયા, પૂજા સોની, ભાવિની ઠાકર પણ આવનારા સમય માટેના આશાસ્પદ નામો છે. તો હસમુખ અબોટી 'ચંદન', ગૌતમ જોશી, બાબુલાલ ગોર, ઉમિયાશંકર અજાણી, વંચિત કુકમાવાલા, રસિક મામતોરા, કનુભાઇ જોશી જેવા અનેક સર્જકો ચૂપચાપ કચ્છી અને ગુજરાતી ક્ષેત્રે કાર્યરત છે.

કચ્છમાં યોજાતા વિવિધ સાહિત્યિક, સાંસ્કૃતિક સેમિનારો, સાહિત્યકારોની મુલાકાતો, વ્યાખ્યાનો દ્વારા પણ નવોદિત કલમોને ઉત્તેજન સાંપડતું રહે છે. આ પ્રકારની ગતિવિધિઓ કચ્છનાં સાહિત્યની આવતીકાલને ઉજાળશે એવી અપેક્ષા રાખી શકાય તેમ છે. કચ્છનાં નારી સર્જકો પણ એ રીતે આવનારી કાલને ગુજરાત ક્ષેત્રે નામના અપાવશે એવું પણ ધારી શકાય તેમ છે.


આમ, સમગ્ર સંદર્ભમાં સાહિત્યક્ષેત્રે કચ્છનો વર્તમાન અને ભવિષ્ય પણ નોંધપાત્ર બની રહેશે એમાં શંકા નથી.

*ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૦૯૯૦ ૧૭૫૫૯*

*કોઈપણ મુશ્કેલી વગર જે જીતે તેને માત્ર વિજય કહેવાય, પણ અનેક મુશ્કેલી સાથે જે જીત મેળવે તેને ઈતિહાસ કહેવાય.*

# કચ્છની રાજકીય સ્થિતિ : કલ, આજ ઔર કલ

• હરેશ ધોળકિયા •



**શ્રી હરેશભાઈ ધોળકિયા**એ બી.એ., બી.એડ. પછી કેળવણી ક્ષેત્રે ખૂબ સુંદર સેવા આપેલી છે. વી.ડી. હાઈસ્કૂલમાંથી ૧૯૯૧ના નિવૃત્ત થયા બાદ જુદી જુદી કેળવણી વિષયક સંસ્થાઓમાં સેવા આપે છે. તેઓ "શિવામ્બુ" તેમજ "જીવન સુધા" ગુજરાતી સામયિકના તંત્રીપદે છે. ઉપરાંત "ઘડીક સંગ" નામથી કચ્છમિત્રમાં સાપ્તાહિક કોલમ લખે છે. અત્યાર સુધીમાં ૯૪ જેટલાં પુસ્તકો જુદા જુદા વિષયો ઉપરના પ્રસિદ્ધ થયા છે. જેમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના પુસ્તકનો અનુવાદ "અગનપંખ" તેમજ "અંગદનો પગ" મુખ્ય છે. કચ્છનાં ઈતિહાસ તેમજ વિકાસ સંદર્ભના તેમના વિવિધ ક્ષેત્રોના અભ્યાસપૂર્ણ લખાણો નોંધપાત્ર છે.

તેઓના શોખમાં વાંચન, લેખન, સંગીત વગેરે મુખ્ય છે.

કોઈપણ પ્રદેશનો વિકાસ, આખરે તો, તેના શાસકો પર આધારિત હોય છે. જે શાસકો દીર્ઘદૃષ્ટા, સક્રિય અને લોકકલ્યાણ-માનસ ધરાવતા હોય છે, તેઓ પ્રજા કલ્યાણનાં કાર્યો કરતા હોય છે અને તેની પ્રજા સુખસગવડો વચ્ચે જીવતી હોય છે. જ્યાં જ્યાં આવા શાસકો થયા છે, ત્યાં પ્રજા સુખાકારીની માત્રા ઊંચી હોય છે.

ભારત ૧૯૪૭ સુધી એક સુગ્રથિત દેશ ન હતો. ચારસો-પાંચસો નાનાં મોટાં રજવાડાઓમાં વહેંચાયેલો વિસ્તાર હતો. ધર્મ અને સંસ્કૃતિથી અવશ્ય એક હતો, પણ રાજકીય રીતે તો તે ટુકડાઓમાં જ વહેંચાયેલો હતો. એટલે, ત્યાં સુધી સમગ્ર દેશના વિકાસનો ખ્યાલ જ ન હતો, કારણકે સમગ્ર દેશના કોઈ શાસક જ ન હતા. વર્તમાનમાં હવે આ સંકલ્પના વિકસિત થઈ છે, પણ ભૂતકાળમાં તે શક્ય ન હતી. પરિણામે દરેક રજવાડાનો વિકાસ તેના શાસકની મુન્સફી પર આધારિત રહેતો. જ્યાં પણ ઉત્તમ શાસક હોય, તે રજવાડું વિકસિત બનતું. ગુજરાતમાં વડોદરા, ગોંડલ કે ભાવનગર જેવાં રજવાડાં ઠીક ઠીક વિકસિત હતાં.

## કચ્છની સ્થિતિ શું હતી?

- **ગઇ કાલ :**

૧૯૪૮ સુધી કચ્છ પણ દેશી રજવાડું જ હતું. સદીઓથી અહીં પણ રાજાઓ જ વહીવટ ચલાવતા હતા. સમગ્ર ભૂતકાળ તપાસવો તો લાંબી પ્રક્રિયા બને, કારણકે કચ્છનો ઘણો ઈતિહાસ વણનોંધાયેલ છે. એટલે કચ્છનો રાજકીય વિકાસ વ્યવસ્થિત રીતે તપાસવો હોય તો ખેંગારજી પહેલા (૧૫૧૦) દ્વારા જે 'જાડેજા વંશ' શરૂ થયો, તેને આધારે રાજકીય વહીવટ તપાસવો તુલનાત્મક દૃષ્ટિએ સરળ પડે.

- **રાજકીય સ્થિતિ કે વહીવટનું મૂલ્યાંકન કેમ કરાય?**

મૂલ્યાંકન, મહદ્ અંશે, રાજકર્તાઓનાં કાર્યો દ્વારા કરી શકાય. ત્રણ પ્રકારના શાસક હોય : પ્રજા-વિરોધી, તટસ્થ અને પ્રજાહિતેચ્છુ. પ્રજા વિરોધી એટલે કોઈપણ બહાના હેઠળ પ્રજાને સતત કનડનારા. તેના અમલ દરમ્યાન પ્રજા દુ:ખી હોય, પછાત રહે. તટસ્થ એટલે 'માસ્તર મારે પણ નહીં અને ભણાવે પણ નહીં.' પ્રજાને હેરાન પણ ન કરે અને તેના વિકાસમાં બહુ રસ પણ ન લે. પરંપરાગત કામો ચાલુ રાખે...પણ પ્રજાહિતેચ્છુ રાજવી તો સામેથી પહેલ કરીને પ્રજાનાં વિવિધ વિકાસલક્ષી કામો કરે. પ્રજાની સ્થિતિ સુધારે. તે વિસ્તારનું આંતરમાળખું મજબૂત કરે. આર્થિક વિકાસ તરફ ધ્યાન આપે. ખોટા સામાજિક રિવાજોને નાબૂદ કરી પ્રજાને આગળ વિચારવા-વધવા પ્રેરણા આપે. આવા શાસકો વિકાસનું માધ્યમ બને છે.

કચ્છમાં જે છેલ્લા અઢાર રાજવીઓ થયા, તેમને તેમના કાર્યોના આધારે, આ સ્તરોના આધારે મૂલ્યાંકન કરવું જોઈએ.

***પ્રથમ પ્રજા વિરોધી રાજવીઓ જોઈએ.***

કચ્છ આવા રાજવીઓ બાબતે સદ્ભાગી રહ્યું છે. અઢારમાંથી કેવળ એક જ રાજવી રાયધણજી બીજા (૧૭૭૯)ને તેમાં મૂકી શકાય. તે રાજા અસ્થિર મનોદશાના હતા. સ્વભાવે આક્રમક અને ઝનૂની હતા. કમનસીબે તે પીર મહમદ પનાહના રવાડે ચડી ગયા અને તેના પ્રભાવમાં આવીને કચ્છમાં ઈસ્લામને પ્રસરાવવાનું ઝનૂન તેમનામાં પ્રવેશ્યું. તેમાં તેમને થોડા સીદી રક્ષકોનો સાથ મળ્યો. તેણે બળજબરીથી ધર્મપરિવર્તન કરાવવાનો અને, એક વાર તો, ધર્મસ્થાન તોડવાનો પણ પ્રયાસ કર્યો. તેનાં આ કૃત્યોથી પ્રજા, ખાસ કરીને, ભુજ અને માંડવીની, ત્રસ્ત થઈ ગઈ. માંડવીમાં તો ધર્મસ્થાન તોડવા વખતે પ્રજાએ પોતાનો ગુસ્સો પણ પ્રગટ કરી દીધો. ભુજમાં પ્રજા ત્રસ્ત થઈ, છતાં કોઈ સામુહિક બળવો ન થયો. પણ થોડા લોકોએ બળવો કર્યો. શરૂઆતમાં કેટલાક મૃત્યુ પામ્યા, પણ પછી મેઘજી શેઠની આગેવાની નીચે

*તબિયત સારી ન હોય તો બધી સાહ્યબી નકામી.*

બળવો થયો અને તેણે અને જમાદાર ફતેહમામદે સાથે મળીને રાજાને કેદ કર્યા અને થોડો સમય 'બાર ભાયા'ની વ્યવસ્થા ઊભી કરી.

રાવ રાયધણજીના આક્રમક વર્તનને પરિણામે તેના દ્વારા કોઇ જ વિકાસ કાર્યો ન થયા તે સ્વાભાવિક હતું. કેવળ પ્રજાને હેરાનગતિ થઇ. અલબત, ધર્મપરિવર્તનની બળજબરીને બાદ કરતાં બીજી કોઇ હેરાનગતિ થઇ ન હતી અને તેની આસપાસના ગાદીભક્ત લોકોએ પરિસ્થિતિને જાળવી લીધી હતી. પણ કચ્છ માટે તે વિકાસહીન સમય રહ્યો.

***તો તટસ્થ રાજવીઓમાં કોણ આવે?***

બે-ચારને બાદ કરતાં લગભગ બધા જ.

તટસ્થ એટલે કેવા? આમ તો કચ્છના રાજવીઓ, સામાન્ય રીતે તટસ્થ રહ્યા છે. પ્રજાને હેરાન કરવાનો ક્યારે પણ પ્રયાસ નથી કર્યો. અંગત જીવનમાં કે અન્ય સંદર્ભોમાં જેવા રહ્યા હોય તેવા, પણ પ્રજાને મહદ અંશે સ્વસ્થ રાખી છે. ધર્મ બાબતે તટસ્થ રહ્યા છે. પરંપરાને તોડવાનો કે સમાજ વ્યવસ્થાને બદલાવવાનો પ્રયાસ તેમણે નથી કર્યો. થઇ શકે તેવાં કામો કરવાનો પણ તેમણે પ્રયાસ કર્યો છે. પરિણામે આ રાજાઓના સમયકાળ દરમ્યાન પ્રજા દુઃખી નથી રહી. શાંતિથી રહી છે.

પણ વિકાસ કાર્યોને સંબંધ છે તે સંદર્ભે પણ આ રાજવીઓ તટસ્થ રહ્યા છે. મોટાભાગના માં કોઇ દીર્ઘદૃષ્ટિનાં દર્શન નથી થતાં. ચીલાચાલુ જે કાર્યો કરવાં જોઇએ તે કર્યા છે, પણ તે સમયના સંદર્ભમાં કોઇ આધુનિક દૃષ્ટિ કેળવી વિકાસનાં કાર્યો કર્યા હોય તેવું જોવા નથી મળતું. અંગ્રેજોના આગમન પછી તો તેઓ કચ્છ બહાર કે ક્યારેક તો ઇંગ્લેન્ડ પણ ગયા છે. ત્યાંની આધુનિકતા પણ જોઇ છે, છતાં કચ્છમાં તેવું માળખું ઊભું કરવાનો વિચાર કર્યો નથી દેખાતો. છેલ્લે સુધી પુરાણું માળખું જ ચાલુ રાખ્યું છે. ખેંગારજી ત્રીજા તો આધુનિકતા વચ્ચે જ રહેતા હતા. ઇંગ્લેન્ડમાં તેમની પ્રશંસા થતી હતી. તે બુદ્ધિશાળી પણ હતા છતાં કચ્છ તો ત્યાંને ત્યાં જ- પછાત જ-રહ્યું.

તેમનો બચાવ કરવા ખાતર કહેવું જ હોય, તો કહી શકાય કે કચ્છની રાજકીય વ્યવસ્થા વિચિત્ર હતી. રાજા સંપૂર્ણ કચ્છના માલિક ન હતા. અનેક વિસ્તારો "ભાયાતો"ના હાથમાં હતા. સ્થાનિક બાબતોમાં ભાયાતો સ્વતંત્ર હતા. માત્ર લશ્કરી રીતે તે રાજા સાથે જોડાયેલા હતા. અને મહદ અંશે, હંમેશાં, ભાયાતો રાજાથી દબાયેલા ન હતા. તેમાં પણ અંગ્રેજોએ એવા નિર્ણયો લીધા હતા કે ભાયાતોની સત્તા વધતી ગઇ અને રાજા વધારે નબળા પડ્યા. પરિણામે છેલ્લા ચાર-પાંચ રાજવીઓનો સમય તો આ ગેરવ્યવસ્થા સામે લડવામાં અને પોતાની સત્તા પાછી મેળવવાના પ્રયાસમાં ગયો અને તેમાં પણ સફળ ન થયા.

ભાયાતો તદ્દન રૂઢિચુસ્ત અને દૃષ્ટિવિહીન હતા. તેમણે પોતાના તાબાના વિસ્તારોમાં કોઇ જ વિકાસ કાર્યો કર્યા હોય તેવું નથી દેખાતું અને કચ્છના રાજવી તેમાં માથું મારી શકે તેમ ન હતા. આ ભાયાતી વિસ્તારની વસતિ તુલનાત્મક રીતે પછાત અને અસ્વસ્થ રહી. તેમાં પણ પૂર્વ કચ્છમાં તો આ બાબતે લગભગ અંધાધૂંધી જ પ્રવર્તતી રહી. પરિણામે રાજાઓ, કદાચે ઇચ્છા હશે તો પણ, કશું કરી શક્યા ન હતા.

પણ આ બચાવ નબળો ત્યાં દેખાય છે કે રાજાઓ જ નબળા હશે, તેથી ભાયાતો સબળા થયા હશે ને!

રાજાઓનો વહીવટ પણ મોટાભાગે નબળો દેખાય છે. તેનું ઉદાહરણ લગભગ રાજાઓના દિવાનો સતત બદલતા રહ્યા છે.

રાજાઓ અને દિવાનો અને દિવાનો-દિવાનો વચ્ચેની ખટપટ સતત ચાલતી દેખાય છે. કોઇ પ્રબળ દિવાન લાંબું ટક્યા હોય તેવું જોવા નથી મળતું. કદાચે ટક્યા, તો તેમને કાવતરાં કરી મારી નાખવામાં આવ્યા છે. વિવેકાનંદે ખેંગારજી ત્રીજાની પ્રશંસા કરી છે, પણ ગાંધીજી, મણિલાલ કોઠારી વગેરેએ તેમના વહીવટની ખુલ્લી ટીકા કરી છે. આ બે વિરોધાભાસ સૂચવે છે કે રાજા બુદ્ધિશાળી હતા, પણ વહીવટ પર તેમની પકડ ન હતી. જે હોય તે, પણ મોટા ભાગના કચ્છના રાજાઓનો વહીવટ નબળો જ દેખાય છે.

આનો જવાબ એકબીજા સંદર્ભમાં પણ 'જોવા' મળે છે. કચ્છ જયારે સ્વતંત્ર થયું, ત્યારે કચ્છની સ્થિતિ તદ્દન પછાત હતી. રસ્તા, વાહન વ્યવહાર, આર્થિક વિકાસ, સામાજિક જાગૃતિ, શિક્ષણ - લગભગ બધાંજ ક્ષેત્રોમાં કચ્છ તદ્દન જૂનવાણી હતું. રેલવે નૅરોગેજ અને અતિ ધીમી હતી. એક જ વિમાન આવતું. બસ વ્યવસ્થા પણ પ્રાથમિક અવસ્થામાં અને ધીમી હતી. કચ્છ બહાર જવાના માર્ગો શૂન્ય. માત્ર દરિયાઇ માર્ગ. રણ પસાર કરવાનો કોઇ જ પાકો માર્ગ ન હતો. સંદેશા વ્યવહાર નહિવત. કોઇ પણ ક્ષેત્રમાં જોઇએ તો ક્યાંય પ્રગતિ હતી જ નહીં. સ્વતંત્ર ભારતને વડોદરા જેવાં રાજ્યો સમૃદ્ધ મળ્યાં, પણ કચ્છ તદ્દન પછાત મળ્યું. તેનો વિકાસ 'એકડે એકથી' કરવાનો હતો. આ 'દર્શન' જ રાજવીઓની નિષ્ક્રિયતા બતાવે છે.

તો, પ્રજાની ચિંતા કરનારા રાજવીઓ કોણ હતા?

સામાન્ય સંદર્ભમાં દેશળજી બીજા મુખ્ય ગણાય છે. પ્રજાના હિતેચ્છુ હોવાથી તે 'દેશરા પરમેશરા' કહેવાયા. પ્રજાએ તેમને ભગવાન સ્વરૂપ માન્યા. સંત મેકણે પણ તેમને પ્રશંસેલા. એટલે પ્રજાના દૈનિક જીવનને સ્વસ્થ રાખનાર રાજવી હતા.

પણ વિકાસના સંદર્ભમાં ગણવા હોય તો પ્રથમ રાવ લખપતજીને ગણી શકાય. આમ તો તે મુખ્યત્વે 'કલાકાર' રાજવી હતા. સાહિત્ય, બાંધકામો વગેરેના શોખીન હતા. આર્થિક બાબતોમાં તેમને કેટલો રસ હતો તેનો ખ્યાલ નથી આવતો. પણ તે સદ્‌ભાગી હતા કે તેમને રામસિંહ માલમ જેવો સાથીદાર મળી ગયો. રાવની વિશિષ્ટતા એ હતી કે તે તેની પ્રતિભાને ઓળખી શક્યા અને તેને કામ કરવાની સ્વતંત્રતા આપી દીધી. પરિણામે રામસિંહે કચ્છમાં અનેક ઉદ્યોગો શરૂ કર્યા જેણે કચ્છમાં આર્થિક ક્રાંતિ આણી એમ જ કહી શકાય. તેને પરિણામે માત્ર ખેતી અને પશુપાલન પર જ જીવતા કચ્છને અનેક નવા રોજગાર મળ્યા. તત્કાલિન આર્થિક પ્રગતિને વેગ મળ્યો જ હશે.

***હાથ જોડવામાં મળતી શાંતિ હાથ મેળવવામાં મળતી નથી.***

ત્યાર પછી પ્રાગમલજી બીજા ધ્યાન ખેંચે છે. તેમણે કચ્છમાં આધુનિક શિક્ષણનો પાયો નાખ્યો. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ શરૂ કરી. શિક્ષણનો પ્રસાર ઝડપથી થવો શરૂ થયો. ખેંગારજી ત્રીજાએ તેને ચાલુ રાખ્યો. પરિણામે ૧૯૪૮માં અન્ય ક્ષેત્રો કરતાં શિક્ષણમાં કચ્છ ઠીક ઠીક આગળ હતું એમ દેખાય છે. પણ હા, કૉલેજ શિક્ષણ ત્યાં સુધી શરૂ ન થયું. ભણનારને પ્રાગમલજી સ્કોલરશિપ અપાતી, પણ કૉલેજ શિક્ષણ લેવા તો અમદાવાદ, ભાવનગર, મુંબઇ કે પૂના જ જવું પડતું. અહીં માત્ર મેટ્રિક સુધી જ સગવડ કરાઇ હતી.

પણ આ સમગ્ર ચાર સદી તરફ નજર કરાય, તો રાજકીય નેતૃત્વ નબળું રહ્યું દેખાય છે. વહીવટ નબળો, રાજા-ભાયાતો વચ્ચે વિખવાદો, દિવાનોની અસ્થિરતા, સ્થાનિકોની અવગણના, અંગ્રેજોની દખલગીરી, કુદરતી આફતો વગેરે પરિબળોએ તેમાં ભાગ ભજવ્યો. ખેતી, પશુપાલન સિવાય બીજી કોઇ જ આર્થિક વ્યવસ્થા ન વિકસી. પરિણામે સાહસિક લોકોને તો વિકાસ કરવા કચ્છ બહાર જવા સિવાય બીજો કોઇ ઉપાય જ ન હતો. પરિણામે કચ્છનું બુદ્ધિધન હંમેશ બહાર ઘસડાતું રહ્યું. જેણે પણ કચ્છના વિકાસને ધક્કો પહોંચાડ્યો. રામસિંહ માલમ સિવાય કોઇએ આર્થિક ક્ષેત્રે નેતૃત્વ પૂરું પાડ્યું નથી દેખાતું. સ્થાનિક ખટપટો અને નિષ્ક્રિયતાએ વિકાસનો ભોગ લીધો.

આમ સ્વતંત્રતા સુધી કચ્છ પછાત રહ્યું.

- **સ્વતંત્રતા બાદ :**

સ્વતંત્રતા પછી રાજકીય રીતે કચ્છમાં ત્રણ વાર પલટા થયા. શરૂમાં તેને "ક" રાજ્ય તરીકે કેન્દ્ર સાથે રાખ્યું.

૧૯૫૬માં ભાષાવાર રાજ્યો થતાં દ્વિભાષી મુંબઇ રાજ્યમાં જોડાયું. ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં તે ગુજરાતનો જિલ્લો બન્યું. આજ સુધી તે એ સ્થિતિમાં છે. આમ તે રાજકીય રીતે સતત ફંગોળાતું રહ્યું.

સ્વતંત્રતા પછી કચ્છ પર બે રાજકીય શાસન રહ્યાં છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર. એટલે સાંસદો અને ધારાસભ્યો દ્વારા રાજકીય નેતૃત્વ મળતું રહ્યું છે. સાથે સ્થાનિક નેતૃત્વ પણ રહ્યું છે.

આ ત્રણે સ્તરે કેવું નેતૃત્વ રહ્યું છે?

સંસદની લગભગ ચૌદ જેટલી ચૂંટણીઓ થઇ છે. તે દ્વારા લોકસભા અને રાજ્યસભામાં સાસંદો કચ્છમાંથી ગયા છે. લગભગ કોઇનો કેન્દ્ર સ્તરે પ્રભાવ નથી દેખાયો. રાષ્ટ્ર સ્તરે જે આયોજન થાય છે અને તેમાં કચ્છના ફાળે જે આવે છે, તેવો સર્વસાધારણ (general) વિકાસ કચ્છનો થતો રહ્યો છે. કોઇ સાંસદના પ્રભાવથી વિકાસની ગતિ ઝડપી બની હોય કે વિશિષ્ટ વિકાસ થયો હોય તેવું નથી દેખાતું.

મુંબઇ અને ગુજરાતમાં જે ધારાસભ્યો ગયા તેમાંથી ક્યારેક પ્રધાનપદું કે વિધાનસભાનું અધ્યક્ષપદ મળ્યું છે. એકવાર થોડો સમય ગુજરાતનું મુખ્ય પ્રધાનપદ પણ મળેલ છે. પણ તેનાથી કચ્છને કોઇ વિશિષ્ટ લાભ મળ્યો હોય તેવું પણ નથી દેખાતું. કચ્છનો વિકાસ થાય તે માટે પગ ખોડીને ઊભા રહે તેવા કોઇ ધારાસભ્ય કચ્છને નથી મળ્યા. પરિણામે કોઇ પણ ક્ષેત્રમાં ઉત્તમ વિકાસ, વિશિષ્ટ વિકાસ નથી થયો. વહીવટમાં તો કચ્છમાં બદલીને 'સજા' માનવામાં આવતી - આજે પણ - તેથી બહારથી આવનાર અધિકારીને કામ કરવામાં રસ ઓછો અને બદલવામાં રસ વધારે રહ્યો છે. સારા અધિકારીઓ ઘણા આવ્યા હશે, પણ વિઝનરી અને કાર્યક્ષમ અધિકારીઓ ગણ્યાગાંઠ્યા જ આવ્યા છે. પરિણામે આજ સુધી વહીવટ ગતાનુગતિક અને આડખીલીઓથી ભરપૂર રહ્યો છે.

સ્થાનિક સ્તરે પણ રાજકીય નેતૃત્વ ખાસ નથી રહ્યું. થોડા જૂના નેતાઓ હતા ત્યાં સુધી લોકસંપર્ક હતો. થોડાં કામો પણ થયાં હશે, પણ છેલ્લા થોડા દાયકામાં તો પક્ષીય વ્યવસ્થા એટલી જડબેસલાક થઇ છે કે પ્રજા પાછળ ધકેલાઇ ગઇ છે. પંચાયત અને ગ્રામ્ય સ્તરે પણ આ તકલીફ રહી છે. તેનો પ્રભાવ વિકાસ કાર્યો પર થતો રહ્યો છે. નેતાઓનો વ્યક્તિગત પ્રભાવ નહિવત રહ્યો છે.

આમ ત્રણે સ્તરે રાજકીય નેતૃત્વ નબળું રહ્યું છે. ક્યાંય અભ્યાસનિષ્ઠા, વિકાસની તમન્ના, પ્રભાવક્તાનાં દર્શન નથી થતાં. વ્યક્તિગત સ્તરે ઉત્તમ લોકો હોવા છતાં પ્રભાવના અભાવે કચ્છને કશો જ ફાયદો નથી થયો. રાજ્ય કે રાષ્ટ્ર સ્તરે કોઇ નેતૃત્વ નથી સર્જી શકાયું. ઇ.સ. ૨૦૦૦ સુધી કચ્છનો સાધારણ જ વિકાસ થતો રહ્યો છે.

- **આજ :**

એકવીસમી સદીની શરૂઆતથી શરૂ થતા સમયને આપણે "આજ" માનીએ, તો છેલ્લા દસકાની રાજકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવું જોઇએ.

૨૦૦૧ના વર્ષની શરૂઆત કચ્છમાં ભયાનક ધરતીકંપથી થઇ. અર્ધા કચ્છને વ્યાપક નુકસાન થયું. આ ઘટનાએ કચ્છનાં રાજકીય નેતૃત્વને કસોટીએ ચડાવ્યું. સદભાગ્યે, ત્યારે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓએ રાહત કામ ઉપાડી લીધું. વૈશ્વિક સંસ્થાઓએ પણ તેમાં સાથ પૂરાવ્યો. કચ્છની સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પડકાર ઝીલી લીધો. આ બધાએ સાથે મળીને કચ્છને સ્વસ્થ કર્યું.

ત્યારે સ્થાનિક રાજકીય નેતૃત્વે કેવો ભાગ ભજવ્યો?

રાહત કામ સંદર્ભે તેમની કામગીરી સારી રહી. પણ કટોકટી સમયે જે નેતૃત્વ લેવું જોઇએ, તે લેવામાં સક્ષમ ન નીવડ્યું. કદાચ ક્યાંક તો આડખીલીરૂપ બન્યું. સક્ષમ અધિકારીઓ સરકારે મૂક્યા, તો તેમને ટકવા ન દીધા. અનેક બાબતોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો જે બાબતે તેણે આંખ બંધ રાખી. વહીવટ જ્યાં નબળો અને આડખીલીરૂપ થતો હતો, ત્યાં લોકોના પડખે રહેવામાં નાકામિયાબ નીવડ્યું. સદભાગ્યે, એક સક્ષમ કલેક્ટર આવ્યા જેણે પરિસ્થિતિને કાબૂમાં લીધી અને વિકાસને ખૂબ ઝડપી બનાવ્યો.

ભૂકંપે એક આડકતરો ફાયદો કર્યો. કેન્દ્ર સરકારે કચ્છને આર્થિક રીતે પગભર કરવા "ટેક્સ હોલીડે" જાહેર કર્યો. તેને કારણે ઉદ્યોગો કચ્છમાં આવવા આકર્ષાયા. પરિણામે ઝડપથી આર્થિક ગતિશીલતા આવી. રોજગારી ઊભી થઇ. લોકોમાં નવી ચેતના આવી, સાહસિકતા આવી. તેને પરિણામે આંતરમાળખામાં વિકાસ શરૂ થયો. દસકામાં કચ્છ ઊભું થઇ ગયું. સાડા ચારસો વર્ષની

*સાચા દિલથી માફી માંગો. ભૂલનો ભાર દૂર થઈ જશે.*

પછાત સ્થિતિ અચાનક પલટાઇ ગઇ.

ત્રીજું પરિબળ બન્યા ગુજરાતના વર્તમાન મુખ્ય મંત્રી મોદી. તેમને કોઇ અકળ કારણોસર કચ્છમાં રસ પડ્યો અને તેમણે જુદા જુદા કાર્યક્રમો દ્વારા કચ્છ તરફ વિશ્વનું ધ્યાન ખેંચ્યું. જેણે પણ આર્થિક પ્રવૃત્તિને વેગ આપ્યો.

આ બધાં પરિબળોના કારણે ખેતી અને પશુપાલન સાથે હવે ઉદ્યોગો, પ્રવાસન, મનોરંજન વગેરે નવાં ક્ષેત્રો વિકસ્યાં છે. કચ્છનો નવો જ ચહેરો ઊભો થવા લાગે છે.

પણ આ બધામાં ગતિશીલતા લાવનાર પરિબળો ઉદ્યોગો અને મુખ્યમંત્રી જ રહ્યા છે. સ્થાનિક નેતાગીરી કે સાસંદ કે ધારાસભ્યો મુખ્યમંત્રીના પ્રચારકો જ રહ્યા છે. સમગ્ર રાજકીય વાતાવરણ મુખ્યમંત્રીના કાર્યક્રમોને કે પક્ષના કાર્યક્રમો આધારિત બની ગયું છે. સમગ્ર કચ્છનો, સર્વપક્ષીય વિચાર નામશેષ થયો છે. કચ્છ રાજકીય રીતે ખંડિત થઇ ગયું છે. મુખ્યમંત્રીને બાદ કરતાં બધા જ પક્ષો નિઃસત્વ બન્યા છે. કોઇ જ પ્રભાવક નથી રહ્યું. સમગ્ર કચ્છના કોઇ નેતા તો નથી જ, પણ નાના સ્થાનિક સ્તરે પણ નથી. સાંસદ કે ધારાસભ્યને જે માન મળે છે, તે પદના કારણે મળે છે, નહીં કે તેમનાં નેતૃત્વના પ્રભાવે. ક્યાંય વિઝન, સર્વગ્રાહી દૃષ્ટિ, સર્વોદયી વૃત્તિ, ગરીબોનો વિચાર નથી દેખાતાં. બહુ વિચિત્ર સ્થિતિ છે. ચિંતાજનક!

વર્તમાનમાં જે પણ થોડું ઘણું નેતૃત્વ છે, તે સ્વૈચ્છિક સંસ્થાગત છે. બાકી રાજકીય ક્ષેત્રે શૂન્યાવકાશ છે.

- **આવતીકાલ :**

આવતીકાલ રાજકીય નેતૃત્વની કેવી હશે?

આવતીકાલનું કચ્છ વિકસિત હશે તેની કલ્પના તો કરી જ શકાય છે. જો ઔદ્યોગિકીકરણ સતત રહ્યું, તો હવે નવી રાજકીય નેતાગીરી, સંભવ છે, ઉદ્યોગોમાંથી આવશે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભણેલ વર્ગમાંથી નેતૃત્વ આવ્યું. સ્વતંત્રતા પછી ખેડૂતો કે વેપારીઓમાંથી આવ્યું. હવે ઉદ્યોગો કે જ્ઞાનક્ષેત્રમાં કામ કરનારા લોકોમાંથી નેતૃત્વ આવે તેવો સંભવ છે.

અત્યારે તો પ્રજા કોમ-જ્ઞાતિ-ધર્મ વગેરેમાં વિભાજિત છે. પણ હવે ધીમે ધીમે સમજવા લાગી છે કે સંકુચિત નેતાઓ ચૂંટવાથી કામો નથી થતા. એટલે હવે સક્ષમ નેતૃત્વની શોધ ચાલશે. સદભાગ્યે, અત્યારે રાજ્ય, રાષ્ટ્ર કે વિશ્વ સ્તરે સક્ષમ નેતાઓ જાહેર માધ્યમો દ્વારા જોવા મળે છે. તેના પરિણામો અને વિકાસ પણ પ્રજા જુએ છે. તે તેમને વિચારવા અને નેતાને ચકાસવા પ્રેરશે. તેમાં ભૂલો થશે, તે લોકશાહીમાં અનિવાર્ય છે. પણ તેમાંથી જ સબળ નેતૃત્વ આવવા સંભવ છે. લોકશાહી અનંત શક્યતાઓ ધરાવે છે. તેની બધી મર્યાદાઓ છતાં તેમાં પુષ્કળ સંભાવનાઓ છે. તે જ પ્રજાને શિક્ષિત કરે છે. એટલે, ઉજ્જવળ ભાવિની શ્રદ્ધાપૂર્વક રાહ જોવી રહી.

*ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૨૭૯૪૬*

*નોંધ : આ લેખ દ્વારા લેખકશ્રીએ, પોતાના વિચારો અને ગણનાઓ સ્પષ્ટપણે રજૂ કરેલ છે. હકીકતોના વિશ્લેષણમાં કદાચ કોઈ તેમની સાથે સહમત ન થાય તે બને. પરંતુ લેખકશ્રીએ ચિંતન કર્યા બાદ હકીકતોનું પોતાની વિચારસરણી અનુસાર ખૂબજ સરસ રીતે મૂલ્યાંકન કરેલ છે. આઝાદી બાદની કચ્છની પ્રગતિની વાત કરીએ તો એક કચ્છી માડુનો પ્રભાવ આ પ્રગતિ પર સારા એવા પ્રમાણમાં છાઈ રહેલ દેખાય છે. ધરતીકંપ અગાઉ મોટા ગજાના ઉદ્યોગો જે કચ્છમાં આવ્યા તેનો યશ આ કચ્છી માડુને આપવો જ રહ્યો. ધરતીકંપ બાદની "ટેક્ષ હોલી ડે" સ્કીમનો વિચાર આ મહાનુભાવને જ પ્રથમ સ્વરૂપે સ્ફુરેલ હતો. ત્યારબાદ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને તેના ફાયદા સમજાવવામાં તેઓશ્રી સફળ રહ્યા. પરિણામ સ્વરૂપે એ યોજનાનો કચ્છમાં અમલ થયો કે જેના પરિણામો આજે આપણી સમક્ષ દૃષ્ટિગોચર થતા દેખાઈ રહ્યા છે. શ્રી સુરેશચંદ્ર મહેતાએ આ દિશામાં કચ્છનું જે ભલું કરેલ છે તેને આપણે સદાયે યાદ કરતા રહેશું. તેઓશ્રીને આ મુદ્દે ધન્યવાદ આપવા ઘટે.*

*– મુખ્યતંત્રી*

## યુવતીઓ પડકાર ફેંકે

સ્ત્રી-જીવનમાં મોટી ખામી છે પુરુષ નિર્ભરતા. સ્ત્રીને સદાય પુરુષના આધારની જરૂર પડે છે. પછી એ પુરુષ બાપ હોય, પતિ હોય કે બેટો હોય. પણ પુરુષની છત્રછાયામાં રહે તો જ સ્ત્રીની સ્વતંત્રતા ટકી શકે છે. આની સામે તમામ યુવાન સ્ત્રીઓએ પડકાર ફેંકવો જોઈએ.

સ્ત્રીની પુરુષ-નિર્ભરતાનું કારણ, સ્ત્રીના મનમાં ભય છે. મેં એવી સ્ત્રીઓ જોઈ છે, જેને વાઘની બીક નથી લાગતી, જેને ભૂતની બીક નથી લાગતી; પણ જેને પુરુષની બીક ન લાગતી હોય તેવી સ્ત્રી નથી જોઈ. એટલે કે સ્ત્રીના મનથી પુરુષ વાઘથી, ભૂતથી પણ વધારે ભયાનક છે.

સ્ત્રીના ડરનું કારણ એના શરીરની રચના છે. એ રચના એવી છે કે તેનો ઉપયોગ એની ઈચ્છા વિના પણ કરી શકાય છે. પરંતુ હવે સ્ત્રીઓએ બળાત્કારનો ભય છોડવો પડશે. મનથી એણે નક્કી કરવું પડશે કે બળાત્કારથી સ્ત્રી ભ્રષ્ટ થતી નથી. આ વિજ્ઞાનના યુગમાં એવી તરકીબ શોધવી પડશે કે સ્ત્રીને અનિચ્છાએ માતા બનવું પડે નહીં.

સ્ત્રી અને પુરુષ વચ્ચે અમુક પ્રાકૃતિક ભેદ છે, તે તો રહેવાનો. પરંતુ તે સિવાયના બીજા ભેદ માણસે જ દાખલ કરેલા છે; એટલે માણસે જ તે દૂર કરવાના છે. સ્ત્રી-પુરુષનાં કામોમાં કશો ભેદ ન રહેવો જોઈએ. અમુક કામ તો સ્ત્રીઓએ જ કરવાનાં, એવો ભેદ તોડવો પડશે. હા, શરીરશ્રમનાં કેટલાંક બહુ ભારે કામ છે, તે ભલે સ્ત્રી ન કરે. કારણકે સ્ત્રીને માતૃત્વની જવાબદારી ઉપાડવાની છે અને મહિનાના અમુક દિવસ તેનું શરીર પણ અસમર્થ રહે છે.

પરંતુ આજે તો ઘરમાં સાફસૂફી, નદી-કૂવેથી પાણી ભરી આવવાનું, દળવા - ખાંડવાનું, એવાં કેટલાંય કામ એકલી સ્ત્રીને ભાગે જ આવે છે અને દિવસ આખો એ તે કરતી રહે છે. ઉપરાંત આ બધાં કામો ઊતરતી કક્ષાનાં ગણાય છે. એટલે પુરુષ તે કરે તેમાં એને નામોશી લાગે છે. આ સ્થિતિ બદલવી જ જોઈએ.

*– દાદા ધર્માધિકારી*

*સાભાર : "નારીજીવનની વાચનયાત્રા"*

*કુદરતી દુઃખ એક કસોટી છે, જ્યારે ઊભું કરેલું દુઃખ એ શિક્ષા છે.*

# ભીષણ ભૂકંપ બાદ કચ્છનો ઔદ્યોગિક વિકાસ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ભૂકંપ પહેલાં કચ્છ જિલ્લો ઔદ્યોગિક ક્ષેત્રે ઘણો પછાત જિલ્લો હતો. પરંતુ ભૂકંપ બાદ કચ્છમાં આર્થિક વિકાસક્ષેત્રે ઉદ્યોગો પ્રસરાવવા, નિયોજકો અને દેશ વિદેશના ઉદ્યોગપતિઓને આકર્ષવા કેન્દ્ર તથા રાજ્ય સરકારે પ્રયત્નો આદર્યા. કેન્દ્ર સરકારની એક્સાઈઝ માફી યોજના તેમજ ગુજરાત સરકારની વેચાણવેરા પ્રોત્સાહન યોજના કચ્છ, ૨૦૦૧ અન્વયે કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ અનેક અવનવા ઉદ્યોગોમાં ભારે મૂડી રોકાણ થવા પામ્યું છે.

કચ્છ જિલ્લામાં ભૂકંપ પહેલાં ફક્ત ૨૯ જેટલા મધ્યમ કક્ષાના ઔદ્યોગિક એકમો કાર્યરત હતા. જેમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો. ઇ.સ. ૧૯૬૫માં કચ્છ જિલ્લામાં દેશનું પ્રથમ ફ્રી ટ્રેડ ઝોન કંડલા વિસ્તારમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યું. ઇ.સ. ૨૦૦૦ સુધીમાં નાના પાયાના ઔદ્યોગિક એકમો ૪૭૮૩ હતા. જેમાં કુલ મૂડી રોકાણ ૬૫ લાખ રૂપિયાનું થયેલું. અંદાજે ૨૬,૪૮૩ લોકોને આ એકમો રોજગારી આપતા હતા. મધ્યમ પ્રકારના અને મોટા કહી શકાય તેવા ૩૨ એકમો



**શ્રી સૂર્યકાંતભાઈ ભટ્ટ,** ઈ.સ. ૧૯૬૪થી ૧૯૯૫ સુધી ભુજની લાલન કૉલેજમાં અધ્યાપન કાર્યમાં કાર્યરત રહ્યા. વચ્ચે ઈ.સ. ૧૯૭૦થી ૧૯૭૨ લગી જામનગરની ડી.કે.વી. કૉલેજમાં સેવાઓ આપી. લાલન કૉલેજમાં આર્ટસ સાયન્સ કૉલેજના કોમનરૂમ સેક્રેટરી તથા વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના ચેરમેન તરીકેનો દીર્ઘકાળ સુધી કાર્યભાર તેઓશ્રીએ વહન કરેલ છે. તેઓ યોજના, અખંડ આનંદ, કચ્છશ્રુતિ, કચ્છ અર્પણ, વતનનો સાદ, આવરણ આદિ માસિકો / પાક્ષિકોમાં વિવિધ વિષયો પર લખતા રહે છે. દિવ્ય ભાસ્કર, આજકાલ, કચ્છમિત્ર, ગુજરાત સમાચાર જેવા દૈનિકોમાં પણ તેમના લેખો પ્રગટ થતા રહે છે. સહિયર, કલ્પનાનું પંખી આદિમાં તેમના કાવ્યો પણ પ્રગટ થતા રહે છે. માતૃવાણી, દાનેવદર્શન, સદ્‌વિદ્યા, મૂર્તિ, ફેસ ટુ ફેસ, કેકારવ, શ્રી સ્વામિનારાયણ આદિ સામયિકોમાં તેમના આધ્યાત્મિક લેખો વાંચવા મળે છે. સાહિત્ય, સંગીત તેમના શોખના વિષય છે.

## માર્ચ ૨૦૦૬ સુધીની કચ્છમાં લઘુ ઉદ્યોગની નોંધણી

| ક્રમ | તાલુકાનું નામ | એકમ | મૂડીરોકાણ લાખમાં | રોજગારી |
|---|---|---|---|---|
| ૧. | ભુજ | ૧૪૪૪ | ૨૫૨૭.૧૭ | ૫૮૧૬ |
| ૨. | અંજાર | ૯૧૯ | ૧૫૫૫.૦૧ | ૨૨૪૦ |
| ૩. | ગાંધીધામ | ૨૨૮૫ | ૩૭૬૬.૮૫ | ૧૭૫૫૯ |
| ૪. | માંડવી | ૩૯૫ | ૨૭૨.૬૬ | ૧૪૬૬ |
| ૫. | મુંદ્રા | ૧૬૬ | ૯૮.૪૧ | ૧૦૭૩ |
| ૬. | ભચાઉ | ૨૯૬ | ૨૧૦૯.૬૩ | ૨૮૪૨ |
| ૭. | અબડાસા | ૭૭ | ૧૮૪.૬૩ | ૬૮૭ |
| ૮. | લખપત | ૩૩ | ૧૦.૨૩ | ૬૨ |
| ૯. | નખત્રાણા | ૩૦૩ | ૧૩૨.૬૩ | ૬૭૪ |
| ૧૦. | રાપર | ૯૫ | ૧૦૩.૩૭ | ૫૮૬ |
| | કુલ | ૬૦૧૩ | ૧૦૭૬૦.૫૯ | ૩૩,૦૦૫ |

હતા. જેમાં રૂા. ૪૧૬ લાખનું મૂડી રોકાણ થયેલું. જેમાં અંદાજે લાખ લોકોને રોજગારી મળતી. જેમાં ઓટોમાઈઝેશન વિશેષ હતું.

આ જિલ્લામાં કુટીર કે ગૃહ ઉદ્યોગોનું સ્થાન ભૂકંપ પહેલાં અને ભૂકંપ બાદ પણ અતિ મહત્ત્વનું બની રહ્યું છે. હસ્તકલા કસબ, એ કચ્છની વિરાસત છે. કચ્છના રબારી ભાઈઓ, આહિર અને જત લોકો તથા હરિજન ભાઈ બહેનો ભરત ગૂંથણ કામ, આભલા ભરત અને ચામડા પર અદ્‌ભુત કોતરકામ, પૅચવર્ક આદિ કરતા રહે છે. સોના ચાંદીના ઘરેણાં પર કચ્છમાં મીનાકામ થતું. કચ્છમાં ગ્રામ્ય સ્ત્રી-પુરુષો પૅચવર્કનો ઉપયોગ કરી થેલા, ચાકડા, ધડકી, ઓશિકાના કવર, ગાદીના કવર, ઊંટ અને બળદની ઝુલ્સો, ઘર સુશોભિત કરવા ચાકડા અને તોરણો પણ બનાવતા. જે આજે પણ આ ગૃહ ઉદ્યોગો યથાવત છે. કાપડ પર રંગ વડે ડિઝાઈન પાડવાનું કામ કે જેને 'રોગન કળા' કહેવાય છે તે આજે પણ યથાવત છે. હવે તો આવી છપાઈવાળી ચાદરો-પીલો કવર, સ્ત્રીઓના ડ્રેસીસ કે પછી ઝબ્બા આદિની માંગ

*અંદરની યોગ્યતાને પ્રકાશિત કરવા ગુરુનો સ્પર્શ જરૂરી.*

વધવા પામી છે. ખાસ તો કચ્છના રોહા, સુમરાસર, ભુજ, અંજાર, નિરોણા આદિ સ્થળે લુહાર લોકો સૂડી, ચપ્પુ, છરી આદિ તથા તાંબા-પિત્તળના તાળા અને ચાવીઓ બનાવતા. ચાંદીના તાળાનો ઉપયોગ શાહુકારો કે શાસકો કરતા. આજે પણ કચ્છી કારીગરોએ બનાવેલી આવી હસ્ત કલાકારીગરીના નમૂનાઓ ભુજના મ્યુઝિયમમાં દશ્યમાન થાય છે.

કચ્છ જિલ્લાનો કુલ વિસ્તાર ૪૫,૬૫૨ ચો. કિ.મી. છે. જેમાં ૨૬,૧૭૪ ચો. કિ.મી. રણ વિસ્તાર છે. હાલે ૯૬૦ ગામો છે. ઈ.સ. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ વસતિ ૨,૯૦,૩૧૩ની છે. કચ્છમાં સાક્ષરતા દર ૭૧.૫૮ નો છે. એક હજાર પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ ૯૦૭નું કચ્છમાં છે.

સરાસરી વરસાદનું પ્રમાણ હાલે ૩૪૬ મિ.મિ. છે.

કચ્છમાં વિપુલ પ્રમાણમાં ખનિજ સંપત્તિ ધરતીમાં ધરબાયેલી છે. મહત્ત્વના ખનિજોમાં લાઇમસ્ટોન, બોક્સાઇટ, બેન્ટોનાઇટ, લિગ્નાઇટ જિપ્સમ, સિલીકાસેન્ડ, રેડ ઓકર, અકીક, ચાઇના ક્લે, અગેટ આદિને કારણે અનેક ઉદ્યોગપતિઓ આકર્ષાયા છે.

વિપુલ ખનિજ સંપત્તિ અંગેની સવિશેષ વિગત આ સાથેના પરિશિષ્ટમાં સામેલ છે.

| *ખનિજનું નામ* | *અંદાજિત જથ્થો મિલિયન ટન* | *લીઝોની સંખ્યા* | *વાર્ષિક ઉત્પાદન લાખ ટનમાં અંદાજે* |
|---|---|---|---|
| લિગ્નાઇટ | ૨૮૫.૬૦ | ૪ | ૫૦ |
| લાઇમ સ્ટોન | ૭૭૬૫.૬ | ૬ | ૧૫ |
| બૉક્સાઇટ | ૪૨.૫ | ૭ | ૨ |
| બેન્ટોનાઇટ | ૨૦૨ | ૨૦૯ | ૫ |
| ચાઇના ક્લે | મોજણી ચાલુ | ૪૦ | ૨.૫૦ |
| સિલીકા સેન્ડ | મોજણી ચાલુ | ૮ | ૨ |

"ગુજરાત ખનિજ વિકાસ નિગમ" મુખ્યત્વે બોક્સાઇટ તથા લિગ્નાઇટનું ઉત્ખનન તેના પાનધ્રો તથા ગઢશીશા પ્રોજેક્ટ માટે કરે છે. ખાનગી ક્ષેત્રે બેન્ટોનાઇટનું ઉત્ખનન લગભગ ૨૧૨ ખાણ પેટેદારો દ્વારા પાંચ લાખ ટન જેટલું વર્ષે થાય છે. આ ઉત્પાદનના ૮૦% દુબઇ, મલેશિયા, ઇરાન, ઇરાક, શ્રીલંકા, જર્મની આદિ દેશોમાં તેલના શારકામ અર્થે નિકાસ થાય છે.

કચ્છ જિલ્લામાં મોટા પ્રોજેક્ટો ખાસ કરીને પાઇપ કોટિંગ, ટેક્ષટાઇલ, ઇલેક્ટ્રોનિક્સ, ફ્લોરિંગ ટાઇલ્સ, ટોઇલેટ સોપ્સ, ડ્રગ્સ એન્ડ કેમિકલ્સ, સ્ટીલ, કોક પાઇપ, સિમેન્ટ આદિ મુખ્ય છે. કંડલા તથા મુંદ્રાના સ્પેશિયલ ઇકોનોમિક ઝોન 'સેઝ'ના કારણે અનેક નવા ઔદ્યોગિક એકમો અવિરત કચ્છમાં આવતા રહ્યા છે. ઇન્ડિઅન સ્ટીલ ગ્રૂપ તથા વેલ સ્પન કંપની પણ સેઝ વિસ્તરણ માટે કટીબદ્ધ છે. વાસ્તવમાં કચ્છના ધરતીકંપ પછી પુનર્વસન અંગેની સરકારની અનેક યોજનાઓમાં શહેરી વિકાસાર્થે બાંધકામ પ્રવૃત્તિઓ અત્રે વિકસી રહી છે. ભુજ, અંજાર, ભચાઉ આદિમાં રિલોકેશન સાઇટનું વિસ્તરણ થતાં ઔદ્યોગિક વિકાસ થતો રહ્યો છે.

મુંદ્રા, માંડવી અને અબડાસા તાલુકામાં ત્રણ મોટા પ્રોજેક્ટસ શરૂ થયા છે. જેમાં ૪૦૦૦ મે.વો. પાવર પ્રોજેક્ટ - વાંઢ, તાલુકો મુન્દ્રા; એલ્યુમિનિયા પ્રોજેક્ટ ઓફ આશાપુરા ગ્રૂપ - ત્રગડી, તા. માંડવી અને ગુજરાત અંજન સિમેન્ટ પ્લાન્ટ - વાયોર, તાલુકો અબડાસાનો સમાવેશ થાય છે. કચ્છમાં મોટા ઉદ્યોગ ગ્રૂપ નીચે મુજબ કાર્યરત છે.

(૧) વેલસ્પન ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ
(૨) એન્કર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
(૩) અદાણી ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ
(૪) અજન્ટા મેન્યુફેક્ચરિંગ ગ્રૂપ
(૫) પી.એસ.એલ. ગ્રૂપ
(૬) જિંદાલ ગ્રૂપ
(૭) સાંઘી ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ
(૮) એશિયા મોટર વર્કસ લિમિટેડ
(૯) સુઝલોન લિમિટેડ
(૧૦) યુરો ગ્રૂપ
(૧૧) મહાશક્તિ કોક
(૧૨) એન.આર.ઇ. કોક પ્રા.લિ.
(૧૩) માન ઇન્ડસ્ટ્રીઝ

### ● કચ્છમાં મીઠા ઉદ્યોગ :

ગુજરાતમાં ઉત્પન્ન થતા મીઠાના ૬૦ ટકા ઉત્પાદન કચ્છમાં થાય છે. હાલ પ્રતિ વર્ષ ૨૦ લાખ ટન મીઠું નિકાસ થાય છે. ચીની માટીના વાસણો, સોડા ઍશ, રબ્બર, ચામડું, કાગળ રંગ રસાયણ આદિમાં મીઠું વપરાય છે. કચ્છને ૩૬૦ કિ.મી.નો દરિયા કિનારો છે. જેમાં કંડલા, મુંદ્રા, માંડવી, જખૌ, તુણા બંદરો મુખ્ય છે. કચ્છમાં મીઠા ઉદ્યોગમાં અંદાજે ત્રણ લાખ લોકો રોજગારી મેળવે છે. કચ્છમાં લાઇસન્સ ધરાવતા ૧૩૭ સોલ્ટ વર્કસ છે. મીઠા ઉદ્યોગમાં ડેરી સોલ્ટ, ટેબલ સોલ્ટ, પોટેશિયમ ક્લોરાઇડ, બ્રોમિન વોટર, કેટલ ફીડઝ, મેગ્નેશિયમ કાર્બોનાઇટ, ઍબસેસ સોલ્ટ આદિ ઉત્પાદનો સમાવિષ્ટ છે.

### ● કચ્છનો સિરામિક્સ ઉદ્યોગ :

ભુજ, ભચાઉ આદિ તાલુકાઓમાં ચાઇના ક્લે પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. જે વિટ્રીફાઇડ ટાઇલ્સ બનાવવામાં ખૂબજ ઉપયોગી છે. આ ક્ષેત્રે ભચાઉ સ્થિત "યુરો સિરામિક્સ"એ નવી ઊંચાઇ સર કરી છે. હજારો સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ લેબર્સને રોજગારી મળી રહી છે.

*વિષમ સ્થિતિમાં ખુશ રહેવાની કરામત શીખો.*

**• કચ્છમાં સર્વપ્રથમ ફ્લાયએશ બ્રિક્સ પ્લાન્ટ :**

ભુજથી ૧૦ કિ.મી. પર લાખોંદ નજીક ૧૦ એકર વિસ્તારમાં કચ્છમાં ફ્લાયએશ બ્રિક્સ પ્લાન્ટ અને કન્સ્ટ્રક્શન મશીનરીનો સૌથી મોટો ઔદ્યોગિક પ્લાન્ટ "બિલ્ડવેલ" નામે "સહજાનંદ ગ્રૂપ ઑફ કંપનીઝ"એ નાંખેલો છે. વિવિધ રેન્જના ફ્લાયએશ બ્રિક્સ મશીનો ભુજથી દેશ વિદેશમાં પહોંચી રહ્યા છે. કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ વિભાગે આ કંપનીના ફાઉન્ડર ડાયરેક્ટર શ્રી નીલેશ સૂર્યકાંત ભટ્ટને ઇટાલી, મોઝામ્બિક અને દક્ષિણ આફ્રિકાના અન્ય દેશોમાં ફ્લાયએશ બ્રિક્સના વિકાસાર્થે મોકલેલા. કચ્છ ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રેસિડેન્ટ શ્રી રાજેશભાઇ ભટ્ટ કંપનીનું સંપૂર્ણ એડમિનિસ્ટ્રેશન સંભાળી રહ્યા છે અને શ્રી નિકુંજ ભટ્ટ કન્સ્ટ્રક્શન મશીનરી તથા બ્રિક્સ પ્રોડક્શન સંભાળી રહ્યા છે. તેઓ સિવિલ એન્જિનિયર છે. આમ ત્રણે ભાઈઓએ ભૂકંપમાં ઘરબાર ગુમાવ્યા બાદ સ્વામિનારાયણ સંપ્રદાયના વિરલ સંતરત્ન પૂ.સ.ગુ. ધ્યાની સ્વામિના શુભ આશીર્વાદથી ભૂકંપની રાખમાંથી વિકાસની સર્વોત્તમ પાંખ સર્જી છે.

દેશમાં ચંદીગઢ, ચેન્નાઇ, બનારસ, જોધપુર, પુના, મુંબઇ, નાગપુર, કોઇમ્બતુર, ભીલાઇ, કોલકત્તા, ગૌહત્તી, પટણા, ઇંદોર અને જબલપુરમાં આ કંપનીના મશીનો ધમધોકાર ચાલે છે. વિદેશોમાં નાઈરોબી, દારેસલામ, યુગાન્ડા, બહેરીન, દુબઇ, નામીબિયા, યુ.કે., યુ.એસ.એ.માં આ કંપનીના મશીનો પૂર્ણપણે કાર્યરત છે. કચ્છ માટે ગૌરવરૂપ બીના છે. કંપની આઇ.એસ.ઓ. ૯૦૦૧થી રજિસ્ટર્ડ છે.

**• અદાણી પોર્ટ મુંદ્રા :**

કોલંબોથી ઈરાન સુધીની દરિયાઇ પટ્ટીમાં સૌથી વધુ ઊંડાણ મુંદ્રા બંદરે મળે છે. આપણા દેશના ઉત્તરના વિસ્તારોથી આ પોર્ટ નજીક છે. ખૂબજ મોટી ક્ષમતાના માલવાહક જહાજો સહેલાઈથી અત્રે લાંગરી શકે છે. તેથી જ અદાણી ગ્રૂપે આ બંદરને વિક્સાવવાનું સાહસિક પગલું ભર્યું છે. ૬૪ કિ.મી.ની પ્રાઇવેટ રેલવે લાઇન આ ગ્રૂપે શરૂ કરી છે. ઈ.સ. ૨૦૧૦-૧૧ના ૫ કરોડ મેટ્રિક ટન માલની આયાત-નિકાસ આ બંદર દ્વારા થયેલી છે. ૧૩૦૦ મે.વો.નો પાવર પ્લાન્ટ નાંખવાનું આયોજન શરૂ થયું છે. ૪૦૦૦ જેટલા રોજંદારો અને ૯૦૦ જેટલા કાયમી કુશળ કારીગરો કાર્યરત છે. અદાણી પોર્ટે એક ફ્રેંચ કંપની "વોઇલા"ને પાણી તથા વેસ્ટ વોટર મેનેજમેન્ટ માટે નિયુક્ત કરેલ છે. જે વોટર ડી-સેલિનેશન પ્લાન્ટ માટે પણ કાર્યરત છે. માંડવીમાં જહાજવાડાને પુનર્જિવિત કરવામાં આવેલ છે.

**• એલ્યુમિના પ્લાન્ટ :**

આશાપુરા ગ્રૂપે કચ્છના બોક્સાઇટ પર આધારિત "એલ્યુમિના પ્લાન્ટ" નાખવા ચીનની "સીહુઅન-ઓસ્ટાર એલ્યુમિના કંપની" સાથે કરાર કરેલ છે. જેમાં રૂા. ૨૫૦૦ કરોડનું મૂડી રોકાણ થવા પામશે.

**• સાંઘી ગ્રૂપ :**

નલિયા તાલુકામાં "સાંઘી ગ્રૂપ" દ્વારા સાંઘી નગરમાં ઓસ્ટ્રેલિયાનો કોલસો પોતાની જેટી દ્વારા લાવીને ૨૦૦૦ મે.વો.નો પાવર પ્લાન્ટ કાર્યરત થશે. આ પરિસંકુલ ૪૦૦૦ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ લાવશે. બીજી તરફ અદાણી ગ્રૂપે મુંદ્રા ખાતે ૨૦૦૦ મે.વો. નો પાવર પ્રોજેક્ટ ઇન્ડોનેશિયાનો કોલસો લાવી ત્રણ તબક્કામાં પૂર્ણ કરવા આયોજન કરેલ છે. કચ્છમાં સાંઘી સિમેન્ટ પ્લાન્ટ શરૂ થઇ જતાં અબડાસા તથા લખપત તાલુકાના લોકોને રોજગારી પ્રાપ્ત થઇ રહી છે. અંદાજે ૬૨૫ કરોડનું મૂડીરોકાણ ધરાવતો આ વિશાળ પ્લાન્ટ છે.

**• વિકસતું પ્રવાસન ક્ષેત્ર :**

પ્રતિવર્ષ કચ્છમાં ધોરડો મુકામે રણોત્સવ અને ભુજમાં કચ્છ કાર્નિવલના આયોજનથી કચ્છનું પ્રવાસન ક્ષેત્ર ખીલ્યું છે. કચ્છની ભાતીગળ કલા કારીગરીને વિશ્વના નકશામાં સ્થાન અર્પવાનો સરકારનો સ્તુત્ય પ્રયાસ છે. કચ્છની હસ્તકલાનો ડંકો હવે વિશ્વમાં વાગશે. આમ ભીષણ ભૂકંપ બાદ કચ્છનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. જેમાં ઉદ્યોગક્ષેત્ર મોખરે રહ્યું છે. "ટેક્સ હોલીડે"ની સુવિધા હજુ થોડા વર્ષ ચાલુ રાખવામાં આવે તો કચ્છની કાયાપલટ સત્વરે થઇ શકે. કચ્છને સીંગાપુર બનાવવાનું ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન નજીકના ભવિષ્યમાં સાકાર થવા સંભવ છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ*
*શંકરનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## ભૂકંપ અંગે અભણ માણસને પણ ચેતવી શકે એવું ઉપકરણ કચ્છી યુવકે વિકસાવ્યું છે

ભૂકંપથી જાનહાનિ નિવારી શકાય તેવું એક વૈજ્ઞાનિક ઉપકરણ મુંબઇના એક કચ્છી કિશોર નેવીલ જાડેજાએ વિકસાવ્યું છે. પોતાના ઘરમાં જાતે વિકસાવેલી લેબોરેટરીમાં તૈયાર કરેલા આ ઓછી કિંમતના સાધનના સંકેત અભણ માણસ પણ સમજી શકે છે.

નહેરુ સાયન્સ સેન્ટરમાં તાજેતરમાં યોજાયેલા ઇન્ટેલ વિજ્ઞાનમેળામાં જ્યારે આ યંત્રને રજૂ કરાયું ત્યારે મુખ્ય અતિથિ એટોમિક એનર્જી કમિશનના માજી ચેરમેન ડો. ચિદંબરમે પણ નેવીલ અને તેના સહયોગી રઘુવંશી રામસ્વામીની પીઠ થાબડી હતી.

નેવીલના નિર્દેશ મુજબ ભૂકંપ સમયે પ્રાથમિક કંપન હળવું હોય છે તેની ૩૦ સેકન્ડ પછી ભારે આંચકો આવે છે. જો પ્રાથમિક કંપન વખતે જ ચેતી જવાય તો મોટી હાનિ નિવારી શકાય છે. બેટરીના એ ઉપકરણમાં ધ્રૂજારી સમયે લોલક હલે છે. બાજુમાં મૂકેલી પહેલી બીજી પટ્ટી સાથે લોલક અથડાયા બાદ લાઇટ બળે છે ત્યારે એ કંપન હળવું કે થોડું ભારે હોય છે પણ ભારે ભૂકંપ વખતે ત્રીજી પટ્ટી સાથે અથડાય છે અને ઘંટડી વાગે છે.

વાઇલ્ડ લાઇફ અને વિજ્ઞાનના શોખીન નેવીલના પિતા ડો. મહેન્દ્ર જાડેજા અને માતા દીક્ષાબહેન ડોક્ટર છે અને તેમનું વતન નાની ખાખર છે.

**- કનૈયાલાલ જોશી**

*ભોગ પ્રાપ્તિ માટે નહીં પણ સમર્પિત ભાવથી ભક્તિ કરવી.*

# કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોની પર્યાવરણીય અસર અને તેના ઉપાયો

• અશ્વિન ઝીંઝુવાડિયા •

એક પ્રસિદ્ધ લોકોક્તિ છે... "ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ટ નોકરી..." ઔદ્યોગિકીકરણના બદલાયેલા સમીકરણોમાં આ ઉક્તિ વિશે શંકા ઉપજે એ સ્વાભાવિક છે. ભારતીય સંસ્કૃતિ... પરંપરા, વિચારસરણી, ધર્મ, સમાજશાસ્ત્ર, અર્થકારણ અને સમૂહ જીવન શક્તિના વિવિધ પાસાંઓના કેન્દ્રમાં ખેતી અને તેના આનુષંગિક વ્યવસાયો રહ્યા છે. તેમ સમગ્ર વિશ્વમાં ભારતની ઓળખ પણ ખેતી પ્રધાન દેશ તરીકેની જ હતી.

સમયાંતરે ખેતીની સાથે સાથે ઔદ્યોગિકીકરણ અસ્તિત્વમાં આવ્યું. મહાનગરોમાં તેના પગરણ શરૂ થયા બાદ લાંબો સમય મહત્ત્વનો બદલાવ ન આવ્યો. પણ છેલ્લા બે દાયકા દરમ્યાન સમગ્ર વિશ્વની સાથે એક મહત્ત્વનો નોંધપાત્ર અને દૂરગામી અસર પહોંચાડતો બદલાવ એ જોવા મળ્યો કે - ઉદ્યોગના હથિયાર દ્વારા જ આપણી વિકાસની પરિકલ્પનાને સાકાર કરી શકાશે. વિશ્વનો કોઇ દેશ પછાત રહેવા માંગતો નથી. તેમ ભારત પણ અન્ય દેશોની સરખામણીમાં પાછળ ન રહી જાય તે માટે પ્રયત્નશીલ રહ્યો. તેમ આ જરૂરી પણ હતું કે ગરીબી, બેકારી, નિરક્ષરતા સહિતના દાયકાઓથી ફૂંફાડા મારતા અજગરોને નેસ્તનાબૂદ કરવાની સમય અવધિ પૂર્ણતાને આરે હતી. અહીં મુદ્દો એ ચર્ચવો છે કે - વિકાસ એટલે કોનો વિકાસ? વિકાસની પરિભાષા શું હોઇ શકે? વિકાસને વ્યાખ્યાબદ્ધ કરનારાની સમર્પિતતા કોના પ્રત્યે છે? અને વિકાસના માપદંડો શું હોઇ શકે? સહિતના મુદ્દા ચિંતન માંગી લે છે.

આંધળાઓ હાથી ઉપર હાથ ફેરવી હાથી વિશે અલગ અલગ અભિપ્રાય આપે તેવું વિકાસના મુદ્દે થતું હોય તેમ જણાય છે. દરેક આંધળો આંશિક સાચો છે. પણ દરેક આંધળો પોતાની જ માન્યતાને ખરી ઠેરવી રહ્યો છે.

કુદરતી શંસાધનોની અસમાન વહેંચણી કે લાભ આર્થિક અસમાનતાના પાયામાં પડ્યા છે. શ્રી લીલાધરભાઇ ગડા (અધા) બહુ મહત્ત્વની વાત કરતા લખે છે કે - વિકાસની તકો દરેક વ્યક્તિને સમાન મળવી જોઇએ. આ વાતના સમર્થનમાં અનેક દૃષ્ટાંતો આપી શકાય. તો ગાંધીવાદી વડીલ ચિંતક અણિયારો પ્રશ્ન પૂછે છે કે - કુદરતી શંસાધનોની માલિકી કોની? જળ, જંગલ, જમીન કોના? સરકારના કે પ્રજાના? જો જવાબ આવે કે સરકારના તો... પેટા પ્રશ્ન થાય એમને માલિક કોણે બનાવ્યા? અને જો જવાબ આવે કે પ્રજાના, તો પ્રશ્ન એ થાય કે એમના હક્ક છિનવી કેમ શકાય...? ટૂંકમાં આ અને આવા આનુષંગિક પ્રશ્નો આમ તો વિષદ્ છણાવટ માંગી લે છે.

શેરબજારનો આંક ઊંચો જાય કે રાષ્ટ્રીય માથાદીઠ આવકમાં વધારો થાય તેને વિકાસનો માપદંડ કહી શકાય નહીં. શરીરે સોજા આવી ગયા હોય તેને તંદુરસ્તીની નિશાની કેમ કહી શકાય? એ તો મહારોગની નિશાની છે. પણ સત્તાપક્ષના અને મહત્ત્વના નિર્ણયો લેતા વર્તુળોએ ઔદ્યોગિકીકરણના આખલાને અંકુશ વગરનો કરી નાખતા તેણે જે ખુવારી સર્જી છે એની કિંમત રૂપિયા પૈસામાં ચૂકવી શકાય તેમ નથી, તેમ તેની આડ અસરોના દુષ્પરિણામો પૂરેપૂરા સ્પષ્ટ થયા નથી. આંધળા ઔદ્યોગિકીકરણના અફીણના નશામાંથી બહાર આવશે ત્યારે સંભવતઃ મોડું થઇ ચૂક્યું હશે.

સમગ્ર વિષયની કચ્છના સંદર્ભમાં વાત કરીએ તો સામખિયાળી સ્ટીલ ફેક્ટરીના કારણે છાડવાડા સીમની સેંકડો એકર જમીન અકુદરતી રીતે વાંઝણી બની ગઇ છે. લુણવા-ચોપડવાની જમીન કોક ફેક્ટરીના કારણે, સ્ટીલ ઓગાળવાની ભઠ્ઠીના કારણે મોરગર-સુખપરની જમીન, વીજ મથકના કારણે ઝરપરા-ધ્રબની અને સિરાચા-ટુંડાની જમીન ફળદ્રુપતા ખોઇ રહી છે અથવા ખોઇ ચૂકી છે. સામખિયાળીના લોકો રાત્રે ધાબા ઉપર સુવા જાય તો કાળી મેશથી ખરડાઇ જાય છે. સમાઘોઘાની ખાનગી કંપની ૮ બોર વડે ભૂગર્ભનું પાણી ઉલેચી રહી છે. લાખાપર સ્થિત કંપનીનો ઔદ્યોગિક કદડો મંગલછેલ્લા મારફતે ચોમાસા દરમ્યાન વહેતો થાય છે અને રસ્તે આવતા તમામ જળાશયો અને જમીનને પ્રદૂષિત કરી નાખે છે. મુંદ્રા સ્થિત ખાનગી કંપનીએ ૪૦થી વધારે ક્રીકો બંધ કરી નાખી અને લગભગ ૩ કરોડથી વધુ ચેરના વૃક્ષોનો સફાયો કરી નાંખ્યો. આ યાદીને તાલુકાવાર બનાવીએ તો ઘણી લાંબી યાદી બની શકે તેમ છે. ખાનગી કંપનીની આવા પ્રકારની નકારાત્મક અસરો લગભગ સમાન નજરે જોવા મળે છે. ખાનગી ઔદ્યોગિક એકમો જાણે કુદરતી આફત હોય તેમ સ્થાનિક લોકો સહન કરે જાય છે. લોકો વિરોધ કરતા નથી એવું નથી પણ એમના અવાજને દાબી દેવામાં આવે છે. સ્થાનિક લોકોની વિરોધ કે રજૂઆત કરવાની પણ એક મર્યાદા છે. ભૂગર્ભના જળને દિવસ રાત ઉલેચવા રાજાશાહી યુગની રખાલો-જંગલોને નેસ્તનાબૂદ કરવા-હવાનું પ્રદૂષણ-ઘોંઘાટ અને સામાજિક સુરક્ષાને જોખમમાં મુક્તા

*લાલચ અને આળસથી કોઇ વ્યક્તિ સુખી થતી નથી.*

ઉદ્યોગોએ કચ્છના જનજીવનને છિન્નભિન્ન કરી નાખ્યું છે. તો શું ઉદ્યોગો ન આવવા જોઇએ? શું કચ્છને કાયમના માટે એક પછાત જિલ્લા તરીકે જ રહેવા દેવો છે? તો જવાબ છે ના... જો આયોજિત ઔદ્યોગિકીકરણ થતું હોય તો નુકસાનીના ગ્રાફને નીચો લાવી શકાય. ખેતી, પશુપાલન, મત્સ્યોદ્યોગ- મીઠા ઉદ્યોગ- બાગાયત સહિતના પેઢી-દર-પેઢીના પરંપરાગત વ્યવસાયને નુકસાન પહોંચાડયા વગર અથવા ઓછું નુકસાન પહોંચાડીને જો ઉદ્યોગો કાર્યરત થતા હોય તો વિકાસના લક્ષને ઝડપથી આંબી શકાય તેમ છે. એકના ભોગે બીજાનો વિકાસ સરવાળે વિનાશ જ નોતરશે. રાપર ઔદ્યોગિકીકરણથી અછૂતું રહ્યું છે, એ એના સદ્‌નસીબ છે. જીરાની આવકે ધરતીપુત્રોને ન્યાલ કરી નાખ્યા છે. તો કણજરાના કપાસ ઉગાડતા ખેડૂતોને મળો. પર્યાવરણની સંપૂર્ણ જાળવણી સાથે આ વિસ્તારના કિસાનો દર વર્ષે કરોડો રૂપિયાનું કપાસ ઉત્પન્ન કરે છે. વાસ્તવમાં કચ્છના જે કાંઇ પણ પરંપરાગત વ્યવસાયો છે એની જબ્બર તાકાતને આપણે હંમેશાં નજરઅંદાજ જ કરી છે. નર્મદાના નીર જ્યારે અને જેટલા મળશે ત્યારે આપણી પાસે ખેતી કરી શકાય એટલી જમીન બચશે ખરી? પરિસ્થિતિ એ નિર્માણ થઇ છે કે ખેડૂત કરતાં ઉદ્યોગપતિઓમાં નર્મદાનું પાણી મળવાની આતુરતા વધુ જોવા મળે છે.

અહીં એક મુદ્દો એ પણ નોંધવા જેવો છે કે કચ્છના ઔદ્યોગિકીકરણના પગલે જમીનના ભાવોમાં મોટો ઉછાળો આવ્યો છે. ૧૦૦ વારનો પ્લોટ હોય કે ૫-૨૫ એકર પીત-કપીત જમીન હોય છેલ્લા ૧ દાયકા દરમ્યાન અનેકાનેક ગણા ભાવો વધી ગયા છે. તેમ જમીન વેંચનારો હંમેશાં પસ્તાય... ની ઉક્તિનો અનુભવ સંખ્યાબંધ લોકોને થયો છે. બહુ ધીમી ગતિએ જમીન માલિક જમીન વિહોણો થતો જાય છે. ફરીથી જમીન ઉપર આવવું અતિ મુશ્કેલ બનતું જાય છે. જમીનનો મોટો હિસ્સો ખેતી ન કરતા ખેડૂતોના હાથમાં સરકી રહ્યો છે. સામાન્ય રીતે અત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં લટાર મારીએ તો ખેડ-ખાતરનું કામ પૂર્ણ કરી વરસાદની રાહ જોતો કિસાન વર્ગ જોવા મળે... પણ તેના બદલે વર્ષોથી હળ ન હાલેલી હજારો એકર જમીન ઉપેક્ષિત થઇ પડી છે. ચીકુ-નાળિયેર-ખારેક સહિતના બગીચાઓની વા-ઘોડ પણ ઘણે સ્થળે થતી નથી. ખેતીને આજીવિકાના સાધનના બદલે એન.એ. કરાવીએ તો કેટલા વાર 'માલ' ઉતરે? ની માનસિકતા ખતરનાક બનતી જાય છે. કરોડો ચોરસ મીટર નીમ થયેલી ગોચર જમીન ઉદ્યોગોને અપાઇ ગઇ છે, અપાઇ રહી છે. પરિણામે પશુપાલન વ્યવસાય ટકાવી રાખવો આર્થિક રીતે પરવડે તેમ નથી. આડ અસર એ થઇ છે કે ઘેટાં-બકરાં જેવો ઝીણો માલ તુણા બંદરેથી વહાણ મારફતે ગલ્ફના દેશોમાં રવાના થઇ રહ્યો છે.

ટૂંકમાં વિકાસની વર્તમાન તરાહ ખામી ભરેલી અને સર્વજન હિતાય નથી. ઉદ્યોગો માટે જે રીતે લાલ જાજમ બિછાવવામાં આવે છે એ પાછળ રહી ન જવાયની ખોટી માનસિકતાનું જ પરિણામ છે. કરોડો નહીં પણ અબજો રૂપિયાના મૂડી રોકાણ છતાં ઉદ્યોગોને સ્થાનિકેથી સમર્થન કેમ મળતું નથી? અત્યાર સુધીની તમામ પર્યાવરણીય લોક સુનાવણીમાં સ્થાનિકના લોકોએ લોકશાહી ઢબે રજૂઆત પણ કરી છે અને રૂબરૂમાં રોષ પણ ઠાલવ્યો છે. છતાં પરિણામ ન આવતાં અસંતોષનો એરુ તક મળતાં ફૂંફાડા મારી રહ્યો છે. તાલુકા-તાલુકાએ ડખા છે. કાયદેસરની કર રાહતો મેળવ્યા બાદ કરચોરી કરવી અને સામાજિક ઉત્તરદાયિત્વના નામે હાથ ઊંચા કરી નાખતા ઉદ્યોગ ગૃહો કચ્છના સંદર્ભમાં તો એક આફત સમાન જ છે. સમસ્યા સામખિયાળી-સમાઘોઘા અને સિંગુરની સમાન છે. લોક સ્વીકૃત - લોકભાગીદારી અને લોકોપયોગિતા વગરનો વિકાસ અનર્થો સર્જી રહ્યો છે. વિકાસની ત્રિરાશી ફરીથી માંડવાની જરૂર છે. પોલિસી મેકરો દાનત સાફ રાખીને જો આ વ્યાયામ કરે તો વિકાસ કે ઔદ્યોગિકીકરણનો કોણ ઇન્કાર કરી શકે? ■

## કચ્છમાં સાકાર થતા મહાકાયી પ્રકલ્પો

*(દરેકમાં મૂડીરોકાણ એક હજાર કરોડ અને વધુ)*

| *પ્રકલ્પ (માલિકી* | *અંદાજિત મૂડીરોકાણ (કરોડ રૂપિયા)* |
|---|---|
| *મુંદરાનો આયાતી કોલસા આધારિત પાવર પ્લાન્ટ (તાતા પાવર)* | *૧૭,૦૦૦* |
| *મુંદરા સેઝ થર્મલ પાવર-ફેઝ-૨ (અદાણી પાવર)* | *૨,૧૭૫* |
| *કચ્છ સિમેન્ટ-ફેઝ-૩ (દીપક સિમેન્ટ્સ એન્ડ કેમિકલ્સ)* | *૧,૭૦૦* |
| *કચ્છ વિન્ડ પાવર (વેસ્ટાઝ વિન્ડ ટેકનોલોજી)* | *૧,૧૨૫* |
| *કંડલા કોલ્ડ રોલ્ડ સ્ટીલ એન્ડ ગેલ્વનાઇઝ્ડ (ઇન્ડિયન સ્ટીલ)* | *૧,૨૫૦* |
| *મુંદરા સેઝ (મુંદરા પોર્ટ એન્ડ સેઝ)* | *૩,૦૦૦* |
| *કંડલા સેઝ (કંડલા પોર્ટ ટ્રસ્ટ)* | *૭,૮૦૦* |
| *કચ્છ એલ્યુમિનિયમ (જે.એસ..ડબલ્યુ. સ્ટીલ)* | *૩,૫૦૦* |
| *મુંદરા પોર્ટ ફેઝ-૨ (બલ્કટર્મીનલ મુંદરા પોર્ટ એન્ડ સેઝ)* | *૧,૨૦૦* |
| *કચ્છ સિમેન્ટ-ફેઝ ૧-૨ (દીપક સિમેન્ટ્સ એન્ડ કેમિકલ્સ)* | *૧,૩૦૦* |
| *કચ્છ વિન્ડ પાવર (સુઝલોન એનર્જી)* | *૨,૨૦૦* |
| *તુણા સેટેલાઇટ પોર્ટ (કંડલા પોર્ટ ટ્રસ્ટ)* | *૧૨,૦૦* |
| *મુંદરા સેઝ થયેલ પાવર ફેઝ ૧ (અદાણી પાવર)* | *૨,૧૭૫* |
| *કચ્છ એલ્યુમીના (આશાપુરા માઇનકેમ)* | *૨,૫૦૦* |
| *એલ્યુમીના (ગુજરાત એલ્યુમીના એન્ડ બોક્સાઇટ)* | *૩,૨૨૦* |
| *અંજાર (ભુજ) સ્ટીલ સેઝ (ઇન્ડિયન સ્ટીલ)* | *૨,૨૫૭* |
| ***ઉપરોક્ત ૧૬ પ્રકલ્પોનો સરવાળો*** | ***૫૩,૬૦૨*** |

***નોંધ :*** આ મહાકાયી પ્રકલ્પોનું મૂડીરોકાણ કચ્છના કુલ અપેક્ષિત મૂડીરોકાણ (રૂા. ૧.૧૯ લાખ કરોડ)ના ૪૫ ટકા થાય છે.

***સ્રોત : સી.એમ.આઇ.ઇ. મુંબઇ***

***મહેનત વગર મળેલું સુખ લાંબા સમય સુધી ટકતું નથી.***

# કચ્છમાં પાણીની જરૂરિયાત

*– અશોક મહેતા*

- **નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી :**

અગાઉ સિંધુ નદીના પાણી સૂકા ભઠ્ઠ કચ્છને ફાળવવાની વાત હતી કે જે શક્ય ના બની.

ત્યારબાદ રાજસ્થાનમાંથી ઇન્દિરા કેનાલ દ્વારા કચ્છમાં પાણી લાવવાની વાત હતી કે જે પણ શક્ય ના બની.

છેલ્લે એક માત્ર જીવંત આશા નર્મદા નદીના સિંચાઇ માટેના પાણી કચ્છમાં લાવવાની વાત હતી કે જેની ઇંતેજારી કચ્છીઓએ વર્ષો લગી મનમાં સેવેલ હતી, પરંતુ એ આશા પણ વર્ષ ૨૦૦૩ લગી તો નિરાશામાં ફેરવાઇ જતી લાગેલ હતી.

પરંતુ એ આશામાં સંચાર થયો માર્ચ-૨૦૦૫માં કે જ્યારે ૩૬૦ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલના અંદાજિત ૭૫ કિ.મી.ના લંબાઇના અને રૂા. ૨૫૦ કરોડની કિંમતના કાર્યો અલગ-અલગ ૫ ટેન્ડરો દ્વારા, ત્રણ વર્ષમાં પૂરા કરવાની શરતે, વિવિધ કોન્ટ્રેક્ટરોને આપવાની જાહેરાત કરવામાં આવી. પરંતુ આ આશા પણ નિરાશામાં ફેરવાવા લાગી, જ્યારે એ હકીકત સામે આવી કે કામો સુપરત કર્યા બાદ ચાર વર્ષે પણ માત્ર રૂા. ૧૫૦ કરોડના કામો જ કરવામાં આવેલ છે અને આ કામો પૂરેપૂરા ઠપ્પ છે. આ કાર્યમાં ક્યાંક ગરબડ ઊભી થયાનો સહુને ભાસ થયો.

એ દરમ્યાન નવેમ્બર-૨૦૦૯માં ગુજરાત સરકારશ્રી દ્વારા એક જાહેરાત કરવામાં આવી કે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે એક કાર્યદક્ષ અધિકારી શ્રી એસ. જગદીશનની નિમણૂક કરવામાં આવેલ છે. ત્યારબાદ એક જાહેરાત દ્વારા અન્ય એક કાર્યદક્ષ અધિકારી શ્રી ડી. રાજગોપાલનની નિગમના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી. ત્યારબાદ શ્રી જગદીશનના ઉચ્ચારણો પરથી એ અનુમાન બાંધી શકાયું કે હવે પછી નર્મદાની કેનાલના કાર્યોમાં ગતિ આવી શકશે.

ફેબ્રુઆરી-૨૦૧૦માં જાહેર કરવામાં આવ્યું કે નર્મદા નદીની બાકી રહેતી સિંચાઇની કેનાલોના કામો પૂરાં કરવા કેન્દ્ર સરકાર દ્વારા રૂા. ૧૧,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. આ ફાળવણીમાં ૯૦ ટકા ગ્રાન્ટના ધોરણે રૂા. ૧૪૨૨ કરોડ કચ્છ બ્રાંચ કેનાલ માટે અલગથી ફાળવવામાં આવેલ છે.

ફેબ્રુઆરી-૨૦૧૦ના અંત ભાગે એ જાહેરાત પણ આવી કે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના બજેટમાં કચ્છ બ્રાંચ કેનાલ માટે રૂા. ૯૪૦ કરોડની ફાળવણી કરેલ છે.

**ત્યારબાદ મે-૨૦૧૦માં જાહેર કરવામાં આવ્યું કે શ્રી મુકેશભાઇ ઝવેરીની સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.**

**ઉપરોક્ત નવેમ્બર-૨૦૦૯થી મે-૨૦૧૦ દરમ્યાન લેવાયેલ પગલાંના હિસાબે કચ્છીઓને ખાતરી થઇ કે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો હવે જરૂરથી હાથ પર લેવામાં આવશે અને કચ્છમાં નર્મદા નદીના સિંચાઇના પાણી આવતા વર્ષોમાં જરૂરથી પહોંચી શકશે.**

ત્યારબાદ કચ્છ બ્રાંચ કેનાલના એક પછી એક ટેન્ડર બહાર પડતા ગયા, કામો જે-તે કોન્ટ્રેક્ટરને સુપરત કરાતા ગયા અને એ કામો શરૂ પણ કરાવવામાં આવ્યા. ૦-૦ કિ.મી.થી ૧૯૦.૦ કિ.મી. સુધીના એટલે કે ભચાઉ સુધીના રૂા. ૨૨૦૦ કરોડની કિંમતના કામો આજ દિન સુધી વિવિધ કોન્ટ્રેક્ટરોને સુપરત થઇ ચૂકેલ છે અને એ કામો શરૂ કરવામાં પણ આવી ગયેલ છે. ૧૯૦.૦ કિ.મી.થી ૨૭૩.૦ કિ.મી. સુધીના એટલે કે ગુંદાલા સુધીના રૂા. ૫૮૧ કરોડના કામોના ટેન્ડર બે ભાગમાં મંગાવી લેવામાં આવેલ છે. માત્ર ૨૭૩.૦ કિ.મી. એટલે કે ગુંદાલાથી માંડવીના મોડકુવા સુધીના કામના ટેન્ડરો જરૂરી સર્વે કામના અભાવે બહાર પાડી શકાયેલ નથી. ત્રણ પમ્પિંગ સ્ટેશનોના કામ પણ જે-તે કોન્ટ્રેક્ટરને સુપરત કરી દેવામાં આવેલ છે અને એ કામોની શરૂઆત પણ કરી દેવામાં આવેલ છે.

અન્ય તરફ નિગમના શ્રી મુકેશભાઇ ઝવેરી વાગડ વિભાગમાં જાતે પ્રવાસ કરી, ગામડે ગામડે ખેડૂતો સાથે મિટિંગ કરી, કેનાલના કામો માટે જોઇતી મોટા ભાગની જમીન જંત્રીના ભાવે સંપાદિત કરવાની પ્રક્રિયા પૂર્ણતા તરફ લઇ જવામાં સિદ્ધહસ્ત પુરવાર થયેલ છે.

અત્રે એ વાતની નોંધ લેવી જરૂરી બની રહેશે કે શ્રી મુકેશભાઇનું કાર્ય ગાંધીધામ, અંજાર, મુન્દ્રા, માંડવી કે ભુજ તાલુકાની જમીન સંપાદિત કરવાનું એટલું સરળ નહીં બની રહે. કેમકે આ વિસ્તારમાં જમીનના ભાવો જંત્રી કરતાં અનેકઘણાં હોવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે. આપણે આશા રાખીએ કે શ્રી મુકેશભાઇની કામગીરી આ વિસ્તારમાં પણ સિદ્ધિએ પહોંચે.

અત્યારે તો ચોક્કસપણે ધારણા રાખી શકાય કે આવતા ત્રણેક વર્ષના સમયગાળામાં નર્મદા નદીના સિંચાઇના પાણીથી કચ્છના ખેતરોમાં પાક લઇ શકાશે. જો કે હજુ નર્મદા ડેમની ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરે ગેઇટ બેસાડીને ૧૩૮.૬૪ મીટર સુધી પહોંચાડવાની બાકી રહે છે. સરદાર સરોવર ડેમની ઊંચાઇ જ્યારે ૧૨૧.૯૨ મીટર હોય ત્યારે તેમાં ૧.૨૭ M.A.F. પાણીનો સંગ્રહ થઇ શકે. આટલા પાણીનો સંગ્રહ

*સુખી થવા માટે ધન કરતાંય સમજની વધારે જરૂર છે.*

હોય તોજ તે પાણી કચ્છ સુધી પહોંચી શકે.

સરદાર સરોવર ડેમથી રાજસ્થાનની હદ સુધી મેઈન કેનાલ ૪૮૫ કિ.મી. લાંબી છે. એ મેઈન કેનાલમાં ૩૮૫.૮૧ કિ.મી.ના સાંકળ પર બનાસકાંઠાના દિયોદર તાલુકાના હમીરપર ગામ પાસેથી ૨૨૦ ક્યુમેક્સ કેપેસિટીની કચ્છ બ્રાંચ કેનાલ શરૂ થાય છે. ૮૨.૩ કિ.મી.ના પ્રવાસ બાદ આ કેનાલ કચ્છમાં ફતેહગઢ ગામ પાસેથી પ્રવેશ કરે છે ત્યારે તેની કેપેસિટી ઘટીને ૧૭૮ ક્યુમેક્સની કરી દેવામાં આવેલ છે. માંડવીના મોડકૂવા પાસે તેની કેપેસિટી ૬૦ ક્યુમેક્સની રાખવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલના સિંચાઈના પાણીના કારણે કચ્છમાં નીચે મુજબની જમીનમાં ખેતી થઈ શકશે.

| **તાલુકા** | **ગામ** | **સિંચાઇનો વિસ્તાર (હેક્ટરમાં)** | |
|---|---|---|---|
| રાપર | ૪૭ | ૩૮,૫૬૧ | |
| ભચાઉ | ૩૩ | ૨૫,૯૩૫ | |
| **પૂર્વ કચ્છ ટોટલ** | **૮૦** | **૬૪,૪૯૬** | |
| ગાંધીધામ | ૮ | ૪,૧૩૪ | |
| અંજાર | ૨૪ | ૧૩,૩૬૭ | |
| મુન્દ્રા | ૩૪ | ૧૮,૨૪૦ | |
| માંડવી | ૩૦ | ૧૧,૧૯૮ | |
| ભુજ | ૬ | ૧,૩૪૩ | |
| **પશ્ચિમ કચ્છ ટોટલ** | **૧૦૨** | **૪૮,૨૮૨** | |
| **ટોટલ** | **૧૮૨** | **૧,૧૨,૭૭૮** | **હેક્ટર** |
| | | **= ૨,૮૫,૦૦૦** | **એકર** |

વિવિધ સિંચાઈ મંડળીઓ દ્વારા આ પાણી વિતરણ કરવાના આયોજનો વિચારાયેલ હોવાથી હવે સિંચાઈ મંડળીઓની રચના કરવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવશે.

કચ્છને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦ M.A.F. પાણીના આયોજનો પણ હવે પ્રગતિમાં આવી ગયેલ હોવાનું જણાય છે. વધારાના પાણીના વિતરણ અને સિંચાઈ માટેના કરવામાં આવેલ આયોજનોના સર્વે કરવાનું કામ રૂા. ૨.૪૪ કરોડના ખર્ચે "મલ્ટી મેનટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ." ને જળ સિંચાઈ વિભાગ દ્વારા સુપરત કરી દેવામાં આવેલ છે. આ કંપની દ્વારા તેનો સર્વે અહેવાલ સપ્ટેમ્બર-૨૦૧૧ સુધીમાં જળ સિંચાઈ વિભાગને સુપરત કરી દેવામાં આવશે તેવી ધારણા રાખવામાં આવેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલમાંથી અલગ અલગ ૮ સ્થળેથી આ પાણી જળ સિંચાઈ વિભાગ દ્વારા મેળવવામાં આવશે અને તેનાથી કચ્છના લગભગ તમામ તાલુકા આવરી લઈ, જે-તે સ્થળના વરસાદી પાણી સાથે વિવિધ જળાશયોમાં સંગ્રહવામાં આવશે. તેમાંથી ચોમાસુ પાક ૩,૧૦,૧૩૦ હેક્ટર જમીનના વિસ્તારમાં અને શિયાળુ (રવિ) પાક ૫૮,૧૧૦ હેક્ટર જમીનના વિસ્તારમાં લેવાની ગણના રાખવામાં આવેલ છે. ટોટલ ૩,૬૮,૨૪૦ હેક્ટર એટલે કે ૯,૨૦,૬૦૦ એકર જમીનમાં આ પાણીથી ખેતી કરવાની ધારણા રાખવામાં આવે છે.

**૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ૦.૫ M.A.F. નિયમિત પાણીથી અને ૯,૨૦,૬૦૦ એકર જમીનમાં ૧.૦ M.A.F. વધારાના પાણી તથા વરસાદી પાણીના સંગ્રહથી આવતા વર્ષોમાં ખેતી થઇ શકવાની પૂરેપૂરી શક્યતા ઊભી થયેલ છે.**

**કચ્છનો ખેડૂત હવે વૈજ્ઞાનિક અભિનવથી ખેતી કરતો થયેલ હોવાથી હોવાથી જો તે ડ્રીપ કે સ્પ્રિંકલર પદ્ધતિનો ઉપયોગ કરતો થશે તો આટલા પાણીથી નિયત જમીન કરતાં વધુ વિસ્તારમાં ખેતી થવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.**

ખેતીના ક્ષેત્રે આવતા વર્ષો કચ્છ માટે લાભદાયી બની રહેવાની પૂરેપૂરી શક્યતા રાખવામાં આવે છે.

વર્ષ ૧૯૯૫-૯૬માં વિચારાયેલ આયોજન પ્રમાણે કચ્છના ૯૪૮ ગામ અને ૧૦ શહેરી વિસ્તારમાં પીવાના પાણીના આયોજનો અને એ સમયના ઉદ્યોગોને ફાળવવામાં આવનાર પાણીના આયોજનો વિચારાયેલ હતા.

*આત્મવિશ્વાસનો અભાવ અને અજ્ઞાન એટલે અંધશ્રદ્ધા.*

એ આયોજનો મુજબ ૯૪૮ ગામ તથા ૧૦ શહેરી વિસ્તારને પીવાના પાણીની જરૂરિયાત ૨૪૦ MLD આકારવામાં આવેલ હતી.

ઉપરોક્ત આયોજનના પ્રથમ સ્વરૂપે ૬૭૬ ગામોને આવરી લેવામાં આવેલ હતા અને એ આયોજન મુજબ ૧૫૫ MLD પાણીની જરૂરિયાત વિચારાયેલ હતી. ધરતીકંપ અગાઉના ઉદ્યોગો માટે ૪૫ MLD પાણી ફાળવવાનું વિચારાયેલ હતું. એ રીતે પ્રથમ તબક્કામાં ટોટલ ૨૦૦ MLD પાણીના આયોજનો વિચારાયેલ હતા.

ધરતીકંપ બાદ જે ઉદ્યોગો કચ્છમાં સ્થપાયા તેની જરૂરિયાત એક અંદાજ મુજબ ૩૦૦ MLD પાણીની આકારાવામાં આવી હતી. આ રીતે કચ્છમાં ટોટલ ૫૦૦ MLD પાણીની માંગ રહેવા પામેલ.

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના તા. ૩૦-૭-૨૦૦૫ના પત્ર મુજબ તેઓ દ્વારા ધરતીકંપ બાદના ૨૧ ઉદ્યોગોને ૩૭ MLD પાણી ફાળવવામાં આવેલ હતા જ્યારે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ૩૮ ઉદ્યોગોને ૧૦ MLD પાણી ફાળવવામાં આવેલ હતા. આ રીતે ટોટલ ૨૧ + ૩૮ = ૫૯ ઉદ્યોગોને ૩૭ + ૧૦ = ૪૭ MLD પાણી ફાળવવામાં આવેલ.

ઉપરોક્ત હકીકત મુજબ નવા સ્થપાયેલ એ સમયના ૧૮૫ ઔદ્યોગિક એકમમાંથી ૫૯ એકમોને ૪૭ MLD પાણી ફાળવવામાં આવેલ. જ્યારે બાકી રહેતા ૧૨૬ ઉદ્યોગો તથા ૭૦૦ જેટલા લઘુ ઉદ્યોગોની પાણીની જરૂરિયાત માટે કોઇ પણ પ્રકારની વિચારણા કરવામાં આવેલ ન હતી. સ્વાભાવિક છે કે બાકી રહેતા આ બધાજ ઉદ્યોગો કચ્છના ભૂગર્ભ જળનું પાણી ગેરકાયદેસર રીતે વાપરતા હોય.

તા. ૧૮-૫-૨૦૦૩ના મુખ્યમંત્રીશ્રીએ સામખિયાળી ખાતે પાઇપ લાઇન દ્વારા કચ્છમાં આવેલ નર્મદા નદીના પીવાના પાણીના વધામણા કરેલ હતા. આ પાણી ૨૦૦ MLD જેટલું રહેવા પામશે તેવી જાહેરાત કરવામાં આવેલ હતી. ૨૦૦ MLD પાણીની પાઇપ લાઇનની શરૂઆત માળિયા પાસેના ખીરઇ ગામથી કરવામાં આવેલ અને તે દ્વારા કચ્છના વિવિધ ગામોને પીવાના આ પાણી પહોંચાડવાના આયોજનો અમલમાં મૂકવામાં આવેલ.

નર્મદા નિગમની સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલમાં ઢાંકી પાસેથી પમ્પિંગ કરીને માળિયા બ્રાંચમાં ૧૪૦૦ MLD પાણી ઠાલવવામાં આવે છે. આ પાણી ૧૩૫ કિ.મી. લાંબી માળિયા બ્રાંચમાંથી પસાર થઇને ૩-૪ દિવસે જ્યારે ખીરઇ પહોંચે ત્યારે તેમાંથી વધુમાં વધુ ૩૦૦ MLD પાણી લિફ્ટ કરી શકાય તેટલુંજ રહેવા પામે છે. બાકીનું પાણી આ કેનાલના વચ્ચેના આઉટલેટ દ્વારા વાપરવામાં આવે છે.

ખીરઇ પાસેથી રાજકોટ, જામનગર, દ્વારકા તરફ એક પાઇપ લાઇન દ્વારા પીવાનું પાણી લઇ જવામાં આવે છે, જ્યારે અન્ય લાઇન દ્વારા તે કચ્છ તરફ લઇ જવામાં આવે છે. કોઇ પણ સમયે કચ્છ તરફની પાઇપ લાઇન માંથી ૧૨૦ MLDથી ૧૬૦ MLD સુધી પાણી કચ્છ તરફ મોકલવામાં આવે છે. મોટાભાગે ૧૨૦ MLDથી વધુ પાણી ક્યારે પણ કચ્છ તરફ જતું હોવાની શક્યતા રહેવા પામતી નથી.

ઉપરોક્ત ૧૨૦ MLD પાણીમાંથી ધરતીકંપ બાદ કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોને સત્તાવાર રીતે ૪૭ MLD પાણી પૂરું પાડવામાં આવે છે જ્યારે એક બિનસત્તાવાર અહેવાલ મુજબ આ પાણી ૯૦ MLD સુધીનું પણ હોઇ શકે. બાકી રહેતું પાણી કચ્છની જનતાને પીવાના પાણીના વપરાશ તરીકે આપવામાં આવે છે. આ રીતે ૩૦ MLD થી ૭૦ MLD પાણી માત્ર કચ્છની જનતા વાપરી શકે છે. જે કોઇ પણ સંજોગોમાં પૂરતું હોવાની શક્યતા રહેતી નથી.

મૂળ આયોજન પ્રમાણે કચ્છના ૯૪૮ ગામ અને ૧૦ શહેરોને ૨૪૦ MLD પાણી પૂરુ પાડવાના આયોજનો વિચારાયેલ હતા.

તેમાંથી ૬૭૪ ગામ અને ૩૦૮ વાંઢને અત્યારના તબક્કે પાઇપ લાઇન દ્વારા સાંકળવાનું વિચારાયેલ હતું કે જેની જરૂરિયાત ૧૫૫ MLD પાણીની આકારાયેલ હતી.

હાલે માત્ર ૧૯૦ ગામ તથા ૧૬૯ વાંઢને આ પાણી પૂરું પાડવામાં આવી રહેલ છે.

**ઉપરોક્ત હકીકત અનુસાર કચ્છને નર્મદા નદીના જે પીવાના પાણી ફાળવવામાં આવેલ છે તે ખૂબજ અપૂરતા રહેવા પામેલ છે અને તેનાથી કચ્છની પ્રજા ત્રાહિમામ પોકારી ગયેલ છે. ગાંધીધામ, અંજાર, ભુજ, વગેરે સ્થળોએ તો માંડ ૩-૪ દિવસે એક વખત (એક કલાક માત્ર) જ આ પાણી પૂરું પાડવામાં આવી રહેલ છે.**

ધરતીકંપ અગાઉના આયોજન મુજબ કચ્છને ૨૦૦ MLD પાણીની જરૂરિયાત આકારાયેલી હતી અને ધરતીકંપ બાદના ઉદ્યોગોની ૩૦૦ MLD પાણીની ગણના કરતા ટોટલ ૫૦૦ MLD પાણીના બદલે જ્યારે માત્ર ૧૨૦ MLD પાણી પૂરું પાડવામાં આવે ત્યારે કચ્છના ભૂગર્ભ જળની શી પરિસ્થિતિ થઇ શકે તેની કલ્પના થઇ શકે તેમ છે. આજે અનેક સ્થળે ૧૦૦૦ ફૂટથી નીચેના સ્તરે પાણીના લેવલ ગયેલ છે અને અનેક વિસ્તાર ડાર્ક ઝોનમાં ફેરવાઇ ગયેલ છે.

આ પરિસ્થિતિના ઉકેલ સ્વરૂપે નર્મદા નદીના પીવાના પાણીમાંથી કચ્છને વધુને વધુ પાણી ફાળવવામાં આવે અને કચ્છમાં સ્થાપિત ઉદ્યોગો માટે ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરવામાં આવે એજ એક યોગ્ય ઉકેલ દેખાય છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*આકાશના તારા તોડી લાવવાનું કહેનારો તણખલું અડતાં ગોથું ખાઈ જાય છે.*

# કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ

• અશોક મહેતા •

- **કચ્છમાં ઉદ્યોગોની જરૂરિયાત મુજબના પાણીનો એકમાત્ર ઉકેલ ડી-સેલિનેશન પ્લાન્ટ છે.**
- **ડી-સેલિનેશન પ્લાન્ટનું પાણી ૦.૦ ટી.ડી.એસ.નું ઉત્પાદિત થઈ શકે.**
- **ઉદ્યોગોને તેની જરૂરિયાત મુજબ ૦.૦થી ૩૦૦ કે ૪૦૦ ટી.ડી.એસ.નું પાણી વપરાશલાયક ગણી શકાય.**
- **ડી-સેલાઈન કરેલ પાણીમાં ઊંચા ટી.ડી.એસ. વાળું પાણી ઉમેરવામાં આવે તો એ પાણીની કિંમતમાં ઘટાડો કરી શકાય.**
- **ડી-સેલાઈન થયેલ પાણીના રેસીડ્યુને દરિયામાં પરત છોડવાના બદલે તેમાંથી કોઈ બાય પ્રોડક્ટ અથવા મીઠું બનાવવામાં આવે તો પણ પાણીની કિંમતમાં ઘટાડો થઈ શકે અથવા ઉદ્યોગના નફામાં વધારો થઈ શકે.**

વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છમાં 'ટેક્ષ હોલી ડે'ની યોજનાને અમલમાં મૂકવામાં આવતા કચ્છમાં અનેક મહાકાય ઉદ્યોગો સ્થપાયા. સાથે સાથે મધ્યમ કક્ષાના ઉદ્યોગોનું પણ સેંકડોની સંખ્યામાં કચ્છમાં આગમન થયું. વાઈબ્રન્ટ ગુજરાતના કારણે પણ કચ્છમાં નવા નવા ઉદ્યોગોનું આગમન થઈ રહેલ છે.

એક અંદાજ પ્રમાણે કચ્છમાં ધરતીકંપ બાદ સ્થાપિત થયેલ ઉદ્યોગોની પાણીની જરૂરિયાત ઓછામાં ઓછા ૩૦૦ MLD (મિલિયન લિટર પર ડે)ની આકારવામાં આવે છે. (અન્ય અંદાજ મુજબ તે ૩૫૦ MLDની છે.) એ સામે કચ્છની નર્મદા નદીની પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી GWIL (ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ) દ્વારા, અને તેઓશ્રી દ્વારા કાયદેસર જાહેર થયેલ આંકડાઓ અનુસાર કચ્છના ઉદ્યોગોને ૪૭.૧ MLD પાણી પૂરું પાડવામાં આવે છે. આ રીતે અંદાજિત ૨૫૩ M.L.D. પાણી આ ઉદ્યોગો કચ્છનું ભૂગર્ભજળ ગેરકાયદેસર રીતે વાપરે છે અને ગુજરાત સરકારને, તે સામે આંખ આડા કાન કરવાની ફરજિયાત જરૂર પડે છે.

ઉપરોક્ત સમસ્યાનો સારામાં સારો ઉકેલ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપનાનો છે. એટલે કે દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં પરિવર્તન કરવાના ઉદ્યોગનો છે. આ પ્રશ્નની ચર્ચા સરકારશ્રી દ્વારા, કોર્પોરેટ ક્ષેત્રે અથવા તો વિવિધ એન.જી.ઓ. દ્વારા વર્ષ ૨૦૦૫થી થતી આવેલ છે. પરંતુ હજુ સુધી આ બાબતે યોગ્ય નિર્ણય આવી શકેલ નથી.

આ પ્રશ્ન ગુજરાત સરકાર વતી 'ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ' — GIDB સંભાળી રહેલ છે પરંતુ તેના અધિકારીશ્રીઓ હજુ સુધી ન તો બોર્ડ દ્વારા કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના કરી શકેલ કે ન તો કોઈ ઉદ્યોગગૃહ પાસે તેની સ્થાપના કરાવી શકેલ છે.

તા. ૨૧-૬-૨૦૦૬ના યોજવામાં આવેલ એક મિટિંગમાં તત્કાલીન ઉદ્યોગ અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલન દ્વારા એક યોજનાની જાહેરાત કરવામાં આવેલ હતી, કે જે દ્વારા પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશિપમાં રૂા. ૬૦૦ કરોડના ખર્ચે ૧૫૦ MLDનો ડી-સેલિનેશન પ્લાન્ટ તેના લિગ્નાઈટ આધારિત પાવર પ્રોજેક્ટ સહિત કચ્છના દરિયાકાંઠે સ્થાપવાનો નિર્ણય લેવાઈ ગયેલ છે. વધુમાં તેમણે જણાવેલ કે આ પ્રોજેક્ટ માટે રૂા. ૪૦૦ કરોડ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન પાસેથી અને રૂા. ૨૦૦ કરોડ ઈક્વિટી મૂડી રોકાણ દ્વારા એકત્રિત કરવાની ધારણા રાખવામાં આવેલ છે. તેઓશ્રીએ જણાવેલ કે રૂા. ૨૦૦ કરોડની ટોટલ ઈક્વિટીના ૧૦ ટકા એટલે કે રૂા. ૨૦ કરોડ કચ્છના ઉદ્યોગોએ રોકવા તેવું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ તરીકે મે. આઈ.એસ.એલ.વી.ની નિમણૂક પણ કરી દેવામાં આવેલ છે.

આટલી સ્પષ્ટ જાહેરાત થયા બાદ પણ આજ દિન સુધી આ પ્રોજેક્ટ અમલમાં આવી શકેલ નથી. આ બાબતે તપાસ કરતાં એવું જાણવા મળેલ કે જે ઉદ્યોગગૃહો ડી-સેલિનેશન પ્લાન્ટના પાણીનો વપરાશ કરવા માંગતા હોય તે ઉદ્યોગ ગૃહો તરફથી આજ દિન સુધી તેમની જરૂરિયાતના પાણીની બાંયધરી લેખિત સ્વરૂપે જી.આઈ.ડી.બી.ને આપવામાં આવેલ નથી. જ્યારે ઉદ્યોગગૃહ પાસે તપાસ કરતા જાણવા મળ્યું કે હાલે અમને નર્મદાના પાણી દર હજાર લિટરે રૂા. ૧૫/-ના ભાવે મળે છે. એ સામે આ પ્લાન્ટનું પાણી કયા ભાવથી આપવામાં આવશે તેની માહિતી વગર અમે પાણીની જરૂરિયાત લેખિત સ્વરૂપે આપીને કઈ રીતે બંધાઈ શકીએ? આ બાબતે વિચારતા એવું લાગે છે કે પ્રશ્ન યોગ્ય મધ્યસ્થીનો હતો. પ્રશ્ન ક્ષુલ્લક હતો. તેનું નિરાકરણ યોગ્ય કિંમતની જાહેરાત કરવાથી થઈ શકત. પરંતુ યોગ્ય મધ્યસ્થી વગર આ સમજૂતી સંપૂર્ણપણે

*પુસ્તકો વાંચીને કેટલાય લોકોએ પોતાનાં જીવનમાં નવો અધ્યાય શરૂ કર્યો છે.*

પડી ભાંગી. સરકારશ્રી, ઉદ્યોગગૃહો અને કચ્છની પ્રજાના વિશાળ હિતો જે પ્રશ્ને અટવાયેલા હોય તે પ્રશ્નનું નિરાકરણ માત્ર એક મામૂલી બાબતના કારણે લાવી ના શકાય તે કોઈ પણ પક્ષકાર માટે યોગ્ય તો ના જ ગણાય.

છેલ્લા સમાચાર મળ્યા મુજબ કચ્છના ઉદ્યોગો, કચ્છનું ભૂગર્ભજળ, કોઈપણ જાતના અવરોધ વગર ઉલેચી પોતાનું પ્રોડક્શન ચાલુ રાખી રહેલ હોવાથી, તેઓ તરફથી ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપવાની કોઈપણ ઉતાવળ હોય તેવું જણાતું નથી. કચ્છના ભૂગર્ભજળને ગેરકાયદેસર રીતે ઉલેચવાની આ પ્રક્રિયા તરફ સરકારશ્રી તરફથી ફરજિયાતપણે 'આંખ આડા કાન' કરવામાં આવે છે, કેમકે તે સામે પગલાં ભરવામાં આવે તો કાં તો ઉદ્યોગ આલમમાં હો-હા થઈ જાય અથવા તો ઉદ્યોગોમાં પ્રોડક્શન થતું જ બંધ થઈ જાય. તેથી ગુજરાત રાજ્યનો GDP રેશિયો પણ કદાચ નીચે આવી શકે. ઉદ્યોગોમાં હો-હા થાય, ઉદ્યોગ ગૃહોનું પ્રોડક્શન ઓછું થાય, હયાત ઉદ્યોગો બંધ થાય અને ગુજરાતનો GDP રેશિયો ઉતરતો જાય તો નવા નવા મહાકાય ઉદ્યોગો ગુજરાતમાં આવતા બે વખત વિચાર કરે, એ પરિસ્થિતિથી ગુજરાત સરકાર પૂરેપૂરી વાકેફ છે અને તેથી જ ફરજિયાતપણે ગુજરાત સરકાર આ ઉદ્યોગોની ગેરકાયદેસર પ્રવૃત્તિ ફરજિયાતપણે ચલાવી રહેલ છે. પરિણામ સ્વરૂપે કચ્છના ભૂગર્ભજળ ઊંડા ઊતરતા જવાથી તેનું નુકસાન કચ્છના ખેડૂતોને અને કચ્છની પ્રજાને જ ભોગવવાનું આવે છે. આ સામે કચ્છની રાજકીય નેતાગીરી બિલકુલ નિષ્ક્રિય છે તે જાણી કોઈને પણ દુઃખ થાય તે સ્વાભાવિક છે.

આ પ્રશ્નના નિરાકરણ સ્વરૂપે એવી માહિતી જાણવા મળેલ છે કે સરકાર જાતે જ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપે અથવા તો કોઈ ઉદ્યોગગૃહ પાસે તેની સ્થાપના કરાવે. આ બાબતે હાલે સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ યોગ્ય વિચારણા આગળ વધી રહેલ છે. ૧૦૦ MLD ના પ્લાન્ટ સ્થાપવાની કિંમત પ્રતિ ૧ MLD ના હિસાબે રૂા. ૫ કરોડની ગણના કરતા અંદાજિત રૂા. ૫૦૦ કરોડ થઈ શકે. આ પ્રકારે પેદા થયેલ પાણીની કિંમત તેના પેદાશના સ્થળે રૂા. ૫૦/- પ્રતિ ૧૦૦૦ લિટરની ગણના રાખવામાં આવે છે. પાણી પેદા કરનાર યુનિટ એ ભાવથી પાણી તેના સ્થળે આપી શકે.

જાણવા મળ્યા મુજબ આ પાણીના ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી ગુજરાત સરકાર કદાચ GWIL પર મૂકવાનું વિચારી રહેલ છે. GWIL હાલે નર્મદા નદીના પીવાના પાણીના ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી અદા કરે જ છે. ડી-સેલિનેશનના પાણીની ડિસ્ટ્રિબ્યુશનની કિંમત કદાચ રૂા. ૭/- પ્રતિ હજાર લિટરની ગણના કરવામાં આવે છે. આથી આ પાણી રૂા. ૫૭/- પ્રતિ હજાર લિટરના ભાવથી ઉદ્યોગોને આપી શકાય. અન્ય તરફ નર્મદાનું પાણી પ્રતિ હજાર લિટર, રૂા. ૧૫/-ના ભાવે ઉદ્યોગોને આપવામાં આવે છે. સરેરાશ રૂા. ૩૬/- મૂકી શકાય. તેથી GWIL દ્વારા પ્રતિ લિટરે રૂા. ૩૬/- અથવા રૂા. ૪૦/- સુધી ઉદ્યોગગૃહોને આ પાણી આપવામાં આવે તેવી વિચારણા આયોજન સ્વરૂપે કદાચ મૂકવામાં આવે.

ભદ્રેશ્વરની આજુબાજુના દરિયા કિનારાનો વિસ્તાર ડી-સેલિનેશન પ્લાન્ટ માટે યોગ્ય સ્થળ ગણાય તેવું પિક્ચર વર્ષોની જહેમત બાદ અલગ અલગ વિસ્તારના અભ્યાસ બાદ ઉપસી આવેલ છે. અહીં શરૂમાં ૧૦૦ અથવા તો ૧૫૦ MLD ના પ્લાન્ટની સ્થાપના થઈ શકે કે જેની કેપેસિટી સમયાંતરે વધારતા ૩૦૦ MLD સુધીની કરી શકાય. અંદાજિત ૫ કિ.મી. દૂરના દરિયામાંથી લાવવાનું થતું પાણી અને રેસિડ્યુ પરત લઈ જવા પાઈપ લાઈનની સાઈઝ ૩૦૦ MLD ના પ્લાન્ટ માટેની શરૂથી જ નક્કી કરી શકાય. કદાચ રેસિડ્યુ આધારિત બાય પ્રોડક્ટ (મુખ્યત્વે મીઠા)નો પ્લાન્ટ નાંખવામાં આવે તો પાણીની પ્રોડક્શન કિંમતમાં ઘટાડો થઈ શકે. પાણીના ડિસ્ટ્રિબ્યુશન માટે પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશિપ કંપનીની પણ ગણના રાખી શકાય. અગર કચ્છના ઉદ્યોગગૃહો સરકારશ્રીની સાથે રહી આ પાણીના ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી સ્વીકારે તો તે કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોના હિતમાં વધુ યોગ્ય ગણાશે. આ માટે ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાએ આગળ આવવું ખૂબ જ જરૂરી છે. આ તબક્કે એ ના ભૂલવું જોઈએ કે કચ્છના ઉદ્યોગો પોતાનું પ્રોડક્શન જારી રાખવા રૂા. ૭૦૦/- પ્રતિ ટેન્કર (૧૦,૦૦૦ લિટર) ચૂકવી રહેલ છે. કે જે તેમને પ્રતિ હજાર લિટરે રૂા. ૭૦/-ની કિંમતમાં પડે છે.

આ યોજના અમલમાં આવવાથી કચ્છના ભૂગર્ભજળ જે ઊંડા ઊતરી રહેલ છે તેના પર રોક આવી શકશે કે જેનો ફાયદો કચ્છની જનતાને અને કચ્છના ખેડૂતોને થઈ શકશે.

અન્ય એક સમાચાર મુજબ કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ સ્વતંત્રપણે સ્થાપવા ૪-૫ ઉદ્યોગગૃહો હાલે સરકારશ્રી સાથે વિચારણા કરી રહેલ છે કે જેમાં મુખ્યત્વે અદાણી, વેલસ્પન, દોશી આયન અને અન્યો પણ છે. એવું પણ જાણવા મળેલ છે કે અગર કોઈ ઉદ્યોગ આ માટે નક્કરપણે આગળ આવે તો સરકાર તેમને જોઈતી જમીન ફાળવવામાં પૂરેપૂરી મદદરૂપ થઈ શકશે. તેટલું જ નહીં, પરંતુ તેમના ડોર સ્ટેપ પરથી અથવા અન્ય કોઈ એક સ્થળેથી કે જ્યાં સરકારશ્રીએ આ માટેનો અગાઉ સમ્પ બનાવેલ હોય, તે સ્થળેથી પ્રોડક્ટ થયેલ પૂરેપૂરું પાણી ખરીદી લેવાના કરાર કરવા તૈયાર થઈ શકે.

એવું પણ વિચારી શકાય કે હાલે કચ્છમાં બાગાયતી તથા અન્ય રોકડિયા પાકો તરફ કચ્છના ખેડૂતોનું સારું એવું ધ્યાન ગયેલ છે અને તેનું ઉત્પાદન પણ સારા એવા પ્રમાણમાં વધી શકેલ છે. અગર આ ખેતી માટે સ્પ્રિંક્લર કે ડ્રીપ ઈરિગેશન દ્વારા ઉપરોક્ત પાણી વાપરવામાં આવે તો કદાચ એ પાણી ખેતી માટે પણ મોંઘું નહીં પડી શકે. આ પ્રશ્ને સવિશેષપણે કાળજીપૂર્વકની વિચારણા કરી શકાય.

આપણે ઈચ્છીએ કે લાગતા વળગતા સહુના હિતમાં કચ્છમાં ૧૦૦ અથવા તો ૧૫૦ MLD કેપેસિટીના ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપનાના શ્રીગણેશ વહેલી તકે મંડાય.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*ખરાબમાં ખરાબ અને પહેલા નંબરની ઠગાઈ પોતાની જાતને છેતરવી તે છે.*

# "ગઈકાલ, આજ અને આવતીકાલ"
# કચ્છમાં ખેતી અને પશુપાલન

• હસમુખ પટેલ •



**શ્રી હસમુખલાલ ગોરધનભાઈ પટેલ**નો જન્મ તા. ૨૩-૫-૧૯૫૭ના રોજ ભાવનગરના મણાટ ગામે થયો. તેમનું પ્રાથમિક શિક્ષણ મણાટમાં અને કૃષિ સ્નાતક લોકભારતી સણોસરામાં કર્યું અને ત્યારબાદ ૧૯૭૮માં એક્સેલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયા. ૧૯૭૯માં વી.આર.ટી.આઈ. માંડવીમાં જોડાઈ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં યોગદાન આપ્યું. ડ્રીપ ઈરિગેશન પદ્ધતિનો ભારતમાં સૌપ્રથમ વિવિધ પાકોમાં ઉપયોગ કર્યો. ખારેક માટે કચ્છ ક્રોપ સર્વિસીઝ લિ.માં અને ટ્રાન્સકેમ એગ્રિટેક લિ. જેવી કંપનીઓમાં ડાયરેક્ટર તરીકે સેવા આપે છે. તેઓએ અનેક વિદેશો ખેડ્યા છે. હાલમાં એગ્રોસેલ સર્વિસીઝ ડિવિઝનની મુખ્ય જવાબદારી સંભાળી રહ્યા છે.

વિકાસ માટે પરિવર્તન ખૂબજ જરૂરી છે. આપણે આપણા રોજિંદા જીવનમાં વસ્ત્રોથી માંડી દરેક વસ્તુઓમાં સમયાંતરે ફેરફારો થતા રહે છે. આપણા ખોરાકમાં પણ બહુ ઝડપી બદલાવ આવી રહ્યો છે, તેમ ખેતી અને પશુપાલનમાં પણ ઘણો બદલાવ આવ્યો છે. તો કચ્છમાં ૨૦૦૧ના ભૂકંપ અગાઉનો સમય એટલે ગઈકાલ, ૨૦૦૧થી આજ સુધીનો સમય એટલે આજ અને આવતી કાલ એટલે ભવિષ્યમાં ખેતી અને પશુપાલન સંદર્ભે શું પરિસ્થિતિ થશે તે જોઈએ.

કચ્છી માડુમાં સાહસિકતા ભરપૂર છે, ખેતીમાં બધી જ્ઞાતિ જોડાયેલી છે, પરદેશથી કમાઈને પણ ખેતીના વિકાસમાં વાપરે છે, વિવિધ સંસ્થાઓનો પણ કૃષિ વિકાસમાં બહુ મોટો ફાળો છે. ખેતી અને ગ્રામ વિકાસમાં પશુપાલન સાથે શ્રી વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ તેમજ વિવિધ મહાજનોની ગૌશાળા અને પાંજરાપોળ અને ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન તેમજ ડેરીઓનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

ગઈકાલ એટલે ૨૦૦૧ના ધરતીકંપ પહેલાંની વાત કરીએ તો કચ્છમાં ઔદ્યોગિક વિકાસ બહુજ ધીમો અને મર્યાદિત હતો અને તે પણ કંડલા અને ગાંધીધામ આસપાસ હતો, એટલે કચ્છનો મુખ્ય આધાર ખેતી અને પશુપાલન પર હતો.

ખેતીમાં પણ ૮૦%થી વધારે વર્ષા આધારિત રામમોલ પાકની (બાજરી, જુવાર, મગ, મઠ, ગુવાર, મગફળી અને કાલા-કપાસ) ખેતી થતી, અને પિયત ખેતીમાં મગફળી, સંકર કપાસ, એરંડા, ઘઉં, રાયડો, જીરૂં, ઈસબગુલ, મકાઈ, વાલ, રજકો અને શાકભાજીના પાકો લેવાતા. દેશી ખારેક, નાળિયેરી, દેશી આંબા અને કેસર કેરી, દાડમ, લીંબુ, ચીકુ, બોર, કેળાં, બીજોરા, આદિ ફળ ઝાડનું વાવેતર પણ ઓછા પ્રમાણમાં થતું બારમાસી એક પણ નદી આ પ્રદેશમાં ન હોવાથી મર્યાદિત ભૂગર્ભના પાણીનો વપરાશ સતત વધવાથી પાણીના તળ ઊંડા ગયા અને રણ તેમજ દરિયાથી ચારેય બાજુ ઘેરાયેલ ખારા પાણીની અસર ભૂગર્ભમાં થવા લાગી. તેમાં સતત દુષ્કાળે પાણીની વિકટ પરિસ્થિતિ સર્જી. કચ્છની ખેતી અને પશુપાલનના મુખ્ય વ્યવસાય પર એની વિપરીત અસર થઈ. કચ્છના લોકો એમનું માદરે વતન છોડી પોતાની રોજી-રોટી માટે દેશ દેશાવર નીકળી ગયા. પરંતુ કચ્છથી બહાર જઈને વસેલા લોકો વતનનું જતન કરવાની લાગણીથી તન, મન અને ધનથી પ્રયત્નો કરે છે.

આવુંજ કંઈક કચ્છને સાથે મળી ફરી લીલુંછમ કરવાનો પ્રયત્ન મુ. શ્રી કાંતિસેન શ્રોફ અને એક્સેલ પરિવારે સ્થાનિકે કાર્યરત સંસ્થાઓના સક્રિય સહયોગથી પાણી સંગ્રહ, પશુપાલન, ફળઝાડ વિકાસ, જંગલ વિકાસ, ખેતી વિકાસ, ઊર્જા વિકાસ તેમજ હસ્તકલા ક્ષેત્રે પાયાના પ્રયાસો કર્યા. એક હજારથી વધારે વરસાદના પાણી સંગ્રહના કામો કરી, કચ્છના ગ્રામ વિકાસને વિવિધ સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, બેંકો વગેરેના સહકારથી, લોક ભાગીદારીથી ફરી કચ્છડો બારેમાસ હરિયાળો બનાવવાનો નમ્ર પ્રયાસ કર્યો અને શહેરમાંથી યુવાનો ફરી માદરે વતન સ્વમાનભેર, કુદરતના ખોળે રહી ખેતી, પશુપાલન અને હસ્તકલામાં જોડાયા અને પરદેશ કમાઈ ખેતીમાં નવી નવી ટેકનોલોજી લાવીને વિકાસને આગળ ધપાવ્યો.

ભક્તિભાવ, સાદું અને સરળ જીવન, મનના ઉદાર, સખત પરિશ્રમ, સંતો-મહંતો, મહાત્માઓના આશીર્વાદથી, અન્યાય, વ્યસનો સામે જાગૃત બની પોતાના મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનને વધારે સમૃદ્ધ કરી બીજાને ઉપયોગી થઈ રહ્યાં છે. ગમે તેવી આફત સામે ટકવાનું અને ઝડપથી વિકાસ કરવાનું બળ પ્રાપ્ત થયું છે.

*બહુ વિચાર કરતા રહીએ તો તક ખોઈ બેસીએ એવું બને.*

આ અરસામાં કૃષિ વિકાસ હેતુ ૧૯૮૮માં મુ. શ્રી કાંતિસેન શ્રોફ દ્વારા દેશમાં સૌપ્રથમ 'એગ્રોસેલ' સંસ્થા સ્થાપી. આ સંસ્થાએ ખેડૂતના સાચા મિત્ર બની, કૃષિ નિષ્ણાતોનું માર્ગદર્શન અને ખેતી માટેની તમામ જરૂરિયાતો એકજ જગાએ ઉપલબ્ધ કરાવી. ખેતી ઉત્પાદનની બજાર વ્યવસ્થા અને સજીવખેતી તેમજ શોષણ મુક્ત વેપાર દ્વારા દેશ અને દુનિયાને એક નવો ખેતી અને પશુપાલનના ક્ષેત્રે વિકાસનો રાહ ૧૯૮૮થી કચ્છને બતાવ્યો અને રાપરનું ખેડૂતોનું સંગઠન એગ્રોસેલની મદદથી વિશ્વભરમાં નામના મેળવી શક્યું છે. આ થઇ ગઇકાલની વાત.

૨૦૦૧ના ભૂકંપ પછીની આજની વાત કરીએ તો ભૂકંપમાં સ્વજનોને ગુમાવ્યાનું, સંપત્તિ ગુમાવ્યાનું દુઃખ સૌને હતું. પણ કુદરતે કચ્છને વિકાસ સાથે પરિવર્તનની એક નવી દિશા આપી. કચ્છમાં ખેતી અને પશુપાલન ક્ષેત્રે વિકાસ ઉપરાંત ઉદ્યોગોનો પણ વિકાસ થયો. ભૂકંપમાં મળેલી સહાય સાથે પોતે પણ સખત પરિશ્રમથી કચ્છમાં કૃષિ તેમજ બાગાયતી વિકાસ ક્ષેત્રે પ્રગતિશીલ રાહ અપનાવ્યો.

કચ્છના સ્થાનિક દૈનિક કચ્છમિત્રે ભૂકંપ પશ્ચાત કૃષિક્ષેત્રે થઇ રહેલા પરિવર્તનોની ઉમળકાભેર નોંધ લીધી. જેમાં કચ્છમિત્રે ભૂકંપ પછી કચ્છ ઔદ્યોગિક વિકાસ સાથે જ કૃષિ અને પશુપાલનના વિકાસની વિગતો જણાવતી વિશેષ પૂર્તિ "સૂકી ખેતી લીલો મુલક" દ્વારા લોકોને સતત જાગૃત કર્યા. સરકાર તરફથી વિવિધ યોજનાઓ મળી અને બન્નીની ભેંસોને બન્ની ભેંસ તરીકે માન્યતા મળી. બન્નીમાં ઘણા ઘાસ પ્લોટ તૈયાર થયા. ભૂકંપ પછીના વર્ષો દરમ્યાન સારા વરસાદના લીધે ઘાસચારો પણ સરસ થવાથી રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) માધાપરમાં કચ્છ ડેરી ફરી શરૂ થતાં પશુપાલન પ્રવૃત્તિને બહુ મોટું બળ મળ્યું છે.

ભૂકંપ પછી દર વર્ષે વરસાદ પણ સારો થયો છે અને કપાસમાં બી.ટી. અને ડબલ બી.ટી.ની નવી હાઇબ્રિડ જાતો આવતાં ખેતીમાં એક નવી ક્રાંતિના મંડાણ થયાં છે. હવે ખેડૂતોને કપાસની ખેતી પણ આરામદાયક, ઓછા જોખમવાળી અને વધારે આપતી થઇ છે. સાથે સાથે ચોમાસામાં બિનપિયત વિસ્તારમાં મગફળી, એરંડા જેવા પાકોમાં વાવેતર વધ્યું અને ઉત્પાદન સારું મળ્યું. બજારમાં ભાવો પણ સારા મળવા લાગ્યા. ખેડૂતોને અનાજ અને કઠોળ આદિ પેદાશોનું ઉચિત વળતર મળતું થયું.

૧૯૯૮ના વાવાઝોડા પછી ફળઝાડનું વાવેતર ખાસ કરીને આંબા, દાડમ, પપૈયા અને ખારેકનું ઉત્પાદન પણ વધ્યું. 'એગ્રોસેલ'ના પ્રયાસોથી ઇઝરાયલે અપનાવેલી 'કૃષિ પદ્ધતિ' સંશોધનોનો પણ કચ્છમાં પ્રવેશ થયો. કચ્છ અને સમગ્ર ભારતના ખેડૂતોને આ સંશોધનોનો લાભ મળે તે માટે એગ્રોસેલે છેલ્લા વીસેક વર્ષ દરમ્યાન જે કામ કરેલું તેનો લાભ ભૂકંપ પછીના દસકામાં ખેતીમાં વિશેષ મળ્યો. ગુજરાત સરકાર ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની (GGRC)ની સ્થાપના કરી. ખેડૂતોને ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવવા પ્રોત્સાહન રૂપે ૫૦%ની સહાય (૫૦ એકર સુધી) ઉપલબ્ધ કરી. જેથી ઓછા પાણીએ, ઓછા ખર્ચે, ઓછા ઇલેક્ટ્રિકના ઉપયોગથી સારી ગુણવત્તાની વધારે કૃષિ પેદાશ થવા લાગી. કચ્છનું કલ્પવૃક્ષ ખારેક જેમાં ઇઝરાયલની ટેકનોલોજી અને ટીસ્યૂકલ્ચરના રોપા લાવી, કચ્છ ક્રોપ સર્વિસ લિ. નામની અલગ કંપની કરીને તેના નિષ્ણાતો ખેડૂતોને રોપા ઉગાડવાનું સંપૂર્ણ માર્ગદર્શન અને ખારેકના ઉત્પાદનની બજાર વ્યવસ્થા સુધી મદદ પણ આપી રહ્યાં છે. આ માટે મુન્દ્રામાં ટીસ્યૂકલ્ચરની લેબોરેટરી અને ગજોડમાં અઢી એકરમા શેડનેટ સાથેની આધુનિક નર્સરી પણ ઊભી કરી છે. જે આ સંસ્થાઓ સરકાર તરફથી મળતી વિવિધ પ્રોત્સાહક યોજનાઓનો ખેડૂતોને લાભ અપાવે છે. પરિણામે સીઝન દરમ્યાન એકજ જાતની ખારેક હવે કચ્છ ઉપરાંત વિશ્વમાં વિવિધ સ્થળોએ એની નિકાસ થવા લાગી છે. એજ રીતે કચ્છની કેસર કેરી પણ હવે આરબ દેશો, ઇંગ્લેન્ડ, જાપાન અને અમેરિકા સુધી જાણીતી થઇ છે.

કપાસ તો આજે સફેદ સોના (વ્હાઇટ ગોલ્ડ) તરીકે સાબિત થયો છે અને તેના પ્રોસેસ માટે ઘણી જીન અને ઓઇલમિલો ભૂકંપ પછી કચ્છમાં શરૂ થઇ છે. તો પાર્લે જેવી બિસ્કીટની ફેક્ટરી ખાદ્યતેલોની રિફાઇનરીઓ, નાના પાયે મેંદા મિલ અને અન્ય ખેત પેદાશ આધારિત ઉદ્યોગો શરૂ થયાં છે. સ્થાનિકે હવે લોકોને બારેયમાસ વિવિધ ફળો અને લીલાં શાકભાજી પણ મળતાં થઇ ગયાં છે, આ થઇ આજની વાત.

કચ્છની ખેતીની આવતીકાલ પણ બહુજ ઉજળી દેખાય છે. ભૂકંપ પછી વરસાદ દર વરસે સારો રહ્યો છે. સાથે સાથે લોકોએ વિવિધ સંસ્થાઓ દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટેના પણ ઉપાયો કર્યા છે. તદુપરાંત પાણીનો સમજી-વિચારીને, ટપક પદ્ધતિ દ્વારા કાર્યક્ષમ ઉપયોગ થવાની સંભાવનાઓ વધી છે. વધારામાં નર્મદા કેનાલનું પાણી પણ મળશે એટલે કચ્છડો બારેય માસ હરિયાળો થઇ જશે. આમ નજીકના ભવિષ્યમાં કુદરતી પાણીના સ્રોત અને નર્મદા કેનાલનું પાણી મળશે, તેનો ઉચિત ઉપયોગ ટપક અને ફુવારા પદ્ધતિથી થશે. કચ્છની ખેતીલાયક જમીન પર પિયતમાં કૃષિનો વિકાસ થતાં કૃષિ તેમજ બાગાયતી પાકોમાં સારી એવી વૃદ્ધિ થવાની સંભાવના છે.

આ ઉદેશની સિદ્ધિ હેતુ આપણે વિશ્વ સાથે તાલ મિલાવવો પડશે. પાણીનો ખેતીમાં ઉપયોગ સૂક્ષ્મ પિયત પદ્ધતિઓ - ટપક અને ફુવારાથી જ કરવો પડશે અને તે પણ સામૂહિક ભાગીદારી સિંચાઇ યોજનાઓ દ્વારા ખેડૂતોએ જ સંચાલન કરીને પાણીને બહુમૂલ્ય સમજીને વાપરવું પડશે. સાથે ખેતીમાં ભેજ ન ઊડે તે માટે મલ્ચીંગની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડશે.

ગ્લોબલ વોર્મિંગના લીધે સીઝનમાં જે ફેરફારો થાય છે તેને ધ્યાનમાં લઇને પાકની જાતોમાં જરૂરી ફેરફારો કરવા પડશે અને ગરમીનું પ્રમાણ વધશે તો બટેટા, આદુ, હળદર અને અન્ય કંદમૂળનું ઉત્પાદન શિયાળામાં વધશે, તો તેવા પાકોને પણ અપનાવવા પડશે.

ફળ અને શાકભાજી અને અનાજ-કઠોળના પાકોને સાફ કરી, તેનું ગ્રેડિંગ અને પેકિંગ કરી પૂરી કોલ્ડ ચેઇનની વ્યવસ્થા કરવી

*દરેક જણને એવા કોકની ખાસ જરૂર રહે છે જે એને બતાવે છે કે એ શું કરી શકે છે.*

પડશે.

બદામ, પીસ્તા, ઓલીવ, અંજીર વગેરે નવા પાકો આવશે અને તેનું હવાઈ અને દરિયાઈ માર્ગે અન્ય દેશોમાં નિકાસ પણ વધશે અને ફૂડ પ્રોસેસિંગના આધુનિક યુનિટો પણ કરવા પડશે. ડેરી ઉદ્યોગોની વિવિધ વાનગીઓના બજારનો પણ વિકાસ થશે. આધુનિક ડેરી ફાર્મ પણ વિકસશે અને આયુર્વેદિક વનસ્પતિનું મહત્ત્વ વધશે. તેથી વિવિધ દવાના યુનિટ પણ વિકસશે. આ માટે સરકારશ્રીની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ પણ આવશે.

શાકભાજીના ભાવો જે રીતે વધી રહ્યાં છે તે જોતાં લોકો, કિચન ગાર્ડન પોતાના ઘરના આંગણામાં કે અગાશીમાં કરી, પોતાની જરૂરિયાતોનું પોતે ઉગાડીને, પોતાના ઘર ખર્ચમાં ઘટાડો કરી, ખાતરીવાળું સારું શાકભાજી મેળવશે.

ખેતીની જમીન ભાઈઓના ભાગ પડતાં નાના ટુકડામાં વહેંચાઈ જશે, ''આથી ટૂંકી ખેતીમાં વધારે નફાકારક ખેતી''નું ઓછા મજૂરોએ, સેમી મિકેનાઈઝેશન આવશે, અને ખેતીમાં પણ સ્કીલ્ડ લેબરની માંગ વધશે, જે સેવા કંપનીઓ દ્વારા ઉપલબ્ધ થશે.

જૈવિક ખેતીને માનનારો વર્ગ વધશે. માટે સજીવ ખેતી તેમજ સમતોલ ખેતીનું પણ મહત્ત્વ વધશે અને આધુનિક ગ્રીન હાઉસ દ્વારા શાકભાજી, ફૂલ અને ફળની ખેતી વધશે. જેથી સ્થાનિકે મળી રહે. દાડમ જેવા ફળઝાડની ખેતી આરોગ્યની જાગૃતિથી વધશે. હવે લોકો પાસે પૈસો પૂરતો છે, માટે પસંદગીની વસ્તુની માંગ હંમેશાં રહેશે. જેથી નવા શાકભાજી - ફળો ગ્રીન હાઉસમાં કરીને મેળવશે.

ખેતીને નવી અને આધુનિક દિશા મળશે, નવી ઉત્તમ તકો મળશે. જેનાથી વતનથી દૂર ગયેલા લોકો પાછા આવશે અને ખેતીમાં સ્વમાનભેર જોડાઈને પોતાના વડીલોના વારસાને ફરીથી સજીવન કરી, આગળ ધપાવશે.

કુદરતનો સાથ, ઈશ્વરના આશીર્વાદ અને પોતાની મહેનતથી દુનિયા સાથે કદમ મિલાવી ખેતી અને પશુપાલનમાં એક સોનેરી ઈતિહાસ રચાશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

જે રીતે અનાજ કઠોળના ભાવો વધી રહ્યા છે, તેના સંગ્રહના આધુનિક યુનિટો સ્થપાશે અને ફૂડ ઈન્ડસ્ટ્રીવાળા પોતાનું રો મટિરિયલ કાયમી પૂરતું મળી રહે તે માટે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કરી ખેડૂતો સાથે લાંબા સમયના ભાગીદાર બની પોતાનો કાચો માલ પૂરતો અને ગુણવત્તાસભર મળે તેવી માંગ વધશે.

*વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ,*
*તુલસી સદન, જૈન આશ્રમ પાસે,*
*નાગલપુર રોડ, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.*
*મો. ૯૪૨૮૪ ૦૧૪૨૩*

## એક અજમાવવા જેવો અભિગમ

બીજા કોઈને સારું લાગે એવું ઓછામાં ઓછું એક કામ હું આજે કરીશ, એવી પ્રતિજ્ઞા સાથે દરેક દિવસની શરૂઆત કરો. આ માટે કોઈની સાચી પ્રશંસા કરો, કોઈ મિત્ર માટે ફૂલ લઈ જાવ અથવા બહાર ખાવાનું થાય તો સામાન્ય કરતા થોડી વધુ ટીપ આપો. તમો કોઈની સાથે કામ કરતા હો તો એ વ્યક્તિનો ઘણો બધો આભાર માનો અને કામનું પુષ્કળ શ્રેય એને આપો.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

# કચ્છમાં શિક્ષણની વર્તમાન સ્થિતિ

• ડૉ. કાંતિ ગોર 'કારણ' •

*સંસ્કૃતિ, ભૂરચના અને પ્રદેશ વિશેષની દૃષ્ટિએ કચ્છ અનેક વિશેષતાઓ ધરાવે છે પણ અન્ય વિસ્તારોની તુલનામાં કચ્છનો શૈક્ષણિક વિકાસ અપૂરતો અને ધીમી ગતિનો રહ્યો છે. આઝાદી પહેલાંના કચ્છના શિક્ષણ અંગેની વિગતો વિસ્તારથી આલેખવાનો આ લેખનો ઉપક્રમ નથી. આઝાદી મળી ત્યારની કચ્છની શૈક્ષણિક વિગતો પર અછડતી નજર ફેરવીએ.....*

ઇ.સ. ૧૯૪૮માં કચ્છમાં ૨૩૮ પ્રાથમિક શાળાઓ હતી. જેમાં ૧૫,૨૧૮ બાળકો અભ્યાસ કરતા હતા. હાલમાં જિલ્લા પંચાયત અને નગરપાલિકાની અન્ય સરકાર માન્ય ખાનગી શાળાઓને ધ્યાનમાં લેતાં લગભગ ૧૦૫૦થી વધારે પ્રાથમિક શાળાઓ છે. જેમાં બધા મળીને લગભગ ૩ લાખ જેટલા બાળકો અભ્યાસ કરે છે અને વધુને વધુ બાળકોને સમાવી લેવા માટે પ્રવેશોત્સવ અને બીજા કાર્યક્રમોથી પ્રયત્નો ચાલે છે.

હાલમાં ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, અંગ્રેજી માધ્યમની, હિંદી માધ્યમની માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સહિત લગભગ ૨૪૦ શાળાઓ કાર્યરત છે.

કચ્છની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનો સંખ્યાત્મક વિકાસ ધ્યાનાકર્ષક છે. ૧૯૫૧ની પ્રાથમિક શાળાઓની સંખ્યામાં લગભગ આઠ ગણો અને માધ્યમિક શાળાઓમાં લગભગ વીસ ગણો વધારો થયો છે. પણ સમગ્ર વસતિ વધારાને ધ્યાનમાં લઈએ તો આ વધારો અપૂરતો છે.

ઉચ્ચશિક્ષણની વાત કરીએ તો કચ્છમાં ૧૯૫૩માં શ્રી આર.આર. લાલન આર્ટસ અને સાયન્સ કૉલેજ શરૂ થઇ તે પહેલાં કચ્છમાં એક પણ કૉલેજ ન હતી. કચ્છ યુનિવર્સિટી શરૂ થયા પછી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ચિત્ર બદલાયું છે. કચ્છ યુનિવર્સિટી શરૂ થઇ ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાંથી અલગ થઇને કચ્છ યુનિવર્સિટી સાથે ૯ કૉલેજો સંલગ્ન થયેલી. આજે કચ્છમાં ૪૨ જેટલી કૉલેજો છે.

કચ્છમાં ઉચ્ચ શિક્ષણનું એક પણ ડિપાર્ટમેન્ટ ન હતું. હાલમાં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, શિક્ષણ, અર્થશાસ્ત્ર, કોમર્સ, અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ અને કેમેસ્ટ્રી, ધોરણ ૧૨ પછીના એમ.એસ.સી., આઇ.ટી.ના ઇન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ અને એમ.એસ. ડબલ્યુ., પબ્લિક એડમિનિસ્ટ્રેશન ઉપરાંત બિઝનેસ મેનેજમેન્ટના અનુસ્નાતક ભવનો કાર્યરત છે. હવે કચ્છમાં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને કોમર્સના એમ.ફીલના અભ્યાસની સગવડ છે. ઉપરાંત શિક્ષણ, કેમેસ્ટ્રી, જીયોલોજી, કોમર્સ, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, કોમ્પ્યુટર સાયન્સ, હિંદી, મેનેજમેન્ટ, ઝુઓલોજી, બાયોલોજી, ફિઝિક્સ, સમાજકાર્ય, ગ્રામ-વિદ્યા, સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, લાઇબ્રેરી સાયન્સ સહિતના વિષયોમાં ડૉક્ટરેટના અભ્યાસક્રમોની વ્યવસ્થા છે. એમ.એ. હિંદીનું



**ડૉ. કાંતિ ગોર 'કારણ'**

વર્ષ ૧૯૫૩ની ૧૩મી જૂને માંડવી તાલુકાના ગામ મસ્કામાં એમનો જન્મ. વત્સલ પિતાને બાળ વયે જ ગુમાવ્યા. ને જીવનની પાઠશાળાના પાઠ ભણેલ માતા પાસે સ્વાવલંબન અને આત્મ ગૌરવનો અમીટ એકડો ઘૂંટતા શીખ્યા. શ્રમકાર્ય કરતાં-કરતાં ઉચ્ચત્તમ શિક્ષણથી સજ્જ થતાં રહ્યાં. બબ્બે વખત એમ.એ. અને શિક્ષણમાં પીએચ.ડી. કરી ડોક્ટર થયા. અને હવે પીએચ.ડી.ના ગાઈડ થઈ શૈક્ષણિક સંશોધનોને દિશા-દોર આપતા રહે છે.

પ્રાથમિક શિક્ષણથી માંડી બી.એડ. કોલેજના આચાર્યપદ સુધી પહોંચ્યા. કચ્છ યુનિ.ના ડીન અને પછી ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ.ના પ્રથમ કુલપતિ થયા. સાથે ભાવનગર યુનિ.ની શિક્ષણ વિદ્યાશાખાની અભ્યાસ સમિતિના સભ્ય, ગુજરાત રાજ્ય માધ્યમિક પાઠ્ય પુસ્તક મંડળમાં લેખક સંપાદક ઉપરાંત સાહિત્ય અકાદમીના સદસ્ય થયા.

૧૯૭૫માં યુવક મહોત્સવમાં એમનું નાટક રાજ્યકક્ષાએ વિજેતા થયેલું. વર્ષ ૨૦૦૦માં પ્રસાર ભારતી દ્વારા આયોજિત નાટ્ય લેખન સ્પર્ધામાં એમના ગુજરાતી રેડિયો નાટક "સંબંધ"ને રાષ્ટ્રિય પારિતોષિક મળ્યું.

ગુજરાતી, કચ્છી, સંસ્કૃત જેવી ભાષામાં એમની કલમ અવિરત ચાલતી રહી. સાથે ગતિશીલ શિક્ષણ, જીવન શિક્ષણ, પારિજાત, કુંજલજી કુણકાર, વિવેકગ્રામ, કચ્છશ્રુતિ, કચ્છમિત્ર વગેરે સામયિકોમાં લખતા રહ્યા છે.

શિક્ષણ, સંશોધન અને સાહિત્ય ક્ષેત્રે ૧૯૯૨માં પ્રગટ થયો પ્રથમ એકોક્તિ સંગ્રહ "રૂપ એક રંગ અનેક" અને સંસ્કૃત ભાષામાં લખાયેલ રેડિયો નાટકોનો સંગ્રહ 'સાગર' અને 'વ્યક્ત અભિવ્યક્ત' એકોક્તિ સંગ્રહ વર્ષ ૨૦૦૧માં પ્રગટ થયા. ત્યારબાદ 'મનજો મંચ' પ્રકાશિત થયું.

***માણસ ચમક્યા વિના વીજળીનો ઝબકારો જોઈ શકે એનું નામ કુશળતા.***

અનુસ્નાતક કેન્દ્ર પણ છે. ભુજમાં મેડિકલ કૉલેજ શરૂ થઇ છે.

કચ્છમાં અગાઉ એક બી.એડ. કૉલેજ હતી હવે પાંચ કોલેજો છે. ઉપરાંત એમ.ડી. કૉલેજ ઓફ એજ્યુકેશન હરિપર ભુજમાં એમ.એડ. અભ્યાસક્રમ પણ ચાલે છે. કચ્છમાં કુલ મળીને સાત સ્વનિર્ભર અધ્યાપન મંદિર છે.

આઝાદી પહેલાંનો ૯.૪૭% સાક્ષરતાનો દર ૬૧% થયો છે. સ્પષ્ટ છે કે આઝાદી પછી સાક્ષરતાનું પ્રમાણ સારી એવી ગતિથી વધી રહ્યું છે. આ સ્થિતિએ પહોંચવામાં કચ્છના દાનવીરો, જ્ઞાતિ મંડળો અને યુવક યુવતીઓનો પુરુષાર્થ નોંધનીય છે. છતાં આ વિકાસ સંતોષકારક નથી.

કચ્છમાં શિક્ષણ ક્ષેત્રે થયેલો વિકાસ સંખ્યાત્મક દૃષ્ટિએ પણ સંતોષકારક નથી. તો ગુણવત્તાની તો વાત જ ક્યાં રહી ? હજુ અનેક ક્ષેત્રોમાં નવી શિક્ષણ સંસ્થાઓની જરૂર છે. થોડી, પહેલી નજરે ધ્યાનમાં આવતી મર્યાદાઓની વાત કરીએ.

કચ્છમાં પૂરતા પ્રમાણમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ નથી. પરિણામે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં આગળ વધવાની તક મળતી નથી. અબડાસા, રાપર, લખપત જેવા વિસ્તારમાં તો ઉચ્ચ અભ્યાસ માટે કોઇ કૉલેજ નથી.

સંખ્યાત્મક રીતે તો આ વિકાસ અસંતોષકારક છે જ પણ ગુણવત્તાની દૃષ્ટિએ પણ સારું એવું કાર્ય બાકી છે. અનેક પ્રાથમિક શાળાઓમાં પાયાની ભૌતિક સુવિધાઓ ખૂટે છે. સાતમું ધોરણ ભણ્યા પછી જરૂરિયાત પૂરતું વાંચન, લેખન બધા વિદ્યાર્થીઓ કરી શકે એવી સામાન્ય સિદ્ધિ આપણે હાંસલ કરી શક્યા નથી. તો પહેલા ધોરણથી કમ્પ્યુટર આધારિત ટેકનોલોજીથી શિક્ષણ અપાય અને અત્યારના પાંચ વર્ષની કક્ષાના બાળકોની, આ ક્ષેત્રની ગ્રહણશક્તિ આશ્ચર્યમૂઢ કરી દે તેવી હોવા છતાં એમને શરૂઆતથી યોગ્ય કક્ષાનું શિક્ષણ મળે તેવું હાલમાં સંભવિત લાગતું નથી. કારણ કે શિક્ષકોની આ બાબતોની ક્ષમતા જ પ્રશ્નાર્થ સર્જે છે. કચ્છનો સમૃદ્ધ અને જાગૃત વર્ગ સક્રિય ન થાય તો કચ્છના યુવાનો અતિ અલ્પમાત્રામાં સમયની સ્પર્ધામાં ટકીને આગળ વધી શકશે. મોટા ભાગના નિરાશ થશે. વિશ્વસનીયતાની દૃષ્ટિએ પ્રાથમિક શાળાઓના પરિણામો પણ શંકાના દાયરામાં રહ્યા છે.

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ૯૦ ટકાથી વધારે પરિણામો લાવનારી શાળાઓ અતિ અલ્પ પ્રમાણમાં છે અને બોર્ડના સમગ્ર પરિણામોનું વિશ્લેષણ કરતાં ૯૦ ટકાથી વધુ ગુણ લાવનાર આ વિસ્તારના વિદ્યાર્થીઓ અતિ અલ્પ પ્રમાણમાં છે અને તેને કારણે હરીફાઇના આ સમયમાં વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવામાં આપણા વિદ્યાર્થીઓ પાછા પડે છે. બે ચાર વર્ષે એકાદ વિદ્યાર્થી આઇ.એ.એસ. કક્ષાની પ્રવેશ પરીક્ષા પાસ કરે તો એને મોટી ઘટના માનવામાં આવે છે. અલબત્ત આને માટે વિદ્યાર્થીઓની ક્ષમતા કરતાં શિક્ષણની સુવિધાઓ અને ગુણવત્તાની અતિ નિમ્ન કક્ષા જ વધારે કારણભૂત છે. શિક્ષણમાં ગુણવત્તા સુધારણાનું અભિયાન સમગ્ર ગુજરાતમાં શરૂ થયું છે. શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટેના આ પ્રયત્નો જ દર્શાવે છે કે વર્તમાન શિક્ષણની ગુણવત્તાથી બધાને અસંતોષ છે.

આ બાબતે સૌ પ્રથમ તો એ વિચારવું જરૂરી છે કે આ ગુણવત્તા શું છે? ગુણવત્તાને સમજવા માટે ગુણ અને ગુણવત્તા શબ્દો સમજવા જરૂરી છે. ગુણ શબ્દ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. આ અનેકાર્થી શબ્દ વિવિધ સંદર્ભમાં વિવિધ અર્થમાં પ્રયોજાય છે. ગુણ એટલે ધર્મ, સ્વભાવ, ખાસ વિશેષતા, વિશિષ્ટ લક્ષણ, શુભ પરિણામ વગેરે. સંસ્કૃતમાં ગુણોની સંખ્યા ૨૪ જેટલી દર્શાવવામાં આવી છે. તેમાં પ્રકૃતિગત ત્રણ ગુણો સત્ત્વ, રજસ અને તમસથી આપણે પરિચિત છીએ. શિક્ષણનું કાર્ય વ્યક્તિમાં રહેલા સત્ત્વ ગુણને શોધીને તેને વિકસાવવા અને વિસ્તારવાનું છે.

ગુણવત્તા એટલે જેનામાં ગુણ રહેલો છે તે. કોઇ પણ વ્યક્તિ કે પદાર્થમાં એકાદ સારો ગુણ તો હોય છે જ. વ્યક્તિ કે પદાર્થમાં રહેલા સારા ગુણની ઉત્કૃષ્ટતા એ તેની ગુણવત્તા. દૂધનો ગુણ તેની મીઠાશ છે. આ મીઠાશની ઉત્કૃષ્ટતા દૂધની ગુણવત્તા નક્કી કરે છે. દરેક વ્યક્તિમાં સારા ગુણો હોવા છતાં સમાજમાં લગભગ દરેક ક્ષેત્રમાં ગુણવત્તાનું પ્રમાણ સંતોષકારક જોવા નથી મળતું. આના કારણો વિચારવા જેવા છે. આ બાબતને સમજવામાં સંસ્કૃતનો આ શ્લોક ઉપયોગી થાય તેમ છે.

*અમન્ત્રમક્ષરં નાસ્તિ નાસ્તિ મૂલમનૌષધમ*
*અયોગ્યઃ પુરુષો નાસ્તિ યોજકસ્તત્ર દુર્લભઃ*

આ રીતે ગુણવાન વ્યક્તિઓ હોવા છતાં તેમનામાં રહેલી ક્ષમતાનો ઉપયોગ કરીને ગુણવત્તાને ઉત્કૃષ્ટ બનાવી શકે તેવા આયોજકો, પ્રબંધકો કે વ્યવસ્થાપકોના અભાવે, એટલે કે વ્યવસ્થાપનના અભાવે ગુણવત્તા જળવાતી નથી. એટલે જ શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનું અભિયાન શરૂ થયું છે. કોઇપણ વ્યક્તિ માત્ર ગુણવાન હોય તેટલું પૂરતું નથી. તેનામાં રહેલી ગુણવત્તાનો ઉપયોગ અન્યના કલ્યાણ માટે થવો જોઇએ. મહાકવિ કાલીદાસે ગુણવત્તા શબ્દને આ જ સંદર્ભમાં સરસ રીતે પ્રયોજયો છે. રઘુવંશના આઠમા સર્ગમાં રાજા અજ (દશરથના પિતા)નું વર્ણન કરતી વખતે તેના સૌંદર્ય, શૌર્ય, સમૃદ્ધિ ઇત્યાદિનું વર્ણન કર્યા બાદ મહા કવિ લખે છે કે 'તસ્ય ગુણવત્તા હિ પ્રયોજના.' અર્થાત તેની એટલે કે અજ ની ગુણવત્તા અન્યને માટે એટલે કે લોકકલ્યાણને માટે હતી.

આમ કોઇ પણ વ્યક્તિની ગુણવત્તાનો ઉપયોગ લોકકલ્યાણને માટે હોવો જોઇએ. આ ત્યારે જ શક્ય બને કે વ્યક્તિ ગુણવત્તા યુક્ત અને મૂલ્યનિષ્ઠ હોય. વ્યક્તિમાં રહેલ ગુણોને પારખીને તેને ગુણવત્તાયુક્ત અને મૂલ્યનિષ્ઠ બનાવવાનું કાર્ય શિક્ષણ જ કરી શકે. તેથી જ સ્વામી વિવેકાનંદ શિક્ષણને માનવ નિર્માણની પ્રક્રિયા અને મહાત્મા ગાંધીજી બાળકના મન, શરીર અને આત્મામાં જે કંઇ શ્રેષ્ઠ રહેલું છે તેને બહાર કાઢવાના કાર્યને શિક્ષણ કહે છે.

વર્તમાન સમયમાં શિક્ષણ સારા અને સાચા માનવીનું ઘડતર કરવાના કાર્યમાં ઊણું ઊતર્યું છે એવી વ્યાપક ફરિયાદ સાંભળવા મળે છે. શિક્ષણ દ્વારા સમાજને પ્રાપ્ત થતી શિક્ષિત વ્યક્તિઓ દ્વારા સમાજ સમૃદ્ધ બનતો હોય છે.

*જેણે ધન ખોયું તેણે કશું નથી ખોયું પણ ચારિત્ર્ય ખોયું તેણે બધું જ ખોયું.*

આ રીતે સમાજની ગુણવત્તાનો આધાર શિક્ષણ પર છે. એટલે જ એવું કહેવાય છે કે કોઇ પણ દેશના નાગરિકનું સ્તર તેના શિક્ષકના સ્તરથી ઊંચું ન હોઇ શકે. વિદ્યાર્થીઓનું સ્તર જે તે સમયના શિક્ષણનું સ્તર દર્શાવે છે.

વર્તમાન સમયમાં શિક્ષણમાં થતું મૂલ્યાંકન માત્ર લેખિત પરીક્ષા પૂરતું મર્યાદિત હોવા છતાં આપણા અનુસ્નાતક વિદ્યાર્થીઓ પંચાવન ટકાથી વધારે ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા બાદ કૉલેજમાં પ્રાધ્યાપક થવા માટે નેટ અને સ્લેટની પરીક્ષાઓ આપે છે. પણ તેમાં પાસ થનારનું પ્રમાણ માંડ ચાર ટકા જેટલું હોય છે. પ્રથમ નજરે દેખાતી આ ક્ષતિઓના કારણો તપાસવા જેવા છે.

કોઇ પણ કાર્ય ઉત્તમ રીતે પાર પાડવા માટે તે કાર્ય કરનાર માણસો જે તે કાર્યના નિષ્ણાત અને તે કાર્ય માટે જરૂરી કૌશલ્યો ધરાવનાર, ક્ષમતાવાન વ્યક્તિઓની પસંદગી થવી જોઇએ. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓ ગુણવાન હોય તે જરૂરી છે. એટલે કે આ વ્યક્તિઓનું ચયન શિક્ષણ માટે જરૂરી એવા ગુણો, કૌશલ્યો પર આધારિત હોવું જોઇએ.

હાલમાં શિક્ષકોને પૂર્વસેવા તાલીમ આપતી તાલીમી સંસ્થાઓમાં તાલીમાર્થીઓને તેમણે આપેલ પરીક્ષાઓના પરિણામોને આધારે પ્રવેશ આપવામાં આવે છે. તેમણે મેળવેલા ગુણ તેમણે આપેલ લેખિત પરીક્ષાઓને આધારે મેળવ્યા હોય છે. હાલની આપણી પરીક્ષાઓ વિદ્યાર્થીની માત્ર લેખન ક્ષમતાની ચકાસણી કરે છે. લેખન ક્ષમતામાં સર્જનાત્મકતાનો સમાવેશ થતો નથી. વિદ્યાર્થીની સમજણની પણ ભાગ્યે જ ચકાસણી થાય છે. હવે તો ભાષા અને સાહિત્યના વિદ્યાર્થીઓ મૂળ કૃતિઓ વાંચ્યા વિના પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઇ શકે છે. ટૂંકમાં વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ ગુણનો તેની વાસ્તવિક ક્ષમતા સાથે સંબંધ નથી હોતો, છતાં એના આધાર પર તે શિક્ષક થઇ શકે છે.

શિક્ષકના વ્યવસાય માટે જરૂરી ગુણો, ક્ષમતાઓ, જરૂરી અભિયોગ્યતાઓ જેવાં કે ભાષા પ્રભુત્વ, રજૂઆતની કલા, મૌલિક વિચાર શક્તિ, નૈતિકતા, વ્યવસાય પ્રત્યેની નિષ્ઠા વગેરે બાબતોને ચકાસ્યા વિના માત્ર લેખિત પરીક્ષાના પરિણામોને આધારે વ્યક્તિ શિક્ષક થઇ જાય અને શિક્ષક થવાને યોગ્ય વ્યક્તિ મામલતદાર થઇ જાય, વ્યવસાય સાથેનું આ કજોડું ઉભયપક્ષે નુકસાનકારક છે. બાળકને નાનપણથી મળવા જોઇતા શૈક્ષણિક માર્ગદર્શનને અભાવે આમ બનતું હોય છે. આજ બાબત શિક્ષણ સાથે સંકળાયેલા અધિકારીઓને પણ લાગુ પડે છે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણમાં થતી મૂલ્યાંકનની પ્રક્રિયાને વિશ્વસનીય બનાવવાની જરૂર છે. વળી આ મૂલ્યાંકનમાં માત્ર લેખનને બદલે વિદ્યાર્થીઓની નૈતિકતા, વ્યવહારિક આવડત, સમાજ અને દેશ પ્રત્યેની નિષ્ઠા, લોકશાહી પ્રત્યેની જાગરૂકતા અને મૌલિક ચિંતનશક્તિ જેવી બાબતોનો શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં સમાવેશ થવો જોઇએ.

વર્તમાનપત્રો, રેડિયો, ટી.વી. જેવા અન્ય સમૂહ માધ્યમો અને વાસ્તવિક અનુભવો અનુસાર શિક્ષણમાં ગુણવત્તાનું સમગ્ર ચિત્ર આશાસ્પદ તો નથી જ. તેમ છતાં તે સુધારી ન શકાય તેવું નિરાશાજનક પણ નથી. શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન માટે હાલમાં શરૂ થયેલા પ્રયત્નો એ અર્થમાં પણ આવકાર્ય છે કે વર્ષોથી શિથિલ અને જડ બનેલ તંત્રમાં એક સળવળાટ શરૂ થયો છે. ચેતના આવી છે પણ આ અભિયાનને પહેલા થયેલા અનેક કાર્યક્રમોની જેમ થોડા સમય પૂરતું સક્રિય રાખીને આટોપી ન લેવાય તે જરૂરી છે. સરકારી પરંપરા પ્રમાણે આ બધી કવાયતનું પૂર્ણ વિરામ રિપોર્ટસ અને ફાઇલિંગમાં ન આવે તો જ આ અભિયાન સાર્થક બનશે.

શિક્ષણની ગુણવત્તાને ઉત્કૃષ્ટ બનાવવા માટે આચાર્યો અને શિક્ષકોને તાલીમ અપાય તે પૂરતું નથી. પણ વર્ગખંડોમાં તેનો વિનિયોગ થાય તે પાયાની બાબત છે. આ તાલીમના પરિણામોનું યોગ્ય મૂલ્યાંકન થતું રહે તે જરૂરી છે. ઉદાહરણ તરીકે પ્રાથમિક કક્ષાએ શિક્ષકોને અનેક તાલીમ આપવામાં આવી છે પણ તેના સમગ્ર મૂલ્યાંકનનો સમય હવે પાકી ગયો છે. જેથી છેલ્લા થોડા વર્ષો દરમિયાન અપાયેલી તાલીમથી ગુણવત્તા કેટલી સુધરી છે અને આ તાલીમી કાર્યક્રમોની ફળશ્રુતિ શી છે તે જાણી શકાય. આ રીતે શિક્ષણની સમગ્ર પ્રક્રિયાનું મૂલ્યાંકન સમયાંતરે થતું રહેવું જોઇએ.

શિક્ષાનીતિની અસ્થિરતાએ આપણને ખૂબ જ મોટું નુકસાન કર્યું છે. શિક્ષણને સ્પર્શતા નિર્ણયોનો પ્રભાવ લાંબા ગાળા સુધી પડતો હોય છે. ખોટા, અવિચારી રીતે લેવાયેલા ઉતાવળા નિર્ણયો ખૂબ મોટું નુકસાન કરે છે. ઉદાહરણ તરીકે આપણી અંગ્રેજી શિક્ષણની બદલાતી અસ્થિર નીતિએ આપણને ખૂબ મોટું નુકસાન કર્યું છે. આજે સ્થિતિ એ છે કે ગુજરાતીઓને નથી સારું અને સાચું ગુજરાતી આવડતું અને નથી પાકું અંગ્રેજી આવડતું.

ગુણવત્તાવિહીન શિક્ષણ માટે માત્ર શિક્ષકો અને આચાર્યોને દોષિત માનવા એ જરા પણ યોગ્ય નથી. શિક્ષણનીતિ અને વ્યવસ્થાપનને રાજકીય ઉદ્દેશોથી બદલ્યા કરતા રાજકારણીઓ, દૃષ્ટિવિહીન અને જડતાપૂર્ણ વહીવટ ચલાવનાર અધિકારીઓ, પોતાના સંતાનોને માટે કશું જ ન કરતાં, માત્ર પૈસા ખર્ચીને તેમને નિશાળે મોકલતા વાલીઓ અને શિક્ષણની ઉપેક્ષા કરતા સમાજના સંપન્ન સભ્યો, આ બધા જ શિક્ષણની ઊતરતી કક્ષાની ગુણવત્તા માટે જવાબદાર છે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શરૂ થયેલા તાલીમવર્ગો આવકાર્ય છે જ પણ સાથે સાથે શિક્ષણ માટે જરૂરી મૂળભૂત ભૌતિક સુવિધાઓને પૂર્ણ કરવા પણ અગ્રતાક્રમે પ્રયત્નો થવા જોઇએ. હજુ પણ ઘણી શાળાઓ પાસે પૂરતા વર્ગ ખંડ નથી. ક્રીડાંગણોનો અભાવ છે. જ્યાં છે ત્યાં પૂરતા સાધનો નથી. આ યાદી ખૂબ જ લાંબી થઇ શકે તેમ છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીના જમાનામાં આપણે પહોંચી ગયા છીએ છતાં ઘણી બધી શાળાઓ વીજળીથી વંચિત છે. ગામડાની શાળાઓમાં મોટે ભાગે શાળા સમય દરમિયાન વીજળી ઉપલબ્ધ હોતી નથી. આ બધા જ પ્રશ્નોને ઝડપથી ઉકેલવા માટે સમય મર્યાદા નક્કી થવી જોઇએ. જેથી શિક્ષણ સાથે સંકળાયેલી કોઇ પણ વ્યક્તિ ભૌતિક સમૃદ્ધિના અભાવનું બહાનું પણ ન કાઢી શકે.

*સારા વિચાર અને સંતોષ હશે તો સમતા આપોઆપ મળશે.*

શિક્ષણની ગુણવત્તા અને સમાજની ગુણવત્તા બંને એક સિક્કાની બે બાજુઓ છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા સમાજ જે ભોગ આપશે તેનું વળતર તેને મળવાનું જ છે.

સમગ્ર જિલ્લામાં એક જ સરકારી એન્જિનિયરિંગ કૉલેજ છે અને તેમાં પણ ગણ્યા ગાંઠ્યા અભ્યાસક્રમો છે. જે નવી શરૂ થઈ રહી છે તે પણ સ્વનિર્ભર કક્ષાની, મેડિકલ કૉલેજ પણ માન્યતા ચાલુ રહેશે કે નહીં તેની અવઢવમાં ડચકાં ખાઈ રહી છે. કૉલેજોમાં પણ અધ્યાપકો અપૂરતા પ્રમાણમાં છે. તેથી વિદ્યાર્થીઓએ કચ્છ બહાર જવું પડે છે. મોટા ભાગની કૉલેજોમાં પૂરતો સ્ટાફ પણ નથી. એકાદ, બે કૉલેજોને બાદ કરતાં ક્યાંય રેગ્યુલર આચાર્યો નથી. આજ સ્થિતિ મોટાભાગની હાઈસ્કૂલોમાં પ્રવર્તે છે. નફાની ગણતરી વિના શિક્ષણનું કાર્ય કરે તેવી સ્વનિર્ભર સંસ્થાઓ હજુ તો કચ્છમાં નથી. આ સ્થિતિ પછી ગુણવત્તાયુક્ત, સર્વાંગી વિકાસની અપેક્ષા રાખનારને મહાન આશાવાદી ભારતીય તરીકેનું ઈનામ આપ્યા સિવાય બીજો વિકલ્પ છે?

કચ્છના પુરુષાર્થી ધનિકો નફો નહીં પણ નુકસાનના ધોરણે શિક્ષણક્ષેત્રે પ્રથમ પસંદગી આપવાનું શરૂ કરે અને આ સમસ્યાને જીવનમરણની સમસ્યા માનીને કચ્છના સૌ હિતેચ્છુઓ સક્રિય થાય તેની કચ્છના તેજસ્વી વિદ્યાર્થીઓ અને કચ્છનું ભવિષ્ય રાહ જુએ છે.

*સુદર્શન, ૯૨, શ્રીજી નગર,*
*એન.આર.આઈ. સોસાયટી, ભુજ,*
*કચ્છ-૩૭૦ ૦૦૧. મો. : ૯૪૨૬૨ ૩૮૭૨૭*

## પુસ્તકો વાંચવાનો શોખ

"મારી પાસે પોતાનાં ખરીદેલાં પુસ્તકો જ હોવા જોઈએ એવો મારો આગ્રહ હતો. એના પરિણામે મારી હાલની લાઈબ્રેરી બની શકી છે. એ સમયે પણ નવાં પુસ્તકો ખરીદવા હું પિતાજી સમક્ષ જીદ કરતો. મેં એમની પાસે પુસ્તક માગ્યું હોય ને સાંજ સુધીમાં તેમણે ન લાવી આપ્યું હોય એવું ભાગ્યે જ બન્યું છે. અમારી આર્થિકિ સ્થિતિ બહુ ખરાબ હતી, પણ મને એ વાતની ઝાઝી સમજણ ન હતી. મારા પિતા દિલના બહુ ઉદાર હતા. હું તેમની પાસેથી કોઈ પુસ્તક માગું એટલે ખિસ્સામાં પૈસા ન હોય તો પણ એ બગલમાં પાઘડી દબાવીને તરત ઘર બહાર નીકળી જતા. તે સમયે મારી બંને બહેનો મુંબઈમાં જ રહેતી હતી. બંનેનાં લગ્ન પણ થઈ ગયા હતા. પિતાજી ઘેરથી નીકળી સીધા નાની બહેનના ઘેર જતા અને તેની પાસેથી પુસ્તક ખરીદવા માટે બે-ચાર રૂપિયા ઉધાર માંગતા. પણ બહેન પાસે એટલા બધા રૂપિયા ક્યાંથી હોય? એટલે એ દુઃખી દિલે પિતાજીને ના પાડે. એટલે પિતાજી સીધા મોટી બહેનના ઘેર જતા. પરંતુ તેની પાસે પણ એટલા બધા રૂપિયા ન હોય તો પિતાજી એનું એકાદ ઘરેણું માંગી લેતા. આ ઘરેણા બહેનને મૂળે તો પિતાજીએ જ આપેલા. એ ઘરેણા ગીરવે મૂકીને પિતાજી મારા માટે પુસ્તકો લાવી આપતા. પછી જ્યારે પેન્શનના રૂપિયા આવે ત્યારે ગીરવે મૂકેલ ઘરેણા છોડાવી, તે બહેનને પાછા આપી દેતા.

બહુ નાની ઉંમરથી જ મને પુસ્તકો વાંચવાનો શોખ લાગ્યો હતો. તે એટલી હદે કે કયા પુસ્તકમાં કયા પાને કઈ મહત્ત્વની વાત લખેલી છે, તે હું તરત બતાવી શકતો."

*– ડૉ. આંબેડકર*
*('દિલને દરવાજે દસ્તક' - ડૉ. આંબેડકર ગ્રંથમાંથી)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

# કચ્છમાં મહિલા શિક્ષણનો વિકાસ

• વખતસિંહ જાડેજા •

કચ્છમાં કન્યા કેળવણી ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે. કારણકે હાલમાં ભુજ ખાતે ફક્ત બેજ કન્યા શાળાઓ છે. તેમાંની એક ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ અને બીજી માતૃછાયા કન્યા શાળા છે. આ સિવાય ભુજ જેવા શહેરમાં દીકરીઓ માટે અંગ્રેજી માધ્યમની કોઈ ખાસ શાળા નથી. અત્યારે જે અંગ્રેજી માધ્યમની શાળાઓ છે તેમાં દીકરા દીકરીઓ સાથે ભણે છે.



**પ્રાધ્યાપક વખતસિંહજી જાડેજા**નો જન્મ ૧૯૩૨ના મોરબીના મોટાભેલા ગામે થયો હતો. ૧૯૭૦થી તેઓ કચ્છમાં છે અને કચ્છના વિદ્યાર્થીઓ ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની સવલત મળી રહે તે માટે તેમણે વર્ષો સુધી સંઘર્ષ કર્યો હતો. કચ્છના વિદ્યાર્થીઓને મેડિકલ કૉલેજમાં ૧૦ સીટ અનામત મળે તે માટે અને કચ્છનો ગરીબ માણસ બી.પી.એલ. કાર્ડ ધરાવતો હોય કે નહીં તેને આ હોસ્પિટલમાં એક પણ પૈસો લીધા વગર મફત સારવાર મળવી જોઈએ તે માટે સંઘર્ષરત છે. બે વખત ઈંગ્લેન્ડની યુનિ.માં શિક્ષણ કાર્ય કરાવ્યું છે અને ૧૯૯૧-૯૨માં હૈદ્રાબાદ ખાતે વિયેતનામના શિક્ષકોને અંગ્રેજી ભણાવવા માટે તેમની બે વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવી હતી.

કન્યા કેળવણીનો વિકાસ કરવો હોય તો જેમ ભૂતકાળમાં મોરબી તથા ગોંડલ સ્ટેટમાં શિક્ષણ ફરજિયાત હતું અને મફત હતું તેવું જો સરકાર કરે તો કન્યા કેળવણીનો વિકાસ થાય. આજની કન્યા એ આવતીકાલની માતા છે. અને તેથી જો કન્યા ભણેલી હશે તો બે કુટુંબને તારસે. પોતાના કુટુંબને, પિયરના કુટુંબને અને સસરાના કુટુંબને મદદરૂપ થઈ શકે. ૧૯૪૮માં ભારત સ્વતંત્ર થયું. ત્યારથી જો કન્યા કેળવણીનો અભિગમ રાખ્યો હોત તો આજે ભારતનું ચિત્ર ઘણું જ જુદું હોત. દુઃખની સાથે કહેવું પડે કે ગુજરાત સરકારે હાલની નીતિઓ પ્રમાણે ૧૯૯૩ પછી એક પણ શાળાને સરકારી શાળા બનાવી નથી. અને બધી શાળાઓ સ્વનિર્ભર બનાવવાની શરતે શાળા ચલાવવાની છૂટ આપે છે. કચ્છ એક પછાત પ્રદેશ હોવાથી તથા સરહદી જિલ્લો હોવાથી સરકાર જેમ અત્યારે આદિવાસી વિસ્તારમાં સરકારી શાળાઓ કરે છે તેમ આ જિલ્લામાં પણ સરકારી શાળાઓ શરૂ કરવી જોઈએ. અને જો આમ સરકાર ન કરવા માંગતી હોય તો ખાનગી ટ્રસ્ટોને ગ્રાન્ટ શાળા બનાવવાની પરવાનગી આપવી જોઈએ.

કચ્છમાં અત્યારે ઉચ્ચ કન્યા કેળવણી ક્ષેત્રે ફક્ત ત્રણ કૉલેજો છે. તેમાંની એક ભચાઉ ખાતે સદ્ભાવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા કૉલેજ. જેનું સંચાલન માનનીય શ્રી બાબુભાઈ મેઘજી શાહ કરે છે. જ્યારે બીજી કૉલેજો ભુજ ખાતે શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ. અત્યારે ભુજ ખાતે ૫૦ મહિલાઓ માટેની પી.ટી.સી. કૉલેજ અને ૧૦૦ મહિલાઓ માટેની બી.એડ. કૉલેજ અને ૨૫ મહિલાઓ માટેની એમ.એડ કૉલેજ ચલાવે છે. આ બધી કૉલેજો ભારતની પ્રખ્યાત મહિલા યુનિવર્સિટી શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા યુનિવર્સિટી મુંબઈ સાથે સંકળાયેલી છે. શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ કચ્છમાં કન્યા કેળવણી વધે તે માટે આ યુનિવર્સિટીનું દૂરગામી કેન્દ્ર ભુજ ખાતે શરૂ કરેલ છે અને તેમાં ૧૮ વર્ષ કે તેથી ઉપરની વયની મહિલાઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા પાસ ન કરી હોય છતા પણ આ દૂરગામી કેન્દ્રની પરીક્ષા પાસ કરે તો તેમને કૉલેજના પહેલા વર્ષમાં પ્રવેશ મળે છે. છેલ્લા ચાર વર્ષમાં ૨૦૦ મહિલાઓએ ભુજ ખાતે આવી પરીક્ષા પાસ કરીને ભુજ ખાતે ચાલતા યુનિવર્સિટી બહારના કેન્દ્રમાં એફ.વાય. અને એસ.વાય.ની પરીક્ષા આપશે. આવી રીતે મહિલાઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે.

કચ્છના પ્રાથમિક શિક્ષણની સ્થિતિ નીચે પ્રમાણે છે. કચ્છના દસ તાલુકાઓમાં પંચાયતી પ્રાથમિક શાળા ૧૬૬૩ છે, જ્યારે ખાનગી ગ્રાન્ટેડ શાળા ૨૦ છે. આવી ગ્રાન્ટેડ શાળામાં ૧૯૯૩ પછી એક પણ શાળાનો વધારો થયો નથી. જ્યારે ખાનગી નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા ૨૧૯ છે. આશ્રમશાળા ૧૦ છે. નગરપાલિકાની શાળા ૨૦ છે અને કે.જી.બી.વી. શાળા ૮ છે. આ શાળામાં કુમારની સંખ્યા ૧,૨૮,૬૦૧ છે જ્યારે કન્યાઓની સંખ્યા ૧,૧૫,૪૨૮ છે. આ આંકડાઓ ઉપરથી આપણને એવું લાગે છે કે કચ્છમાં ૧૩,૦૦૦ કન્યાઓ કુમાર કરતાં ઓછી ભણે છે.

*ગુસ્સો તમારા પર હાવિ થાય તે પહેલાં તમે તેના પર સવાર થઈ જાઓ.*

કચ્છમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું ચિત્ર નીચે પ્રમાણે છે.-

| *સંચાલન* | *શાળા સંખ્યા* | *વિદ્યાર્થી છાત્ર* | *સંખ્યા છાત્રા* | *કુલ* |
|---|---|---|---|---|
| સરકારી | ૨૯૩ | ૬૮૦૮ | ૪૨૦૯ | ૧૧૦૪૬ |
| ગ્રાંટેડ શાળા | ૬૮૬ | ૧૯૬૯૭ | ૧૧૦૨૯ | ૩૦૭૨૭ |
| સ્વનિર્ભર શાળા | ૮૧૩ | ૬૮૩૨ | ૭૦૯૧ | ૧૩૮૭૩ |

સ્વનિર્ભરના આંકડા ઉપરથી એવું લાગે છે કે સ્વનિર્ભર શાળામાં કન્યાઓ કુમાર કરતાં વધારે દાખલ થાય છે.

ઉચ્ચ શિક્ષણની હાલની સ્થિતિ નીચે પ્રમાણે છે.

ભુજ ખાતે મણિનગર સ્વામિનારાયણ સંસ્થાની મુક્ત જીવન મહિલા કૉલેજ ચાલે છે. જેમાં ૬૫૪ વિદ્યાર્થિનીઓ ભણે છે. જ્યારે ૧૮ વિદ્યાર્થિનીઓ બી.સી.એ. કોર્સમાં છે. કચ્છમાં કુલ કૉલેજો ૪૧ છે. આ ઉપરાંત કચ્છમાં રાજીવ ગાંધી ફાઉન્ડેશનના નિયમો પ્રમાણે ભુજ તેમજ પાલનપુર ખાતે પોલીટેક્નિક ચાલે છે. આ પોલીટેક્નિકમાં કચ્છના અને પાલનપુરના પછાત તાલુકાઓમાંથી પહેલાં ૮૦%નું પ્રવેશનું મેરિટ બને છે. અને જ્યારે ૨૦% ઑપન મેરિટ બને છે. આમ પોલીટેક્નિકમાં સરહદી જિલ્લાના સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશમાં અગ્રતા આપવામાં આવે છે.

ભૂકંપ બાદ ભુજની જી.કે. જનરલ હોસ્પિટલનું પુનઃ નિર્માણ થયું છે. આ હોસ્પિટલ સંલગ્ન ભવિષ્યમાં મેડિકલ કૉલેજ થશે. આ મેડિકલ કૉલેજમાં દુર્ગમ વિસ્તારોમાં જો આરોગ્ય સેવા આપવી હોય તો ગુજરાત સરકારે આ મેડિકલ કૉલેજમાં કચ્છના વિદ્યાર્થીઓ માટે ૧૦ સીટ અનામત રાખવી જોઇએ. જેથી આ મેડિકલ કૉલેજમાંથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ કચ્છના હોવાથી કચ્છના દુર્ગમ વિસ્તારોમાં ભવિષ્યમાં આરોગ્ય સેવાઓ આપી શકે. ૩૫ લાખનું ડોનેશન ભરીને જે વિદ્યાર્થીઓ ડોક્ટર થશે તે વિદ્યાર્થીઓ કચ્છમાં ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવાના નથી અને તેથી જો અમદાવાદ, વડોદરા અને સુરતની મેડિકલ કૉલેજમાં ત્યાંના સ્થાનિક છોકરાઓ માટે અનામત હોય તો કચ્છની પ્રજા માટે બનેલી આ અટલ મહલમાં પણ કચ્છના વિદ્યાર્થીઓ માટે ૧૦ સીટ અનામત હોવી જોઇએ. આ ઉપરાંત કચ્છની આ ભવ્ય અટલ મહલ હોસ્પિટલને અદાણી મેડિકલ કૉલેજને સોંપી દેવાથી કચ્છના ગરીબ માણસોને મફત સારવાર મળી શકશે નહીં. કચ્છ યુનિવર્સિટીની સ્થાપના થયા પછી કચ્છમાં બધી જાતની ઉચ્ચ શિક્ષણની સગવડતાઓ મળશે તેવી અપેક્ષા છે. કચ્છમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે એટલા માટે આ મેડિકલ કૉલેજ ગુજરાત સરકારે ચલાવવાની જરૂર છે. કચ્છમાં હવે પછી સ્વનિર્ભર કોલેજો થવી ન જોઇએ. કારણકે અત્યારે બી.એડ., એમ.એડ અને પી.ટી.સી.ની સ્વનિર્ભર કૉલેજો છે. તે ભવિષ્યમાં વિદ્યાર્થીઓ નહીં મળવાને લીધે બંધ થશે. અને આમ ઘરઆંગણે મળતી ઉચ્ચ શિક્ષણની સવલતો બંધ થશે. કચ્છમાં અને કચ્છ બહાર વસતા દાતાઓ કચ્છની કન્યા કેળવણી ચલાવતી સંસ્થાઓને દાન આપશે તો કચ્છની આ કૉલેજો ચાલુ રહેશે. કચ્છના શિક્ષણ પ્રત્યે ગુજરાત સરકારનું જે ઓરમાયું વર્તન છે તે ફક્ત પ્રાથમિક શિક્ષણમાં છે એવું નથી, પણ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં પણ છે. કારણકે કચ્છમાં શિક્ષકોની વધારેમાં વધારે જગ્યાઓ ખાલી રહે છે. તેનું કારણ એ છે કે કચ્છના સ્થાનિક શિક્ષકોને નોકરી મેળવવાનો ચાન્સ મળતો નથી. અને બહારના શિક્ષકો આવીને નોકરીમાં જોડાય છે અને પાંચ વર્ષમાં પાછા પોતાના પ્રદેશમાં બદલી કરાવે છે. આમ કચ્છને શૈક્ષણિક ક્ષેત્રે વર્ષોથી આ અન્યાય થઇ રહ્યો છે અને ભવિષ્યમાં પણ થશે કારણકે કચ્છના રાજકીય પક્ષોના નેતાઓ એક થઇ શકતા નથી. અને કચ્છમાં રાજકીય નેતાઓનો અવાજ ગાંધીનગર ખાતે સંભળાતો નથી તે દુઃખદ છે. કચ્છમાં કન્યા કેળવણીનો વ્યાપ વધારવો હોય તો કચ્છની કન્યાઓને મફત શિક્ષણ આપવું જોઇએ અને બધોય શિક્ષણનો ખર્ચ ગુજરાત સરકારે ભોગવવો જોઇએ.

*૪, ઘનશ્યામ નગર, ભુજ, કચ્છ.*

## ૨૦૨૦માં ભારતની કલ્પના

- ★ મારી પાસે વિક્સિત ભારત માટે દસ મુદ્દાની ચોક્કસ રૂપરેખા છે.
- ★ એવો દેશ જ્યાં ગ્રામ્ય અને શહેરી એવા ભેદ ક્ષીણ થઈ ગયા હોય.
- ★ એવો દેશ જ્યાં સંસાધનોની સમાન ફાળવણી થતી હોય અને ઊર્જા તથા ગુણવત્તાયુક્ત પાણીનો પૂરતો જથ્થો હોય.
- ★ એવો દેશ જ્યાં ખેતીવાડી, ઉદ્યોગ અને ક્ષેત્ર સંવાદથી સાથે મળીને કામ કરતાં હોય.
- ★ એવો દેશ જ્યાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ કોઈ પણ લાયક વિદ્યાર્થીને સામાજિક અને આર્થિક ભેદભાવના કારણે ન મળે તેવું ન હોય.
- ★ એવો દેશ જે આત્યંતિક પ્રતિભાશાળી વિદ્વાનો, વિજ્ઞાનીઓ અને મૂડીરોકાણ કરનારાઓ માટે શ્રેષ્ઠ ગંતવ્યસ્થાન હોય.
- ★ એવો દેશ જ્યાં બધા માટે શ્રેષ્ઠ આરોગ્ય વ્યવસ્થાની સગવડ હોય.
- ★ એવો દેશ જ્યાં વહીવટ પ્રતિભાવક, પારદર્શક અને ભ્રષ્ટાચાર-મુક્ત હોય.
- ★ એવો દેશ જ્યાં ગરીબી તદ્દન દૂર થઈ ગઈ હોય, નિરક્ષરતા ન હોય, બાળકો અને મહિલાઓ સામેના ગુનાઓનો અભાવ હોય અને સમાજમાં કોઈ જ જુદાપણું અનુભવતું ન હોય.
- ★ એવો દેશ જે સમૃદ્ધ છે, સ્વસ્થ છે, સલામત છે, ત્રાસવાદથી મુક્ત છે, શાંત અને સુખી છે અને ટકાઉ વિકાસના માર્ગે છે.
- ★ એવો દેશ જે રહેવા માટે વિશ્વનું એક ઉત્તમ સ્થળ છે અને તેના નેતૃત્વ બાબતે ગૌરવ અનુભવે છે.


*– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, સાભાર : "ભારતીય ચેતના"*

**શિક્ષણે માત્ર નોકરી - શોધનારાઓ કરતાં રોજગારી પૂરી પાડનારાઓનું સર્જન કરવા તરફ જવાનું છે.**

*જો એક મનુષ્યની ઉન્નતિ થાય છે તો તેની સાથે સમગ્ર સમાજની ઉન્નતિ થાય છે.*

# કચ્છી ભાષા - વિકાસ અને સાહિત્ય

• ડૉ. વિશન નાગડા •



**ડૉ. વિશન નાગડા**નો જન્મ કચ્છના ડુમરા ગામે ૧૨મી ઓગસ્ટ, ૧૯૫૫ના થયો. S.S.C.માં સમસ્ત મહારાષ્ટ્રમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ડૉ. વિશન M.B.B.S. થયા છે. વ્યવસાયે તબીબ ડૉ. વિશન મૂળે સાહિત્ય, કળા અને સંશોધનના કવિ જીવ છે. ગુજરાતી અને કચ્છી ભાષા સાહિત્ય ક્ષેત્રે એમનું નોંધપાત્ર યોગદાન છે. એમના પ્રકાશિત કચ્છી કાવ્ય સંગ્રહોમાં 'સોજાંખો', 'મીં આયો' 'હાલેણો' 'વીયાં જા ગીત' પ્રમુખ છે. 'મુંબઈ સમાચાર' દૈનિકની રવિવારીય 'કચ્છી શબ્દોની સંશોધનાત્મક કટાર શબ્દોના ગોકુળિયામાં...', 'કચ્છ વૈભવ' સામયિકમાં કચ્છી કહેવતોનું ભાષા વિશ્લેષણાત્મક રસદર્શન 'ધીંગી ધરાજા ધીંગા ધાવણ' તેમજ ભાવિ કચ્છી 'ભાષા શબ્દકોશ' એમનું કચ્છી ભાષા વિકાસ વિશેષ લોકસાહિત્ય ક્ષેત્રે એમનું નોંધપાત્ર યોગદાન છે.

તેઓશ્રી પૂર્વ કચ્છી સાહિત્ય અકાદમી (ગુજરાત)ના સભ્યપદે હતા. ક.વી.ઓ. સેવા સમાજના મુખપત્રના પૂર્વ તંત્રી અને વર્તમાનમાં કાવ્ય વિભાગનું સંપાદન સંભાળે છે. ઉત્તમ કચ્છી સાહિત્ય સર્જન માટેના સંસ્કૃતિ એવૉર્ડ, ગુજરાતી અને કચ્છી સાહિત્ય એકાદમી એવૉર્ડોથી તેઓશ્રી સન્માનિત થયા છે.

## • ભૂમિકા :

એ પળ કેવી વિરલ હશે કે જ્યારે આદિમ માનવે ભાષાનો આવિષ્કાર કર્યો હશે! એ પળ, પળ જ હશે કે એની લંબાઇ યુગ જેવડી હશે? ભાષાના પ્રાગટ્યની ઘટનાને વિરલ કહી છે કારણકે ભાષા દ્વારા જ માનવીનું માનવપણું પ્રગટે છે. ભાષા એ માનવના આંતરિક આવેગો અને મનોવ્યાપારોની અભિવ્યક્તિનું માધ્યમ છે. એ વાણી જ છે જેણે માનવને અન્ય સૌ પ્રાણીઓ પર સરસાઇ અપાવી છે. કચ્છી માડુની એવી વિરલ પ્રાપ્તિ એટલે કે કચ્છીભાષાના સ્વરૂપ-વિકાસ અને સાહિત્યિક વિસ્તારની હજાર વર્ષીય ઘટનાને એક નાનકડા આલેખમાં સમાવવાનું સાહસ ખેડ્યું જ છે તો એને ન્યાય આપવા મથવું જ રહ્યું.

## • કચ્છી ભાષાનાં મૂળ અને કૂળ :

“કચ્છ” એટલે જળમય ભૂભાગ, પાણીવાળો પ્રદેશ. કચ્છની ભાષા તે કચ્છી. કચ્છી ભાષાના ઉગમકાળને ભાષાવિદો ઇ.સ. ૧૦૭૦ અને ૧૨૦૦ વચ્ચે અંદાજે છે. મા ભારતી કાખમાં બાળકને તેડી ઊભી હોય તેવા આ પશ્ચિમી ભૂભાગ કચ્છની ખૂબી એ છે કે એની પૂર્વ-ઉત્તરે રણ છે તો પશ્ચિમ-દક્ષિણે દરિયો. આમ જગતથી વિખૂટો મલક હોવા છતાં કચ્છની નિયતિ કંઇક એવી રહી છે કે એ કાળાંતરે અનેક પ્રજાઓ, સંસ્કૃતિઓ અને ભાષાઓનું આશ્રયસ્થાન રહ્યું છે. વિવિધ પ્રવાહો ભળતાં કચ્છીની વાણી સરિતા સર્જાઇ છે. કદાચ એટલે જ ભારતીય આર્ય કૂળની હોવા છતાં કચ્છીનું મૂળ ખુદ કચ્છી માડુ માટે જ શોધવું મુશ્કેલ છે. સંશોધકોએ કચ્છીનું મૂળ અને કૂળ શોધી એ સિદ્ધ કર્યું છે કે સંસ્કૃતમાંથી પ્રાકૃત રૂપ ધારણ કરતી આર્યાવર્તની ભાષા એ જ કચ્છીની જનની છે. કચ્છીના તળપદા ગ્રામ્યરૂપની ધૂળ પછવાડે ભાષાનું જે રૂપ છૂપાયું છે તે દેવભાષા સંસ્કૃતનું જ છે. “અખ” (આંખ), “કન” (કાન), “નક” (નાક), “હથ” (હાથ), “ચમ” (ચામડી), “કમ” (કામ) ના અંતિમ વ્યંજનને બેવડાવી પૂછો કે એ કચ્છી છે કે પ્રાકૃત? अद्य-अज्ज-अज (આજ) रक्त-रत्त-रत (લોહી), भक्त-भत्तः-ભત (ભોતું-ભોજન) જેવા શબ્દોનાં પોત પારખી, કચ્છીની વ્યંજનાની સોનેરી કોર જેવી “ચવકો” કહેવતો પર નજર પડતાં જ સત્ય ઝળહળી ઊઠશે! કચ્છી કહેણી છે “રિણુંકજેત રુખો કુલા ખાજે?” (ઉધાર લેવું તો ચોપડ્યા વિનાનું શું ખાવું?) સંસ્કૃતમાં છે ऋणं कृत्वा धृतं पीवेत् “ધરમ પિંગલો આય” (ધર્મ પાંગળો છે) “રુત ખરઇ થીયે કીં જમાર પીરઇ ન થીયે?” (મૌસમ ભાંગે-નિષ્ફળ જાય તેથી કાંઇ આયખું ન બગડે!) આ લોકોક્તિઓની બાંધણી કાં તો સંસ્કૃત વિચાર પર થઇ છે કાં સંસ્કૃત વાણી પર. ऋण, पंगु के ऋतु જેવા સંસ્કૃત શબ્દોમાંથી કચ્છીએ પોતાની પ્રકૃતિને અનુકૂળ રૂપ ઘડી કાઢ્યાં પણ એનું મૂળ છાનું રહે તેમ નથી! કચ્છી-ગુજરાતી બંનેનાં પોત સંસ્કૃત-પ્રાકૃતમાંથી ભલે ઘડાયાં હોય મૂળમાં ભેદ એ છે કે પ્રાકૃતના ઉપાંત્ય સ્વર (પ્રથમાક્ષર) 'અ'ની વૃદ્ધિ કરી ગુજરાતી 'આ' ઘડી કાઢે છે (અજ્જ = અજ-આજ) જ્યારે કચ્છી અસ્સલને જ સાચવે છે. પ્રાકૃતિક સામ્યને કારણે કચ્છીની ભગિની ગણાતી સિંધીભાષા પણ આવું જ વલણ ધરાવે છે.

કચ્છીનું સ્વરૂપ અને ભાષાકીય બંધારણ સમજવા એના ધ્વનિઘટકો અને ઉચ્ચારણોની ઓળખ અનિવાર્ય છે.

*હું તમને શીખવાડવા નહીં, પણ જગાડવા આવ્યો છું.*

## ● ધ્વનિભેદો-લિપિ સંજ્ઞાઓ અને કચ્છીની પ્રાકૃતિક વિશેષતાઓ :

કચ્છી સ્વરો અને વ્યંજનો ગુજરાતી જોડે સામ્ય ધરાવતા હોવા છતાં એમાં કેટલાક ઉચ્ચારણીય ભેદો છે. જેની પરખ અને ઓળખ વિના ભાષાને ન્યાય આપવો મુશ્કેલ છે.

**(૧) હ્રસ્વ "ઈ"-"ઉ" :** જેને કચ્છીની ખાસિયત કહી શકાય અને સ્વરની જે ખૂબીથી બિનકચ્છી માટે કચ્છી ઉચ્ચારણ અટપટું બને છે તે છે કચ્છી વિશિષ્ટ (હ્રસ્વ) "ઈ" અને 'ઉ'નું ઉચ્ચારણ અનુક્રમે "કિતે" (ક્યાં) અને "કુરો" (શું?) માં આદિસ્થાને 'ક' સાથે જોડાયેલ આ સ્વરો કે જેના માટે હજી સુધી કોઈ ચોક્કસ સર્વમાન્ય-સર્વસાધ્ય લિપિ વિશિષ્ટ ઉચ્ચારણ સંજ્ઞા નથી યોજી શકાઈ. એટલે ગુજરાતીના પ્રચલિત હ્રસ્વ 'ઈ' અને "ઉ" દ્વારા દર્શાવાય છે. પણ વાચક એના ઉચ્ચારણ ભેદને ન ભૂલે એ જરૂરી છે, કારણકે આ બંન્ને સ્વરો કચ્છી ઉચ્ચારણની બારીકીના પ્રતિનિધિ છે.

વર્ષોથી કચ્છીએ લિપિ તરીકે Modified સંવર્ધિત ગુજરાતી (શિરોરેખા વિનાની દેવનાગરી) ને અપનાવી બીજા બધા ધ્વનિઓને ન્યાય આપી સંતોષ્યા છે. પણ પરંપરાગત ગુજરાતી લેખન-વાંચનની ટેવવાળી આંખે આ બે ઉચ્ચારણ સંજ્ઞાઓની પ્રચલિત હ્રસ્વ ઇ અને ઉ સાથે સેળભેળ થઈ જવા માત્રથી કચ્છી માટે આજ સુધી લિપિ ની "લિફ" (લમણાંઝીંક) માંથી બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે.

***જે આ બે વિશિષ્ટ ઉચ્ચારણો પ્રત્યે જાગૃત છે તેને કચ્છી માટે લિપિનો કોઈ પર્યાય શોધવાની જરૂર નથી.***

**(૨) સંવૃત્ત "એ" અને વિવૃત્ત "ઍ." :** કચ્છીના ધ્યાનાર્હ સ્વરોમાં અન્ય બે છે સંવૃત્ત 'એ' અને વિવૃત્ત 'ઍ'. આ ભેદ ગુજરાતી ઉચ્ચારણમાં નથી એમ નહિ પણ ગુજરાતી લેખનમાં એની કાળજી નથી લેવાઈ. આ ઉચ્ચારણ ભેદ કચ્છીનું ઘરેણું છે જે અર્થની સ્પષ્ટતા માટે અનિવાર્ય પણ છે. કેર (કોણ) અને કૅર (ક્યારે)નો ભેદ આ સંવૃત્ત-વિવૃત્તની ભેદરેખા વિના ક્યાંથી પરખાય?

ઉપરોક્ત ચાર સ્વરભેદ જેટલા જ મહત્વના વ્યંજનભેદ પણ છે.

**(૩) અનુનાસિકનું પ્રાબલ્ય :** ગુજરાતી મૂળાક્ષરોમાં અનુનાસિક "ઙ" અને "ઞ" ની હાજરી જરૂર છે પણ ગુજરાતી શબ્દોચ્ચારમાં એનો સામાન્ય વપરાશ નથી. જે કચ્છીનું હાર્દ છે "અંઙણ" (આંગણ)નો "ઙ" અને "આંઞણ" (આંજણ)નો "ઞ" કચ્છીમાં સ્પષ્ટ છે.

**(૪) 'ળ' ને બદલે 'ડ.' (ટૂંકો "ળ") :** કચ્છી વિશિષ્ટ ત્રીજું વ્યંજન છે 'ડ.' જેને ઉચ્ચારણ સામ્યને કારણે ટૂંકો "ળ" કહી શકાય અને જે "ડ"ની નીચે નુકતો, (.) બિંદીનું ચિહ્ન મૂકી ઓળખવામાં આવે છે.

**(૫) ઝ, દ, શ અને ષ ની અનુપસ્થિતિ :** કચ્છીમાં "ઝ" (જ ના અન્ય બે ઉચ્ચારણો હોવા છતાં) ની ગેરહાજરી છે. 'દ' નો લોપ થઈ એને "ડ" કે "દ્દ" રૂપે લેવાય છે. શ, ષ ને બદલે કચ્છી એકલા (માત્ર) 'સ' થી જ કામ ચલાવે છે. ક્ષ અને જ્ઞ જેવા જોડાક્ષરો કચ્છીની સરળ પ્રકૃતિમાં ન બેસે એ સ્વાભાવિક છે "અખર" (અક્ષર) "લખ" લક્ષમાંનો 'ખ' એ 'ક્ષ'નો પર્યાય છે.

કચ્છી ઉચ્ચારણની વિશેષતાઓની વાતને ટૂંકાવતાં કોમળ 'ગ' અને "જ" (ગ., જ.)ની નોંધ લેવી જ રહી. તો કચ્છીના અનુસ્વાર પ્રેમ (અતિનું અંતી કે અતિશયનું અતીસેં) ભૂલાય તેવો નથી.

**(૬) વ્યંજનની પુનરુક્તિનો અભાવ :** અન્ય ભાષાઓના અનુકરણને કારણે કચ્છી લેખનમાં વ્યંજનને બેવડાવનારે એ જાણવું જરૂરી છે કે ફોનેત્તિક દ્વિરુક્તિ કચ્છીના સ્વભાવમાં નથી. સાકર માટે કચ્છીમાં "સકર" છે "સક્કર" નહિ, આકડા માટે 'અક' લખવાને બદલે "અક્ક" લખવાથી કચ્છી ભાષાને "ચકર" (ચક્કર નહિ) આવી જશે, એટલી 'અકલ' (અક્કલ) વાપરવી જરૂરી છે.

**(૭) લિંગભેદ :** કચ્છીમાં હિંદીની જેમ નર અને નારી એવા બે જ લિંગ છે. નપુંસક લિંગ, નાન્યતર જાતિનો અભાવ એ કચ્છીની ખાસિયત છે.

**(૮)** કચ્છીની અનેક પ્રાકૃતિક લાક્ષણિકતાઓમાંથી લાઘવ શિરમોર છે. એકાક્ષરી શબ્દોની વૈભવશાળી કચ્છીમાં મા (માતા), પે (પિતા), ધી (દીકરી), ભા (ભાઈ), નોં (પુત્રવધૂ) જેવા શબ્દોનો 'મીં' (વરસાદ) છે. મહિર્ષી માંથી ગુજરાતીમાં 'ભેંશ' થયું પણ કચ્છીએ તો એના સ્વભાવ પ્રમાણે "મે" જ પસંદ કર્યું. ભાકી "જીં ચો તીં!" (જેમ કહો તેમ!!)

કચ્છી ઉચ્ચારોનું ધ્વનિતંત્ર આધારિત ભાષા શાસ્ત્રીય પૃથક્કરણ કરવાનું માન શ્રી શાંતિભાઈ આચાર્યને મળ્યું છે ("કચ્છી શબ્દાવલિ" ૧૯૬૬, પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ)

કચ્છીના પારંપરિક ધ્વનિઘટકો અને શબ્દોચ્ચારણોમાં કેળવણીના પ્રવેશ પછી આવેલા પરિવર્તનને કારણે સાંપ્રત કચ્છીમાં તત્સમ શબ્દોનું પ્રમાણ વધ્યું છે. 'શ' અને 'દ' જેવા ધ્વનિ (વ્યંજનો) સ્વીકાર્ય બન્યાં છે. 'શરદ' (વ્યક્તિ વિશેષ નામ) નો 'સરડ' ઉચ્ચાર કરનારી પેઢી આજે પણ કાયમ છે છતાં નવી પેઢી શરદ બોલે છે. બંને પેઢીઓ 'શરદ' લખે છે એ નક્કી. કચ્છીમાં તત્સમ, તદ્ભવ અને દેશ્ય ઉપરાંત પરભાષી શબ્દોની પણ ગણનાપાત્ર હાજરીની નોંધ લઈ એના વિકાસ-વિસ્તાર તરફ વળીએ.

## ● કચ્છીનું વટવૃક્ષ :

"જેમ શરીર પંચમહાભૂતને આધારે ટકી રહે છે તેમ ભાષા પણ લિપિ, વ્યાકરણ, ધાતુકોશ, શબ્દકોશ અને સાહિત્ય એવા પાંચ મુખ્ય તત્વો પર આધારિત છે." શબ્દ એ ભાષાનું એકમ છે જેમાંથી લાક્ષણિક શબ્દો, રૂઢિપ્રયોગો અને લોકોક્તિઓ (કહેવતો) આકાર પામે છે. ભાષાના વહેતા પ્રવાહમાં અનેક નાનાં મોટાં ઝરણાં આવી મળે છે અને પટ પહોળો થાય છે. કચ્છીમાં પણ એવા અનેક પ્રવાહો ભળ્યા છે જેથી કચ્છીમાં વૈવિધ્ય આવ્યું છે, એ જોમવંતી બની છે.

જેમ વૃક્ષના થડનો વિસ્તાર શાખા-પ્રશાખા રૂપે થાય છે તેમ કચ્છીનું પણ એક વટવૃક્ષ છે જેને પરંપરાગત 'બાબાણી બોલી' કહેવાઈ છે તે કચ્છીનું કેન્દ્રીય બોલીરૂપ છે, જેમાં મુખ્ય ખેડાણ થયું છે. કચ્છીના આ સ્વરૂપમાંથી જ એનું સાહિત્યિક રૂપ ઘડાયું છે. કચ્છીના અન્ય ગૌણ બોલીભેદોની સરખામણીએ (૧) મેમણી, (૨) વાગડી (મુખ્યત્વે

*આંખ-કાન ખુલ્લાં રાખીને સાંભળવું, પછી બોલવું.*

વાગડના ઓશવાળોની બોલી) અને બનીયાઇ (બન્ની પ્રદેશની સિંધી રંગે રંગાયેલી બોલી) એવા ભેદ નોંધનીય છે, મુખ્ય છે. પ્રાદેશિક-જાતિ વિશેષ ભેદોમાં ઓશવાળી (જૈની) ચારણી (તુમેર ચાંપણી) અને ભાટીયાઇ એ અભ્યાસુના આકર્ષણ કેન્દ્રો છે.

કચ્છી-પંજાબી જેવી ભાષાઓમાં 'ભાષા'ના પર્યાય તરીકે 'બોલી' શબ્દ પ્રયોજાય છે જે ઉપભાષા (Dilect)ની સૂચક નથી. માતૃભાષા માટે "મા બોલી" એવો કચ્છી શબ્દ જાણીતો છે. બોલી જ્યારે કાઠું કાઢે છે ત્યારે એનું વાર્ધક્યભર્યું રૂપ સ્વયંભુ ભાષા થઇને પ્રગટે છે. ભાષાકીય વટવૃક્ષ અને એક શબ્દના અનેક પર્યાયોની સજ્જતાને લીધે કચ્છી બોલી છે કે ભાષાએ સંશયાત્મકતાથી સેંકડો કોસ દૂર પહોંચી ચૂકી છે.

## • વિકાસના પરિબળો અને તબક્કાઓ :

છેલ્લી પચ્ચીસી કચ્છી માટે ખૂબ જ ઉપકારક રહી છે. ગત દાયકો તો જાણે કચ્છી ભાષા-વિકાસનું સીમાચિહ્ન છે. સરકારે (ગુજરાત) કચ્છી સાહિત્ય અકાદમી આપી કચ્છીની વર્ષો જૂની અપેક્ષાને યોગ્ય પ્રતિસાદ આપ્યો. એના સુચારુ સંચાલન અને પરિણામલક્ષી પ્રવૃત્તિઓની સિદ્ધિ એ છે કે કચ્છીમાં પ્રકાશનોની ગુણવત્તા વધી, પ્રમાણ વધ્યું અને ભાષાના વિવિધ પરિમાણો પર અભ્યાસનો પ્રારંભ થયો. આ બધા વચ્ચે એક આડખીલી જરૂર રહી, લેખનમાં એકરૂપતાનો અભાવ. શ્રાવ્ય પરંપરાથી ટેવાયેલો કચ્છી, વાચક બનવા ડગલું માંડતાં જ ડચકાં ખાય છે કારણ? સાહિત્યકારોની યથેચ્છ લેખનશૈલ અને કચ્છી પ્રકાશનોનો હેતુલક્ષી પ્રચારનો અભાવ.

સમસ્યાની ઓળખ એ જ સમાધાન (નિરાકરણ)નો પાયો છે. કચ્છીના વિકાસ માટેના પ્રાથમિક પગથિયાં ખુલ્લા થાય એ માટે જરૂરી છે.

## • ભાષાનું માનકીકરણ (Standardization of language):

**ભાષાગત વિકાસનું પ્રથમ પગલું છે માન્ય ભાષાનું ઘડતર.** લિપિ-સંજ્ઞાની ચોકસાઇ અને જોડણી-ઉચ્ચારણગત નિયમોની તારવણીને લીધે માન્યભાષા સાહિત્ય લેખનમાં એકરૂપતા આપી વાચક-ભાસકને ઉપકારી નીવડે છે. ભાષાના માનકીકરણની આ વાત આવીને અટકે છે આદર્શ શબ્દકોશના સર્જન આગળ.

## • પ્રમાણભૂત શબ્દકોશનું સર્જન :

કોશ (ખજાના) વિના રાજ્ય કારભાર ચલાવવો શક્ય નથી. ભાસક જે ભાષા બોલે છે એ તો એને ગળથૂથીમાં જ મળી હોય છે, એના માટે એને કોઇ શબ્દકોશનો આધાર નથી લેવો પડતો પણ **ભાષાકીય વિકાસના એક ચોક્કસ તબક્કે ઉચ્ચારાયેલા કે ગ્રાંથિકભાષામાં વપરાયેલા શબ્દની જોડણી, ઉચ્ચાર અને અર્થ લક્ષી પ્રમાણભૂતતા સિદ્ધ કરવા, ભાષાનું નિયમન કરવા શબ્દકોશ અનિવાર્ય છે.** લેખનશૈલીમાં એકરૂપતા આણવા માર્ગદર્શક બને, વાચકોનો બોજ હળવો કરે એવો આદર્શ શબ્દકોશ સર્જવાનું કામ કપરું છે. નિષ્ઠાવાન સાહિત્યકારો સંશોધકો અને સહધર્મીઓના સથવારે આ લેખક કચ્છી માડુના એ સ્વપ્નને હવે સાકાર કરવાને આરે છે. કચ્છી ભાષા સાહિત્યના વિકાસના આ પડાવ પર પહોંચવા કચ્છીએ કાપેલી મજલના સીમાચિહ્નોની નોંધ માત્ર લઇ વિષયને આગળ વધારીએ.

| | | | |
|---|---|---|---|
| (૧) | *કચ્છી શબ્દાવળી* | *૧૮૮૪* | *પરભુદાસ રણછોડજી* |
| (૨) | *કચ્છી મધ્યમ વ્યાકરણ* | *૧૯૬૬* | *પ્રતાપરાય ત્રિવેદી* |
| (૩) | *કચ્છી ધાતુકોશ* | *૧૯૭૫* | *પ્રતાપરાય ત્રિવેદી* |
| (૪) | *બૃહદ કચ્છી શબ્દકોશ (ખંડ-૧)* | *૧૯૮૧* | *પ્રતાપરાય ત્રિવેદી* |
| (૫) | *કચ્છી ગુજરાતી શબ્દકોશ* | *૧૯૮૨* | *દુલેરાય કારાણી* |
| (૬) | *બૃહદ કચ્છી શબ્દકોશ (ખંડ-૨)* | *૧૯૮૮* | *પ્રતાપરાય ત્રિવેદી* |
| (૭) | *કચ્છી ભાષા જો નેન્ઢો કોસ* | *૨૦૦૨* | *મણિલાલ ગાલા* |

## • વિકાસગાથા : સાહિત્ય

સાહિત્યની વિકાસગાથાનો પટ વિસ્તૃત છે, વિષય વૈવિધ્ય વિપુલ છે. સમગ્ર કચ્છી સાહિત્યના મૂલવણી હેતુ, કાળક્રમની ગણના સંદર્ભે પ્રાચીન અને અર્વાચીન એવા બે ભેદ પાડી શકાય તેમ છે. બંને વિભાગના વિવિધ સાહિત્ય પ્રકારો અને સર્જક વિશેષોના પરિચય માટે તો એક નવો જ લેખ લખવો પડે. એવા વિસ્તૃત ખેડાણનો થોડા પાનામાં જ સમાવેશ કરવો હોય તો નિર્દેશ માત્ર જ થઇ શકે. એનાં આંતરપટ ઉઘાડવાં અશક્ય છે.

## • પ્રાચીન સાહિત્ય :

પ્રાચીન સાહિત્યનો મુખ્ય સ્રોત છે લોકવાણી. અન્ય ભાષાઓની જેમ કચ્છી મૌખિક (કંઠ્ય) પરંપરા સમૃદ્ધ છે. જેમાં ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપો વણાયેલાં છે, છતાં ગદ્યની સરખામણીએ પદ્યનું વહન વિશેષ થયું છે. લોકકથા, લોકવાર્તા, લોકનાટ્ય જેવા ગદ્ય પ્રકારો અને દૂહા, બેત, કાફી, પિરોલી, લોકગીત, સલોકાથી માંડી કહેવતો, રૂઢિપ્રયોગો - ઓઠાં ઇત્યાદિ જેવા પદ્યમાં સમાવિષ્ટ રચના પ્રકારો ઉપરાંત બાલ આખાણી, બાલગીત અને હાલરડાં તથા લોકગીતના ખાસ પ્રકાર, પાર (મરશિયાં) અને લગ્નગીતો જેવી વિવિધતાથી કચ્છી સાહિત્યના ભંડાર ભરેલા છે. કચ્છી લોકજીવનનું આગવાપણું દર્શાવતી, લોકદર્શનની કચ્છીયતભરી છબી ચીતરતી, સૌંદર્યસભર અભિવ્યક્તિનાં છાંટણાં કરતી આ પરંપરાનાં ઘણાં પરિમાણો પર સંશોધન થયું છે છતાં અન્ય ભાષાઓની સરખામણીએ કચ્છીનું આ ધન હજીયે કાળના ગર્ભમાં ભંડારાયેલું જ છે. લોકસાહિત્યના વિવિધ પ્રકારોના પ્રાપ્ત નમૂનાઓ એક ચોક્કસ વાત સૂચવે છે કે થયેલા કાર્યની આંગળી પકડી કચ્છીએ હજી ઘણીયે ધૂળ ખંખેરવાની છે. કચ્છી લોકસાહિત્યના સંશોધનની આછી રૂપરેખા દોરી આપણે એનું સર્વગ્રાહી દર્શન કરીએ.

## • લોકસાહિત્ય સંશોધન :

ગુજરાતીના આરંભકાલીન સંશોધક ફરામજી બસનજી માસ્ટરને કચ્છીના પણ પ્રણેતા કહી શકાય. "કચ્છી વાતો અને પ્રેમકથાઓ"ના પ્રકાશનથી કચ્છી ગદ્યના સંકલનનો આરંભ તો થયો (૧૮૭૨) પણ એને સૌ પ્રથમ જે કચ્છી નરબંકાએ પોતાના હાથમાં લઇ ઝંડાધારી થવાનું માન મેળવ્યું તે જીવરામ અજરામર ગોર. ૧૮૯૩થી શરૂ થયેલા એમના કાર્યનું છેલ્લું પુષ્પ, કચ્છની જૂની વાર્તાઓ ૧૯૨૯માં મળ્યું.

*ક્ષણિક સુખ પાછળ ન દોડો, આત્માનો આનંદ શોધો.*

કચ્છી લોકસાહિત્યના ક્ષેત્રનું તેજસ્વી નામ તે દુલેરાય કારાણીનું. ૧૯૨૮માં કચ્છનાં રસ ઝરણાંથી એમણે આ ક્ષેત્રે પ્રવેશ કર્યો અને કચ્છીના ગુપ્ત ખજાના ખૂલી ગયા. છેક ૧૯૩૦માં એમણે "કચ્છી કહેવતો"ની ભેટ આપી. કચ્છ કલાધર અથવા ચંદ્રવંશ ચરિત્ર ખંડ બીજો (૧૯૩૪) નું એમનું સર્જન માત્ર સાહિત્ય જગતને જ નહિ પણ એક સામાન્ય કચ્છીને પણ ઉપકારી નીવડ્યું. એમના અનેક પ્રકાશનોમાં કચ્છ પ્રદેશનું લોક સાહિત્ય (૧૯૭૨), કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય (૧૯૭૯), કચ્છી પિરોલી (૧૯૭૪), કચ્છી બાલ આખાણી (૧૯૮૧) મુખ્ય છે. કારાણીના આ કાર્યથી કચ્છનું પારંપરિક 'સાહિત્ય કાળની ગર્તામાં' વિલીન થતું બચી ગયું. એટલું જ નહિ અનુગામીઓ માટે પ્રેરક પગદંડી બનાવતું ગયું.

'બાલ આખાણી'માં લોકગદ્યનું સૌપ્રથમ મૂળ કચ્છી સ્વરૂપ આપનાર કારાણીએ આપેલું બાકીનું ગદ્ય સાહિત્ય મૂળ કચ્છી પાઠના અભાવે (ગુજરાતીમાં પુનર્લેખન થવાથી) આધુનિક લોકસાહિત્ય સંશોધનની વૈજ્ઞાનિક તૃષા સંતોષવા અસમર્થ છે.

કચ્છી લોકસાહિત્યના સંપાદન-સંશોધનની પ્રક્રિયા પ્રાચીનકાળ પછીની હોવા છતાં એનો વિસ્તૃત ઉલ્લેખ અહીં અસ્થાને નહીં ગણાય.

શ્રી દુલેરાય કારાણીએ આરંભેલી બાળ લોકસાહિત્યની સંશોધન પ્રક્રિયાને વૈજ્ઞાનિક ઢબે આગળ વધારી વિસ્તૃત કાર્ય કર્યું શ્રી મણિલાલ ગાલાએ ('આલડ઼ા સૂલડ઼ા' ભાગ ૧ થી ૫, ૧૯૮૯-૨૦૦૦). સંપાદિત પાઠ જોડે પાઠાંતર આપી એને ધ્વનિમુદ્રિત કરી, સ્રોત વિશેની વિગતવાર માહિતી આપવાની પ્રક્રિયાથી આ કાર્યની પ્રમાણભૂતતા વધી. એ જ દિશામાં આગળ વધે છે ડૉ. વિશન નાગડા, નીમુ નાગડાનું સંપાદન "બાલગીત હાલેણાં" (૨૦૦૮). પદ્ધતિસરના આ કાર્યની એક વિશેષ પ્રાપ્તિ એ છે કે પુસ્તક જોડે ઓડિયો સી.ડી. પણ પ્રગટ થતાં એ માત્ર વાચનક્ષમ જ ન રહેતાં શ્રવણક્ષમ પણ બન્યું.

કચ્છી લોકગીતોનાં અન્ય સંપાદનો છે : "કારાયલ", ૧૯૯૮ (ડૉ. જોહરાબહેન ઢોલિયા) અને કચ્છી લોકગીતો : જીવંત દસ્તાવેજ ૨૦૦૩ (ડૉ. દિનેશ જોષી), કચ્છી લોકગીતોના વિશ્લેષણનો આ પ્રથમ પ્રયાસ હતો. "કચ્છી લોકસાહિત્ય : એક અધ્યયન" ૧૯૯૧ (ડૉ. ગોવર્ધન શર્મા, ડૉ. ભાવના મહેતા)માં પણ સૌ પ્રથમ કચ્છી લોકસાહિત્યની કહેવતો, રૂઢિપ્રયોગો, પિરોલી અને સલોકા જેવા પ્રકારોનું મૂલ્યાંકન પ્રગટ થયું તો "સીદી-કચ્છી વાર્તાઓ"માં ડૉ. શાંતિભાઇ આચાર્યે, ભાષા વૈજ્ઞાનિક અધ્યયનની દિશા ખુલ્લી કરી.

કચ્છી લોકસાહિત્યના ક્ષેત્રે ધીમી ગતિએ પણ સતત કાર્ય ચાલુ રહ્યું છે. ૧૯૯૬માં ઉમિયાશંકર અજાણીએ પ્રગટ કરેલું "કચ્છી પિરોલીઓ" કે અરવિંદ રાજગોરનું "કચ્છી કહેવતો"-૨૦૦૯ (કહેવત કથા સહિત) જેવાં પ્રકશનો એ વાતની સાબિતી છે.

- **દુહો :**

પ્રાચીન કચ્છી સાહિત્યના લોકનમૂના રૂપે મળતા દુહાઓમાંથી - જેના ઉલ્લેખ વિના વાત અધૂરી જ રહી જશે, એવો દુહો છે.

*"લાખો ચૅતો બેલીયા મૂંકે કાછે ડીજા ધાગ*
*માન ઉધરકી ઉથીયાં સુણી સિંધૂડો રાગ."*

લાખો કહે છે, "હે સાથીઓ, મને કચ્છમાં લઇ જઇને જ દાહ આપજો (ચિતા પર ચઢાવજો) કદાચ ત્યાંની માટીમાં ધરબાયેલો સિંધૂડો (શૌર્યનો) રાગ સાંભળી ક્યાંક હું જાગીને બેઠો થઇ જાઉં. આ દુહાનો રચનાકાળ ૮૦૦ વર્ષ જૂનો મનાય છે. ત્યારે કચ્છનો સંબંધ સિંધ જોડે હોવાથી કચ્છ માટે 'કાછો' શબ્દ પ્રયોજાતો. (કાછો એટલે દક્ષિણનો, કચ્છ સિંધથી દક્ષિણે આવેલું છે). આમ આ એકજ દુહો ઇતિહાસ, ભૂગોળ, ભાષાશાસ્ત્ર, રસદર્શન અને કાવ્યકળાના દ્વાર ખોલી આપે છે.

કચ્છી ભાષાની વિકાસગાથાનું એક અગત્યનું પાનું પણ આ દુહા પછવાડે છૂપાયેલું છે. આજે જે કચ્છી ગુજરાતીની અડોઅડ ચાલે છે તે કોઇ કાળે સિંધી સાથે પણ રમી હોવી જોઇએ. કચ્છ અને સિંધના સામાજિક, રાજકીય અને વ્યાપારી સંબંધોની દિશા આજે ગુજરાત તરફ વળી છે એનાં કારણો અને પરિમાણો-પરિણામોની વાત કાળ વિના કોણ કહી શકે?

એક અન્ય દુહાના ઉલ્લેખથી પ્રાચીન લોકવાણીને વિરામ આપીએ:

*"બાબીડા બઇયાર કડેં વૅનેં કચ્છડે?*
*જિજા ડીજ જુઆર, પાડો પુછી પિરીયન જો!"*

'હે બાબીડા (પક્ષી) તું ફરી કચ્છ ક્યારે જઇશ? ત્યાં મારા પ્રિયજનના ફળિયામાં જઇ પૂછા કરી એમને મારા ઝાઝેરા જુહાર કહેજે.'

વિસ્તારનો ભય હોવા છતાં આ દુહામાં આવેલા 'પિરીયન' શબ્દની વાત કરવી જ રહી. પ્રિયજન જેવો મૂળ સંસ્કૃત શબ્દ જાણે તત્સમ જ હોય એવી અદાથી આ દુહામાં ભલે બેઠો પણ એમાં છાયા તો પેલા સિંધ સાથેના ભાષાકીય સંબંધની જ છે. પશ્ચિમ કચ્છમાં આ જ શબ્દ આજે પણ "પિરીં" એવા લઘુરૂપે તો કાવ્યને સુશોભિત કરતો જ રહ્યો છે!

- **પિરોલી :**

લોકસાહિત્યના અન્ય કોઇપણ પ્રકારની વિશેષ વાત કહેવાને બદલે 'પિરોલી' (ઉખાણાં)ની કચ્છી ભાષાની યશકલગી પર એક નજર. સંસ્કૃત "પ્રહેલિકા", હિંદી "પહેલી"નો સમાનધર્મી કચ્છી પિરોલી. સાવ સાદી બાળ માનસને મોજ કરાવે તેવી હોય કે જ્ઞાનના ભંડાર સમી પિરોલીની માયા કચ્છી માડુઓમાં ગજબની છે. પિરોલીમાં કાવ્યનાં વિવિધરૂપ પણ પ્રગટે. દુહા, બેત કે અન્ય કોઇ કાવ્ય સ્વરૂપમાં વહેતી, જનમાનસના મનમાં રહેતી પિરોલીઓને ગ્રામ્ય ફળિયાંનાં ઓટલાં આજે પણ યાદ કરે છે!

- **પ્રાચીન સાહિત્યના સીમા સ્તંભોઃ**

લોકસાહિત્ય ઉપરાંત પ્રાચીન કચ્છી સાહિત્યના બે અગત્યના સીમાસ્તંભો છે. મામૈદેવની વાણી (ચૌદમી સદી) અને મહાત્મા

*જે બનવાકાળ છે તે બનીને જ રહેશે અને જે બનવાકાળ નથી તે કદી બનશે નહીં. તો પછી ચિંતા શાની?*

મેકણના દુહા. મામૈદેવ અને મેકણડાડા બંનેની ખૂબી એ છે કે તેઓ માત્ર સર્જક જ નહિ સંત પુરુષ હતા, આરાધ્ય હતા. એમના સાહિત્યને માત્ર સર્જન ન કહેતાં કચ્છી પરંપરાએ "વાણી" કહી એનાં ઓવારણાં લીધાં છે. આ ઓવારણાં માત્ર પૂજ્યભાવે નહિ પણ એમની વાણીના બળ અને પ્રભાવને કારણે લેવાયાં છે. બંનેની વાણીમાં તત્કાલીન સમાજ અને ભાષાની છબી તો છે જ પણ મામૈની વાણી કે જે આગમવાણી કહેવાય છે તેમાં જ્ઞાનીનું કથન હતું. તો મેકણ કે જેણે રણમાં રઝળતા માર્ગ ભૂલેલાની સેવા કરી જાણી એની વાણીમાં અનુભવસિદ્ધ સત્યનું બયાન, માનવમનનું ખરું દર્શન અને ધર્મની સ્થૂળતાનું ખંડન પ્રગટે છે. બંને સર્જકોની વાણીની કઠોરતા પછવાડે માનવ કલ્યાણની મૃદુ ભાવનાનું બળ હોવાથી ક્યાંયે કઠતી નથી.

મામૈ કહે છે :

*"ઉકેરે તેં ડીયા બરંધા મુંધ ન વસંધા મીં*
*સામા થીંધા સામકે, ઈ અચીંધા ડીં."*

'ઉકરડા પર દીવા બળશે. ઋતુએ મેહ નહિ વરસે, લોકો પોતાના સ્વામીને સામા થશે આવશે એવા દી!'

(અત્રે કવિ કાનજી ખેંગાર કોચરાનું સંશોધનાત્મક પ્રકાશન, "મામૈદેવ પુરાણ" ઉલ્લેખનીય છે.)

મેકણ કહે છે :

*"મૂં ભાયો તડ હિકડો હૂંધો, તડ તાં લખ હજાર*
*જુકો જિતાનૂં લંધેઓ, ઉકરી થ્યો ઊ પાર."*

મને એમ કે કિનારો એક જ હશે પણ કિનારા તો અનેક છે. જે જ્યાંથી ઓળંગ્યો તે ત્યાંથી પહોંચ્યો પાર.

આ બંને સર્જકોના આ સાદગીભર્યા સર્જનમાં એવો તે કેવો જાદુ હશે કે આજે સૈકાઓ પછી પણ લોકજીભ એનાથી ધરાઇ નથી. હા એટલું ખરું કે સર્જક વિશેષની આ કૃતિઓ લોકહૃદયમાં એવું આદરભર્યું સ્થાન જમાવી બેઠી છે કે સર્જક ભૂલાઇ જાય અને સર્જન અંકાઇ જાય!

### ● પ્રાચીનની અંતિમ કડી :

પ્રાચીન કચ્છી સાહિત્યની સર્જન શૃંખલાનો કાળ ભલે લાંબો રહ્યો, વચ્ચે વચ્ચે માત્ર અવકાશ રહી જવાને કારણે સર્જકો થોડા જ છે. મેકણ પછી દોઢસો વર્ષના અંતરે કચ્છીને મળેલા કવિ રાઘવને પ્રાચીનની અંતિમ કડી કહેશું કે અર્વાચીનના આરંભનું પગથિયું?! રાઘવ એ જેમ મોટા શૂન્યાવકાશને પૂરનાર પરિબળનું નામ છે તેમ માત્ર ભક્તિ અને શૌર્ય રસમાં રમતી કચ્છી કાવ્યકળાને નવી કેડીએ લઇ જનાર રસ પુરુષનું પણ નામ છે. હાસ્ય એ કચ્છીને કોઠે પડેલો રસ છે. રાઘવે સૌ પ્રથમ એનો પડદો ખોલ્યો. માત્ર સરળ વર્ણનાત્મક વાણીને રાઘવે મર્માળુ, કટાક્ષ, વક્રતા અને ઉપહાસના રંગે રંગી. છંદનાં બંધન ન છોડ્યાં પણ પરંપરાગત શૈલીને અળગી કરી એક આગવી કેડી કંડારી.

શિવાજી બારોટે નોંધ્યું છે તેમ "કવિ રાઘવે કદાચ કચ્છી ભાષાના સ્વરૂપ પરિવર્તનમાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કચ્છીમાં પ્રથમવાર જ વસંતતિલકા, ભુજંગી અને શાર્દૂલ વિક્રીડિત જેવાં સંસ્કૃત વૃત્તો પ્રયોજાયાં."

## અર્વાચીન કચ્છી સાહિત્ય

### ● એકલવીર કારાણી :

કચ્છીની બદલાયેલી પ્રકૃતિના ઉત્તમોત્તમ વાહક બન્યા શ્રી દુલેરાય કારાણી. એમણે પરંપરાનો દેખીતો વિરોધ કર્યા વિના કટાક્ષ, હાસ્યથી લઇ ઊર્મિ કાવ્યોની ખૂટતી કડી જોડવાનું સામર્થ્ય તો દાખવ્યું સાથે સાથે ગીત અને ગઝલનું ચોક્કસ સ્વરૂપ બાંધી આપ્યું.

અર્વાચીન કચ્છી સાહિત્યની ધૂરા જેમની કાંધે પડી અને જેમણે કચ્છીમાં વિશાળ પટ પર વિસ્તરતું સાહિત્ય સર્જવા ઉપરાંત સંશોધન. સંપાદનના ઢગલા કરી દેખાડ્યા એવા કારાણી એ કચ્છીની ઐતિહાસિક ઘટના હતા. શ્રી કારાણી માત્ર સર્જક જ નહિ સાચા અર્થમાં યુગસર્જક હતા. કારાણી વિનાના કચ્છી સાહિત્યની કલ્પના જ કરવી મુશ્કેલ છે.

વીસમી સદીમાં કચ્છી સાહિત્યનો જે વિકાસ થયો એનાં પગરણ રાઘવ દ્વારા મંડાઇ જ ચૂક્યાં હતાં. કારાણીએ કેડીને માર્ગ બનાવી. કારાણી કાવ્યકુંજ ભાગ-૧ (૧૯૩૫)થી શરૂ થયેલી એમની સર્જન પ્રક્રિયા જીવનના છેલ્લા શ્વાસ સુધી (૧૯૮૬) અવિરત રહી. કચ્છી ગદ્યના સ્વામી કારાણીએ સૌપ્રથમ કચ્છી નાટક જાડેજાવીર ખેંગાર ૧૯૬૯માં આપ્યું. ગદ્ય હો કે પદ્ય કારાણીની લોકભોગ્યતાનો જોટો નથી.

કારાણીની દુહા અને છંદની બળુકતા કેવી હશે કે આજનો કચ્છી માડુ પોતાની જ્યારે મા બોલીના ડાયરાઓ કે સંગીતના જલસાઓ કરે છે ત્યારે રંગમંચ પર જો કોઇ એકજ કવિ છવાયેલો રહેતો હોય તો તે કારાણી જ છે. "સંગર" કાવ્ય પ્રકાર તો પ્રાચીન છે પણ કારાણીએ એનો જીર્ણોદ્ધાર કર્યો. "ચાયને છાય" નામની સંગરને લોકો કેટલો પ્રેમ કરતા હશે કે કોઇ એવું ગામ નહિ હોય જ્યાં આ લાબું કાવ્ય લોકોને કંઠે ન હોય. કારાણીને યાદ કરતાં જેમણે કચ્છીમાં ગઝલનો પ્રારંભ કર્યો એવા એમના સમકાલીન ઇબ્રાહીમ અલ્લા રાખ્યા પટેલ 'મકભૂલ' ને સ્મરવા જ પડે. કચ્છી કાવ્યધારાના અન્ય બળકર વાહકો રાષ્ટ્રવાદી શિવજી દેવશી મઢડાવાળા, 'કચ્છજો કુરુક્ષેત્ર ઝારો'ના સર્જક લાલજી નાનજી જોશીથી માંડી કચ્છીમાં સૂફી પરંપરામાં સર્જન કરનાર કવયિત્રી રતનબાઇનું પ્રદાન મહત્ત્વનું છે, તો ખોજા કવિ સાજન ભગત અજોડ છે.

કચ્છી સાહિત્યમાં જેમનું નામ રાષ્ટ્રગીતના સર્જક તરીકે કોતરાયેલું છે એવા મુરારિ લાલજી વ્યાસે ૧૯૧૨માં "મુંજી માતૃભૂમિ કે નમન" રચના આપી. આ રચનાએ "કવિ નિરંજન"ને અમરત્વ બક્ષ્યું.

### ● આધુનિકતાનો આરંભ : ગીત-ગઝલનો પ્રવાહ

મરાઠી હોય કે ગુજરાતી, કચ્છી હોય કે સિંધી, બધી ભાષાઓના સર્જકોએ પોતાની ભાષાને મબલખ ગીતો આપ્યાં છે. જીવનના વિવિધ ભાવોનું નિરૂપણ, માનવીય સંબંધોની ગૂંથણી, નિસર્ગ સાથેની માનવ મનની એકરૂપતા, આનંદ-વિષાદની અભિવ્યક્તિ અને ઋતુ વર્ણનોથી

*વિચાર એ એક એવું પંખી છે જે સ્વરૂપે પિંજરામાં પાંખ તો પ્રસારે છે પણ ઉડવા માટે અશક્ત છે.*

મઢેલાં ગીતોનાં થાળ ભરાયા. કચ્છી કવિઓ કચ્છી અસ્મિતાના વાહક બન્યા. ગીતોની આ છાબને પોતાની કલમથી સજાવનાર કવિઓમાં કારાણી તો ખરા જ પણ એમના અનુગામીઓની લાંબી હારમાળામાં કવિ તેજ (તેજપાળ ધારશી નાગડા) મોખરે રહ્યા છે. કવિ 'તેજ' ના સંગ્રહો "તેજ જો અવાજ" કચ્છી કાવ્યમાં વગડાનો શ્વાસ લઇ કચ્છીને ઉપવન બનાવનાર બળકટ કલમની નીપજ છે. તેજના વિશાળ વિશિષ્ટ પ્રદાનને અમસ્તા ઉલ્લેખ દ્વારા કેમ મૂલવાય? કાવ્ય કર્મી, કચ્છી ધર્મી "તેજ"નું અજવાળું અનન્ય છે. ગીતોના થાળ ભરી કચ્છી પ્રજા સમક્ષ ધરી દેનાર અન્ય સર્જકોમાં શ્રી માધવ જોષી 'અશ્ક', કમર કચ્છી, વ્રજ ગજકંધ, જયંતી જોષી 'શબાબ', મદનકુમાર અંજારિયા 'ખ્વાબ', ડૉ. વિશન નાગડા, રવિ પેથાણી 'તિમિર', ઉપરાંત ઓસમાન સાટી, હસમુખ અબોટી 'ચંદન', જયંતી ગોર 'જખ્મી', જગદીશ ગોર 'શરમાળ', લીલાધર ગડા, વિશનજી પાલણ 'વસંત', રસિક મામતોરા અને ઇબ્રાહિમ લુહાર 'ગુલશન' એ પોતાની કલમથી કચ્છીને સજાવી છે. "સબધ સૉનજી ખાણ"માં કચ્છી શબ્દોનું બહુપરિમાણી પદ્યાત્મક સર્જન આપનાર લાલજી મેવાડા, "સ્વપ્ન"ની કલમ પદ્ય અને ગદ્યમાં સમાંતર ચાલે છે.

- **ગઝલ ગરિમા :**

ગીત જેટલો જ ને હવે કદાચ વિશેષ ખેડાયેલો કાવ્ય પ્રકાર તે ગઝલ. મકભૂલ અને કારાણી દ્વારા વવાયેલી ગઝલને જ્યારે ઉપર ઉલ્લેખાયેલા ગીત કવિઓએ આશધી ત્યારે એ સોળે કલાએ ખીલી ઊઠી. ગઝલ આરાધકોમાં દીર્ઘસર્જન કાળ દ્વારા કચ્છી ગઝલને સમૃદ્ધ કરવાનું માન તો કવિ "અબ્દ"ને જ મળે. કચ્છી સર્જકોમાં ગઝલ પ્રેમ ઉત્તરોત્તર વધતો જ રહ્યો છે. પબુ ગઢવી "પુષ્પ", હરેશ દરજી "કસબી" અને નેણશી ભાનુશાલી "જાની" જેવાએ ગઝલને પમરાવી છે.

- **અચ્છાંદસનું ખેડાણ :**

સિદ્ધ થયેલ ગઝલને સમાંતર, આધુનિકતાના પ્રભાવમાં વિકસતી કચ્છી સર્જન કળાનો એક વિશિષ્ટ તબક્કો એટલે અચ્છાંદસ કાવ્ય કળાનો કચ્છીમાં વિકાસ. કચ્છી લાઘવને ગઝલની જેમ અચ્છાંદસ પણ કોઠે પડ્યું. ડૉ. ગુલાબ દેઢિયાના "અણોસાર"માં સ્પષ્ટ થયેલી આ વાત સિદ્ધ થઇ મણિલાલ ગાલાના "સંજીરેમેં ધબલ પીરા"માં અચ્છાંદસના ખેલાડીઓમાં અમૃત ગંગરનું નામ વિશેષપણે કચ્છી કવિતાને અતિ આધુનિકતામાં લઇ જવા જાણીતું છે.

- **કાવ્ય કળાનું ભાવિ :**

આજની કચ્છી કવિતા જેના પ્રત્યે મીટ માંડી બેઠી છે એવો ગીત-ગઝલમાં ચમત્કૃતિ દાખવનાર જોડલી છે સાંગા રબરી 'ગમગીન' અને જયેશ ભાનુશાલી 'જયુ' કચ્છી કવિતાના બાગને મહેકાવનાર મહામૂલા સર્જકોને કંઇ આ નાનકડી યાદીમાં સમાવી શકાય?

- **અર્વાચીન ગદ્ય પરંપરા :**

કચ્છી પદ્યથી ભલે નાની રહી પણ છેલ્લી પચ્ચીસીમાં વેગ પકડતી ગદ્ય પરંપરાની વાત મહામૂલી છે.

## ગદ્યનાં મંડાણ

- **નવલિકા સંગ્રહો :**

કચ્છી ગદ્યનો પાયો નંખાયો વીસમી સદીની મધ્યમાં. જેમ કારાણી કચ્છીના અનેક પરિમાણોના ઉદ્‌ઘાટા છે તેમ ગદ્યના પ્રણેતા પણ છે. કારાણીના નાટકોથી વિકસેલા કચ્છી ગદ્યે લાંબો પોરો ખાઇ શ્રી નારાયણ જોષી 'કારાયલ'ની કલમ પ્રસાદીના નવલિકા સંગ્રહરૂપે કદમ ઉપાડ્યાં. કારાયલે કચ્છીને "ખિલજ્યું ગાલિયું" અને "વતન જ્યું ગોલિયું" બે વાર્તા સંગ્રહો આપ્યા. એ પછી શરૂ થઇ હારમાળા સંગ્રહોની! "ખારી ખારી ખન" (ધનજી ભાનુશાલી 'કડકબંગાલી') અને "મિઠો મિઠો નિમ", લંભજો ટાંઢો અને શબદ પિરભ (રમેશ ભટ્ટ "રશ્મિ") ત્રવાટો-લઘુનવલ (ગૌતમ જોષી), ઝરૂખો (હરેશ દરજી "કસબી"), "રત્ત" (માવજી મહેશ્વરી), "સાંભાઇ" અને "પીઆવો" (શિવજી મોઢ "શિવ"), "અરમાન" (છગનલાલ ભાવસાર) અને "અણમોલ મોતી" (હીરાલાલ બાવા).

- **નવલકથા :**

કચ્છીની પ્રથમ નવલકથા "ધાગ" (જટુભાઇ પનિયા) ૧૯૮૬માં પ્રગટ થઇ. એજ વર્ષે "ભેંકાર ભોમકા" (ગૌતમ જોષી) સર્જાઇ. છેલ્લે મળી "ચુકાવો" (સી.ડી. કરમશિયાણી)

- **નાટ્ય સર્જન :**

કચ્છીને એકાંકી સંગ્રહો પણ મળ્યા છે. "ઑખી ધી" (જટુભાઇ પનિયા), "ભિત્ત" (ધનલક્ષ્મી ગડા) અને "મન જો મંચ" (ડૉ. કાંતિ ગોર) એ ત્રણ સંગ્રહોના નાટકો ભજવાતાં થયાં છે. કચ્છી નાટકોની એક મંચન પરંપરા છેલ્લા ૧૮ વર્ષથી અવિરત ચાલી રહી છે એનો યશ મુંબઇને જાય છે. મુંબઇ, કચ્છ, ગુજરાત અને દક્ષિણ ભારતમાં કચ્છીયતનો ઝંડો લહેરાવનાર આ શૃંખલાના રૂપાંતરકાર ડૉ. વિશન નાગડા છે. કચ્છીના ગદ્યની કેડી સ્પષ્ટ થઇ ચૂકી છે. કાલે એ પહોળો માર્ગ બનશે એવી શ્રદ્ધા છે.

ગદ્યના વાર્તા, નવલકથા, નાટ્ય સંગ્રહ જેવા પ્રકારોને સમાંતર આજે કચ્છીને પ્રવાસ વર્ણન "ઇંધરલઠ" (ગૌતમ જોષી), "કુધરતજો જાધુ-કચ્છ" (વિશ્રામ ગઢવી) અભ્યાસમૂલક આસ્વાદ, "આરીસો" મદનકુમાર અંજારિયા, કે નિબંધ સંગ્રહ "રેઆણ જી રંગત" (નેણશીં મીઠિયા) ઉપરાંત પ્રભાશંકર ફડકે જેવા શબ્દમર્મી દ્વારા કાવ્યાસ્વાદ અને વિવેચન લેખન પ્રાપ્ત થઇ ચૂક્યા છે. કવિત, સંગર બેત, દુહા છંદની પરંપરાથી માંડી પ્રયોગાત્મક હાઇકુ મુક્તક અને ગીત-ગઝલ-અચ્છાંદસ સુધી વિસ્તરેલી પદ્ય પરંપરા તથા બાળ આખાણીથી નવલિકા, નવલકથા સુધી વિસ્તરેલી ગદ્યની વિકાસશીલ સર્જન યાત્રા, એ કચ્છી સાહિત્યની મહામૂલી મૂડી છે. આજે કચ્છી પાસે મૌલિક બાળગીતોનો સંગ્રહ (મીં - ડૉ. વિશન નાગડા) છે તો બાળ આખાણીનું (જાતરા : ભારતી ગોર) અતિ લોકભોગ્ય નીવડેલું ગદ્ય સર્જન પણ છે. આવનારી પેઢી માટે આકર્ષણરૂપ આ પ્રકાશનો માત્ર ગ્રાંથિક જ ન રહેતાં ઓડિયો સી.ડી. બની ઘેરઘેર ગૂંજી રહ્યાં છે.

*તમામ કામો મન દઈને કરો, કોઈ કામ નાનું નથી.*

## ● વિસ્તરતી ક્ષિતિજો :

ગદ્ય-પદ્ય પ્રકાશનોનું પરિચાયક પુસ્તક "અખરેંજો ઊજારો" - ૨૦૧૦ (બાબુલાલ ગોર) એ ક્ષેત્રનું પ્રથમ કિરણ છે, તો "કચ્છમિત્ર" - "ધિલજી ગાલ્યું" - ૨૦૦૫ (સંપા. : બાબુલાલ ગોર, ગૌતમ જોશી)માં ગદ્ય પદ્યની વિકાસ યાત્રા વણાયેલી છે. અકાદમીનું નાનું પણ ભાષા સાહિત્ય મૂલ્યાંકનનું અનન્ય પ્રકાશન "સિજજયું સાંખુ" (૨૦૦૮) તથા મુખપત્ર "અંગાર" (તંત્રી : ડૉ. કાંતિ ગોર 'કારણ') આ અકાદમીએ આદરેલા પ્રયત્નોમાં દ્યોતક છે.

કચ્છી પદ્ય-ગદ્યની વિસ્તરતી ક્ષિતિજો એટલે અનુવાદ. કચ્છીનું અન્ય ભાષાઓ સાથેનું આદાન પ્રદાન એના સાહિત્યને પહોળું કરી રહ્યું છે. પદ્ય અને ગદ્ય બંને પ્રકારનાં અનુવાદ આપનાર શ્રી ગૌતમ જોષી, કવિ તેજનો અંગ્રેજીમાં પ્રતિનિધિ સંગ્રહ (Rays of light) આપનાર શ્રી ભુવનચંદ્રજી મહારાજ "ચિન્મય" ઉપરાંત કચ્છીને રાષ્ટ્રભાષા હિન્દી સાથે જોડી આપનાર ડૉ. માધુરી છેડા આ ક્ષેત્રે પ્રવૃત્ત છે.

કચ્છીને એની ભગિની ભાષા સિંધી જોડે સાંકળતી કડી એટલે કલાધર મુતવા દ્વારા કવિ શેખ અયાઝના કાવ્યોનો મળેલો સંગ્રહ "ઘાટ તો ઘૂઘાટ કરે", "ભગવદ્‌ગીતા" સંસ્કૃતમાંથી કચ્છીમાં ન અવતરે તો જ નવાઇ. કચ્છીને મળેલા પાંચેક અનુવાદોમાં ગઢવી વજા ગોપાલજી "વજા ભગત" અને બાબુભાઇ ભાનુશાલીના અનુવાદની ખાસ નોંધ લેવાઇ છે.

મુનિશ્રી નરેશ 'આનંદ'ના લેખ સંગ્રહ 'મધલાર' અને શ્રી ભુવનચંદ્રજી મહારાજ 'ચિન્મય'ની અનુવાદ પ્રક્રિયાએ કચ્છીએ સંસાર ત્યાગીઓના મા બોલી પ્રત્યેના રાગને પ્રગટ કરી એક નવી બારી ખુલ્લી કરી છે.

## ● સંશોધન : વહેતો પ્રવાહ

કચ્છી ભાષા, સાહિત્ય અને લોક સાહિત્યના ક્ષેત્રે ધૂળધોયાનું કામ કરનાર અભ્યાસુઓ આજે પણ સંશોધન પાછળ મંડ્યા પડ્યા છે. 'પિરોલી'ના શ્રી દુલેરાય કારાણીના સંશોધનને 'કચ્છી પરોલીઓ'માં ઉમિયાશંકર અજાણી એક ડગલું આગળ લઇ ગયા તો બાળગીત, બાળ વાર્તાના ક્ષેત્રે અન્ય ભારતીય ભાષાઓને આંબે એવું કાર્ય થયું. કહેવતોની વિશ્લેષણાત્મક લેખ માળાઓ આપનાર ડૉ. વિશન નાગડા કચ્છી ભાષાના બહુપરિમાણી શબ્દકોશ માટે સાથીઓ જોડે કાર્યરત છે. તો હરેશ દરજી "કસભી" અને દેવાણંદ ગઢવી જેવા કહેવતકોશ અને દૃઢિપ્રયોગકોશના નિર્માણપંથે છે. કચ્છી શબ્દોની શક્તિ (અભિધા, લક્ષણા અને વ્યંજના) ના પ્રાગટ્યનો આ કાળ સુવર્ણ બની ઝળહળી ઊઠશે.

## ● કાળ શૃંખલા :

વહન એ ગતિનું બીજું નામ છે. સાહિત્ય સર્જાય પણ એને વાચક-ભાવક સુધી પહોંચાડવા માધ્યમની જરૂર તો પડવાની જ. કચ્છીના વૈવિધ્યસભર વિશાળ સર્જનને એક સામાન્ય કચ્છી માડુના મન સુધી પહોંચાડવા જરૂરી એવી બંનેને જોડતી શૃંખલાઓને સ્મર્યા વિના કેમ રહેવાય?!

અર્વાચીન સાહિત્યના ગદ્ય અને પદ્ય બંનેના વિકાસના ચોક્કસ તબક્કાએ જે પરિબળો કચ્છી સાહિત્યના વાહક બની ઊર્ધ્વીકરણના ખરા નિમિત્ત બન્યાં છે એમાં શ્રી માવજી સાવલા સંપાદિત "કચ્છ કલામ" અનન્ય છે. ૧૯૭૩થી ૧૯૮૪ના ગાળામાં કચ્છીમાં સંશોધન અને વિવેચનની દિશાસૂચક જવાબદારી નિભાવનાર "કલામ" આજના ઉચ્ચકોટિના સર્જકોના સંવર્ધનનું નિમિત્ત પણ બન્યું છે. ૧૧ જૂન, ૧૯૮૧થી આરંભાઇ સતત ચાલતી જયંતી જોષી "શબાબ" સંપાદિત કચ્છ મિત્રની સાપ્તાહિક કટાર "ધિલજી ગાલ્યું" ન હોત તો કચ્છી ભાષાનું ગદ્ય ઘેર ઘેર વંચાતું ન થયું હોત. અનામી સર્જકને આબર (નૈતિક પીઠબળ) અને સર્જનલક્ષી માર્ગદર્શન આપી આ કટારે કચ્છી ગદ્યને સમૃદ્ધ કર્યું છે. નવોદિતની આંગળી ઝાલી શકે એ જ ભાષાને કાંધે ઉપાડી ચાલનારા કર્મવીરોના સંવર્ધનનું નિમિત્ત થઇ શકે. કચ્છીને વૈજ્ઞાનિક સંશોધનની દિશા દેખાડનાર "વાધૉડ" (મણિલાલ ગાલા) અને કુંજલજી કુણકાર (તંત્રી : માધવ જોષી "અશ્ક") કે જેણે ૧૯૯૪થી આજ લગી સત્તર વર્ષથી કચ્છીને પોતીકું અને આગવું સામયિક આપી ઇતિહાસ સર્જ્યો છે એ કચ્છી સાહિત્યની વિકાસ ગાથાના અવિસ્મરણીય માન્યા છે. ઘેલછા વિના વૃદ્ધત્વને આરે ઊભીને મા બોલીનો ઝંડો ક્યાંથી લહેરાવી શકે?

## ● સમાપન :

કાળ પરિવર્તનશીલ છે. પરિવર્તન વિના ભાષા ટકી ન શકે એ સત્ય છે. કાળના ધસમસતા પ્રવાહમાં અન્ય ભાષાકીય આક્રમણો સામે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા કચ્છી સક્ષમ છે. ભગિની ભાષાઓને સહિષ્ણુતાપૂર્વક પોતાના પ્રાંગણમાં સ્થાન આપનાર કચ્છી એનાં બદલાયેલા સ્વરૂપમાં પણ આગવી અસ્મિતા જાળવી શકી છે. કચ્છીની આજ ઉજ્જવળ છે આવતીકાલ આશાસ્પદ છે. જો કચ્છી પ્રાણવાન ન હોત તો લેખનની મર્યાદા અને રાજ્યાશ્રય વિના હજાર વર્ષની દીર્ઘકાળ યાત્રા ક્યાંથી કરી શકી હોત? ઘર ઘરમાં ગુંજતી કચ્છીએ આજે જાહેર મેળાવડા અને રંગમંચની રોનકમાં કાઠું કાઢ્યું છે. કચ્છી સાહિત્ય અકાદમી (ગુજરાત રાજ્ય)ની રચનાથી કચ્છી પ્રકાશન, પ્રચાર, ભાષા સંશોધન અને સંવર્ધનમાં એક વેગ આવ્યો છે. કચ્છી ભાષા સંશોધન, શબ્દકોશ, સાહિત્ય ચર્ચા-વિવેચન અને શિબિરો પ્રત્યે અકાદમી કટિબદ્ધ છે. સરકારી, સહકારી અને સામૂહિક કે વ્યક્તિગત ધોરણે કચ્છી સાહિત્ય-ભાષા અભિયાન ઉત્તરોત્તર વેગવંતુ રહે, કચ્છી ભાષા આવનારી પેઢીઓનો ખોળો ખૂંદતી રહે એવી અભ્યર્થના સાથે-

*હાંઢા ભર, ભર બોઘણાં, ખર્પ વડા જલ બુક*
*પીંધલ માતર ચેં તા તૉંકે, પીઅણૂં આખર ઢુક.*


(હાંડા ભરો, ભરો બોઘણાં કે વળી ખોબા ભરો
પીનારા સૌ કહે છે કે પીવાનો તો આખરે એક ઘૂંટડો જ હોય છે!)

*કોસ્મો હાઉસ, કલીકુંડ મંદિરની બાજુમાં, શાંતાક્રુઝ (પૂર્વ),*
*મુંબઇ-૪૦૦ ૦૫૫. ફોન : ૨૬૧૨૧૮૦૮, મો. ૯૮૨૦૪ ૫૬૮૯૯*

*ક્યાંક મૂંઝવણ થાય તો તમારું દિલ કહે તેમ કરો.*

# કચ્છમાં સિંધી સાહિત્ય

• ડૉ. જેઠો લાલવાણી •



**શ્રી જેઠો માધવદાસ લાલવાણી**નો જન્મ ૧૯૪૫માં થયો. તેઓ M.A., Ph.D. થયા. તેઓએ બન્ની વિસ્તારના સિંધી લોકગીતો પર સંશોધન કર્યું. તેઓ અધ્યયન કાર્ય ઉપરાંત અનુવાદ કાર્ય, કાર્યક્રમનું આયોજન, લેખન અને શોધ કાર્ય ઉપરાંત પત્રકારત્વ મુખ્ય રસના વિષયો રહ્યા છે. સિંધી સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષપદે કાર્ય કરે છે. તેઓની અભિરુચિ નાટક, પઠન-પાઠન, પરિસંવાદોમાં હિસ્સેદારી તેમજ સામાજિક કાર્યકર્તા તરીકેની છે. તેઓએ સિંધીભાષા ઉપરાંત ગુજરાતી ભાષામાં પણ સારું ખેડાણ કરેલ છે. તેઓ 'સ્ટેજ' (ત્રિમાસિક), 'કલી' (માસિક), 'ઝલક' (સાપ્તાહિક) અને 'અદબી ચમન' (વાર્ષિક)ના તંત્રીપદે છે.

- **કચ્છમાં સિંધી ભાષા :**

કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્રનાં પ્રાચીન સમયથી ભૌગોલિક, ઐતિહાસિક, સાહિત્યિક, સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. સિંધમાંથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવી વસેલી કેટલીક પ્રજાઓ અને રાજ્ય સત્તાઓએ પહેલાં કચ્છમાં જમાવટ કરી અથવા કચ્છમાંથી પસાર થઇ કચ્છ તેમજ સૌરાષ્ટ્રમાં પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું છે. તેથી સિંધનાં રીતરિવાજ અને રહેણી-કરણીના સંસ્કાર કચ્છમાં ખાસ કરી તેના પશ્ચિમ ભાગ પર સિંધી સંસ્કારની પડેલી છાપ તેના અસલ સ્વરૂપમાં સ્પષ્ટપણે દેખાઇ આવે છે.

ગુજરાત અને સિંધ બન્નેના સંસ્કાર સમન્વયની અસર તળે કચ્છને પૂર્વ, મધ્ય અને પશ્ચિમ ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવેલ છે. મધ્ય વિભાગમાં કચ્છનાં કંઠી, મેઆણી, પાવર અને બન્ની જે કુદરતી વિભાગો છે તેનો સમાવેશ થાય છે.

સિંધમાંથી આવેલા સમા અને સુમરા સત્તાઓની છાપ ત્યાં કાયમી બને છે. કચ્છમાં સામાજિક સ્થિતિ પર વખતોવખત થયેલી રાજકીય ઊથલપાથલોની અસર તળે સિંધી, રાજસ્થાની અને ગુજરાતીના સંમિશ્રણ જેવી લાગતી 'પ્રાકૃત'ની અસરવાળી વિશિષ્ટ કચ્છી બોલી કચ્છમાં બોલાય છે.

સિંધ-કચ્છના પ્રાચીન સમયથી સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે. કચ્છમાં ધોળાવીરા, દેશલપુર, ગુંતલી, શિકારપુર, પાબુમઠ, નાની રાયણ વગેરે સ્થળોએ સિંધુ સંસ્કૃતિના પુરાવાઓ પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યા છે. ભૌગોલિક દૃષ્ટિએ આ સ્થળો એકબીજાથી દૂર હોવા છતાં પણ તે સિંધના 'મોહેન જો દડો' અને 'હડપ્પન' સંસ્કૃતિના સ્થળો સાથે આવન-જાવનનાં સૂચક છે.

કચ્છ હિંદુ-મુસલમાન એકતાનો સાક્ષી રહ્યો છે. કચ્છમાં નારાયણ સરોવર જેનું ભારતના તીર્થ સ્થાનોમાં ઘણુંજ મહાત્મ્ય રહ્યું છે, તે સિંધુ મુખ ગણાય છે. પ્રાચીન સમયથી સિંધનાં સિંધીઓ પોતાનાં પૂર્વજોનાં અસ્થિ વિસર્જન કરવા અહીંયાં આવતા રહ્યા છે.

ઋગ્વેદ કાળની સિંધુ નદીનો વહન માર્ગ જેમ જેમ બદલાતો ગયો તેમ તેમ તેની સંસ્કૃતિ પણ ક્યાંક નામશેષ થતી ગઇ તો ક્યાંક વિકસતી ચાલી. કચ્છના રણ પ્રદેશનો પચ્છમ ખડીર, બેલાને બન્નીનો આ પટ સિંધુ-સંસ્કૃતિની અસરથી સભર રહ્યો છે. પ્રાકૃતિક ઊથલપાથલનાં કારણે પલટાયેલી ભૂમિમાં ધર્મ બદલ્યા છે છતાં આજે પણ બન્ની પ્રદેશમાં પ્રકૃતિ પુત્રો, પશુપાલકો બન્નીની ભૌગોલિક પ્રકૃતિને અનુરૂપ પોતાના જીવન વ્યવસાય ખેડી રહ્યા છે.

૮૨૮ ચોરસ માઇલ બન્નીનો વિસ્તાર જેમાં ૪૦ "વાંઢ" અથવા "ઝીલ" આવેલી છે ત્યાંના ભેણી-ભુંગામાં જત, રાયસી, હાલો, પૌત્રા, મુતવા, નોડે, હીંગોરજા, બંભા, કુરાર, સુમરા, સમા, જુણેજા વગેરે માલધારીઓ વસવાટ કરે છે. ભીરંડિયારા, ભોજરડો, ડુમાડો, ગોરેવાલી, મીશરીઆડો, બન્નીના મોટા ગામો છે જ્યાં વધુ સંખ્યામાં આદિ સિંધી જાતિના, કબીલાઓનો વસવાટ છે. સિંધુ સંસ્કૃતિના સૃષ્ટિ - સૌંદર્યને જીવનમાં સાચવીને રાખ્યું છે.

કચ્છમાં મેઘવાળ, સમા, ભણશાળી, લોહાણા વગેરે કોમોની રહેણી-કરણીમાં પ્રાચીન સિંધુ સંસ્કૃતિના સામાજિક રીત-રિવાજોનાં દર્શન થાય છે તેમજ ધાર્મિક અવશેષો જળવાયેલા જોવા મળે છે.

કચ્છમાં પ્રચલિત દંત કથાઓ, લોક વાતો, લોક ગીતો, દુહા સાહિત્ય, લોક સાહિત્ય પરંપરાનાં ઘણા મહત્ત્વના તત્ત્વો, કલા સંસ્કારો સિંધી ભાષામાં પણ મળી આવે છે. "સિંધી કાફી" કચ્છની અતિ લોકપ્રિય લોક હૃદયોમાં છવાયેલી છે. તેનું સંગીત એથી વધારે વિસ્તારવાળું એટલે ભિન્ન ભિન્ન દેશી પ્રકારોનું બનેલું છે.

સિંધ પ્રાંતમાંથી કચ્છમાં આદિ સિંધી

*હતાશ ન થવું એ સફળતાનું મૂળ છે અને તેજ પરમ સુખ છે.*

જાતિઓ, કબીલાઓની અવર-જવર ભાગલા પહેલાંથી જ રહી છે. ભાગલા પછી ૧૯૪૭માં મોટી સંખ્યામાં સિંધી સમુદાયે, હિજરત કરીને ગુજરાત, સૌરાષ્ટ્ર, તેમજ ભારતના બીજા અનેક શહેરો, નગરોમાં આવીને વસવાટ કર્યો.

કચ્છના મહારાવે ભાઈ પ્રતાપના નેતૃત્વમાં સિંધી નિર્વાસિતોના કાયમી વસવાટ માટે, જમીન દાનમાં ફાળવેલ અને આદિપુર, ગાંધીધામ શહેરો નિર્માણ થયા. ભાગલા પછી ઘણા સિંધીઓએ આદિપુર, ગાંધીધામ, અંજાર, ભુજ તથા કચ્છના અન્ય ગામોમાં વસવાટ કર્યો અને તે શહેરોમાં સિંધી ભાષાનો પ્રસાર થયો.

૧૯૭૧ની ભારત પાકિસ્તાન લડાઈ વખતે ઘણા હિંદુ કબીલાઓ વિશેષ કરીને સોઢા જાતિના લોકોએ કચ્છમાં વસવાટ કર્યો અને ત્યાંથી પછી ગુજરાત, રાજસ્થાન તથા ભારતના અન્ય શહેરોમાં વસ્યા છે.

સિંધી-ભાષા સાહિત્યના વિકાસ માટે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑફ સિંધોલોજી આદિપુરમાં સિંધી ભાષા ખોજ કેન્દ્રની સ્થાપના થયેલ છે. કચ્છ યુનિવર્સિટીમાં સિંધી ભાષા ઉચ્ચ શિક્ષણ માટે માન્ય ભાષા છે. ભુજ આકાશવાણીથી સિંધી કાર્યક્રમ પ્રસારિત થાય છે જેમાં સિંધી સાહિત્યના વિવિધ સ્વરૂપોનો સમાવેશ કરવામાં આવે છે.

સિંધી લોક સાહિત્ય - સિંધી વિચારોને વ્યક્ત કરનારી ધમકભરી બોલી છે. તેના વિવિધ લહેકા છે. લોક હૃદયના ભાવની અભિવ્યક્તિ માટે સિંધી ભાષા મર્માળી અને સચોટ છે. સિંધીને લિપિ છે. તેમાં સાહિત્ય લખાય છે. કચ્છમાં સિંધી લોક સાહિત્ય કંઠસ્થ રહી જીવંત રહ્યું છે. લોકજીભે આધુનિક યુગ સુધી રમતું રહ્યું છે. કચ્છની સિંધીમાં લોક સાહિત્યના તમામ આદરપાત્ર પ્રકાર જોવા મળે છે. સિંધી લોક સાહિત્ય ઘણુંખરું પદ્યમાં છે અને પરંપરાથી ચારણો, ભાટો, વાર્તાકારો, સુઘળો, ભગતો, ભજનિકો, લોક સાહિત્યની અસલ સામગ્રીથી કચ્છનાં સિંધી લોક વ્યવહારને રસમય રાખતા રહ્યા છે. સામાન્ય જન સમુદાયના આચાર-વિચાર, વાણી વર્તન, રીત-રિવાજ, વ્યવહાર જ્ઞાનને વાચા આપતા રહ્યા છે. કચ્છના સિંધી લોક સાહિત્યનાં મહત્ત્વના અંગો છે : ભજન, કાફી, દુહા, લોક ગીતો, લોક વાર્તાઓ, ઉખાણા, ગુઝારતું વગેરે. આ પ્રકારોમાં ઇતિહાસ, વાર્તા, વાતાવરણનો સમાવેશ થયેલ છે. આકર્ષણ છે તેમજ આનંદ આપવાની શક્તિ છે.

સિંધી લોક કથાઓ કે કથા ગીતોમાં પ્રાચીન સૂફી પ્રેમ શૌર્યની વાતો મોખરે છે. પાત્ર પ્રધાન હોય કે પ્રસંગ પ્રધાન પણ તેના નિરૂપણની પ્રવૃત્તિઓનું મૂળ પ્રણય જ છે. રસભરી અમર પ્રેમ કથાઓમાં લીલા ચનેસર, ઓઢોજામ અને હોથલ પદમણી, લાખો ફૂલાણી, રાણો મહેન્દ્ર અને મૂમલ, સસઇ-પુનૂંહ, સુંહિણી મેહાર વગેરે માનવ સ્વભાવનાં વિવિધ ભાવોને સ્પર્શ કરતી લોક હૃદયને કરુણ તથા શૃંગાર રસથી ઝણઝણાવી મૂકે છે. ગ્રામીણ સિંધી લોક સમુદાયના જીવન બળનો જુસ્સો પણ તેના શબ્દે-શબ્દે તરવરે છે. કચ્છમાંની "લંગા જાતિ" રાજિયા જેવો એક વિરલ પ્રકાર જાળવ્યો છે. લંગા જાતિના શહનાઈ, ઢોલ અને નૌબતવાદન અતિ સુંદર છે. વાદનની સાથે સિંધી લોક ગાથાઓનું તેઓ ગાયન કરે છે.

સિંધી લોક સાહિત્યનું પુરાણું અંગ તેના ભજનો છે. કચ્છમાં સિંધીઓ, લોહાણા ઇષ્ટદેવ ઝુલેલાલ, દરિયાલાલ જેને રતનાણી રાજા પણ કહેવામાં આવે છે તેમજ પીરપિથોરોની પૂજા, અર્ચના કરે છે. મેળાઓ ભરાય છે જ્યાં ભક્તિ ભાવની સાથે ભજનિકો જીવનનું રહસ્ય ઉકેલતી અને ભક્તિરસથી ભરપૂર સંતવાણીની પરંપરા વહેતી રહે છે.

સિંધી ભાષાને જેણે હકીકી પ્રેમનાં રંગે રંગીને, શણગારીને અને આધુનિક યુગમાં પણ જેના બેતો, કાફીઓ સિંધની અને કચ્છની જનતાને પ્રેમ મસ્તીમાં તરબોળ કરી દે છે એવા સૂફી સંત કવિશ્રી શાહ અબ્દુલ લતીફ ભિટાઈ સિંધ તથા કચ્છનાં સરતાજ મસ્ત શાયર હતા. સિંધ પ્રદેશના તેઓ શાયર સમ્રાટ હતા. સંત અને શાયરનું જે વ્યક્તિમાં સંમિલન થાય છે તે વ્યક્તિ અતિમાનવ બની જાય છે. સિંધના લોક સાહિત્યની સાથે કચ્છનાં લોક સાહિત્યનાં ક્ષેત્રને આ અતિમાનવે પોતાના અમર સાહિત્યથી સર કરી લીધું છે.

શ્રી દુલેરાય કારાણીએ "કચ્છના સંતો અને કવિઓ" (૧૯૮૮)નાં પુસ્તકમાં "સૂફી સંત શાહ લતીફ"ની સૂફી કવિતાઓ બેતોનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે. બેતો સિંધી ભાષામાં આપેલ છે. ગુજરાતીમાં ભાવાર્થ આપેલ છે.

શ્રી દુલેરાય કારાણીએ "રસાલો શાહ અબ્દુલ લતીફ ભિટાઈ જો" (૧૯૭૯)નો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને શાહ સાહેબ જેવા સૂફી સંતની અનુભવ વાણીનો લાભ કચ્છ-ગુજરાતને આપ્યો છે. શ્રી કારાણીએ શાહનાં ૩૬ સુરોનો આ રસાલામાં સમાવેશ કર્યો છે શાહ લતીફે આખી જિંદગી સાહિત્ય-સેવન અને સત્ય-સંશોધનમાં જ વિતાવી હતી. શાહ લતીફ રંગ, રાગ, ગાન, તાન, કવન, વાદન વગેરે લલિત કલાઓનાં જ્ઞાની હતા. જેવા તે અદ્વિતીય શાયર હતા તેવા તે ગાયક પણ હતા. શાહ લતીફે સિંધ અને કચ્છની પ્રેમ કથાઓના પાત્રો સસઇ-પૂનુંહ, સુહિણી-મેહાર, રાણુંમૂમલ, લીલા ચનેસર, ઉમર-મારઇ વગેરે ને એમણે ભાવનામય બેતો અને કાફીઓમાં ગૂંથી લીધા છે કે, લોક હૃદયમાંથી તે કદી લુપ્ત થાય તેમ નથી. શાહ લતીફ ફિલસૂફી અને શાયરીના એવા રંગે રંગાઈ ગયા હતા કે લોકો એમને "ભિટાઈ ઘોટ"ના નામથી ઓળખે છે. ઘોટ એટલે લાડો-વરરાજા. રિસાલોમાં બેતો મૂળ સિંધી ભાષામાં, ભાવાર્થ ગુજરાતી ભાષામાં આપેલ છે.

શ્રી દુલેરાય કારાણીએ તેમના પુસ્તક "કચ્છનું વિવિધ લક્ષી લોક સાહિત્ય" (૧૯૭૯) માં પણ શાહ ભિટાઈનું લોક સાહિત્યમાં શાહના બેતોનું સિંધીમાં સમાવેશ ભાવાર્થ ગુજરાતીમાં આપેલ છે. લોક સાહિત્યને મહાસાગર ગણવામાં આવે છે. કચ્છના વિશાળ લોક સાહિત્યમાં "શાહ"ના સિંધી લોક સાહિત્ય, બેતો, કાફીઓનું સિંધીમાં સમાવેશ કરવામાં આવ્યું છે. શાહની લોક કથાઓ કચ્છનાં લોક હૃદયના ખૂણામાં જળવાઈ રહી છે અને ફરી ફરીને પ્રકટ થતી રહી છે.

કવિવર શાહ લતીફે નારાયણ સરોવર તેમજ કોટેશ્વરનાં કુંડવિષે જણાવે છે કે

***"નહાય જે નારાયણ સર, સમરે હિકડે સા,***
***ઓડો આય અલ્લા, કોટેશ્વર જે કુંઢતે."***

*ભજનથી સુખ પ્રાપ્તિ અને દુઃખથી છુટકારો મળે છે.*

જે નારાયણ સરોવરમાં સ્નાન કરે છે અને એક શ્વાસે સ્મરણ કરે છે તેને માટે અને કોટેશ્વરના કુંડમાં સ્નાન કરનારને માટે પરમાત્મા દૂર નથી, નજીક છે.

શાહ સાહેબે બન્ની વિશે પણ લખ્યું છે.

કચ્છમાં શાહના બેતો, કવિતાઓ, કાફીઓને લગતી એક હસ્તપ્રત નખત્રાણા તાલુકાના ગામ નાના ભીટારામાં પ્રિતોજત પાસે ૧૯૧૫ હિજરી સન ૧૩૩૬ની સચવાયેલી છે. એ હસ્તપ્રતની એક નકલ શ્રી દાઉદપોટા સિંધ લઇ ગયા હતા અને તેના આધારે "શાહનો રસાલો" પ્રકાશિત કરેલ છે. આજ હસ્તપ્રતને આધારે ૧૯૮૦-૮૧ વર્ષમાં સિંધમાંથી ફકીર ઇમદાદ અલીસરાઇની સાથે ત્રણ ફકીરો કચ્છની મુલાકાતે આવેલ અને બન્ની-કચ્છમાં શાહની બેતોનું સંશોધન કરેલ તેમજ હસ્તપ્રત જેમાં અંદાજે ૧૫૬૮૯ બેતો સચવાયેલી છે, તેમાંથી અમુક બેતોનું સમાવેશ કરતું પુસ્તક "અમુલહ અણતોરિયા" (શાહની બેતો), "કદમ કાર્પિડિયુનિ જા" (કચ્છ પ્રવાસનાં વૃતાંત સાથે) ૧૯૮૭ માં પ્રકાશિત થયેલ છે.

શાહ એક અજોડા સૂફી સંત હતા. તેઓ પ્રેમ અને જ્ઞાનના મૂર્ત સ્વરૂપ હતા. આત્મ જ્ઞાન માટે એમણે સિંધ, કચ્છ, ગુજરાત, રાજસ્થાન, બલૂચિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પરિભ્રમણ કર્યુ હતું. રસાલોમાં સત્ય અને શાંતિનો રસ્તો બહારના જગતમાંથી પ્રાપ્ત થતો નથી વ્યક્તિની અંદર જ એ માર્ગ રહેલો છે. શાહની સાધનાનું મુખ્ય અંગ મનના ઉન્માદને આત્મભાવમાં લઇ કચ્છનાં સિંધી લોક કવિઓ આજે પણ રચનાઓ કરી રહ્યા છે.

કચ્છનાં મૂર્ધન્ય વિદ્વાન અબવાલહસન જે મંધિરો જાતિનો હતો તેમણે સિંધીની સૌપ્રથમ હાલની સિંધીની બારાખડી તૈયાર કરી. તે પહેલાં સિંધી દેવનાગિરીમાં લખાતી. અંગ્રેજોએ સિંધી ભાષા માટે નવી બારાખડી તૈયાર કરાવી તે પણ સંપૂર્ણપણે અબવાલહસનની તૈયાર કરાવેલ સિંધી બારાખડી પ્રમાણે જ છે. કેવળ તેમના શબ્દોના સ્થાનક્રમમાં અમુક ફેરફાર કરવામાં આવ્યો હતો. અબવાલ હસન કચ્છના નળિયા ગામનો વતની હતો. આજની સિંધી લિપિ હસનની આભારી છે. કચ્છના મામૈદેવ જેને સિંધમાં મામુઇ ફકીર, સામુઇ સંત પણ કહેવાય છે તેઓને સિંધી કચ્છી લોક સાહિત્યમાં ભવિષ્ય વેત્તા માની લેવામાં આવ્યા છે. મામૈદેવની ભવિષ્યવાણી જે અગમવાણીના નામે ઓળખાય છે, સિંધી ભાષાના લોક સાહિત્યના પુસ્તકોમાં પણ અગ્રક્રમે છે.

ભારતના ભાગલા પહેલાં સિંધ-કચ્છનાં લોકો વચ્ચે સંપર્કો રહ્યા છે. તે સમયે પણ કચ્છનાં વિદ્વાનો, સિંધી કચ્છી લોક સાહિત્યના મૌખિક પરંપરાને જીવંત રાખનાર છે : સર્વશ્રી રાવી, અલ્લહડિનો સોનારો, બોલો નહિડિયો, મિઠૂ નહિડિયો, હકીમ સિદીક સૂમરો, લોંગ ફકીર સોલંગી, અલ્હબચાયો મંગણહાર, અહમદ સૂમરો, ફોટો મંગણહાર, નબી બક્ષ શાહ, મેવો મંગણહાર, અબ્રાહીમ મંગળહાર, હાજીબાવા આરખાણી, મુહમ્દ તાલિબખટી, ઉમ્મર મથલાઇ, ઉસ્માન રાજુ, ઉસ્માન સપૂં, મોલવી જોણેજો, મોલવી હકાની મોહમદ ઉમર સહડાટ વગેરે. આ વિદ્વાનોની કચ્છના સિંધી લોક સાહિત્ય મૌખિક પરંપરાને સિંધમાં ભાગલા પહેલાં તથા ભાગલા પછી, મુદ્રિત કરવામાં આવેલ છે. શ્રી મોહમ્મદ સોમાર શેખે "કચ્છિયુનિ જા કૌલ" ૧૯૭૭માં પુસ્તક પ્રકાશિત કરેલ છે, જેમાં કચ્છનાં સિંધી લોક સાહિત્યનાં વિવિધ રૂપોની સાથે કચ્છના સિંધી કવિઓ તેમજ લેખકોની કૃતિનો પણ સમાવેશ કરેલ છે.

ભારતમાં ગુજરાત સિંધી સાહિત્ય અકાદમી પ્રથમ રાજ્ય અકાદમી છે જેમણે કચ્છ-બન્નીનાં સિંધી લોક સાહિત્યનાં સંરક્ષણ, સંવર્ધન, મુદ્રણ, સંપાદન તમજ પ્રકાશનની યોજના સિંધી લોક સાહિત્ય વિદ્વાન ડૉ. પરસો ગિદવાણીની પ્રેરણાથી તેમજ લોક સાહિત્ય વિદ્વાન તે સમયના ઉપાધ્યક્ષ ડૉ. જેઠો લાલવાણીના નેતૃત્વમાં ૧૯૮૯માં તૈયાર કરી સિંધી લોક સાહિત્યના અનેક પુસ્તક પ્રકાશિત કરેલ છે.

કચ્છનાં સિંધી લેખકોએ વાર્તાઓ, નાટકો, કવિતાઓ, ઉપન્યાસ, નિબંધો, વિવેચનાત્મક પુસ્તકો, તેમજ સિંધી-કચ્છી ભાષાને લગતા પુસ્તકો પુષ્કળ પ્રમાણમાં પ્રકાશિત કરેલ છે. રાજ્ય તેમજ ભારત સરકારનાં તેમજ કેન્દ્રીય સાહિત્ય અકાદમી, રાજ્ય અકાદમીઓનાં પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે.

*"માધવવન", ૩૭, આદિત્ય બંગ્લોઝ,*
*આવાસ પાર્કની અંદર,*
*નોબલનગર પાસે, કુબેરનગર,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૦.*
*ફોન : ૨૨૮૧૩૩૧૨, મો. ૯૮૭૯૫૬૩૩૧૨*

## એ શીંગ-ચણાના દાણા!

મારી મા કહેતી હતી કે, "દીકરીઓ તો નસીબદારના ઘરે જ હોય." અને રૂમાએ મને મોડેમોડેય નસીબદાર ઠેરવ્યો હતો. બે દીકરાના જન્મ પછી દીકરી રૂમા જન્મી હતી.

રૂમા નાનપણમાં ઘરઘર રમતી. નાનાં નાનાં વાસણોથી પોતાનું અલાયદું રસોડું સજાવતી. મારા માટે એ એકલા પાણીની ચા બનાવતી ત્યારે આસપાસ ઘણું ઢોળાતું. ઘરમાં કચ્ચરઘાણ કરવા બદલ નજમા એને વઢતી, ત્યારે હું રૂમાના હાથની બનાવેલી જૂઠમૂઠની ચા ટેસથી પીતો!

રૂમા સ્કૂલે જતી ત્યારે પોતાના નાસ્તામાંથી થોડો ભાગ બચાવી શીંગ-ચણાના પાંચ-પચીસ દાણા પોતાના ફ્રોકના ટચુકડા ખીસામાં ઘરે લઈ આવતી અને મારી સામે ધરતી, ત્યારે મારાથી એને કપાળે ચૂમીઓ થઈ જતી.

રાતના ઓફિસેથી હું પાછો ન આવું ત્યાં સુધી રૂમા જમતી નહીં. હું એને સમજાવવાની કોશિશ કરતો : "બેટા! મારે કામ હોય તો ઓફિસે મોડુંય થઈ જાય. તું મમ્મી ને ભાઈઓ સાથે જમી લેતી હોય તો....! તું ભૂખી કેમ રહે છે?"

"હું ક્યાં ભૂખી રહું છું, પપ્પા?" એ જવાબ આપતી. "તમે આવતા નથી ત્યાં સુધી મને ભૂખ જ નથી લાગતી ને!"


અને હું કાંઈ બોલી શકતો નહીં.

***– ભોલાભાઈ ગોલીબાર***
***સાભાર : "નારીજીવનની વાચનયાત્રા"***

*ભગવાન જે કંઈ કરે છે અને કરશે તેમાં જ તમારું હિત છે એવો વિશ્વાસ રાખો.*

# કચ્છનાં વિશિષ્ટ વ્યક્તિત્વો

● હરેશ ધોળકિયા ●



**શ્રી હરેશભાઈ ધોળકિયાએ** બી.એ., બી.એડ. પછી કેળવણી ક્ષેત્રે ખૂબ સુંદર સેવા આપેલી છે. વી.ડી. હાઈસ્કૂલમાંથી ૧૯૯૧ના નિવૃત્ત થયા બાદ જુદી જુદી કેળવણી વિષયક સંસ્થાઓમાં સેવા આપે છે. તેઓ "શિવામ્બુ" તેમજ "જીવન સુધા" ગુજરાતી સામયિકના તંત્રીપદે છે. ઉપરાંત "ઘડીક સંગ" નામથી કચ્છમિત્રમાં સાપ્તાહિક કોલમ લખે છે. અત્યાર સુધીમાં ૯૪ જેટલાં પુસ્તકો જુદા જુદા વિષયો ઉપરના પ્રસિદ્ધ થયા છે. જેમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના પુસ્તકનો અનુવાદ "અગનપંખ" તેમજ "અંગદનો પગ" મુખ્ય છે. કચ્છનાં ઈતિહાસ તેમજ વિકાસ સંદર્ભના તેમના વિવિધ ક્ષેત્રોના અભ્યાસપૂર્ણ લખાણો નોંધપાત્ર છે.

તેઓના શોખમાં વાંચન, લેખન, સંગીત વગેરે મુખ્ય છે.

કોઇ પણ પ્રદેશ તેની બે ખાસિયતોના કારણે જાણીતો થતો હોય છે. પ્રથમ હોય છે તેની ભૌગોલિક વિશિષ્ટતા. પ્રાકૃતિક સૌંદર્ય કે પ્રાકૃતિક તકલીફોના માધ્યમથી તે પ્રદેશ અલગ પડતો હોય છે. ઉદાહરણરૂપે કાશ્મીર કે સ્વીટ્ઝરલેન્ડ બર્ફીલાં સૌંદર્યથી જાણીતાં છે, તો ઇજિપ્ત સહરા રણના કારણે જાણીતું છે. તો બીજી વિશિષ્ટતા હોય છે ત્યાં થયેલ વિશિષ્ટ વ્યક્તિઓ. એ પ્રદેશ એવી વ્યક્તિઓને પ્રગટાવતો હોય છે જેઓ સ્થાનિકે અથવા રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી થતી હોય છે. પ્રદેશ તેના ઇતિહાસમાં જેટલા આવાં વ્યક્તિત્વો આપે છે, તેટલો તેને સમૃદ્ધ માની શકાય - ભલે કદાચ તે ભૌતિક રીતે સમૃદ્ધ ન પણ હોય!

આ સંદર્ભમાં કચ્છને તપાસીએ. ભૌગોલિક દૃષ્ટિએ તે પણ તકલીફવાળા પ્રદેશમાં આવે છે. અનેક પ્રાકૃતિક તકલીફો આવતી જ રહે. સાથે તેના ઇતિહાસ પર નજર કરીએ, તો ઇતિહાસના લાંબા પટમાં અનેક વિશિષ્ટ વ્યક્તિત્વો જોવા મળે છે. ભૌતિક અને પ્રાકૃતિક તકલીફો વચ્ચે જીવતી પ્રજા આટઆટલા લોકો આપી શકે તે નવાઇ પમાડે.

કચ્છમાં પ્રસિદ્ધિ મેળવેલ અનેક વ્યક્તિઓ થઇ છે. તેની યાદી ઘણી મોટી થઇ શકે. પણ તે બધામાં પણ વિશિષ્ટ વ્યક્તિઓ કઇ તે જાણવું રસપ્રદ બને. આ વિચાર કરીએ ત્યારે ''વિશિષ્ટ''નો માપદંડ શું તે પણ નક્કી કરવું પડે. તેના અનેક માપદંડો હોઇ શકે અને તે દરેકના સંદર્ભમાં વિશિષ્ટ વ્યક્તિઓ જોવા મળે. અહીં માપદંડ રાખીએ ''વિકાસ''નો. કચ્છના ઇતિહાસમાં જે વ્યક્તિઓએ કચ્છનાં કોઇ પણ ક્ષેત્રમાં વિકાસ કરવાનો પ્રયાસ કર્યો હોય તેને વિશિષ્ટ માની શકાય. બીજો માપદંડ એ રખાય કે કદાચ એ વ્યક્તિએ કચ્છમાં કામ ન કર્યું હોય, તો તેના કામની ગુણવત્તા એટલી ઊંચી હોય કે તેને પરિણામે કચ્છ પ્રસિદ્ધ થયું હોય.

આ બે માપદંડના આધારે થોડાં વ્યક્તિત્વો તપાસીએ.

તેમાં પણ બે વિભાગો કરી શકાય. કચ્છના કયા રાજવીઓ વિશિષ્ટ વ્યક્તિઓ થયા. સાથે સામાન્ય જનતામાંથી કયા લોકો વિશિષ્ટ વ્યક્તિઓ થયા. રાજાઓ, મોટા ભાગે, સ્થાનિક વ્યક્તિઓમાં આવશે. બીજામાં પાછા ત્રણ પ્રકારના લોકો આવી શકે છે. (૧) સ્થાનિકે કામ કરેલ હોય. (૨) સ્થાનિકના - પણ બહાર ગયેલા. (૩) બહારના પણ કચ્છમાં કામ કર્યું હોય. આ બધાની યાદી પણ, કદાચ, મોટી થઇ શકે, પણ અહીં કેવળ ''વિકાસ'' અને ''ગુણવત્તા''ના આધારે થોડાને જ તપાસીએ.

## રાજવીઓ

● **રાવ ખેંગારજી પહેલા (૧૫૧૦-૧૫૮૬) :**

કચ્છમાં રાવ ખેંગારજી પહેલાં પણ અનેક રાજાઓ થઇ ગયા છે અને તેમાંના ઘણા પરાક્રમી પણ હતા. પણ રાવ ખેંગારજી પહેલાને વિશિષ્ટ એ રીતે માની શકાય કે તે પ્રથમ રાજા હતા. જેમણે કચ્છમાં પ્રથમ વ્યવસ્થિત રીતે રાજગાદી સ્થાપી. આખા કચ્છ પર રાજ્ય કરવું શરૂ કર્યું. કચ્છને કાયમી પાટનગર આપ્યું. કચ્છમાં પ્રથમવાર સુવ્યવસ્થિત વહીવટ શરૂ કર્યો. તેમનાથી ''જાડેજા'' રાજવંશ ચાલુ થયો. જે છેલ્લે સુધી ચાલુ રહ્યો.

● **દેશળજી પહેલા (૧૭૧૯-૧૭૫૨) :**

રાવ દેશળજી પહેલાએ વ્યવસ્થિત કિલ્લેબંધી કરી. તેમણે અમદાવાદના સુબા શેરખાનને હરાવ્યો. રાજ્યની નાણાકીય આવક વધે તેના પ્રયાસ કર્યા. ચાંચિયાનો ત્રાસ અટકાવવા ''કચ્છી ગઢ'' બંધાવ્યો. તેમની રાજનીતિ કુશળ હતી. સાથે તે પ્રજામાં પણ ખૂબ લોકપ્રિય થયા હતા અને ''દેસરા પરમેસરા'' તરીકે જાણીતા થયા હતા. તેમની ન્યાયી વૃત્તિ, સર્વધર્મ સમભાવના વખાણ થયાં હતાં. તેમના સમયમાં કચ્છમાં ઐક્યની ભાવના સ્થિર થઇ હતી. સંત મેકણે પણ તેમની પ્રશંસા કરી હતી.

*જુઠ્ઠું બોલીને મિત્ર બનાવવા કરતાં સત્ય બોલીને શત્રુ બનાવવા અધિક સારું છે.*

● **રાવ લખપતજી (૧૭૫૨-૧૭૬૧) :**

કચ્છના રાજાઓમાં તે ખૂબ પ્રસિદ્ધ થયા છે. તેમની ગણના દીર્ઘદૃષ્ટા અને શક્તિશાળી રાજવી તરીકે થઇ છે. તેમણે પ્રથમવાર કચ્છમાં કાયદેસર કોર્ટની સ્થાપના કરી. મોગલ શહેનશાહને પણ મદદ કરી હતી જેને કારણે તેણે તેમને "મિર્ઝા મહારાવ"નો ખિતાબ આપ્યો હતો. પણ આ બધા કરતાં પણ તે જાણીતા છે એક કલાકાર અને સાહિત્યપ્રેમી તરીકે. રામસિંહ માલમ નામના એક બુદ્ધિશાળી વ્યક્તિની મદદથી તેમણે કચ્છમાં શિલ્પકામ, મીનાકામ, ઝવેરાત, ધાતુ ગાળવાનું કારખાનું, તોપ બનાવવાનું કારખાનું, કાચ બનાવવાનું કારખાનું, ઘડિયાળ બનાવવાનું કારખાનું વગેરે અનેક ઉદ્યોગો શરૂ કર્યા હતા. કચ્છમાં જાણે ઔદ્યોગિક ક્રાંતિ જ તેમણે લાવી દીધી હતી. તે સાથે તેમણે વિદ્યાઓ શીખવા હુન્નર શાળા પણ સ્થાપી હતી. પોતે પણ સાહિત્યકાર હતા. કવિઓ તૈયાર કરવા વ્રજભાષા પાઠશાળા પણ શરૂ કરી હતી. તેમણે ઉત્તમ બાંધકામો પણ કરાવ્યાં હતાં. સમગ્ર રાજવંશમાં તેમનાં બાંધકામો જ આજે તેમની મહાનતાની સાક્ષી પૂરતાં ઊભાં છે. તેમણે શરૂ કરેલ વ્યવસાયો આજે પણ ચાલુ છે. કચ્છના સાંસ્કૃતિક જગતમાં તે એક માત્ર યાદ રહે તેવા રાજવી હતા.

● **રાવ પ્રાગમલજી બીજા (૧૮૬૧-૭૬) :**

આ મહારાવ જાણીતા છે તેમના શિક્ષણ પ્રેમના કારણે. તેમણે કચ્છમાં એકસરખી શિક્ષણ પદ્ધતિ દાખલ કરી. તેમના સમયમાં કુલ ૭૧ શાળાઓ શરૂ થઇ. કચ્છી વિદ્યાર્થીઓ માટે તેમણે મુંબઇ યુનિવર્સિટીમાં સ્કોલરશિપ શરૂ કરી. બહાર ભણવા જનારને તે ગ્રાન્ટ આપતા. લાઇબ્રેરીઓ શરૂ કરવામાં પ્રોત્સાહન આપ્યું. તેમણે માંડવીમાં બ્રેકવોટર બંધાવ્યું. બંદરમાં સુધારા કર્યા. તળાવ બંધાવ્યાં, રસ્તા વધાર્યા. જેલ અને હોસ્પિટલ બંધાવ્યાં. ભુજમાં ઇટાલીયન બાંધણીનો એક રાજમહેલ બંધાવ્યો. તેમના સમયમાં કચ્છની આર્થિક સ્થિતિ સારી હતી. તેમણે શિસ્તપૂર્વક વહીવટ ચલાવ્યો હતો. સૌથી મોટું કામ તેમણે એ કર્યું કે ગુલામોનો વેપાર અટકાવી દીધો.

● **મહારાવ ખેંગારજી ત્રીજા (૧૮૭૬-૧૯૪૩) :**

તેમના સમયમાં કચ્છના તાલુકાઓ થયા. દરેક તાલુકામાં વ્યવસ્થિત વહીવટ શરૂ થયો. તેમણે સાહિત્યમાં પણ રસ લીધો હતો. તેમણે પણ અનેક કામો કરાવ્યાં. શિક્ષણને પ્રોત્સાહન આપ્યું. કન્યા કેળવણીમાં ખાસ રસ લીધો. સ્કોલરશિપ પણ આપતા. એક હુન્નરશાળા પણ શરૂ કરી. વિદેશ જતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતા. તેમણે કંડલા બંદરની શોધ કરી એમ કહી શકાય. રણમાં આવતાં સુરખાબ પર પણ તેમણે જ ધ્યાન ખેંચ્યું. ભુજથી તુણા સુધી રેલવે લાઇન નખાવી. ભુજ માંડવી વચ્ચે બસ સર્વિસ શરૂ કરી. માંડવીમાં રૂકમાવતી પુલ બંધાવ્યો. તેમનાથી બ્રિટિશ રાજવી અને વિવેકાનંદ પ્રભાવિત હતા. તેમના સમયમાં સ્વાતંત્ર્યની ચળવળ શરૂ થઇ હતી. તેને કારણે તથા ભાયાતોની દખલગીરીને કારણે તે વધારે કરી ન શક્યા.

## <u>સ્થાનિક વિશિષ્ટ પ્રતિભાઓ</u>

● **ભીયાં કકલ :**

છછર બુટો રાવ હમીરજીના બે પુત્રો ખેંગારજી અને સાહેબજીને બચાવવા વાગડ તરફ ગયો, ત્યારે રાવળના માણસો પણ તેની પાછળ જ ગયા. ત્યારે છછર બુટાએ પોતાના મિત્ર ભીંયા કકલને કુંવરોને પોતાને ત્યાં છૂપાવવાની વિનંતી કરી. તેણે કુંવરોને ઘાસની ગંજીમાં છૂપાવી દીધા. રાવળના માણસોએ તેને કુંવરો સોંપી દેવા કહ્યું. ભીંયાએ પોતા પાસે ન હોવાનું કહ્યું. માણસોએ તેને ડરાવવા તેના છ પુત્રોની હત્યા કરી, છતાં ભીંયા અને તેની પત્નીએ તો ના જ પાડ્યે રાખી. લોકોને દયા આવતાં સાતમા પુત્રને ન માર્યો. ભીંયા કકલના છ પુત્રોનાં બલિદાનને કારણે બન્ને કુંવરો બચી ગયા. તેને પરિણામે જ કચ્છમાં જાડેજા રાજવંશ શરૂ થઇ શક્યો. ભીંયા કકલની રાજભક્તિ આજે પણ ઉદાહરણરૂપ મનાય છે.

● **સંત મેકણ (સંવત : ૧૭૨૩-૮૬):**

કચ્છના સન્માનનીય સંતોમાં મેકણ એક છે. રાવ દેશળજીના સમયમાં પ્રવર્તતી સામાજિક અને ધાર્મિક વિસંવાદિતા ઓછી કરવામાં પોતાની સેવાકીય અને સમન્વયાત્મક પ્રવૃત્તિઓથી ફાળો આપ્યો હતો. સાધના કર્યા પછી તેમણે સૌરાષ્ટ્રમાંથી સેવા કરવાની શરૂઆત કરી. પછી કચ્છમાં સ્થાયી થયા. ધ્રંગ, લોડાઇ, જંગી અને બીલખામાં તેમણે આશ્રમો સ્થાપ્યાં. ત્યાંથી તેમણે માનવસેવાનાં કાર્યો ચાલુ રાખ્યાં. રણમાંથી પસાર થતા વટેમાર્ગુઓ માટે તેમણે પોતાના ગધેડા અને કૂતરાની મદદથી અન્ન પાણીની વ્યવસ્થા કરી હતી. સમાજ સુધારણાનાં કામો પણ કર્યાં. દેશળજી પણ તેમનાથી આકર્ષાઇને શિષ્ય બન્યા હતા. તેમણે ગુજરાતી, હિંદી અને કચ્છીમાં સાહિત્ય સર્જ્યું છે. છેલ્લે તેમણે જીવતાં જ સમાધિ લીધી.

● **જમાદાર ફતેહમામદ (૧૭૫૩-૧૮૧૩) :**

ફતેહમામદ મૂળે ભરવાડ હતો. પછી સિપાહી બનવા તે ભુજ આવ્યો. પાછળથી તે જમાદાર બન્યો. પછી દિવાન બનવા છતાં પણ જમાદાર તરીકે જ ઓળખાતો હતો. રાવ રાયધણજી બીજાની ધર્માંધ પ્રવૃત્તિઓથી ત્રાસીને તેમને કેદ કરવામાં આવ્યા હતા. જેમાં જમાદાર પણ સામેલ હતો. રાવ મુક્ત થયા પછી એક વાર તેણે ફતેહમામદને મારવાનો પ્રયત્ન કર્યા હતો, પણ તે બચી ગયો હતો. તેણે પોતાના સત્તા સમય દરમ્યાન કચ્છમાં અરાજકતા દૂર કરવાનો અદ્‌ભુત પ્રયાસ કર્યો હતો. વાગડમાં લૂંટફાટ અટકાવી હતી. નવા સત્તાધીશો નીમ્યા હતા. કચ્છના લોકોએ પહેલી વાર શાંતિનો અનુભવ કર્યો હતો. પ્રજાને કોઇ હેરાન ન કરે તેનું ખાસ ધ્યાન રાખતો. તેણે કચ્છ બહાર પણ જીતો મેળવી હતી. અંગ્રેજો કચ્છમાં આવવા માગતા હતા, પણ તે હતો ત્યાં સુધી તેઓ ન ફાવ્યા. તેણે કચ્છનો વિકાસ કરવાનાં અનેક પગલાં લીધાં હતાં. મુસ્લિમ હોવા છતાં રાયણધજીની ધર્માંધતા ન ચલાવી લીધી અને પ્રજાને બચાવી લીધી. દુકાળ વખતે પણ તે અનાજની ઉત્તમ વ્યવસ્થા કરતો. પાછળથી તેને દગાનો અનુભવ થતાં તે સામે છેડે ચાલ્યો

*દુઃખ-ચિંતાનું કારણ વસ્તુઓનો અભાવ નથી, પણ મૂર્ખતા છે.*

ગયો અને ક્રૂર બની ગયો. પણ એકંદરે તે દૂરંદેશી હતો. તેણે કચ્છીગઢને મજબૂત બનાવ્યો. મૈસુર સાથે સંબંધો બાંધ્યા હતા. સમગ્ર ઇતિહાસમાં તે ઉત્તમ વહીવટદાર ગણી શકાય. છેલ્લે પ્લેગમાં તેનું મૃત્યુ થયું.

- **મેઘજી શેઠ :**

મહારાવ રાયધણજી બીજા જયારે ધર્માંધતામાં નિરંકુશ બન્યા, ત્યારે મેઘજી શેઠે અંજારથી આવી તેમને કેદ કર્યા હતા. તેણે ભાઈજી બાવાને ગાદીએ બેસાડ્યા અને વહીવટ માટે ''બાર ભાયા''ની વ્યવસ્થા ઊભી કરી. અલબત્ત, પાછળથી તે નબળી પડી. એમ કહેવાય છે કે તેણે બાર ભાયાના લોકોને મારી નાખવાનું કાવતરું કર્યું જે નિષ્ફળ જતાં તે ફરી અંજાર નાસી ગયો. પાછળથી તેની ભુજમાં હત્યા કરી નાખવામાં આવી. રાવ રાયધણજી સામે લડવામાં તે મહત્ત્વની વ્યક્તિ હતો.

- **ડો. જયંત ખત્રી (૧૯૦૯-૧૯૬૮):**

કચ્છના એક ઉત્તમ વાર્તાકાર. તેમણે વાર્તાઓમાં ખૂબ જ પ્રયોગો કર્યા. તેમની વાર્તાઓથી તત્કાલીન ગુજરાતી લેખકો પ્રભાવિત થયા હતા. તેમના ત્રણ વાર્તા સંગ્રહો છે.

- **જયકૃષ્ણ ઇન્દરજી :**

તે એક પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી હતા. રાવ ખેંગારજી ત્રીજાના સમયમાં થયા હતા. આમ તો તે ઓછું ભણ્યા હતા, પણ તેમની જિજ્ઞાસાવૃત્તિ પ્રબળ હોવાથી તથા કુશાગ્ર બુદ્ધિ અને તીવ્ર સ્મરણશક્તિના કારણે તેમણે જાતે જ ઉચ્ચ જ્ઞાન મેળવ્યું. પંડિત ભગવાનલાલના સંપર્કથી તે વનસ્પતિઓમાં રસ લેવા લાગ્યા. તેમણે તેનો ખૂબ જ ઊંડો અભ્યાસ કર્યો અને તેના પર એક ગ્રંથ તૈયાર કર્યો. રાવ ખેંગારજીએ તેમને કચ્છમાં બોલાવી લીધા. તે બધા ડુંગરોમાં રખડ્યા અને વનસ્પતિઓનો અભ્યાસ કરી ''કચ્છ સ્વસ્થાનની વનસ્પતિઓ'' નામનો અદ્‌ભુત ગ્રંથ તૈયાર કર્યો. તેમણે વૃક્ષ રક્ષણ પોષક મંડળની પણ સ્થાપના કરી હતી. મહાત્મા ગાંધી કચ્છમાં આવ્યા ત્યારે તેમના હાથે વૃક્ષારોપણ કરાવેલ. ગોકુળદાસ બાંભડાઈ જેવાને પણ તૈયાર કર્યા.

## બહારથી આવેલ વિશિષ્ટ વ્યક્તિઓ

- **રામસિંહ માલમ :**

રામસિંહ માલમ મૂળે ઓખાનો હતો. તેનું વહાણ તૂટી જતાં તેને એક વલંદા વહાણે બચાવી લીધો. તે તેમની સાથે હોલેન્ડ ગયો. તે પ્રતિભાશાળી હોવાથી ત્યાં રહી હથિયાર બનાવવાનું, મીનાકામ, શિલ્પકામ, ધાતુ ગાળવી, મકાન બાંધવા વગેરે શીખ્યો. ત્રીસ વર્ષની વયે ભારત પાછો આવ્યો. સૌરાષ્ટ્રના કોઇ રાજાએ તેને પ્રોત્સાહન ન આપ્યું. તેથી નિરાશ થઇ કચ્છમાં માંડવી આવ્યો. ત્યાં તેના કામની કદર થઇ. તેની કલાની રાવ લખપતજીને ખબર પડતાં તેણે તેને આશ્રય આપ્યો અને કામ કરવાની પૂરી સ્વતંત્રતા આપી. તેની મદદથી હુન્નરશાળા શરૂ કરી. તેના પાસેથી કચ્છના કારીગરો વિવિધ કળાઓ શીખ્યા. મહારાવે તેને બીજીવાર હોલેન્ડ મોકલ્યો. પાછા આવી તેણે વિવિધ કારખાનાં શરૂ કર્યાં. તેની મદદથી મહારાવે આઇના મહેલનું સર્જન કર્યું. કલાકાર તરીકે તે શ્રેષ્ઠ હતો. તેના વિશે એમ કહી શકાય કે તેણે કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિ જ સર્જી હતી. તેના પ્રભાવથી કચ્છમાં રોજગાર વધ્યા હતા. રાવના મૃત્યુ પછી તેણે તેમની છતરડી પણ બાંધી હતી. આજે પણ તે તેનાં સર્જનોને કારણે યાદ છે.

- **કેપ્ટન મેકમર્ડો :**

રાવ રાયધણજીના સમયમાં ફતેહમામદે કેટલાક બહારવટિયાઓને આશ્રય આપ્યો હતો. તે સૌરાષ્ટ્રમાં ખૂબ લૂટફાટ કરતા હતા. તેથી અંગ્રેજ સરકાર કંટાળી અને ફતેહમામદને કડક સૂચના મોકલાવી. તે ન માનતાં તેમણે લેફ્ટનન્ટ મેકમર્ડો નામના એક અંગ્રેજને માંડવી મોકલ્યો. તેણે ફતેહમામદને આકરાં પગલાંની ધમકી આપી. તેના સાથે લશ્કર અને નૌકાદળ પણ હતું. રાજદૂત તરીકે આવ્યો તે પહેલાં તે કચ્છમાં સાધુવેશે આવી અંજારમાં રહી ગયો હતો અને માહિતી મેળવી લીધી હતી. પ્રજા તેને 'ભૂરિયા બાવા' તરીકે ઓળખતી. તેણે કચ્છ અને બ્રિટિશ કંપની વચ્ચે મૈત્રીના પ્રયત્નો કર્યા, પણ ફતેહમામદે તે સફળ થવા ન દીધા. ફતેહમામદનાં મૃત્યુ પછી તેણે મહારાવ ભારમલજીને પોતાને થયેલ નુકસાન ભરપાઇ કરવાની ધમકી આપી. મહારાવે દાદ ન આપતાં તેણે ચડાઇ કરી અને અંજાર અને પછી ભુજ જીતી લીધાં. મહારાવ તેને શરણે આવ્યા. મહારાવને પદભ્રષ્ટ કરી દેશળજીને ગાદીએ બેસાડ્યા. તેણે કચ્છમાં વ્યવસ્થા સ્થાપવાના પ્રયત્નો કર્યા. પણ વધારે કામ કરી શકે તે પહેલાં તેનું કોલેરામાં અવસાન થયું. તે કચ્છમાં ખૂબ લોકપ્રિય હતો. તેણે એક ડાયરી પણ લખી હતી જેમાં તત્કાલીન કચ્છનું દર્શન થાય છે.

## બહાર ગયેલ વિખ્યાત કચ્છીઓ

- **જગડુશા :**

કચ્છના ઉત્તમ વેપારી અને દાનવીરોમાં તેમની ગણના થાય છે. બાળપણમાંથી વેપારની જવાબદારી તેમના પર આવી પડી હતી. તેણે તેનો ખૂબ વિકાસ કર્યો. દેશ વિદેશમાં વધાર્યો. તેમને કારણે ભદ્રેશ્વર વિકસિત બંદર બન્યું. તે ખૂબ દાનવીર હતા. સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓ કરી હતી. ધર્મશાળાઓ, કૂવાઓ, વાવો, તળાવો વગેરે બંધાવ્યાં હતાં. ત્યારે ત્રણ વર્ષ સતત દુકાળ પડેલ. ત્યારે તેમણે અનાજના ભંડાર ખોલી નાખ્યા હતા. લોકોને રોજી રોટી મળે માટે અનેક કામો શરૂ કરાવ્યાં. જૈન ધર્મના વિકાસ માટે પણ કામો કર્યાં. તે સર્વધર્મ સમભાવી હતા. હિન્દુ-મુસ્લિમનાં ધર્મસ્થાનો પણ બંધાવ્યાં હતાં. સ્વભાવે ઉદાર અને દયાળુ હતા. તે એક સ્વપ્નદૃષ્ટા હતા. ત્યારનો સમાજ તેમને ખૂબ ચાહતો. તેમણે કચ્છનું નામ બહાર ફેલાવ્યું હતું.

- **સુંદરજી સોદાગર :**

કચ્છના જાણીતા વેપારીઓમાં સુંદરજી સોદાગર એક મનાય છે. બાળપણમાં તેણે કચ્છ છોડી દીધું અને જૂનાગઢ ગયો. ત્યાં વહીવટનો અનુભવ મેળવ્યો. પછી ઘોડાઓનો વેપાર શરૂ કર્યો. તેમાં તેને ખૂબ કમાઇ થઇ. તેણે બીજા ધંધા પણ શરૂ કર્યા. તે સમગ્ર ભારતમાં ફરતો અને પેઢીઓ ખોલતો. તેનો પોતાનો જહાજી કાફલો પણ હતો. તે દેશ વિદેશમાં જાણીતો થઇ ગયો હતો. દરેક યુદ્ધ કરનારા તેની પાસેથી જ ઘોડા ખરીદતા.

*તક સૂર્યોદય જેવી હોય છે. જો તમે બહુ લાંબો સમય રાહ જુઓ તો ચૂકી જવાય છે.*

અંગ્રેજો અને ટીપુ બન્નેએ તેની પાસેથી જ ઘોડા ખરીદેલા. બધા પક્ષો તેના પર વિશ્વાસ રાખતા. તેના કહેવાથી જ ટીપુએ કચ્છને બે મોટી તોપ ભેટ આપી. ઈસ્ટ ઈન્ડિયા કંપની સાથે પણ તેના સંબંધ સારા હતા. તે અનેક રાજાઓને આર્થિક અને રાજકીય સલાહો પણ આપતો. તે દાનવીર પણ હતો. ગિરનાર પર ચડવાનાં પગથિયાં બંધાવ્યાં હતાં. અનેક ધર્મસ્થાનો બંધાવ્યાં હતાં. તે બધા ધર્મોને સરખું જ દાન આપતો. બાળકીને દૂધ પીતી કરવાના રિવાજને અટકાવવામાં તેણે અંગ્રેજોને મદદ કરી હતી. ફતેહમામદને પણ મદદ કરી હતી. તે દુઃસાહસી, રાજનીતિજ્ઞ, દાનવીર, કુશળ શાહુકાર, નીડર, પ્રશાસક, પ્રભાવશાળી દિવાન અને એક આર્ષદૃષ્ટા હતો.

- **શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭-૧૯૩૦):**

માંડવીમાં જન્મેલ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા વિકસ્યા મુંબઈમાં. ત્યાં સ્કોલર તરીકે પ્રસિદ્ધ થયા. સંસ્કૃતના પંડિત થયા. સ્વામી દયાનંદ સરસ્વતી અને મોનીયર વિલિયમ્સના પરિચયમાં આવ્યા. બન્નેની પ્રેરણાથી ઈંગ્લેંડ ભણવા ગયા. સ્નાતક અને બેરિસ્ટર થયા. સંસ્કૃતના વિદ્વાન તરીકે જાણીતા થયા. ભારત પાછા આવી વિવિધ રાજ્યોમાં દિવાન બન્યા, પણ દરેક સ્થળે ખટપટનો ભોગ બનતાં દિવાનપદ છોડવું પડતું. તે દરમ્યાન લોકમાન્ય ટિળકના પરિચયમાં આવ્યા અને આડકતરી રીતે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવા લાગ્યા. ટિળકની ધરપકડ થતાં તેમને ભારતમાં સલામતી ન લાગતાં ઈંગ્લેંડ ચાલ્યા ગયા. ત્યાં તેમણે 'ઇન્ડિયન હોમરૂલ લીગ'ની સ્થાપના કરી. 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' છાપું કાઢવું શરૂ કર્યું. 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી. આ બધા દ્વારા તે અંગ્રેજ સરકાર સામે લડતા રહ્યા. તેમના અનેક શિષ્યો અને સાથીઓ પણ હતા. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન વાતાવરણ બદલાતાં લંડન છોડી પેરીસ આવ્યા. પછી પેરીસ પણ છોડવું પડ્યું અને જીનીવામાં સ્થિર થયા. છાપું પણ બંધ કરવું પડ્યું. છેલ્લા દિવસોમાં તે શારીરિક બીમારીથી હેરાન થયા હતા. ૧૯૩૦માં જીનીવામાં જ મૃત્યુ પામ્યા. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં તે ક્રાંતિગુરુ કે ક્રાંતિકારી તરીકે જાણીતા છે.

- **યુસુફ મહેરઅલી (૧૯૦૩-૫૦) :**

મૂળ કચ્છના એવા મહેરઅલી મુંબઈમાં મોટા થયા. કૉલેજ જીવનથી જ સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય થયા. સાઈમન કમિશન, બારડોલી સત્યાગ્રહ વગેરેમાં ભાગ લીધો. સમાજવાદી પક્ષની સ્થાપનાથી તેના વિકાસના ભાગીદાર રહ્યા. દેશી રાજ્યો, વિદ્યાર્થીઓ, ખેડૂતો વગેરે મુદ્દાઓ પર તેમણે કામ કરેલ છે. કચ્છમાં ચાલતા સંગ્રામમાં પણ તેમણે પ્રેરણા આપી હતી. મુંદ્રા અધિવેશનમાં પ્રમુખ ચૂંટાયા હતા. તેને કારણે કચ્છમાં ત્યારે ખેડૂત સંમેલન કે મહિલા સંમેલન યોજાયાં હતાં. કચ્છના સત્યાગ્રહોમાં પણ ભાગ લીધો હતો. મુંબઈના મેયર પણ બન્યા હતા. મુંબઈની વિધાનસભામાં પણ ચૂંટાયા હતા. યુવાન વયે તેમનું મૃત્યુ થયું હતું.

- **પ્રો. કે.ટી. શાહ (૧૮૮૮-૧૯૫૩):**

તે પણ માંડવીના હતા. તે એક અગ્રગણ્ય અર્થશાસ્ત્રી, દેશભક્ત અને આયોજન હિમાયતી હતા. મુંબઈમાં અને લંડનની સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં ભણ્યા હતા. તેમણે પ્રાધ્યાપકની નોકરી કરી હતી. નહેરુએ તેમને આયોજન કમિટીમાં મંત્રી તરીકે લીધા. પછી તો અનેક સમિતિઓમાં રહ્યા. રાજાઓના સલાહકાર પણ હતા. ભારતીય બંધારણની સમિતિમાં પણ હતા. તે સાથે તે અનેક વિષયોના વિદ્વાન હતા. નાણું, બેન્કિંગ, મ્યુનિસિપાલિટી, જાહેર આરોગ્ય, શિક્ષણ વગેરે પર તેમણે કામ કરેલ. તેમણે અનેક પુસ્તકો લખેલ છે. ૧૯૫૨માં તે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઊભા હતા.

- **જેઠીબાઈ :**

પોર્ટુગીઝો પાસે ગોવા, દીવ અને દમણ હતાં. તેમાં દીવમાં ભારતીયોને તકલીફ પડતી હતી. ત્યારે જેઠીબાઈએ કાપડ પરની હસ્તકળામાં ફરિયાદો લખી અને રાણીને આપેલ. રાણી તેનાથી ખૂબ પ્રભાવિત થયેલ. તકલીફો દૂર કરેલ. આજે પણ દીવમાં તેની સ્મૃતિ જાળવવામાં આવી છે.

- **જે.જે. અંજારિયા (૧૯૦૮-૭૦) :**

તે એક વિખ્યાત અર્થશાસ્ત્રી અને વહીવટકાર હતા. તે પણ લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં ભણ્યા હતા. શરૂઆતમાં પ્રોફેસર હતા. પાછળથી તે ઇન્ટરનેશનલ મોનેટરી ફંડમાં જોડાયા. પછી રિઝર્વ બેન્કમાં નાણા વિભાગના નિયામક નીમાયા. આયોજન પંચમાં પણ સલાહકાર હતા. રિઝર્વ બેન્કના ડેપ્યુટી ગવર્નર પણ થયા હતા. પ્રથમ પંચવર્ષીય યોજનામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. ભારત સરકારે તેમને 'પદ્મશ્રી'થી નવાજ્યા હતા.

- **ચંદ્રશંકર બૂચ 'સુકાની' :**

કચ્છના ઉત્તમ સાહિત્યકારોમાંના એક હતા. વહાણવટાનાં ક્ષેત્રનાં નિષ્ણાત હતાં. તેનાં પર પુસ્તકો લખ્યાં હતાં. બોમ્બે નેવિગેશન સ્ટીમ કંપનીમાં કામ કરતા હતા. અભ્યાસપૂર્ણ લેખો લખતા. સરકારે પણ તેમને જહાજી મંત્રાલયના નાયબ નિર્દેશક તરીકે નીમ્યા હતા. બીજાં પણ અનેક પદો સંભાળેલ.

- **સુમતિ મોરારજી :**


કચ્છનાં સુમતિ મોરારજી વહાણવટા ક્ષેત્રનાં નિષ્ણાત હતા. સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનાં વડા તરીકે કામ કરેલ. તેમની ખ્યાતિ વિશ્વમાં હતી. એ ક્ષેત્રમાં તે એકમાત્ર મહિલા હતાં.

આ ઉપરાંત પણ અન્ય વિશિષ્ટ વ્યક્તિત્વો થયાં છે જે પણ ધ્યાનાર્હ છે.

*ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

# કચ્છના પાળિયાઓ

• દિલીપ કે. વૈદ્ય •



**શ્રી દિલીપરાય કૃષ્ણરાય વૈદ્ય**નો જન્મ માંડવી કચ્છમાં ૧૫ ફેબ્રુઆરી, ૧૯૩૭ના થયો. તેઓશ્રી અર્થશાસ્ત્ર અને ઈતિહાસ વિષય સાથે અનુસ્નાતક થયા છે. ભુજ, જૂનાગઢ, રાજકોટ, પ્રભાસપાટણના ક્યુરેટર અને વડોદરા સ્ટેટ મ્યુઝિયમના આસિસ્ટન્ટ ડાયરેક્ટરના ઉચ્ચ પદો પર કાર્યરત રહી ૧૯૯૫માં નિવૃત્ત થયા છે. કચ્છ તેમજ અન્ય સ્થળોએ પૂરાવશેષ સંશોધન તેમજ જાળવણી આદિ કાર્યોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. કચ્છ મ્યુઝિયમ માટે અણમોલ પૂરાવશેષો એકત્ર કર્યા છે. એમના લેખો, કચ્છ, ગુજરાત તેમજ રાષ્ટ્રીય સ્તરના ગુજરાતી/અંગ્રેજી અખબારો સામયિકોમાં પ્રકાશિત થતા રહે છે. નિવૃત્તિ બાદ પણ ઈતિહાસ પુરાતત્ત્વ કાર્યો સાથે સંકળાયેલા રહ્યા છે.

કચ્છનાં ઘણાં ગામોમાં પાળિયાઓ જોવા મળે છે. આ પાળિયા આપણી પ્રાચીન સંસ્કૃતિના મહત્ત્વના અંકોડા સમાન છે અને તેનાં સંશોધન અને અભ્યાસથી જે તે સમયની ભાષા, ધાર્મિક કે સામાજિક માન્યતાઓ, રાજવીઓની માહિતી મળે છે. જોકે જ્યાં જ્યાં પાળિયા અથવા અન્ય લખાણ કે ચિહ્નો ધરાવતા ઘડેલા ચોરસ કે ગોળ પથ્થરો જોવા મળે તેને લોકભાષામાં પાળિયો કહે છે.

**હકીકતમાં પાળિયો તો શૂરવીરનાં મૃત્યુ સ્મારકને જ કહેવાય. આમ છતાં પાળિયાઓ સિવાયનાં પથ્થર પરના લખાણો પણ ઐતિહાસિક મહત્તા ધરાવતા હોઇ તેનું અધ્યયન જરૂરી છે** અને તેથી જ તેવાં લખાણોનો સમાવેશ લેખમાં કર્યો છે.

પાળિયાઓ પાછળ સત્ય કથા કે મહદ્અંશે દંતકથાઓ હોય છે. ઝારાના યુદ્ધના સૈનિકોના પાળિયાઓ સત્યકથા પર છે. જ્યારે ભુવડ ગામના એક પાળિયા પાછળ એવી દંતકથા છે કે તે શૂરવીર માથું કપાયા પછી પણ લડ્યો હતો જે વાત સાચી નથી. તે જ પ્રમાણે રાપર તાલુકામાં વ્રજવાણી ગામમાં ઢોલ વગાડનાર પાછળ સાતવીસું એટલે કે ૧૪૦ આહીરાણીઓએ પ્રાણ ત્યાગ કર્યો અને તેના પાળિયાઓ તે સ્થળે છે તે પણ કેવળ વૃત્ત કથા છે. તેમાં કોઇ સચ્ચાઇ નથી. એવી ભ્રામક માન્યતા છે કે સૂર્યપ્રકાશમાં પાળિયાનો પડછાયો ચોક્કસ સ્થળે પહોંચે ત્યારે ત્યાં ખોદકામ કરવાથી ''કળશી કોરી'' અને ''હારો આધિયા'' પ્રાપ્ત થાય. આથી ઘણા પાળિયાઓનો ધન મળવાના લોભમાં નાશ કરવામાં આવ્યો છે.

શૂરવીરોના પાળિયાઓમાં સાંકેતિક પ્રતીકો - સંખ્યાઓ વગેરે હોય છે. જેમકે ટોચ પર સૂર્ય-ચંદ્ર દર્શાવેલા છે જે મૃતકની સ્મૃતિ સૂર્યચંદ્ર તપે ત્યાં સુધી રહેશે એમ દર્શાવે છે. મોર-પોપટ જેવાં પક્ષીઓ દાંપત્ય પ્રેમ સૂચવે છે. ગોળી અને રવાઇ મૃતકનો પશુપાલન વ્યવસાય સૂચવે છે. વ્યવસાય સૂચક સાધનો પાવડા-કોદાળી વાળા પાળિયા ભુજનાં છતેડી તળાવમાં જોવા મળે છે.

પાળિયામાં અદ્‌ભુત કંડાર કામ આધોઇ અને ગેડી ગામે જોવા મળે છે. રથ, તેમાં જોડેલ પશુ, રથમાં બેઠેલ શૂરવીર બહુ સુંદર પ્રમાણાત્મક દર્શાવેલ છે. હથિયારોની કંડાર પણ નોંધપાત્ર છે.

આપઘાત કરનારના પાળિયા અવગતિયાના પાળિયા કહેવાય છે. જેમાં આપઘાત કરનાર પોતાની હડપચી પકડી ગળા પર તીક્ષ્ણ હથિયાર ચલાવતાં નજરે પડે છે. અહીં મરનારનું નામ તથા અન્ય કોઇ ચિહ્નો નથી. માંગેલ વસ્તુ ન મળતાં માગણ માંગનારના ઉંબરે જ આપઘાત કરતા, તે અહીં જોવા મળે છે.

કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પ્રતીકાત્મક પાળિયો લાખોંદથી ભુજ મ્યુઝિયમમાં લાવવામાં આવ્યો છે. અહીં સૂર્ય ચંદ્ર ઉપરાંત ગાય-સુવર અને નીચે લખાણ છે. જે મુજબ રાયધણની દીકરી કમાંબાઇના સમયમાં તળાવ માટે જમીન અપાઇ છે ત્યાં આ પાળિયો જોવા મળે છે. તળાવ માટેની જમીન પર જો હિંદુ કબજો કરે તો તેને ગોમાંસ ખાવાનું અને મુસ્લિમ કબજો કરે તો તેને સુવરનું માંસ ખાવાનું પાપ લાગે. હિંદુઓ ગાયને પવિત્ર માને અને મુસ્લિમો સુવરને અપવિત્ર ગણતા હોવાથી તેનું માંસ ત્યાજ્ય ગણે છે. જમીનની રક્ષા માટે આજના જેવી પોલીસ વ્યવસ્થા ન હોવાથી દૂર સુદૂરના ગામો અને ધાર્મિક માન્યતાનાં બળે જમીન દબાણ અટકાવવામાં આવતું હતું.

પાળિયા ઉપર દર્શાવવામાં આવતો શૂરવીર ઘોડા પર અસવાર હોય છે ને તે આપણી સામે જોતા હોય તેમ કોતરેલ હોય છે. શૌર્ય દ્વારા ઘોડેસવારે દૈવત્વ પ્રાપ્ત કરેલ હોઇ તેને એક આંખ દેખાય તેવો દર્શાવવાથી

*ઘણા ખરા પૂર્વગ્રહો ઊંધા પિરામિડ જેવા હોય છે, તુચ્છ-મામૂલી વાત સાવ નાના પાયા પર ઊભેલી હોય છે.*

તેનું દેવત્વ ખંડિત થયું ગણાય. આથી તેને એ આંખોથી આપણને જોતો હોય તેમ બતાવાય છે. જૂના હરિજનવાસ ભુજમાં તો ઘોડેસવાર સાથે ઘોડાને બે આંખો દેખાય તેવો દર્શાવી પ્રાણીને પણ દેવત્વ સૂચવેલ છે.

ધાણેટી ગામે ચારસો વર્ષ જૂના ચાર પાળિયાઓ એક હારમાં છે. તેની વિગત પ્રમાણે ચારે નરવીરો ગાયની વહારે જતાં હણાયા છે, ચારે કુંભાર કોમના છે. લડવા માટે પછાત જાતિઓનો ઉપયોગ થતો તે આથી સ્પષ્ટ છે. આ પાળિયાના મૃતકોને કચ્છની મિસ્ત્રી કોમ તેમના વડવાઓ માને છે. આ પાળિયાઓવાળી જગ્યા આસપાસ મોટી સમાજવાડી બંધાવવાની આ કોમની યોજના છે. અત્રે અન્ય પાળિયાઓ પણ મોટી સંખ્યામાં છે.

ભુજથી વીસ કિલોમીટરે ખાવડા રસ્તાની ડાબી બાજુએ એક નોંધપાત્ર પાળિયો જોવા મળે છે. તેની વિગતો પ્રમાણે તે રબારી સવા આશાનો છે જે ઊંટ પર સવાર થયેલો દર્શાવ્યો છે. પાળિયા પર સૂર્યચંદ્ર દર્શાવાયા નથી. આ સવા આશા ઘેટાંબકરાં ચરાવતો હતો ત્યારે સર્પ કરડવાથી પડી ગયો. ગ્રામજનો તેને ઊંટ પર ભુજ લઈ જતા હતા ત્યારે તેને બહુ પીડા થવાથી અહીં એક ઝાડ તળે તેને ઉતારી સુવાડ્યો. પણ તેણે અહીંજ આખરી શ્વાસ લીધા. તેથી તેની અંતિમ ક્રિયા બાજુનાં નોખાનીઆ ગામે કરી તે ભૂમિ પર દેરી બાંધી અને અંતિમ શ્વાસ લીધા ત્યાં પાળિયો કરાવ્યો. આ બનાવ ભાદરવા સુદ પાંચમ સને ૧૯૫૯ના રોજ બન્યો. અહીં દિવસ હિંદુ કેલેન્ડર અને વર્ષ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે દર્શાવેલ છે જે પણ આશ્ચર્યજનક છે. પાળિયા ઉપર મૃતકના ઉપરના ભાગે સર્પ દર્શાવાયો હોવાથી પાળિયાની પૂજાની સાથોસાથ મારનાર સર્પની પૂજા પણ થઈ જાય. સર્પે ભગવાનની ઇચ્છા પ્રમાણે કર્યું તેથી તે વેરી નથી તેવું આ પાળિયો દર્શાવે છે. આવો પાળિયો અન્યત્ર નથી.

જ્યાં વ્યક્તિ મરે ત્યાંજ તેનો પાળિયો થાય તેવું નથી. ઝારાનાં યુદ્ધમાં કામ આવેલ ખવાસ ગોવર્ધનનો પાળિયો ભુજમાં સંતોષીમાના મંદિર પાસે હતો (અત્યારે મ્યુઝિયમમાં છે.)

છસરા ગામેથી એક વિશીપર પાળિયો મળેલ છે. તે પર સ્ત્રી ઘોડસવાર દર્શાવાઇ છે. તેણે મુકટ ધારણ કરેલ છે અને ગાલઇ બાઇ એવું વંચાય છે. તેથી આ શૂરીનાર વાણિયા મહિલા છે તેવું જણાય છે. આવો સ્ત્રી પાળિયો અન્યત્ર નથી.

પાળિયા આર્થિક રીતે સમૃદ્ધ હોય તેનાજ બનતા. ઘણા ગરીબો મૃતક સ્મારક બનાવી ન શકતા ખાલી પથ્થરોની નિશાની મુક્તા.



*આધોઈ પાળિયો (સૌજન્ય : શ્રી શાંતિભાઈ બોરીચા)*

જ્યારે રાજવીઓના પાળિયાઓ સમૃદ્ધિ દર્શાવતા હોય છે. ભુજમાં છતરડી તળાવમાં ખેંગાર, પ્રાગમલ, દેશલ અને લખપતના મૃત્યુ સ્મારકો-છત્રીઓ અનન્ય કોતરણી ધરાવે છે. તે પૈકી લખપત છતરડી વિશિષ્ટ છે જેને સોળ સતી પણ કહેવાય છે. રાવ લખપત કલાકાર, કવિ હતા અને વિલાસી જીવન જીવતા. તેમને ૧૫ ઉપપત્નીઓ હતી. લખપતજીનું ફક્ત ૪૪ વર્ષની વયે અવસાન થયું. રાજ ઘરાણાની માન્યતા પ્રમાણે રાજાને સ્વર્ગમાં એકલા પ્રવેશ ન મળે. સાથે તેમના સ્ત્રી સંગાથી હોવા જોઇએ. લખપતની કોઇ પત્ની સતી થઇ નથી પણ પંદર ઉપરાણીઓ લખપત પાછળ સતી થઇ છે. લખપત છત્રીમાં રાવના મૃત્યુ પાળિયાની એક બાજુ સાત અને બીજી બાજુ આઠ એમ પંદર પાળિયા અને વચ્ચે લખપતનો એમ કુલ ૧૬ પાળિયાઓ હોવાથી આ સ્થાનને સોળ સતી પણ કહેવાય છે. રાજા મરણ પછી સ્વર્ગમાં રહે તેવી માન્યતા સાકાર કરવા છત્રીના મધ્યસ્થ ખંડમાં ગોળાકારે નૃત્ય કરતી કે ગાયન વાદન કરતી અપ્સરાઓ બતાવાઇ છે. જ્યારે બહારની દીવાલો પર ભગવાનનાં વિવિધ રૂપો, પશુ-પંખી, શિકાર દૃશ્યો દર્શાવ્યા છે. સીલિંગમાં અનેક ભૌમિતિક આકારો અને કોતરણીવાળા સ્થંભો જોવા મળે છે.

રાવ લખપતના પાળિયા પરનો મૃત્યુ લેખ આ પ્રમાણે વંચાય છે.

“સ્વસ્તીશ્રી મંત્રલાભ્યુદયશ્ચ ૧૮૩૮ના વર્ષે શાકે ૧૭૦૪ પ્રવર્તમાને રવૌ ઉત્તરાયણે ગતે શ્રી સૂર્ય મહામાંગલ્યે માસો તમ વૈશાખ માસે કૃષ્ણપક્ષે એકાદશા તિથિયો શ્રી બુધવાહરે શ્રી કચ્છ દેશે શ્રી ભુજ નગર મધ્યે મહારાજા રાઉશ્રી રાયધણજી વિજય છત્રે મહારાજ રાઉશ્રીનું લખપતજી સંવત ૧૮૧૭ વર્ષે શાકે ૧૬૮૩”

રાવ પ્રાગમલ અને રાવ દેશળના મૃત્યુ લેખો પણ અહીં છે.

રાપર તાલુકાના બેલા ગામે સતીઓના પાળિયાઓ નોંધપાત્ર છે. જેમાં એક સતીએ હાથોમાં બે વ્યક્તિઓ તેડેલ દર્શાવી છે જે તેના પતિ અને પુત્ર છે. આ પાળિયો પણ અનન્ય છે. આધોઇ ગામે એક સતી બાળકને સ્તનપાન કરાવતી પાળિયા પર દર્શાવેલ છે. જે સ્પષ્ટ કરે છે કે તે પુરુષ વ્યક્તિ તેનું બાળક છે. આધોઇ અને ગેડી ગામોમાં મોટી સંખ્યામાં શૂરવીરોના પાળિયાઓ છે જેમાં રથ અને ઘોડાઓની સુંદર કોતરણી જોવા મળે છે.

મૃત્યુ લેખોમાં સૌથી જૂનો ઇસ ૮૯નો અંધૌનો બ્રાહ્મી લિપિમાં કોરાયેલ તથા બીજી ત્રીજી સદીના લેખોનો સમાવેશ થાય છે. તો ભુજમાં યહૂદી મૃત્યુ લેખો મરાઠી-અંગ્રેજી અને

*હોય એનાથી વધુ લેવાની ઈચ્છા અશાંતિ સર્જે છે.*

હિબ્રૂ ભાષાઓમાં જોવા મળે છે જે અન્યત્ર કચ્છ-સૌરાષ્ટ્રમાં ક્યાંય નથી. કેરા કબ્રસ્તાનના મૃત્યુ લેખોમાં કવિ ચમનની શાયરીઓ જોવા મળે છે. કવિએ મુસ્લિમો અને હિંદુઓને યાત્રાઓ પાછળ નાણાનો વ્યય ન કરતાં ગરીબો માટે દાન કરવાનું જણાવતાં લોકો ખાસ કરીને મુસ્લિમો ઉશ્કેરાયા હતા અને કવિને કેરા છોડી જવું પડ્યું હતું. કવિ ચમને બે ગઝલનાં પુસ્તક પણ લખ્યાં હતાં. બહિષ્કૃત કવિની રચનાઓને મૃત્યુ લેખોમાં સ્થાન મળ્યું છે તે નોંધપાત્ર છે. રક્ષાની કાંધીએ વરણુ ગામે ૧૮૨૮નો કેપ્ટન મેકમર્ડોની કબર પર મૃત્યુ લેખ છે.

કેરા કબ્રસ્તાનમાં કવિ ચમનની ફક્ત વીસ વર્ષની પત્ની કુલસુમની કબર પર કવિએ પ્રેમાળ પત્નીને અમર કાવ્યાંજલિ કબર લેખમાં આપી છે. ૨૦ જાન્યુઆરી, ૧૯૩૪ના આ લેખમાં પત્નીના ગુણ કવિએ ગાયા છે.

આજ કબ્રસ્તાનમાં અન્ય એક મૃત્યુ લેખ બહુ મહત્ત્વનો છે. ખોજા મહારાજ ઇસ્માઇલભાઇ ૬૪ વર્ષની ઉંમરે સંવત ૧૯૫૮માં મૃત્યુ પામતાં તેમની કબર પર મહારાજ ઇસ્માઇલભાઇ શિવધામ સધાવ્યા તેવું આશ્ચર્યજનક લખાણ છે કેમકે મુસ્લિમો કયામતમાં માને છે. જે દિવસે ખુદા બધા મૃતકોને તેમનાં કર્મના ફળ આપે છે. વળી મહારાજ પણ પૂજારી શબ્દ સૂચવે છે. મૃતક ઇસ્માઇલભાઇ મુસ્લિમ હોવા છતાં શૈવ ઉપાસક હતા. તેમનાં પગલાં કેરાની ભાગોળે એક દેરીમાં છે. કહે છે તેઓ ગરીબદાસ પથના અનુયાયી હતા. સર્વ ધર્મ સમભાવનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

જૂના જમાનામાં અત્યારે પાકિસ્તાનમાં આવેલ હિંગળાજ માતાના દર્શને યાત્રાએ જવાનો રિવાજ હતો. ખાસ કરી આહિર કોમના લોકો ત્યાં જતા અને પરત આવે અને મૃત્યુ પામે ત્યારે તેમનાં વિશિષ્ટ મૃત્યુ સ્મારકો બનતાં. જે હિંગલાજીઆ આહીરનાં કહેવાય છે ઘણાં આહીર ગામોમાં આવાં સ્થાનકો જોવા મળે છે.

**ઇંદિરા ગાંધી સ્વર્ગસ્થ થયા બાદ તૂણા ગામે હાથે કોતરેલ તેમનું મૃત્યુ સ્મારક પણ છે. ભુજની મુલાકાતે ૧૯૪૩ના અરસામાં શંકરાચાર્ય અકસ્માતે મૃત્યુ પામતાં તેમનું સ્મારક કલ્યાણેશ્વર મહાદેવ કલેક્ટર કચેરી રોડ પાસે આવેલું છે.** જ્યારે માંડવી કાશી વિશ્વનાથ મંદિર પાસે અંગ્રેજ સૈનિકોની કબર છે. ૧૮૨૦ની એક કબર પર ૨૦ વર્ષનો યુવાન સૈનિક રૂકમાવતી નદીનાં પૂરમાં તણાઇ ગયાનો મૃત્યુ લેખ છે. આ ક્રિશ્ચિયન કબ્રસ્તાન આસપાસ ગીચ ઝાડી



*આધોઈ પાળિયો (સૌજન્ય : શ્રી શાંતિભાઈ બોરીચા)*

હોવાથી ત્યાં પ્રવેશ અશક્ય છે. તો **ફતેહ મહમદનો લેખ ભુજમાં તેના રોજામાં છે.** જે ઉર્દૂ ઉપરાંત આશ્ચર્યજનક રીતે સંસ્કૃત મિશ્રિત ગુજરાતીમાં પણ છે. ૨૦૦૧ના ભૂકંપમાં આ મહાન યોદ્ધાનો રોજો તૂટી પડવાથી આ લેખ પણ ગમે ત્યારે નાશ થઇ જશે. માંડવીનાં સલાયા પાસે સ્વાતંત્ર્યવીર દાદાભાઇ નવરોજીનાં પુત્ર ડૉ. અરદેશરની કબર પર પણ મૃત્યુ લેખ છે ઓક્ટોબર ૭, ૧૮૯૩ના આ લેખનો પથ્થર છૂટો પડી ગયો હોવાથી તેનો ગમે ત્યારે નાશ થઇ શકે છે.

ઇન્દ્રપ્રસ્થ (નવી દૂધઇ) ગામે ટાઇગર હિલ પર દૂધઇ ગામના ૨૦૦૧ના ભૂકંપમાં મૃત્યુ પામેલ વ્યક્તિઓનો સમૂહ મૃત્યુલેખ પણ વિશિષ્ટ ગણાય છે.

ભુજમાં એક સનદી અધિકારીએ પોતાની બિલાડીને કૂતરાએ મારી નાંખતા તેની કબર પર લેખ છે. તો પોલીટીકલ એજન્ટ રે ના ધર્મ પત્નીનો કૂતરો ધાણેટી પાસે અકસ્માતમાં મરી જતાં ત્યાં તેની કબર અને તે પર લેખ છે. કબર પર દાળિયા ચડાવવાથી ઉધરસ મટી જાય તેવી માન્યતા આ વિસ્તારમાં છે.

પાળિયાઓ-મૃત્યુલેખો બહુ જૂના થઇ જવાથી ઘણાખરા વાંચી શકાય તેમ નથી. સાલ વાંચના જ શક્ય છે.

મુંદ્રા - માંડવી બંદરો હોવાથી દેશ-વિદેશ વહાણો જતાં આવતાં-તેમાં અકસ્માત મૃત્યુ થવાથી આ ગામોમાં વહાણ સાથે દર્શાવાયેલ વહાણવટીઓના પાળિયા જોવા મળે છે.

**ભુજનાં પારસી કબ્રસ્તાનમાં પારસી ઢબની ગુજરાતી ભાષામાં કબર લેખો બહુ રસપ્રદ છે. અહીં દાદાભાઇનાં પૌત્ર-પૌત્રીની કબરો ઐતિહાસિક ગણાય. પારસીઓની વસતિ હવે રહી ન હોવાથી આ કબ્રસ્તાનની માવજત મુશ્કેલ છે. જોકે અત્યારે તે સારી સ્થિતિમાં છે.**

ભદ્રેશ્વરમાં કુફી (અરબી) લિપિના મૃત્યુ લેખો પણ ઐતિહાસિક છે. તેમાંના લખાણ પ્રમાણે ૧૨મી સદીથી અહીં મુસ્લિમો શાંત પ્રજાજનો તરીકે રહેતા. જ્યારે કચ્છમાં ગુજરાતના અનંગપાળનું શાસન હતું જ્યાં આવા લેખો છે તે લાલશા પીરના કૂબાની ઉપલી ભીંતો અને બારીઓમાં કુફી લખાણ સુશોભન જેવું લાગે. હકીકતમાં તે કુરાનની આયાતો છે.


ભુજ કબ્રસ્તાનમાં પર્શિયન અને ગુજરાતી દ્વિભાષી કબર લેખ પણ નોંધપાત્ર છે.

*- રિટાયર્ડ ક્યુરેટર*
*કચ્છ મ્યુઝિયમ, પો.ઓ. બોક્સ નં.-૮૦/૮૧,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*જ્ઞાનનું અભિમાન રાખ્યા વિના સતત શીખતા રહો.*

# કચ્છનાં મ્યુઝિયમો

● નરેશ અંતાણી ●



**નરેશ અંતાણી**નો જન્મ ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૧ના થયો. તેઓશ્રી ઈતિહાસ વિષયક સ્નાતક છે. ૧૯૮૫થી ૨૦૦૮ દરમિયાન કચ્છ મ્યુઝિયમ - ભુજમાં કાર્યરત હતા અને ૨૦૦૮માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ 'કચ્છ મિત્ર'ના તંત્રી વિભાગમાં ફરજ બજાવે છે. ૧૯૯૨થી કચ્છના ઈતિહાસ અને પુરાતત્ત્વના દ્વિમાસિક "વલોકચ્છડો"નું સંપાદન કરે છે. આ સામયિકમાં પ્રકાશિત થતા લેખોને, યુનિવર્સિટીઓ માન્ય ગણે છે. તેઓશ્રીએ 'કચ્છ મિત્ર' દૈનિકની પૂર્તિઓમાં એમની એક વિશિષ્ટ સંશોધનાત્મક કટાર "જ્ઞાતિ ગંગા કચ્છની" દ્વારા ૭૦થી વધારે જ્ઞાતિનો પરિચય કરાવ્યો છે. કચ્છના ઈતિહાસ-પુરાતત્ત્વ સંદર્ભે ૧૫૦થી વધારે લેખો ગુજરાતીના વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયા છે. ગુજરાતી વિશ્વકોશના ૧૮મા ભાગમાં ભુજની લખપતની છતરડી વિશે એક પ્રકરણ પ્રકાશિત થયેલ છે. પત્રકારત્વનો બહોળો અનુભવ છે. "મંગલ મંદિર"માં પણ તેઓના લેખ અવારનવાર પ્રસિદ્ધ થાય છે.

ભારતમાં મ્યુઝિયમ પ્રવૃત્તિનું મંગલાચરણ ઈ.સ. ૧૮૧૪માં થયું. પ્રથમ કલકત્તાનું ઈન્ડિયન મ્યુઝિયમ સ્થપાયું અને ત્યારથી આજ પર્યંત ભારતમાં મ્યુઝિયમોની સ્થાપના થતી રહી છે. મ્યુઝિયમ એ શિક્ષણ અને સંસ્કારનું પ્રતીક મનાય છે અને એટલે જ વિશ્વમાં સૌથી વધુ મ્યુઝિયમો ધરાવતો દેશ ફ્રાંસ એ સૌથી વધુ સમૃદ્ધ અને સંસ્કારી દેશ છે. એજ રીતે ભારતમાં પશ્ચિમ બંગાળ સૌથી વધુ મ્યુઝિયમો ધરાવે છે અને બીજે નંબરે ગુજરાત આવે છે. જે આપણા માટે ગૌરવપ્રદ હકીકત છે. કચ્છ માટે ગૌરવજનક હકીકત એ છે કે સૌથી વધુ મ્યુઝિયમો અમદાવાદ, એ પછી વડોદરા અને પાંચ મ્યુઝિયમો ધરાવતું ભુજ શહેર એ ત્રીજા ક્રમે આવે છે. વળી રાજ્યનું સૌથી જૂનું મ્યુઝિયમ પણ ભુજ શહેરમાં છે.

મ્યુઝિયમ એ પ્રવર્તમાન સમાજમાં લોકશિક્ષણનું એક અસરકારક માધ્યમ બની રહે છે. રાષ્ટ્રના ભવ્ય ભૂતકાળ અને યુગોની ઉત્તરોત્તર પ્રગતિનું જ્ઞાન પુસ્તકોમાં મળે એ કરતાં મ્યુઝિયમમાં જીવંત રીતે મળે છે. ત્યારે કચ્છના ઈતિહાસ અને વિકાસની યાત્રાનો ખ્યાલ આપતા અનેક મ્યુઝિયમો ભુજમાં આવેલાં છે. આ પૈકી રાજ્યના સૌથી જૂના કચ્છ મ્યુઝિયમનો ટૂંક પરિચય તથા તેની ગઈકાલ, આજ અને ખાસ કરીને આવતીકાલની અહીં વાત કરવી છે.

ભુજમાં ખાસ કરીને નૃવંશશાસ્ત્ર ઉપરાંત બહુહેતુક મ્યુઝિયમો પણ છે. અહીં રાજ્ય સરકાર સંચાલિત એક મ્યુઝિયમ છે. જ્યારે અન્ય ચાર મ્યુઝિયમો ટ્રસ્ટ સંચાલિત છે.

● **કચ્છ મ્યુઝિયમ :**

કચ્છના ઐતિહાસિક પાટનગર ભુજમાં ગુજરાતનું તથા પશ્ચિમ ભારતનું સૌથી જૂનું, ભારતના સદી વટાવી ચૂકેલા પ્રથમ દસ મ્યુઝિયમો પૈકીનું 'કચ્છ મ્યુઝિયમ' આવેલું છે.

કચ્છ મ્યુઝિયમનું સંચાલન રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ સંગ્રહાલય ખાતા દ્વારા કરવામાં આવે છે. જેની વડી કચેરી વડોદરા ખાતે આવેલી છે. આ ખાતાના સંચાલન હેઠળ રાજ્યભરમાં કુલ તેર મ્યુઝિયમો આવેલાં છે.


આ મ્યુઝિયમનું નામ મુંબઈના તત્કાલીન ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસનના નામ પરથી 'ફર્ગ્યુસન મ્યુઝિયમ' પડ્યું. ૧૯૪૮માં ભારતના કેટલાક રજવાડાઓના વિલીનીકરણ વખતે કચ્છનું પણ વિલીનીકરણ થયું. ત્યારથી લોકોમાં આ મ્યુઝિયમ 'કચ્છ મ્યુઝિયમ' તરીકે જાણીતું છે.

કચ્છ ચારેબાજુ સમુદ્ર અને રણથી ઘેરાયેલો, કાચબા જેવો આકાર ધરાવતો આ વિસ્તાર 'કચ્છ' તરીકે ઓળખાય છે. અહીંની પ્રજા ખડતલ, સહનશીલ અને મહેનતુ છે. અહીંની ભોમકા ભાતીગળ સંસ્કૃતિ ધરાવતી વિવિધતાવાળી છે. આ સંસ્કૃતિને કચ્છ મ્યુઝિયમના જુદા જુદા પંદર વિભાગોમાં સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. મ્યુઝિયમને કચ્છનો ભોમિયો-ગાઈડ તરીકે પણ ઓળખવામાં આવે છે. કેમ કે પુરાતન કાળના અનેક સંભારણાઓને જાળવી રાખતા આ મ્યુઝિયમમાં શિલાલેખો, સિંધુ સંસ્કૃતિના અવશેષો, શિલ્પ સ્થાપત્ય, વિશાળ કચ્છ પ્રદેશની વિવિધ માનવજાતિઓ, ચિત્રકલા, ધાતુ-શિલ્પ, સિક્કા, વસ્ત્રકલા, કચ્છી કાપડ, વિવિધ ભરતકામના નમૂના, કચ્છી આભૂષણો, કચ્છની બેનમૂન ચાંદીકલા, કચ્છી હથિયારો, કચ્છનું વહાણવટું ઉપરાંત પ્રાકૃતિક વિજ્ઞાનને લગતા અનેક નમૂનાઓને સુંદર રીતે જાળવી

*સેવા માટે પૈસાની જરૂરત નથી, જરૂરત છે પોતાના સંકુચિત જીવનને છોડવાની અને ગરીબો સાથે એકરૂપ થવાની.*

રાખવામાં આવ્યા છે.

૨૦૦૧ના વિનાશક ધરતીકંપ અગાઉ કચ્છ મ્યુઝિયમમાં નમૂનાઓ વિવિધ નાના મોટા પંદર વિભાગોમાં પ્રદર્શિત કરાયા હતા, પરંતુ ધરતીકંપે સમગ્ર કચ્છની સાથે આ સંગ્રહાલયને પણ વ્યાપક નુકસાન કર્યું. જેની વિગતવાર માહિતી અહીં રજૂ કરી છે.



*કચ્છ મ્યુઝિયમની ઈમારતનો પ્રથમ મજલો ધ્વસ્ત હાલતમાં નજરે પડે છે.*

**● ભૂકંપ ધ્વસ્ત મ્યુઝિયમ ભવન :**

રાજ્યનાં સૌથી પ્રાચીન કચ્છ મ્યુઝિયમમાં સંગ્રહાલયની વર્ષ ૨૦૦૧માં સવા શતાબ્દીની ઉજવણી માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું હતું. એ જ અરસામાં તા. ૨૬મી જાન્યુઆરીના રોજ આવેલા વિનાશક ધરતીકંપથી કચ્છ સંગ્રહાલયના મૂળ ભવનની ઈમારતને વ્યાપક નુકસાન થયું હતું અને તેનો પ્રથમ માળ સંપૂર્ણ ધ્વસ્ત થતાં સંગ્રહાલયના અમૂલ્ય નમૂનાઓ કાટમાળમાં દટાયા. સંગ્રહાલયના શતાબ્દી ભવનને પણ વ્યાપક નુકસાન થયું. સંગ્રહાલયના કર્મચારી ગણની સતર્કતાને કારણે સંગ્રહાલયના અમૂલ્ય નમૂનાઓને ગુમ થતા બચાવી શકાયા અને સદ્‌ભાગ્યે થોડી ઘણી ભાંગ તૂટને બાદ કરતાં એક પણ નમૂનો ગુમ ન થયો. પુરાતત્ત્વ ખાતાની સહાયતાથી સંગ્રહાલયના તમામ નમૂનાઓને કાટમાળમાંથી સહી સલામત રીતે બહાર કઢાયા. ત્યારથી સંગ્રહાલય મુલાકાતીઓ માટે બંધ રહ્યા પછી નવનિર્માણ પામેલ આ સંગ્રહાલયની લોકાર્પણ વિધિ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે, કચ્છ મહોત્સવના વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના કરાઈ હતી. આ સંગ્રહાલયના ભવ્ય ઈતિહાસ, તેના પુનઃનિર્માણની ગાથા અને તેના નવ નિર્માણ પામેલા ભવનમાં તૈયાર કરાયેલા વિવિધ વિભાગોમાં પ્રદર્શિત કરાયેલા સંગ્રહની વાત અહીં કરી છે.

**● પુનઃરચના કાર્યનો આરંભ :**

ધરતીકંપમાં ધ્વસ્ત થયેલ અને કાટમાળમાં ફેરવાયેલ કચ્છ મ્યુઝિયમને પુનઃ ધબકતું કરવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો અને મૂળ ઈમારત સંપૂર્ણ ખાલી કરી તેની નવ રચનાનું કાર્ય જાહેર બાંધકામ વિભાગ દ્વારા નેશનલ કાઉન્સિલ ફોર મિન્ટ એન્ડ બિલ્ડિંગ મટિરિયલ્સ, નવી દિલ્હીએ તૈયાર કરેલ પ્લાન એસ્ટિમેટ, ડિઝાઈન મુજબ હાથ ધરાયું. સંગ્રહાલયના તમામ નમૂનાઓને નાનીબા પાઠશાળાના ભવનમાં સુરક્ષિત મૂકવામાં આવ્યા.

**● નવા રંગ-રૂપ સાથે નવ સંસ્કરણ:**

સંગ્રહાલયનું પુનઃનિર્માણ વિશ્વ બેંકની સહાયથી ફાળવવામાં આવેલ અને રાજ્યના આપત્તિ નિવારણ પ્રાધિકરણ દ્વારા આપવામાં આવેલ રૂપિયા નેવું લાખ અને બાકીના રાજ્ય સરકારના રૂપિયા દસ લાખ એમ મળી કુલ રૂપિયા એક કરોડના ખર્ચે કરાયું છે. આ ભવન સંપૂર્ણ તૈયાર થઈ જતાં તેમાં રૂપિયા પચાસ લાખના ખર્ચે વિવિધ વિભાગોની આંતરિક રચના, શોકેસો વગેરેની કામગીરી હાથ ધરાઈ. નવા સંગ્રહાલયમાં અદ્યતન લાઈટિંગ સીસ્ટમ, આગ સામે સલામતી માટેના ઉપકરણો તથા અદ્યતન સીસી ટીવીની સીસ્ટમ પણ ગોઠવવામાં આવી છે. નવું અદ્યતન ભવન તૈયાર થઈ જતાં તેમાં સંગ્રહાલયના અમૂલ્ય સંગ્રહનું પ્રદર્શન ગોઠવવાની કામગીરી સંગ્રહાલયના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવનની રાહબરી હેઠળ કરાઈ. આ માટે શ્રી સદાશિવને સમગ્ર કચ્છનો અભ્યાસ કરવા વ્યાપક પ્રવાસ કર્યો અને તેના નિચોડ રૂપે કચ્છને એક નમૂનેદાર સંગ્રહાલય પુનઃ પરત મળ્યું.

**● સમૃદ્ધ સંગ્રહથી શોભતા નવા વિભાગો :**

રાજ્યના સૌથી જૂના એવા સંગ્રહાલય પાસે કચ્છનો ઈતિહાસ, પુરાતત્ત્વ, કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતો સમૃદ્ધ સંગ્રહ આવેલો છે અને નવ નિર્મિત કચ્છ સંગ્રહાલયમાં આ સંગ્રહને વિવિધ આઠ વિભાગોમાં પ્રદર્શિત કરાયો છે. જેમાં ભોંયતળીયે પુરાતત્ત્વ વિભાગ, ભૂસ્તરશાસ્ત્ર વિભાગ, માનવજાતિ વિભાગ, સિક્કા વિભાગ તથા શિલ્પ વિભાગના નમૂનાઓને પ્રદર્શિત કરાયા છે. જ્યારે પ્રથમ માળે કાપડ, સોના ચાંદી, હથિયાર, રોગાન કામ, તાંબુ, પિત્તળ વગેરેના નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

**● પુરાતત્ત્વ વિભાગ :**

સંગ્રહાલયમાં પ્રવેશતાં જ ડાબી બાજુ પુરાતત્ત્વ વિભાગના નમૂનાઓ પ્રદર્શિત કરાયા છે. બીજી ત્રીજી સદીમાં કચ્છનો ખાસ કરીને અંધૌનો પચ્છમનો વિસ્તાર ક્ષત્રપોનું પશ્ચિમક્ષેત્રનું વડું મથક રહ્યું હશે તેવું પુરાતત્ત્વવેત્તાઓનું અનુમાન છે કારણ કે કચ્છના આ વિસ્તારમાંથી રાજ્યમાં સૌથી વધુ શિલાલેખો મળ્યા છે. શક સંવતના આરંભનો આધાર પણ આ શિલાલેખો પૈકીનો એક શિલાલેખ છે. આ તમામ શિલાલેખો આરંભમાં ક્ષત્રપોના સંપૂર્ણ ઈતિહાસના વર્ણન તથા તેના વિગતવાર વાંચન અને તસવીર સાથે પ્રદર્શિત કરાયા છે. આ ઉપરાંત આ વિભાગમાં બીજી સદીથી ૧૯મી સદી સુધીના શિલાલેખો, કચ્છ અને બનાસકાંઠા પ્રદેશોમાંથી મળી આવેલા શિલ્પો, પથ્થર અને કાંસ્ય મૂર્તિઓ, પ્રદર્શિત કરવામાં આવી છે.

*અહંકાર તો સત્કાર્યોના સત્વનો પણ નાશ કરે છે.*

કચ્છમાં હડપ્પીય નગર સંસ્કૃતિના અનેક અવશેષો મળી આવ્યા છે અને હજુ પણ આ નગરોનું ઉત્ખનન ચાલુ છે, તેવાં આ નગરોમાંથી મળી આવેલ નમૂનાઓને સંપૂર્ણ હડપ્પાકાલીન સંસ્કૃતિની સચિત્ર તવારીખ અને હડપ્પા અને મોંહે જો દરો સંસ્કૃતિની સમકાલીન જગતની અન્ય સંસ્કૃતિઓના તુલનાત્મક અભ્યાસ સાથે પ્રદર્શિત કરાયા છે. કચ્છ પ્રદેશ ખડકો અને વિપુલ ખનિજ પેદાશો ધરાવે છે. અહીંથી મળી આવતા વિવિધ ખનિજો, ખડકો અને અશ્મિઓના નમૂનાઓ પણ અહીં તેના સચિત્ર પરિચય સાથે રજૂ કરાયા છે.

- **માનવજાતિ વિભાગ :**

ભારતીય સંસ્કૃતિના પુરાતત્ત્વ, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં કચ્છનું પ્રદાન અદકેરું છે. આપણા અતીતની ગવાહી આપતા અનેક પ્રમાણો કચ્છમાંથી ઠેરઠેર પ્રાપ્ત થાય છે. કચ્છને સમયાંતરે યાયાવર ટોળાંઓ અને નિર્વાસિતોએ પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું છે. છેક પ્રાગ ઐતિહાસિક કાળથી અર્વાચીન કાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહી છે. જેને કારણે કચ્છ પ્રદેશમાં એક અનોખી સંસ્કૃતિનું નિર્માણ થયેલું જોવા મળે છે. કેટલીય સંસ્કૃતિઓનો સુમેળ કચ્છમાં થયેલો છે. કચ્છમાં પણિઓ, અંધકો, ભોજો, નાગો, મૌર્યો, ક્ષત્રપો, અભિરો, સેન્દ્રકો, ચાવડાઓ, સોલંકીઓ અને છેલ્લે સમાવંશના જાડેજાઓએ રાજ કર્યું છે. આજ કારણે કચ્છમાં અનેક જાતિઓ, જનજાતિઓ આવીને વસી છે. અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે અને આવા વાતાવરણને કારણે કચ્છમાં અનેક સમાજો અને જ્ઞાતિઓ આવી અને કચ્છમાં સ્થાયી થઇ અને કચ્છને પોતાનું વતન બનાવ્યું અને કચ્છના વિકાસમાં પોતાનું યત્કિંચિત યોગદાન પણ આપ્યું છે. આવા સમુદાય અને કચ્છની જનજાતિઓ જ્ઞાતિઓનો પરિચય કરાવવાના ઉમદા હેતુ સર આ સંગ્રહાલયના માનવજાતિ વિભાગને અગાઉ કરતાં વધુ વિસ્તારથી અને આકર્ષક રીતે રજૂ કરાયો છે. કચ્છની રબારી, ફકીરાણી જત, પઠાણ, આહિર અને મુતવા



*કચ્છ મ્યુઝિયમનાં ચાંદી-વિભાગમાં પ્રદર્શિત થયેલી કચ્છી ચાંદીકલા "કચ્છવર્ક"નો નમૂનો. ચાંદીની તાસકમાં દુષ્યંત-શકુંતલાનું દૃશ્ય*

જનજાતિઓના ડાયરાઓ તૈયાર કરાયા છે. આ ડાયરાઓમાં આ જનજાતિઓના સ્ત્રી અને પુરુષના માનવકદના આબેહૂબ ફાઇબરમાંથી તૈયાર કરાયેલાં પુતળાંઓને તેના પારંપરિક પહેરવેશ અને આભૂષણો અને તેની ઘરવખરી સાથે પ્રદર્શિત કરાયા છે. તેમના નિવાસસ્થાન ભૂંગા પણ અસલ તૈયાર કરાયા છે. તેમાં વપરાતી સાધન સામગ્રી પણ તેમના મૂળ પ્રાપ્તિ સ્થાનમાંથી જ મેળવાઇ છે જેથી તેની મૌલિકતા જળવાઇ રહી છે. આ ઉપરાંત જનજાતિઓની રહેણી કહેણી દર્શાવતી કચ્છના વિવિધ વિસ્તારોનો પ્રવાસ કરી મેળવાયેલી તસવીરો



*કચ્છ મ્યુઝિયમનાં સોના-ચાંદી વિભાગનો અદ્વિતીય "કચ્છવર્ક"નો નમૂનો. ચાંદીની ફ્રુટ ડીશ.*

પણ અહીં મુકવામાં આવી છે. આમ આ વિભાગ કચ્છની આ જનજાતિઓનું સંપૂર્ણ દસ્તાવેજીકરણ આપણી સમક્ષ મૂકે છે.

- **સિક્કા વિભાગ :**

ગુજરાતના અનેક દેશી રાજ્યોમાંથી કેટલાક રાજ્યોને પોતાનું ચલણ અમલમાં મૂકવા અધિકૃત કરાયાં હતાં. કચ્છ રાજ્ય આ પૈકીનું એક હતું. ઇ.સ. ૧૬૧૭માં જહાંગીર દાહોદના જંગલમાં હાથીનો શિકાર કરવા આવ્યો હતો ત્યારે અમદાવાદમાં આવેલ. આ સમયે રાવ ભારમલજીએ તેને ૧૦૦ ઘોડા, ૧૦૦ અશરફી અને ૨૦૦૦ રૂપિયાનું નજરાણું ધર્યું હતું. તે સમયે જહાંગીરે ખુશ થઇને ભારમલજીને પોતાનો ઘોડો, હાથી હાથણીનું જોડું, એક કટારી, હીરાની મુઠવાળી તલવાર અને કિંમતી હીરાની ચાર વીંટીઓ બક્ષિસ આપી. ત્યારે રાવે પણ મક્કા હજ કરવા જતા યાત્રીઓને વહાણોમાં કોઇપણ જાતનું ભાડું લીધા વગર જવાની બાંયધરી આપી. આથી બાદશાહે કચ્છ પરની ખંડણી માફ કરી અને સ્વતંત્ર ચલણ ચલાવવાની છૂટ આપી. સંગ્રહાલયના સિક્કા વિભાગમાં રાવ ભારમલજીથી છેલ્લા રાજવી મદનસિંહજી સુધીના કચ્છના તમામ ચલણી સિક્કાઓ તેના ઇતિહાસ સાથે પ્રદર્શિત કરાયા છે.

- **હસ્તકલા વિભાગ :**

સંગ્રહાલયના પ્રથમ માળમાં કચ્છની વિવિધ હસ્તકલાના નમૂનાઓને તદ્દન અનોખી રીતે પ્રદર્શિત કરાયા છે. આ વિભાગમાં કાપડ, સોના ચાંદી, કલા, લાકડા પરનું રોગાન કામ, બદરી વર્ક, હથિયારો પરની દસ્તકારી વગેરે આકર્ષક રીતે પ્રદર્શિત કરાયા છે.

કચ્છની વિવિધ જન જાતિઓનું કાપડ પરનું છપાઇકામ, વણાટ, વિવિધ ભરતકામ, બાંધણી કામ અનેક વર્ષોથી પ્રચલિત છે. આ વિભાગમાં બાંધણી, પેચવર્ક, મશરુ વણાટ, મોચી ભરત, સૂફી ભરત, મુતવા ભરત, રોગાન કામ, જરી ભરત, રબારી ભરત, મોતી કામ વગેરેના ઉત્કૃષ્ટ નમૂનાઓને દીવાલ પર વિશિષ્ટ પેનલો દ્વારા પ્રદર્શિત કરાયા છે. આખા નમૂનાને ખોલીને પ્રદર્શિત કરાયા છે જેથી તમામ તરફની કલાને મુલાકાતીઓ

*ભગવાનને ભરોસે રહેવાથી કોઇ પ્રકારની ચિંતા ટકી શકતી નથી.*

નિહાળી શકે. આ ઉપરાંત સિંધમાં થતાં ભરત કામના કેટલાક નમૂનાઓ પણ આ વિભાગનું આકર્ષણ છે. આથી કચ્છ અને સિંધની કલાનો તુલનાત્મક અભ્યાસ પણ કરી શકાય છે. 'કચ્છ વર્ક' તરીકે જગ મશહૂર કચ્છના સોના-ચાંદી પરના નકશીકામના અનેક ઉત્કૃષ્ટ નમૂનાઓ પણ આ સંગ્રહાલયના સંગ્રહમાં છે. તે પૈકી ઉત્તમ નમૂનાઓ આ વિભાગમાં પ્રદર્શિત કરાયા છે. આ ઉપરાંત સોના ચાંદીના દાગીના, બીદરી વર્કના નમૂનાઓ અહીં છે. તો કચ્છમાં નિરોણા વિસ્તારમાં થતું લાકડા પરનું રોગાન કામના નમૂનાઓ પણ અહીં છે. તાંબા પિતળના વાસણો સુંદર નમૂનાઓ પણ આ વિભાગમાં જોવા મળશે.

માંડવીના જૈન દેરાસરમાંથી મેળવવામાં આવેલ દક્ષિણ ભારતની બનાવટ અને તેના પર કચ્છી કલાકારોએ કરેલ સુંદર રંગકામ ધરાવતા ઐરાવતને પણ સુંદર પેડસ્ટલ પર રજૂ કરવામાં આવ્યો છે. ઐરાવતની સાતેય સૂંઢ પર જૈન તીર્થંકરની દેરીઓ પણ બતાવાઇ છે અને ઐરાવત પર આરૂઢ ઇન્દ્ર તીર્થંકરની પૂજા કરવા જઇ રહ્યા છે. કચ્છ મ્યુઝિયમની શતાબ્દી પ્રસંગે ભારત સરકારના ટપાલ વિભાગે ખાસ ટપાલ ટિકિટ દ્વારા કચ્છની આ ઉત્કૃષ્ટ કલાને દેશ અને વિદેશમાં પ્રસિદ્ધિ આપી હતી.

કચ્છ રાજ્યના સમયમાં કચ્છમાં હથિયાર બનાવવાનો ઉદ્યોગ પૂર બહારમાં હતો અને આ હથિયારો પર પણ કલાકારો સુંદર નક્શી કામ કરતા. આ નક્શી કામ કરેલાં વિવિધ હથિયારો જેવાં કે જમૈયો, કટાર, છરી, ભાલો, દેશી બંદૂકો, તલવાર, ઢાલ વગેરેને સુંદર રીતે મૂકવામાં આવ્યાં છે.

સંગ્રહાલયના પ્રાંગણમાં પણ અનેક પાષાણ શિલ્પ કૃતિઓની સાથે ટીપુ સુલતાને કચ્છ રાજ્યને ભેટ આપેલ 'હૈદરી' તોપ, ઉપરાંત પોર્ટુગીઝ બનાવટની પંચ ધાતુની તોપ અને વિશિષ્ટ પ્રકારની મોર્ટાર તોપ પણ સુંદર રીતે પ્રદર્શનમાં મૂકાઇ છે. મ્યુઝિયમથી ઘનશ્યામનગર તરફ જતા રસ્તાને 'કચ્છ મ્યુઝિયમ માર્ગ' નામ આપવામાં આવ્યું છે.

કચ્છ મ્યુઝિયમ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું પણ આયોજન થતું રહે છે. જેમાં ચર્ચાસભા,



*કચ્છ મ્યુઝિયમનાં ચાંદી-વિભાગમાં પ્રદર્શિત થયેલ કચ્છી ચાંદીકલા "કચ્છવર્ક"નો નમૂનો.*

વ્યાખ્યાનો, પ્રદર્શનો, કચ્છની હસ્તકલાઓનું પ્રદર્શન તથા નિર્દેશન, વિવિધ સ્પર્ધાઓ વગેરે અવારનવાર યોજાય છે. દર જાન્યુઆરી માસ દરમ્યાન ભારતભરનાં મ્યુઝિયમો 'મ્યુઝિયમ સપ્તાહ'નું આયોજન કરે છે. એ દરમ્યાન ભુજના આ મ્યુઝિયમમાં પણ સપ્તાહ દરમ્યાન મુલાકાતીઓને મ્યુઝિયમમાં પ્રવેશ વિનામૂલ્યે મળે છે.

મ્યુઝિયમની પ્રવેશ ફી બે રૂપિયા છે. સંશોધકો, વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ફી રૂપિયો એક છે. બુધવાર અને સરકારી જાહેર રજામાં સંગ્રહાલય બંધ રહે છે.

### ● ઑલ્ફ્રેડ હાઇસ્કૂલ :

રાજ્ય સરકારના રમત ગમત, યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તથા શિક્ષણ વિભાગ દ્વારા કચ્છની સૌથી જૂની ઑલ્ફ્રેડ હાઇસ્કૂલનું ભવન પણ કચ્છ મ્યુઝિયમને સોંપવામાં આવ્યું છે. ઑલ્ફ્રેડ હાઇસ્કૂલનું આ ભવન ઇ.સ. ૧૮૮૪માં નિર્માણ પામ્યું છે. આ ભવનને પણ ધરતીકંપમાં ભારે નુકસાન થતાં આ ભવનને પ્રાચીન સાંસ્કૃતિક વારસા તરીકે જાળવી રાખવાનો સરકારે નિર્ધાર કર્યો અને પ્રધાનમંત્રીના ખાસ ભંડોળમાંથી તેનું પુનઃનિર્માણ કરી, આ વારસાની જાળવણી માટે કચ્છ મ્યુઝિયમને સોંપવામાં આવ્યું. આ ભવનમાં પણ કચ્છ મ્યુઝિયમનો વિસ્તાર કરી એક નમૂનેદાર 'પ્રાદેશિક કચ્છ સંગ્રહાલય' તરીકે કચ્છ મ્યુઝિયમનો વિકાસ કરવાની સરકારની યોજના છે.

### ● આવતીકાલનું સિટી મ્યુઝિયમ કેવું હોવું જોઇએ?

મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક કાર્યશાળામાં ગુજરાતના દરેક જિલ્લા મથકે એક એક 'સિટી મ્યુઝિયમ'ની સ્થાપના કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. અને એનું મંગલાચરણ ગુજરાત સ્થાપના દિવસથી વડોદરા ખાતે વડોદરા સંગ્રહાલયના એક ભાગ રૂપે 'વડોદરા શહેર સંગ્રહાલય' ખુલ્લું મૂકીને કર્યું છે. 'વડોદરા શહેર સંગ્રહાલય'માં ગાયકવાડી શહેર વડોદરાનો પૂર્ણ ઇતિહાસ, પુરાતત્વીય સ્થળો, પ્રાચીન શિલ્પો, મૂર્તિઓ, ગાયકવાડી રાચરચીલું, શાહી ફરમાનો દસ્તાવેજો વગેરે દ્વારા વડોદરા શહેરની તવારીખ આ સંગ્રહાલય રજૂ કરે છે.

આવું જ એક નવતર સંગ્રહાલય અમદાવાદ મહાનગરપાલિકાએ તો અગાઉ સ્થાપી દીધું છે. 'કર્ણાવતી અતીતની ઝાંખી' નામનું આ અમદાવાદ શહેર સંગ્રહાલય અમદાવાદ શહેરનો ઇતિહાસ, ઉદ્યોગ, વ્યાપારની તમામ વિગતો પ્રાચીન કાળથી આધુનિક કાળ સુધીની રજૂ કરે છે.

મુખ્યમંત્રી શ્રી મોદીએ વ્યક્ત કરેલ નિર્ધાર મુજબ કચ્છમાં પણ ભુજ ખાતે 'ભુજ શહેર સંગ્રહાલય'ની સ્થાપના કરવી જોઇએ.

કચ્છના રાજનગર, પાટનગર ભુજે પોતાના ૪૫૪ વર્ષના ગૌરવવંતા ઐતિહાસિક ગાળામાં અનેક ઉતાર-ચઢાવ જોયા છે. છેલ્લે ઇ.સ. ૨૦૦૧ના ધરતીકંપે શહેરને જબરદસ્ત આંચકો આપ્યો. શહેરનો ગૌરવવંતો ઇતિહાસ કાળની ગર્તામાં લીન થઇ ગયો અનેક પ્રાચીન સ્મારકો, પુરાતત્વીય સ્થાનોનો ધરતીકંપે ભોગ લીધો. શહેરના અનેક ફળિયા, શેરી, મહોલ્લા, ચોક, ચકલાના માત્ર નામ જ રહ્યા છે તેનું અસ્તિત્વ ભૂંસાઇ ગયું છે. ત્યારે હવે આ યાદોને જીવંત રાખવા માટે, આવતી પેઢી પોતાના મૂળ શહેરને ઓળખે એ માટે 'ભુજ

*તમે જ્યાં હો, ત્યાંથી, જેટલું કરી શકો તેટલું પૂરા દિલથી જોર લગાવી કરો. વિજય માટે બીજો વિકલ્પ નથી.*

શહેર સંગ્રહાલય'ની સ્થાપના માટે અત્યારનો જ સમય યોગ્ય છે. ભુજના કચ્છ મ્યુઝિયમનું પુનઃ નિર્માણ પૂર્ણ કરાયું છે ત્યારે હવે આ સૂચિત શહેર સંગ્રહાલય કચ્છ મ્યુઝિયના તાબા નીચે જ તૈયાર કરાવું જોઇએ. આ વાત છે આવતીકાલના નવા સંગ્રહાલયની.

ભુજ શહેર સંગ્રહાલય કેવું હોવું જોઇએ? તેમાં શું શું હોવું જોઇએ? તેની રચના કેવી રીતે કરી શકાય? તે અંગે વિચારમંથન અત્યારથી જ શરૂ થવું જોઇએ.

સૌપ્રથમ તો શહેર સંગ્રહાલય માટે લાયક સ્થળ પસંદ કરવું પડે. આ માટે શહેરની નાનીબા પાઠશાળા અથવા જમાદાર ફતેહ મહમદના ખોરડાની ઇમારત યોગ્ય સ્થળ જણાય છે. નાનીબા પાઠશાળાને ધરતીકંપથી વ્યાપક નુકસાન થતાં તેની પુનઃ રચનાનું કાર્ય પૂર્ણ થઇ ગયું છે અને મૂળ ઇમારતને પ્રાચીન વારસા તરીકે સુરક્ષિત રાખવાનો નિર્ણય સરકારે કરેલ છે. આ ભવન શહેર સંગ્રહાલય માટે એકદમ યોગ્ય સ્થળ છે, કેમ કે, શહેરના ઇતિહાસનું આ શિક્ષણભવન મૂક સાક્ષી રહ્યું છે. આ ભવનમાં સંસ્કૃત પાઠશાળા હતી. થોડો સમય વ્રજભાષા પાઠશાળા પણ આ ભવનમાં હતી અને આ ભવનનું નામ પણ કચ્છના રાજમાતા નાનીબા ના નામ પરથી પડ્યું છે. એક રીતે કહીએ તો શહેરનું આધુનિક ઘડતર આ હાઈસ્કૂલમાં જ થયું છે. આજ રીતે જમાદાર ફતેહ મહમદના ખોરડાનું ભવન પણ કચ્છના ઇતિહાસનું સાક્ષી છે. કચ્છના ક્રોમવેલ તરીકે જાણીતા લશ્કરી સેનાપતિ જમાદાર ફતેહ મહમદનું સત્તાવાર નિવાસ સ્થાન કચ્છના અનેક રાજકીય ચઢાવ ઉતારનું સાક્ષી છે. આ ભવનનું પુનઃ નિર્માણ કરી નવા સંગ્રહાલય માટે અનુરૂપ બનાવી શકાય તેમ છે. રાજ્યનું સૌથી પ્રાચીન 'કચ્છ મ્યુઝિયમ' એ સમગ્ર કચ્છના ઇતિહાસની વાત કરે છે, જ્યારે આ સૂચિત શહેર સંગ્રહાલય એ માત્ર ભુજ શહેરની વાત રજૂ કરશે.

ભુજ શહેરની અસ્મિતા, સંસ્કારિતા અને ગૌરવને આ સંગ્રહાલયમાં એ રીતે રજૂ કરવી જોઇએ કે, જેથી આ સંગ્રહાલય માત્ર દુર્લભ અને કળામય વસ્તુઓનું સંગ્રહસ્થાન ન બની રહેતા શહેરની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, રીત રિવાજો સાથે ગાઢ રીતે સંકળાયેલા ભુજના નગરજનોના ઇતિહાસ અને વર્તમાનની તાસીર રજૂ કરનારું અને શહેરના પ્રાચીન અને અર્વાચીન મૂલ્યોનું અનોખું મિલનસ્થાન બની રહેવું જોઇએ.

સંગ્રહાલયમાં શહેરનો ભવ્ય ભૂતકાળ ધરાવતો ઇતિહાસ, પુરાતત્ત્વ, શિલ્પ, સ્થાપત્ય, કળા અને સંસ્કૃતિને લગતી વિગતો રજૂ કરતા જુદા જુદા વિભાગોનું નિર્માણ વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો અને જાણકારોના સહકારથી કરવું જોઇએ. વિવિધ ક્ષેત્રોની માહિતી-ચિત્ર અને નમૂનાઓનું પ્રદર્શન પ્રાચીનકાળથી વર્તમાનકાળ સુધીની હકીકતો રજૂ કરતા હોય અને સાડા ચારસોથી વધારે વર્ષ જૂનો ઇતિહાસ ધરાવતા આ નગરનો કાળક્રમે કેવી રીતે વિકાસ થયો તેની તાદશ રજૂઆત સાથે સંગ્રહાલયની ગોઠવણી થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. તેનાથી વર્તમાન પેઢી પણ સંગ્રહાલયને માણી શકશે. કેમ કે, તેમાંની કેટલીય હકીકતોથી પોતે પણ વાકેફ હશે તેથી સંગ્રહાલયને નિહાળવામાં તે વિશેષ રસ દાખવશે.

આઝાદી પહેલાંના સમય સુધીના સમયગાળામાં ભુજ શહેરે અનેક રાજકીય ઊથલ પાથલ જોઇ છે. આઝાદીની ચળવળ સુધીના ઇતિહાસને સંગ્રહાલયના ઇતિહાસ વિભાગમાં વિવિધ શાહી ફરમાનો, કચ્છનું નાણું, દસ્તાવેજો, ભુજના ઇતિહાસ સાથે સંકળાયેલ વિવિધ પરંપરાઓ (દા.ત. હમીરસરના ઓગનવાનો ઉત્સવ) વગેરે રજૂ કરી શકાય. ભુજ કચ્છનું પાટનગર અને સમગ્ર કચ્છનું કેન્દ્ર સ્થાન છે. તેથી કચ્છના તમામ પરંપરાગત ઉદ્યોગોએ અહીં સ્થાન ગ્રહણ કરેલ છે. તેમ છતાં ભુજ શહેરના પણ કેટલાય આગવા અને પારંપરિક ઉદ્યોગોએ ધ્યાન આકર્ષિત કર્યું છે. આ ઉદ્યોગોમાં મુખ્યત્વે 'કચ્છ વર્ક' તરીકે જાણીતું ચાંદી અને સોના પરનું નક્શીકામ, બાંધણી, બાટીક, કાપડ પરનું બ્લોક પ્રિન્ટિંગ વગેરે મુખ્ય છે. આ સિવાય ભુજ અને તેની આસપાસના ગામડાંઓમાં વિકાસ પામેલ હસ્ત ઉદ્યોગો ઘડકી કામ, માટીકામ, કુંભારોની માટી કળા વગેરે ઉપરાંત એક સમયે છેક વડોદરાના ગાયકવાડી રાજવીઓના મહેલ સુધી પહોંચેલ ભુજનું જરદોસી અને મોચી ભરત આ બધી કળાઓએ ભુજને નામના અપાવી છે. ભુજના આ પારંપરિક હસ્ત ઉદ્યોગોની વિગતો અને તેના નમૂનાઓ, તેમાં વપરાતાં સાધનો, ઓજારો, કારીગરોએ મેળવેલ પ્રમાણપત્રો, ઍવૉર્ડ, મેડલ, જાણીતા કારીગરોની તસવીરો વગેરેને ઉદ્યોગ અને હસ્તકળા વિભાગમાં પ્રદર્શિત કરી શહેરના પારંપરિત હસ્તઉદ્યોગો અને કળાને લગતી જાણકારી મુલાકાતીઓને એક સ્થળે જ આપી શકાય.

ભારતની આઝાદીની ચળવળમાં ભુજની પ્રજાએ અને નેતાઓએ મહત્ત્વનું યોગદાન આપેલ છે. ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણેલા ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માએ તો દેશના અગ્રીમ હરોળના ક્રાંતિકારીઓમાં સ્થાન મેળવ્યું હતું. ખાસ કરીને કચ્છને રાજાશાહીની ચુંગાલમાંથી મુક્ત કરાવી અને જવાબદાર રાજ્યતંત્રની લડત માટે પણ ભુજ શહેરે મહત્ત્વનું પ્રદાન કરેલ છે. કચ્છની નોકરિયાત મંડળની રાજવીઓ સામેની લડતે પણ પ્રજામાં જાગૃતિ આણવાનું કાર્ય કરેલ હતું. ઇ.સ. ૧૯૨૫ની મહાત્મા ગાંધીજીની મુલાકાત સમયની ઘટનાઓએ પણ ભુજના ગુજરાતી સાહિત્યમાં ભુજના સાહિત્યકારો, પત્રકારો, ઇતિહાસકારોનું પ્રદાન પુષ્કળ પ્રમાણમાં રહેલ છે. તેજ રીતે કચ્છી સાહિત્યમાં પણ છે. કચ્છના ઘણા સાહિત્યકારોએ ભુજને પોતાની કર્મભૂમિ બનાવી હતી. ૧૮મી અને ૧૯મી સદીના કચ્છી સાહિત્યકારો, પત્રકારો, ઇતિહાસકારોનો પરિચય, તસવીર અને તેમના સાહિત્યની હસ્તપ્રતો અથવા તો છપાયેલ સાહિત્યને, સાહિત્ય વિભાગમાં પ્રદર્શિત કરવાનું આયોજન કરી શકાય.

ભુજ શહેર કચ્છનું હૃદય સ્થાન છે, અહીંની પ્રજા પણ કોમી એખલાસમાં માનનારી અને ઉત્સવપ્રિય છે. ભુજમાં હિંદુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી વગેરે કોમના લોકો અને વિવિધ સંપ્રદાય શૈવ, વૈષ્ણવ, સ્વામિનારાયણ, જૈન તથા શીખ જાતિના લોકો રહે છે. દરેક કોમ અને જાતિના લોકો પોતપોતાના વાર તહેવારો, ઉત્સવો, પ્રસંગો પોતપોતાના રીત રિવાજ પ્રમાણે મનાવે છે. સૂચિત સંગ્રહાલયમાં

*પૈસા કમાવવા માટે બુદ્ધિની જરૂર પડતી હશે, પરંતુ એના સદુપયોગ માટે તો સંસ્કાર જ જોઇશે.*

કોમ અને સંસ્કૃતિ વિભાગમાં દરેક સંપ્રદાયની ઝાંખીઓ, શહેરના જાણીતા મંદિરો, મસ્જિદો, અગિયારી, દેવળ વગેરેની તસવીરો પ્રદર્શિત કરવાથી સંપ્રદાયો અને જાતિના રીતરિવાજો, રહેણી કહેણીથી લોકોને વાકેફ કરી શકાય છે. વિશેષમાં આ વિભાગમાં ભુજ શહેરમાં પ્રાચીન સમયથી ઉજવાતા તહેવારો, મેળા, દિવાળી, જન્માષ્ટમી, તાજિયા, રામનવમી વગેરે તહેવારોની તસવીરો, ઉજવણીની પ્રણાલી વગેરે પણ પ્રદર્શિત કરવા જોઇએ.

ભુજ શહેર કેટલીય શૈક્ષણિક, વ્યવસાયિક, સેવાભાવી, સાંસ્કૃતિક ધાર્મિક, સ્ત્રી કલ્યાણની પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓથી સંપન્ન છે. આ સંસ્થાઓની સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપતી વિગતો, તસવીરો પણ પ્રદર્શિત કરી શકાય.

આવા સમૃદ્ધ અને નવતર શૈલીના સંગ્રહાલયની ભુજ શહેરમાં સ્થાપના કરવામાં આવે તો ભુજ શહેરની અસ્મિતા, સંસ્કાર, સંસ્કૃતિ અને ગૌરવને રજૂ કરતું 'ભુજ દર્શન' એક જ સ્થળે થઇ શકે તેમ છે.

- **આયના મહેલ :**

આયના મહેલ એટલે અરિસાનો મહેલ અને એ ભુજ શહેરની મધ્યમાં દરબારગઢના ચોકમાં આવેલ છે. આ આયના મહેલને તા. ૧-૧-૭૭ના રોજ કચ્છના મહારાવશ્રી મદનસિંહજી સાહેબે કચ્છની પ્રજાને અર્પણ કરેલ છે.

આ આયના મહેલનું બાંધકામ રાવશ્રી લખપતજીએ ઇ.સ. ૧૭૫૦ની આસપાસ એટલે કે આજથી અઢીસો વર્ષ પહેલાં કર્યું હતું. રાવશ્રી લખપતજીના પિતા રાવશ્રી દેશળજી વિશે કચ્છની પ્રજાને ઘણું જ માન હતું. રાવશ્રી દેશળજી એટલા તો પ્રજાવત્સલ હતા કે પ્રજાની એક ઉક્તિ થઇ હતી કે 'દેશરા પરમેશવરા.' આ સમયે એટલે કે અઢારમી સદીમાં ભારતનો ઇતિહાસ અંધાધૂંધીથી ભરેલો હતો. ત્યારે કચ્છમાં તદ્દન ઊલટું જ હતું. રાવશ્રી દેશળજીના સમયમાં કચ્છનો વિકાસ શરૂ થયો એમ કહીએ તો ખોટું નથી. એમના સમયમાં ભુજ શહેરને ફરતા કોટ, આલમપનાહનો ગઢ અને ભુજિયાનો ગઢ બંધાયા. અમદાવાદનો સૂબો શેર બુલંદખાન કચ્છ પર ચડી આવ્યો, ત્યારે ભુજિયાના ગઢનું કામ પૂરું થયું ન હતું. તે વખતે કચ્છના ભાયાતો સાથે રાવશ્રી દેશળજીને સારો સંબંધ હતો.

મુઘલ સલ્તનતમાં ઔરંગઝેબ પછી મહમદશાહ ગાદીએ આવ્યો, ત્યારે મુઘલ સલ્તનત નબળી પડી અને તેનાં તાબાનાં જુદા જુદા રજવાડા સ્વતંત્ર બન્યાં. શેરબુલંદખાન ગુજરાતનો સૂબો બન્યો અને કચ્છ પર ચડી આવ્યો. પરંતુ રાવશ્રી દેશળજી સામે એ ફાવ્યો નહીં. રાવશ્રી દેશળજીએ પોતાના પુત્ર લખપતજીને મહમદશાહના મૃત્યુ પછી એની પાછળ દિલ્હીમાં રાજ્ય ઉત્સવ યોજાયો એમાં મોકલ્યા હતા. આ ઉત્સવમાં રાવશ્રી લખપતજી પર મુઘલ બાદશાહ ખુશ થયા અને કચ્છના મહારાજાઓને 'મિરજા ઇલકાબ તથા માઈ મુરાતીબ' સોનાની માછલી ભેટ આપી. રાવશ્રી દેશળજી પછી લખપતજી ગાદીએ આવ્યા. રાવશ્રી લખપતજી સાહિત્ય, સંગીત, સંસ્કૃત તથા વિવિધ કળાના શોખીન હતા અને એમણે શરૂઆતથી જ કચ્છમાં હુન્નર તથા કારીગરીને વિકસાવવાનું કામ શરૂ કર્યું. રાવશ્રી લખપતજીની, કલાકારોમાં છૂપી કલા શોધી કાઢવાની કુનેહ હતી અને એને કારણે એમણે એક રામસિંહ નામના માલમને શોધી કાઢ્યો અને એને કાચ, લોખંડ વગેરે ઉદ્યોગોમાં નિપુણતા મેળવવા માટે ઉત્તેજન આપ્યું. એ રામસિંહે દેશ-પરદેશમાં જઇ અને ત્યાં જુદી જુદી જાતનું જ્ઞાન મેળવ્યું. શરૂઆતમાં તો એ તોપ બનાવનાર કારીગર તરીકે કામ કરતો. પરંતુ ધીમે ધીમે માટીકામ, મીનાકામ, કાચ કામ, ચાંદી કામ વગેરેની કળામાં પણ એણે નિપુણતા મેળવી હતી. રાવશ્રી લખપતજીએ ઇ.સ. ૧૭૪૧થી ૧૭૬૦ સુધી રાજ્ય કર્યું. પરંતુ આ ૨૦ વર્ષની અંદર કચ્છની કળા કારીગરી સમૃદ્ધિની ટોચે પહોંચી. લખપતજીને સાહિત્યપ્રેમીઓ તથા કળાસ્વામીઓ તરફ માન હતું. ભારતમાં તથા કદાચ દુનિયામાં પ્રખ્યાત એવી વ્રજ ભાષાની પાઠશાળા પણ એમણે સ્થાપી અને આ પાઠશાળામાં કવિઓનું સર્જન થયું. ગુજરાતના જાણીતા કવિ દલપતરામ પણ આ શાળાના વિદ્યાર્થી હતા.

રાવશ્રી લખપતજીએ મુઘલ બાદશાહનો દબદબો જોઇ કચ્છમાં પણ એમણે કંઇક કરવાનો મનસૂબો કર્યો. એમની મહેચ્છા કચ્છમાં એક મોટો મહેલ બાંધવાની હતી અને એ ઉદ્દેશને પાર પાડવા માટે રામસિંહ માલમે તૈયારી બતાવી અને આખરે ભુજના આયના મહેલની શરૂઆત થઇ.

આયના મહેલમાં જવા માટે દરબારગઢના મુખ્ય દરવાજામાંથી પસાર થઇ સામે પ્રાગમહેલ આવે છે, એની બાજુમાંથી પસાર થઇ પછી એક ચોકમાં કે જેમાં રાજાશાહી વખતમાં દિવાળીના દિવસોમાં તોપખાનું ફોડાતું એ ચોકમાંથી પસાર થઇ, પગથિયાં ચડી અને પહેલે મજલે આયના મહેલમાં જઇ શકાય છે.

આયના મહેલ એ પ્રથમ એક સાધારણ જૂનો મહેલ હતો. એના અમુક ખાસ ભાગને પસંદ કરી આયના મહેલ બનાવવામાં આવ્યો છે. આ આયના મહેલમાં દીવાને આમ, દીવાને ખાસ, ઉનાળામાં તાપથી બચવા પાણીના ફુવારાવાળી ખાસ વ્યવસ્થાવાળી બેઠક, ખાનગી રૂમ અને આયના હોલ એમ વ્યવસ્થા કરી, રૂમની ચારે બાજુ છૂટથી ફરી શકાય એવી લોબીઓ છે. મુંબઇ ગેઝેટિયરની નોંધ પ્રમાણે આ આયના મહેલ તૈયાર કરવા માટે બે લાખ પાઉન્ડ એટલે લગભગ પચ્ચીસ લાખ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવ્યો અને આ કામ સને ૧૭૫૦ની આસપાસ પૂરું થયું.

આયના મહેલની રચનાનો સાધારણ ખ્યાલ આમ આપી શકાય : પ્રથમ મુઘલકાલીન પ્રવેશદ્વાર વટાવ્યા બાદ દીવાનેઆમ આવે છે. અહીં લાકડા પર કોતરકામ સારું છે. ત્યારબાદ સાદા ફુવારા અને હોજવાળો રૂમ આવે છે. અહીં હોજની વચ્ચે બેઠક છે. ચારે તરફ થાંભલા તેમજ ભીંતો ઉપર હસ્તચિત્રો અને તસવીરો મૂકવામાં આવી છે. હોજના કિનારાની પાળી ઉપર મીણબત્તીઓ મૂકવાની વ્યવસ્થા કરવામાં આવી છે. શીતળ ફુવારા ઊડતા હોવાથી ગરમીના દિવસોમાં પણ ઠંડક અનુભવાય છે.

ફુવારાનું પાણી આયના મહેલથી લગભગ એક હજાર ફૂટ છેટેથી એક ઊંચી ટાંકીમાંથી આવે છે. આ ટાંકી નીચે એક કોઠાવાવ નામનો કૂવો છે. જેમાં રેંટ ચલાવવાથી કૂવા ઉપરની ઊંચી ટાંકીમાં પાણી

*સાચું બોલનારા ને જૂઠાણાંની ખબર ન હોય, પરંતુ જૂઠું બોલનારને સત્યની ખબર હોવી જોઇએ.*

પડે છે. જે પાઈપો દ્વારા દરબારગઢમાં આયના મહેલ સુધી લઈ જવામાં આવેલ છે. એ વખતે લોખંડના પાઈપો ન હતા, પરંતુ માટીના પાઈપો પણ બહુ જ સારા અને પાકા બનાવવામાં આવ્યા છે. આયના મહેલની અંદર જ્યારે સંગીત હોય, ફુવારાનું પાણી ઊડતું હોય, અરીસામાં સેંકડોની સંખ્યામાં દીવાઓનું પ્રતિબિંબ પડતું હોય અને ઠંડી ખુશનુમા હવા ચાલતી હોય, ત્યારે આ બધાથી વાતાવરણ ઘણું જ આહલાદક બને છે. ફુવારાનું પાણી મહેલ બહાર નીકળી જાય એને માટે યોગ્ય ગટરો પણ કરવામાં આવી છે. રાજાશાહીના વખતમાં કાળી ચૌદશ અને દિવાળીને દિવસે કચેરી બેસે એટલે કે રાજા પોતે બેસતા અને સંગીત ચાલુ થતું.

ફુવારાના હોલ બાદ એક આયનાવાળો હોલ છે. જેનું માપ ૪૬ ફુટ x ૪૦ ફુટ અને ઊંચાઈ ૧૬ ફૂટની છે. આ રૂમની બહાર થાંભલાઓ ઉપર આયનાઓ જડવામાં આવ્યા છે. આ લાદીઓ ઉપર સુંદર ઑપ ચડાવવામાં આવ્યો છે. દીવાલોમાં આરસ જડવામાં આવ્યો છે અને વચ્ચે વચ્ચે ફૂલવેલ જડવામાં આવેલ છે. પાછળ લોબીમાં પ્રકાશ નિયંત્રણ થાય એવા વિવિધ રંગના કાચ જડવામાં આવ્યા છે. આ કાચ પણ સ્થાનિક બનાવટના છે. આમ, ૨૦૦ વર્ષ પર કચ્છની કળા-કારીગરી કેટલી ઉચ્ચ કક્ષાની હશે, એનો ખ્યાલ આવી શકે.

અહીં એક લાકડાનું કમાડ છે. જેના પર અદ્‌ભુત કોતરણી છે અને એમાં હાથીદાંતની તદ્દન પાતળી ચીપોમાંથી હાથી, ઘોડા અને અન્ય પશુ તથા માનવ આકૃતિ બનાવી જડવામાં આવી છે. આજે કોઈ કારીગર આવું કમાડ તૈયાર કરે તો એને ૨ થી ૩ વર્ષ લાગી જાય. કહેવાય છે કે આ કમાડ ઈ.સ. ૧૭૦૮માં ભુજના માધવ નામના સુથારે માત્ર ૪૦૦ કોરી એટલે કે અંદાજે રૂપિયા ૧૦૦નું મહેનતાણું લઈ, કરી આપેલ છે.

હોલના થાંભલા તેમજ દીવાલોમાં અરીસા જડવામાં આવ્યા છે. છત ઉપર પણ આરસ તેમજ વેલબૂટાનું કામ છે. વચ્ચેના ૮ ફૂટ x ૮ ફૂટના રૂમની અંદર બાજુની ભીંતો ઉપર આરસનું કામ છે. કાળા સોનેરી રંગની મુઘલાઈ ઢબની ફૂલવેલ અને કાચના સુંદર પાંદડાઓ જડી મૂકવામાં આવ્યો છે. બાજુની ભીંતોમાં પણ આયના જડવામાં આવ્યા છે. વચ્ચે રાવશ્રી લખપતજીનો ઢોલિયો મૂકવામાં આવ્યો છે. આ ઢોલિયા ઉપર એઓશ્રીને ભેટ મળેલી રત્નજડિત મૂઠવાળી તલવાર અને ઢાલ રાખવામાં આવેલ છે. આ જગ્યાએથી જ મહારાવશ્રીએ સાહિત્ય સાધના કરી હતી. તેમજ ખાનગી બેઠકો પણ અહીં જ મળતી હતી.

આ ઉપરાંત પ્રજા તરફથી મળેલ ભેટના નમૂનાઓ જેવા કે, કાચ કામના નમૂનાઓ, હાંડીઓ, ઝુમ્મરો, ઘડિયાળ વગેરે રાખવામાં આવ્યા છે. એક ઘડિયાળ તો એવું છે કે જે સમય, તારીખ, તિથિ, સૂર્ય - ચંદ્રનો ઉદય અને અસ્ત તથા મહિનો બતાવે છે. ચારે દિશામાં જુદા જુદા ચંદાઓ રાખવામાં આવ્યા છે.

આયના મહેલની રચના કરવામાં આવી ત્યારે વીજળીની શોધ થઈ ન હતી. એટલે એ વખતે રોશની માટે મીણબત્તી તથા તેલના દીવા મૂકવામાં આવતા હતા. મીણબત્તીઓ મૂકવા માટે હાંડી તથા ઝુમ્મરની રચના કરવામાં આવી છે. આ ગોઠવણી એવી સુંદર કરવામાં આવી છે કે બધે સ્થળે પ્રકાશ ફેલાઈ જાય. આયના મહેલને દિવસમાં જોવા કરતાં મીણબત્તીની રોશનીમાં રાત્રે જોવો આહલાદક લાગે છે. આયના મહેલમાં એ વખતે જવાથી મુઘલ દરબારમાં જાણે પ્રવેશ્યા હોઈએ એવો અનુભવ થાય છે!

આયના મહેલમાં કેટલાક નવા વિભાગો ઉમેરી તા. ૧-૧-૭૭ના 'મદનસિંહજી મ્યુઝિયમ' અને તા. ૧-૧-૮૨ના 'કલા અટારી કચ્છ'ની રચના કરવામાં આવેલી. આ નવા વિભાગોમાં નાગ પંચમીની નીકળતી અસવારીની કચ્છી કમાંગરી શૈલીના ચિત્રપટો ઉપરાંત અસવારીની પાલખી, ગરમ પાણી માટેનું વરાળયંત્ર, રાજવી પોષાક, રાજ્યકાળ વખતના કેટલાક દસ્તાવેજો, અલભ્ય તસવીરો, કચ્છી રાજવીઓની તસવીરો, અસવારીમાં નીકળતા નિશાન-ડંકા, માહી મુરાતીબ, કચ્છી ચલણના સિક્કા, લગ્નની ચોરી વગેરે મૂકવામાં આવેલા છે.

છેલ્લા કેટલાક સમયથી આયના મહેલના સંચાલકો દ્વારા 'કચ્છી પ્રવાસી માહિતી કેન્દ્ર' શરૂ કરવામાં આવેલ છે. આ માહિતી કેન્દ્રમાં કચ્છ આવતા પ્રવાસીઓને વિનામૂલ્યે કચ્છના પ્રવાસનું માર્ગદર્શન આપવામાં આવે છે.

આ આયના મહેલ દ્વારા મહેલ તથા મ્યુઝિયમ અંગેના પ્રકાશનો તથા રંગીન પોસ્ટકાર્ડ પ્રકાશિત કરવામાં આવેલ છે. અહીં શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ હાથ ધરાય છે.

દર શનિવારે બંધ રહેતા આયના મહેલનો સમય સવારના ૯ થી ૧૨ તથા બપોરના ૩ થી ૬.૩૦નો છે. પ્રવેશ ફી રૂા. ૧૦/- છે.

### • ભારતીય સંસ્કૃતિ દર્શન :

કચ્છની સંસ્કૃતિને કવિવર ઉમાશંકર જોશી, કલાગુરુ રવિશંકર રાવળ, સાહિત્યકાર પત્રકાર હરીન્દ્ર દવે વગેરેએ નવાજી છે. ઉમાશંકર જોશીએ કચ્છના સંશોધનક્ષેત્રે "વનરાજ" તરીકે નવાજ્યા છે એવા કચ્છના ઇતિહાસકાર, પુરાતત્ત્વવિદ સ્વ. રામસિંહજી રાઠોડની કચ્છનાં ઇતિહાસની સામગ્રીમાં શહાદતની તવારીખ આપતા પાળિયા, પ્રાચીન અર્વાચીન સિક્કાઓ, કચ્છ રાજ્યનાં ગ્રંથ ભંડારો, શિલાલેખો, તોશાખાના, દફ્તરો, ધર્માદા મઠ અને જાગીરોમાં વેરણછેરણ પડેલી પુરાવસ્તુઓ લુપ્ત થાય એ પહેલાં એક પ્રાદેશિક સંગ્રહાલયમાં સાચવી જાળવણી કરવી જરૂરી લાગી તો કચ્છી લોકસાહિત્ય, બોલી વગેરેને નવી અસર લાગે તે પહેલાં જાળવણી કરવા સંગ્રહાલય ઊભું કરવા સ્વ. રામસિંહજી રાઠોડે પોતાની યુવાવસ્થાથી જ પ્રયત્નો શરૂ કર્યા હતા.

ભારતીય સંસ્કૃતિ દર્શનનો ઇતિહાસ પણ રસપ્રદ છે. એમણે લખેલ ગ્રંથ "કચ્છનું સંસ્કૃતિ દર્શન" ૧૯૫૯માં પ્રગટ થયો. આ ગ્રંથને ૧૯૬૦માં દ્વિભાષી મુંબઈ રાજ્યના શ્રેષ્ઠ ગ્રંથ તરીકે પ્રથમ પારિતોષિક મળ્યું. ૧૯૬૨માં ભારતીય સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ એ ગ્રંથને મળ્યો, જ્યારે ૧૯૬૩માં ગુજરાત સાહિત્ય સભા દ્વારા શિરમોર સમાન "રણજિતરામ સુવર્ણ ચંદ્રક" પણ આ ગ્રંથ માટે રામસિંહજીભાઈને અર્પણ કરાયો. દ્વિભાષી મુંબઈ રાજ્ય અને ભારતીય સાહિત્ય અકાદમી

*બીજાની પ્રગતિમાં તમે જેટલો ફાળો આપશો, એટલી તમારી પ્રગતિ વધશે.*

દ્વારા મળેલા પારિતોષિકોના સાત હજાર રૂપિયાની રકમ સાથે એમણે "કચ્છ સંસ્કૃતિ દર્શન રામસિંહજી રાઠોડ ટ્રસ્ટ"ની સ્થાપના કરી. આ ટ્રસ્ટને ભારતીય સંસ્કૃતિ ભવન ઊભું કરવા ગુજરાત સરકારે ભુજની પાદરે રાહત દરે જમીન આપી. રામસિંહજીએ પોતાની અંગત બચતમાંથી રૂા. ૫૧ હજાર ભેટ આપ્યા અને સરકારે રૂા. ૧ લાખ ૩૫ હજારની ગ્રાંટ મંજૂર કરી. પોતાની ૭૬ વર્ષની વયને લક્ષમાં રાખીને, એમનાં જીવનભરનાં શ્રમભર્યા સંશોધનો સચવાઇ રહે અને એનો ઉપયોગ સંશોધકો કે અભ્યાસીઓ કરી શકે એવી વ્યવસ્થા કરવા એમણે "ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન, ભુજ-કચ્છ"ની સ્થાપના કરી. જેમાં આ ક્ષેત્રના અભ્યાસી અને રસિયા એવા ૨૧ સભ્યોનો સમાવેશ થાય છે.

આ સંસ્કૃતિ દર્શનનું બહારનું ક્લેવર અને અંદરના વિભાગોમાં ભારતીય સંસ્કૃતિનો એક અંતર્ગત ભાગ હોવા છતાં આવી ભાત પાડતી કચ્છી સંસ્કૃતિનું ભારોભાર દર્શન થાય છે. આ કેન્દ્રનાં જાહેર માર્ગ પર પડતા મુખવટાની રચના જુઓ, પ્રવેશદ્વારના ગ્રીલના દરવાજા પર અંકિત પ્રતીકો, ડેલીમાં પ્રવેશતી દરબારી ઠાઠનાં બે વિશાળ ઓટલા, એની દીવાલો પર રબારી લીંપણકલાના પ્રતીકાત્મક નમૂના અને તેરાનાં કિલ્લાની અંદરનાં "રામરાંધ" (રામલીલા)નાં કચ્છ કામગીરીના ભીંતચિત્રોના કચ્છ સૌરાષ્ટ્રની લોકકલાના અભ્યાસી શ્રી ખોડીદાસ પરમારનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલાં રંગીન રેખાંકનો, સંગ્રહાલયના કેન્દ્રિત મકાન પર સૈંધવી (સિંધુ) સંસ્કૃતિની લિપિમાં અંકિત સીલની મૂકાયેલી બે અનુકૃતિઓ, સંગ્રહાલયમાં કચ્છની મોતી, ધાતુ, વસ્ત્રો, કાષ્ઠ, માટી વગેરેની કચ્છી હસ્તકારીગરી અવશેષો અને કસબના નમૂનાઓ, ભૂસ્તર નકશાઓ, પરવાળાના અશ્મીભૂત, લોક વાદ્યો, ૧૦૦ વર્ષ પહેલાં કચ્છી કારીગરોના પેઇન્ટિંગ્સ, ઇતિહાસ, કચ્છી ભાષા અને અસલ નાગરી લિપિના મૂળાક્ષરો, કચ્છમાં લોકશાહીની અસર દર્શાવતા "બારભાયા" શાસનનો ઉલ્લેખ કરતો શિલાલેખ કચ્છમાં સારી રીતે પ્રચલિત સ્વામિનારાયણ સંપ્રદાયને લગતાં લખાણો, એવી વિવિધ સામગ્રી અહીં સંઘરવામાં આવી છે. બીજા વિભાગોમાં કચ્છને લગતાં કચ્છી અને ગુજરાતી કે અન્ય ભાષાનાં હસ્તલિખિત સહિતના અઢીએક હજાર પુસ્તકો, જાણીતા કચ્છી લેખકોના ખ્યાતનામ કચ્છી ચિત્રકાર સદ્‌ગત એલ.સી. સોની દ્વારા તૈયાર થયેલી રંગીન તસવીરો (પેઇન્ટિંગ), કલાગુરુ રવિશંકર રાવળે કચ્છનાં કથાનાયકોના દોરેલા ચિત્રોની કૃતિઓ વગેરે સમૃદ્ધ વારસો સચવાયો છે, જ્યાં સંશોધકોને અભ્યાસ માટે બેસવાની સગવડ પણ આપવાની વ્યવસ્થા છે, એ જ રીતે, આ કેન્દ્રની સામે આવેલા વરંડામાં કચ્છ ગ્રામીણ જીવન તાદશ કરાયું છે.

આમ, "ભારતીય સંસ્કૃતિ દર્શન" એક અનન્ય એવું વિદ્યાધામ છે, જેની વિશિષ્ટતા એ છે કે એની સમગ્ર રચના તેમજ સંગ્રહ એકલા હાથનું સર્જન છે. જુલાઇ ૨૦૦૦થી આ સંગ્રહાલયનો નવા ભવનમાં વિસ્તાર કરવામાં આવ્યો છે. મ્યુઝિયમ નિહાળવાની ફી રૂા. ૫/- છે.

● **પ્રાગમહેલ :**

મહારાવશ્રી પ્રાગમલજી બીજા (ઇ.સ. ૧૮૬૦ - ૧૮૭૫)ના શાસનકાળ દરમ્યાન બાંધવામાં આવેલા પ્રાગમહેલનો દેખાવ બહારથી ચર્ચ જેવો લાગે છે. જેની બાંધણી ઇટાલિયન છે. આ મહેલની બાંધણીના પથ્થરો કચ્છના અંધૌ ખાતેથી લાવવામાં આવેલ છે. આ મહેલમાં કચ્છ રાજ્યનો દરબાર ભરાતો. જ્યારે અમુક ખંડો મહારાવના અંગત ઉપયોગ માટે અનામત રહેતા. રાજ્યની લાઇબ્રેરી પણ આ મહેલમાં રહેતી. હાલ આ મહેલની મધ્યમાં આવેલ 'દરબાર હોલ' લોકો માટે ખુલ્લો મૂકાયો છે. મહેલની ઉપર આવેલ ટાવર લોકોને જોવા અપાય છે જો કે હાલે આ ટાવર બંધ છે, પરંતુ ટાવરની ટોચ પરથી ભુજનું દૃશ્ય ખૂબ જ નયનરમ્ય દેખાય છે.

● **શરદબાગ પેલેસ :**

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (ઇ.સ. ૧૮૭૬/૧૯૪૬)ના સમયમાં આ ઉદ્યાન તથા મહેલ બનાવવામાં આવેલ છે. કચ્છના છેલ્લા રાજવી મદનસિંહજીનું આ સત્તાવાર નિવાસસ્થાન રહેલ હતું. આ ઉદ્યાનમાં મનમોહક ફૂલો, ઝાડ વગેરે રોપવામાં આવેલ છે. રાજાશાહી વખતની બોટેનિકલ ગાર્ડન મહારાવશ્રી મદનસિંહજીના નિધન પછી તેમજ પેલેસ લોકો માટે મૂકવામાં આવેલ છે. આ મહેલમાં મહારાવશ્રીની અંગત વસ્તુઓ અને ભેટ મળેલ વસ્તુઓ રાખવામાં આવેલ છે. આઠ ફૂટ લાંબા હાથીદાંત સાથેનું આ ઘડિયાળ અદ્વિતીય છે. આમ, ભુજના વિવિધ મ્યુઝિયમોમાં કચ્છનો ભવ્ય કલાવારસો અકબંધ જળવાયો છે. શરદબાગ જોવાની ફી રૂા. ૫/- છે.

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ગુજરાતમાં આવેલા વિનાશક ધરતીકંપે ભારે વિનાશ વેર્યો અને ખાસ કરીને કચ્છમાં ભુજ, અંજાર, ભચાઉ અને રાપર શહેરોને લગભગ નેસ્તનાબૂદ કરી નાખવા જેવી જ પરિસ્થિતિ ઊભી કરી. કચ્છમાં થયેલી વ્યાપક નુકસાનીથી ભુજ શહેરના આ સંગ્રહાલયો પણ બચી શક્યા નથી. અગાઉના વર્ષોમાં આવેલા ધરતીકંપો સહન કરી ગયેલા આ સંગ્રહાલયો આ ધરતીકંપ ખમી શક્યા નહીં. આ સંગ્રહાલયોનું પણ યોગ્ય 'પુનર્વસન' થવું જોઇએ જેથી ભાવિ પેઢીને કચ્છના ભાતીગળ ભૂતકાળનો 'અહેસાસ' કાયમ રહે.

● **એક અનોખી વાત :**

કચ્છમાં સમયાંતરે સ્થપાયેલાં આ સંગ્રહાલયો તો કચ્છ આવતા પ્રવાસીઓ અને કચ્છના લોકો જોઇ જાણી અને માણી શકે. પરંતુ આ સંગ્રહાલયોનો આછેરો 'અહેસાસ' ગુજરાતની આર્થિક રાજધાની એવા અમદાવાદમાં પણ થઇ શકે તેનો એક અદનો પ્રયાસ, અમદાવાદ સ્થિત સંસ્થા, શ્રી કચ્છ જૈન સેવા સમાજે આદર્યો છે. આ સંસ્થા દ્વારા સંચાલિત શાહીબાગ સ્થિત 'કચ્છી વિશ્રામ ગૃહ'માં એ માટે ખાસ જગા ફાળવવામાં આવી છે. જ્યાં, કચ્છના મ્યુઝિયમ નિષ્ણાતો તેમજ અન્ય તજજ્ઞોના સલાહ સૂચનથી કચ્છ મ્યુઝિયમની નાનકડી 'પ્રતિકૃતિ' સમાન સંગ્રહાલયની સાથે કચ્છની હસ્તકલા કારીગરીના નમૂનાઓ આદિના કાયમી પ્રદર્શનનું નિર્માણ થઇ રહ્યું છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩ ૨૪૨, ૨૦૪ ૩૭૨*
*મો. : ૯૯૯૮૨ ૨૦૪૭૮, ૯૪૯૮૭ ૩૧૮૭૮*

*જે અવારનવાર મૌન પાળે છે તેના જીવનમાં ક્લેશનું સ્થાન ભાગ્યે જ જોવા મળે છે.*

# ઐતિહાસિક દસ્તાવેજોની જાળવણી કચ્છનાં સંદર્ભમાં

• જિતેન્દ્ર વી. શાહ •

ભારતની પશ્ચિમ સીમાએ એક બાજુ અફાટ રણ અને બીજી બાજુ સમુદ્રથી વિંટળાયેલો, ગુજરાતનો ગૌરવસમો પ્રદેશ એટલે કચ્છ. પુરાતનકાળથી ઈતિહાસ સાથે આગવો સંબંધ ધરાવતા કચ્છને પોતાની આગવી, વિશિષ્ટ અને ભાતીગળ સંસ્કૃતિ, પરંપરા, રીત-રીવાજો, સાહિત્ય, સંગીત કળા અને અસ્મિતા છે.

**રણને ઝરણ બનાવતો, રેતીમાં ખેતી કરતો, અધુરમને મધુરમમાં પલટાવતો, ચૂંથવામાં નહીં ગૂંથવામાં માનતો, રેતાળ છતાં હેતાળ – કચ્છ, સ્વયં એક ધબકતો પ્રદેશ છે, વાઇબ્રન્ટ કચ્છ છે.**

આપણને હંમેશાં પૂર્વજોના વારસાનું આકર્ષણ રહે છે. એમાંય જ્યારે પૂર્વજોની સંપત્તિ અઢળક હોય ત્યારે એ વારસો આપણને મળે તે માટે આપણે ઘણા આતુર રહીએ છીએ. આ થઇ આપણા કુટુંબગત વારસાની વાત.

પરંતુ આ ઉપરાંત સમાજગત વારસો પણ હોય છે. એ વારસો સહુનો સહિયારો હોય, બધા એની પૂરતી કાળજી રાખતાં નથી. પરંતુ આપણા પૂર્વજોના એ સમાજ ગત વારસાનું જતન કરવું એ આપણી ફરજ છે.

આમાંનો કેટલોક વારસો પેઢી દર પેઢી આપોઆપ ચાલુ રહે છે. જેમ કે આપણી ભાષા, આપણી લિપિ, આપણા સામાજિક તથા ધાર્મિક રીતરિવાજો આ વારસો આપણને પૂર્વજોની અનેકાનેક પેઢીઓનો મળેલ છે.

દરેક પ્રકારના મહત્ત્વના રેકર્ડ એની વહીવટી ઉપયોગિતા ઓછી થતાં ત્રીસ વર્ષ પછી ઐતિહાસિક (આર્કિવલ) બને છે. આવા દસ્તાવેજો રોજબરોજની વહીવટી ઉપયોગિતા ગુમાવે છે, છતાં એની સાથે એ જાહેર જનતા માટે બીજી રીતે ઉપયોગી અને મહત્ત્વના પુરવાર થઇ શકે છે. આવા દસ્તાવેજો કેવી રીતે ઐતિહાસિક બને, એની ભવિષ્યની અગત્યતાની નજરે, લેવાતા પગલાં અંગે જાણકારી આવશ્યક છે.

ઐતિહાસિક દસ્તાવેજો કોઇપણ જાહેર (સરકારી) કાર્યવાહી એની પ્રક્રિયાને લીધે થાય છે. કોઇપણ જાતની ચોક્કસ યોજના સિવાય કોઇ ખાસ પ્રસંગ ઉત્પન્ન થાય ત્યારે એ અંગેની પ્રક્રિયા જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ એને લગતા દસ્તાવેજોની સંખ્યામાં વધારો થતો જાય છે. સમય જતાં એ પ્રક્રિયા પૂરી થાય છે. પરંતુ એ અંગે ઉત્પન્ન થયેલી પ્રક્રિયાનો ખ્યાલ આપે છે અને એ જ ફક્ત જે તે કાર્યવાહી કે પ્રક્રિયાના પુરાવા તરીકે રહે છે. દરેક પ્રકારની સંસ્થા, જેવી કે સરકારી, સ્વયંસેવી અથવા ખાનગી વેપારી સંસ્થાઓને લગતાં દરેક અથવા તો એના ભાગ દસ્તાવેજી પુરાવા તરીકે રાખે છે.

આપણે દસ્તાવેજોની જાળવણી એટલા માટે કરીએ છીએ કે એની સાથે આપણે કેટલીક અગત્યતા માનેલી છે. આ અગત્યતાની મુલવણી એનો ભવિષ્યમાં કોઇ લાભ મેળવી શકાય એના આધારે કરી શકાય. કેટલીકવાર નાણાકીય દષ્ટિએ તુચ્છ લાગતા દસ્તાવેજો સચવાયેલા હોય તો ભવિષ્યમાં કોઇની જિંદગી બચાવવા માટે પણ ઉપયોગી થઇ પડે છે. એટલું જ નહિ એનો ભવિષ્યનો ઉપયોગ, એના ધારણ કરવાનો લાગણીશીલ આનંદ આપે છે. એવી ઉપર્યુક્ત વાતને ધ્યાનમાં રાખીને આપણે એની સાચવણી માટે સમય પૈસો વગેરેનો ખર્ચ કરીએ છીએ. જેટલી દસ્તાવેજોની અગત્યતા વધુ તેટલી એની સાચવણી અંગેના પ્રશ્નો વધુ હોય છે.

ઐતિહાસિક દસ્તાવેજોની બીજી અગત્ય એ છે કે એ વહીવટી પુરાવા રૂપે તેમજ સંશોધનના હેતુ માટે છે.

મ્યુનિસિપાલિટી તેમજ એના જેવી અન્ય સંસ્થાઓના દસ્તાવેજો નાગરિકોના નાગરિકત્વના હક્કોના પુરાવા, એમની બીજા નાગરિકો પ્રત્યેની ફરજોના પુરાવા બને છે. જન્મ અને લગ્ન તથા મૃત્યુ અંગેના દસ્તાવેજો નાગરિકત્વ અને જન્મસિદ્ધ નાગરિકત્વના મહત્ત્વના દસ્તાવેજો પુરવાર થઇ શકે છે. મિલકતની અદલાબદલી, ખરીદી અથવા ભેટ અંગેના દસ્તાવેજો વારસા અંગેના ઝઘડાઓની પતાવટમાં અગત્યનો ભાગ ભજવે છે. ચૂંટણી અંગેના દસ્તાવેજો નાગરિકના દેશની સરકારમાં ભાગીદાર બનવા અંગેના પુરાવા અથવા અદાલતના દસ્તાવેજોની કોઇ વ્યક્તિએ કરેલા દુષ્કર્મ માટે દોષિત ઠરાવે છે. અથવા એના પર મૂકવામાં આવેલ આરોપ આધાર વિનાનો છે એનો પુરાવો આપે છે. કર અંગેના પત્રકો નાગરિકે એની દેશ પ્રત્યેની ફરજોમાંથી એક ફરજ પૂરી કર્યાના દસ્તાવેજ છે. બીજા કેટલાક દસ્તાવેજો નાગરિકને પોતાનો ધંધો અથવા વેપાર કરવા માટેના હક્ક પ્રસ્થાપિત કરે છે. અંતમાં દરેક નાગરિક એના કર પત્રક ઉપરથી એના પ્રતિનિધિ એના પૈસાના ઉપયોગ કેવી રીતે કરે છે એ ચકાસી શકે છે.

દસ્તાવેજોનું સંશોધનાત્મક મૂલ્ય ખૂબજ છે. કારણકે એમાંથી વિવિધ પ્રકારના તારણો કાઢી શકાય છે. એમ છતાં સંશોધન અંગેના મૂલ્યો સમયના બદલવાની સાથે બદલતા રહે છે. એની વિવેચના કરવી મુશ્કેલ છે. બે સંસ્કૃતિ અનેક સદીઓને અને વર્તમાન સમયને ભૂતકાળના ઇતિહાસ સાથે જોડી આપતાં આવા દફતરોના અભ્યાસુઓને મન બહુ ઊંચું મૂલ્ય હોય છે. દફતર ભંડારની નિર્જીવ ફાઇલોના અભ્યાસથી સંશોધકની એક્સ-રે દષ્ટિમાંથી પસાર થવાના પરિણામે નૂતનરૂપ પ્રાપ્ત થાય છે. આવી ફાઇલો સંશોધકના ગહન અભ્યાસથી એકાએક મહત્ત્વ ધારણ કરે છે. તેથી દફતરભંડારની ફાઇલો નૂતન ઇતિહાસ માટેની રચના માટેની ખાણ છે અથવા નૂતન ઇતિહાસના ઘડતર માટેનું જન્મસ્થાન છે. તેની

*હકીકતનો ઈન્કાર ન કરો, નહીં તો હકીકત તમને હરાવશે.*

દફતર ભંડારમાં સંગ્રહાયેલ ફાઇલો ઇતિહાસ આલેખન માટે કાચા માલની ગરજ સારે છે. દસ્તાવેજની ઉપયોગિતા ઇતિહાસના નિરૂપણ સાથે માનવ સંસ્કાર અને તેમાંથી ઉદ્‌ભવતી સંસ્કૃતિના વારસાને જાળવવાનું તેમજ સાચવવાનું દફતરોની સાચવણીનું કાર્ય 'દફતર ભંડાર' કરે છે. તેથી 'દફતર ભંડાર'નું વર્તમાનમાં ખૂબ જ મહત્ત્વ છે.

આમ આપણે ઐતિહાસિક (ARCHIVES) દસ્તાવેજોના સત્ય વિશે ચર્ચા કરી. ટૂંકમાં કહીએ તો ઐતિહાસિક દસ્તાવેજો વહીવટનું અગત્યનું સાધન છે. વ્યક્તિ કુટુંબ કે સંસ્થાની ભૂતકાળની સ્મૃતિમાં પુરાવા વિશે એક પ્રખર આર્કિવીસ્ટ જણાવે છે કે, "દસ્તાવેજોમાં ભૂતકાળના અનુભવોનો સમાવેશ થયેલો હોય છે. એ પ્રગતિની યોજનાની કાયદેસરતાની તથા અન્ય માહિતી પૂરી પાડે છે." એટલે જ એને પુરાવારૂપ તરીકે ગણવામાં આવે છે.

ઐતિહાસિક દસ્તાવેજો દ્વારા દેશના ઇતિહાસનો વૈજ્ઞાનિક અને તટસ્થ અભ્યાસ વિવિધ દૃષ્ટિકોણથી કરવામાં આવે છે. એ આધુનિક પ્રજાસત્તાક અને રાજ્યમાં રોજબરોજની વહીવટી હેતુ માટે ચોક્કસ માહિતી જોઇએ. એ દૃષ્ટિએ ખૂબજ અગત્યતા ધરાવે છે. લોકશાહીમાં જાહેર અધિકારી આવા દસ્તાવેજોને કારણે જાહેર જનતાને જવાબદાર રહે છે. કોઇપણ સરકાર માટે એના ઐતિહાસિક દસ્તાવેજોને સાચવવા માટે જરૂરી વ્યવસ્થા કરવાની કામગીરી ખૂબજ અગત્યની છે તથા એની મહત્ત્વની ફરજ પણ છે.

હવે હું આપને દસ્તાવેજોની યોગ્ય ગોઠવણી માટેના કેટલાક પ્રાથમિક પગલાંઓનો ખ્યાલ આપીશ. દસ્તાવેજોના કોઇ ભાગને નુકસાન થયું હોય ત્યારે એની સાચવણી અગત્યનો મુદ્દો છે. જ્યારે દસ્તાવેજોની સંખ્યા વધુ હોય ત્યારે જર્જરિત દસ્તાવેજોની સાચવણી અને મરામત જરૂરી બને છે. અને એ અંગેનો કુલ ખર્ચ પણ ઘણો હોય છે. એટલે દસ્તાવેજોની મરામત કરતાં સાચવણી આર્થિક રીતે વધુ સસ્તી તથા યોગ્ય પુરવાર થાય છે.

સાચવણીની સર્વપ્રથમ આવશ્યકતા એના સડી જવાના કારણોનો નાશ કરવો જોઇએ.

દસ્તાવેજોને જર્જરિત બનાવવાના કારણોને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે. એમાં સૌ પ્રથમ નીચી ગુણવત્તાના કાગળો અને શાહી, જેને લીધે આવા દસ્તાવેજો લાંબા સમય ટકી શકતા નથી. દસ્તાવેજો જે જગ્યાએ રાખવામાં આવે છે તે જગ્યાનું હવામાન પણ અગત્યનો ભાગ ભજવે છે. એ તો સામાન્ય અનુભવની વાત છે. ચોમાસાની ઋતુમાં ઢીલા (LIFE LESS) બની જાય છે. અને શિયાળામાં એકદમ સૂકા અને કડક બની જાય છે. ઊંચું ઉષ્ણતામાન અને ભેજ જીવજંતુઓનાં ઉપદ્રવમાં પરિણમે છે. એટલું જ નહિં પણ જો હવા સ્થિર હોય તો ઊધઇનો ઉપદ્રવ પણ થાય છે.

સૂર્યપ્રકાશમાં સીધા સંસર્ગમાં આવવાને લીધે કાગળના છેડા પીળા પડી જાય છે અથવા રેડિયેટરની બાજુમાં મૂકેલા પુસ્તકોની બાંધણી ઢીલી પડી જાય છે. દસ્તાવેજોની આદર્શ જાળવણી માટે આધુનિક સમયમાં વર્ષ દરમ્યાન એક જ ઉષ્ણતામાન તથા ભેજ જાળવી રાખવા માટે વાતાનુકુલિત વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવે છે.

દસ્તાવેજોના ટકાઉપણાની મર્યાદા એક જગ્યાએથી બીજી જગ્યાએ કેવી રીતે લઇ જવામાં આવે છે એના ઉપર આધાર રાખે છે. આના સંદર્ભમાં જ્યારે દસ્તાવેજોના કાગળો એકદમ જીર્ણ બની જાય છે અને હેરફેર કરવામાં એકદમ અયોગ્ય બની જાય છે ત્યારે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી અત્યંત જરૂરી છે. આ વખતે દસ્તાવેજોની સાચવણી માટે એના પર લેમિનેશનની પ્રક્રિયા કરવી જોઇએ કે માઇક્રોફિલ્મિંગ કરવું જોઇએ.

આધુનિક દફતરો માટે કાગળ એ લખવાનું સાધન છે અને કાગળનું ટકાઉપણું ફક્ત તેની ચોકસાઇ ઉપર આધાર રાખતું નથી. પરંતુ તેની ઉપર લખવા માટે કઇ જાતની શાહી વાપરવામાં આવી છે તેના ઉપર આધાર રાખે છે. તેથી તે જરૂરી છે કે શાહી અને કાગળ માટેના અમુક ધોરણો નક્કી કરવા જોઇએ. દફતર ભંડારના દફતરની જિંદગી, તેને રાખવાની પદ્ધતિ અને તેની જાળવણી એની હેરાફેરી કરવા ઉપર આધાર રાખે છે. કાગળમાં કેટલો 'આલ્ફા સેલ્યુલોઝ' વપરાયેલો છે તેની ઉપરથી તેનું બળ અને ટકાઉપણું નક્કી થાય છે.

કાગળની સામાન્ય જરૂરિયાત માટે એમ કહી શકાય કે કાગળ એની જાડાઇ અને પદાર્થના વપરાશમાં સરખો હોવો જોઇએ અને તેની સપાટી લીસી હોવી જોઇએ અને તેમાં કાણા તથા ડાઘા હોવા જોઇએ નહિં. તે લીટીઓ દોરવા માટે અને શાહીથી લખવા માટે અનુકૂળ હોવો જોઇએ. અને તેના બળની કસોટી વખતે તેના રંગમાં અથવા ટકાઉપણામાં ખાસ ફેર પડવો જોઇએ નહિ. શાહીની ગુણવત્તા તેમાં વપરાયેલ પદાર્થો ઉપર રહે છે પરંતુ તેની મુખ્ય જરૂરિયાત આ પ્રમાણેની હોય છે.

(૧) તેનાથી કાયમી અક્ષર થવા જોઇએ. થોડા દિવસ પછી ઘાટા થઇ જાય છે.

(૨) તે ફાઉન્ટન પેનમાંથી સરળતાથી આવવી જોઇએ અને નીબ અથવા કાગળને ખવાઇ જાય તેવી હોવી જોઇએ નહી.

(૩) અક્ષરો ચીકાશવાળા હોવા જોઇએ નહિં અને જલદી સૂકાઇ જવા જોઇએ.

શાહીના બે વિભાગ પડી શકાય.

(૧) લખવાની શાહી

(૨) છાપકામ માટેની શાહી.

બીજા આધુનિક દફતર ભંડાર સામગ્રીમાં માઇક્રોફિલ્મ ફોટોગ્રાફ, ટેપરેકોર્ડિંગ વગેરે ગણાવી શકાય. માઇક્રોફિલ્મ સેફટીવેઝ ફિલ્મનો ઉપયોગ કરવો. તેનો બરાબર ફોટો લેવા સારી રીતે ડેવલોપ કરવો, ફિક્સ કરવો, ધોવો, સારી રીતે સૂકવવો, સંભાળપૂર્વક વાપરવો વગેરે ક્રિયાઓથી તે લાંબા સમય સુધી સાચવી શકાય છે. સામાન્ય રીતે હસ્તપ્રતનો અર્થ હાથ વડે લખાયેલ લખાણ તેવો થાય.

'એનસાયક્લોપિડિયા અમેરિકા'ના મુજબ હસ્તપ્રત એટલે કે "છાપખાનાની છપાઇ થાય તે પહેલાંનું બધું લખાણ" હસ્તપ્રતો ભારતની વિવિધ ભાષાઓ, લિપિઓમાં તથા વિવિધ વિષયોમાં લખાયેલ છે. હસ્તપ્રતોના પ્રકાર, તેની શૈલી, આકાર, ચિત્રો, તેમજ અક્ષરોને ધ્યાનમાં રાખીને પાડવામાં આવે છે, લહિયાઓ દ્વારા સામાન્ય હસ્તપ્રતોને કાળી શાહીથી લખવામાં આવતા કેટલીક વિશિષ્ટ જગ્યાઓએ આકૃતિમાં લાલ શાહીનો ઉપયોગ થતો, સુવર્ણ અક્ષરો જૈન જ્ઞાન મંદિરમાં સચવાયેલા જોવા મળે છે. જેને ગુજરાતના ગૌરવ સમાન સમૃદ્ધિ ગણી શકાય.

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને તથા ઇલેક્ટ્રોનિક ઉપકરણોની મદદથી હસ્તપ્રત ફોટો કોપી, માઇક્રોફિલ્મ, સીડી કે ફ્લોપી રૂપે નકલો કરીને સંશોધન અભ્યાસની પ્રવૃત્તિઓમાં

*સારો માણસ કેવો હોવો જોઇએ એની ચર્ચામાં વખત બગાડો નહિ, પણ પોતે સારા થાવ.*

ઉપયોગમાં લઇ શકાય. જેથી અસલ હસ્તપ્રતોને નુકસાન ન પહોંચે તથા લાંબા સમય સુધી જાળવી શકાય. દફતરોની હસ્તપ્રતની અગત્યતા કેટલી બધી છે તે આપણને સંસ્કૃતના શ્લોક દ્વારા પણ જાણવા મળે છે. જે જોઇએ તો

*लग्नपृष्ठकटिग्रीवः स्तब्धष्टिरधोमुखः*
*कष्टेन लिखितं ग्रन्थं यत्नेन परिपफयेत्*

"પીઠ, કમર અને ડોકને વાળીને તેમજ નીચા મુખેથી દષ્ટિ સ્થિર કરીને કષ્ટપૂર્વક લખાયેલ ગ્રંથની પ્રયત્નપૂર્વક રક્ષા કરવી જોઇએ."

*तैलाद्रक्षेत् जलाद्रक्षेत् रक्षेत् शिथिलबन्धनात्*
*मूर्खहस्ते न दातत्यमेव् वदत्ति पुस्तकम्*

"તેલથી મારી રક્ષા કરો, જળથી મારી રક્ષા કરો, શિથિલ બંધનમાંથી મારી રક્ષા કરો અને મહેરબાની કરીને મૂર્ખના હાથમાં મને ન સોંપો એમ હસ્તપ્રતનું પુસ્તક કહે છે." વિશ્વ સમસ્તમાં હસ્તપ્રતોનો વિપુલ અને સુંદર ખજાનો માત્ર આપણા દેશ પાસે છે. આપણા પૂર્વજો, એ આપણા માટે ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂડી છે, વિરાસત છે, વારસો છે. જેના વૈવિધ્યને આપણે જાનથી પણ અધિક રીતે જાળવણી કરવી એ આપણી પવિત્ર ફરજ છે.

ઇતિહાસનો વ્યાપ હવે રાજકીય ઇતિહાસ પૂરતો સીમિત રહ્યો નથી પરંતુ તે હવે પ્રજાના બધા વર્ગોને તથા સંસ્કૃતિના બધા પાસાંઓને આવરી લે છે. ઇતિહાસની આ આધુનિક વિભાવનાને કારણે લિખિત કે સાહિત્યિક સાધનોનું મહત્ત્વ વધી ગયું છે. વળી ઇતિહાસકાર ઇ.એચ.કાર કહે છે, તે પ્રમાણે ઇતિહાસ, એ વર્તમાન અને ભૂતકાળ વચ્ચેનો અનંત સંવાદ છે. તેથી ઇતિહાસકારની ભૂતકાળ વિશેની દષ્ટિ વર્તમાનકાળમાં ઊંડા જ્ઞાનથી રંગાયેલી બને છે, ત્યારે મહાન ઇતિહાસનું સર્જન થાય છે. આમ ભૂતકાળ કે સમકાલીન સાહિત્યિક સાધનો ઇતિહાસ આલેખનમાં ખૂબજ ઉપયોગી અને મહત્ત્વના ગણવામાં આવે છે.

આધુનિક કાળના ઇતિહાસ અંગેની સાહિત્યિક સામગ્રી તો અત્યંત વિપુલ પ્રમાણમાં પ્રાપ્ય છે, વળી તેમાંથી ઘણી ખરી તો સમકાલીન છે. તેથી તે વધુ વિશ્વસનીય પણ છે. આવી સામગ્રીમાં હસ્તપ્રતો, તત્કાલીન વર્તમાનપત્રો, સામયિકો, સરકારી દસ્તાવેજો, સંસ્થાના અહેવાલો અને હિસાબો, ડાયરીઓ પત્રો, પોલીસ રેકોર્ડ વગેરેમાંથી અગત્યની માહિતી મળી રહે છે. દફતર (અભિલેખાગાર) એ ઇતિહાસના સાધનોના કોઠારો અને ઇતિહાસ આલેખન વિદ્યાની પ્રયોગશાળા છે.

ઇતિહાસની સાહિત્ય સાધન સામગ્રી વિપુલ પ્રમાણમાં મળી રહે છે. સાહિત્યિક સામગ્રી એના અમાપ સાગર સમાન છે અને ઐતિહાસિક સત્ય એ છે કે તેમાંથી પ્રાપ્ત થતી સામગ્રી રત્ન કે મોતી સમાન છે. તેથી ઇતિહાસકારનું કાર્ય એ ડૂબકી મારવા જેવું છે. જેણે વિપુલ સાધન સામગ્રીના દરિયામાં ડૂબકી મારીને ઐતિહાસિક સત્યરૂપી મોતી મેળવવાનું છે. દરેક દેશના વાસીઓ પોતાના દેશનો ઇતિહાસ જાણે તે આવશ્યક અને અનિવાર્ય છે. દેશની પ્રજા કેવા સંજોગોમાં બેઠી થઇ, કેવા જુલમો સહન કર્યા, કેવી પ્રગતિ કરી તેનું જ્ઞાન મેળવવું જરૂરી છે.

ભૂતકાળમાં દેશની પ્રજાએ શું ભૂલો કરી, કઇ કઇ સિદ્ધિ પ્રાપ્ત કરી તે જાણવાથી ભવિષ્યમાં તેવી ભૂલો ન થાય તેનું માર્ગદર્શન ઇતિહાસ આપે છે. તેમાં પણ વિવિધ સાંસ્કૃતિક ધરાવતા આપણા ભારત દેશ ઉપર જુદા જુદા વિધર્મીઓ, વિદેશી રાજ્યકર્તાઓએ અધિકાર ભોગવ્યો. પરિણામે દેશની સંસ્કૃતિ, ધર્મ, ભાષા વગેરે ઉપર જે પ્રભાવ પડ્યો તે સર્વે ખૂબ જાણવા અને વિચારવા જેવું છે. આ પ્રકારની માહિતી આપણને ઐતિહાસિક દસ્તાવેજોમાંથી પ્રાપ્ત થાય છે.

દફતરો, એ માનવ સંસ્કારનો અમૂલ્ય વારસો છે, તેનું જતન કરીએ. આવતીકાલે પણ એ મૂલ્યવાન જ રહેશે. સમાજને એમાં રસ લેતો કરવો પડશે. એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે, ધરતી પર દુષ્કાળ પડશે તો અનાજની આયાત પરદેશથી કરી શકાશે. પણ જો ગુજરાતની ધરતી પર કલા અને સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો વિદેશમાંથી એની આયાત હરગીઝ નહીં કરી શકાય. આ સાંસ્કૃતિક વારસો આપણી ધરતીમાં જ ઊગશે. આપણે એનું જતન કરીને એને જાળવવો પડશે.

ગુજરાત તો કલા અને સંસ્કૃતિની ધરતી ગણાય છે. કલા કે સંસ્કૃતિ જીવશે તો દેશ જીવશે એ વાત આપણે ન ભૂલીએ.

દફતરો ઇતિહાસમાં ડોકિયું કરાવે છે, દફતરો દ્વારા ભાવિ પેઢીને પણ જાણ થાય છે કે શાસકોનું સમાજને શું યોગદાન છે? દફતરો દ્વારા સામાજિક માળખું કેવું હતું તે દર્શન કરાવે છે. ભારતના ઇતિહાસ અને સંસ્કૃતિને સમજવા માટે દફતરો હંમેશાં અગત્યના સ્રોત બની રહ્યા છે અને ઇતિહાસ ભૂતકાળનો વારસો છે.

આર્કાઇવ્ઝ એવી સંસ્થાઓ છે જે સાંસ્કૃતિક વિચારસરણી ધરાવે છે. (Archives are intitution which have a cultural Mission)

દફતર પોતે મૂંગુ છે, પણ ઇતિહાસકાર એને બોલતુ કરી દે છે.

શ્રી ફિલીપ સી. બુક્સ આ પ્રમાણે જણાવે છે, "દફતર એ લોકશાહીમાં સરકારી અધિકારીઓને પ્રજાને જવાબદાર લેખતું સાધન છે. તેવો વહીવટનું હથિયાર, સંસ્થાનું ચાલક બળ, અનુભવોનું મૂર્ત સ્વરૂપ, કાનૂની હક્કોનું રક્ષક અને બીજી કેટલીય માહિતીઓનો સ્રોત છે."

દસ્તાવેજોની જાળવણી અને સાચવણી ખાસ મકાનમાં ખાસ તાલીમબદ્ધ વ્યક્તિઓની દેખરેખ હેઠળ કરવામાં આવે છે. આવા મકાનોને "અભિલેખાગાર" કહેવામાં આવે છે અને તાલીમ પામેલ વ્યક્તિઓને "આર્કિવિસ્ટ" કહેવામાં આવે છે. વર્તમાન સમયમાં આર્કિવલ સાયન્સ અને વિકાસશીલ વિજ્ઞાન છે. આપણા સુસંસ્કૃત દષ્ટિબિંદુથી આર્કાઇવ્ઝને જરૂરી અગત્યતા આપેલ છે. વ્યક્તિઓ અને સંસ્થાઓએ એના વિકાસ માટે અગત્યનો ભાગ ભજવવો જોઇએ.

દફતરો આજે સાચા અર્થમાં શૈક્ષણિક યાત્રાધામ બની શકે છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. ઇતિહાસ નિરૂપણમાં દફતરોની અગત્યતા ખૂબ જ રહેલી છે. દફતરો આજે સર્વજ્ઞાન પૂરું પાડતા સ્થાનો જેવા બની ગયા છે. દફતરો આજે "ડેટાબેન્ક" તરીકેનું કાર્ય કરે છે. દફતરો, એ આધુનિક રાષ્ટ્રનો અમૂલ્ય ખજાનો છે. અભિલેખાગારનું સૂત્ર આધાર નહીં તો ઇતિહાસ નહીં. "નો ડોક્યુમેન્ટ નો હિસ્ટ્રી." દફતરો તમામ ક્ષેત્રો, તમામ વિષયો અને વિશ્વની તમામ સત્તાઓ લોકશાહી, રાજાશાહી અને સરમુખત્યારશાહી માટે ઉપયોગી છે.

ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતાએ સમગ્ર સાંસ્કૃતિક જગતમાં સંસ્કાર શિક્ષણની જ્યોત ઝળહળતી રાખવામાં લાખેણું પ્રદાન કર્યુ છે અને કરતું રહેશે એ નિઃશંક છે.

***(આકાશવાણી, ભુજના સૌજન્યથી)***

***અધિક્ષક, ગુજરાત રાજ્ય***
***અભિલેખાગાર - જૂનાગઢ***

*માણસ પોતે જ પોતાનો મિત્ર છે ને પોતાનો શત્રુ પણ છે. શું થવું એ તેણે નક્કી કરવાનું છે.*

### સ્વતંત્રતા પછીના કચ્છના યુદ્ધો

# કચ્છ સીમાએ ખેલાયેલા જંગની દાસ્તાન

• નિખિલ પંડ્યા •

આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા વિશ્વના કોઈપણ વિસ્તારના ઈતિહાસમાં યુદ્ધના સંસ્મરણોનું અનોખું પ્રદાન રહેતું હોય છે. આવા વિસ્તારના લોકો અન્ય પ્રદેશની તુલનામાં તેમના દેશ તરફ પ્રબળ ભક્તિની ભાવના અને સંરક્ષણ દળો પ્રત્યે વધુ માન-આદરની લાગણી ધરાવતા હોય છે. પાકિસ્તાન સાથે ૫૧૨ કિ.મી.ની લાંબી સરહદ ધરાવતા કચ્છની તાસીર અને ઈતિહાસ પણ આવા જ છે.

રણ અને દરિયાઈ સીમા ધરાવતા કચ્છે આઝાદી પહેલાંના ઈતિહાસમાં ઘણા બહારી આક્રમણો સહ્યા હતા. ૬૦ વર્ષના વિશેષ ઘટનાક્રમ પર બારીકાઈથી નજર નાખતાં કચ્છ અને કચ્છના લોકો માટે કુદરતી આપત્તિઓ પછીના ક્રમે યુદ્ધ અને સરહદને સંલગ્ન ઘટનાઓ અવિસ્મરણીય રહી છે.

કચ્છના રણમાં ૧૯૬૫ અને ૧૯૭૧માં પાકિસ્તાન સાથે બે યુદ્ધ ખેલાયા. ૧૯૬૫નો સંઘર્ષ રણ પૂરતો સીમિત રહ્યો હતો પરંતુ કચ્છના મહત્ત્વના એવા ચરિયાણ પ્રદેશ છાડબેટના છેદન માટે જવાબદાર આ સંઘર્ષે દેશભરમાં રાષ્ટ્રપ્રેમનો જુવાળ સર્જ્યો હતો. કચ્છ સત્યાગ્રહ નામની ચળવળે સૌપ્રથમ વખત સત્તાધારી કોંગ્રેસને લોક વિરોધનો પરચો બતાવ્યો હતો. તો ૧૯૭૧નો જંગ ભારતીય દળો માટે વિજયશ્રી પામવા માટેનો હતો પરંતુ આ યુદ્ધમાં પાકિસ્તાનના હવાઈ હુમલામાં સામાન્ય કચ્છીઓને જંગના ઓથારનો અનુભવ મળ્યો. ૧૯૯૯માં કારગિલ મોરચે પાકિસ્તાન સાથે ખેલાયેલા ભીષણ જંગના પડઘા કચ્છીઓએ છેક કચ્છ સરહદ સુધી સાંભળ્યા હતા.

## ૧૯૬૫નો જંગ

૧૯૬૫નું યુદ્ધ માત્ર કચ્છ મોરચે જ ખેલાયું હતું. નવમી એપ્રિલથી ૨૧મી એપ્રિલ વચ્ચેનો મોરચા પરનો ઘટનાક્રમ ભારતના સંરક્ષણ દળોના ઈતિહાસમાં પણ નોંધનીય બની રહ્યો છે. તે સમયે મોરચા પર તેનાત કેન્દ્રીય અનામત પોલીસ દળ અને રાજ્ય અનામત પોલીસના જવાનોએ પાકિસ્તાનના આક્રમણ સામે બાથ ભીડી હતી.

૧૯૯૯માં કારગિલમાં ઘૂસણખોરી કરનાર પાકિસ્તાને આવો નાપાક પ્રયાસ કચ્છના કંજરકોટ વિસ્તારમાં ૧૯૬૫ના જાન્યુઆરી મહિનામાં શરૂ કરી દીધો હતો. ૨૫મી જાન્યુઆરી ૧૯૬૫માં કંજરકોટ નજીક વાહનોની અવરજવર અને માણસોના પગલાં કળાયા હતા. આ નાનીસી જણાતી ઘૂસણખોરી અંગે ૧૫મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન પાસે વિરોધ પણ વ્યક્ત કરાયો હતો.

દિલ્હીમાં રાજદ્વારી કક્ષાએ શરૂ કરાયેલા પ્રયાસો વચ્ચે કચ્છ પોલીસના તત્કાલીન ડી.આઈ.જી. સેન, ડી.એસ.પી. કે. દાસભાઈ અને એસ.આર.પી.ના કમાન્ડન્ટ ઈન્દ્રજિતસિંહે ચોથી ફેબ્રુઆરીના છાડબેટની જાત મુલાકાત પણ લીધી હતી તો ૧૪મી ફેબ્રુઆરીના રાજયના પોલીસવડા આઈ.જી.પી. ઈમદાદઅલીએ સરહદે આવીને સબસલામતની આલબેલ પોકારી ગયા હતા પરંતુ સત્ય કંઈક ઓર જ હતું.

આ સલામતીના અહેવાલના ચોથા જ દિવસે એટલે કે ૨૨મીએ ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય માધવસિંહ જાડેજાએ કચ્છના રણમાં બે બેટ પર પાકિસ્તાને ગેરકાયદે કબજો કર્યાની સ્ફોટક વાત કરી હતી પણ તેના બીજા દિવસે ગૃહમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ આ વાતમાં તથ્ય ન હોવાનું નિવેદન કરીને આખા પ્રકરણની ગંભીરતા ઓછી કરી.

પણ સત્ય કદી પ્રકાશમાં આવ્યા વગર રહેતું નથી. છેક ત્રીજી એપ્રિલે લોકસભામાં વિદેશમંત્રી સ્વર્ણસિંહે કચ્છના રણમાં ઘૂસણખોરીની વાત સ્વીકારીને ત્રણ સ્થળે દુશ્મનોની જમાવટની માહિતી આપી તે સમયે સંસદસભ્યોએ આવી પરિસ્થિતિમાં સરહદના રખોપાં પોલીસની પાસે કરાવવા સામે પણ પ્રશ્નાર્થ કર્યો હતો.

સંસદ અને વિધાનસભાની કાર્યવાહીની સાથોસાથ સાતમી માર્ચે કંડલા ફ્રી ટ્રેડ ઝોનના ઉદ્‌ઘાટન બાદ સંબોધનમાં વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ સીમાડાના રક્ષણ માટે સરકાર શક્તિશાળી હોવાની હૈયાધારણ કચ્છીઓને આપી. ૧૨મીએ વિધાનસભામાં ગૃહપ્રધાને કચ્છની તસુ જમીન પાકિસ્તાનના કબજામાં ન જાય તેની ખાતરી આપી હતી. ૨૩મી માર્ચે શાસ્ત્રીજીએ કચ્છનો મુદ્દો શાંતિ અને સુલેહથી ઉકેલવા પાકિસ્તાનને અપીલ

### યુદ્ધની ભેટ

સરહદી જિલ્લાના દરજ્જાને કારણે કચ્છને કેટલીક મહત્ત્વપૂર્ણ સુવિધાઓ સાંપડી હતી. એ છે :

- ભુજ-ખાવડા રોડ
- સૂરજબારીનો પુલ
- આકાશવાણી ભુજ કેન્દ્ર
- ભુજ-નલિયા રેલવે લાઈન
- ભાનાડા એરબેઝ
- રુદ્રમાતા પુલ

*જીવનમાં બધું ગયા પછી પણ ભવિષ્ય તો રહે જ છે.*

કરીને બળનો માર્ગ છોડવા ચીમકી પણ આપી હતી. આ અપીલ અને ચીમકીની અસર થઇ હોય તેમ પાકિસ્તાને કંજરકોટ વિસ્તાર ખાલી કરવાની તૈયારી બતાવી હોવાના બિનસત્તાવાર અહેવાલો આવ્યા અને તેનાથી તંગદિલી ઘટવાની આશા પણ જાગી.

પરંતુ આ આશા ટૂંક સમયમાં ઠગારી નિવડી. ૨૫મી માર્ચે સમાચાર આવ્યા કે કંજરકોટ પછી સક્કર વિસ્તારમાં પાકિસ્તાને એક હજાર એકર ભારતીય પ્રદેશમાં પગદંડો જમાવી દીધો છે. નાજુક બનતી પરિસ્થિતિ સાથે તાલ મિલાવવા ૨૯મી માર્ચે કેન્દ્રીય મંત્રીમંડળની કટોકટી સમિતિની બેઠકમાં કચ્છના મુદ્દે ચર્ચા થઇ અને જરૂર પડ્યે રણના રક્ષણની જવાબદારી લશ્કરને સોંપવાનો નિર્ણય લેવાયો. આ મુદ્દે ગુજરાત સરકારે પણ કેન્દ્રને સંમતિ આપી હોવાની માહિતી સમિતિને અપાઇ. આ સમિતિમાં વડાપ્રધાન શાસ્ત્રી, ગૃહપ્રધાન ગુલઝારીલાલ નંદા, સંરક્ષણપ્રધાન એસ.બી. ચવ્હાણ, વિદેશપ્રધાન સ્વર્ણસિંહ સભ્ય હતા. સરકારે લશ્કરની ત્રણે પાંખના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ આ મુદ્દે ચર્ચા કરી.

કેન્દ્રની આ તૈયારીઓ વચ્ચે ગૃહપ્રધાન નંદા અને મુખ્યમંત્રી મહેતા ૩૧મીએ કચ્છ ધસી આવ્યા. બંનેએ કરીમશાહીના અગ્રીમ વિસ્તારનો પ્રવાસ કરીને જાતમાહિતી મેળવી.

ભારતની વળતી કાર્યવાહીની પાકિસ્તાન પર અસર પડી. લાજવાને બદલે ગાજવામાં પાવરધા પાડોશીના રેડિયોએ કાગારોળ શરૂ કરી કે કચ્છના રણના વિવાદગ્રસ્ત વિસ્તારમાં ભારતીય લશ્કરે આક્રમણ તૈયારી શરૂ કરી છે. ત્રીજી એપ્રિલે ભારતે જવાબમાં કહ્યું કે, પાકિસ્તાનના આક્રમણની તૈયારીના જવાબ માટે પગલાં લેવાઇ રહ્યા છે.

છેક છઠ્ઠી એપ્રિલે નંદાજીએ લોકસભામાં નિવેદન કર્યું કે, કચ્છ સરહદની અંદર કંજરકોટમાં પાકિસ્તાને ૧૩૦૦ વાર અને ૨૦૦૦ વારના અંતરે બે ચોકી ઊભી કરીને યથાવત પરિસ્થિતિ જાળવવાની સંમતિનું ઉલ્લંઘન કર્યું છે. ઘૂસણખોરી દૂર કરવા અને સરહદની અખંડિતતા જાળવવા કચ્છમાં અસરકારક પગલાં લેવાશે તેવી જાહેરાત પણ તેમણે કરી.

આ પગલાંનો વાસ્તવિક અમલ થાય તે પહેલાં યુદ્ધ માટે થનગનતા પાકિસ્તાનના મેજર જનરલ ટીકાખાને ઓપરેશન ડેઝર્ટ હોક્સના નામ તળે તેના લશ્કરની આઠમી પાયદળ ડિવિઝનની ૫૧મી બ્રિગેડને ભારતની સરદાર ચોકી પર કબજો કરવાની કામગીરી સોંપી દીધી. નવમી એપ્રિલે આખી પાકિસ્તાની બ્રિગેડ સરદાર ચોકી પર તૂટી પડી ત્યારે તે ચોકી પર કેન્દ્રીય અનામત પોલીસ દળ (સી.આર.પી.એફ.)ની નાની ટુકડી તેનાત હતી. માત્ર ત્રણ મશીનગનો અને નાના શસ્ત્રોથી સજ્જ ૨૦૦-૨૫૦ જવાનો સામે ટેન્ક મોર્ટર જેવા ભારે શસ્ત્રો સાથે ત્રણ હજાર સૈનિકોની બ્રિગેડ હતી. પરંતુ સી.આર.પી.એફ. ના જવાનોએ ચોકી પડવા દીધી નહીં.

આમ ઓપરેશન ડેઝર્ટ હોક્સમાં પ્રથમ ગ્રાસે જ પરાજય પામેલું પાકિસ્તાની લશ્કર વળતા હુમલાની તૈયારીમાં વ્યસ્ત હતું. તે દરમ્યાન ભારતે તેની ૩૨મી પાયદળ બ્રિગેડ અને ૫૦મી પેરા (છત્રી) બ્રિગેડને કચ્છ મોરચે તેનાત કરી. પણ આ જમાવટ આક્રમક નહીં, રક્ષણાત્મક હતી. ૧૩મી એપ્રિલે વિઘોકોટ ચોકી અને ૨૩મી એપ્રિલે સરદાર ચોકીની ચોપાસ ટેન્ક વિરોધી સુરંગો બિછાવીને મોરચાબંધી કરી દેવાઇ.

આ બધા વચ્ચે રણમાં દુશ્મન સાથે નાની-મોટી અથડામણ સામાન્ય બની ગઇ હતી. પાછળથી ભારતીય ભૂમિસેનાના વડા બનેલા લેફ. કર્નલ સુંદરજી કંજરકોટની મુક્તિ માટે ઓપરેશન હાથ ધરવા માગતા હતા પરંતુ ભુજની બ્રિગેડના વડા બ્રિગેડિયર પહેલાજાણીએ તેમને રોક્યા હતા.

ભારતે તેના લશ્કરની મર્યાદિત પ્રમાણમાં તેનાતી કરી મોટા ભાગની ચોકીઓ કેન્દ્ર કે રાજ્ય અનામત પોલીસ દળના જવાનોના હવાલે રખાઇ હતી.

જનરલ ટીકાખાને પાકિસ્તાનના નાપાક મનસૂબા પાર પાડવા ઓપરેશન ડેઝર્ટ હોક્સનો બીજો તબક્કો અમલમાં મૂકવા તૈયારી આરંભી દીધી. તેમણે તેમની આઠમી ડિવિઝનને વધુ મજબૂત બનાવી ૫૧મી બ્રિગેડને રહીમકી બજારમાં અને છઠ્ઠી બ્રિગેડને છાડબેટની સામે ડેરાતંબૂ નખાવ્યા. આઠમી ડિવિઝન ટેંકો તોપખાના અને બખતરિયા વાહનોથી સજ્જ હતી. આ તૈયારી આક્રમક હતી અને તેને ભારતના કબજામાં ન હોય તેવા ઠેકાણા પર નિયંત્રણ મેળવવાનું કામ સોંપાયું હતું.

૧૦મીથી ૧૯મી એપ્રિલ વચ્ચે છમકલાં થતાં રહ્યાં. ૧૨મીના સરદાર ચોકી નજીક થયેલી અથડામણમાં પાકિસ્તાનના ઓછામાં ઓછા છ સૈનિક માર્યા ગયા. ૧૫મી એપ્રિલે કંજરકોટની દક્ષિણે પણ અથડામણમાં નાસવું પડ્યું હતું.

**૧૯-૧૧-૧૯૬૫નો ગોઝારો દિન**

**બળવંતરાય મહેતા શહીદ**

**૧૯૬૫ અને ૧૯૭૧ના બે યુદ્ધોમાં જય - પરાજયના સરવાળા - બાદબાકીમાં ૧૯૬૫ની ૧૯મી સપ્ટેમ્બરે થયેલી બાદબાકી સાવ અણધારી અને હચમચાવી મૂકે તેવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી બળવંતરાય મહેતા ડાકોટા વિમાનમાં ઓખા જઈ રહ્યા હતા. જામનગરથી ઉડ્ડયન બાદ તેમણે કચ્છના કાંઠાળ વિસ્તાર નલિયા પાસેથી ચક્કર લગાવીને હવાઈ નિરીક્ષણ કરવાની સૂચના આપી ત્યારે બપોરે ૪.૦૬ વાગે પાકિસ્તાનના સેબરજેટ વિમાનો આ મુલ્કી ડાકોટા વિમાન પર ત્રાટક્યા. આ હુમલાખોર વિમાનોએ બળવંતરાય મહેતાના વિમાનને સુથરી ગામની સીમમાં તોડી પાડ્યું. વિમાનમાં સવાર મુખ્યમંત્રી સાથે તેમના પત્ની સરોજબહેન, ગુજરાત સમાચારના પ્રતિનિધિ કે.પી. શાહ, મુખ્યમંત્રીના અંગત સચિવ પરેરા તથા પાઈલોટ અને ઈજનેર આ હુમલામાં શહીદ થયા હતા.**

*સમૃદ્ધિ મિત્રો બનાવે છે, વિપત્તિની કડાઈમાં મિત્રોની પરીક્ષા થાય છે.*

પરંતુ ૨૦મી એપ્રિલે પાકિસ્તાની સેનાએ પોતાનો વ્યૂહ બદલાવ્યો. અત્યાર સુધી સરદાર ચોકીને નિશાન બનાવતા દુશ્મન તેમની તોપોના નાળચા છાડબેટ વિસ્તારમાં ભારતીય ચોકી પોઈન્ટ એઈટી ફોર તરફ ફેરવ્યા. સવારે ૭.૩૦ વાગ્યે શરૂ થયેલા તોપમારા અને રણમાં ઉનાળાના પ્રખર તાપ વચ્ચે ચોકી પર તૈનાત એસ.આર.પી.ની મુઠ્ઠીભર ટુકડીએ સામનો કર્યો પણ તોપમારા પછી રાત્રે પાકિસ્તાની લેફ. નાદીર પરવેઝ અને તેની કમાન્ડો ટુકડીએ રોકેટ લોન્ચરો, એલ.એમ.જી. સ્ટેનગન જેવા ભારે હથિયારો સાથે ચોકી પર ભારે આક્રમણ કર્યું. જોતજોતામાં આઠ ભારતીય પોલીસ નરબંકા શહીદ થઇ ગયા. હુમલાખોરોએ ચોકીને ભારે નુકસાન પહોંચાડ્યું. આ નાની જીતે લેફ. પરવેઝને સિતારાએ જુર્રત અને તેના નાયબને ઇમ્તિયાઝી સનદના ખિતાબ અપાવ્યાની પાકિસ્તાની લશ્કરની વેબસાઇટમાં નોંધ છે.

૨૧મીએ પાકિસ્તાનની ૨૧મી પંજાબ રેજિમેન્ટે આવોજ હુમલો ગુલ્લુ તલાવ (ગુલ મહંમદ તલાવડી) પર કર્યો. આક્રમણ થાય તે પહેલાં તે ચોકી પર તેનાત સી.આર.પી.ના જવાનો ગૂંચવણને કારણે પીછેહઠ કરી ગયા. આ ચોકી પરના તોપમારામાં એસ.આર.પી.ના અમુક જવાનો શહીદ થયા હતા પણ આ અંગે ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી.

૨૦મી અને ૨૧મીના આક્રમણ સાથે પાકિસ્તાને કંજરકોટ અને છાડબેટ પર કબજો કરવાનો મનસૂબો પાર પાડી નાંખ્યો.

## ૧૯૭૧નો જંગ

૧૯૬૫ના જંગ અને તે પછી કચ્છ ટ્રિબ્યુનલની મેજ પર છાડબેટ જેવો પ્રદેશ ગુમાવ્યાના સાક્ષી બનનાર કચ્છીઓ અને કચ્છ માટે વિજયોત્સવ માત્ર છ વર્ષ જ છેટો હતો. ૧૯૭૧ની ત્રીજી ડિસેમ્બરથી ૧૭મી ડિસેમ્બરની રાત વચ્ચે ખેલાયેલા ભારત-પાકિસ્તાન વચ્ચેના ઐતિહાસિક જંગે કચ્છની સામે પાર સિંધ પ્રાંતના વિશાળ વિસ્તાર પર ત્રિરંગાની આણ અને શાનનો ડંકો વગાડી દીધો.

કચ્છના સરહદી ઇતિહાસમાં સુવર્ણ પૃષ્ઠ સમા આ જંગનો ઘટનાક્રમ ભલભલાના રુંવાડા ખડા કરી દે તેવો છે. ૧૯૬૫માં સરહદ પર સલામતીની અપૂરતી વ્યવસ્થા છતી થઇ હતી. તેને પગલે ૧૯૬૫ના યુદ્ધના અંત સાથે વડાપ્રધાન શાસ્ત્રીજીએ સીમાની સુરક્ષા માટે અસરકારક વ્યવસ્થા ગોઠવવા મનોમંથન શરૂ કરી દીધું હતું. આ વિચારવલોણામાંથી ૩૦મી ડિસેમ્બર ૧૯૬૫ના સીમા સુરક્ષા દળની રચના થઇ. વિશ્વના સૌથી મોટા એવા આ અર્ધલશ્કરી દળના જન્મનું કારણ કચ્છના રણમાં ખેલાયેલો ૧૯૬૫નો જંગ બન્યો હતો.

આ નવા રચાયેલા દળની પ્રથમ ત્રણ બટાલિયનોને કચ્છમાં તેનાત કરી દેવાઇ હતી. ભુજના લશ્કરી મથક અને વાયુસેના મથકોને મજબૂત બનાવાઇ રહ્યા હતા. લોકોને હવાઇ હુમલા સામે નાગરિક સંરક્ષણના પાઠ શીખવાઇ રહ્યા હતા. ૧૯૬૫ જેવા કડવા અનુભવો સામે દળો અને લોકો પાકટ બની રહ્યા હતા.

સીમાદળ (બીએસએફ)ની એક નંબરની બટાલિયનને સરદાર ચોકી, વીઘાકોટ, કરીમશાહી, બિયારબેટ, પોઇન્ટ ૮૪, ભેડિયાબેટ, મોરીબેટ અને ખાવડાનો હવાલો સોંપાયો. બીજા નંબરની બટાલિયન ખડીર અને બનાસકાંઠા સરહદે ગોઠવાઇ. ત્રીજા નંબરની બટાલિયન અનામત રખાઇ હતી.

વાતાવરણમાં જાણે તોફાન પહેલાંની નીરવતા હતી. તેવામાં ૧૯૭૧ની ૧૪મી ઓક્ટોબરે સીમાદળની ત્રણે બટાલિયનોને લશ્કરના સીધા અંકુશ અને આદેશ હેઠળ મૂકી દેવાઇ. કચ્છ સેક્ટરનો હવાલો બ્રિગેડિયર એસ.એસ. મલ્હોત્રાને સોંપાયો. વાયુસેના મથકના વડા સ્ક્વોડ્રન લીડર કર્ણિક હતા.

૧૪મી ઓક્ટોબરે સીમાદળની બટાલિયનો લશ્કરના હુકમ હેઠળ આવી ગયા બાદ સરહદી વિસ્તારોમાં અધિકારીઓની અવરજવર વધી ગઇ. દરેક અગ્રિમ ચોકીઓ પર રાશન અને દારૂગોળાનો જથ્થો પહોંચાડાઇ રહ્યો હતો.

ભારતે પૂર્વ પાકિસ્તાનની મુક્તિની વાતો શરૂ કરી દીધી હતી. પૂર્વ સરહદે સ્પષ્ટ રીતે કળાતો ઉકળાટનો શેક પશ્ચિમી કચ્છ સરહદે પણ આવી રહ્યો હતો.

ત્રીજી ડિસેમ્બરે ગુજરાતના રાજ્યપાલ શ્રીમનનારાયણ સરહદી વિસ્તારના લોકોનું મનોબળ મજબૂત કરવા નીકળી પડ્યા હતા. અગ્રીમ વિસ્તારમાં જવાનોની મુલાકાત લીધા બાદ તેમણે બપોરે ભુજમાં સભાને સંબોધી. તેઓ સાંજે ૭.૩૦ વાગ્યે રાધનપુરમાં સભામાં ભાષણ કરી રહ્યા હતા ત્યારે જ સંદેશો આવ્યો કે, 'જંગ છીડ ગઇ હૈ' ત્રીજીની રાત્રે જ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ રાષ્ટ્રજોગ પ્રવચન કરીને દુશ્મનોના દાંત ખાટા કરી નાખવાના નિર્ધાર સાથે રાષ્ટ્રવ્યાપી કટોકટી જાહેર કરી નાખી.

ચોથી ડિસેમ્બરનો દિવસ કચ્છના મુલ્કી અને સરહદી વિસ્તારો માટે ઉચાટભર્યો રહ્યો. મેદાનમાં ઊતરવા થનગનતા જવાનો આક્રમણના આદેશ માટે ચાતક જીવે હતા. આ બધા વચ્ચે પાંચમીની સવારે પાકિસ્તાની દળોએ વીઘાકોટ અને સરદાર ચોકી પર તોપમારો કર્યો.

બસ પછી તો પાંચમીની રાત્રે ભારતીય દળોએ રણમાં વિજયયાત્રા આરંભી દીધી. પહેલી બટાલિયનના બે પ્લાટુન સાથે રણમાં ઊતરેલા ઇન્સ્પેક્ટર ઇંગલે અને તેમના જવાનોએ છઠ્ઠીના સવારે પાંચ વાગ્યે છાડબેટ પર ત્રિરંગો ફરકાવી દીધો. સીમાદળે તેના જન્મ માટેના ઋણને ચૂકવી દીધું.

પહેલી બટાલિયને હનુમાનતલાઇ (પાકિસ્તાનના ગુલ મહમ્મદ તલાઇ) વિસ્તારમાં આગેકૂચ કરી અને છઠ્ઠીની સાંજે આસિ. કમાન્ડન્ટ રીડમલસિંહના નેતૃત્વ હેઠળ બીજી બટાલિયને ખડીર-બેલા સરહદેથી પાકિસ્તાનમાં પ્રવેશ કર્યો. સાતમીની સવાર સુધીમાં તો જૈટલી, ફૂલપરા, રસાની, કૂવાથલા અને બાર ગામો પર ભારતીય દળોનો કબજો થઇ ગયો પણ બટાલિયનના કમાન્ડન્ટ લેફ. કર્નલ કાનેની વ્યૂહરચના થોડી અટપટી હતી. તેઓ જૈટલીથી નગરપારકર અને જૈટલીથી વિરાવાને નિશાન બનાવવા માગતા હતા. આ વ્યૂહના અમલ માટે બટાલિયનને બે ભાગમાં વેચીને આઠમી ડિસેમ્બરે સવારે પાંચ વાગ્યે બે ટુકડીઓને બે મોરચે રવાના કરાઇ.

*માણસ જ્ઞાનની ચુંગાલમાં ફસાયો કે એના જ્ઞાન બુદ્ધિ બેકાર થઇ જાય છે.*

પાકિસ્તાની ઈન્ડસ રેન્જર્સને નવમીના સવારે ૮-૩૦ વાગ્યે તાલુકા મથક નગરપારકરમાં ભારતીય દળો પ્રવેશ્યા ત્યારે ત્યાં વસતા હિન્દુ નાગરિકોએ તેમને વધાવી લીધા. નગરપારકરની તહેસીલ કચેરી પર ભારતીય કબજાની મહોર મારવા માટે ત્રિરંગો મોકલવા ભુજ સંદેશો મોકલાયો.

તે સમયે ભુજના માહિતી ખાતાના નાયબ નિયામક ઇન્દુભાઇ જોશી તેમની કચેરીમાં ઉપલબ્ધ રાષ્ટ્રધ્વજ સાથે લશ્કરી અધિકારીઓ સાથે નગરપારકર જવા રવાના થઇ ગયા.

ભુજથી ગયેલા રાષ્ટ્રધ્વજને ૧૦મીના સવારે નગરપારકર તહેસીલ કચેરી પર ફરકાવીને પાકિસ્તાની ધ્વજને બૂટ તળે કચડી નાખ્યો. ભુજથી નગરપારકર ગયેલા રાષ્ટ્રધ્વજની પણ આ વાસ્તવિક વિજયયાત્રા હતી. જંગ પછી એક વર્ષ સુધી ભારતના કબજામાં રહેલા નગરપારકર તાલુકા પર ત્રિરંગાની આણ રહી હતી.

નગરપારકરની સાથે સાથે આઠમીના વિરાવા કબજે કરવા નીકળેલી ટુકડીને ભારે પ્રતિકાર સહેવો પડ્યો હતો. પાકિસ્તાની લશ્કરી જમાવટ ધરાવતી વિરાવા ચોકીને કબજે કરવા નવમીની સાંજે ભારતીય દળોએ આક્રમણ કર્યું. બીજા દિવસ સુધી પાકિસ્તાનીઓએ મચક ન આપી. તેવામાં સાંજે ૪-૩૦ વાગ્યે નગરપારકર તરફથી ભારતીય કુમક આવી. આખી રાતના તોપમારાની અસર ન થતાં આખરે ભારતીય વાયુસેનાની મદદ મગાઇ. ૧૦મીના સવારે ૮-૨૦ વાગ્યે તો ભારતીય વિમાનીઓએ વિરાવા ચોકીને ધમરોળી નાખી ને પાકિસ્તાનીઓ ઊભી પૂંછડીએ નાઠા. આસિ. કમાન્ડન્ટ પ્રભુરામ અને તેમના સાથીઓએ વિરાવા કબજે કર્યું.

બીજી બટાલિયનનો ઇરાદો વિરાવાથી ઇસ્લામકોટ થઇને હૈદરાબાદને લક્ષ્ય બનાવવાનો હતો. તેથી વિરાવા-ઇસ્લામકોર્ટ માર્ગ પર પીછેહઠ કરી રહેલા પાકિસ્તાનીઓની પાછળ ભારતીય જવાનોએ આગેકૂચ જારી રાખી. ૧૫મી ડિસેમ્બરે ભલવાર ગામ નજીક પોઇન્ટ ૩૪૩ ચોકી કબજે કરાઇ. ૧૭મી ડિસેમ્બરે ઇસ્લામકોટ પર ઘેરો ઘાલવાની યોજનાનો રાત્રે જાહેર થયેલા યુદ્ધવિરામને કારણે અમલ ન થઇ શક્યો અને બીજી બટાલિયનની વિજયકૂચ પર પૂર્ણવિરામ લાગ્યું.

કચ્છના રણની સામે પાર છઠ્ઠી ડિસેમ્બરે છાડબેટ સર કરનાર પ્રથમ બટાલિયનની સરદાર ચોકી પર અને વીઘાકોટ પર પાકિસ્તાનીઓએ ભારે તોપમારો કરતાં આ બંને ચોકીઓ પર તેનાત દળો રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગયા હતા.

પણ ૧૦મીના સવારે ભારતીય દળોએ વિંગી અને પાનેલી ચોકીઓ પર હુમલો કર્યો. બે કલાકમાં વિંગી અને સાત કલાકમાં પાનેલી ચોકી કબજે થઇ. જવાનોના જુસ્સાના પ્રતિઘોષમાં તેમને પાકિસ્તાનના મહત્ત્વના થાણા જત-તરાઇને પાડવાનું બીડું અપાયું. સબ ઇન્સ્પેક્ટર ભીમસિંહના નેતૃત્વ હેઠળ ૧૨મી ડિસેમ્બરે સવારે ૭.૩૦ વાગ્યે બીજી કંપની રવાના થઇ. લગભગ સવારે સવા આઠ વાગ્યે દુશ્મનો સાથે સામનો થયો. આખા દિવસ અને રાતના ઘમસાણ બાદ સવારે જત-તરાઇ કબજે થયું. પાકિસ્તાનીઓ એક વાયરલેસ સ્ટેશન, બે જીપ તથા શસ્ત્રો અને દારૂગોળાનો ભંડાર પાછળ પડતા મૂકી ગયા

## સીરક્રીકનો સીમા વિવાદ

ભારત અને પાકિસ્તાન, સરહદના મામલે લાંબા સમયથી મતમતાંતર અને વિવાદ ધરાવે છે. ઉત્તરમાં સીયાચીનનો મામલો સમયાંતરે અથડામણ સર્જતો રહ્યો છે ત્યારે પશ્ચિમમાં સિરક્રીકની સીમા આંકણી બંને દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય જળવિસ્તારની ખંડીય છાજલીઓની આંકણી આડે મોટા અંતરાય સમાન બની રહી છે.

સિરક્રીકની સરહદનો વિવાદ તો આઝાદી પૂર્વેનો છે. ૧૯૩૮માં તે સમયના સિંધપ્રાંત અને કચ્છ સરકાર વચ્ચે સરહદની આંકણીનો વિવાદ જાગ્યો હતો. પરંતુ તે સમયે કચ્છના રણ પર સિંધ સરકારનો દાવો ખોટો ઠરાવાયો હતો.

આ અગાઉ ૧૮૪૩માં બ્રિટિશ શાસકોએ સિંધને ખાલસા કર્યું ત્યારે સિંધ અને કચ્છ વચ્ચેની સરહદ સ્પષ્ટ કરાઇ હતી તે સમયે ઠરાવાયું હતું કે રણ કચ્છની માલિકીનું છે. તેથી માત્ર ક્રીક વિસ્તાર તરફ સરહદ દર્શાવતા ખૂંટા જી-પિલર ખોડાયા હતા.

૧૯૪૭માં ભાગલા પછી સિંધ પાકિસ્તાનને અપાયું અને તેની સાથે રણ અને સિરક્રીકના વિવાદ કજિયાળા પાકિસ્તાનને વારસામાં મળ્યા. ૧૪મી જુલાઇ ૧૯૪૮ના પાકિસ્તાને ભારતને પહેલીવાર પત્ર લખ્યો કે કચ્છ-સિંધ સરહદનો મુદ્દો હજી વિવાદ હેઠળ છે અને તેનો ઉકેલ થવો જોઇએ, જવાબમાં ભારતે ૧૦મી ઓગસ્ટ ૧૯૪૯ના પત્ર પાઠવીને પુરાવા સાથે આ વિવાદ અસ્તિત્વમાં ન હોવાનો જવાબ આપ્યો.

૧૯૬૫ના યુદ્ધ અને તે પછીના ટ્રિબ્યુનલમાં રણ સરહદનો વિવાદ ઉકેલાઇ ગયો પરંતુ ૧૯૯૦ના દાયકાથી પાકિસ્તાને ૯૯ કિ.મી.ની સિરક્રીકનો વિવાદ જગાવ્યો છે. ૧૮૪૩માં જી-પિલર વડે અંકાયેલી આ સરહદમાં પાકિસ્તાન હવે સિરક્રીકના બંને કોઠા પર તેની હકૂમતનો દાવો કરે છે આ માટે રેતીના ઢૂવા જેમ ક્રીક પણ વહેણ બદલતી હોવાનું કારણ આગળ ધર્યું છે.

સિરક્રીક સરહદની બે વખત વૈજ્ઞાનિક મોજણી બંને દેશો વચ્ચેના વિશેષ કાર્ય જૂથની બેઠકોના ફળસ્વરૂપે આ વિવાદ ઉકેલાઇ જવાની આશા બળવત્તર બની છે.

આ વિવાદ ઉકેલાઇ જાય તે સાથે બંને દેશો વચ્ચેની દરિયાઇ સરહદો અને ખંડીય છાજલીઓ-કોન્ટિનેન્ટલ શેલ્વસની આંકણી પણ સરળતાથી થઇ જશે.

*સારા માણસ બનો, સજ્જન બનો, પછી જુઓ કોઇ તમારી પાસે નહિ ફરકે.*

હતા. પરંતુ ચોકીમાં બિછાવાયેલવી સુરંગો દૂર કરતી વેળાએ સબ ઇન્સ્પેક્ટર લલિત મોહન શહીદ થયા.

૧૩મી ડિસેમ્બરે બપોરે ૧૨.૦૦ વાગ્યે જત-તરાઇ પર સંપૂર્ણ કબજો થયા બાદ બપોરે ૧.૦૦ વાગ્યે જવાનોએ ડિપ્લો સર કર્યું. ૧૭મીના સવારે જત-તરાઈથી સોરો સર કરવા રવાના થયેલી ટુકડીએ જોતજોતામાં બપોરે ૩.૪૫ વાગ્યે સોરોનું કામ પણ તમામ કરી નાખ્યું.

આ આખા જંગમાં અનામત રહેલી ત્રીજી બટાલિયનને પાકિસ્તાનની વિંગુર ચોકી કબજે કરવાનું મહત્ત્વનું કામ સોંપાયું. યુદ્ધના ઇતિહાસમાં ચોક્કસાઇભર્યા વ્યૂહ સાથેના આક્રમણોમાં અદકેરું સ્થાન પામનાર આ જંગ માટે ખાવડામાં તેનાત આ બટાલિયને સાતમીના તૈયારી આરંભી દીધી હતી. સાતમીના રાત્રે એક નાની ટુકડીએ આગોતરો હુમલો કરીને પાકિસ્તાનીઓનું પાણી માપી લીધું. તે પછી બે દિવસ વ્યૂહ ઘડાયો. બે કંપનીઓએ આક્રમણ કર્યું. એક કંપનીએ વિંગુરના પૂર્વ અને પશ્ચિમ તરફના માર્ગો બંધ કરી નાખ્યા. બે વખત હવાઇ હુમલા થયા તે પછી ચોતરફ કરાયેલા આક્રમણમાં દુશ્મનો મહાત થયા. આ જંગમાં સીમાદળના ચંદનસિંહ ચંડલેને વીરચક્રથી સન્માનિત કરાયા. આજે પણ સીમાદળના ટેકનપુર સ્થિત અકાદમીમાં અધિકારીઓને 'બૅટલ ઓફ વિંગર' નો પાઠ શીખવાય છે.

રણમોરચે જંગ દરમ્યાન પાકિસ્તાનીઓએ ૧૨મી અને ૧૩મી ડિસેમ્બરે બિયારબેટ ચોકી પર હવાઇહુમલા કર્યા હતા પણ તેમાં તેને કોઇ સફળતા મળી ન હતી.

જો કે યુદ્ધના સમય દરમ્યાન કચ્છમાં તેમાં પણ ભુજ પર સંખ્યાબંધ હવાઇ હુમલા થયા હતા. યુદ્ધ પહેલાં નાગરિક સંરક્ષણની તાલીમ અને નિદર્શન દરમ્યાન હવાઇ હુમલાથી બચવાનું લોકોને શીખવવામાં આવ્યું હતું, પરંતુ પ્રયોગો અને વાસ્તવિકતામાં જમીન-આસમાનનો ફરક હોવાનો અહેસાસ ભુજવાસીઓને પાંચમીની પરોઢથી શરૂ થયેલા હવાઇ હુમલાથી થયો હતો.

પાંચમી અને છઠ્ઠીના એકલદોકલ હુમલા બાદ સાતમીના રાત્રે ૧૨ વાગ્યે પાકિસ્તાની વિમાન હુમલા વધ્યા. થોડી થોડી વારે ક્ષિતિજ ધૂંધવતા પાકિસ્તાની વિમાનો ભુજના આકાશને ધમરોળી નાખતા હતા. આઠમીના રાત્રે બે વાગ્યાથી ચાર વાગ્યા દરમ્યાન બે કલાકમાં ભુજમાં શ્રેણીબદ્ધ ધડાકા થયા હતા. પાકિસ્તાની વાયુસેના માત્ર ભુજને નિશાન બનાવતા હોવાની પ્રતીતિ થતાં નવમીની સવારથી ભયભીત લોકો ભુજમાંથી આસપાસના ગામો અને ખાસ તો માંડવી તરફ હિજરત કરવા લાગ્યા. ભુજનું બસ સ્ટેશન બહાર જવા ઇચ્છતા લોકોના ઘસારાથી નાનું પડવા લાગ્યું.

આઠમીના રાત્રે થયેલા બોમ્બમારામાં ભુજ વિમાનમથકના રનવે-હવાઇપટ્ટીને સારું એવું નુકસાન થયું. રનવે પર આઠ-દસ ફૂટ ઊંડા ખાડા પડી ગયા હતા. કલેક્ટર ગોપાલાસ્વામી અને સ્કવોડ્રન લીડર કર્ણિકે માધાપરના સરપંચ જાદવજીભાઇ વરસાણી અને અગ્રણી વી.કે. પટેલની મદદ માગી. આ બંને આગેવાનોએ નવમીના સવારે સાદ પડાવ્યો. થોડી મહિલાઓ આગળ આવી. પ્રથમ દિવસે રન-વે સાફ કરાવાયો. વચ્ચે વચ્ચે સાયરનો વાગે તો મહિલાઓ આસપાસની ઝાડી તળે આશ્રય લેતી. બીજા દિવસે ૨૦૦-૩૦૦ ભાઇ-બહેનો કામે લાગી ગયા અને તેમાં આસપાસના ગામોના લોકો પણ જોડાયા. ત્રણ દિવસમાં રન-વે પાછો તૈયાર થઇ ગયો હતો.

નવમી અને દસમી વચ્ચે ભુજ પર હવાઇ હુમલા ન થયા પણ ૧૧મીથી પાકિસ્તાની વિમાનો રોજ રાત્રે ચાંદ ઊગે અને ભુજિયા પર ચકરાવો લેતા અને ભારતીય વિમાનો તેમની પાછળ પડીને તેમને ભગાવતા. આ દરમ્યાન લોકોનો ડર દૂર થવા લાગ્યો હતો. મોરચેથી આવતા વિજયના સમાચારો જુસ્સો

## ખતરનાક - સંવેદનશીલ ઘટનાઓ

સરહદી હોવાને કારણે કચ્છ સમયાંતરે દાણચોરીના અલગ-અલગ બનાવોનું સાક્ષી બનતું રહ્યું છે. પરંતુ કંડલા અને મુંદરા બંદરે આયાત-નિકાસના અંચળા હેઠળ કરાતા ગોટાળા દાણચોરીથી પણ વિશેષ અને ત્રાસવાદ કે દેશદ્રોહ જેવા ગંભીર પરિમાણો ધરાવે છે.

★ ૨૩મી માર્ચ ૧૯૯૧ના કંડલા બંદરે પિત્તળના ભંગારનું કન્ટેનર ખોલતાં તેમાંથી એ.કે. ૪૭ રાયફલના કારતૂસ નીકળી પડ્યા હતા. આવા આયાતી ભંગારના ૩૩ કન્ટેનર ખોલાતાં જીવતા કારતૂસના ૧૦,૦૦૦ બોક્સ અને ખાલી કારતૂસના ૨૫,૦૦૦ બોક્સ મળી આવ્યા હતા.

★ ૨૫મી જૂન ૧૯૯૬માં કંડલા બંદરે પોલી પ્રોપેલીન ખાલી કરવા આવેલા રશિયન જહાજ એમ.વી. કોલોમના જહાજમાં શસ્ત્રોથી ભરેલા ચાર કન્ટેનર મળી આવ્યા હતા. બાંગ્લાદેશ જતા આ શસ્ત્રો સંયુક્ત રાષ્ટ્રસંઘના હોવાના દસ્તાવેજ મળ્યા હતા.

★ ૧૮મી જૂન ૧૯૯૯ના કંડલા બંદરે ખાંડ ખાલી કરવા આવેલા ઉત્તર કોરિયાના જહાજ કુ-વાલ-સાનનો અન્ય સામાન કસ્ટમ સત્તાવાળાઓને વાંધાજનક લાગ્યો. આ સામાન મિસાઇલના ભાગો અને તે માટેની આધુનિક ટેકનોલોજીનો લાગતો હતો. સૌથી ચિંતાજનક વાત તો એ હતી કે આ જહાજ કંડલાથી માલસ પહોંચીને આ મોતનો સામાન ખાલી કરવાનું હતું. આ મિસાઇલના ભાગો અને મશીનરી પાકિસ્તાન મોકલાઇ રહ્યા હતા.

★ નવા બનેલા મુંદરા અને કંડલા બંદર પર સ્ટીલ કંપનીઓ દ્વારા આયાત કરાતા લોખંડના સ્ક્રેપમાં વણફૂટેલા વિસ્ફોટકોએ દેશભરમાં ચકચાર જગાવી હતી. ૨૦૦૬-૦૭ દરમ્યાન આવા સ્ક્રેપનો મોટો જથ્થો કંડલા અને મુંદરા બંદરે ઝડપાયો હતો.

*માણસનું બાળપણ કેવું વીતે છે, તે એના જીવનના ઘડતરમાં બહુ મોટો ભાગ ભજવે છે.*

## હવાઈ છમકલાંનો ઘટનાક્રમ

સરહદી કચ્છ પાકિસ્તાન સાથેના બે ગંભીર હવાઈ છમકલાનું સાક્ષી બની ચૂક્યું છે. ૧૯૯૯ અને ૨૦૦૦ની આ બે ઘટનાઓ ઉપરાંત ૧૯૯૭માં બનેલો બનાવ પણ ગંભીર હતો.

★ ૧૯૯૭ની ૧૫મી જાન્યુઆરીના ભુજના વાયુસેના મથક પર પાકિસ્તાને પાયલોટ વિહોણું જાસૂસી વિમાન ઘુસાડ્યું હતું. ભારતના ચકોર રડારમાં ઝડપાયેલા આ નાપાક વિમાનને ભારતીય વાયુસેનાના વિમાનોએ તોડી પાડ્યું હતું.

★ ૧૯૯૯ની ૧૦મી ઓગસ્ટના પાકિસ્તાને નલિયા વાયુસેના મથક ઉપર જાસૂસી વિમાન ઘુસાડ્યું હતું. આ વખતે વિમાન અનમેન્ડ-પાયલોટ વિહોણું ન હતું. ફ્રેન્ચ બનાવટના એટલાંટિક પ્રકારના વિમાનમાં ૧૬ પાકિસ્તાની હતા. નલિયા વાયુસેના મથક સુધી ઘુસીને પરત ફરતા આ નાપાક વિમાનને ભારતના લડાયક મિગ-૨૧ વિમાનોની બેલડીએ ક્રીક વિસ્તારમાં તોડી પાડ્યું હતું. વિમાનમાં સવાર તમામ ૧૬ જણા માર્યા ગયા હતા.

★ ૨૦૦૦ની ૧૨મી નવેમ્બરે એટલાંટિકનો બદલો લેવાતો હોય તેમ ભારતીય વાયુદળના હેલિકોપ્ટરને લખપત સરહદે તોડી પડાયું. એમ.આઇ.-૮ હેલિકોપ્ટરમાં સવાર સીમા સુરક્ષા દળના ડી.આઇ.જી. એસ.સી. યાદવ, ગાંધીધામની ૭૧ બટાલિયનના કમાન્ડન્ટ આર.એસ. ચૌહાણ, ભુજની બટાલિયનના કમાન્ડન્ટ વી.આર.એસ. નાયર, સુબેદાર સાદીકલાલ, કોન્સ્ટેબલ દિલીપ, વાયુદળના પાયલોટ સ્ક્વોડ્રન લીડર અનિલ શર્મા અને ફ્લાઇટ એન્જિનિયર એમ.એસ. પઠાણે અંતિમ વિદાય લીધી હતી. આ બનાવમાં પાંચ જણ ઘાયલ થયા હતા.

વધારતા હતા. શહેરો-ગામોમાં રાત્રિચોકીઓ થવા લાગી હતી. લોકોને અંધારપટનું ચુસ્ત પાલન કરાવાતું. જવાનો માટે કેન્ટીનો ખૂલવા લાગી. મોરચા પર ટૂથપેસ્ટથી માંડીને ફરસાણ સુધીની ભેટો મોકલાવા લાગી. કલેક્ટર કચેરીએ આવી ભેટો સ્વીકારવા ખાસ વ્યવસ્થા પણ ગોઠવી હતી.

૧૭મીના યુદ્ધવિરામ સાથે અંધારપટ અને સાયરનના સામ્રાજ્યનો પણ વિરામ થયો. જંગ દરમ્યાન કચ્છમાં પાકિસ્તાની વિમાનોએ ૯૨ બોંબ વરસાવ્યા હતા. જેમાંથી ૮૦ ફાટ્યા હતા. ભુજના ૧૦ માઇલના વિસ્તારમાં ૬૬ બોમ્બ પડ્યા હતા. ભુજમાં ૩૫ વખત સાયરન વાગી હતી. કોટેશ્વર-જખૌ અને છછીના દરિયામાં વહાણો અને કાંઠા પર મકાનો ઉપર પાકિસ્તાની વિમાનોએ ગોળીબાર કર્યા હતા.

૧૭મીની રાત્રે યુદ્ધવિરામ જાહેર થયો તે સાથે કચ્છ સીમાની સામે પાર ૨૨૦૦ ચો. કિ.મી. વિસ્તાર કબજે થઇ ગયો હતો. ૧૮મીથી કચ્છ વિજયોત્સવ મનાવવાની તૈયારી કરી રહ્યું હતું. તેવામાં સમાચાર આવ્યા કે ૧૭મીની સાંજે સુરઇ વિસ્તારમાં નીકળેલી મદ્રાસ રેજિમેન્ટ અને બખતરિયા રેજિમેન્ટ તથા સીમાદળના અધિકારીઓ-જવાનોની ટુકડી પર લપાયેલા પાકિસ્તાનીઓએ અણધાર્યો હુમલો કર્યો. આ હુમલામાં લેફ. કર્નલ એ. ઓ. એલેક્ઝાંડર, મેજર વી.એસ. મહેતા, ડેપ્યુટી કમાન્ડન્ટ જોગીન્દરસિંહ અને અન્ય છ સૈનિકો વીરગતિ પામ્યા.

વિજયોત્સવની તૈયારી કોરાણે રહી અને ૧૯મીના રવિવારે સવારે ભુજના લોહાણા સ્મશાનગૃહમાં આ વીર શહીદોના મૃતદેહોને કચ્છના દેશભક્તોએ અશ્રુભીની વિદાય આપીને વિજયની સાચી કિંમતને સલામ ભરી. તે પછીનો સમય વિજયોત્સવનો હતો. તેની ચરમસીમારૂપે ત્રીજી જાન્યુઆરીના સોમવારે બપોરે ૩.૪૫ વાગ્યે વડાપ્રધાન ઇંદિરા ગાંધીએ જ્યુબિલી ગ્રાઉન્ડ પર વિજયસભા સંબોધી. કચ્છના ગામડે-ગામડેથી લોકો ઊમટ્યા હતા. માધાપરની વિરાંગના મહિલાઓનો આભાર માનીને ઇન્દિરાજીએ કહ્યું કે 'હમને લડકર શાંતિ કો બચાયા હૈ...'

*સૌજન્ય : 'કચ્છ મિત્ર'નો ૬૦ વર્ષના સંભારણા વિશેષાંક*

## એક અજમાવવા જેવો અભિગમ

★ એવો કોઈ મનુષ્ય નથી જેના જીવનમાં સમસ્યા ન હોય. એક સારી પસંદગી આપણને નવા નવા અવસરો આપે છે. શીખવાના, વિકાસ કરવાના, શક્તિશાળી બનવાના અને એ દ્વારા વધુ ઊંચા લક્ષ્ય સુધી પહોંચવાના અવસર. આપણે સારા દિવસોમાં કઈ રીતે જીવીએ છીએ તેના આધારે સફળતા નક્કી થતી નથી પણ સફળતાનો આધાર તો એ વાત ઉપર રહેલો છે કે કપરા કાળનો સામનો આપણે કેવી રીતે કરીએ છીએ.

★ કોઈપણ વસ્તુ માટેની લગન, સફળતાનું સૌથી અગત્યનું અને મહત્ત્વનું તત્ત્વ છે, એમાં વિઘ્ન ભલે આવે પણ દ્રઢ નિશ્ચય અને આકરી મહેનતની ધગશ તેમાં સમાયેલી હોવી જોઈએ. 'હું કરી શકું છું' એવું વિચારનાર છેવટે કામ કરી શકે છે પણ ખાસ ખ્યાલ એ રાખવો જોઈએ કે લગન અને જીદમાં ફરક હોય છે. દ્રઢ નિશ્ચયને હઠાગ્રહનો સમાનાર્થી ન માનતા. એ બંને સાવ અલગ છે. જીદ તમને મૂર્ખતાભર્યા અને અસફળ વ્યવહારની બંધિયાર ગલીમાં ઘસડી લાવે છે જ્યારે લગન તમને આગળની દિશામાં લઈ જાય છે, ઉન્નત બનાવે છે. લગન તમને જીવન સાથે જોડી રાખે છે જ્યારે જીદથી તમે વાસ્તવિક્તાથી કપાઈ જાવ. લગન વ્યક્તિને કાર્યકુશળ પરિશ્રમી બનાવે છે.


લગનનું એક ચોક્કસ લક્ષ્ય હોય છે. કોઈ નિર્ણયથી એની શરૂઆત થાય અને લક્ષ્ય તરફ આગળ વધે. લક્ષ્ય વગરની જીદ નિરુદ્દેશ હોય છે અને એવા કાર્ય કરનાર પ્રત્યે મોટાભાગના લોકો નારાજ થઈ જતા હોય છે. અવરોધોને ઓળંગવાની તમારી ઈચ્છા હોય અને પોતાના લક્ષ્ય ભણી સતત આગળ વધતા રહેશો તો લોકો પાછળથી આવી, તમને તમારા લક્ષ્ય ભણી ધકેલશે. નિર્ણય નાનો કે મોટો, એનાથી કોઈ ફરક પડતો નથી. નિર્ણય લેવાનો અર્થ છે, પોતાના માટે લક્ષ્ય નક્કી કરવું. ગમે એવા મોટા નિર્ણયને પણ સાચું સાહસ ચોક્કસ પાર પાડે છે.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

*વ્યક્તિના મનમાં હંમેશાં બે આખલાની લડાઈ હોય છે. સારું અને ખરાબ - જેને તમે પોષો તેનો વિજય થાય છે.*

# કચ્છનો બંદરીય વિકાસ
# ગઇકાલ, આજ અને આવતીકાલ

• ઉમિયાશંકર અજાણી •



તા. ૨૦-૧૧-૧૯૩૪ના ભુજમાં જન્મેલા **ઉમિયાશંકર અજાણી**ને, તેઓ અભ્યાસ કરતા હતા ત્યારથી જ વાંચન અને લેખનનો શોખ હતો. ૧૯૫૩થી મહેસૂલ ખાતામાં નોકરીમાં દાખલ થયા અને ક્રમશઃ બઢતી પામતાં મામલતદારના પદેથી ૧૯૮૮માં નિવૃત્ત થયા. સને ૧૯૬૬માં મહેસૂલ લાયકાત પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબરે પાસ થયા. ૧૯૬૬-૬૭માં મહેસૂલ ખાતામાં વિશિષ્ટ કામગીરી બદલ ઈનામ આપવાની યોજના સરકારે શરૂ કરી હતી તેમાં પહેલે જ વર્ષે તેમને જિલ્લામાં પ્રથમ ઈનામ મળ્યું. કચ્છમાં રણોત્સવની શરૂઆત ૧૯૯૨થી થઈ. તેનું સ્થાનિક કક્ષાએ સંચાલન સોંપવામાં આવેલ, તે બહુજ ઓછા ખર્ચે સફળતાથી સંચાલન કરી બતાવ્યું.

તેમની પ્રથમ નવલિકા "માઝમ રાત" સને ૧૯૫૭માં મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલ અને 'રખોપું' નામની નવલકથા પણ હપ્તે હપ્તે મુંબઈ સમાચારમાં પ્રસિદ્ધ થયેલ. જેને જનસમૂહ તરફથી સારો આવકાર મળેલ. પુસ્તકાકારે તે પ્રસિદ્ધ થતાં તે નવલકથાનું પુસ્તક અમેરિકાની લાઈબ્રેરી માટે પસંદગી પામેલ.

સાહિત્ય, વિશેષતઃ ઈતિહાસ અને લોકસાહિત્ય ક્ષેત્રે તેઓશ્રીનું અણમોલ યોગદાન છે. અત્યાર સુધીમાં એમની ૬ નવલકથા, ૧ વાર્તાસંગ્રહ, ૬ લોકસાહિત્ય સંશોધન લેખ સંગ્રહો પ્રકાશિત થયા છે. તદુપરાંત અનુવાદ સંપાદન આદિ કાર્ય પણ નોંધપાત્ર છે.

તેમના સાહિત્ય સર્જન માટે વિવિધ સંસ્થાઓ તરફથી તેમને સુવર્ણ ચંદ્રકો, રૌપ્ય ચંદ્રકો તથા અન્ય એવૉર્ડ મળ્યા છે તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા તેમના ઈતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્ય ક્ષેત્રે યોગદાન બદલ સન્માન થયું છે.

કચ્છના સાંસ્કૃતિક ઘડતરમાં તેની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભૂતકાળમાં ભૂ-પૃષ્ઠની ઊથલપાથલના કારણે જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ જેવા ભૌગોલિક ફેરફારો પછી આજની સ્થિતિમાં દેખાતું કચ્છ અસ્તિત્વમાં આવેલ છે. ક્યારેક બેટ સ્વરૂપે રહેલી કચ્છની ધરતી પછીના સમયે બે મહાનદીઓ-સિંધુ અને સરસ્વતીના નીરથી નવપલ્લવિત થતી રહેલ. એના પ્રવાહમાં નાની મોટી નૌકાઓ વ્યાપારના ક્ષેત્રને વિસ્તારતી રહી હતી. પરંતુ કુદરતની અવકૃપાના કારણે પ્રથમ સરસ્વતીએ વિદાય લીધી અને ત્યાર પછી બહુ લાંબે ગાળે સને ૧૮૧૯માં થયેલા મહાવિનાશક ધરતીકંપના કારણે સિંધુના નીર પણ કચ્છની ધરતી માથેથી ઓસરી ગયા. ઉત્તર અને પૂર્વ દિશાએ અફાટ રણના કારણે નીરવ સૂનકાર અને વેદનાભરી શાંતિ પથરાઇ ગઇ તો પશ્ચિમ અને દક્ષિણ દિશામાં ઘૂઘવતા મહેરામણના કારણે દરિયાઇ કંઠાર પ્રવૃત્તિથી ધમધમવા લાગી. આવા વિરોધાભાસી બે બિંદુઓ વચ્ચે વસેલા કચ્છ માટે રણ અને દરિયો એની વિશિષ્ટ ઓળખ બની ગયા છે.

મહા-અર્ણવના ખાબોચિયા જેવડા કચ્છના અખાતમાં ૩૫૨ કિ.મી.ની દરિયાઇ પટ્ટી માથે એક કાળે બાર જેટલા બંદરોથી કચ્છની કંઠાર આખીય ગાજતી હતી. આ બધા બંદરોના કારણે પચ્છમના પાદશાહ તરીકે ઓળખાતો કચ્છનો લાખો ફૂલાણી 'લાખા પુતર સમુદ્રકા'નો બિરુદ ધરાવતો હતો. રિયાણ પટ્ટણમાંથી માંડવી સુધી પહોંચેલા માંડવી બંદરની તો આંટ જ અલગ હતી.

હાલના માંડવી બંદરનો પાયો તો આજથી ૪૩૧ વર્ષ પહેલાં કચ્છના રાવશ્રી ખેંગારજી પહેલાએ શેઠ ટોપણ આડતની દેખરેખ નીચે સંવત ૧૬૩૬ના મહા વદ ૧૧ ના દિવસે નાખ્યો હતો.

કચ્છના બધા બંદરોમાં માંડવી સૌથી સમૃદ્ધ બંદર હતું. એના બારામાં ચોર્યાસી બંદરોના વાવટા ફરકતા હતા. 'મેમોઇરસ એન્ડ ધી ટ્રેડ ઓફ ધી પોર્ટ ઓફ માંડવી ઈન કચ્છ' શ્રી આર. લીચ બોમ્બે એન્જિનિયર્સ નામના પુસ્તકમાં માંડવી બંદર અને તેના વેપાર વિશે વિગતો નોંધી છે. સેંકડો ખાંડી, હજારો કોડી અને સેંકડો ખરવારાના ધોરણે માલની આયાત અને નિકાસ કચ્છ અને સિંધ વચ્ચે માંડવી, મુંદ્રા અને લખપત બંદરેથી થતી હતી. ખેંગારજી પછીના રાજાઓએ તેના વિકાસમાં રસ લીધો હતો. પણ કચ્છના વેપાર અને વહાણવટાને વિકસાવી અને સિદ્ધિના શિખરે લઇ જવાનું કાર્ય કર્યું રાવશ્રી દેશળજીના દીવાન દેવકરણ શેઠે. કચ્છના વેપારને ચાંચિયાઓથી રક્ષણ આપવા માટે એમણે ઓખાની ધરતી માથે 'કચ્છી ગઢ' નામનું દરિયાઇ થાણું સ્થાપીને દરિયાઇ લુંટારાઓમાં કચ્છના નામની ધાક બેસાડી દીધી.

*વખાણ સાંભળીને ફુલાઈ જશો તો વિકાસ નહીં થાય.*

લખપતજીએ વેપાર કરનારાઓને તથા દરિયો ખેડનારાઓને રાજ્યના રખોપા રહેશે તેવું વચન તાંબાના પત્રે લખી આપ્યું. રામસંગ માલમે વહાણોની બાંધણીમાં સુધારો કરાવ્યો.

બર્ન્સની સને ૧૮૩૫ની નોંધ મુજબ કચ્છનું વહાણવટું પશ્ચિમના દેશોના મુકાબલે વધારે કુશળતા ધરાવતું હતું. કચ્છના ખારવા અને નાખવા વાંસના કમાની આકારના વર્તુળાકાર ટુકડાના સાધન વડે આફ્રિકા તથા અન્ય બંદરોના માર્ગ નક્કી કરી શકતા હતા. આ સાધનની મદદથી ધ્રુવતારો અને પાણીની સપાટીના ખૂણાનો માપ લઇ માપના દિવસે આંકો પાડે. પછી જ્યારે ધ્રુવતારો દરિયાની ક્ષિતિજે આવી દેખાતો બંધ થાય એટલે વહાણ વિષુવવ્રત અક્ષાંસમાં પ્રવેશ્યું એમ જાણી વહાણને પશ્ચિમ દિશા તરફ હંકારતા. એ રસ્તો તેમને આફ્રિકાના કિનારે પહોંચાડતો.

'પેરિપ્લસ'ના ગુજરાતી અનુવાદક દુષ્યંત પંડ્યાના કહેવા પ્રમાણે કચ્છના માલમોએ જુદા જુદા સમયે લખેલી કેટલીક પોથીઓ મળેલી છે. સંવત ૧૬૬૪થી સંવત ૧૯૧૨ સુધીની એ પોથીઓમાં એક બંદરેથી બીજે બંદરે જવાની વિગતો દર્શાવવામાં આવેલ છે. જે બંદરે જવું હોય તે બંદરના બારામાં પ્રવેશ કેવી રીતે કરવો, પ્રવેશ મળ્યા પછી શી સંભાળ લેવી, સુકાન કઇ દિશાનું રાખવું તેની વિગતો જણાવેલ છે. તે ઉપરાંત પણ તેમણે નાના મોટા અન્ય બંદરોના અરજ-તુલ (અક્ષાંસ રેખાંસ) પણ દર્શાવ્યા છે. માલમ અરજ-તુલ ચૂકે તો જે બંદરે જવાનું હોય ત્યાં પહોંચી શકે નહિ અને બારાનો પ્રવેશ માર્ગ જાણતો ન હોય તો એનો બેડો છીતી જાય. સંવત ૧૭૨૦ની એક પોથીમાં ભારતના નૈઋત્ય કાંઠાનો અને સિલોનનો નક્શો પણ દોરવામાં આવેલ છે. ક્યાંક વહાણ બાંધવાની આવી નોંધ પણ થઇ છે : પઠાણ ગજ ૩૦, તેનો ત્રીજો ભાગ તેને મીલ કેજો, વહાણ ગજ ૩૦, તેને ભાગ ૪ કરીને ભાગ ૧ લેજો. તે ગજ ૭॥ આવી, તે ઉપર તૂતક બેસાડીએ.

સ્ટીમરો ચાલુ થયા પછી પણ કચ્છના બંદરોએ વહાણોની અવર જવર ચાલુ રહી હતી. અલબત્ત અંગ્રેજોની નીતિના કારણે કચ્છના વહાણવટાને થોડી ઘણી અસર પહોંચી હતી તો પણ બીજા વિશ્વયુદ્ધની શરૂઆત પહેલાના વહાણોની કચ્છના બંદરોએ અવર જવરનો ખ્યાલ નીચેના આંકડાઓથી આવે છે:

| બંદર | ૧૯૨૬-૨૭ | ૧૯૨૭-૨૮ | ૧૯૨૮-૨૯ | ૧૯૨૯-૩૦ | ૧૯૩૦-૩૧ |
|---|---|---|---|---|---|
| માંડવી | ૧૭૦૬ | ૧૬૦૬ | ૧૬૫૨ | ૧૪૮૦ | ૧૬૭૫ |
| મુંદરા | ૫૫૪ | ૫૪૬ | ૫૩૨ | ૪૪૫ | ૫૧૮ |
| અંજાર | ૯૯૭ | ૧૦૯૦ | ૮૦૯ | ૭૮૩ | ૮૦૩ |
| જખૌ | ૨૦૧ | ૧૨૨ | ૧૩૨ | ૧૩૧ | ૨૦૪ |
| લખપત | ૧૮૨ | ૧૭૭ | ૧૯૨ | ૧૬૪ | ૧૭૧ |

વિશ્વયુદ્ધના સમયમાં વહાણોનું મહત્ત્વ સમજાયું. સ્ટીમરો યુદ્ધના કામમાં રોકાઇ જતાં અનાજ અને અન્ય ચીજ વસ્તુઓની અછત સર્જાય તેવે સમયે વહાણોએ વેપારને ટકાવી રાખવાની સાથે સાથે લોકોને ભૂખમરાથી બચાવ્યા. કચ્છમાં તો લોકોની જરૂરિયાતને પહોંચી વળાય તેટલું અનાજ પેદા થતું નહોતું. તેથી એ સમયે પરિવહન માટે વહાણો ખૂબ ઉપયોગી સાબિત થયા. વહાણોની માંગ વધી. નૂર ભાડા પણ વધ્યા. વિશ્વયુદ્ધ પહેલાં ૧૦૦ ટન ભાર વહન કરી શકે એવા ૭૫ ફુટ લાંબા અને ૧૮ ફુટ પહોળા એક વહાણ બાંધવાનું ખર્ચ લગભગ રૂપિયા ૧૦૮૮૫ થતું હતું પણ વિશ્વયુદ્ધ પછી આ કિંમત અસાધારણ વધી ગઇ. ૧૯૪૪માં આવું એક વહાણ બાંધવાનું ખર્ચ રૂપિયા ૩૫,૫૦૦ જેટલું થવા લાગ્યું. ૧૯૪૩-૪૪ માં પચ્છમ કંઠારે ૫૩૦૦ વહાણો બંદર ખાતા દ્વારા નોંધાયેલા હતા. તેમાં કચ્છ માંડવીના ૨૦૦ વહાણો હતા.

દેશી રાજ્યોમાં કચ્છ જ એકમાત્ર એવું રાજ્ય હતું જેની દરિયાઇ જકાત નીતિ પોતાની હતી. છેલ્લી અડધી સદીથી ચાલી આવતી રસમમાં તો એણે કાંઇ જ ફેરફાર નહોતો કર્યો. કાઠિયાવાડના બંદરી રાજ્યો સાથે કરારના નામે બ્રિટિશ સરકારે બંદરી સ્વતંત્રતા પર લગભગ કાપ જ મૂકી દીધા હતા. એ રાજ્યો સાથે બ્રિટિશ સરકારે કરેલા કરારો પ્રમાણે જે તે રાજ્યોને તેમના રાજ્યમાંથી બહાર જતા માલ ઉપર મળનારી જકાતમાં પાંચ લાખ રૂપિયાથી ઉપર જે કાંઇ આવક થાય તો તે વધારાની બધી જ આવક બ્રિટિશ સરકારને પ્રાપ્ત થાય. કચ્છ રાજ્યે આ કસ્ટમ યુનિયનમાં જોડાવાની ના પાડી દીધી. પોતાનું સ્વાતંત્ર્ય જાળવી રાખવાનું નક્કી કર્યું. બ્રિટિશ સરકારે કચ્છ રાજ્ય પર કસ્ટમ યુનિયનમાં જોડાવા માટે દબાણ ચાલુ રાખ્યું. પરંતુ બ્રિટિશ સરકાર કચ્છ રાજ્યની મરજી ઉપરવટ જઇ શકે તેમ નહોતું કારણકે સને ૧૮૧૯ અને ૧૮૫૧ની સંધિ પ્રમાણે કચ્છના બંદરોને ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ બ્રિટિશ બંદરો જેટલો હક્ક દરજ્જો આપેલો. તે સ્ટીમરોના આગમન પછી સંધિમાં ઉલ્લેખિત 'વેસલ્સ' શબ્દને 'માત્ર દેશી વહાણો' એવા અર્થમાં ઘટાવીને બ્રિટિશ સરકાર કચ્છ રાજ્યને તેના વેપારમાં નુકસાન પહોંચાડવાના પ્રયત્નો આદરી દીધા. સને ૧૯૫૫માં મીઠાની નિકાસ પર પ્રતિબંધ લાદયો.

સને ૧૯૦૫માં વિરમગામ લાઇનદોરીની સ્થાપના કરી જે પાછળથી કેટલીક શરતોએ તે સને ૧૯૧૭માં ઉઠાવી લીધી. આમ થતાં બંદરોનો વેપાર વધ્યો. બંદરી રાજ્યોનો માલ છૂટથી બહાર જવા લાગ્યો. આથી મુંબઇ અને કરાંચી બંદરને અસર થઇ. આ પરિસ્થિતિમાંથી રસ્તો કાઢવા માટે બ્રિટિશ સરકારે ૧૯૨૭માં દેશી રાજાઓ સાથે મંત્રણા શરૂ કરી. પરંતુ તેમાં સર્વસંમતિ ન સધાતાં ફરીથી વિરમગામની લાઇનદોરી શરૂ કરી. કચ્છના બંદરો 'ફોરેન પોર્ટ' જેવો દરજ્જો ભોગવતા હતા અને જકાત પણ નામની લેવાતી હતી. તેથી પરદેશથી માલ કચ્છના બંદરોએ ઠલવાતો હતો. તે આયાત થતા માલને બહાર કાઢવામાં બ્રિટિશ સરકારે એને ચારે બાજુએથી ભીડાવ્યો. કચ્છના પેસેન્જરો જે બહાર જતા તેમનો માલ સામાન વિરમગામ અને અન્ય બંદરોએ સખ્તાઇથી તપાસવા માંડ્યો. 'વેસલ્સ' એટલે માત્ર દેશી વહાણો એવું અર્થઘટન કરીને સ્ટીમર દ્વારા આવતા

*ભગવાનની ભક્તિ દેખાડાથી નહીં, શુદ્ધ ભાવનાથી જ થાય.*

માલને જકાતપાત્ર ગણવાનું શરૂ કરી દીધું. આ માટે વાગડની સરહદે કચ્છના માલ પર જકાત લેવા થાણું બેસાડ્યું. તેથી માલનો નિકાસ થવામાં અટકાવ થયો. આથી કચ્છના વેપારને ફટકો પડ્યો. કચ્છ રાજ્યે આનો વિરોધ કર્યો. પણ બ્રિટિશ સરકાર પાસેથી ન્યાય મળવાની આશા નહોતી. આથી કચ્છનો વેપાર તૂટવાની શરૂઆત થઈ. વળી રેલવે અને નવા રસ્તાઓ બંધાતાં કાઠિયાવાડના ભાવનગર, વેરાવળ, પોરબંદર, સલાયા, બેડી અને નવલખી બંદરોને ઉત્તર ભારતના મહત્ત્વના શહેરો સાથે જોડાણ મળતાં તેની અસર પણ માંડવી પર પડી. ગોવા, કોલંબો, મસ્કતથી વગર જકાતે આવતો માલ પણ ઘટી ગયો. અંગ્રેજ સરકારની નાકાબંધીના કારણે નિકાસ અટકી ગઈ. કચ્છમાં ખડકાયેલો અને જાપાનથી આવી રહેલો માલ હવે દાણચોરીથી બ્રિટિશ હદમાં જવા લાગ્યો. કચ્છમાં માલ પરિવહન માટે રેલવેની તેમજ અન્ય વાહન વ્યવહારની સગવડોનો અભાવ હતો. ૧૯૦૫માં તુણા અને અંજાર વચ્ચે માત્ર ૩૦ કિ.મી.ની રેલવે નખાઈ હતી. તેને ૧૯૦૯માં ભુજ સુધી લંબાવતાં ૯૪ કિ.મી.ની થઈ. તારીખ ૧-૬-૧૯૪૮ના કચ્છ રાજ્યનું ભારતમાં વિલીનીકરણ થયું ત્યારે કચ્છ આખામાં માત્ર ૧૬૪ કિ.મી.ની રેલવે હતી! આ બંદરના પતનના અન્ય કેટલાક કારણોમાં દરિયા પરથી ઊડીને આવતી રેતીથી એની નાળ પુરાઈ જતી હતી. તેથી અવારનવાર ડ્રેજિંગની જરૂર પડતી હતી. બ્રેકવોટર પાસેના ભાગમાં પ્રથમ રાવળપત્રી ઉગાડવામાં આવી. તેને કાઢી નાખતાં રેતી સતત ઊડવાના કારણે તેના મોટા મોટા ઢગલા થવા લાગ્યા. કસ્ટમ હાઉસ તેમજ ધર્મશાળાના મકાનો દટાઈ જાય એટલી રેતી ભેગી થતી હતી. વરસાદ વખતે પૂર આવે ત્યારે આવા ઢગલાઓમાંથી ગુણીઓ ભરી ભરીને તે રેતી નાળમાં નાખી દેવાતી હતી. આ રેતીના કાયમી નિવારણ માટે લોકો તરફથી પણ અવાર નવાર સૂચનો થતા હતા. ઊડતી રેતીના નિવારણના અંગે શરીફ ઈબ્રાહિમે પણ કેટલાંક સૂચનો કરેલા. આ સંબંધમાં તેમનો એક લેખ સને ૧૯૨૫ના કચ્છ વર્તમાનના વસંત અંકમાં પ્રગટ થયેલ. પરંતુ બંદરની દુર્દશા થઈ ભાંગવા સુધી પહોંચેલા બંદર માટે કોઈ કાયમી ઉપાય થયો નહિ. તેથી ધીમે ધીમે આ બંદર લકવાગ્રસ્ત થતું ગયું.

તારીખ ૧-૬-૧૯૪૮માં કચ્છ સ્વતંત્ર ભારતમાં ભળી ગયું. તેથી કચ્છના બંદરો માટે નવા યુગનો આરંભ થયો. નવા માર્ગો અને કોસ્ટલ હાઈવે બનતાં માંડવી, ભુજ ઉપરાંત મુંદ્રા, જખૌ, કોટેશ્વર અને લખપત સાથે જોડાયું. ૧૯૫૧થી ૧૯૬૬ દરમ્યાન બંદરની સુધારણા માટે રૂપિયા ૪૧ લાખ ૩૩ હજાર વપરાયા. સ્થાનફેર કરતા રેતીના ઢૂવાને લીધે બંદરની નાળમાં થતા રહેતા પુરાણને અટકાવવા માટે કેટલીક વનસ્પતિઓના વાવેતર થયા. ૧૮૫૦ ફૂટ લાંબા બ્રેક વોટરથી નૈઋત્યના મોસમી પવન સામે બંદરને રક્ષણ અપાયું. આમ થતાં બેથી ત્રણ મીટર ડ્રાફ્ટના વહાણો મોટી ભરતી વખતે બંદરમાં પ્રવેશવા લાગ્યા. ૧૯૫૩-૫૪માં આ બંદરે ૨૮૧૮૩ ટન માલની આયાત નિકાસ થયેલી તે સને ૧૯૮૦-૮૧ માં ૪૪૮૬૬ ટન પર પહોંચી. પરંતુ આ પરિસ્થિતિ કાયમ રહી નહિ. સમય પસાર થવાની સાથે માંડવી બંદરે ભરતી ઓટને બદલે માત્ર ઓટ જ આવતી રહી. પણ હવે ફરીથી આ બંદર ધબકતું થાય તેવા સંજોગો સર્જાયા છે. આશાપુરા ગ્રૂપ સને ૨૦૧૧માં શરૂઆતથી માંડીને નાણાકીય વર્ષાંતે ત્રણેક લાખ મેટ્રિક ટન જેટલો બૉક્સાઇટ, બેન્ટોનાઇટ અને ચાઇના ક્લેનો ખનિજ જથ્થો માંડવી બંદરેથી નિકાસ કરવાનું બીડું ઝડપ્યું છે. છેલ્લે સને ૧૯૯૮માં આશાપુરા ગ્રૂપે બેન્ટોનાઇટનો ૪૦૮૫૭ મે. ટન જથ્થો સ્ટીમર દ્વારા નિકાસ કરેલ. ત્યારબાદ પાછું શૂન્યાવકાશ સર્જાયેલ. આશાપુરા ગ્રૂપના નિર્ણયથી આ બંદર પાછું ગાજતું થશે એવી આશા બંધાણી છે. જુદા જુદા સ્થળેથી ટ્રક દ્વારા બેન્ટોનાઇટનો જથ્થો જેટી પર પહોંચશે અને ત્યાંથી કેન દ્વારા સેલ્ફ પ્રોપલ્ડ પર લોડિંગ કરવામાં આવશે. આટલા મોટા પ્રમાણમાં થનાર નિકાસથી માંડવી બંદરને ટન દીઠ રૂપિયા ૪૦ની ગણતરીએ અંદાજે એક કરોડ રૂપિયાની આવક થશે. આ જથ્થો લેવા માટે ૮૦ હજાર ટનની કેપેસિટી ધરાવતું જહાજ પહેલી વખત જ અહીં આવનાર છે. ભૂતકાળમાં જાહોજલાલીની ટોચે રહેલ આ બંદર આજે જે કઠણાઈ ભોગવી રહેલ છે તે આવનારા દિવસોમાં દૂર થઈ જશે તો આ બંદરની આવતીકાલ ભારે ઉજ્જવળ હશે.

- **મુંદ્રા :**

મુંદ્રાના દરિયા કાંઠે કુલે ચાર બંદરો આવેલા છે.

(૧) તેમાં સૌથી જૂનું બંદર કચ્છના રાઓશ્રી ભોજરાજજીના સમયમાં (સં. ૧૬૮૮- સં.૧૭૦૨) વર્ધમાન શાહે મુંદ્રાથી ૮ કિ.મી.ના અંતરે આવેલ ભૂખી અને કેવડી નદીના સંગમ પર સ્થાપેલ મુંદ્રા બંદર. તેની નાળ રેતીથી પુરાઈ જતાં તે હવે બંદર તરીકે ઉપયોગમાં રહ્યું નથી. આ વિસ્તારમાં વહાણો લાંગરે છે.

(૨) માંડવી ગ્રૂપ ઑફ પોર્ટ સાથે સંકળાયેલ અને જી.એમ.બી. (ગુજરાત મેરી ટાઈમ બોર્ડ) દ્વારા સંચાલિત, બોચાની ખાડી પર સને ૧૯૫૦ના અરસામાં વિકસાવવામાં આવેલ બંદર જે મુંદ્રા બંદર તરીકે ઓળખાય છે.

(૩) અદાણી ગ્રૂપ ઓફ કંપનીએ વિકસાવેલું ગુજરાત અદાણી પોર્ટ લિ.નું સને ૧૯૯૮થી કાર્યરત થયેલ અદાણી બંદર. જે આ ખાનગી કંપની અને રાજ્ય સરકારનું સંયુક્ત સાહસ છે.

(૪) પી. એન્ડ ઓ. કંપની હસ્તકનું મુંદ્રા ઈન્ટરનેશનલ કન્ટેઈનર ટર્મિનલ લિ. (એમ.આઈ.સી.ટી.સી.)નું અલાયદું બંદરીય એકમ.

કચ્છના બંદરોમાં અદાણી પોર્ટ શરૂ થયા પહેલાં જી.એમ.બી.નું મુંદ્રા બંદર નાનું હોવા છતાં તે ધીકતું બંદર હતું. ખાડી પુરાઈ જતી હોવા છતાં ઓટ વખતે પણ નવ ફૂટ પાણી રહે છે. કિનારાથી દોઢ માઈલ દૂર સાત ફેધમ ઊંડું પાણી રહે છે. વહાણોને લાંગરવા માટે લાકડાની જેટી છે. સ્ટીમરો દરિયામાં દૂર ઊભી રહેતી. ચોમાસાના ચાર મહિના સિવાય સ્ટીમરો આ બંદરે આવ-જા કરતી હતી જ્યારે વહાણો બારે માસ આવ-જા કરતા રહેતા હતા. વિદેશો સાથે વેપારથી

*વિચાર કરો, શું આ દિવસો સદા આવા જ રહેશે?*

સંકળાયેલા આ બંદરના બારામાં દેશ વિદેશના જહાજો લંગર નાખતા હતા. તેથી બંદર બારેમાસ ગાજયા કરતું હતું.

૧૯૯૦માં ખનીજ ભરવા માટે મુંદ્રા બંદરે આવેલી 'મંગલમીના' નામની સ્ટીમર જેટીને અડીને લાંગરી. ત્યારથી મુંદ્રામાં જેટી સુધી સ્ટીમર આવી શકે જ નહિ એવી જે માન્યતા હતી તે ખોટી ઠરી. ત્યાર પછી આવેલી 'ફરોજ', 'રિયાલ', 'ખત્રી', 'તાયવાન' અને 'ઓ ગ્રેટ' નામની સ્ટીમરો છેક જેટી પર લાંગરી. દુબઇથી વેસ્ટ ઓઇલનો ટ્રાફિક શરૂ થતાં મુંદ્રા કસ્ટમને છેલ્લા એક વર્ષમાં રૂ. ૧,૩૮,૦૦,૦૦૦ નો અને મુંદ્રા પોર્ટને રૂ. ૭,૪૨,૦૦૦ ની આવક થઇ. દિવસ ઊગેને સરકારને રૂપિયા સવા બે લાખની વિદેશી હૂંડિયામણની કમાણી કરી આપતા મુંદ્રા બંદરની પ્રગતિનો ગ્રાફ સતત ઊંચે ચડતો રહ્યો. મહાબંદર કંડલાના ટ્રાફિકના ભરાવાને ઉકેલવામાં પણ આ બંદર ઉપયોગી થયું. ૧૯૯૩માં આ પ્રશ્નને ઉકેલવામાં પોર્ટ સત્તાવાળાઓના હકારાત્મક અભિગમના કારણે મુંદ્રાના ટ્રાફિકમાં એક જ વર્ષમાં ત્રણ ગણો વધારો થયો અને કંડલાના ટ્રાફિકના ભરાવાને નિયંત્રણમાં લાવી શકાયું.

- સને ૧૯૯૪-૯૫ થી ૧૯૯૮-૯૯ સુધીના પાંચ વર્ષ દરમ્યાન આ બંદરે નીચે પ્રમાણે ટ્રાફિક રહેલ :

| *વર્ષ* | *૧૯૯૪-૯૫* | *૧૯૯૫-૯૬* | *૧૯૯૬-૯૭* | *૧૯૯૭-૯૮* | *૧૯૯૮-૯૯* |
|---|---|---|---|---|---|
| *ટ્રાફિક (મે.ટનમાં)* | *૧,૦૪,૦૦૦* | *૧,૯૨,૦૦૦* | *૧,૮૦,૦૦૦* | *૧,૦૭,૦૦૦* | *૧,૧૫,૦૦૦* |

કરોડો રૂપિયાનું હૂંડિયામણ રળી આપતું થયેલા આ બંદરે સુવિધાઓ તરફ પછી તો સત્તાવાળાઓએ પણ થોડુંક ધ્યાન આપવું પડ્યું. દસ લાખના ખર્ચે એક નવું ગોડાઉન બંધાયું. તે ઉપરાંત રૂપિયા ૯.૪૦ લાખના ખર્ચે નવું ગોડાઉન બાંધવા તેમજ હાલની ટી જેટીને પૂર્વ તરફ આવેલા લાઇટ હાઉસ તરફ ૩૦ મીટર લંબાવવા તેમજ લોડિંગ અનલોડિંગના હાલે જે ત્રણ પોઇન્ટ છે તેમાં ૨ પોઇન્ટનો વધારો કરી પાણી માટે નવી લાઇન લઇ આવવી વગેરેની સુવિધા માટે રૂપિયા ૭૦.૨૭ લાખના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા. સમયાંતરે આ બંદરની નાળ સાફ કરવા માટે ડ્રેજિંગ કરવામાં આવે તો ઓપન સી અને બર્થ પાસે પાણીના ડ્રાફ્ટનો તફાવત ઓછો કરી કામના વધુ કલાકો મેળવી શકાય. આ બંદર નજીક નાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તો તેનો વધુ વિકાસ થાય એ અનુમાન વાસ્તવિકતામાં પરિણમ્યું નહિ.

ઘણા સમયથી અદાણી ગ્રૂપની નજર અહીં બંદર સ્થાપવા પર હતી. કચ્છ એક એવો જિલ્લો છે કે જ્યાં કાચા માલની વિપુલતા છે અને કોઇ પણ ધંધાને વિકસાવી શકાય તેવી સગવડતાઓ પણ પ્રાપ્ત થઇ રહે તેમ છે. શરૂઆતમાં સને ૧૯૯૨ના અરસામાં ૮૦ કરોડના ખર્ચે સંપુર્ણ નિકાસલક્ષી મીઠાનો પ્લાન નાખવાનું વિચાર્યુ હતું. પણ પછી તો તારીખ ૨૨-૯-૧૯૯૮ માં આખું બંદર જ તેમના હસ્તક આવી ગયું. નવીનાળ નજીક ૩૦૦ હેક્ટરમાં રૂપિયા ૩૩૫ કરોડના મૂડી રોકાણ સાથે કાર્યરત થયેલા અદાણી પોર્ટે કરેલી પ્રગતિએ તેને ભારતના મહત્ત્વના બંદરોમાં મહત્ત્વનું સ્થાન અપાવ્યું. તારીખ ૨૩-૧-૨૦૦૦ના રાષ્ટ્રને અર્પણ કરાયેલ આ બંદર અદ્યતન સુવિધાઓના કારણે મુંદ્રા શ્રેષ્ઠ બંદર બની ચુક્યું છે. સતત સજ્જ થતા રહીને સૌથી મોટું બંદર બનવાની ક્ષમતા સહજમાં પ્રાપ્ત કરીને સને ૨૦૦૬નો શ્રેષ્ઠ બંદરનો આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડ મેળવ્યો. બંદરે ઉપલબ્ધ સુવિધાઓના કારણે વિશ્વનું સૌથી મોટું જહાજ એમામાર્કસ જેનું વજન ૧,૭૦,૭૯૪ મે. ટન છે અને જેની લંબાઇ ૩૯૩ મીટર અને પહોળાઇ ૫૬.૪ મીટર છે તે સને ૨૦૦૬માં મુંદ્રાના અદાણી બંદરે લાંગર્યુ. એ પ્રસંગ ભારતના બંદરીય ઇતિહાસમાં સીમાચિહ્ન રૂપ બન્યું.

જી.એમ.બી.ના મુંદ્રા બંદરથી આગળ નીકળી જવાની હોડમાં અનેક સોપાનો સર કરતા રહીને અદાણી બંદરે ઘણી સારી પ્રગતિ કરી છે. એ હકીકત હોવા છતાં એ વાત ખટક્યા કરે છે કે અદાણી ગ્રૂપની આ હોડ તંદુરસ્ત નહોતી. એમના બંદરને પ્રગતિમય બનાવવામાં નીતિમત્તાના ધોરણોને ઘસારો પહોંચ્યો છે. ૧૫-૪-૧૯૯૭ના આદેશથી અદાણી પોર્ટ લિ. ૩૦૦ એકર જમીન ફાળવવામાં આવેલ. તેમાં મુંદ્રાની દીવાદાંડી વિસ્તારવાળી જમીનનો સમાવેશ થતો નહોતો. છતાં એ વિસ્તારની જમીનનું પણ દબાણ કર્યું અને દીવાદાંડી પણ તોડી પાડી. ઉહાપોહ થયો ત્યારે પોતાના ખર્ચે નવી દીવાદાંડી બનાવશે તેવી સ્પષ્ટતા કરી. આ ખાનગી બંદરના કન્ટેઇનર ટર્મિનલ પાસે ૨૦૦૦-૦૧માં જે ડ્રેજિંગ કરવામાં આવ્યું તેનું પાણી જી.એમ.બી.ના મુંદ્રા બંદરની ક્રીકની આસપાસ છોડવામાં આવ્યું. પાણીની સાથે રેતીનો અતિ વિશાળ જથ્થો પણ ક્રીકમાં ઠલવાતાં ક્રીકનું પુરાણ થયું. આનું પ્રકરણ ચાલ્યું પણ કાંઇ જ થયું નહિ. સુનામીની કુદરતી આફત વખતે જીવમાત્ર માટે ઢાલ બનીને રક્ષણ કરનારા ચેરના કુદરત બક્ષ્યા કરોડો મીટરમાં વિસ્તરેલા જંગલોનો અદાણી ગ્રૂપે નાશ કર્યો અને હજી બંદરીય નાળોમાં ફેલાયેલા કુદરતી સંપત્તિ સમા ચેરના આ જંગલોમાંથી ૧.૮૬ કરોડ ચોરસ મીટરના વિસ્તારમાં વિસ્તરેલા ચેરના જંગલોનો ક્રમશઃ નાશ કરાતો રહ્યો છે. લાગતા વળગતા સાથે સાંઠગાંઠ કરીને કરોડોની જમીનના કૌભાંડો આચરાયા છે. જનસેવાના બહાને ભુજમાંની જી.કે. જનરલ હોસ્પિટલની વાત હોય કે શિક્ષણ જગતને ઉપયોગી થવાની વાત હોય, અદાણી ગ્રૂપ વિકાસ અને સેવાના નામે તેને અંકે કરીને કમાણીનું સાધન બનાવી દીધું. વિશ્વના કુબેરપતિઓમાં અવલ સ્થાન પામવા માટેની આ દોડમાં નીતિમત્તાના ધોરણોને પડખે મૂકીને વિકાસ સાધવો એ 'મહાજન'નો ધર્મ નથી. અદાણી ગ્રૂપ 'મહાજન'નો મર્મ સમજીને કુબેરપતિઓમાં અવલ સ્થાન પામે તો તે દેશ માટે ગૌરવની વાત હશે.

મુંદ્રાના જૂના બંદરની ગઇકાલ ઉજ્જવળ હતી પણ અદાણી બંદર અસ્તિત્વમાં આવતાં તેનાં વળતા પાણી થયા. આ બંદરેથી તારીખ ૩૦-૩-૨૦૦૦ થી મુંદ્રાથી-જામનગરની ફેરી સર્વિસ શરૂ થઇ હતી તેનો પણ થોડા જ સમયમાં અંત આવ્યો. અત્યારે તો આ બંદરનું ભાવિ અંધકારમય ભાસે છે. જ્યારે આગળ વધવાની દોડમાં અદાણી પોર્ટની હરણફાળ તેના ઝળહળતા ભાવિનો સંકેત કરે છે.

*સમયસરનું મૌન શક્તિશાળી વક્તવ્ય કરતા પણ વધુ અસરકારક છે.*

● **જખૌ :**

ભુજથી ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલી ગોડિયા નામની ખાડી ઉપર જખૌ નામનું એક નાનું બંદર છે. કાંપના ભરાવાથી જૂનું બંદર બંધ પડી જતાં સ્વતંત્રતા પછી ગોડિયા ખાડીના અંદરના ભાગમાં ૧૩ કિ.મી. દૂર નવું બંદર બંધાયેલ છે. આઠ કિ.મી. દૂર એની લંગરગાહ પાસે નવ મીટર ઊંડું પાણી મળે છે. મસ્કત, મુંબઇ, દમણ સાથે તેનો વેપાર ચાલે છે. રાજ્યના ધોરીમાર્ગ દ્વારા ભુજ સાથે અને કોસ્ટલ હાઇવે દ્વારા તે કંઠારના સ્થળો સાથે લખપત સુધી જોડાયેલ છે. અહીં મીઠાનું એક કારખાનું છે. અગાઉ આ બંદરેથી ૪૦ થી ૫૦ હજાર ટન મીઠું છેક દક્ષિણ સુધી નિકાસ થતું હતું. સને ૧૯૬૩-૬૪માં ૮૩૯૮૯ ટન માલની આયાત-નિકાસ થયેલી પણ તે પછી મીઠાની નિકાસમાં ઓટ આવતાં ૧૯૮૨-૮૩ માં આ આંક માત્ર ૫૦૧૨ ટન પર આવી ગયો. આયાતનું પ્રમાણ ઘણું ઓછું છે. સ્ટીમરો દૂર ઊભી રહે છે અને ત્યાંથી માલની આપ-લે થાય છે. અબડાસા, લખપત અને ભુજ તાલુકો તેના પીઠ પ્રદેશ ગણાય છે. અહીં બંદરીય સુવિધાઓની કમી છતાં મીઠાના નિકાસ દ્વારા આ બંદર વિદેશી હૂંડિયામણ સારા પ્રમાણમાં રળી આપે છે. ઊંચી જાતની માછલીઓના ઉત્પાદનના કારણે આ બંદર રાજ્યનું સૌથી શ્રેષ્ઠ માછલી બંદર બન્યું છે. અહીંથી વિવિધ પ્રકારની માછલીઓ એકઠી કરવા માટે ગુજરાતના સાગરકાંઠાના અંદાજે દશ હજાર જેટલા માછીમારો આઠ મહિના જેટલા લાંબા ગાળા માટે અહીં પડાવ નાખે છે. પણ ખરી દરિયાઇ સીમાની અસ્પષ્ટતાના કારણે પાકિસ્તાની નૌકાદળ તથા ચાંચિયાઓ અહીંના માછીમારોને તેમની હોડીઓ સહિત ઘર આંગણેથી જ અપહરણ કરી જાય છે. આવા અપહૃત માછીમારો પછી પાકિસ્તાનની જેલમાં વર્ષો સુધી અસહ્ય ત્રાસ વેઠે છે. અપહરણના બનાવોને રોકી શકાય તો આ બંદર ગુજરાત કક્ષાએ માછીમારીનું મોટું બંદર થવાની ક્ષમતા ધરાવે છે. જખૌનું જૂનું બંદર પ્રાચીન કાળે ઘણું જ જાણીતું હતું. રાજાશાહીના સમયમાં આ ગામ તથા તેના બંદરનું મહત્ત્વ હતું અહીંના પ્રાચીન કબ્રસ્તાન પરથી આ સ્થળની પ્રાચીનતાનો ખ્યાલ આવી શકે છે.

● **મહાબંદર કંડલા :**

આઝાદી પછી ભારત સરકારે વહાણવટા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું અને ભારતીય વહાણવટાને અવનત દિશામાંથી ઊંચે લાવવાના પ્રયાસો આદર્યા. ૧૯૪૭માં રામસ્વામી ઐયરના અહેવાલને સ્વીકારીને એ પ્રમાણે પગલા લેવા માંડ્યા. ઇસ્ટર્ન શિપિંગ કોર્પોરેશન જેવી મજબૂત સંસ્થાની પણ સ્થાપના કરી. બંદરી સગવડોની દિશામાં પણ પગલાં લેવા માંડ્યા. મુંબઇ, કલકત્તા (કોલકત્તા), મદ્રાસ (ચેન્નાઇ), કોચીન અને વિશાખાપટ્ટનમને અદ્યતન બનાવવા માટે જોગવાઇ કરી.

સને ૧૯૩૦માં અસ્તિત્વમાં આવેલા કચ્છના કંડલા બંદરને મહાબંદર તરીકે વિકસાવવા માટે સને ૧૯૫૦માં નિર્ણય લેવાયો. તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૫૨ના ભારતના પંતપ્રધાન જવાહરલાલ નહેરુએ શિલાન્યાસ કર્યો. ૧૦ લાખ ટનથી વધુ માલ વહન કરતા બંદરને મહાબંદર કહેવાય છે. ગોકુલદાસ બાંભડાઇએ તેમની કચ્છની બૃહદ ભૂગોળ જે ૧૯૫૯માં પ્રસિદ્ધ થયેલ છે તેમાં કંડલા બંદરે સરેરાશ વાર્ષિક આયાત-નિકાસ ૧,૭૦,૦૦૦ ટનની જણાવી છે. ત્યાર પછી તો આ આંકડામાં સતત વધારો થતો રહ્યો છે. નીચે દર્શાવેલી વિગતો પરતી એનો ખ્યાલ આવી શકે છે.

આજના જૂના કંડલા બંદરનો પાયો કચ્છના મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાએ સને ૧૯૩૦માં નાખ્યો હતો પણ એને મહાબંદર બનાવવાનું સ્વપ્નું કચ્છના રાજવી મહારાઓશ્રી વિજયરાજજીનું હતું જે ભારત સ્વતંત્ર થયા પછી ભારત સરકારની શુભનિષ્ઠાથી સાકાર થયું. ૧૯૩૦માં જૂના કંડલા બંદરનો પાયો નખાયો ત્યારથી જ આ બંદરના વિકાસ માટેના પ્રયાસો ચાલુ રહ્યા હતા. સને ૧૯૩૧માં ૩૦૦ વાર લાંબી આર.સી.સી.ની જેટી બંધાઇ. રાજાશાહી સમયે કચ્છ ભારતના કસ્ટમ યુનિયનમાં જોડાયું ન હોવાથી તે સમયે આ બંદરનો જોઇએ તેવો વિકાસ થયો નહોતો. નૈઋત્યના મોસમી પવનથી સુરક્ષિત આ બંદરની ખાડીમાં ભરતી ન હોય ત્યારે પણ જેટી પાસે પાણીની ઊંડાઇ ૨૮ ફૂટ રહેતી હોવાથી અને ખાડીના તળિયે ખડકને બદલે સુંવાળો કાદવ હોવાથી સહી સલામત ગણાતા આ બંદરે દેશ વિદેશની ઘણી સ્ટીમરો આવવા લાગી હતી. ૧૯૪૦-૪૧માં અહીંથી ૩૪૬૯૯ ટન મીઠાની નિકાસ થઇ હતી.

મહારાવશ્રી વિજયરાજજીએ આ બંદરના વિકાસ માટેની તમામ શક્યતાઓ તપાસી અને અહેવાલ તૈયાર કરવાનું કામ સર વિલિયમ હેલક્રોવ એન્ડ પાર્ટનર્સ, લંડનને સોંપેલું. આ કંપનીએ આ બાબતની તપાસ કરી તેનો અહેવાલ તારીખ ૪-૮-૧૯૪૮ના એટલે કે કચ્છ રાજ્યનું વિલીનીકરણ થઇ ગયા પછી કચ્છના ચીફ કમિશનરને સુપરત કરેલ. તારીખ ૧૦-૧-૧૯૫૨ના ભારતના પંતપ્રધાન જવાહરલાલે શિલાન્યાસ કર્યા પછી ૧૯૫૨ના ઓક્ટોબરમાં ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે અને તે વખતના રેલવે પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ કંડલાનું ગુજરાત અને અન્ય ભાગો સાથે ડીસા દ્વારા જોડતી મીટરગેજ રેલવેનું ઉદ્‌ઘાટન કર્યું. તારીખ ૮-૪-૧૯૫૫ ના તે સમયના વાહન વ્યવહાર ખાતાના પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ તેલ જેટીના ઉદ્‌ઘાટન વખતે કંડલાને મુખ્ય બંદર તરીકે જાહેર કર્યું. તારીખ ૩-૩-૧૯૫૭ના ભારત સરકારના વાહન વ્યવહાર ખાતાના પ્રધાન જગજીવનરામે બે નવા ધક્કાનું ઉદ્‌ઘાટન કર્યું. તારીખ ૭-૩-૧૯૬૫ના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ આયાત નિકાસ જકાત મુક્ત ઝોન રચી કંડલાના વિકાસ માટે નવી તક ખુલ્લી કરી આપી. આ બંદરને સતત આધુનિક સુવિધાઓથી સજ્જ કરાતું રહેવાના કારણે આ મહાબંદર 'પોર્ટ ઓફ મિલેનિયમ' બનીને કચ્છના વિકાસમાં તો મહત્ત્વનો ભાગ ભજવ્યો જ છે પણ સાથે સાથે ભારતના અર્થતંત્રને સદ્ધર કરવામાં પણ મહત્ત્વનું પ્રદાન કરતું રહ્યું છે. આ બંદરના ભાવિ વિકાસ અંગે બંદરના સત્તાવાળાઓએ જે વિચાર્યું છે તે પ્રમાણે :-

(૧) કંડલાની બાજુમાં આવેલ તુણા, તુણા ટેકરા ક્ષેત્રનો વિકાસ પણ કંડલા મહાબંદરના એક અંતર્ગત ભાગ તરીકે ત્રણ વર્ષમાં પૂરું

*આત્મીયતાનો ભાવ કેળવો. બધા સંઘર્ષ ઉત્સવ બની જશે.*

કરવું.

(૨) રૂપિયા ૧૫૦ કરોડના અંદાજિત ખર્ચે કંડલા-તુણા અને તુણા ટેકરા સુધી રેલવે લાઇન નાખવી,

(૩) કંડલા બંદરે વધુ ચાર જેટીઓ બનાવવી.

(૪) વિકાસના આ કાર્યો થકી બંદરની વહન ક્ષમતા ૧૦૦ મિલિયન ટન સુધી પહોંચાડવી.

જાણકારોના માનવા પ્રમાણે ૩૦ બાર્જ સ્વરૂપની જેટીઓ નિર્માણ થઇ શકે તેમ છે. જો આ ક્ષમતા સિદ્ધ થાય તો કંડલા વિશ્વ કક્ષાનું અગ્રીમ બંદર બની શકશે.

કંડલા મહાબંદર બનાવવાના વિચારો મહારાવશ્રી વિજયરાજજીના હતા અને આઝાદી પછી દેશની પ્રગતિ માટે સતત મથનાર સરદાર વલ્લભભાઇ પટેલનું પણ એ સ્વપ્નું બન્યું. રાજકારણના રણાંગણમાં એ બે મહારથીઓના સ્વપ્ના રોળાઇ ન જાય તો આ બંદરની આવતીકાલ અતિ ઉજ્જવળ છે.

- **તુણા :**

કચ્છના વાગડ વિસ્તારની વેપાર વૃદ્ધિ માટે જમાદાર ફતેહમામદે સંવત ૧૮૫૯ એટલે કે સને ૧૮૦૨માં તુણા બંદરની સ્થાપના કરી હતી. તત્કાલીન રાજકીય પરિસ્થિતિના કારણે એનો ઝડપી વિકાસ શક્ય જ નહોતો. પરંતુ બંદર તરીકે તુણાની પસંદગી એ જમાદારની કચ્છને આર્થિક ક્ષેત્રે સદ્ધર કેમ કરી શકાય તે વિચારણાના ભાગરૂપે હતી. રાજકીય અશાંતિના વાતાવરણ વચ્ચે જમાદારને સતત યુદ્ધના મેદાનમાં જ રહેવાનું થયું તેથી તેની હયાતીમાં આ બંદરના વિકાસની આશા ફળી નહિ અને એની પાછળ એનો વારસ હુસેનમિયાં ન તો એટલો સબળ હતો કે ન તો એટલો દીર્ઘદષ્ટિવાળો. એટલે અંજારની સાથે તુણા પણ અંગ્રેજોના હાથમાં ગયું. તુણા જતાં કચ્છના માંડવી અને મુંદ્રા વધુ સક્રિય રહ્યા. તેથી તે સમયના અન્ય બંદરો ઘેટાં બકરાંના નિકાસ માટે, માછીમારી માટે કે મીઠાના નિકાસ માટે વપરાતા રહ્યા. પણ સ્વતંત્રતા પછી કંડલા મહાબંદર બનતાં કંડલાના વિકાસમાં તુણાની મહત્તા પ્રથમ વખત સમજાઇ. તેથી તુણાને કંડલાના સેટેલાઇટ તરીકે વિકસાવવાની યોજના હાથ પર લેવાઇ. કંડલાથી તુણા સુધી કાર્ગો બર્થની લાંબી પટ્ટી અને આજુબાજુની જમીનોની વિશાળ ઉપલબ્ધિ આ બંદરના ઝડપી વિકાસમાં ભૌગોલિક દૃષ્ટિએ એની વિકાસની ગતિને જાળવે તેવી હોતાં કંડલા પોર્ટે તેના વિકાસ માટેના કાર્યો શરૂ કર્યા. રૂપિયા ૨૦૮ લાખના ખર્ચે મુરીંગ અને બર્થીંગની વ્યવસ્થાવાળી ચાર જેટીઓનું નિર્માણ બાર મહિનામાં પૂરું કરવા નક્કી કરવામાં આવેલ પરંતુ સરકારી તંત્રમાં અટવાયેલ આ પ્રશ્ન હજી ત્યાંનો ત્યાં રહી જવા પામેલ છે. હાલે ફરી તારીખ ૨૦-૫-૨૦૧૧ના 'દિવ્ય ભાસ્કર'માં પ્રસિદ્ધ થયેલા અહેવાલો પ્રમાણે તુણા ટેકરાની ચાર જેટીઓ બનાવવાની મંજૂરી કેબિનેટ કમિટીએ હમણાં જ આપી છે! પર્યાવરણની મંજૂરી પણ જ્યારે મળે ત્યારે ખરી. આઝાદી પછી જીવંત થવાની રાહ જઇ રહેલ તુણા બંદર ખરેખર જ્યારે કામ કરતું થશે ત્યારે કંડલા બંદર તેના હરીફ બંદરો સામે ટક્કર લેવા માટે પૂરતું સજ્જ થઇ ગયું હશે.

- **અન્ય બંદરો :**

ભૂતકાળમાં જેની નામના હતી તેવા બંદરોમાં લખપત, વસ્તા બંદર, કોટેશ્વર, ભદ્રાવતી, કોટડી, કનકાવતી નદી પરનું સાંધાણ, જંગી અને વવાણિયા કચ્છના ગણનાપાત્ર બંદરો હતા. આમાંના કેટલાકના માત્ર નામ જ રહ્યા છે. હાલે જે કેટલાક જીવિત રહ્યા છે તેની વિગત જોઇએ તો, તેમાંનું કોટેશ્વર લિગ્નાઇટ પરિવહન માટે વિકસી શકવાની પૂરતી ક્ષમતા ધરાવે છે. ૧૫ થી ૧૮ ફૂટ પાણીની ઊંડાઇ ધરાવતું આ બંદર હાલે માછીમારીનું ફિશિંગ પોર્ટ બની ગયું છે.

મહારાવશ્રી લખપતજીએ સંવત ૧૮૦૮ના તેમના તામ્રપત્રમાં જેનો ઉલ્લેખ કર્યો છે એ લખપત બંદર સિંધ સાથેના વેપાર માટે મહત્ત્વનું બંદર હતું. ગુલામશાહ કલોરાએ કચ્છ તરફ વહેતી સિંધુ આડે બંધ બાંધતાં અને સને ૧૮૧૯ ધરતીકંપના કારણે ભૂ-રચનામાં ફેરફાર થતાં લખપતનાં વળતા પાણી થયા. લાખોની કમાણી કોડીનીય ન રહી. કોરીના જળ પણ લુપ્ત થયા અને તેમાં આ બંદર સાવ મૃતપ્રાય બનતાં સને ૧૯૬૩થી તો તે સત્તાવાર રીતે બંદર તરીકે ભૂંસાઇ ગયું.



*માંડવીના લોકોનો પ્રિય હોડિયો કોઠો (દીવાદાંડી) ભૂકંપમાં નુકસાન પામતા તોડી પડાયો.*

ભદ્રેશ્વરનું પ્રાચીન બંદર ભદ્રાવતી ખૂબ જ જાણીતું બંદર હતું. ત્યાંનો વેપાર અને વહાણવટું અતિ વિકાસને પામ્યાં હતાં, તેરમા સૈકામાં આ ભદ્રાવતીમાં જગડુશાહ નામે મોટો વેપારી થઇ ગયો. એ બહુ ધનવાન હતો. તેની અનેક પેઢીઓ દૂર દેશાવરમાં હતી. તેના વહાણો જગતનાં બંદરોમાં કિંમતી માલ લઇ આવજા કરતા હતા. રાસમાળા ભાગ ૨ નો ઉલ્લેખ કરીને શ્રી ભદ્રેશ્વર મહાતીર્થના કર્તા રતિલાલ દીપચંદ દેસાઇએ ભદ્રાવતી બંદર વિશે કહે છે કે, જગડુશાહના વખતમાં ભદ્રેશ્વર એ કચ્છનું મોટું બંદર હતું. ત્યાંના વ્યાપારીઓ ઘણા છેટેના દેશો સાથે વેપાર ચલાવતા હતા. ત્યાંનાં વહાણ સમુદ્ર કિનારાના દેશો ભણી જતાં હતાં અને તે દેશનાં વહાણ કચ્છ ભણી આવતાં હતાં. જગડુશાહ એક મોટો વેપારી હતો. તેના વહાણ પરદેશ જતાં હતાં અને મલેચ્છોની સાથે વેપાર કરીને તેમની પાસેથી પણ એણે ધન પ્રાપ્ત કર્યું હતું. અનુમાન છે કે દરિયો ખસી જતાં આ નગરી બંદર તરીકેની તેની આભા ગુમાવી બેઠી.

*થોડી સહનશીલતાને બદલે ગુસ્સો કરતાં કામ બગડે છે.*

અમદાવાદના સૂબા શેર બુલંદખાનની ભુજ પરની ચડાઇ વખતે મોરબીના ઠાકોર કાંયાજીના કુંવર અલિયોજી પોતાના પિતાની પડખે રહેવાને બદલે કચ્છના રાવ દેશળજીની મદદે આવ્યા હતા. આ યુદ્ધમાં કચ્છની જીત થયેલી. યુદ્ધ પૂરું થયા પછી અલિયાજીએ કચ્છના રાવ દેશળજી પાસે પોતાને અહીં રહેવા માટે આધોઇનો ટીંબો આપવા માંગણી કરેલ. તે પ્રમાણે આધોઇનો ટીંબો સંવત ૧૭૮૯માં આપવામાં આવેલ. ૧૭૯૦માં કાંયાજીનું અવસાન થતાં મોરબીની ગાદીએ અલિયોજી આવ્યા અલિયોજીએ આધોઇને તોરણ બાંધેલ તેથી મોરબીની રાજગાદી સંભાળ્યા પછી આધોઇની વસાહત પણ પોતા પાસે રાખેલ. આધોઇ ઉપરાંત કચ્છના કેટલાક ગામો પણ મોરબી રાજ્યે પોતા હસ્તક લઇ લીધા. તેમાં જંગી બંદર પણ હતું. આધોઇના લોકો હટાણું કરવા આ બંદરેથી આવ-જા કરતા હતા. કચ્છનો આધોઇ મહાલ તથા તે સાથેના જંગી વગેરે ગામો પાછા મેળવવા માટે કચ્છ અને મોરબી રાજ્ય વચ્ચે લાંબા સમય સુધી તકરાર ચાલેલી. તેનો આખરી ફેંસલો સને ૧૯૦૪માં આવેલ તેમાં કચ્છનો દાવો માન્ય રાખવામાં નહિ આવતાં તે ગામો મોરબી પાસે રહેવા પામ્યા હતા. ભારત સ્વતંત્ર થયા પછી અને દેશી રાજ્યોનું વિલીનીકરણ થતાં આધોઇ વગેરે ગામો ભૌગોલિક દષ્ટિએ કચ્છમાં આવતા હોવાથી કચ્છમાં સમાવેશ કરવામાં આવ્યા પછી જંગી બંદરના વિકાસ માટે રૂપિયા ૨૮૦૦૦ના ખર્ચે એક સડક તથા એક નાનો ફુડદો બાંધવામાં આવેલ હતો. આ બંદર ઉપર ૪૦ ટનના વહાણો અને સ્ટીમ લોંચો આવ-જા કરી શકે છે. આ બંદરેથી મીઠું તેમજ માછલાંની નિકાસ થાય છે. બંદરની ક્ષમતા પ્રમાણે તેનો વિકાસ કરવામાં આવે તથા જરૂરી સુવિધા આપવામાં આવે તો તેનો સારી રીતે વિકાસ થાય તેમ છે. પણ હાલે તો તેનું ભાવિ ધૂંધળું છે.

એક સમયે વવાણિયા બંદર પણ કચ્છ રાજ્ય હસ્તક હતું. તેનો વહીવટ અંજારથી થતો હતો. જંગીની જેમ આ બંદર માટે પણ કચ્છ અને મોરબી રાજ્ય વચ્ચે લાંબા સમય સુધી તકરાર ચાલેલ. પણ જંગીની જેમ તેનો કબજો પણ મોરબી હસ્તક રહ્યો. મોરબી રાજ્ય માટે આ બંદર કમાઉ હતું. આ બંદર મારફતે આખા સૌરાષ્ટ્રના બધા બંદરોની કુલ આવક રૂપિયા ૨૮,૪૨,૫૫૫ થતી હતી. તેમાંથી રૂપિયા ૩૮,૧૪૪ની રકમ મોરબી રાજ્યને મળતી હતી.

ખારીરોહરથી દરિયો ૬ ફૂટ દૂર છે. તેની જેટી ઇફકો નજીક આવેલ છે. આ બંદરનો ઉપયોગ મીઠાની નિકાસ માટે થતો હતો પણ હવે કંડલાના કારણે તથા તુણાને પણ તે સાથે જોડવાથી આવા નાના બંદરો માટે તેમનું સોનેરી ભૂતકાળ સ્વપ્નું બની ગયું છે. ખાનગીકરણના વાયરામાં આવા બંદરોમાં  કોઇ 'મહાજન' પ્રાણ ફૂંકવા તૈયાર થાય તો આવા ઓલવાઇ ગયેલા દીવડાઓ ફરીથી પ્રગટી શકે તેમ છે. તેમ થાય તો આવા નાના બંદરો પણ તેમના ભાવિને અજવાળી શકે તેમ છે.

આ સિવાયના અન્ય ઉલ્લેખિત બંદરો તેમનું અસ્તિત્વ ગુમાવી બેઠા હોઇ તેમના માટે કોઇ પ્રશ્ન રહેતો નથી.

*"હંસા", ૧૪, રેવન્યુ કોલોની, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૫૧૭૭૫*

# કચ્છી માલમોનો અસ્તિત્વ જંગ!

• હસમુખ અબોટી 'ચંદન' •



**શ્રી હસમુખ દયારામ અબોટી "ચંદન"**નો જન્મ કોઠારા (અબડાસા) મુકામે થયો. તેઓએ એમ.એ.બી.એડ. સુધીનું શિક્ષણ લીધા બાદ માંડવીમાં પ્રાથમિક શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે. તેઓએ ગદ્ય અને પદ્યનું સર્જન પણ કરેલ છે. અને જુદા જુદા સામયિકોમાં વિવિધ વિષયે લેખો લખ્યા છે. ૨૦૦૬થી "કચ્છમિત્ર"માં "દરિયાની વાટે વાટે" કોલમ નિયમિત પ્રકાશિત થાય છે.

આજના યુગની જેમ ભૂતકાળમાં મશીનવાળા વહાણો ન હતાં. માલમો માત્ર ને માત્ર પવન પર આધાર રાખી સઢના સહારે સાત સમુદ્રો પાર કરીને પેઢી દર પેઢી દરિયો ખેડતા. માલમો અને ભડાલા કોમ કચ્છી વહાણોને લઈ મલબાર કિનારાના બંદરોથી માંડી છેક રાતા સમુદ્ર, ઈરાની અખાત, મધ્ય પૂર્વ તથા આફ્રિકાના દેશો સુધી જતા. દૂર પૂર્વના સુવર્ણ ભૂમિ બલિ કલિમન્થન (બોર્નિયો), શુલવેસી (સેલબીસ), મુવાંગ્વાઈ (સિયામ), કમ્બોજ (કમ્બોડિયા), ચંપા (ઇન્ડોનેશિયા) સાથે સતત વેપારના લીધે આપણાં સંબંધો બંધાયા હતા. જયારે આફ્રિકાના કિનારાના બંદરો-સેકોત્રા પર્વતથી (શિખોતરથી) માંડી દારેસલામ, માલાગાસી (માડાગાસ્કર), મોરેશિયસ, શિશિલી (સિસલ), માલદીવ, સિંહલ દ્વીપથી લઈ આંદામાન-નિકોબાર વળી લક્ષદ્વીપ ટાપુઓ સુધી કચ્છના ખલાસીઓ અનેક યાતનાઓ ભોગવી દરિયો ખેડતા અને હજીયે ખેડે છે.

ઈતિહાસ ગવાહી પૂરે છે કે ફિરંગીઓને ભારત સુધીનો દરિયાઈ માર્ગ બતાવનાર કાનજી માલમ કચ્છ માંડવીનો હતો. માંડવીના બુઝુર્ગ ખારવા રામજી કરસન જેઠવાનું કહેવું છે - 'અમેરિકાની ધરતી પર પગ મૂકનાર ભલે અમેરિગો અથવા કોલંબસનું નામ ઈતિહાસના પાને ચડી ગયું છે પરંતુ વાસ્તવમાં તેઓથી પહેલાં પણ કચ્છ-સૌરાષ્ટ્રના ઘણા માલમો ત્યાં પહોંચી ગયા હતા એવું અમારા વડવાઓ કહેતા.'

રામસિંહ માલમ પણ એક ઐતિહાસિક વ્યક્તિ બની. તેણે પશ્ચિમના ઘણાં દેશોમાંથી કેટલીક હુન્નર વિદ્યા શીખીને ભુજમાં હુન્નરશાળા સ્થાપી. ભારતમાં હજુ ટેકનોલોજીનો વિકાસ થયો ન હતો એવા સમયે રામસિંહ માલમે કાચ, ઘડિયાળ, લોખંડ ગાળવાની ફાઉન્ડ્રી, તોપોનું કારખાનું, સોના-ચાંદી પર મીનાકારી જેવી વિદ્યાઓનો પ્રારંભ કર્યો હતો.

આજના જેવા વૈજ્ઞાનિક સાધનો ઉપલબ્ધ ન હતા ત્યારે માલમો પોતાના અનુભવના સહારે અને હૈયા ઉકલતથી વિશ્વના કોઇ પણ દરિયાઈ ખૂણે જઇ શકતા. આવી કુશળતાની નોંધ લઈને કવિ કારાણીને લખવું પડ્યું હશે-

*'કચ્છડો ખેલે ખલકમેં જીં મહાસાગર મેં મચ્છ,*
*જિતે હિકડો કચ્છી વસે ઉત ડીંઆડીં કચ્છ.'*

(કચ્છડો રમ્યા કરે પૃથ્વી પર, જેમ મહાસાગરમાં માછલી. જ્યાં એક પણ કચ્છી વસે ત્યાં સઘળું કચ્છ)

રણઘેલા રાજપૂતોમાંથી ઊતરી આવેલી જ્ઞાતિ એટલે ખારવા. ખારા પાણી પર વહન કરનારા એટલે ખારવા. કોઈકે સાચું જ કહ્યું છે કે, દરિયાની સાથે ખેલ કરવો સારો નહિ, જેમનું જીવન જ દરિયો છે એવા વહાણવટીઓના જીવન જાણવા-માણવા જેવા છે. વહાણ માલિકોનો વિશ્વાસ સંપાદન કરવામાં આ માલમો સફળ રહ્યા છે. 'વિશ્વાસે વહાણ ચાલે' ઉક્તિને ખરેખરી સફળ કરી દેખાડી છે.

દરિયો, માલમ અને ખારવણ કવિ-લેખકો માટે રસપ્રદ વિષય છે ઘણાંય કવિઓ તેના પ્રતીકો યોજી સાહિત્ય સર્જન કરતા આવ્યા છે.

પરંપરાગત અનુભવનું ભાથું એક માલમ પોતાના સઘળા કુટુંબને આપતો. આ ખારવાઓએ ભલે ઓછું અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલું હતું છતાંય સંપૂર્ણ દરિયાઈ જ્ઞાન ધરાવતા. શરૂઆતમાં 'પેટોડિયા' તરીકે રહી વહાણોમાં ચડી જતા અને એક સજ્જ નાખુદા બની બહાર આવતા.

માલમો પાસે નક્ષત્રો અને તારાઓની પરખ શક્તિ અજબ-ગજબની હતી. કેટલાક નક્ષત્ર અને તારાઓ જોઈ દિશા, સ્થાન અને ચોક્કસ સમય નક્કી કરી લેતા. વાયરાઓના પણ એવા જ નિષ્ણાત. કયો પવન કઈ દિશામાં વાય છે અને તેનાથી કેટલું નુકસાન થઈ શકે તેમ છે તે મુજબ સઢ ચડ-ઉતાર કરતા. ખારવા, વાઘેર તેમજ ભડાલાઓની દરિયાઈ ભાષા જેટલી ભિન્ન તેટલા જ તેના પારિભાષિક શબ્દો પણ વિશિષ્ટ ને જાણવા-સમજવા જેવાં. અક્ષાંશને અરજ, રેખાંશને તુલ, ક્ષિતિજને સીમ, વિષુવવૃત્તને ખત, ડિગ્રીને એટલે કે ૬૦ માઇલને દરજ્જો અને દરજ્જાના પાંચમા

*પુરુષનું સ્વપ્ન અને મહિલાનાં આંસુ વિશ્વમાં કશું પણ કરવા સક્ષમ છે.*

ભાગને જામ તરીકે ઓળખે છે. એક દરિયાઇ માઇલ એટલે ૧.૮૦ કિ.મી. થાય.

અક્ષાંશ મેળવવા વલંદાઓ 'સેકસ્ટન્ટ' ભારત લાવ્યા. આ અગાઉ આપણા માલમો 'ક્વાડ્રન્ટ'ની મદદથી આફ્રિકાના બંદરો સુધી પહોંચી જતા. ક્વાડ્રન્ટની મદદથી ધ્રુવ તારો અને દરિયાઇ સપાટીના ખૂણાનું માપ લઇ પોતાના વહાણનું સ્થાન દરિયામાં ક્યાં છે તે નિશ્ચિત કરતા. તેમની સાથેની ડાયરીમાં આ બધી વિગતો લખતા.

પોતાની જિંદગીના દાયકાઓ દરિયાલાલને સમર્પિત કરી દીધા હોય એવા દરિયાખેડૂઓની સત્યઘટનાઓ આધારિત સાહસ, હિંમત તેમજ ઔદાર્યની વાતો સાંભળવા મળે છે. દરિયામાં તોફાન, મહાકાય માછલીઓ કે મગરમચ્છ (ભાગુ), દરિયાઇ પર્વતો, ચાંચિયાઓ થકી પડતી મુશ્કેલી, અન્ય દેશોની જળસીમાની નજીક થતી હેરાનગતિ અને યુદ્ધો દરમિયાન પકડાઇ જઇ વિદેશોની જેલોમાં વર્ષો સુધી યુદ્ધ કેદીઓ બની વેઠેલી યાતનાઓની આંખે દેખી ઘટનાઓ પણ આપણે સાંભળી હશે, ખરું ને?

ઉપરોક્ત ઘટનાઓના સાક્ષીઓ કે ભોગ બનેલા લખપત-કોટેશ્વરથી લઇ છેક દક્ષિણ ગુજરાત સુધીના કાંઠે વસેલા ખારવા, ભડાલા, વાઘેર અને વહાણવટીઓ જેને 'મોટાભાઇ' તરીકે ઓળખે છે એવા વલસાડ બાજુના વહાણવટીઓના હૈયાની દાસ્તાન જાણવા મળશે. જાણે આ લોકો જ ન કહેતા હોય-

*'સાંયર લેર્યું થોડિયું મુંજે ઘટમેં ઘણેર્યું,*
*હિકડી પુગી તડ મથે તાં બઇયું ઉપડ્યું!'*

(દરિયાની લહેરો થોડીક છે, મારા ઘટમાં ઘણે છે, એક હજુ કિનારે પહોંચી નથી ત્યાં બીજી ઉપડે છે!) હા, આ લોકોના આંસુઓની સાથે-સાથે ઉન્મેષભરી આંખોમાં હર્ષ પણ છલોછલ છલકાય છે. સમુદ્રી સફર પૂરી થાય એટલે એક સાગરખેડુ બીજા સાગરખેડુને પોતાના અનુભવો, માલ અને વહાણ વિશે ચર્ચા કરતો માલૂમ પડે છે. ઘરે પગ મૂકતાની સાથે જ ખારવણ પોતાના પતિ માટે ગળ્યું રાંધી, મોં મીઠું કરાવવાની સાથે, ભગવાન પાસે આભાર માની રાજીપો વ્યક્ત કરે છે. પતિ-પત્નીમાં પ્રેમ ઊભરાય છે. પછીનો સમય એટલે ઉત્સવોમાં પરોવાઇ જવાનો વખત.

વહાણમાં કામ કરનાર સૌ માણસો સાહસિક હોય છે. શારીરિક રીતે મજબૂત પણ ખરા. તેમના ભાગે મહેનતવાળું કામ હોય છે.

લંગર નાખતી-ઉપાડતી વખતે, રસ્સાઓ ખેંચતી વખતે અને સઢ ચડાવતી-ઉતારતી વખતે 'હમ્બો' ગાતા સંભળાય છે. સફર દરમિયાન હસી, ખુશી, મજાક-મસ્તી સતત ચાલુ હોય છે. લાંબા સમયે ક્યારેક ઘર-વતન યાદ આવી જતાં, એકાદ ખૂણે અન્ય કોઇ જોઇ ન જાય તે રીતે બે-ત્રણ ઊના આંસુઓ પણ સારી પી જતા હોય છે. પરંતુ ખરી કસોટી તોફાન સમયે થાય છે. અનાજ-પાણીનો પુરવઠો જ્યાં ખૂટવાની અણી પર હોય, તોફાન ક્યાં સુધી ચાલશે એ નિશ્ચિત ન હોય અને સતત અશુભ વિચારો ઘુમરાયા કરતા હોય તે વખતે ખરેખર કુદરતનું સ્મરણ અંતિમ હોય છે. પરવર દિગાર એવા અલ્લા-શાહબુખારીપીર, હાજીપીર, સાંવલાપીર અથવા જગતજનની મા આશાપુરાનું નામ હોઠે આવી જતું હોય છે. કૂવાસ્તંભ પર લાગેલો ભગવો, સફેદ યા લીલા રંગના નેજાને પોતાની આબરૂ સાચવી લેવા આ માલમો ધૂપ-દીવા-અગરબત્તી કરતા હોય છે અને પછી લખાય છે સાહસની, બહાદુરીની અને ધીરજની કહાની! તેમાંય જે બચી ગયા તે બચી ગયા બાકીના દરિયાલાલને ખોળે કુરબાન!! (એવા ઘણા ઘરો છે જેમાં ચાર-ચાર કે પાંચ-પાંચ પેઢીઓને દરિયાદેવે પોતાના ખોળામાં સમાવી લીધી હોય!)

તોફાન સમયે હર કોઇ સાગરખેડુના મનમાં આ 'ગોસ' (ખેપ-સફર) પછી દરિયો ખેડવા નથી જવું એવા વિચારો આવતા હોય છે, પણ જેવું ભયંકર તોફાન શમી જાય, કે પેલાં નિરાશાવાદી વિચારો છૂ થઇ જાય. ફરી એ જ દરિયો અને એજ કામ! આમ ને આમ પેઢીઓની પેઢીઓ તેની મૂક સાક્ષી બની દરિયાના પાણીને લક્ષ્ય બનાવતી રહે છે.

છેલ્લા પચ્ચાસેક વર્ષ દરમિયાન માંડવી બંદરે પાંસઠ વહાણો કાર્યરત હતા. જેમાંથી માલતી, સુગારપાસા ઉર્ફે લોદો, હરિપ્રસાદ, કલાવતી, ફતેહસલામત ઉર્ફે ધ્રબુડી, માધવરાય, દરિયાદોલત ઉર્ફે ટાંકી, ધંગી, હૈદરી, ધનપ્રસાદ, ભારતી, સાગરતરંગ ઉર્ફે કટલેરી, રોશની, શ્રીદેવી, અનવરી અને અલબેલા નામક વહાણો સાગરના પેટાળમાં ગરક થઇ ગયાં. આ વહાણોમાંના લગભગ માણસો દરિયાલાલને ખોળે કાયમ માટે પોઢી ગયા. કચ્છના વહાણવટાના ઇતિહાસમાં તેઓ મઘમઘતા પુષ્પોની જેમ મહેકતા રહ્યા છે, કહો કે અવિસ્મરણીય રહ્યા છે.

*"ચંદન" હરિનગર-૧*
***ફોરેસ્ટ ઓફિસની સામે,***
***લિયા રોડ, માંડવી (કચ્છ) ૩૭૦૬૪૫***
***મો. : ૯૪૨૮૫ ૬૭૯૦૦***

## બા

બા ભણ્યા નહોતાં. વાંચતાંય ઘણી મોટી ઉંમરે શીખેલાં. પણ ભાષા પર બાનું અસાધારણ પ્રભુત્વ. મેઘાણીની પાત્રસૃષ્ટિનું કોઈ પાત્ર બોલતું હોય એવી બાની સ્વાભાવિક ભાષા હતી.

બાને વાંચતાં નહોતું આવડતું, પણ અમારી પાસે કશુંક ને કશુંક વંચાવ્યા કરે. બા સાંભળે, એના પર મનન પણ કરે, ને ફરી એની વાતો પોતાની રીતે કરે. એમાં જીવનના મર્મો પ્રગટ થતા રહે. બાની સ્મૃતિ બહુ તેજ.

અમારી આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી. પણ જે માંગવા આવે તેની સ્થિતિ તો કેવીય હશે, એવું વિચારીને બા આંગણે આવેલા માગણને ક્યારેય એમ ને એમ જવા ન દે. ભગવાને આપેલા રોટલામાં સૌનો ભાગ – એવા ભાવથી આપે. આમ પણ સામાન્ય વર્ગના લોકો સાથે બહુ વિવેકથી વર્તે. ''આપણામાં જેવો ભગવાન છે એવો જ એમનામાં છે,'' એવું અમને કહે પણ ખરાં. લગ્નપ્રસંગે ઢોલ વગાડવા આવતા ઢોલીઓમાંથી જે બાપુજીથી નાના હોય એમને અમારે કાકા કહેવાના અને મોટા હોય એમને બાપા. પરંપરાગત સંસ્કારોને કારણે હરિજનોને અડવા દે નહિ, પણ બાપુજીથી ઉંમરમાં મોટા હરિજનોની બા લાજ પણ કાઢતાં.

***– રતિલાલ બોરીસાગર***
***સાભાર : "નારીજીવનની વાચનયાત્રા"***

*''કરીશું'' આ નક્કી નથી, પણ ''મરીશું'' આ નિશ્ચિત છે.*

# અણપોંખાયલું, કચ્છનું પોરસીલું પત્રકારત્વ

• પ્રવીણચંદ્ર શાહ •

## આ લેખ 'કચ્છ પત્રકારત્વ' વિશેનો છે. કચ્છ પત્રકારત્વ એટલે શું?

'કચ્છ પત્રકારત્વ'ની સ્વીકારપ્રદ, તાર્કિક વ્યાખ્યા અને તેની અર્થચ્છાયાને સ્પષ્ટ રીતે સમજી લેવી ઉપયોગી પણ છે અને અનિવાર્ય પણ છે : કારણકે જેમ જેમ આપણે તેનો ઇતિહાસ, તવારીખ, પરંપરા અને સિલસિલાને વાંચતાં, જાણતા જઇશું, સરેરાશ અભ્યાસ કરતા જઇશું, થોડું ચિંતન કે મનન કરતા જઈશું, તેમ તેમ તેના ઊંડાણ, વ્યાપ અને સર્વગ્રાહીપણાના સીમાડા વિકસતા જતા હોવાનો અણધારેલો, વિસ્મયજનક અનુભવ થતો જવાનો છે.

કચ્છ પ્રદેશમાંના કે દેશ-વિદેશમાંના મૂળ કચ્છના, ગુજરાતી ભાષા વાંચતા વાંચકો માટેના વર્તમાનપત્રો કે સામયિકોનો સમાવેશ તો પહેલી નજરે જ 'કચ્છ પત્રકારત્વ'માં થાય જ. તે સાથે ગુજરાતીમાં કે ઇતર ભાષામાં લખતા મૂળ કચ્છના પત્રકારોનો પણ સમાવેશ થાય જ. સાથે સાથે ગુજરાતી વાંચનારા વાંચકો-કચ્છી હોય કે બિનકચ્છી હોય- એમને પણ કેન્દ્રમાં રાખીને પ્રકાશિત થતાં રહેલાં વર્તમાનપત્રો કે સામયિકો કચ્છમાંથી જ પ્રકાશિત થતાં રહ્યાં હોય એવું પણ નહીં. કોઇ પણ સ્થળેથી પ્રકાશિત થયા હોય. કચ્છના કચ્છી પત્રકારો દ્વારા યા બિનકચ્છી પત્રકારો દ્વારા પણ પ્રકાશિત થયા હોય. એમાંય ભાષાનું બંધન પણ નહીં. માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં, અંગ્રેજી, હિન્દી યા કોઇ પણ ઇતર ભાષામાં પણ પ્રકાશિત થયાં હોઇ શકે. આવા પત્રકારોએ માત્ર ગુજરાતી વાંચતા કચ્છી વાંચકો માટે જ એમના પત્રકારત્વનું ખેડાણ મર્યાદિત ન યે રાખ્યું હોય. વધુ મોટા, વિશાળ સમુદાયને કેન્દ્રમાં રાખીને પણ એમનું પત્રકારિક ખેડાણ કર્યુ હોય.

બહુ ટૂંકમાં, 'કચ્છ પત્રકારત્વ' એટલે કે કચ્છ કે કચ્છીઓના સમાવેશવાળું, કચ્છી કે બિનકચ્છીઓ દ્વારા, ભાષા કે પ્રકાશન-સ્થાનના બંધનો વગરનું ખેડાયલું પત્રકારત્વ એટલે : 'કચ્છ પત્રકારત્વ'.

આ વ્યાખ્યા અને અર્થચ્છાયાને સમજી-સ્વીકારી લેવાથી આ લેખમાંની હવે પછીની વિગતો અને તવારીખની રૂપરેખા સમજવાનું અને માણવાનું વધુ સરળ બનશે.

★

૨૦૧૧ના ઉપલબ્ધ આંકડા અનુસાર, તળ કચ્છમાં સ્થાનિકે વસનારાઓની સંખ્યા અંદાજે ૨૦ લાખ ગણાઇ છે. ૧૦ વર્ષ પહેલાં ૨૦૦૦-૨૦૦૧માં આ સંખ્યા ૧૫ લાખ આસપાસની ગણાયેલી. આમાંની બહુમતીની માતૃભાષા યા વસવાટ ભાષા 'કચ્છી' છે. કચ્છી ભાષા છે, પણ તેની મૂળ લિપિ લુપ્ત થઇ ચૂકી હોવાને કારણે, જો તે લખવામાં આવે તો ગુજરાતી લિપિમાં લખાય છે. આ રીતે લખાયેલી કચ્છી ભાષામાં, કચ્છી વાચકોને કેન્દ્રમાં રાખીને કચ્છી ભાષામાં સામયિકો પ્રકાશિત થયેલા છે અને થાય છે.

સ્થાનિક કચ્છમાંની વીસેક લાખ કચ્છીઓની આબાદી ઉપરાંત કચ્છ પ્રદેશની બહાર સૌરાષ્ટ્રમાં, તળ ગુજરાતમાં, મહારાષ્ટ્રમાં, મધ્ય પ્રદેશમાં, પશ્ચિમ બંગાળમાં, ઓરિસ્સા અને આસામમાં, રાજસ્થાન, બિહાર, પંજાબ, દિલ્હી વગેરે પ્રદેશોમાં પણ કચ્છીઓ સ્થાયી થયેલા છે. આ ઉપરાંત વિદેશોમાં પૂર્વ અને દક્ષિણ આફ્રિકામાં ઑમાન, બેહરીન જેવા મધ્યપૂર્વના દેશોમાં, મોરેશિયસ, ફિજી, શેશિલ્સમાં, થાઇલેન્ડ, બ્રિટન સહિતના યુરોપ અને અમેરિકામાં પણ કચ્છી વસાહતીઓ પથરાયેલા છે. આ બધા વસાહતીઓની કોઇ સત્તાવાર ગણતરી થઇ નથી, પણ વજૂદપાત્ર અનુમાનિત સરવાળો પણ ૨૦થી ૨૫ લાખનો થાય એવું ધારવામાં આવે છે. આ બધા કચ્છીઓની બહુમતી મુખ્યત્વે ગુજરાતી ભાષાનો વાંચવા-લખવા-બોલવામાં ઉપયોગ કરે છે. સાથે સાથે જે જે પ્રદેશ-દેશ-વિદેશમાં કાયમી વસાહતી બનેલા છે ત્યાં, ત્યાંની સ્થાનિક મુખ્ય ભાષાનો બોલવામાં ઉપયોગ કરે છે. આમ, કચ્છ બહાર વસતા કચ્છીઓ બહુભાષિક મહાવરાવાળા છે.

'કચ્છ પત્રકારત્વ'ની વ્યાખ્યા અને અર્થચ્છાયામાં સમાયેલાં વર્તમાનપત્રો/સામયિકો મુખ્યત્વે ગુજરાતી ભાષિક જ રહ્યા છે. પણ મૂળ કચ્છના આગલા પત્રકારો, આઝાદી મળ્યાથી આઠ-નવ દાયકા પહેલાંના કે દરમ્યાનના કચ્છ બહાર પણ સ્થાયી થયેલા.

એક મૂળ કચ્છી-ગુજરાતી નામ સમગ્ર ભારતીય પત્રકારત્વની તવારીખમાં મોખરે ઝળહળે છે. એ હતા પરાક્રમી, સાહસિક, વ્યાપારી, દીર્ઘદૃષ્ટા પત્રકાર શ્રી દેવજી ભીમજી કચ્છ - નારાયણસરવાળા. સને ૧૮૨૯માં દેવજીનો જન્મ થયેલો. નારાયણસર, ગામડાં જેવાં પૌરાણિક બંદર યાત્રાધામ તરીકે જાણીતા પણ સાવ પાંખી વસતિવાળાં ગામની પાઠશાળામાં પ્રાથમિક અભ્યાસ મેળવી વખાના મારે એ ગરીબ કિશોરે આજીવિકાની શોધમાં ખૂંપવું પડ્યું. ૧૮૪૯માં નારાયણસર કોટેસરના દરિયાકાંઠેથી કોચીન તરફ હંકારનારા એક વેપારી માલ ભરેલા કોટીઆ વહાણમાં તેના વિધવા વૃદ્ધ માતાએ દેવજીને ચડાવી દીધો. કેરાલાના કોચીન ખાતે કોઇ ભલા વેપારીની

*પુરુષાર્થ જ સફળતા અપાવે.*

દુકાન અને ઓટલાના ઝાડુ કાઢવાના કામથી તેણે કારકિર્દીની શરૂઆત કરી. તેમના પરિશ્રમ અને ઉદ્યમીપણાની ગાથા તો લાંબી છે.

રફતે રફતે દેવજી ભીમજી કોચીન - કેરાલાનો બહુ મોટો પ્રતિષ્ઠિત, નીતિવાન સાહસિક વેપારી અને ઉદ્યોગપતિ બનતો ગયો. કચ્છી તાસીર અને ખુમારીથી ઠા.ભાટિયા દેવજી ભીમજીએ ઘણાં શ્રેષ્ઠ કામો કર્યા અને કરાવ્યાં. વેપાર ધંધા બહુ વિકસાવ્યા. નવા કારખાના નાખ્યા. ઉદ્યોગો સ્થાપ્યા. સને ૧૮૬૫માં કોચીન-કેરાલાનું સૌથી પ્રથમ 'કેરળ મિથ્રોમ' નામનું પ્રિન્ટિંગ પ્રેસ એમણે સ્થાપ્યું. સને ૧૮૮૧માં કેરાલાની મલયાલમ ભાષાનું સ્વતંત્ર અને નિર્ભિક સૌ પ્રથમ વર્તમાનપત્ર એમણે 'કેરળ મિથ્રમ' નામે જ આરંભી, ચલાવ્યું. પછી 'ધ વેસ્ટર્ન સ્ટાર' નામનું અંગ્રેજી વર્તમાનપત્ર અને તેના ઉપરાંત 'કેરળ કોકિલ' નામનું મરાઠી સામયિક પણ સ્થાપ્યા અને સફળતાપૂર્વક ચલાવ્યાં. સમાજસેવા માટે દેવજીની ભાવના ઘણી ઊંચી હતી. વિવિધ પ્રકારના મોટા વેપાર, પ્રિન્ટિંગ પ્રેસ, વર્તમાનપત્ર અને સામયિકોનું પ્રકાશન, વિવિધ ઉદ્યોગોના કારખાનાઓનું સંચાલન, સુવર્ણ-અલંકારોનો શોરૂમ ચલાવવાની સાથે સાથે એમણે વૈષ્ણવ હવેલી મંદિર પણ બંધાવ્યું. મધ્યમવર્ગી ગુજરાતી-કચ્છી પરિવારો માટે સાવ નામના નજીવા ભાડાંવાળી ચાલના મકાન કોચીનમાં બંધાવ્યાં. પોતાના વતન નારાયણસર-કોટેશ્વરમાં સંસ્કૃત પાઠશાળા સ્થાપી. સામાજિક સેવાના ઘણા બીજાં કામો કર્યા. તેની કદરનશિની રૂપે તે વખતના ત્રાવણકોર-કોચીન દેશી રાજ્યે એમને 'વીરશંખલા'નો ઇલકાબ પણ એનાયત કર્યો. એક સદી બાદ દેવજી ભીમજી પ્રેસ સેન્ટેનરી સેલિબ્રેશન કમિટી - કોચીન-કેરાલાના આશ્રયે એમની શતાબ્દી પણ ધામધૂમ અને માન મરતબાથી ઉજવાયેલી.

શ્રી દેવજી ભીમજીએ માત્ર કચ્છ કે કચ્છીઓને કેન્દ્રમાં રાખીને કોઇ અખબાર કે સામયિક ચલાવેલા નહીં, પણ 'કચ્છ પત્રકારત્વ'ના તેઓ નીતિવાન, સાહસિક, ઉદ્યોગ-પરાક્રમી, દીર્ઘદૃષ્ટા, સામાજિક કલ્યાણની આજીવન ધગશવાળા પત્રકારિક કોલંબસ પૂરવાર થયા હોવાને કારણે, 'કચ્છ પત્રકારત્વ'ના આદ્યપુરુષ તરીકે સ્વીકારાયેલા છે અને ચિરંજીવપણે રહેશે.

(વાંચકોને એક વિનંતી : અનેકાનેક પ્રયાસો કરતા રહેવા છતાં ભાટિયા ઠા. શ્રી દેવજી ભીમજીનો ફોટો આ લેખકને સાંપડી શક્યો નથી. આ લેખના વાંચકોમાંથી જો કોઇ પણ વાંચક ભાઇ-બહેન ઉપયોગી થઇ મદદ કરી શકે તેમ હોય તો આ સામયિકના મુખ્ય તંત્રીશ્રીનો સંપર્ક સાધવા હાર્દિક વિનંતી છે.)

★

૧૯૪૮ના જૂનની ૧લી તારીખ ૫-હેલાંના પાંચસો વર્ષોથી ૧૮ પેઢી-દર-પેઢીથી કચ્છ પ્રદેશ એક દેશી રિયાસતી રાજ્ય હતું. આ રિયાસતના જાડેજા વંશના ૧૮ રાજવીઓમાંના છેલ્લા ચારના નામો (સર્વ મહારાઓશ્રી) પ્રાગમલજી (બીજા), ખેંગારજી (ત્રીજા), વિજય રાજજી અને મદનસિંહજી હતા. આ રિયાસત અત્યંત જૂનવાણી, વહીવટી વિચાર શ્રેણીવાળી અને નરાતાળ રૈયત-શોષણખોર રહ્યા કરી હતી. છેક ૧૯૪૯માં - દેશ સ્વતંત્ર બની ચૂક્યા પછીના બે વર્ષ બાદ પણ, આઝાદ ભારતના ઉપ વડાપ્રધાન, ગૃહપ્રધાન અને દેશસેવક સરદાર વલ્લભભાઇ પટેલે લેખિત રીતે કહ્યું હતું કે "... અનેક સદીઓ પહેલાંનું, પુરાણી દુનિયાનું આ જગતમાં કોઇ સ્થળ જોવું હોય તો એ 'કચ્છ' છે. જ્યાં આધુનિક દુનિયાની કોઇ હવા લાગેલી નથી. જેમનું તેમ પડી રહ્યું છે..."

ભારતમાં યાને આગલાં હિન્દુસ્તાન-ઈન્ડિયામાં સૌથી પ્રથમ છાપખાનું, પ્રિન્ટિંગ પ્રેસ ઇ.સ. ૧૫૫૬માં ગોવામાં પોર્ટુગીઝોએ નાખેલું. એ પછીના બધા સૈકાઓ દરમ્યાન દેશના અનેક પ્રદેશોમાં પ્રિન્ટિંગ પ્રેસ-છાપખાના-નખાતાં રહ્યાં. તેમાં સુધારા-વધારા પણ થતા રહ્યા. વર્તમાનપત્રોના ઉદ્યોગક્ષેત્રનો ઝડપી વિકાસ અને ફેલાવો પણ થતો રહ્યો.

પણ કચ્છ રિયાસતને જાગૃત થવામાં પૂરા ૩૧૭ વર્ષ લાગી ગયેલાં. 'અનેક સદીઓ પહેલાંનું પુરાણી દુનિયાનું સ્થળ કચ્છ છે' - એમ કહેનાર સરદાર પટેલ સાવ સાચા જ હતા. દરબારી રાજ્ય કચ્છ, ૩૧૭ વર્ષો સુધી છાપખાનાની અદ્ભુત ઉપયોગિતા સમજવામાં આંધળું, બહેરું, મૂંગું અને લકવાગ્રસ્ત જ રહ્યું. ગોવામાં સૌથી પહેલું છાપખાનું નખાયા પછીના ૩૧૭ વર્ષો બાદ રાઓ પ્રાગમલજીના વહીવટના લગભગ છેડે, ઇ.સ. ૧૮૭૨-૭૩માં કચ્છ દરબારે પોતાનું દરબારી છાપખાનું કચ્છ - ભુજમાં બેસાડ્યું. તેમાંથી 'કચ્છ દરબારી જાહેર ખબર' નામનું કચ્છનું સૌ પ્રથમ પખવાડિક પ્રકાશિત કરવાનું શરૂ કર્યું. પછી સને ૧૮૭૭થી તેનું નામ બદલીને 'કચ્છ રાજ્ય પત્ર - KUTCH DARBARI GAZETTE' કરવામાં આવ્યું. આ રાજ્યાશ્રીત પખવાડિકમાં દરબારી હુકમો, ઠરાવો, નિર્ણયો કે વહીવટી સૂચનાઓ કે બાબતો જ મૂકાતી. રાજ-પરિવારના જન્મ-મરણ, વેવિશાળ કે લગ્નો સંબંધી કે તેવી બીજી બાબતો મૂકાતી રહેતી.

રૈયતના સુખ દુ:ખને સીધી રીતે સ્પર્શતી બાબતોનો તેમાં કોઇ ઉલ્લેખ કે સમાવેશ કરાતો નહીં. આ પખવાડિક પત્ર લગભગ એ જ ઘરેડમાં સને ૧૯૫૬ સુધી દરબારી અને સરકારી રાહે ચલાવાતું રહ્યું.

છેક ૧૯૪૮ સુધી, એટલે કે દેશમાં સૌથી પહેલું છાપખાનું (સને ૧૫૫૬) નખાયા પછીના ૩૯૨-૪૦૦ વર્ષો સુધી, ૧૯૪૮ સુધી કચ્છ રાજ્યમાં છાપખાનું નાખવા દેવાનો રૈયત ઉપરનો પ્રતિબંધ સતત કાયમ જ રહ્યા કર્યો હતો. રાઓ પ્રાગમલજી પછીના ત્રણ રાજાઓ-ખેંગારજી, વિજયરાજજી અને મદનસિંહજીએ પણ કચ્છમાં છાપખાનું નાખવા પરનો પ્રતિબંધ કડક રીતે રાખ્યા જ કરેલો. પરિણામે કચ્છમાં ન તો બીજું કોઇ છાપખાનું નખાયું : ન તો કોઇ વર્તમાનપત્ર કે સામયિક પ્રસિદ્ધ થઇ શક્યું. એટલે 'કચ્છ પત્રકારત્વ'નો પ્રારંભ 'કચ્છ દરબારી જાહેર ખબર'થી થયો ગણાય ખરો, પરંતુ સાચા, વાસ્તવિક અર્થમાં, પ્રજાકીય પત્રકારત્વ કચ્છમાંથી નહીં, પણ મુંબઇ શહેરમાંથી થયો કે જ્યાં સારી મોટી સંખ્યામાં રોજી-રોટી, ધંધા-વેપાર માટે કચ્છમાંથી હિજરત કરી આવેલા કચ્છીઓ

*પ્રતિભાનો અર્થ છે બુદ્ધિમાં નવી કૂંપણ ફૂટવી, નવી કલ્પના શોધ અને સ્ફૂર્તિ એ પ્રતિભાના લક્ષણ છે.*

વસતા હતા.

કચ્છ દરબારની હકૂમતવાળા પૂરા પ્રદેશમાં છાપખાનું નાખવા ઉપર જ જ્યાં નાકાબંધી હતી તો સમાચારપત્ર કે સામયિક પ્રકાશન તો કેમ જ થાય? પરંતુ મુંબઇ ઇલાકો બ્રિટિશ સરકારની હકૂમતમાં હતો. વિવિધ મુદતે બદલાતા રહેલા બ્રિટિશ ગવર્નરોમાંના મોટાભાગના વર્તમાનપત્રોની પ્રસિદ્ધિના ક્ષેત્રને વિકસાવવાના અભિગમવાળા રહ્યા હતા. મુંબઇમાંથી અનેક વર્તમાનપત્રો, દૈનિકો, સાપ્તાહિકો, પખવાડિકો, માસિકો, ત્રિમાસિકો કે વાર્ષિકો પ્રકાશિત કરાઇ રહ્યા હતા. આ આબોહવા કચ્છ પત્રકારત્વના પ્રારંભને પોષક હતી.

તે ઉપરાંત એક બીજો સામાજિક, સાંપ્રદાયિક, સુધારાનો માહોલ ચોતરફ ફેલાયેલો હતો. કચ્છના પ્રજાકીય પત્રકારત્વના મુંબઇ ખાતેના ગર્ભાધાન, પ્રસવ અને બાળઉછેરથી આગલાં ૨૫-૩૦ વર્ષો મુંબઇ સ્થિત ગુજરાતી-કચ્છીઓના સામાજિક ધાર્મિક, સાંપ્રદાયિક, શૈક્ષણિક, આર્થિક અને સર્વગ્રાહી વિકાસ સંબંધિત જબરદસ્ત ઊથલપાથલના વર્ષો હતાં. એ ત્રણેક દાયકાઓ, સને ૧૮૫૦-૧૮૮૦ ને ગુજરાતી, કાઠિયાવાડી અને કચ્છીઓના વૈચારિક ભૂકંપ અને સામાજિક ક્રાંતિના વર્ષો પણ કહી શકાય. આ ત્રીસેક વર્ષોવાળા અરસા દરમ્યાન સમાજ સુધારકો કપોળ વાણિયા કરસનદાસ મૂળજી, બ્રાહ્મણ નર્મદાશંકર લાલશંકર (કવિ નર્મદ), કચ્છી હાલાઇ ભાટિયા અને જૈન સમાજના આગેવાનો શેઠ લક્ષ્મીદાસ ખીમજી, શેઠ ગોકુલદાસ તેજપાલ, ડોક્ટર ભાઉદાજી વગેરે સહિતના (તે વખતની શરૂઆતની સામાજિક સુધારાની ઝુંબેશના લઘુમતી) સુધારકો અને તે વખતના વૈષ્ણવપંથી, ચારિત્ર્યભ્રષ્ટ, મહારાજાના (તે વખતના બહુમતી) અનુયાયીઓ વચ્ચેના ખૂંખાર સંઘર્ષના વર્ષો હતા. આ સંઘર્ષ દરમ્યાન વિદેશગમન અંગેની, શાસ્ત્રાર્થો અંગેની, વિધવા પુનર્લગ્ન અંગેની, જ્ઞાતિ બહાર મૂકવા અંગેની, સ્વદેશાભિમાનની, જવાબદાર રાજતંત્રની, વ્યાપક રાષ્ટ્રીય ભાવના અને બ્રિટિશ સરકારની કે દેશી રજવાડાના રાજવીઓની ફરજો, આ બધા માટે સુસજ્જ હથિયાર તરીકે અખબારી શક્તિના ઉપયોગ વગેરેની ઝુંબેશો હતી. આ સંઘર્ષ દરમ્યાન ઐતિહાસિક મહારાજ લાયબલ કેસ, 'ભાટિયા કોન્સ્પિરસી કેસ' વગેરે વાળી અનન્ય સામાજિક ક્રાંતિ સર્જાઇ હતી અને આખરે તેના દૂરગામી પરિણામો સમાજ-સુધારક સ્વદેશાભિમાનીઓની તરફેણમાં આવ્યાં હતાં.

આ ઐતિહાસિક સામાજિક, સાંપ્રદાયિક રાજકીય સુધારામતવાદી પ્રગતિશીલ યુગ-બદલાવના સંસ્કાર-સિંચન હેઠળ મુંબઇ સ્થિત કચ્છ પત્રકારત્વના ગર્ભાધાન, પ્રસવ અને શૈશવ-ઉછેર પર અમીટ પ્રભાવ પડ્યો હતો. આની અસર ૭૫-૮૦ વર્ષો સુધી કચ્છના પ્રજાકીય પત્રકારત્વ પર, લગભગ ઇ.સ. ૧૯૫૦ સુધી સરોસર રહ્યા કરી હતી.

★

સમય અને સ્થળ સંકોચની મર્યાદાને ધ્યાનમાં રાખીને સને ૧૮૮૦-૯૦ના ગાળાથી થયેલા કચ્છ પત્રકારત્વના પ્રજાકીય પ્રારંભ અને તેના મુખ્ય સીમાચિહ્નો સમાન વર્તમાનપત્રો, સામાજિક, સાહિત્યિક, જ્ઞાતિપત્રો કે સંસ્કારપત્રોની ટૂંકી, ઝડપી માહિતી આ નીચે નોંધી છે. સને ૧૯૫૦, સ્વાતંત્ર્ય-સિદ્ધિ પછીના છએક દાયકાઓની તવારીખ વિસ્તૃત અને ભારે વિવાદાસ્પદ બનવાની ભીતિને કારણે આ લેખમાં સમાવી નથી.

પ્રકાશન સ્થળ મુંબઇ, લઘુપત્રો કે સાપ્તાહિકો, માસિકો, પ્રકાશન વર્ષો, તંત્રી કે પ્રકાશકોની સંક્ષિપ્ત માહિતી :

સને ૧૮૮૫-૯૦ ની વચ્ચે : 'કચ્છી ભીમ', 'કચ્છી કાકો', 'કચ્છી ઢોલ', ૧૮૯૧ થી ૧૯૦૦ વચ્ચે : 'કચ્છ સમાચાર' સાપ્તાહિક : તંત્રી : દયારામ દેપાડા (મૂળ માંડવીના, વ્યવસાયે વકીલ ૧૮૯૬, 'કચ્છી' સાપ્તાહિક તંત્રી : ચત્રભુજ જગજીવન ભટ્ટ : માત્ર ત્રણ ચારેક અંકો નીકળ્યા તે દરમ્યાન છળ કરીને કચ્છના મહારાઓ ખેંગારજીએ કચ્છ બોલાવ્યા, સપડાવી, કેસ કરાવી, પોણા બે વર્ષની જેલમાં પૂરી દીધા. આ પહેલાં તેઓ કચ્છમાં હતા ત્યારે કચ્છ વહીવટનો ભ્રષ્ટાચાર જાહેરમાં મૂકવાની કસૂર માટે ૭ વર્ષની જેલમાં ગોંધી દેવાયલા. ૧૮૯૮ : 'કચ્છ કેસરી' તંત્રી શા રવજી, દેવપરવાળા ૧૮૯૯ : 'સરસ્વતી શૃંગાર', તંત્રી : જીવરામ અજરામર ગોર, સાહિત્યિક માસિક (જે અમદાવાદથી છપાતું)

સને ૧૯૦૧ થી ૧૯૨૦ : 'ગુલશન' તંત્રી-સંપાદક : હાજી મહમ્મદ અલારખ્યા શિવજી, સાહિત્યિક માસિક સને ૧૯૦૫ : 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' પાક્ષિક, ભાષા અંગ્રેજી : તંત્રી : શ્યામજી કૃષ્ણવર્મા, પ્રકાશન સ્થળ લંડન, બ્રિટન. ભારતમાં તેના પર પ્રતિબંધ ઝીંકાયલો.

મૂળ અબડાસા-જખૌના હીરજી ખીમજી કાયાણીએ એક આખો સળંગ લેખ લખ્યો જે ૧૯૦૩માં 'કચ્છાધિપતિ પ્રત્યે એક વિજ્ઞપ્તિ' નામથી પુસ્તકરૂપે પ્રગટ થયો. જેના કુલ્લે ૩૩૨ છપાયલાં પૃષ્ઠો હતાં. આ ગ્રંથ અમૂલ્ય છે.

સને ૧૯૧૬ : 'વીસમી સદી' માસિક, મુંબઇ : તંત્રી, સંપાદક, પ્રકાશક, માલિક : હાજી મહમ્મદ અલારખ્યા શિવજી. આ માસિકે સંપૂર્ણ ગુજરાતી સામયિકની દુનિયાની શિકલ ફેરવી નાખી. હાજી મહમ્મદ આર્થિક રીતે સંપૂર્ણ ખૂંવાર થઇ ગયા કલમી 'શહીદ' થયા અને ગુજરાતી સામયિક ક્ષેત્રના 'આદ્યપિતા' ગણાયા.

સને ૧૯૧૭ : 'ભાટિયા યુવક કલાપિ', મુંબઇ, તંત્રી : ડુંગરશી હરિદાસ ગઢાઇ. ૧૯૧૮ 'શ્રી કચ્છી જૈન મિત્ર', તંત્રી ત્રિપુટી : દામજી ત્રિકમજી શાહ, જેઠાભાઇ દેવજી નાગડા, લાલજી હીરજી શાહ. આ બન્ને માસિકો સામાજિક-જ્ઞાતિ-પત્રો, મુંબઇથી પ્રકાશન પામેલાં.

૧૯૨૦ : 'સ્વદેશ' માસિક, મુંબઇ, તંત્રી-પ્રકાશક 'બી એન મહીશરી' અત્યંત માહિતી ભરપૂર સામાજિક, ઐતિહાસિક અનોખું સામયિક, જેના દળદાર દીપોત્સવી અંકો આજે પણ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતના સંદર્ભ સાહિત્ય તરીકે પ્રતિષ્ઠાપૂર્વક ગણનામાં લેવાય છે. 'કચ્છી પ્રજાકીય પત્રિકા' અને

*વીતેલો સમય ક્યારેય પાછો આવતો નથી.*

'કચ્છ સુદર્શન', બન્નેના તંત્રી, પ્રકાશક ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, 'સમર્પણ' કાંતિપ્રસાદ અંતાણી, 'તરુણ કચ્છ', તંત્રી, દુર્ગાશંકર ભટ્ટ.

સને ૧૯૨૧-૧૯૩૦ : 'કચ્છી' તંત્રી-પ્રકાશક : કલ્યાણજી લાલજી વ્યાસ, અત્યંત નોંધપાત્ર, વતન અને દેશપ્રેમથી છલછલતું સામયિક. ૧૯૩૧ : 'સત્યપ્રકાશ' ક.વી.ઓ. સમાજ માટેનું સાપ્તાહિક, મુંબઇ, તંત્રી-પ્રકાશક : કુંવરજી કેશવજી શાહ, આ સામયિક ૧૦ વર્ષ ચાલેલું. મુંબઇના ક.વી.ઓ. સમાજના તત્કાલીન અગ્રણીઓના દાવપેચના પરિણામે એમને જેલવાસ વેઠવો પડ્યો; ત્યારે એમના સાવ અર્ધશિક્ષિત, પત્રકારત્વથી અજાણ ધૈર્યવાન, વિરાંગના પત્નીએ સત્યપ્રકાશનું સંચાલન સંભાળેલું. સને ૧૯૨૭માં બેરિસ્ટર બિહારીલાલ નારાણજી અંતાણીએ પૂર્વ આફ્રિકાના ઝાંઝીબારથી ઝાંઝીબાર વૉઇસ લોકપ્રિય અને પ્રભાવશાળી બનાવેલું. આજ દાયકા દરમ્યાન, એ અરસાના ગુજરાતના પ્રતિભાવંત લેખક બની ચૂકેલા મૂળ કચ્છી નારાયણ વિશનજી ઠક્કરે 'ભારત જીવન' અને 'મુસાફર' સામયિકો પ્રકાશિત કરેલાં. 'તરુણ કચ્છ' નામનું સામયિક દુર્ગાશંકર ભટ્ટે પ્રકાશિત કરેલું. આજ અરસા દરમ્યાન માત્ર વિધવા મહિલાઓની યાતના કેન્દ્રિત સામયિક 'વિધવા' અને સાહિત્યિક, સાંસ્કારિક સામયિકો 'નૂતન યુગ' અને 'ચેતના' પણ પ્રકાશિત થયેલાં. ૧૯૨૯માં લાલજી મૂ. જોશીએ 'સલાહકાર' પ્રકાશિત કરેલું.

સને ૧૯૩૧થી ૧૯૪૮ દરમ્યાન '૩૧માં 'કચ્છ પ્રજામંડળ' પત્રિકા નીકળેલું. સને ૧૯૨૮થી કરીને ૧૯૫૦ વચ્ચેના વર્ષો દરમ્યાન કચ્છ પત્રકારત્વના ભડવીરોમાંના એક છગનલાલ ભવાનીશંકર મહેતાએ 'વતન' 'હિંદુજીવન' 'સતયુગ' વગેરે જુદા જુદા ટાઇટલોવાળાં છએક સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો અમદાવાદથી પ્રકાશિત કરેલાં. એમની તાલીમથી ફૂલશંકર પટ્ટણી પત્રકાર તરીકે તૈયાર થયેલા અને બાદમાં મુંબઇથી 'જય કચ્છ', 'જીએરા' અને બીજા નામોવાળાં પેપરો ધૈર્ય અને હિંમતપૂર્વક ચલાવેલાં. એમણે સ્થાપેલું 'જય કચ્છ' સાપ્તાહિક છેલ્લા ૭૫ વર્ષોથી, હવે ભુજ-કચ્છમાંથી પ્રકાશિત થાય છે. ૧૯૩૬-૩૭માં રસિકલાલ જોષીએ 'કચ્છ સંદેશ', કાઢેલું. એક કુંવરજી કેશવજી શાહે 'સરસ્વતી' સાહિત્યિક સામયિક ૧૯૪૦થી પ્રકાશિત કરેલું. ૧૯૩૮માં મુંબઇથી 'આઝાદ કચ્છ' આરંભાયેલું, જે કચ્છના પત્રકારોમાંના એક વધુ ભડવીર પ્રાણલાલ શાહે આરંભેલું. ઇન્વેસ્ટિગેટીવ જર્નાલિઝમ તરીકે ઓળખાતાં પત્રકારત્વની શરૂઆત કચ્છ અને કચ્છીઓમાં પ્રાણલાલ શાહે કરેલી. એમણે ૧૯૪૮-૪૯માં 'મિત્ર' અખબારને 'કચ્છ મિત્ર'માં ફેરવેલું. એમની પછીની કારકિર્દી દરમ્યાન 'આઝાદ કચ્છ', 'નૂતન કચ્છ' વગેરે નામોવાળાં અનેક અખબારો પ્રકાશિત કરેલાં. ૧૯૪૦માં નાગર યુવક મંડળ ભુજ 'અભિલાષ' સામયિક પ્રકાશિત કરાયેલું. ૧૯૪૦માં કુંવરજી કે. શાહે મુંબઇથી 'કચ્છ ટાઇમ્સ' પ્રકાશિત કરેલું. '૪૦માં ભુજના વિદ્યાર્થી અગ્રણી અંબરિષ મહેતાએ 'વિદ્યાર્થી' પ્રકાશિત કરેલું.

૧૯૪૧થી ૧૯૫૦ વચ્ચેના દાયકામાં ભુજના એક અખબાર નવેશ બંસીલાલ છાયાએ 'ધરતી' સામયિક પ્રકાશિત કરેલું, '૪૧માં છગનલાલ વોરાએ 'કચ્છધરા'નું પ્રકાશન આરંભેલું. 'કચ્છ' શબ્દ, કચ્છ-કેન્દ્રિત પત્રકારત્વમાં, કચ્છ માટેનાં અખબારોમાં, સામયિકોમાં વધુ પસંદગીપાત્ર રહ્યા કર્યો છે.

પ્રજાકીય કચ્છ પત્રકારત્વ આરંભાયું ઇ.સ. ૧૮૮૦ આસપાસથી, તે પછીના ૬૭ થી ૭૦ વર્ષો સુધી, એટલે કે ૧૯૪૮ના જૂનની પહેલી તારીખે જ્યારે દેશી રિયાસત કચ્છ દરબારી રાજ્યનું વિલીનીકરણ થયું છેક ત્યાં સુધી, સાત સાત દાયકાઓ સુધી દેશી રિયાસતી કચ્છની રાજાશાહીએ હંમેશાં પ્રજાકીય પત્રો તરફ તિરસ્કાર ભરપૂર ઝુલમી વરતાવ જ રાખ્યા કર્યો હતો. અનેકાનેક - લગભગ વીસેક વર્તમાનપત્રો પર કચ્છમાં પ્રવેશ કરવા પર, પ્રતિબંધો ઝીંકાતા રહ્યા હતા. અનેક કચ્છી પત્રકારોને કચ્છ રાજ્ય દ્વારા ધમરોળી, ખેદાન-મેદાન કરાતા રહ્યા હતા. જેલમાં પૂરી દઇ તેમને બધી રીતે કચડી-ભાંગી નખાયા હતા. આવા શારીરિક, વ્યક્તિગત, આર્થિક, સામાજિક દમન, જુલમ અને વિનાશની હોળીના બલિ બનવામાં કચ્છી પત્રકારોએ ક્યારેય કોઇ પાછી પાની કરી નહોતી. સદાય સ્વાભિમાન, સ્વદેશાભિમાન અને રાષ્ટ્રભક્તિના ધ્વજને લહેરાતો રાખ્યો હતો.

- છતાંય, કચ્છના પોરસીલાં પત્રકારત્વની કોઇ જ નોંધ ગુજરાતની કક્ષાએ કે રાષ્ટ્રની કક્ષાએ, ઊંડા અફસોસ સાથે નોંધવું પડે છે કે, ક્યાંય લેવાઇ નથી, લેવાતી નથી.

★

કચ્છ પત્રકારત્વે સવા સદીની મજલ પૂરી કરી છે. (આ લેખમાં તેના પ્રથમ ૭૦ વર્ષોની રૂપરેખા અપાઇ છે.) કચ્છ પત્રકારત્વે પ્રાદેશિક પત્રકારત્વની શાન જાળવી રાખી છે. તેનું ખેડાણ એકાંગી પણ રહ્યું નથી. રાજકીય, સામાજિક, સાહિત્યિક, સાંસ્કારિક- એવાં બધાં જ અંગો સતત ખેડાતાં રહ્યાં છે.

આમ છતાંય ગુજરાતમાં કે દેશમાં તેની સુયોગ્ય, આદરણીય નોંધ કેમ લેવામાં આવી નથી, આવતી નથી? ગુજરાતી ભાષામાં જ ખેડાયેલાં કચ્છ પત્રકારત્વે, સમગ્ર રીતે, ગુજરાતી પત્રકારત્વનો જ મહિમા વધાર્યો છે. છતાંય કેમ તેની પીઠ થાબડવામાં આવી નથી? છાતી ફાડીને ખેડાયલા કચ્છ પત્રકારત્વની જાણે ઉપેક્ષા જ કરાતી હોય તેવું કેમ અનુભવાય છે?

(૧) ૨૬મી જૂન, ૧૮૭૩થી આરંભાયેલા કચ્છ પત્રકારત્વને મે ૧૯૫૦ માં ૭૭ વર્ષો થઇ ચૂકેલાં. ભારત સરકારે ૧૯૫૧-૫૨માં નિયુક્ત કરેલા પ્રેસ-કમિશનના આશ્રયે 'હિસ્ટ્રી ઑફ પ્રેસ ઇન ઇન્ડિઆ' નામના, એસ. નટરાજન દ્વારા સંકલિત કરાયલા તોતિંગ ગ્રંથમાં, ભારતના મોટાભાગના ભાષાકીય પત્રકારત્વે, દેશના આઝાદી યજ્ઞમાં કરેલાં કિંમતી પ્રદાનની વિસ્તૃત તવારીખનો આ ગ્રંથમાં સમાવેશ છે પણ કચ્છ પત્રકારત્વનો તેમાં નામનો પણ ઉલ્લેખ નથી!

(૨) ડૉ. રતન માર્શલ લિખિત ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ નામનો ગ્રંથ ૧૯૫૦ના અરસામાં પ્રકાશિત થયો છે કે જ્યારે કચ્છ પત્રકારત્વે ૭૭ વર્ષો પૂરા કર્યા હતા. તળ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ગુજરાત બહારના પ્રદેશોમાં ખેડાયેલા ગુજરાતી પત્રકારત્વની વિસ્તૃત તવારીખ ડૉ. માર્શલના ગુજરાતી પુસ્તકમાં છે

*સદ્‌ભાવ, સહકાર શાંતિથી કામ લેનારો જ ફાવશે.*

પણ આખાય પુસ્તકમાં કચ્છ પત્રકારત્વની કોઇ વિગત નથી!

(૩) ડો. યાસીન દલાલે એમના પી.એચડી. માટેના મહાશોધ નિબંધ (થિસીસ) માટે સૌરાષ્ટ્રનો પત્રકારી ઇતિહાસ આલેખ્યો છે જે ૧૯૮૨-૮૩ આસપાસ અખબારનું અવલોકન નામે પુસ્તક સ્વરૂપે પ્રગટ થયો છે. ગુજરાતી પત્રકારત્વના વિકાસની તેમાં ઝાંખી છે અને સૌરાષ્ટ્રના પત્રકારત્વનું તેમાં ઊંડું, અભ્યાસ-સંશોધન છે. પણ કચ્છ પત્રકારત્વનો ઊડતો ઉલ્લેખ પણ નથી!

(૪) 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ભરાતા રહેલાં અધિવેશનોમાં ૧૯૨૦થી ૧૯૬૦ વચ્ચેના ચાલીસેક વર્ષો દરમ્યાન, બીજા સાહિત્ય પ્રકારોની જેમ, પત્રકારત્વ માટેના ખાસ વિભાગો રખાતા રહેલા. તેના અધ્યક્ષપદ ગુજરાતના નામી અગ્રણી પત્રકારોએ શોભાવેલા. તેઓના ઢગલાબંધ પૃષ્ઠ ભરપૂર ગુજરાતી પત્રકારો વિહંગાવલોકનોમાં ટિંબકટુ સુધીના પત્રકારત્વની નોંધો લેવાઇ છે. પણ કચ્છ પત્રકારત્વનું જ અસ્તિત્વ કોઇ મહાનુભાવોની આંખે ચડ્યું નથી!

(૫) ગુજરાત-સૌરાષ્ટ્રના ખમતીધર પત્રકારોની આત્મકથાઓ, સ્મૃતિગ્રંથો, સંસ્મરણો- વગેરે અનેકાનેક પ્રગટ થતાં રહ્યાં છે. આ બધામાં અમૃતલાલ શેઠ, શામળદાસ ગાંધી, ઝવેરચંદ મેઘાણી જેવા અનેક પરાક્રમી બળૂકાઓનો સમાવેશ છે. આ બધાને સૌરાષ્ટ્ર યાદ રહ્યું છે, તળ ગુજરાત અને બૃહદ્ ગુજરાત યાદ રહ્યાં છે. માત્ર કચ્છ પત્રકારત્વના મરજીવાઓનું કચ્છ પત્રકારત્વ કોઇનેય યાદ રહ્યું નથી! સ્વ. યજ્ઞેશ શુક્લ જેવા કસાયેલા પત્રકારોની 'અર્ધી સદીની અખબારી યાત્રા'માં કે માનનીય લેખક-પત્રકાર શ્રી વિષ્ણુ પંડ્યા જેવાની કસાયલી કલમે લખાયલી પત્રકારિક-શ્રેણીના વિવિધ પુસ્તકોમાં બીજું ઘણું ઘણું છે. માત્ર કચ્છ પત્રકારત્વનો ઉલ્લેખ સરખો નથી!

આમ કેમ બનતું રહ્યું હશે?

*નવરંગ જનરલ સ્ટોર્સ, ઓ.એન.જી.સી. કોલોની, પનવેલ, મુંબઇ-૪૧૦૨૨૧*
*ફોન : ૦૨૧૪૩-૨૨૦૦૮૦, મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫*

## કોણ દેશની વધારે સેવા કરી શકે?

સૈનિક, શિક્ષક, ડૉક્ટર, વૈજ્ઞાનિક અને રાજકારણી – દરેકે પોતાની રીતે દેશની શ્રેષ્ઠ સેવા કરવામાં પોતાનો ફાળો આપવાનો છે.

★ સૈનિકે દેશનું રક્ષણ કરવાનું છે અને પળેપળ જાગૃત રહેવાનું છે. જેથી એક અબજ લોકો શાંતિથી વિકાસનું કામ કરી શકે.

★ શિક્ષકે પ્રબુદ્ધ નાગરિકો અને ભાવિ નેતાઓનું સર્જન કરવાનું છે.

★ 'દુઃખી માનવજાતની પીડાને દૂર કરવામાં તમારા દિમાગનો ઉપયોગ કરો' – એ જ ડૉક્ટરોનું ધ્યેય હોવું જોઈએ.

★ વૈજ્ઞાનિકોએ વિકાસ મેળવવા માટે જે જરૂરી બાબતોની આવશ્યક્તા છે તે પૂરી પાડવી જોઈએ.

★ રાજકારણીઓને સમાજના બધા જ વિભાગોનાં કાર્યોને રાષ્ટ્રીય વિકાસના સમાન ધ્યેય તરફ સુગ્રથિત કરવા માર્ગદર્શન આપવું જોઈએ.

અને આ બધા માટે દરેક વ્યક્તિએ એક ઉત્તમ માનવ બનવું જરૂરી છે.

***– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ***
***સાભાર : "ભારતીય ચેતના"***

# કચ્છનાં ગામડાંનાં આરોગ્યના પ્રશ્નો

• લીલાધર માણેક ગડા •

ભારતનાં બે ત્રણ રાજ્યોને બાદ કરતાં લગભગ દરેક સ્થળે ગ્રામીણ આરોગ્યની સમસ્યાઓ સરખી છે. શહેરની ૩૦ થી ૩૫ ટકા વસતિ માટે આરોગ્ય અંદાજપત્રનાં (સરકારી અને અન્ય) ૮૦ ટકા જેટલી રકમ વપરાય છે જ્યારે ૭૦ ટકા ગ્રામીણ વસતિ માટે માત્ર ૨૦ ટકા રકમ વપરાય છે. આરોગ્ય સેવાઓ ગામડાં સુધી પહોંચાડવાનો વહીવટી અને અન્ય ખર્ચ પણ પ્રમાણમાં વધુ થાય છે. જેથી ગ્રામીણ વિસ્તારને લાભ ઓછો મળે છે. જેમ જેમ વસતિ પાંખી અને ગામડાંઓ વચ્ચેનું અંતર વધુ, તેમ તેમ સેવાઓ આપવાનાં ખર્ચમાં વધારો થાય છે.

આપણે જ્યારે કચ્છમાં ગ્રામીણ ક્ષેત્રે આરોગ્ય સેવાઓ અંગે વિચારીએ છીએ ત્યારે આ બાબતને લક્ષ્યમાં લેવી જોઇએ. **ખેડા અથવા આણંદ જિલ્લાનાં ગામડાંમાં રહેતી વ્યક્તિને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો લાભ લેવા સરેરાશ પાંચ કિલોમીટરનો પ્રવાસ કરવો પડે છે જ્યારે કચ્છ જિલ્લાની વ્યક્તિને એજ સેવાઓ પ્રાપ્ત કરવા સરેરાશ ૨૦ કિ.મીટર પ્રવાસ કરવો પડે છે.** પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ દવાઓ અને જથ્થો નિશ્ચિત અને મર્યાદિત હોય છે. તેથી દરદીએ અમુક દવાઓ બહારથી ખરીદ કરવી પડે છે. જેને માટે તેને તાલુકા મથક અથવા ઉપલબ્ધ થાય તે સ્થળ સુધી જવું પડે છે. જે માટે સરેરાશ ૪૦ થી ૫૦ કિ.મી. મુસાફરી કરવી પડે છે. જે અન્ય જિલ્લાઓનાં દર્દીઓ માટે કદાચ ૧૫ કિ.મીટરથી વધારે નહીં હોય. આ બાબતોને ધ્યાનમાં લઇ આરોગ્ય સેવાઓ માટેનું બજેટ ફાળવવામાં નથી આવતું. બજેટની ફાળવણી માત્ર વસતિને લક્ષ્યમાં લઇ કરવામાં આવે છે.

ગ્રામીણ વિસ્તારનાં આરોગ્યની જરૂરિયાતને મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચી શકાય. રોજબરોજની સામાન્ય બીમારી, તાલુકા મથકે સારવાર થઇ શકે તેવી બીમારી, જિલ્લા મથકે સારવાર મળી શકે તે પ્રકારની બીમારી અને સારવાર માટે મેટ્રોપોલીટન કે મોટા શહેરોમાં જવું પડે તેવી બીમારી.

આ લેખનાં લેખકે ૧૯૭૩માં કચ્છમાં તબીબી રાહતક્ષેત્રે પદાર્પણ કર્યું ત્યારે કચ્છનાં ગ્રામીણ ક્ષેત્રે આરોગ્ય સેવાઓ બહુજ ઓછી હતી. ઘણાં ગામડાંઓમાં રોજબરોજની બીમારી માટે પરંપરાગત ડોશીમાંનું વૈદક હતું. વિશેષ તબીબી સેવાઓ માંડવી - ભુજ - ગાંધીધામ ત્રિકોણ વિસ્તારમાં ફેલાયેલી હતી અને આજે પણ ૪૦ વર્ષ પછી એ પરિસ્થિતિમાં ફરક પડ્યો નથી. અલબત્ત રાપર-નખત્રાણા-ભોજાય સ્થળોએ મર્યાદિત ફેકલ્ટીઓને આવરી લેતી સેવાઓ ઊભી થઇ છે. પરંતુ વિશેષ સેવાઓ આ ત્રિકોણ વિસ્તારથી બહાર માત્ર ભચાઉમાં ઊભી થઇ છે. એટલે કચ્છમાં મોટાભાગનાં ગ્રામીણ ક્ષેત્રોમાં હજી પણ પ્રાથમિક સારવારથી વિશેષ કશું થતું નથી.

જિલ્લા પંચાયત અને સરકાર ગામડાંઓને તબીબી સેવાઓ મળી રહે તે માટે કટીબદ્ધ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નેટવર્ક ઊભું કર્યું છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વિશેષ તબીબી સેવાઓ આપવા પ્રયત્નશીલ છે. પણ સૌથી મોટી મુશ્કેલી માનવીય સંશાધન (Human Resources)ની છે. ડૉક્ટરો, પેરા મેડિકલ સ્ટાફ, ટેક્નિશિયનો ઇત્યાદિની અછત સતત વર્તાય છે. જેને પરિણામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારોને અપેક્ષિત સેવાઓ પ્રદાન કરી શકતા નથી. આરોગ્ય અંગે જાગૃતિ કેળવવા અને પ્રિવેન્ટીવ કાર્ય થઇ શકે તે માટે નર્સ, આરોગ્ય કાર્યકર, આશા વર્કર જેવી કેડરો સરકારે ઊભી કરી છે. તેનાથી ચોક્કસપણે આરોગ્ય અંગે જાગૃતિ કેળવાઇ છે પરંતુ તે માટે જરૂરી સેવાઓ પ્રમાણમાં ઓછી મળે છે. દરેક ગ્રામ પંચાયતમાં આરોગ્ય સમિતિનું પ્રાવધાન છે જે સમિતિઓ બહુધા નિષ્ક્રિય છે. આ સમિતિઓનું સશક્તીકરણ થાય તથા તેમના અધિકારો અને ફરજો અંગેની જાણકારી અપાય તો આ સમિતિઓ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને એ કેન્દ્રો હેઠળ આવતા ગામડાંઓનાં દવાખાનાઓ અને મોબાઇલ દવાખાનાઓને વધારે કાર્યશીલ બનાવી શકાય.

આ અંગે કેરળનો દાખલો નોંધવા જેવો છે. કેરળનાં તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો લગભગ દરેક રીતે સુસજ્જ છે. ગ્રામ પંચાયતો પણ જાગૃત છે અને આરોગ્ય સેવાઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા મળે એ ગ્રામજનોનો અધિકાર છે તેવી જાગૃતિ કેરળમાં છે. કેરળનાં નાના ગામડાં સુધી સરકારી અને ખાનગી આરોગ્ય સેવાઓ વિસ્તરીત છે. તામિલનાડુ અને કર્ણાટકમાં અમુક જિલ્લાઓમાં પણ આ પરિસ્થિતિ છે. આ આદર્શ સ્થિતિ કચ્છમાં નજીકનાં ભવિષ્યમાં આવે તેવા સંકેતો નથી.

કચ્છમાં સેવાભાવી સંસ્થાઓ અને એન.જી.ઓ. દ્વારા આરોગ્ય શિબિરો અને મેડિકલ કેમ્પો દ્વારા કચ્છનાં ગ્રામ્ય વિસ્તારોને ઘણી આરોગ્ય સેવાઓ પ્રાપ્ત થાય છે. અમુક આરોગ્ય શિબિરો માત્ર નિદાન પૂરતી મર્યાદિત હોય છે, ઘણી શિબિરોને કારણે સેવાઓનું પુનરાવર્તન ડુપ્લિકેશન થાય છે. તેમ છતાં પણ એનાથી દર્દીઓને ચોક્કસ ફાયદો થાય છે. લગભગ સેવાઓ નિઃશુલ્ક હોય છે અથવા બહુ જ મામૂલી દરોએ આ સેવાઓ અપાય છે. સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવાનાં તમામ ક્ષેત્રે કચ્છમાં જે કાર્ય થાય છે તેટલું અન્યત્ર નથી થતું. પરિણામે સરકાર તરફથી અપાતી સેવાઓમાં જે ખોટ વર્તાય છે. તેની સંસ્થાઓ દ્વારા આપૂર્તિ થાય છે.

કચ્છનાં ગામડાંની આરોગ્ય વિશે ચર્ચા

*જે પોતે દુઃખી થાય પણ બીજાને કદી દુઃખી ના કરે તે મહાત્મા છે.*

કરીએ ત્યારે જે રોગો કચ્છમાં વ્યાપક છે તે અંગે અને તેની સારવાર માટેની કઇ સગવડો ઉપલબ્ધ છે તેની જાણકારી મેળવીએ. આંખનાં રોગો, મોતિયો, ઝામર, વેલ સામાન્ય છે. પરંતુ હવે તેમાં આંખના પડદાનાં રોગોમાં ડાયાબિટીસને કારણે રેટીનોપથી, પડદાનું ખસવું, મેક્યુલામાં ઘસારો, નસનું સૂકાઇ જવું ઇત્યાદિ. **કચ્છમાં ગરમી અને અપોષણને કારણે દેશનાં અન્ય વિસ્તારોમાં લોકોને આવતો મોતિયો અહીં પ્રમાણે વહેલી ઉંમરે આવે છે.** બાળ મોતિયાનું પ્રમાણ વધારે છે અને કોર્નિયાનું ઘસાઇ જવું, ફૂલું પડવું ઇત્યાદિ પણ વ્યાપક પ્રમાણમાં છે. ઝામરનું પ્રમાણ અહીં વધારે છે અને વેગીલા પવનથી ઊડતા રેતીનાં રજકણોને કારણે વેલનો રોગ પણ ઘણા દર્દીઓમાં જોવા મળે છે. આંખના નિષ્ણાત ડોક્ટરોની સંખ્યા ૨૦ જેટલી હશે પણ ભુજ-માંડવી-ગાંધીધામ ત્રિકોણની બહાર રાપર-ભચાઉ અને ભોજાયમાં આંખના રોગ માટે નિદાન-ઑપરેશનની સેવાઓ નિયમિત ધોરણે મળે છે જયારે આંખના પડદાનાં રોગનાં દર્દીઓ ગણનાપાત્ર હોવા છતાં આ માટે માત્ર વિઝિટિંગ ડૉક્ટર્સની સેવાઓ મળે છે. ગ્રામીણ ક્ષેત્રનો આંખના દરદીઓનાં, મોતીયા-ઝામર-વેલ ઇત્યાદિનાં ઑપરેશનો માટે નેત્રયજ્ઞો પર આધાર રાખવો પડે છે.

**કચ્છમાં પથરીનો રોગ વ્યાપક છે.** પીવાનાં પાણીમાં ધાતુ-ક્ષારનું પ્રમાણ વધે છે. અને ગામડાંનાં વિસ્તારોમાં એજ પેયજલ ઉપલબ્ધ છે એટલે ગામડાંમાં પથરીથી પીડાતા દર્દીઓની સંખ્યા ગણનાપાત્ર છે. નિદાન-ઑપરેશનની સુવિધાઓ માંડવી, ભુજ-ગાંધીધામમાં છે અને ત્યાં ખાનગી નર્સિંગ હોમમાં અમદાવાદ-રાજકોટથી આવતા યુરોલોજિસ્ટો દ્વારા કરવામાં આવે છે. ગામડાંમાં દર્દીને એ ખર્ચ પોષાતો નથી અને સમયસર ઑપરેશનને અભાવે કિડની ફેલ્યોર થઇ જાય છે. હમણાં બીદડા-ભચાઉ બે સ્થળોએ નિયમિત અંતરે યોજાતી શિબિરોમાં રાહતનાં દરે ઑપરેશનો થાય છે જે ગામડાંઓનાં દર્દીઓ માટે લાભદાયક છે. છેલ્લા દાયકામાં ડાયાલિસીસ માટે ભુજ-આદિપુર-ભચાઉ-માંડવી સ્થળોએ સુવિધાઓ ઊભી થઇ છે અને દરેક સ્થળે રાહતનાં દરે ડાયાલિસીસ થાય છે તે સારી વાત છે પણ ગામડાંનાં દર્દી માટે અઠવાડિયે બે થી ત્રણ વખત આ સેન્ટરો સુધી જવું પડે છે જે દર્દીને થકવી નાખે છે.

આપને જાણી આશ્ચર્ય થશે કે હૃદયનાં વાલ્વની બીમારીનાં વસતિનાં પ્રમાણમાં સૌથી વધારે દર્દીઓ કચ્છમાં છે અને તેની સંખ્યા ગામડાંમાં વધારે છે. બાળહૃદય રોગ (પીડિયાટ્રીક કાર્ડિયોલોજી)નું પ્રમાણ પણ કચ્છમાં વધારે છે. ૧૯૮૩ સુધી પ્રાથમિક નિદાન માટેની કોઇ સુવિધા કચ્છમાં ન હતી. બીદડામાં હૃદયરોગ નિદાન શિબિરોની શરૂઆત થઇ ત્યારથી પ્રાથમિક નિદાનની વ્યવસ્થા થઇ. પરંતુ ચોક્કસ નિદાન માટે કલર ડોપલર મશીન ભુજની લેવા પટેલ હોસ્પિટલમાં પાંચ વર્ષ અગાઉ આવ્યું છે. કચ્છમાં એકપણ હૃદય રોગ નિષ્ણાત કાર્ડિયોલોજિસ્ટ નથી. દરેક સ્થળે વિઝિટિંગ કાર્ડિયોલોજિસ્ટ અથવા શિબિરો વખતે એમની સેવાઓ મળે છે. કેથ-લેબ, એન્જિયોગ્રાફી ઑપરેશન માટે કચ્છ બહાર જવું પડે છે.

કચ્છમાં ન્યૂરો ફીઝિશિયન કે ન્યૂરો સર્જન નથી. આ સેવાઓ પણ વિઝિટિંગ ડૉક્ટરો કે શિબિરો વખતે મળે છે. **કચ્છનાં ગ્રામીણ વિસ્તારમાં ફીટ-વાઇનાં રોગથી પીડાતા દર્દીઓની સંખ્યા મોટી છે.**

બીદડા અને ભોજાયમાં નિયમિત અંતરે પ્રતિવર્ષ યોજાતી શિબિરોમાં દર વર્ષે એકસોથી વધારે નવા દર્દીઓ આવે છે અને નિયમિત લાભ લેતા દર્દીઓની સંખ્યા લગભગ છસ્સો જેટલી છે. ભારતમાં કોઇ પણ જિલ્લામાં ફીટ-વાઇ રોગની વ્યાપકતા આટલા પ્રમાણમાં નહીં હોય.

**તેવીજ પરિસ્થિતિ સ્ત્રી રોગથી પરેશાન બહેનોની છે.** ત્રિકોણથી બહાર સ્ત્રીરોગ નિષ્ણાતો ભચાઉ અને નખત્રાણામાં છે. ગર્ભાશયનાં રોગો ખાસ કરીને ગર્ભાશયનું બહાર આવવું, કેન્સર ફાઇબ્રોઇડ, ઑવરી ગાંઠ, ઇત્યાદિથી પીડાતી ગ્રામીણ બહેનોને પ્રાથમિક નિદાન માટે ભુજ-ગાંધીધામ-માંડવી સુધી જવું પડે છે. આર્થિક રીતે પોષાતું ન હોવાથી વર્ષોથી તેઓ આ રોગથી પીડાય છે. ભોજાયમાં નિયમિત અંતરે યોજાતી શિબિરો ગ્રામીણ બહેનો માટે આશીર્વાદ રૂપ નીવડે છે.

અહીં માત્ર ચારેક રોગો માટેની નોંધ લેવાઇ છે. એવા હજી ઘણા રોગો છે જેની નિદાન-સારવાર ઑપરેશનની સુવિધા કચ્છમાં નથી. જે માટે વિઝિટિંગ ડૉક્ટરો અથવા કેમ્પ પર આધાર રાખવો પડે છે. વિઝિટિંગ કન્સલ્ટન્ટો જે ડૉક્ટરો અથવા નર્સિંગ હોમમાં આવે છે. એમનો અગાઉ જણાવ્યું તેમ ભુજ-માંડવી-ગાંધીધામ ત્રિકોણ ક્ષેત્રમાં સમાવેશ થઇ જાય છે. એટલે કચ્છનાં લગભગ પોણા ભાગનાં ગ્રામ્ય વિસ્તારને માટે આ સગવડો મેળવવી સરળ નથી. કચ્છનાં રાપર અને અડધા ભચાઉ તાલુકાનાં ગામડાંઓ છેક પાટણ સુધી ઑપરેશનો માટે જાય છે. એ હકીકત છે કે ત્યાં સારવાર-ઑપરેશન કચ્છ કરતાં ઓછા ખર્ચે થાય છે અને પાટણનાં નર્સિંગ હોમનાં એજન્ટો નિયમિત રીતે રાપરનાં ગામડાંઓમાં પ્રેક્ટિસ કરતા ડૉક્ટરોનાં સંપર્કમાં રહે છે. **કચ્છનાં ગામડાંનાં દર્દીઓ માટે વિવિધ ટ્રસ્ટો, હોસ્પિટલો, સંસ્થાઓ દ્વારા યોજવામાં આવતી શિબિરો કે મેડિકલ કેમ્પો ઘણી રીતે આશીર્વાદ રૂપ પુરવાર થયા છે** અને ગામડાંનાં દર્દીઓનાં દરદો દૂર કરવામાં તેમનો સિંહફાળો છે.

કચ્છની ભૌગોલિક સ્થિતિ અને પાંખી વસતિને ધ્યાનમાં લઇએ તો કચ્છમાં જિલ્લા પંચાયત દ્વારા આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનાં પ્રયત્નોની સરાહના કરવી જોઇએ. માનવીય સંસાધનોની કમી અને વહીવટી તંત્રની મર્યાદાઓ વચ્ચે પણ વિવિધ આયોજનો દ્વારા સરકારનું આરોગ્ય તંત્ર કાર્ય કરે છે. કચ્છની કમનસીબી એ છે કે **ધરતીકંપ પછી કચ્છને મળેલી સૌથી કિંમતી ભેટ ૧૨૫ કરોડની હોસ્પિટલનો ક્ષમતાપૂર્વક ઉપયોગ નથી.** મેડિકલ કૉલેજ એક ચલાવે અને હોસ્પિટલ કોઇ અન્ય ચલાવે એ આયોજન તદ્દન ગલત છે. કેરળ, કર્ણાટકમાં ખાનગી હોસ્પિટલો અને મેડિકલ કૉલેજો ગ્રામીણ ક્ષેત્રમાં આરોગ્ય સુવિધાઓ ઓછા ખર્ચે આપે છે અને સરકારી હોસ્પિટલો તો નગણ્ય ખર્ચે આપે છે.

કચ્છીઓ વ્યવસ્થાપન અને અનુદાન બન્ને ક્ષેત્રે નિષ્ણાત અને ઉદાર છે. સરકારશ્રી ભુજની હોસ્પિટલ ઉપરોક્ત સમન્વય સાથે કચ્છીઓને સોંપે અને કચ્છીઓ આને યોગ્ય પ્રતિસાદ આપે તો સર્વ અગવડો અને અભાવો વચ્ચે કચ્છનાં ગ્રામીણ વિસ્તારને આરોગ્ય સેવાઓ પૂરી પાડી શકાય. ■

*અંગત દુઃખ છોડીને કામ પ્રત્યે સંપૂર્ણ જવાબદાર રહો.*

# કચ્છમાં વ્રજભાષા પાઠશાળા : ગઈ કાલ, આજ અને આવતી કાલ

• ઉમિયાશંકર અજાણી •

કાલાવધિની તવારીખમાં ઘણું બધું જેના વિશે ભૂલાઇ - ભૂંસાઇ ગયું છે એવો એ આજનો કચ્છ જિલ્લો તારીખ ૩૧-૫-૧૯૪૮ સુધી એક સાર્વભૌમ રાજ્ય હતું. એકંદરે લગભગ હજાર વર્ષ સુધી પણ છેલ્લે સળંગ ૪૩૮ વર્ષ સુધી જાડેજા રાજવીઓએ અહીં શાસન કર્યું હતું. ભારતની આઝાદીના અવસરે પોતાનું એ રાજ્ય સ્વતંત્ર ભારતને અર્પણ કરીને પ્રજાનું અંગ બની ગયેલા એ જાડેજા રાજવીઓ ભલે આજે હવે ભૂતકાળની વાત હોય, પણ કચ્છના ઉજ્જવળ અતીતનું એ એક અણમોલ સંભારણું છે.

સાહિત્ય અને કલાને પોષનારા રાજવીઓ ભારતની ભૂમિ માથે થઇ ગયા છે. કેટલાક શબ્દના સર્જકો થઇ ગયા છે તો કેટલાક સ્વપ્નાના સર્જકો પણ થઇ ગયા છે. પણ સાહિત્ય અને કલાના ક્ષેત્રે ગુણસંપન્ન એવા રાજવીને તો શોધવા પડે. કચ્છમાં રા'લખપતજી એવા ગુણસંપન્ન રાજવી હતા.

અઢારમી સદીમાં અંધાધૂંધીનો ઓથાર સમગ્ર ભારત માથે છવાઇ ગયો હતો ત્યારે કચ્છ પણ એમાંથી બાકાત નહોતું. અઢારમી સદી એ ભારતના ઇતિહાસનું એક કરુણ પ્રકરણ છે. ૧૬મી સદીમાં બાબરે ભારતની ધરતી માથે મોગલાઇનો પાયો નાખ્યો. હુમાયુ, અકબર, જહાંગીર અને શાહજહાંએ એને પલ્લવિત કરીને વૈભવના શિખરે પહોંચાડ્યો હતો. પણ મોગલાઇના એ વૈભવને ઔરંગઝેબ વિનાશને માર્ગે દોરી ગયો. મોગલાઇના સુદઢ શાસનના પાયા એણે હાથે કરીને હચમચાવી મૂક્યા. પોતાના પિતા શાહજહાંને કેદ કરીને તથા ભાઇઓને મોતને ઘાટ ઉતારીને ગાદીનશીન થયેલો એ ઔરંગઝેબ, આલમગીરના નામને સાર્થક કરવાની ધૂનમાં પોતાના અડધા સૈકાના રાજ્યકાળને પ્રજા માટે આતંકનો ઓથાર બનાવી દીધો હતો. સતત લડાઇઓ લડતાં લડતાં આયખાની અણીએ પહોંચેલા એણે, એની જીવન સંધ્યાના ઓગણીસ વર્ષ દક્ષિણ ભારતને જીતી લેવા માટે પોતાના સૈન્યને અને તિજોરીને પણ કાળના ખપ્પરમાં હોમતો ગયો. અંતે સને ૧૭૦૭માં દક્ષિણની જ ધરતી માથે આવેલા ખુલ્દાબાદ નામના સાવ નાના એવા ગામડામાં કેવળ અઢી ગજની ધરતી માથે સોડ તાણીને કાયમને માટે સૂઈ ગયો! ઔરંગઝેબના મૃત્યુ સાથે મોગલાઇનો જે રૂવાબ હતો તે પણ ઘટતો ચાલ્યો. એક કાળે જેના ગાદીપતિ 'દિલ્હીશ્વરો વા જગદીશ્વરો' કહેવાતા હતા એ સમ્રાટ અકબરના વારસદારો જ મોગલાઇના સમૃદ્ધ વારસાને વિનાશના માર્ગે દોરી ગયા હતા.

ઔરંગઝેબ પછીના બાર વર્ષના ગાળામાં સને ૧૭૧૯ની સાલે દિલ્હીની ગાદીએ બેઠેલો મહમદશાહ જે મહમદશાહ રંગીલાના નામે ઓળખાતો હતો તે ચોથો ગાદીપતિ હતો. તે સમયે કચ્છમાં 'દેશરા પરમેશ્વરા' તરીકે ઓળખાતા રા' દેશળજી (પહેલા)નું શાસન ચાલતું હતું.

આવી રાજકીય પરિસ્થિતિ વચ્ચે મુગલાઇ દિવસે દિવસે ભાંગતી જતી હતી. પણ 'ભાંગી તોય ભરૂચ'ની જેમ રાજા રજવાડા હજીયે દિલ્હીપતિનો આદર કરતા હતા. દિલ્હીમાં દરબાર ભરાય તો રાજા મહારાજા ભેટ સોગાદો લઇને દિલ્હીના દરબારમાં હાજર થતા હતા. બાદશાહનો રૂક્કો હજીયે ચાલતો હતો. દિલ્હીમાં ડગુમગુ થતી મુગલાઇની સત્તા ગુજરાતમાં એના સુબાઓ મારફતે હજી એજ રૂવાબથી ટકી રહી હતી. આવા સુબાઓ બાદશાહી ખંડણી ઉઘરાવવાના નામે જુદા જુદા રાજ્યો પર ચડાઇ કરીને જોરતલબી કરતા હતા. સને ૧૭૨૧માં અમદાવાદનો સુબો નવાબ કેસરખાન કચ્છ પર ચડી આવ્યો હતો. તે સમયે કચ્છની સ્થિતિ લડાઇ કરવા જેવી ન હોવાથી પૈસા આપીને તેને સંતોષવામાં આવ્યો હતો. ત્યાર પછી સને ૧૭૩૦માં અમદાવાદનો સુબો શેર બુલંદખાન તેના વિશાળ સૈન્ય સાથે કચ્છ પર ચડી આવ્યો. તે વખતે કચ્છમાં દિવાન તરીકે દેવકરણ શેઠ હતા. તે શૂરવીર, સાહસિક, મુત્સદ્દી અને વ્યવહારકુશળ તેમજ દીર્ઘદૃષ્ટા હતા. તો બીજી બાજુ રા'દેશળજીના કુંવર લખપતજી પણ યુદ્ધની બાજી સંભાળી લે એટલા તૈયાર હતા. ત્રીજી તરફ કચ્છના સઘળા ભાયાતો પણ કચ્છ રાજ્યની મદદે આવી ઊભા હતા. કચ્છના દુશ્મન બનેલા મોરબીના ઠાકોર કાંયાજીએ શેર બુલંદખાનને સાથ આપ્યો હતો પણ એમનો કુંવર અલીઓજી કચ્છ રાજ્યની મદદમાં આવી ઊભો હતો. આ લડાઇમાં નાગા બાવાઓની જમાતે અને વીસ વર્ષના કુંવર લખપતજીએ ભારે પરાક્રમ કરી બતાવ્યું હતું. યુદ્ધમાં કચ્છ રાજ્યની જીત થઇ હતી તેથી કુંવરના પરાક્રમ પર માત્ર રા'જ નહિ, રૈયત પણ વારી ગઇ હતી. આ બે લડાઇઓ સિવાય કચ્છમાં શાંતિ પ્રવર્તતી હતી.

કુંવર લખપતજી રા' દેશળના ભારે લાડકા હતા. નાની વયથી જ તે પ્રખર બુદ્ધિશાળી હતા. રાજકવિ હમીરજી રત્નુએ એમને કવિતાના રસિયા બનાવ્યા હતા. માત્ર કવિતા જ નહિ, નૃત્ય, સંગીત તથા કલાના ક્ષેત્રે પણ તે પારંગત હતા. એ સમયે વ્રજભાષા કેવળ વ્રજની બોલી ન રહેતાં ભારતના વિશાળ ભૂખંડની કાવ્ય ભાષા બની ગઇ હતી. એમાં રહેલા માધુર્યના સહજ ગુણ વડે લોકોમાં એણે પોતાનું સ્થાન જમાવી લીધું હતું. આ માધુર્ય તેને એક બાજુ પ્રાકૃત અને બીજી બાજુ અપભ્રંશ પરિવારની અત્યંત મધુર એવી

*જ્યાં સુધી નાશવંત વસ્તુઓમાં સત્ય દેખાશે ત્યાં સુધી બોધ નહીં થાય.*

સૌરસેની પ્રાકૃતમાંથી મળ્યું હતું. ભક્તિકાળના વાતાવરણ વચ્ચે પાંગરેલી એ વ્રજભાષાને સંત તુલસીદાસ, રહીમ બેરમખાં, મતિરામ, નંદદાસ, રસખાન, કેશવદાસ, સેનાપતિ અને બિહારી જેવા સમર્થ કવિઓએ લાડ લડાવીને ભારતના વિશાળ ભૂખંડની ભાષા બનાવી દીધી હતી. કચ્છમાં પુરાણ પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવર અને કોટેશ્વર હોવાના કારણે સાધુ સંતોના સમાગમે તે જાણીતી બનેલી હતી. હિંદી સાહિત્યમાં ભક્તિયુગ તરીકે ઓળખાયેલા એ યુગની શરૂઆત જોગાનુજોગ ભારતમાં મોગલાઈના ઉત્થાન સાથે શરૂ થયેલ અને મોગલાઈના વળતા પાણી થતાં જ એ પરિવર્તન પામીને 'રીતિકાળ' તરીકે ઓળખાતા યુગનો આરંભ થયો હતો. ઔરંગઝેબના મૃત્યુ પછી મોગલાઈના પાયા ખોખરા થઇ ગયા હતા અને ગાદીપતિ બનતા શાસકો વિલાસ તરફ વળ્યા હતા. અનેક નાના મોટા રજવાડાઓ પણ તેમને અનુસરવા લાગ્યા હતા. નાચ મુજરામાં રત રહેતા બાદશાહો અને રાજા રજવાડાઓને રીઝવવા એમના વિલાસમય જીવનને પોષણ આપે એવું શૃંગારરસથી ભર્યું ભર્યું સાહિત્ય સર્જાવા લાગ્યું હતું. રાજ દરબારના કવિઓએ પોતાના અન્નદાતા સદાય રતિમંદિરમાં રત રહે તેવા કાવ્યોનું સર્જન કરવા માંડ્યું. એ કાળનું સાહિત્ય દરબારી સંસ્કૃતિનું પ્રતીક બની ગયું હતું.

ભારતીય કાવ્ય પરંપરામાં શૃંગાર કોઇ નવી વાત નહોતી. સંસ્કૃત સાહિત્યમાં તો એ વિશદ રૂપે નિરૂપાયો છે. પરંતુ એ સમયના અને રીતિકાળના શૃંગારના જે ફેર પડ્યો હતો તે એટલો જ હતો કે, તે કાળે રસ સાધના કાવ્યના આનંદની પ્રાપ્તિ માટે હતી જ્યારે રીતિકાળમાં તે કામના આનંદ માટેનું સાધન બની ચૂકી હતી.

કચ્છના રા' દેશળના સુજ્ઞ રાજકવિ હમીરજી રત્નુએ કાવ્ય રસ માણીને એમાંથી સાત્વિક આનંદને પામી શકાય તેવું છંદોબદ્ધ પિંગળશાસ્ત્રનું શિક્ષણ કુંવર લખપતજીને આપ્યું હતું. કુંવરના શિક્ષણ કાજે ખુદ હમીરજીએ હરિરસ નામમાલા, હરિજસ પિંગળ, લખપત પિંગળ, નવરસ વિદ્યા જેવા ઉત્તમ ગ્રંથોની રચના કરી હતી. આવું ઊંચું શિક્ષણ પામેલા કુંવર કાવ્યના તત્ત્વને જાણીને માણી શકતા હતા. પોતે કુશાગ્ર બુદ્ધિ હતા. આવા ભાવસભર સાહિત્યના સમાગમે એમનામાં કેટલાય સ્વપ્ના સર્જી દીધા હતા.

શેર બુલંદખાન સાથેના યુદ્ધ પછી તરતજ દિલ્હીનો દરબાર ભરાયો હતો. તેમાં રાજા મહારાજાઓને હાજર રહેવા આમંત્રણ પાઠવ્યા હતા. આ દરબારમાં કચ્છ રાજ્યના પ્રતિનિધિ તરીકે કુંવર લખપતજી દિલ્હી ગયા હતા. પોતાની કુશાગ્ર બુદ્ધિના કારણે બાદશાહને તો રીઝવ્યા પણ સાથે સાથે શાહી નૃત્યાંગ્નાઓના પણ માનીતા થઇ પડ્યા. વિવિધ પ્રકારના સાજ સંગાથે પોતે એકલાએ પોતાની રાવટીમાં એવો આભાસ સર્જયો કે અહીં ન જાણે કેટલી બધી નર્તકીઓ અને સાજિંદાઓ જલસો મનાવી રહ્યા છે. સુંદર સૂરાવલી અને વાજિંત્રોનો આ નાદ શાહી નૃત્યાંગનાઓને એટલો તો આકર્ષી ગયો કે આજુબાજુના રાજા મહારાજાઓના તંબુઓમાં ચાલતા પોતાના નૃત્ય અધૂરાં મૂકીને શાહી નર્તકીઓ કુંવર લખપતજીની રાવટી પાસે આવી ઊભી અને પોતાને અંદર આવવા દેવાની રજા મંગાવી. કુંવરની રાવટીમાં પ્રવેશીને જોયું તો ત્યાં માત્ર કુંવર એકલા જ હતા અને જ્યારે જાણ્યું કે આ બધું કુંવર એકલે હાથે જ કરી રહ્યા હતા ત્યારે પંદરે પંદર શાહી નર્તકીઓ કુંવરની કળા પર વારી ગઇ અને પોતાનું જીવન કુંવરને ચરણે અર્પી દીધું. દિલ્હી છોડીને એ બધી જ નર્તકીઓ કુંવર સાથે ભુજમાં આવી.

દિલ્હી દરબારમાં ગયેલા કુંવરે બાદશાહી ઠાઠમાઠ જોયા. રાજા રજવાડાના વૈભવને નિહાળ્યા. નાચ મુજરાને માણ્યા. વિલાસને પોષણ મળે એવા મહેલો અને મહેલાતો જોઇ. આ બધું જોયા પછી એમના મનમાં ઉગી નીકળ્યું કે હું પણ રાજા છું! પછી તો અનેક વખત તેમણે દિલ્હી અને અન્ય સ્થળોએ પ્રવાસ કર્યો. તેમનામાં રહેલી શક્તિઓ ખીલતી ગઇ. પોતાની વાણી, વર્તન અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી દિલ્હીના દરબારમાં અવારનવાર ઝળકતા રહ્યા. આથી રા' દેશળજી પ્રસન્નતા અનુભવવા લાગ્યા.

રા' દેશળજી, આધ્યાત્મિક ગુરુ દાદા મેકણે સંવત ૧૭૮૬માં સમાધિ લીધી ત્યારથી દેશળજી અંતર્મુખ થતા ગયા. રાજકાજને બદલે એમનું ધ્યાન ધાર્મિક તત્ત્વ તરફ ઢળતું થયું હતું. મોટા ભાગે તેઓ ધર્મધ્યાનમાં જ બેસી રહેતા હતા અને રાજકાજનો વહીવટ દીવાન પદે રહેલા દેવકરણ શેઠ ચલાવતા હતા. રાજયના એક નોકર કરતાં તે રા'ના વિશ્વાસુ મિત્ર હતા. રાજ્યની આવકમાં તેમણે ઘણો વધારો કરી દીધો હતો. તેથી રાજ્ય આર્થિક રીતે ઘણું જ સદ્ધર થયું હતું. કુંવર લખપતજીએ પણ અવારનવાર દિલ્હી દરબારમાં જઇને કચ્છની કીર્તિને જે રીતે વધારી હતી તેથી પણ તેઓ ભારે પ્રસન્ન હતા. પિતા તરીકે હવે તેમની એક જ ઇચ્છા રહી હતી કે કુંવર રાજકાજમાં પોતાનાથી સવાયો થાય. એમની આ ઇચ્છા જો કુંવર દીવાન દેવકરણના હાથ નીચે ઘડાઇ જાય તો પૂરી થાય તેમ હતી. તેથી કુંવરને તે રીતે ઘડવા માટે તેમણે દીવાન દેવકરણને સોંપ્યા હતા. કુંવર લખપતજી વધુ પડતા બહાર ફરીને એટલા બધા ઉડાઉ થઇ ગયા હતા કે અંગત ખર્ચ માટેની તેમની માંગ દિવસે દિવસે વધતી જતી હતી. દેવકરણ શેઠ એક આદર્શ અને નીતિમત્તાના ધોરણને અનુસરનાર દીવાન હતા. તે એવું માનતા અને મનાવતા હતા કે રાજ્યની આવક એ રાજાના માત્ર અંગત વપરાશ માટે નથી. દીવાન કુંવરને જે રીતે ઘડવા માગતા હતા તે કુંવરને ગમતું નહોતું. કુંવર તો શબ્દોનો સોદાગર હતો અને કલ્પનાના વ્યોમમાં વિહરનારો હતો. આવા વિરોધાભાસને કારણે બે વચ્ચે અંતર વધતું ચાલ્યું. કુંવરને લાગ્યું કે બાવાને કાંઇ વાંધો નથી પણ આ દીવાન જ પોતાને આડો આવી રહ્યો છે. આ વાત એમના મનમાં વસી ગઇ. બન્ને વચ્ચે મનદુઃખ વધતું ગયું અને એમાં એક દિવસ સને ૧૭૩૮ માં દીવાન દેવકરણ શેઠને એના ઘર પાસે જ કોઇકે બેરહેમીથી મારી નાખ્યો. પોતાના એક અત્યંત વિશ્વાસુ સાથી અને વફાદાર મિત્રના કમોતનું દુઃખ રા' દેશળને ઘણું થયું પણ એ કાંઇ જ કરી શક્યા નહિ. રા'ને જીવનમાંથી રસ ઊડી ગયો હતો. તેથી તેમણે ૧૭૩૯થી રાજયનો કારભાર કુંવરની હેસિયતથી ચલાવવા માટે લખપતજીને સોંપી દીધો.

રા' દેશળજીએ સંવત ૧૮૦૫માં વૈશાખ

*ઈચ્છા દુઃખની માતા છે.*

સુદ ૧ ના દિવસે ભુજ મધ્યે દેશલસર તળાવનું ભર્યું કર્યું તથા શિવરામંડપ ભરીને નકલંક જ્યોતની સ્થાપના કરી. આ પ્રસંગે દેશ પરદેશથી અનેક સાધુ સંતો અને બ્રાહ્મણો આવેલા. તેમને બધાને દાન દક્ષિણા આપીને સંતુષ્ટ કર્યા. આનો શિલાલેખ આજે પણ શિવરામંડપમાં સચવાઇ રહેલો છે. રા' દેશળજીએ આ પ્રસંગને ભારે ધામધૂમથી ઉજવ્યો અને તે પાછળ સારી એવી રકમનો ખર્ચ કર્યો. તો બીજી બાજુ કુંવર લખપતજીએ પણ પોતાના મનમાં વેંઢારેલા સ્વપ્નને સાકાર કરવા માટે આ જ સમયને ઉત્તમ ગણીને સંવત ૧૮૦૫માં (સને ૧૭૪૯) માં સંસ્કારધામ સમી કચ્છ વિશ્વવિદ્યાલય જેને દેશી ભાષામાં કચ્છની વ્રજભાષા પાઠશાળા તરીકે ઓળખવામાં આવી છે તે કવિઓ સર્જવાની શાળાની સ્થાપના કરી. રાજસ્થાનના કિશનગઢથી જૈન યતિ કનક કુશળજીને બોલાવ્યા, તેમને સન્માન્યા, ભટ્ટારકની પદવીથી વિભૂષિત કરી વ્રજભાષા પાઠશાળાના આચાર્યપદે પ્રતિષ્ઠિત કર્યા. તેમના નિભાવ માટે રેહા ગામ બક્ષિસ કર્યું.

શિવરામંડપના મહોત્સવથી ધાર્મિક ક્ષેત્રે રા' દેશળજીની ઇચ્છા પૂર્ણ થઇ હતી. કુંવર લખપતજીની વહીવટીય કુશળતાથી એ પ્રસન્ન પણ હતા. રાજ્યમાં સુખ અને શાંતિ પ્રવર્તતી હતી. રામસંગ માલમ જેવા કુશળ દેશી ઇજનેરને કારણે દેશમાં હુન્નર ઉદ્યોગોનો વિકાસ થયો હતો. કુંવરના હાથમાં દેશ અને પ્રજા હવે સહી સલામત રહેશે એવી એમને ખાતરી થતાં પછીના શેષ જીવનમાં હવે કોઇ ઝંખના નહોતી. વૈરાગ્યના પંથે વળેલા મન સાથે પ્રસન્ન ચિત્તે એમણે સંવત ૧૮૦૮ના જેઠ મહિનાની અજવાળી ચૌદશના વૈકુંઠમાં વાસ કર્યો. કચ્છની પ્રજાને પ્રજા વત્સલ રાજવીની ખોટ જરૂર સાલી પણ સાથે સાથે એ ખોટને પૂરે એવા કુંવર રા' બનીને વિધિવત રીતે ટીલે બેસતાં જ કચ્છની પ્રજાને તાંબાના પતરે અધિકાર પત્ર લખી આપીને તેમના હક્કોના હામી રહેવાની ખાતરી આપીને રાજી કરી દીધી. (આ તામ્રપત્ર ભુજમાં જૂની શાક માર્કેટ પાસેની પોલીસ ચાવડીની ભીંત પર ચોંટાડવામાં આવેલ. સને ૨૦૦૧ના ધરતીકંપ પછી તે ત્યાંથી ખસેડી લઇને હાલે કચ્છ મ્યુઝિયમમાં રાખવામાં આવેલ છે.)

કચ્છમાં તેમણે સ્થાપેલી વિશ્વવિદ્યાલય સમી વ્રજભાષા પાઠશાળાના કારણે મહારાવ લખપતજીની કીર્તિ ચારે દિશામાં ફેલાવા લાગી હતી. અનેક કવિઓ તથા છાત્રો અહીં આવવા લાગ્યા. મહારાવ તરફથી કવિઓને સત્કારવા તથા જરૂરી પ્રોત્સાહન આપવાની સાથે સાથે ઇનામ-બક્ષિસ પણ અપાવા માંડી તેથી મહારાવ આવા કવિઓ માટે ચબૂતરા સમાન બની રહ્યા હતા.

મહારાવ લખપતજી પોતે વિદ્વાન હતા. આજની રાષ્ટ્ર ભાષાના મૂળ જેમાં રહેલા છે તે વ્રજભાષાના વિકાસમાં મહારાવનો ફાળો તો મોટો છે જ પણ સાથે સાથે કચ્છની આ વિશ્વ વિદ્યાલયના આચાર્યો અને કવિઓએ હિંદી સાહિત્યને સમૃદ્ધ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

મહારાવશ્રી લખપતજી બહુમુખી પ્રતિભા ધરાવનાર ઉચ્ચ કોટિના સાહિત્યકાર હતા. તે માત્ર કવિ જ નહોતા, મહાન સંગીતજ્ઞ, કુશળ નૃત્યકાર, કલા મર્મજ્ઞ, સંસ્કૃતિના આરાધક અને કચ્છની અસ્મિતાના જ્યોતિર્ધર હતા. તેમણે ઘણાં પુસ્તકો રચ્યાં છે. તેમના નીચેના પુસ્તકો આજે પણ ઉપલબ્ધ મનાય છે :

(૧) લખપતિ શ્રૃંગાર, (૨) હરિભક્તિ વિલાસ, (૩) શિવ બ્યાહ, (૪) સુર તરંગિણી, (૫) મૃદંગ મોહરા, (૬) લખપતિ માન મંજરી, (૭) રસિક પ્રિયા (ટીકા), (૮) કવિ પ્રિયા, (૯) બિહારી સતસઈ (ટીકા). મહારાવ શ્રી લખપતજીના નામે મનાતી પણ ખરેખર આચાર્ય કુંવર કુશળજીએ લખેલ 'લખપતિ જશ સિંધુ'ની અગત્યતાનજરે આજથી ૧૫૦ વર્ષ પહેલાં અંગ્રેજ વિદ્વાન એલેક્ઝાંડર કિન્લોક ફાર્બસ માટે કવિ દલપતરામ ડાહ્યાભાઇએ સંવત ૧૯૦૫ના આસો સુદ પૂનમના નીચે પ્રમાણે એક પત્ર કચ્છ રાજ્યને લખેલ :

*'અણહિલપુરના મૂળરાજ નામે રાજાને સંવત નવસોના સૈકામાં લાખા ફૂલાણી સાથે કંથકોટમાં લડાઇ થઇ તેહના ગ્રંથશ્રી સાહિબ વાચ્યા, તારે એમ કયું જે એ મૂળરાજે કપટ કરીને રા લાખાને મારા. પણ પછી જાડેજાઓની ઉત્પત્તિ આ ગ્રંથમાં લખી છે, તે રીતે નહિ હોય તે માટે કચ્છમાંથી અસલી ગ્રંથ લખપત સિંધુ જેવા વ્રજભાષાના તથા સંસ્કૃતના ઘણાં છે જે મંગાવીને વાચવાથી માલુમ થાવા સાહિબશ્રીએ માળવાના ભોજરાજા આદિના ગ્રંથ વાચ્યા છે. પણ અમે જાણીએ છીએ કે, જે જાડેજાઓના પ્રાક્રમના ગ્રંથ શ્રી સાહિબ વાચશે તારે ઘણા પ્રસન્ન થાશે અને ગુજરાતના રાજાના ગ્રંથોમાં જાડેજાઓની ઘણી નિંદા લખી છે. તે માટે ભુજના અસલી ગ્રંથ વાચવામાં નહિ આવે તો, આ ગ્રંથ પ્રમાણે વાત છપાશે. તે માટે મહેરબાની કરીને, જૂના તમારા ગ્રંથોમાં ગ્રંથ એક સારો મોટો હોય તે મોકલજો. અમે સાંભળ્યું છે કે, લખપત સિંધુ ભાષા વ્રજનું શ્લોક વીસ હજારનો ગ્રંથ છે જેમાં સર્વે વાત હશે. માટે તે એક જ ગ્રંથ મોકલો તો પણ ચાલશે.'*

ત્રવાડી દલપતરામ ડાહ્યાભાઇની સહી વાળો આ અસલ પત્ર કચ્છ સંગ્રહાલય ભુજમાં સચવાયેલો છે.

ઉપર ઉલ્લેખ કરાયેલ ગ્રંથ 'લખપત સિંધુ' નહિ પણ 'લખપતજસસિંધુ' હોવું જોઇએ. આ ગ્રંથની રચના કચ્છની વ્રજભાષા પાઠશાળાના આચાર્ય કુંવર કુશલજીએ કચ્છના મહારાવ લખપતજીની પ્રશસ્તિ માટે કરેલ છે. આ એક સર્વાંગ નિરૂપક 'રીતિ ગ્રંથ' છે. તેમાં રસ અને અલંકારના લક્ષણના જે ઉદાહરણો આપેલા છે તેમાં મહારાવ લખપતજીનું વર્ણન છે. ગ્રંથની રચના સંવત ૧૮૧૫ના અષાઢ સુદ ૯ શુક્રવારના એટલે તારીખ ૧૪-૭-૧૭૫૮ના થયેલ છે.

ગુજરાતમાં રચાયેલ મધ્યકાલીન રીતિ કાવ્યોની શ્રેણીમાં 'લખપતજસસિંધુ' અદ્વિતીય સ્થાન ધરાવે છે. તેમાં કાવ્યગત વૈશિષ્ટ્ય તો દર્શાવેલ છે જ પણ સાથે સાથે સમકાલીન સામાજિક અને આર્થિક સ્થિતિ તરફ પણ ધ્યાન દોરે છે.

૨૦૦ વર્ષના ગાળામાં કચ્છની આ વ્રજભાષા પાઠશાળાએ લગભગ ૩૫૦ જેટલા સમર્થ કવિઓ હિંદી સાહિત્યને આપ્યા છે. આ કવિઓએ તેમની લગભગ ૪૦૦૦ જેટલી કૃતિઓથી હિન્દી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. આ વ્રજભાષા પાઠશાળામાં લગભગ ૧૧૦૦૦

*તન, મન અને ધનનો થોડો હિસ્સો પરોપકાર માટે ખર્ચો.*

જેટલા મૂલ્યવાન ગ્રંથો હતા. કચ્છ રાજ્યનું આઝાદ ભારતમાં વિલીનીકરણ થયા પછી કચ્છની આ વિશ્વ વિદ્યાલયના સમૃદ્ધ સાહિત્યની યોગ્ય જાળવણીના અભાવે તેમાં ઊધઈ લાગી. તેમાંથી તેને બહાર કાઢવાને બદલે સાહિત્યના આ સમૃદ્ધ ઉદ્યાનને ઊધઈ ગણીને આગના મુખમાં હોમી દઈને કચ્છના આ કાવ્ય બાગને ઉજ્જડ કરી દેવાયું.

રીતિકાળના યુગની અસરથી આ વિશ્વ વિદ્યાલય ભલે તદ્દન મુક્ત રહી શક્યું ન હોય, તો પણ છાત્રોના અભ્યાસક્રમ માટે પસંદ કરાયેલા પુસ્તકોની સૂચિ પરથી એ ખ્યાલ આવી શકે છે કે, અહીં અભ્યાસ કરતા છાત્રોમાં સંસ્કારોનું સિંચન થાય અને સંસ્કૃતિનું સંવર્ધન થાય તેને મહત્ત્વ અપાયું છે. તત્કાલીન સાહિત્યના પ્રવાહને અવગણવામાં આવેલ નથી, તેમ કવિતાના ક્લેવરને અપવિત્ર કરનારા સાહિત્યની પસંદગી પણ કરવામાં આવી નથી. આ પાઠશાળાના પાયામાં જેનું યોગદાન છે તે આચાર્ય હમીરજી રત્નુ, જૈન યતિ કનક કુશળજી અને કુંવર કુશળજી જેવા સંસ્કાર પુરુષોનું ધ્યેય આ પાઠશાળાના કવિઓ વિશ્વના પ્રાંગણમાં પોતાની સ્વરચિત કવિતા દ્વારા માનવ જીવન પુષ્પની માફક મહેકતું રહે એ રહ્યું છે. પાઠશાળાની શરૂઆત થઈ ત્યારે અભ્યાસક્રમ માટે જે પુસ્તકો પસંદ કરવામાં આવેલ તેમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થતો હતો : (૧) હરિજસ નામમાલા, (૨) હરિજસ છંદ પિંગળ, (૩) લખપત પિંગળ, (૪) નવરસવિધાન, (૫) લખપત અલંકાર ચંદ્રિકા, (૬) લખપત ભાવવિલાસ, (૭) લખપત સતસઈ, (૮) લખપત કાવ્ય વિલાસ, (૯) લખપત વિદ્યા વિનોદ, (૧૦) લખપત ભાવ બોધિની, (૧૧) લખપત સુધા સિંધુ, (૧૨) લખપત શૃંગાર સિંધુ, (૧૩) લખપત શૃંગાર, (૧૪) લખપત રાગિણી ચિત્રમાલા, (૧૫) નૃત્ય સુધા રસ, (૧૬) લખપત રાગમાલા, (૧૭) લખપત સંગીત દર્શન, (૧૮) લખપત રાગાધ્યાય, (૧૯) લખપત સ્વરાધ્યાય, (૨૦) લખપત તાલવિધાન, (૨૧) સંગીત રત્નાકર અને (૨૨) લખપત જસસિંધુ હતા. પછીથી કેટલાક અન્ય પુસ્તકો ઉમેરાયા તેમાં રીતિકાળના રસકવિ મતિરામ રચિત 'રસરાજ' ઉમેરાયો. તેના નામ પરથી જ લાગે કે એમાં નવરસમાંના માત્ર શૃંગારનું જ નિરૂપણ થયું હશે. પણ રસરાજમાં એવું નથી. મતિરામ સમયના પ્રવાહ સાથે ચાલ્યા છે ખરા, શૃંગારને હુલાવ્યો પણ છે. રસરાજમાં શૃંગારના વિવિધ અંગોનું વર્ણન થયા છતાં ક્યાંય મર્યાદા તૂટતી નથી. વિવેક અને મર્યાદા જાળવતા આ સવૈયાને જોઈએ :

*બૈઠી તિયા ગુરુ લોગનિમેં રતિસોં અતિ સન્દર રૂપ વિશેખી,*
*આયો તદહાં મતિરામ સુજાન મનોભવતે અતિ અંત ઉરેખી.*
*લોચનરૂપ પિયોહી યહૈ ખરૂ લાજની જાતિ નહી છબી પેખી,*
*નૈન નવાઈ રહી હિયે માલમેં લાલકી મૂરતી લાલમેં દેખી.*

રૂપસુંદર નાયિકા વડીલોની વચ્ચે બેઠી છે. ત્યાં એનો પિયુ આવે છે. વડીલોની મર્યાદાનું પાલન કરવા કાજે નાયિકા આંખો ઢાળી દે છે ને પોતાના હૈયે લટકતા હારમાં લાલની મૂર્તિમાં લાલને નિહાળી લે છે. પિયુને નિહાળવા માટેની નાયિકાની આ વૈદગ્ધપૂર્ણ ક્રિયા અને બીજી બાજુ વડીલોની મર્યાદા જળવાઈ જાય છે અને પિયુનું અવલોકન પણ થઈ જાય છે.

વિશ્વ સાહિત્યના સીમાડામાં પ્રેમ, વિરહ અને મિલનના સૂર સર્વત્ર એક સરખાં જ રહ્યાં છે. આ જગત કેવળ આનંદનો વિષય નથી, દુઃખ અસંતોષ પણ વ્યવહાર જગત સાથે જડાયેલાં છે. આના કારણે પરિસ્થિતિવશ જે વિવિધ ભાવો સર્જાય છે તેની અસર મન પર થયા વગર રહેતી નથી. મનના આવા વિવિધ ભાવો રસરાજમાં માણવા મળે છે. પરંતુ મતિરામ ભારતીય સંસ્કૃતિની પરંપરાને સાચવનાર કવિ હતા. નૈતિકતાને એમણે પકડી છે. 'સારું' છે તે એમણે સમાજ સમક્ષ મૂક્યું છે. અને તેથી પાઠશાળાના અભ્યાસક્રમમાં તે પસંદગી પામેલ છે.

અન્ય આવો એક ગ્રંથ 'રસિક-પ્રિયા' વ્રજભાષાના રીતિ કાળના પ્રસિદ્ધ કવિ કેશવદાસ કાશીનાથ રચિત છે તે પણ પાછળથી અભ્યાસ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવેલ. તેમના રામ ચન્દ્રિકા, રસિક-પ્રિયા ગ્રંથોના કારણે કવિ કેશવદાસ ખૂબ જાણીતા બન્યા હતા તેમ વિવાદાસ્પદ પણ બન્યા હતા. મહારાવશ્રી લખપતજીએ રસિક-પ્રિયા અને કવિ-પ્રિયા એ બન્ને ગ્રંથોની ટીકા લખી છે. રસિક-પ્રિયામાં નખશિખ અને નાયિકાભેદનું વર્ણન કરાયેલ છે. કેશવદાસે આ ગ્રંથમાં શૃંગારનો રસ રાજત્વ સિદ્ધ કરેલ છે અને એના પ્રછન્ન અને પ્રકાશ્ય એ બે ભેદ પાડી બતાવ્યા છે. રસિકપ્રિયામાં શૃંગારની સાથે સાથે બીજા આઠેય રસોનું વર્ણન આવે છે. તત્કાલીન સાહિત્ય પ્રવાહથી તે મુક્ત નથી. તેમાં ક્યાંક અશ્લીલતાનું પ્રમાણ પણ વધતું ઘટતું દેખાય છે. પરંતુ તેમાં સરસતા અને હૃદય સ્પર્શિતા પ્રગટી છે. એ ગ્રંથમાં આપેલા ઉદાહરણો પણ સરસ અને હૃદયગ્રાહી છે. પરંતુ કેટલાક મહાનુભાવોએ એની આકરી ટીકા કરતાં કવિને હૃદયહીન ગણાવ્યા છે. પ્રસિદ્ધ સંત સુંદરદાસે રસિક-પ્રિયાની આકરી આલોચના કરતાં કહ્યું છે કે-

***રસિક-પ્રિયા રસમંજરી ઔર સિંગારહિ જાન્તિ,***
***ચતુરાઈ કરિ બહુત વિધિ, વિષૈ બનાઈ આનિ,***
***વિષૈ બનાઈ આનિ, લગત વિષયિનકો પ્યારી,***
***જાગે મદન પ્રચંડ, સરાહ હૈ નખ-શિખ નારી,***
***જ્યોં રોગી મિષ્ટાન્ન ખાઈ રોગહિ વિસ્તારૈ,***
***સુન્દર યહ ગતિ હોઈ જુ તો રસિક-પ્રિયા ધારૈ.***

ખરેખર તો કવિની કવિ-પ્રતિભા, એની સહૃદયતા, એની ભાવ વ્યંજના, શબ્દ વિન્યાસ અને ભાષાનો વૈભવ તથા માધુર્યને માણવું હોય તો કવિ-પ્રિયા અને રસિક-પ્રિયા એ બન્ને ગ્રંથોને જોવા જોઈએ તેવી ભલામણ વિદ્વાનોએ કરેલી છે. તે દૃષ્ટિએ રસિક-પ્રિયા પણ છાત્રોના અભ્યાસક્રમમાં આવરી લેવાયેલ છે.

કચ્છની આ વ્રજભાષા પાઠશાળાનું ગૌરવ કરતાં કવિ ન્હાનાલાલ દલપતરામે કહ્યું છે કે 'કાવ્ય કળા શીખવાની કચ્છ ભુજમાં પોશાળ હતી, આજે પણ છે. કવિઓ સર્જવાની આ કાવ્યશાળા કદાચ દુનિયાભરમાં અદ્વિતીય થશે. ઘણા કાવ્ય રસિકો ત્યાં ભણી રાજ દરબારોમાં કવિરાજો થયા છે. કાવ્યશાળામાં કાવ્યશાસ્ત્રો શીખવાય છે ને રસોપાસકોને નવરસની વાડીઓમાં ઘુમાવી ઋતુઓને તડકી છાંયડી પ્રીછાવી, અભિસિંચન, ઉછેર, ફૂલવીણણ, ગૂંથન, બગીચા શાસ્ત્રનો શાસ્ત્રી ઉછરતા બાગબાનોને ભણાવે એમ ત્યાં ભણાવાય છે. કચ્છના મહારાવનું ભુજીયો સિંહાસન છે પણ ભુજની પોશાળ તે કચ્છના

***વ્યક્તિ જેટલી વધારે ચીજો વગર ચલાવી શકે એટલી એ વધારે શ્રીમંત ગણાય.***

મહારાવનો કીર્તિ મુગટ છે.'

આ પાઠશાળામાં અધ્યયનનો ગાળો પાંચ સાલનો નક્કી કરવામાં આવેલ પરંતુ કોઇ છાત્ર તેનો સંપૂર્ણ અભ્યાસક્રમ તે સમયગાળાથી પહેલાં એટલે કે ત્રણ વર્ષે પૂરું કરી લે તો તેની પણ છેવટની કસોટી કરવામાં આવતી હતી. આવી કસોટી લેવાય તે પહેલાં છાત્રે કાવ્ય પ્રણયન વિષયના દશાંગ કાવ્યશાસ્ત્રમાં નિષ્ણાત થવું પડતું અને તેમ થયા પછી જ છેવટની કસોટી લેવાતી. ત્યારબાદ દીક્ષાંત સમારોહ થતો. સંપૂર્ણ અભ્યાસ પૂરો થયે અને દશાંગ કાવ્યશાસ્ત્રમાં નિષ્ણાત થયા પછીની કસોટીમાં પસાર થયા પછી તેણે એક બાવની અથવા કોઇ એક કાવ્ય ગ્રંથનું સર્જન કરવું પડતું. આટલું થયા પછી રાજમહેલના દરબાર ખંડમાં યોજાતા દીક્ષાંત સમારોહમાં મહારાવશ્રી પણ હાજર રહેતા અને તેમની હાજરીમાં છાત્રની છેવટની પરીક્ષા લેવાતી. તેમાં છાત્રે પોતાના વિદ્યાર્થીકાળ દરમ્યાન કંઠસ્થ કરેલ કાવ્ય ગ્રંથ સંભળાવવું પડતું. ત્યાર પછી કોઇ એક અંગ પર રચાયેલ કાવ્ય સંભળાવવું પડતું, ક્યાંક સમસ્યા પૂર્તિ પણ કરવી પડતી. આટલા પરથી તે છાત્ર પોતાની રીતે સુંદર કાવ્યની રચના કરી શકે છે તેવું જણાયેથી તેને કવિની પદવી, પોષાક, યોગ્ય ઇનામ અને સનદ રૂપે પ્રમાણપત્ર આપી સન્માન કરાતું.

કચ્છ રાજ્ય તરફથી અપાતી આ સનદને સઘળા રાજ્યો સન્માનતા હતા. એ આ પાઠશાળાની દેશ વિદેશમાં થયેલી પ્રતિષ્ઠાનો નિર્દેશ કરે છે.

કવિઓની આ પાઠશાળામાં દાખલ થયેલા છાત્રને તેના પાંચ વર્ષના અભ્યાસગાળા દરમ્યાન થતો ખર્ચ કચ્છ રાજ્ય પોતે ભોગવતું. પાઠશાળામાંથી અંતિમ વિદાય લેતાં પહેલાં એક બાવનીનું સર્જન કરવાની પ્રથા દીવાન મણિભાઇ જશભાઇના સમયમાં પાઠશાળાના આચાર્ય પ્રાણજીવન ત્રિપાઠીએ સને ૧૮૯૦ની સાલથી ફરજિયાત બનાવી હતી. આના કારણે હિંદી સાહિત્યમાં આવી ઘણી બધી બાવનીઓ કચ્છની આ વ્રજભાષા પાઠશાળાની દેન છે. સને ૧૮૯૦ એટલે સંવત ૧૯૪૬થી કવિઓની આવી બાવનીઓ વાસ્તવમાં ડોક્ટરેટની પદવી માટે રજૂ કરાતા મહાનિબંધ જેવી જ રહી છે. તે સમયે કચ્છની વ્રજભાષા પાઠશાળા દ્વારા અપાતી 'કવિરાજ'ની પદવી એને પોતાના જીવન નિર્વાહ માટે નિશ્ચિત કરી દેતી હતી. કચ્છની વ્રજભાષા પાઠશાળાનો સનંદી કવિ રાજા-મહારાજાઓના દરબારમાં રાજકવિનું સ્થાન અને માન પામી શકતો હતો.

કચ્છના મહારાવશ્રી લખપતજીની આ વ્રજભાષા પાઠશાળાની પ્રતિષ્ઠાથી સૌરાષ્ટ્રના રાજવીઓ ભારે પ્રભાવિત થયા હતા. અને તેથી જ તો જામનગરના જામ રણમલજી બીજાએ કવિ વજમાલજી મેહડુને આચાર્યપદે સ્થાપીને જામનગરમાં આવી પાઠશાળા સ્થાપવાનું વિચારેલ. આ માટે અભ્યાસક્રમના પુસ્તકોની રચના કરવા પણ કવિ વજમાલજીને કહેવામાં આવતાં તેમણે 'વિજય પ્રકાશ કોશ' નામે ડીંગળી શબ્દકોશ પણ તૈયાર કરેલ પરંતુ પાઠશાળાની સ્થાપના થાય તે પહેલાં જ જામ રણમલજીનું અવસાન થતાં તેમનું સ્વપ્નું ફળીભૂત થઇ શક્યું નહિ. તેવી જ રીતે ભાવનગરના મહારાજા વજેસિંહજીએ પણ કવિ જેઠીભાઈ મહેડૂને આચાર્યપદે સ્થાપીને પ્રાયોગિક ધોરણે આવી પાઠશાળાની શરૂઆત કરી પણ તે લાંબી ચાલી નહિ.

સળંગ ૨૦૦ વર્ષની સુદીર્ઘ કાળની આવરદા ધરાવતી કચ્છની આ વ્રજભાષા પાઠશાળાને ક્યારેક ભારે ઓખી સોખીનો સામનો કરવો પડ્યો હતો. પણ કચ્છના રાજવીઓ આ સંસ્કાર વારસાને ટકાવી રાખવા કૃતનિશ્ચયી હોવાથી જ આ પાઠશાળા રાજાશાહીના અંત લગી ટકી રહી હતી. એકધારા ૧૨૫ વર્ષ સુધી આ પાઠશાળાના આચાર્યના ગૌરવભર્યા પદે રહેવાની પરંપરા જૈન ગુરુજીઓએ જાળવી રાખી હતી. પણ ધર્મકુશળજી પછી આ પદે આવેલા આચાર્ય વલ્લભકુશળજીની તેમની વૃદ્ધાવસ્થાના કારણે તેમજ કામ કરવાની ઓછી નિષ્ઠા અને અંગત સુખોપયોગ માટે જાગીરનો ઉપયોગ કરવા માંડતાં ખટપટ શરૂ થઇ હતી. આ ખટપટ તેના પછીના આચાર્ય જીવણ કુશળજી અને ભક્તિ કુશળજીના વખતમાં પણ ચાલુ રહેતાં છેવટે આચાર્યની જગ્યાએ વલ્લભની નિમણૂક કરવામાં આવી. તેના પછી પુરુષોત્તમ નિમાયા. તેમના પછી પ્રાણજીવન ત્રિપાઠીની આચાર્ય પદે નિમણૂક કરવામાં આવી. તેમના સમયમાં પાઠશાળાના વહીવટમાં ઘણો સુધારો થયો. તેમણે ખંત અને નિષ્ઠાથી પોતાના શિષ્યોને અગ્રગણ્ય કવિઓ બનાવ્યા હતા. તેમના આવા શિષ્યોમાં ગોપ, શંકર, ભૈરવદાન, હમીર અને કેશવ અયાચી જેવા સમર્થ કવિઓ પાક્યા હતા. આ બધા શિષ્યોએ સ્વતંત્ર તેમજ આચાર્ય પ્રાણજીવન સાથે રહીને કેટલાક ગ્રંથોની પણ રચના કરી હતી.

આ પાઠશાળાના આવા જ પ્રતિભા સંપન્ન અને મેધાવી છાત્ર ગોવિંદ ગિલ્લાભાઈ હતા. રીતિકાળના ઉપસંહારમાં ગુજરાતના પ્રસિદ્ધ હિંદી કવિ તરીકે ગોવિંદભાઇનું નામ જાણીતું છે. તેમને રીતિકાલીન કાવ્યના અંતિમ શૃંગાર માનવામાં આવ્યા છે. તેમણે હિંદીના અનેક કવિઓની હસ્તલિખિત પોથીઓ જુદા જુદા સ્થળેથી મેળવીને તેની નકલો કરી હતી. ગોવિંદભાઇની કેટલીક રચનાઓ આ પ્રમાણે હતી : (૧) શબ્દ વિભૂષણ. રચના કાળ સંવત ૧૯૭૪ (૨) વક્રોકિત વિનોદ તથા શ્લેષ ચંદ્રિકા : જેની રચના અનુક્રમે સંવત ૧૯૫૪ તથા ૧૯૬૮માં થયેલ છે. આ ઉપરાંત પણ તેમના રચેલા ગ્રંથોમાં શિખનખ ચંદ્રિકા, ભૂષણ મંજરી, પયોધર પચીસી, નયન મંજરી, શૃંગાર સરોજીની વગેરે ગ્રંથોમાં શૃંગારના વિવિધ અવ્યયો તથા નાયિકાઓના વર્ણન થયેલ છે.

બસો વર્ષના સુદીર્ઘ ગાળા સુધી કચ્છની આ વિશ્વ વિદ્યાલયે ઉત્તમ કવિઓનું સર્જન કરીને ભારતની રાષ્ટ્ર ભાષાને સમૃદ્ધ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. હિંદી સાહિત્ય જગતમાં એવો એક ભ્રમ છે કે, હિંદીભાષી વિસ્તારમાં રચાયેલ સાહિત્ય જ હિંદી સાહિત્ય છે અને એના લેખા-જોખા જ હિંદી સાહિત્યનો ઇતિહાસ છે. કચ્છની વ્રજભાષા પાઠશાળાના કવિઓએ તેમજ આચાર્યોએ જે સાહિત્યનું સર્જન કરેલ છે તેને ધ્યાનમાં ન લેવાય તો તે મધ્યકાલીન હિંદી સાહિત્યનો ઇતિહાસ અધૂરો ગણાશે. આ પાઠશાળાના સ્થાપક મહારાવશ્રી લખપતજીએ વિવિધ વિષયોને આવરી લેતા ગ્રંથો રસની દુનિયાના હોય કે સંગીતની કલાના હોય કે શૃંગારના, દરેક ગ્રંથમાં એમની વિદ્વતાને નીખરતી જોઇ શકાય છે.

*ફક્ત અનિષ્ટો સામે લડવાથી જીવાતું નથી, ઉચ્ચ ધ્યેય નજર સમક્ષ રાખવો પડે છે.*

એ રીતે જોતાં કચ્છની એ વ્રજભાષા પાઠશાળા હિંદી સાહિત્ય જગત માટે મહાન ઉપલબ્ધિ હતી. આ પાઠશાળાએ અનેક દેશી રાજ્યોની તેમના રાજ્ય માટે વ્રજભાષાના કવિ મળવાની માંગ પૂરી કરી હતી. આ પાઠશાળાના કવિઓએ સર્જેલું વ્રજભાષાનું સાહિત્ય ભાવોની વિદગ્ધતા, ભાષાની ભંગિમા, છંદોની છટા અને અલંકારોની અનુરણાત્મકતાની દૃષ્ટિએ વૈવિધ્ય અને વૈશિષ્ટ્યપૂર્ણ છે.

રાજાશાહી સમયમાં સને ૧૭૪૭માં શરૂ થયેલી કચ્છની આ વ્રજભાષા પાઠશાળા કચ્છ રાજ્યે ૨૦૦ વર્ષ સુધી ચાલુ રાખી ભારતની રાષ્ટ્રભાષાને સમૃદ્ધ કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું. સને ૧૯૪૭માં ભારત આઝાદ થયું અને તારીખ ૧-૬-૧૯૪૮ના કચ્છ રાજ્યનું તેમાં વિલીનીકરણ થયું. કચ્છ સ્વતંત્ર દેશી રાજ્ય મટીને કેન્દ્ર સરકાર તળે 'ક' વર્ગનું રાજ્ય બન્યું. આ સમયે ઘણાં સારાં કામો થયાં પણ કેટલાંક સારાં કામો ચાલતા હતા તેને અવિચારી અમલદારોએ રાજાના વિલાસનું સાધન માનીને કલમના એક જ ઝાટકે સપ્ટેમ્બર ૧૯૪૮માં નિષ્પ્રાણ કરી નાખ્યા તેનું દુઃખ સંસ્કારી પ્રજાને, જ્યાં આ સંસ્કાર સિંચન થતા હતા એ સંસ્કારધામનો કોઇ પરિચય કરાવે છે ત્યારે થયા વગર રહેતું નથી.

કચ્છની વ્રજભાષા પાઠશાળાનો પૂરા ૨૦૦ વર્ષનો ગાળો કચ્છના સંસ્કાર જગતના ઇતિહાસ માટે સુવર્ણકાળ હતો. એ સુવર્ણ કાળને પુનર્જીવિત કરવાના પ્રયાસો લગભગ ચાલીસ-પીસ્તાલીસ વર્ષ પછી ભારતીય સંસ્કૃતિ દર્શનના સૃષ્ટા સદ્. રામસિંહજીભાઇ રાઠોડે સદ્. ડો. શિવાજીભાઇ બારોટના આચાર્યપદે શરૂ કરાવ્યા હતા અને તેમાં કેટલાક જ્ઞાનવાંચ્છુ છાત્રો આવતા પણ થયા હતા. પણ લાંબા સમય સુધી તે ચાલુ રહી શક્યું નહિ. ડો. બારોટના અવસાન પછી પણ ચાલુ રહે તે માટે બે વખત જુદી જુદી દરખાસ્તો ભારતીય સંસ્કૃતિ દર્શન તરફથી સરકારને મોકલવામાં આવેલ પણ તે બન્ને કિસ્સામાં જેમના નામની દરખાસ્ત કરવામાં આવેલ તે બન્ને મહાનુભાવોનું અવસાન થઇ જતાં અને સરકાર તરફથી પણ પ્રોત્સાહન ન મળતાં પાઠશાળાને પુનઃજીવિત કરવાનું સ્વપ્નું સાકાર થઇ શક્યું નહિ.

ઘણા લોકોની એવી માન્યતા છે કે હિંદીના મધ્યકાલીન સાહિત્યનું પઠન પાઠન વર્તમાન કાળે પ્રાસંગિક નથી. તો એ માન્યતા પણ દૂર થવી જોઇએ. એ સમયના સાહિત્યનું પઠન-પાઠન અને અભ્યાસ આજના સમયે પણ એટલું જ પ્રાસંગિક છે. તેથી જેમ ચારણી સાહિત્યને સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય દ્વારા પ્રોત્સાહન અપાઇ રહ્યું છે તે જ ધોરણે કચ્છની વિશ્વ વિદ્યાલયે કચ્છના એ સાંસ્કૃતિક વારસાને મહત્ત્વ આપવાના પગલાં ભરવા જોઇએ.

કચ્છની વ્રજભાષા પાઠશાળા ભૂતકાળમાં કચ્છ માટે સુવર્ણકાળ હતો. આજે એ ભૂતકાળ ભૂંસાઈ ગયું હોય તો પણ ઓલવાઇ ગયેલો દીવો જેમ પુનઃ પ્રગટાવી શકાય છે તેમ કચ્છ વિશ્વ વિદ્યાલય તેને પુનઃજીવિત કરે તો આવતીકાલ એના માટે અતિ ઉજ્જવળ હશે.

*"હંસા", ૧૪, રેવન્યુ કોલોની, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૫૧૭૭૫*

## કચ્છમાં કામ કરતી વિવિધ સંસ્થાઓ

★ **નવનિર્માણ અભિયાન સાથે :** એનાર્ડે ફાઉન્ડેશન, આશાપુરા ફાઉન્ડેશન, બિદડા સર્વોદય ટ્રસ્ટ, ભીમાણી ખાદી મંડળ, ગ્રામ સ્વરાજ્ય સંઘ, કચ્છ યુવક સંઘ, કચ્છ એનવાયરમેન્ટલ એન્ડ ઇકોલોજી સેલ, કચ્છ મહિલા વિકાસ સંગઠન, સહજીવન લાયન્સ ક્લબ-ભુજ, રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી, સર્વ સેવા સંઘ, સૃજન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, ભોજાય સર્વોદય ટ્રસ્ટ, કચ્છ ઇકોલોજી ફાઉન્ડેશન, કચ્છ ફુડ, ફોડર એન્ડ ફોરેસ્ટ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન, સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, સારસ્વતમ્, વિવેકાનંદ ગ્રામ સોસાયટી, શ્રી સંઘ, ગાઇડ, સાથી, કોર્બેટ ફાઉન્ડેશન, યુવા, યુસુફ મહેરઅલી સેન્ટર.

★ **રાષ્ટ્રીય સંસ્થાઓ :** વિરાયતન, વિક્ષત, અપરાજિતા, અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, બેલારપુર ઇન્ડસ્ટ્રીઝ, બીહેવિયરલ સાયન્સ સેન્ટર, ભણશાળી ટ્રસ્ટ, સ્વાધ્યાય પરિવાર, બ્રહ્મક્ષત્રિય પુનર્વસવાટ સમિતિ, દીનદયાળ ટ્રસ્ટ ફિક્કી-કેર, ગણતર, ગુજ. મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, હુડકો, ઇફકો, જમિયત ઉલેમા-એ-હિન્દ, કુમારપાળ મહાવિદ્યાલય, ખોજા-શિયાઇ જમાત, કિસાન સેવા ફંડ, કચ્છ વિકાસ ટ્રસ્ટ, લાર્સન એન્ડ ટુબ્રો, લોકભારતી, માનવ સાધના, મારગ, માતા અમૃતમયી પીઠ, ન્યુલાઇફ, નિવારા હક સુરક્ષા સમિતિ, પ્રયાસ, રાષ્ટ્રીય સ્વાભિમાન, રામભાઉ પ્રબોધિની, રામકૃષ્ણ મિશન, રોટરી ક્લબો, રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, સાથી, સહારા ટી.વી., સમર્થ ટ્રસ્ટ, સંધ્યાદીપ, સર્વોદય આશ્રમ, સેવ એ ફેમિલી પ્લાન, સેવાભારત, સેવાભારતી, સંતરામ જનસેવા, વલ્લભાચાર્ય કલ્યાણ ટ્રસ્ટ, શ્રોફ ફાઉન્ડેશન, સ્નેહ સમુદાય, સ્વામિનારાયણ સર્વમંગલ સંસ્થાન, વલ્લભ ફાઉન્ડેશન, વિભાસ ટ્રસ્ટ, સી.આઇ.આઇ., અંજાર ગ્રૂપ-૨૦૦૧, અંધ મંડળ, દયાસાગર ટ્રસ્ટ, દેવસ્મૃતિ ટ્રસ્ટ, દિલ્લી મહાનગરપાલિકા, જાયન્ટસ, હેન્ડીકેપ ઇન્ડિયા, ઇન્સ્ટિટ્યૂટ ફોર ડેવલપમેન્ટલ એજ્યુકેશન એન્ડ લર્નિંગ, સચ્ચિદાનંદ નાનક ધામ, ગોકુળ હોસ્પિટલ, સ્પંદન, ઉન્નતિ, આદ્રા, અમુલ, આનંદમાર્ગ, બન્ની વિકાસ ટ્રસ્ટ, ભારત સ્કાઉટ, જૈન સંગઠન, ભાવનગર શિપીંગ બ્રોકર્સ, ગ્રામશીપ, G.S.P.C.C., જે.પી. ઇન્ડસ્ટ્રીઝ, JICA, મુક્તજીવન સેવા ટ્રસ્ટ, પટેલ સમાજ, સુનાવ અર્થ, ટાટા રિલીફ, રિલાયન્સ વૈદિક મિશન, જન્મભૂમિપત્રો રાહતનિધિ - વગેરે.

★ **આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ :** આગાખાન ટ્રસ્ટ, કેરિટાસ ઇન્ડિયા, કેથોલિક રિલીફ સર્વિસ, ક્રિસાઇપલ વર્લ્ડ રિલીફ, એફિકોર, ગ્લોબલ સોર્સ નેટ, ગુડ સેમેરિયન, હેલ્પેજ ઇન્ડિયા, ઇન્ડિયા કેમ્પસ ક્રૂઝેડ ફોરક્રાઇસ્ટ, ઇન્ટરનેશન ઓર્ગેનીઝેશન ફોર માઇગ્રેશન, ઇન્ટરનેશનલ સોસાયટી, લ્યૂથેરિયન વર્લ્ડ સર્વિસ, મર્થો યા રિલીફ સર્વિસ, મેડીટ નાર્સોક, ઓક્ષફાર્મ, સેવ ધ ચિલ્ડ્રન, SOS ચિલ્ડ્રન, વર્લ્ડ વિઝન, વર્લ્ડ એન્ડ ડીડ ઇન્ડિયા, વર્લ્ડ રિલીફ કમિશન, રેડક્રોસ, મર્લીન, યુનિસેફ, વિશ્વ આરોગ્ય સંસ્થા, કાફે ઇન્ડિયા, ઇન્ડો-જાપાન, યુનાઇટેડ વેઝ, વગેરે. ■


*પ્રાર્થના એટલે ઉચ્ચમાં ઉચ્ચ દૃષ્ટિબિંદુથી જીવનના સત્યોનો વિચાર કરવો તે.*

# કચ્છમાં ગૌધનનો વિકાસ અને કચ્છનો ડેરી ઉધોગ


● તારાચંદ છેડા ●

૧૯૮૫, ૧૯૮૬, ૧૯૮૭માં કચ્છમાં ભયંકર દુષ્કાળ પડેલા અને પછી વખતો વખત પડતા દુષ્કાળો-વાવાઝોડા-અતિવૃષ્ટિ વચ્ચે પણ માલધારીઓ અને પશુ પાલકો પોતાના પશુધનને બચાવવા માટે સતત સંઘર્ષ કરતા રહ્યા.

કચ્છ જિલ્લામાં મહાજનો દ્વારા જીવદયાની પ્રવૃત્તિઓના કારણે પાંજરાપોળો, પાંગળાપોળો અને ગૌશાળાઓમાં હજારો પશુઓને બચાવવાનું કાર્ય અવિરત આગળ વધતું રહ્યું. આ જીવદયાના કાર્યોને જોઇ પશુઓની પોકાર સાંભળી અને પ્રભુ પણ ભૂકંપ પછીના છેલ્લા દાયકામાં વરસાદ દ્વારા અમીધારા વરસાવતા રહ્યા અને જાણે પશુ વ્યવસાય સાથે સંકળાયેલા અને જીવદયાની પ્રવૃત્તિઓમાં કામ કરતી સંસ્થાઓમાં પ્રાણ પુરાયો. માત્રને માત્ર પશુધનને બચાવવાના સંકલ્પમાંથી રાહત મળતાં તેઓ પશુધન અને તેમાં પણ ગાય માતાનું માત્ર દૂધ જ નહીં ગૌમૂત્ર છાણ સર્વેના ઉપયોગ અને તેમાંથી બનતી દવાઓ-ખાતર વગેરેના ઉપયોગ માટે વિચારતા થયા. છેલ્લા બે થી ત્રણ વર્ષ દરમ્યાન ડેરી ઉદ્યોગના વિકાસના કારણે જે દૂધ દસથી બાર રૂપિયામાં લેવા કોઈ તૈયાર ન હતું તે દૂધના ભાવ રૂ. ૨૫.૦૦ (પચ્ચીસ) સુધી પહોંચ્યા અને પશુપાલકોના જીવમાં જાણે જીવ આવ્યો હોય તેવું દેખાવા લાગ્યું.



**શ્રી તારાચંદ જગશીભાઈ છેડા**નો જન્મ તા. ૧૪-૭-૧૯૫૧ના રોજ થયો અને મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યા બાદ તરુણ વયથી જ રાજકારણને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. ૧૯૭૫માં મુંદ્રા તાલુકા પંચાયત ઉપપ્રમુખ બન્યા અને ૧૯૮૦માં કચ્છ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદે રહ્યા. ૧૯૯૦માં અબડાસામાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ૧૯૯૦ અને ૨૦૦૫ દરમિયાન કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખપદે રહ્યા. રાજકારણ અને સેવાક્ષેત્ર એક સિક્કાની બે બાજુ છે એવું માનતા શ્રી છેડા અનેક સેવાભાવી સંસ્થા સાથે સક્રિય રીતે જોડાયેલા છે. તબીબી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૨૦૦૩માં રાજ્ય સરકારનો એવૉર્ડ મેળવ્યો. સાથે સાથે શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજનના અધ્યક્ષ બની સાર્વજનિક સેવા કાર્યો કર્યા. રોગચાળો વકર્યો ત્યારે ગામડાંઓમાં તબીબી કેમ્પો યોજી "માંગો ત્યાં મેડિકલ કેમ્પ" એ સૂત્ર વહેતું કર્યું અને હજારો દર્દીને રાહત પહોંચાડી. ભૂકંપમાં બેઘર બનેલાઓ માટે અનેક દાતાઓની મદદથી ૨૬૦૦ જેટલા મકાનો ટૂંકાગાળામાં ઊભા કર્યા. કચ્છ જેવા વિશાળ જિલ્લામાં એક છેડાથી બીજા છેડા સુધી વિસ્તરેલા તેમના સેવાકાર્યોએ તેમને અપ્રતિમ લોકપ્રિયતા બક્ષી છે.



પાંજરાપોળો અને ગૌશાળાઓમાં પણ જાણે ક્રાંતિની શુભ શરૂઆત થઇ હોય તેમ સંચાલકોનું વલણ બદલાયું અને ગાયના દૂધ, ગૌમૂત્ર અને છાણમાંથી વિવિધ પેદાશો લેવાનું કાર્ય હાથ ઉપર લેવામાં આવ્યું. દરેક પાંજરાપોળો એ પશુસંવર્ધનના કાર્યમાં કંઇક ને કંઇક નવું કરવાની દિશામાં વિચાર કરતી થઇ અને શ્વેત ક્રાંતિ તરફ પગલાં ભરવાનું શરૂ કર્યું. મને લાગે છે કે છેલ્લો દાયકો જેમ સરસ ગયો છે તેમ આગામી દાયકો પણ સરસ જાય અને રાજ્યની સરકાર પશુપાલન અને કૃષિને ઉત્તેજન આપવા માટે જે કાર્ય કરી રહી છે તે જોતાં કચ્છમાં જે સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે તેમાં પશુપાલન ક્ષેત્રે પણ ખૂબજ વિકાસની તકો રહેલી છે. અને નવા અભિગમના કારણે કચ્છ અન્ય વસ્તુઓનું હબ બન્યું છે તેમ દૂધનું પણ હબ બને તે દિવસો દૂર નથી. સામાન્ય કુટુંબ પણ સારી ઓલાદની બે થી ત્રણ ગાયો રાખે તો પંદરથી વીસ હજાર રૂપિયા મહિને કમાઇ શકે તેવું દૂધ ડેરીના કારણે વાતાવરણ નિર્માણ થતું જાય છે અને મહાત્મા ગાંધીજીની કલ્પના પ્રમાણે ગામડું ઊભું થતું જાય છે. ગ્રામ સ્વરાજયનો સંકલ્પ સાકાર થાય તેવું સ્પષ્ટ ચિત્ર દેખાતું જાય છે અને ફરી આ દેશમાં "દૂધ ઘી ની નદીઓ વહેતી હતી" તે ઉક્તિ નિર્માણ થશે


કચ્છ ગઇ કાલ આજ અને આવતી કાલ" વિશ્વને ગૌધન પશુધન તેમની ઉપયોગિતા અને તેમાંથી થતા મનુષ્ય જીવનમાં ફાયદા બતાવતું માધ્યમ બનશે.

*૧૩, 'માતુશ્રી' નિર્મલસિંહજીની વાડી, ભાનુશાલી નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

**માણસ ગમે તેટલો સારો હોય, પણ બીજા માણસ પર એની સંમતિ વિના શાસન કરવાને એ લાયક નથી.**

# કચ્છનાં ઇતિહાસમાં જૈન યતિ આચાર્યોનું વિદ્યાભ્યાસમાં પ્રદાન

● પુષ્પદાન શંભુદાન ગઢવી ●



**શ્રી પુષ્પદાન શંભુદાન ગઢવી**નો જન્મ ભુજમાં ૧૯૪૦માં થયો. તેઓ બી.એ., બી.કોમ., એલએલ.બી.ની ઉપાધિ ધરાવે છે અને વ્યવસાયે વકીલ છે. ૧૯૭૭થી સમાજસેવાના કાર્યમાં જોડાયેલા છે. તેઓ કચ્છ જિલ્લામાંથી સતત ચાર વખત લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા છે અને એ દરમિયાન લોકસભાની જુદી જુદી સમિતિ ઉપર ચૂંટાતા આવ્યા છે.

સામાજિક અને શૈક્ષણિક કાર્યમાં રસ લઈને એમાં કાર્યરત રહે છે. તેઓ ગ્રામ્ય સ્પોર્ટસના વિકાસમાં, દુષ્કાળ દરમિયાન પાણીની અછતને પહોંચી વળવા, ખેતીવાડી અને તેનાં કાર્યો, કચ્છમાં ઈકો-ટૂરિઝમના વિકાસ માટે કાર્યરત છે.

તેઓના શોખમાં ફૂટબોલ, સ્વીમિંગ, ફોલ્ક સંગીત મુખ્ય છે. તેઓએ વ્યાપક વિદેશ પ્રવાસ ખેડ્યો છે.

હાલ તેઓ શિવશક્તિ સ્ટડી સર્કલના ટ્રસ્ટી છે.

કચ્છના ઇતિહાસમાં વિદ્યાભ્યાસ ક્ષેત્રે જૈન યતિ આચાર્યોનું બહુ મોટું પ્રદાન છે.

ભગવાન મહાવીર સ્વામીનાં વખતમાં અને તેથી પહેલાનાં યુગમાં વિદ્યાભ્યાસ અને સાહિત્યમાં સંસ્કૃત ભાષાનું અતિ મહત્ત્વ હતું, પરંતુ કાળક્રમે સામાન્ય સમાજ વર્ગ આ ભાષાનાં અધ્યયનથી અને શિક્ષણ પ્રાપ્ત કરવામાં વંચિત થતાં. જૈન સંપ્રદાયમાં પ્રાકૃત ભાષાને મહત્ત્વ આપવામાં આવ્યું અને ધાર્મિક તથા સાહિત્યને લગતા શિક્ષણમાં પ્રાકૃત ભાષાનો ફેલાવો વધારવામાં આવતાં સમાજનાં બહોળા વર્ગને તેથી ઘણો લાભ થયો.

લગભગ એજ અરસામાં આપણે સામાન્ય રીતે જેને લોક સાહિત્ય અને ચારણી સાહિત્ય તરીકે ઓળખીએ છીએ તે સાહિત્યમાં પણ વ્રજભાષા, ડિંગલ અને પિંગલ સાહિત્યનો એટલે કે પ્રાકૃત ભાષાનો પ્રચાર પ્રસાર વધતા આવા સાહિત્ય દ્વારા બહોળા જન સમાજમાં શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિનાં જતનનો વ્યાપ વધવાથી આમ લોકોને બહુ મોટો લાભ થયો.

કચ્છ રાજયમાં રાજવી પરિવારના વિદ્યાભ્યાસનાં પ્રાથમિક ગુરુ તરીકે અચલગચ્છ ફિરકાના જૈન યતિ આચાર્યો જ રહ્યા છે અને જે પરંપરા રાઓશ્રી ખેંગારજી પહેલાના વખતથી એટલે કે લગભગ સને ૧૬૦૫ના અરસાથી કચ્છના હાલના મહારાઓશ્રી પ્રાગમલજી ત્રીજાનાં સમય સુધી જળવાઈ રહેલ છે.

રાઓશ્રી ખેંગારજી પહેલાએ કચ્છની રાજ્ય સત્તા સંવત ૧૫૬૬ના અરસામાં પ્રાપ્ત કરી હતી. તેમને આ સત્તા મળતાં, ચરાડવાથી જૈન યતિ શ્રી માણેક મેરજીને ખૂબ જ સન્માન અને આદરપૂર્વક કચ્છમાં બોલાવી તેઓને રાજવી પરિવારના ગુરુપદે સ્થાપી મોટી પોશાળ જાગીરનાં અધ્યક્ષપદે નિયુક્ત કર્યા હતા અને અંજાર તાલુકાનું વીરા ગામ તેઓને તેમની જાગીર તરીકે બક્ષિસ આપ્યું હતું. ત્યારથી એક એવી પરંપરાની સ્થાપના કરવામાં આવી હતી કે રાજવી પરિવારના સદસ્યને પ્રથમ અક્ષરજ્ઞાન આ મોટી પોશાળ જાગીરના અધ્યક્ષ દ્વારા આપવામાં આવે અને સાથે "ૐ નમો સિદ્ધાય" નો ગુરુ મંત્ર પણ આપવામાં આવતો. જે પરંપરા સંવત ૨૦૦૪ સુધી અવિરતપણે જળવાઈ હતી. જે અંગેના તમામ રેકર્ડ વગેરેની માહિતી હાલનાં જાગીર અધ્યક્ષશ્રી પ્રવીણ મેરજી ગોરજી પાસે છે. તેમજ રાઓશ્રી ખેંગારજી પહેલાને જૈન યતિ આચાર્ય માણેક મેરજી દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી આપવામાં આવેલ દિવ્ય સાંગ તેઓની પાસે છે, જે સાંગની શાસ્ત્રોક્ત પૂજન વિધિ દર વર્ષે દશેરાના દિવસે રાજવી પરિવારના સદસ્યો અને શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ અને સર્વે સદસ્યશ્રીઓ અને ભુજનાં પ્રજાજનો દ્વારા કરવામાં આવે છે.

વર્તમાન મોટી પોશાળ જાગીરનાં અધ્યક્ષશ્રી પ્રવીણ મેરજી ગોરજી છે. તેઓશ્રી જ્યોતિષ, યોગ, મંત્ર, તંત્રની વિદ્યામાં નિષ્ણાત છે. આજે પણ ઘણા લોકો અને ખાસ કરીને વિદેશીઓ તેમની આ વિદ્યાનો લાભ લેવા મુલાકાત લે છે. તેઓશ્રીએ આ જાગીરના કયા અધ્યક્ષે કયા રાજવીને ગુરુજ્ઞાન આપ્યું તેની સંક્ષિપ્તમાં જે વિગત જણાવી છે આ પછીના પાના ઉપર છાપેલ ટેબલ પ્રમાણે છે.

આ વ્રજભાષા પાઠશાળામાં તથા તેમાં અભ્યાસ કરી ગયેલા કવિઓના કૃતિત્વ વિષય પર કચ્છ આદિપુરના ડૉ. નિર્મલાબહેન આસનાનીએ એક શોધ નિબંધ લખી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી છે. તેઓએ

*ભૂલોને આવતી રોકવા બધાં બારણાં બંધ કરી દેશો, તો પછી સત્ય ક્યાં થઈને આવશે?*

## કચ્છના રાજવીઓ તથા ગોરજીની વંશાવલી

| ક્રમ | રાવશ્રી | ગુરુ | ગાદીએ બેઠા | સ્વ. થયા |
|---|---|---|---|---|
| ૧. | રાવશ્રી ખેંગારજી પહેલા | માણેક મેરજી | શા. ૧૫૬૬ | શા. ૧૬૪૨ |
| ૨. | રાવશ્રી ભારમલજી પહેલા | વિમલ મેરજી | શા. ૧૬૪૨ | શા. ૧૬૮૮ |
| ૩. | રાવશ્રી ભોજરાજજી | ગણપત મેરજી/પદમ મેરજી | શા. ૧૬૮૮ | શા. ૧૭૦૨ |
| ૪. | રાવશ્રી ખેંગારજી બીજા | જ્ઞાન મેરજી | શા. ૧૭૦૨ | શા. ૧૭૧૧ |
| ૫. | રાવશ્રી તમાચીજી | સુમિત મેરજી | શા. ૧૭૧૧ | શા. ૧૭૨૨ |
| ૬. | રાવશ્રી રાયધણજી પહેલા | નરસિંહ મેરજી | શા. ૧૭૨૨ | શા. ૧૭૫૪ |
| ૭. | રાવશ્રી પ્રાગમલજી પહેલા | નરસિંહ મેરજી | શા. ૧૭૫૪ | શા. ૧૭૭૨ |
| ૮. | રાવશ્રી ગોડજી પહેલા | નરસિંહ મેરજી | શા. ૧૭૭૨ | શા. ૧૭૭૫ |
| ૯. | રાવશ્રી દેશલજી | નરસિંહ મેરજી | શા. ૧૭૭૫ | શા. ૧૮૦૮ |
| ૧૦. | રાવશ્રી લખપતજી | જેરાજ મેરજી | શા. ૧૮૦૮ | શા. ૧૮૧૭ |
| ૧૧. | રાવશ્રી ગોડજી બીજા | પદમ મેરજી | શા. ૧૮૧૭ | શા. ૧૮૩૫ |
| ૧૨. | રાવશ્રી રાયધણજી બીજા | વિશનજી | શા. ૧૮૩૫ | શા. ૧૮૭૦ |
| ૧૩. | રાવશ્રી ભારમલ્લજી બીજા | જાદવ મેરજી ચેલા કુંવરજી | શા. ૧૮૭૦ | શા. ૧૮૭૫ |
| ૧૪. | મહારાવશ્રી દેશલજી બીજા | જાદવ મેરજી ચેલા રાધવજી | શા. ૧૮૭૫ | શા. ૧૯૧૭ |
| ૧૫. | મહારાવશ્રી પ્રાગમલ્લજી બીજા | રાધવ મેરજી | શા. ૧૯૧૭ | શા. ૧૯૩૨ |
| ૧૬. | મહારાવશ્રી ખેંગારજી ત્રીજા | જેરાજ મેરજી | શા. ૧૯૩૨ | શા. ૧૯૯૮ |
| ૧૭. | મહારાવશ્રી વિજયરાજજી | પદમ મેરજી | શા. ૧૯૯૮ | શા. ૨૦૦૪ |
| ૧૮. | મહારાવશ્રી મદનસિંહજી | ભદ્ર મેરજી | શા. ૨૦૦૪ | શા. ૨૦૪૭ |
| ૧૯. | મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા | ભદ્ર મેરજી | શા. ૨૦૪૭ | |

પોતાના શોધ નિબંધમાં આ પાઠશાળાના આચાર્યપદે જે જૈન યતિ આચાર્યોએ સેવા આપી છે. જેની વિગત સંક્ષિપ્તમાં નીચે જણાવ્યા પ્રમાણે જણાવી છે.

(૧) ભટ્ટારક કનક કુશલ

(૨) કુંવર કુશલ

(૩) વીર કુશલ

(૪) રાજ કુશલ

(૫) જય કુશલ

(૬) ધર્મ કુશલ

(૭) વલ્લભ કુશલ

(૮) જીવન કુશલ

(૯) ભક્તિ કુશલ

મહારાઓશ્રી દેશલજીનાં રાજકવિ અને મહારાઓશ્રી લખપતજીનાં વિદ્યાગુરુ શ્રી હમીરજી રત્નુએ વ્રજભાષા પાઠશાળામાં અભ્યાસ કરાવવા માટે "લખપતિ નામ માલા", "લખપતિ પિંગલ", "ડિંગલ કોશ", "હમીર નામ માલા" જેવા છંદશાસ્ત્રના ગ્રંથોની રચના કરી હતી અને રાજ કવિ હમીરજી રત્નુના તથા પાઠશાળાના પ્રથમ આચાર્ય જૈન યતિ કનક કુશલજીનાં માર્ગદર્શનમાં મહારાઓશ્રી લખપતજીએ પોતે પણ છંદ શાસ્ત્રનાં ઘણા મૌલિક ગ્રંથોની રચના કરી હતી તેમજ ઋતુકાલીન અને સમીક્ષાત્મક ઘણા શ્રેષ્ઠ ગ્રંથોનું સંપાદન કર્યું હતું. મહારાઓશ્રી લખપતજી દ્વારા રચિત ગ્રંથોની વિગત ડૉ. નિર્મલાબહેન પોતાના શોધ ગ્રંથમાં નીચે જણાવ્યા મુજબ જણાવી છે.

(૧) લખપતિ શૃંગાર

(૨) લખપતિ માન મંજરી

(૩) સુરતરંગિણી

(૪) મૃદંગ મોહરા

(૫) રાગ સાગર

(૬) સદા શિવ વ્યાહ

(૭) લખપતિ ભક્તિ વિલાસ

સંગીત તથા નૃત્ય કલાના ઉત્કર્ષ માટે મહારાઓશ્રી લખપતજીએ શ્રી મયારામ ચૌહાણ અને તેના પુત્રને આમેર (જયપુર)થી ખાસ બોલાવી સાત લાખ કોરીનાં ખર્ચે સંગીત શાળાની સ્થાપના કરી હતી. તદ્દુપરાંત રામસિંહ માલમને કચ્છમાં આશ્રય આપી તેના દ્વારા ઉદ્યોગોના વિકાસ માટે હુન્નર શાળાની સ્થાપના કરી હતી.

વ્રજભાષા પાઠશાળાના જૈન આચાર્યો દ્વારા નાની પોશાળ સ્થાપવામાં આવેલ. તેનું

*માનવી વાપરી શકે એવી મહામૂલ્યવાન ચીજ કોઈ હોય તો તે સમય છે.*

મકાન ભુજ મધ્યે શરાફ બજારમાં આવેલ. જેમાં પાછળથી શેઠ શ્રી રાઘવજી માધવજી જૈન ભોજનશાળા ચલાવવામાં આવતી હતી.

અને વ્રજભાષા પાઠશાળા શરૂઆતમાં નાની પોશાળનાં મકાનમાં હતી ત્યારબાદ તે પાઠશાળાને ભુજ શહેરના સરપટ નાકા પાસે આવેલ હાથી સ્થાનનાં સામેના ભાગે આવેલ મકાનમાં ચાલુ કરવામાં આવી હતી જે મકાનમાં હાલે ભુજ શહેરની પ્રાથમિક શાળા નં.-૫ ચાલે છે.

અને ત્યારબાદ સ્વામી જ્ઞાનનંદજીએ તેમનાં વેદાંત શ્રવણનાં અભ્યાસ માટે બે માળનું મકાન ભુજ મધ્યે આશાપુરાજીનાં મંદિરના પાછળના ભાગે બનાવેલ. તે મકાનમાં વ્રજભાષા પાઠશાળા ચલાવવામાં આવતી હતી અને પાઠશાળાને ૧૯૪૭ પછી કોઇ રાજ્યાશ્રય નહિ મળતા તે બંધ થઇ જવા પામી છે.

શ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળાના પ્રથમ આચાર્ય ભટ્ટારક કનક કુશલના દ્વારા સ્થાપવામાં આવેલ નાની પોશાળ જાગીરનું મકાન ઉપર જણાવ્યા મુજબ ભુજ મધ્યે શરાફ બજારમાં આવેલ. જે મકાનો વહીવટ તથા આ જૈન યતિઓને બક્ષિસમાં આપવામાં આવેલ. રેહા જાગીરનો વહીવટ જૈન જ્ઞાતિનાં આગેવાનો દ્વારા થતો તેવી માહિતી છે પરંતુ હાલે આ મકાનનો કબજો અને વહીવટ કોણ કરે છે તેમજ આ જૈન યતિ આચાર્ય પરંપરામાં હાલે કોઇ જૈન યતિ આચાર્ય છે કે કેમ તેની માહિતીની વિગતો મેળવવી જોઇએ.

ઉપરોક્ત વિગતે મોટી પોશાળના જાગીરાધ્યક્ષ દ્વારા કચ્છનાં રાજવી પરિવારને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવતું હતું. અને નાની પોશાળનાં જૈન યતિ આચાર્યો દ્વારા રાઓશ્રી લખપતજી દ્વારા સ્થાપવામાં આવેલ પાઠશાળામાં આચાર્યપદે રહીને પિંગલ તથા ડિંગલ સાહિત્યનો વિધિવત્ અભ્યાસ કરાવવામાં આવતો હતો. તે રીતે કચ્છના વિદ્યાભ્યાસમાં જૈન યતિ આચાર્યોનું પ્રદાન ખૂબ મોટું અને અતિ મહત્ત્વનું હતું.

*એમ-૮, ઓધવરામ એપાર્ટમેન્ટ*
*રેડિયો સ્ટેશન સામે, ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*

## દેશના યુવાનોને સંદેશ

મારી પાસે આપણા દેશના યુવાનોને આપવાનો સંદેશ છે. બધા જ યુવાનો પાસે અદમ્ય ચેતના હોવી જોઈએ. આ અદમ્ય ચેતનાનાં બે પાસાં છે : એક, તમારી પાસે ધ્યેય હોવું જોઈએ અને પછી તેના માટે સખત કામ કરવાનું છે. બીજું, કામ કરતા હોય ત્યારે તમારે કેટલાક પ્રશ્નોનો જરૂર સામનો કરવો પડશે. આવા સંયોગોમાં, આ પ્રશ્નોને તમારા માલિક બનવા ન દેશો. તેને બદલે તમે જ તેના માલિક બનજો. તેને પરાજિત કરજો અને સફળ થજો. સદ્નસીબે, આપણા દેશ પાસે યુવાધન બહોળું છે. યુવાનોનાં પ્રજ્વલિત મગજો બીજાં કોઈ પણ સંસાધન કરતાં વધારે મહાન સંસાધન છે. જ્યારે આ પ્રજ્વલિત મગજો કામ કરે છે, અને અદમ્ય ચેતના સાથે, તો સમૃદ્ધ, સુખી અને સલામત ભારત થવાની ખાતરી છે.

*— ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ*
*સાભાર : "ભારતીય ચેતના"*

**વ્યક્તિ વિશેષ**

વ્યક્તિ વિશેષ

# કચ્છી અગ્રણી સપૂત તુલસીદાસ મૂળજી શેઠ

• સંજય ઠાકર •

સુપ્રસિદ્ધ કચ્છી સપૂત, કચ્છના પૂર્વ સાંસદ અને પ્રથમ કલેક્ટર તુલસીદાસ મૂળજી (ટી.એમ.) શેઠનો જન્મ ૪થી ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ મુંદ્રા ખાતે કચ્છી લોહાણા કુટુંબમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ જન્મભૂમિ મુંદ્રામાં પ્રાપ્ત કર્યું. માધ્યમિક શિક્ષણ આર.ડી. ઈંગ્લીશ સ્કૂલ મુંદ્રા તથા ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ ભુજમાં પ્રાપ્ત કર્યું. ફર્ગ્યુસન કૉલેજ પૂના, ગુજરાત કોલેજ અમદાવાદ, યુનિવર્સિટી સ્કુલ ઓફ ઇકોનોમિક્સ એન્ડ સોશિયોલોજી મુંબઇ, ગવર્નમેન્ટ લૉ કૉલેજ - મુંબઇ, લિકન્સ ઇન લંડન વગેરે સ્થળોએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું અને એમ.એ., એલ.એલ.બી.ની ઉપાધિ હાંસલ કરી હતી.

કચ્છમાં કચ્છી પ્રજાકીય પરિષદની કાર્યવિધિ સાથે અને યુસુફ મહેરઅલી સાથે રહી ૧૯૩૭-૩૮ના અરસામાં સ્વાતંત્ર્ય ચળવળની ચિનગારી કચ્છમાં પેટાવવાના પ્રયત્નો કરનાર તુલસીદાસ શેઠ કચ્છના હિત માટે ઝઝુમ્યા હતા. લોકહિતના કાર્યો કરવાની તે વખતના મહારાવશ્રીની ઑફર સ્વીકારી તેમણે રેવન્યુ કમિશનર તરીકે અને પાછળથી ભારતને આઝાદી મળ્યા બાદ કચ્છના પ્રથમ કલેક્ટર તરીકે યશસ્વી કામગીરી કરી હતી. તેજસ્વી પ્રતિભા ધરાવતા તુલસીદાસભાઇ ૧૯૫૨માં કચ્છના પ્રથમ આઇ.એ.એસ. થયા. શ્રી કુંદનભાઇ ધોળકિયા "શ્રુતિ અને સ્મૃતિ : કચ્છ"માં નોંધે છે કે, 'બાર વર્ષ સુધી પ્રથમ કમિશનર અને પછી કલેક્ટર તરીકે રહેલ એક પ્રગતિશીલ અધિકારી અને ૧૯૬૭થી ૧૯૭૧ પાર્લામેન્ટમાં લોકસભામાં સભ્ય તરીકે સેવા આપનાર શ્રી શેઠ અનોખી વ્યક્તિ હતા. સારસ્વતમની જેવી શિક્ષણ સંસ્થાના જન્મદાતા તરીકે તેમનું નામ ચિરંજીવ રહેશે.'



**શ્રી તુલસીદાસ મૂળજી શેઠ**

**• જીવનયાત્રા •**

**તા. ૪-૮-૧૯૦૮થી તા. ૨-૨-૧૯૭૪**

૧૯૪૦માં કચ્છ દુષ્કાળ રાહત સમિતિના તેઓ ઓર્ગેનાઇઝર બન્યા હતા અને રાહતકામે સિંધનો પ્રવાસ કર્યો હતો. કચ્છની ખેતી અને કચ્છના ખેડૂતોને અકલ્પ્ય ફાયદો કરી આપ્યો તે આજે પણ બુઝુર્ગો યાદ કરે છે. કચ્છના ખેડૂતોને અતિશય ત્રાસદાયક એવી ભાગબટાઈની પ્રથા નાબૂદ કરવાના પ્રથમ ચરણમાં તેમણે રાજાશાહીમાં પણ ઉઘડ સુખડી બાંધી આપવાની પ્રથા દાખલ કરેલી અને ઘણા ખેડૂતોએ તેનો લાભ લીધો હતો. સ્વતંત્રતા મળ્યા પછી કચ્છમાં 'ક' વર્ગનું રાજ્ય રચાતાં તેઓ કચ્છના કલેક્ટર બન્યા પછી પ્રથમ કામ તેમણે રોકડ મહેસૂલ દાખલ કરવાનું કર્યું અને ચારેક વર્ષોની મહેનત પછી ૧૯૫૨માં તેમણે ભાગબટાઇ નાબૂદ કરી વિઘાટી પ્રથા દાખલ કરી મહેસૂલી દફ્તર તે મુજબ તૈયાર કરાવી અમલમાં મૂકવાનું ક્રાંતિકારી પગલું ભર્યું હતું. કલેક્ટર કચેરી તરફથી ઓક્ટો. ૧૯૫૦થી તેમણે પાક્ષિક પત્રિકા શરૂ કરાવી જે કચ્છની જનતામાં ભારે આવકાર પામી હતી. "આપણું કચ્છ : વિકાસના તેર વર્ષ" સ્મરણિકા (૧૯૬૨)માં નોંધાયા મુજબ, 'ભારતને આઝાદી મળી અને ખેડૂતના ભાગ્યનું ચક્ર ફર્યું. કચ્છને 'ક' વર્ગનો દરજ્જો મળ્યો. લાગાલગમ અને ભાગબટાઇ જેવા બોજાઓમાંથી તેને મુક્ત કરવાના શ્રીગણેશ મંડાયા... ૧૯૪૯ના ૨૧મી નવેમ્બરે કચ્છ સરકારે કચ્છભરમાંથી લેવાતા અયોગ્ય લાગાલગમો રદ જાહેર કર્યા. આઝાદી પછી કચ્છી ખેડૂતોની આર્થિક મુક્તિનું આ સૌ પ્રથમ આશાસ્પદ સોપાન કચ્છના મહેસૂલી વહીવટમાં એક સીમાચિહ્ન સમું બની રહ્યું... લાગાલગમ પછી બીજો અગત્યનો પ્રશ્ન ભાગબટાઈની નાબૂદીનો કચ્છ કોંગ્રેસે હાથ ધર્યો. ભારત સરકારે આ પ્રશ્નની તપાસ કરવા એક અધિકારીની નિમણૂક કરી. કચ્છના ઉત્સાહી અને વતનપ્રેમી સપૂત તુલસીદાસભાઇ કલેક્ટરના સ્થાને હતા તેમણે અને સરકારી અધિકારીઓએ સાથે મળીને ભાગબટાઇ નાબૂદીની અને વિઘાટીની વચગાળાની વ્યવસ્થા તૈયાર કરી. પ્રશ્ન અટપટો હતો અને રાજ્યને નુકસાન ન જાય એ જોવાની તેમને સૂચના અપાઇ હતી. એ વચ્ચે તેમણે માર્ગ શોધ્યો. ૧૯૫૨ની જુલાઈની દસમી તારીખે કચ્છની એડવાઇઝરી કાઉન્સિલની સંમતિથી ભાગબટાઈની પ્રથા નાબૂદ કરવાનો નિર્ણય લેવાયો અને ૨૫મી જુલાઇના રોજ તેની સત્તાવાર જાહેરાત થઇ.'

જાણીતા લેખક શ્રી શશીકાંતભાઇ એમ. ઠક્કર લખે છે તેમ, '૧૯૫૬-૫૭ના અરસામાં કચ્છમાંથી ગરાસદારી નાબૂદી માટે પણ

*બહુ થોડા લોકોને ખબર છે કે તેમને શું જોઈએ છે અને બહુ થોડા લોકો જાણે છે કે તેમને શાની જરૂર છે.*

તુલસીદાસ શેઠે પાયાનું કામ કર્યું હતું અને ગામેગામના આ માટેના જરૂરી દફતરો તૈયાર કરાવ્યા હતા... શ્રી શેઠ દર વર્ષે તેમના ખાતામાં જે જે કર્મચારીઓ શૈક્ષણિક પરીક્ષાઓ પાસ કરતા તેમને ખાસ પ્રોત્સાહન આપતા. એટલું જ નહિ પણ કચ્છમાં સૌપ્રથમ ૧૯૫૩ માં કૉલેજની સ્થાપના થઇ ત્યારે ખાતાકીય કર્મચારીઓને તેમાં દાખલ થવા માટેની સૌપ્રથમ પરવાનગી તેમણે આપેલી અને જરૂરી સુવિધાઓ પણ કરી આપેલી... કચ્છમાં સૌપ્રથમ પંચાયતરાજનો પાયો પણ શ્રી શેઠે નાંખ્યો હતો. ૧૯૫૨માં સૌપ્રથમ દસેક ગ્રામ પંચાયતોની સ્થાપના કરવામાં તેમણે પોતાની વગ અને દીર્ઘદૃષ્ટિનો અનેરો પરિચય આપ્યો હતો... કચ્છના 'ક' વર્ગના રાજ્યના સમય દરમિયાન જિલ્લા કક્ષાના લગભગ પચીસેક ખાતાઓનો હવાલો આ એક જ અધિકારીએ સફળતાપૂર્વક સંભાળીને અનેકવિધ બાબતોમાં કચ્છને પોતાની સેવાઓ આપી હતી અને છતાં છેક છેલ્લે સુધી તેઓએ પોતાની જાતને અકિંચન રાખી હતી.

નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ ગુજરાત હાઇકોર્ટમાં તેમણે વકીલાત કરી હતી. તેઓ બાહોશ વકીલ તરીકે જાણીતા હતા. સાથે ભારત સોલ્ટ એન્ડ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર રહ્યા હતા. ૧૯૬૭માં કોંગ્રેસની ટિકિટ ઉપર કચ્છમાંથી લોકસભાની બેઠક માટે ચૂંટાયા. ચૂંટણીમાં એમના પ્રતિસ્પર્ધી સ્વતંત્ર પક્ષના હિંમતસિંહજી જાડેજા સામે તેઓ ૬,૬૭૫ મતથી વિજયી થયા હતા. સંસદસભ્યના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે રેલવે, રસ્તાઓ, શિક્ષણ, ડેરી ઉદ્યોગ, નમક ઉદ્યોગની મુશ્કેલીઓનું નિવારણ, નર્મદાના પાણીની ફાળવણી અને બન્ની વિસ્તારના વિકાસ બાબતમાં લગનપૂર્વક કામ કર્યું હતું. ૧૯૬૯માં કોંગ્રેસના ભાગલા વખતે તટસ્થ રહ્યા, ત્યારબાદ રાજકારણથી અલિપ્ત બની રચનાત્મક - શૈક્ષણિક પ્રવૃત્તિમાં કાર્યરત બન્યા.

કચ્છના શિક્ષણ ક્ષેત્રની અગ્રીમ સંસ્થા સારસ્વતમ્‌ની તેમણે ૧૯૬૮માં સ્થાપના કરી હતી. તેની પ્રથમ બેઠક મુંદ્રા ખાતે તેમના માર્ગદર્શનમાં મળી હતી. કચ્છની ગ્રામ કેળવણી માટે આ સંસ્થા મારફતે તેઓએ શિક્ષણજ્યોત પ્રગટાવી હતી. એમના પ્રમુખપદે સારસ્વતમ્‌ની સંખ્યાબંધ હાઇસ્કૂલોની ગ્રામ્ય વિસ્તારોમાં રચના થઇ જે આજે પણ શિક્ષણ પ્રસાર કરી રહી છે.

તેઓ શિક્ષણપ્રેમી અને વિસ્મરણીય સજ્જન હતા. તેઓ શેઠ આર.ડી. એજ્યુ. ટ્રસ્ટ, મુંદ્રાના ટ્રસ્ટી હતા અને મુંદ્રામાં કૉલેજ ઑફ એજ્યુકેશન (બી.એડ.) સ્થાપવામાં તેમની ભૂમિકા મુખ્ય હતી. તેઓ જમનાબાઇ ડુંગરશી કન્યા છાત્રાલય, રાજબાઇ ચેરિટેબલ ટ્રસ્ટ, પાર્વતીબાઇ ચેરિ. ટ્રસ્ટ, લોહાણા બોર્ડિંગ-ભુજ, હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા ટ્રસ્ટના ટ્રસ્ટીપદે રહ્યાં હતાં અને સેવા પ્રવૃત્તિઓ ચલાવી હતી. ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરિટી અને કચ્છ હાથવણાટ સંઘના ચેરમેન બન્યા હતા અને સરવન્ટ ઓફ પીપલ સોસાયટીના એસો. મેમ્બર રહ્યાં હતા. કચ્છ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ. બેન્ક લિ. ભુજના ડાયરેક્ટર વરાયા હતા. ૧૯૭૩માં ગાંધીધામમાં કચ્છી ભાષા વિકાસ સભાની રચના થઇ, તેના પ્રથમ પ્રમુખપદે તે વરાયા હતા. કચ્છી ભાષાના વિકાસ માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા હતા. સારસ્વતમ્ સંસ્થાએ તેના સંસ્થાપકની જન્મ શતાબ્દીની અનેરી ઉજવણી 'વેકેશન શાળા કાર્યક્રમ' દ્વારા મે-૨૦૦૮માં કરી હતી.

કચ્છમાં વિવિધક્ષેત્રે સેવા આપનાર સમાજદ્યોતક વિરલ પ્રતિભા અને જાહેરજીવનના આ અભ્યાસુ અગ્રણીનું ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૭૪ના ૬૬ વર્ષની વયે નિધન થયું હતું. તેમનું અવસાન કચ્છ આવતાં હૃદયરોગના હુમલામાં અમદાવાદ રેલવે સ્ટેશને થયું હતું. એમના માનમાં સ્મૃતિગ્રંથ પણ પ્રકાશિત થયેલ છે. ■

## કહાં હો તુમ જરા આવાઝ દો....

(અનુસંધાન : પાના નં.-૧૯૮ ઉપરથી ચાલુ)

'માશુકા' તૈયાર થઇ રહી હતી. ભોળા સ્વભાવવાળા મુકેશે તે ફિલ્મના ગીતો માટેના કરાર પર સહી તો કરી પરંતુ તેમાં સુરૈયા તરફની એવી શરત પણ હતી કે જ્યાં સુધી 'માશુકા' ફિલ્મ પૂરી થાય નહીં ત્યાં સુધી મુકેશ બીજી કોઇપણ ફિલ્મમાં ગાઇ શકશે નહીં. તે વખતે રાજકપૂરની ફિલ્મ 'શ્રી ૪૨૦' માટેના બે ગીતો મુકેશે રેકોર્ડ કરાવ્યા હતા, ત્યાં ઉપરોક્ત 'માશુકા'ના કરાર મુજબ 'શ્રી ૪૨૦'નાં બાકીના ગીતો પણ મુકેશ ગાઇ ના શક્યા એટલે 'શ્રી ૪૨૦' નાં બાકીના ગીતો મન્નાડે ને ગાવા મળી ગયા. તેવી રીતે, મદ્રાસની ફિલ્મ 'ચોરી ચોરી'માં મુકેશનું એકપણ ગીત આવ્યું નહીં. કમનસીબે 'માશુકા'નું શુટિંગ આગળ વધતું નહોતું, એના પરિણામે મુકેશને આર્થિક રીતે ઘણું સહન કરવું પડ્યું. ફિલ્મી દુનિયાની આવી વિચિત્ર બાબતો ઘણી હોય છે, જેમાંની બધી વિગત બહાર આવતી નથી.

મોન્ટ્રેલ (કેનેડા)માં તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૭૬નાં લતાજીની સાથે કોન્સર્ટનો ભવ્ય કાર્યક્રમ શરૂ થવાની તૈયારી હતી... ત્યારે જ મુકેશે લતાજીને બોલાવીને કહ્યું કે 'મારી તબિયત બગડતી હોય તેવું લાગે છે... અવાજ પણ બરાબર નથી.' લતાજીએ તરત નિર્ણય બદલાવ્યો. નીતિન મુકેશને તરત જ મુકેશે 'કભી કભી મેરે દિલમેં ખ્યાલ આતા હૈ...' ગાવાની લાઇન આપી દીધી હતી. ખૂણામાં બેઠેલા મુકેશની આંખો ભીની થઇ ગઇ હતી. મુકેશને કદાચ કોઇ સંકેત મળી ગયો હતો... 'સજન રે જૂઠ મત બોલો ખુદા કે પાસ જાના હૈ....' એમને શ્રદ્ધાંજલિ માટે એમણે જ ગાયેલા ગીતની પંક્તિ.....

*"ચંદ દિન થા બસેરા હમારા યહાં,*
*હમ ભી મેહમા થે... ઘર તો ઉસ પાર થા,*
*હમ સફર એક દિન તો બિછડના હી થા,*
*અલવિદા, અલવિદા, અલવિદા...."*

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટીસના બંગલા પાસે, જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## વ્યક્તિ વિશેષ

# કચ્છના ભેખધારી પત્રકાર અને સ્વાતંત્ર્યસેનાની ફૂલશંકર પટ્ટણી

• સંજય ઠાકર •

કચ્છના ભેખધારી પત્રકાર, 'જયકચ્છ' સાપ્તાહિકના આદ્ય અધિપતિ, કચ્છના સંનિષ્ઠ અગ્રણી, આમજનતાના અવાજ અને સ્વાતંત્ર્ય સેનાની ફૂલશંકર હિંમતરામ પટ્ટણીનો જન્મ વડનગરા નાગર કુટુંબમાં ૫મી ઓગસ્ટ, ૧૯૦૬ના રોજ ભુજ ખાતે થયો હતો. (કેટલાક સંદર્ભોમાં જન્મ વર્ષ ૧૯૦૫ પણ જોવા મળે છે) માત્ર દસ માસમાં જ માતાનું સાંસારિક સામાજિક અનિષ્ઠ ઘટનાઓને કારણે અવસાન થતાં માસી-માસાએ તેમનો ઉછેર કર્યો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રથમ અંજાર અને ભુજમાં લઇ ૧૯૨૧થી મુંબઇની ગોકુલદાસ તેજપાલ (જી.ટી.) હાઇસ્કૂલમાં દાખલ થયા.

જી.ટી. હાઈસ્કૂલના અભ્યાસ દરમ્યાન ફૂલશંકરભાઇએ મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી શાળાનો બહિષ્કાર કરી રાષ્ટ્રીય શાળામાં જોડાયા અને ગુજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષા, કે જે મેટ્રિકની સમકક્ષ ગણાય છે તે પસાર કરી. અસહકાર લડત-સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન રેંટિયા પ્રવૃત્તિ-કોંગ્રેસ બુલેટિન વહેંચતા સોટીનો માર સહન કરવો પડ્યો. ૧૯૨૫માં કચ્છમાં વિવિધ સ્થળે (વાંકુ, કોટડા-રોહા અને કોટડી-મહાદેવપુરીમાં) શિક્ષક તરીકે નોકરી કરી. ૧૯૨૫-૨૯ દરમ્યાન મુંબઇના 'સ્વદેશ' તથા અમદાવાદના 'નૂતન ગુજરાત' સાપ્તાહિકના પ્રતિનિધિ તરીકે કામ કર્યું.

૧૯૩૦માં અંજારમાં કચ્છી પ્રજાકીય પરિષદ ભરાઇ ત્યારે શિક્ષકની નોકરીને તિલાંજલિ આપી પરિષદના પ્રચારક તરીકે તેઓ જોડાઇ ગયા. ૧૯૩૦-૩૨ દરમિયાન નીડર પત્રકાર છગનલાલ ભવાનીશંકર મહેતાના તંત્રીપદે અમદાવાદથી બહાર પડતા સાપ્તાહિક 'કચ્છ વર્તમાન'માં મદદનીશ તંત્રી તરીકે સેવા આપી. ૧૯૩૨-૩૪ના ગાળામાં કચ્છ પ્રજામંડળની પત્રિકા 'વતન' સાપ્તાહિક (મુંબઇ)ના સંપાદક તરીકે સેવા આપનાર ફૂલશંકરભાઇએ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ના રોજ મુંબઇથી 'જયકચ્છ'નો પ્રારંભ કર્યો. પણ તેના સમાચારો અને લખાણોથી 'જયકચ્છ' પર કચ્છ રાજ્યનો ખોફ ઊતર્યો અને બદનક્ષીના કેસ શરૂ થયા. કચ્છ એ દેશી રાજ્ય હતું. અહીં કોઇ નાગરિક પ્રિન્ટીંગ પ્રેસ ધરાવી શકે નહીં, બહારથી આવતા વૃત્તપત્રોને જપ્ત કરાય. આવા કપરા સંજોગો વચ્ચે 'જયકચ્છ' શરૂ કરનાર ફૂલશંકરભાઇએ અનેક વિટંબણા, આર્થિક ખેંચ, પ્રલોભનો વચ્ચે પણ એકલવીરની જેમ જીવનના અંતિમ શ્વાસ સુધી તે ચાલુ રાખ્યું હતું.



**શ્રી ફૂલશંકર પટ્ટણી**

**• જીવનયાત્રા •**

**તા. ૫-૮-૧૯૦૬થી તા. ૮-૧૨-૧૯૯૨**

૧૯૩૫-૩૬માં રાપરના ફોજદાર દ્વારા નગરપારકર (સિંધ)માં બદનક્ષી કેસ કરાયો. કેસ લડવા ફૂલશંકરભાઇએ રણની કપરી યાત્રા કરી. આટલે દૂર સાક્ષી વગેરે રજૂ ન કરી શકતાં દંડ ઝીકવામાં આવ્યો. ૧૯૩૭માં જાદવજી બુદ્ધભટ્ટી તરફથી બદનક્ષી કેસ થયો. પ્રથમ છુટકારો પછી દંડ અને અંતે સમાધાન સધાયું. કોઇની શેહશરમ રાખ્યા વિના, કચ્છ રાજની બદીઓને ઉઘાડે છોગે આલેખનાર ફૂલશંકરભાઇ નિર્ભિક કલમના સ્વામી હતા.

૧૯૩૯માં કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી તરીકે જવાબદારી સંભાળી જવાબદાર રાજ્યતંત્રની લડતમાં ભાગ લીધો. કચ્છના આ નીડર પત્રકાર અને સત્યાગ્રહોમાં અગ્રેસર રહેનાર જાહેર જીવનના કાર્યકરને રંજાડવામાં આવતા હતા. ૧૯૪૦માં ડૉ. જાદવજી હંસરાજે બદનક્ષી કેસ કરતા દંડ ભરવો પડ્યો. ૨૯મી માર્ચ, ૧૯૪૦ના 'જયકચ્છ' ઉપર કચ્છ દરબાર દ્વારા પ્રતિબંધ લદાયો.

કચ્છ રાજ્યે 'જયકચ્છ'ના લખાણોને બેદિલી ફેલાવનાર જણાવી તેની સામે કચ્છમાં પ્રવેશબંધી ફરમાવતા 'જયકચ્છ'ની આવૃત્તિને 'કચ્છ વિજય' નામ આપી કચ્છમાં મોકલી, તો તેના ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. કચ્છપત્રિકા, જાગૃત કચ્છ, કચ્છ સમાચાર પર પણ પ્રતિબંધ લદાયો. હેન્ડબિલ સ્વરૂપે પ્રકાશિત કર્યું તો તે પણ પ્રતિબંધિત જાહેર થયું! છેવટે, 'જીએરા' તરીકે બહાર પાડ્યું તો પ્રતિબંધ ન લદાયો!

રાજના સત્તાધીશ હોય, અમલદાર હોય, રાજવી કુટુંબ સાથે નજીકનો નાતો ધરાવનાર મોવડી હોય કે પછી પ્રજાકીય પરિષદના કોઇ અગ્રણી હોય ફૂલશંકરભાઇ 'જયકચ્છ'માં જાનના જોખમે ઉધડો લઇ લેતા. એમના સપાટામાં અનેક અગ્રણીઓ-અમલદારો આવી જતા. આમ છતાં બધા સાથે તેઓ અંગત મીઠાશ જાળવી રાખતા હતા. પત્રકારત્વ ક્ષેત્રની સુદીર્ઘ કારકિર્દી દરમિયાન તેમણે સિદ્ધાંતનિષ્ઠા, સત્યનિષ્ઠા અને અખબારી ધર્મ

*કામનાને કારણે જ ખામી છે, કામનાથી રહિત થવાથી કોઇપણ ખોટ રહેશે નહિ.*

(નીતિ) સાથે ક્યારેય બાંધછોડ નહોતી કરી. અનેક કઠણાઈઓ અને તવાઈઓ વચ્ચે પણ અડીખમ-અણનમ રહ્યાં હતા.

૧૯૪૫થી '૪૮ દરમ્યાન કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી તરીકે સત્યાગ્રહો, કાર્યક્રમો અને લડતોમાં સતત પ્રવૃત્ત રહેનાર ફૂલશંકરભાઇ કચ્છના ભારતમાં વિલીનીકરણ અને કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવાની માંગણી અર્થે ૧૫મી એપ્રિલ, ૧૯૪૮ના દિલ્હી ગયેલા પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે જોડાયા હતા. ૨૫મી ઓક્ટોબર, ૧૯૪૯થી 'જયકચ્છ' મુંબઇથી કચ્છ લાવ્યા. શરૂમાં તે માંડવીથી પ્રસિદ્ધ થતું. ત્યારબાદ ભુજથી પ્રસિદ્ધ થઇ રહ્યું છે. ૧૯૫૨ની ચૂંટણી વખતે કચ્છ કોંગ્રેસે તે ખરીદી લેવા ફૂલશંકરભાઇને ઑફર કરી ત્યારે તેમણે કહ્યું, 'જયકચ્છ' મારું સંતાન છે. પિતા પોતાના સંતાનને વેચે નહીં.

ફૂલશંકરભાઇ કચ્છના જાહેર જીવનના ઘડવૈયા ગુલાબશંકર અ. ધોળકિયાના જમાઇ હતા. તેઓ બંનેએ અનેક યાતનાઓ વેઠીને, પ્રલોભનોને જતાં કરીને કચ્છી પ્રજાકીય પરિષદ દ્વારા કચ્છના જાહેર જીવનને સમૃદ્ધ કર્યું છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ૧૯૫૭માં ફૂલશંકરભાઇ ભુજ નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયા અને ઉપપ્રમુખપદે વરણી પામ્યા. તેમના પત્ની જ્યોત્સનાબહેન (ભંડુબહેન) પટ્ટણી (૧૯૧૦-૧૯૮૯) પણ નગરપાલિકામાં ચૂંટાયા હતા. ૧૯૬૭માં ભુજ વિધાનસભા બેઠક ચૂંટણીમાં ફૂલશંકરભાઇએ ઉમેદવારી કરી હતી. ૧૯૬૯માં સ્વતંત્ર પક્ષના મંત્રી બનનાર ફૂલશંકરભાઈએ ૧૯૭૧થી '૭૫ દરમિયાન સંસ્થા કોંગ્રેસના મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. તેઓ નગરસભા ઉપરાંત શિક્ષકસંઘ, ભારત સેવક સમાજ, રેલવે સલાહકાર સમિતિ, કચ્છ પ્રેસ ક્લબ, લઘુ અખબાર સંઘ સાથે સંકળાયેલા રહ્યા હતા. ૯મી ફેબ્રુઆરી, ૧૯૮૦ના ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે મુંબઇ ખાતે જાહેર સન્માન અને થેલી અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. ૧૯૮૩માં વડોદરા સંસ્કાર મંડળ દ્વારા તેમનું સન્માન થયું હતું.

કચ્છની પત્રકાર આલમના ભીષ્મ પિતામહ સમા ઝૂઝાર પત્રકાર અને આઝાદીના લડવૈયા-ગાંધી મૂલ્યોમાં માનનાર નેતા ફૂલશંકરભાઇનું ૮મી ડિસેમ્બર, ૧૯૯૨ના ૮૭ વર્ષની પાકટ વયે ભુજ ખાતે દેહાવસાન થયું. તેમની સ્મૃતિમાં 'ફૂલશંકર પટ્ટણી સ્મારક સમિતિ' કાર્યરત છે અને દર વર્ષે પત્રકારત્વ ક્ષેત્રના તેજસ્વી વિદ્યાર્થીઓ, કચ્છી પત્રકાર-સંશોધક-લેખકને સન્માનવા સાથે અન્ય કાર્યક્રમો યોજે છે. કચ્છના સૌથી જૂના અખબાર તરીકે સન્માન પ્રાપ્ત કરનાર 'જયકચ્છ' સાપ્તાહિક આજે પણ પોતાની આગવી ઓળખ સાથે (૭૨ વર્ષથી) નિયમિત રીતે ભુજથી પ્રગટ થઇ રહ્યું છે! આ પત્રના તંત્રીપદે ફૂલશંકરભાઇના પૌત્ર તેજસભાઇ ચંદ્રવદન પટ્ટણી કાર્યરત છે. ભુજમાં નાગર ચકલા (લક્ષ્મીદાસ કામદારના મકાન-જૂની નવયુગ લોજ)થી પશુ દવાખાના થઇ નાગરવાડી તથા મોડર્ન ટોકિઝથી સ્વ. પ્રભાશંકર સોમપુરાના મકાન સુધીના માર્ગને 'સ્વ. ફૂલશંકર પટ્ટણી' નામ અપાયું છે.■

## માનવજાતિની ઉન્નતિનાં અવરોધક તત્ત્વો વિદારવાની મનોભાવના

*અમે સમજીએ છીએ કે અમારા આ નવા કાર્યક્ષેત્ર વચ્ચે શી શી આફતો ખડી છે, અમે જાણીએ છીએ કે આ નવા પંથમાં શી શી મુસીબતો ઊભેલી છે. અમે એ વાતથી સંપૂર્ણ જ્ઞાત છીએ કે રાહમાં કેવી કેવી અને કઈ કઈ આડખિલીઓ નડે છે અને અમે સમજીએ છીએ કે આ પુષ્પ વેરેલ કંટકરાહ છે. છતાંય અમે તેમાં પગલા માંડીએ છીએ, છતાંય તે પંથે જવા અમે લલચાયા છીએ, છતાંય એ જોખમો વહોરવા અમે હામ ભીડી છે.*

*કારણ? કારણ કોઈ પૂછશો ના! અમને અંતરનો આદેશ થયો હોવાનું અમે કહેતા નથી, અમને ઈશ્વરી પ્રેરણા મળી હોવાનું અમે જાણતા નથી અને છાપાના તંત્રી થવાની લાલસા અમારે હૈયે જાગી નથી. અમે તો શુદ્ધ બુદ્ધિથી સેવાના આ ક્ષેત્રમાં ઝંપલાવીએ છીએ, પરિવર્તનશીલ ભાવના જગાવવાના મનોરથોથી અમે આ બેધારી તલવાર પર ચાલવા લલચાયા છીએ. સ્વચ્છંદાચાર, અત્યાચાર, પાખંડ, કુપ્રથા, આપખુદી અને એવાં એવાં માનવજાતિની ઉન્નતિનાં અવરોધક તત્ત્વો વિદારવા અમારી મનોભાવના છે. આઝાદ હિંદમાં એક પ્રતિભાશાળી એકમ તરીકે કચ્છનું સ્થાન નિર્મિત કરાવવા અમારી તમન્ના છે, કારમી કંગાળિયતમાં સબડી રહેલ કચ્છના કિસાનોના રાહબર થવા, પીડિતોના આર્તનાદને નાબૂદ કરવા, પ્રયત્નશીલ થવા અને રાજ્યતંત્રને-પ્રજાને જવાબદાર બનાવવા પ્રજામત કેળવવા આ પત્રનું પ્રકાશન યોજાયું છે.*

*અમે એ જાતનો પ્રચાર કરીશું કે કઈ જાતનું રાજતંત્ર હોવું જોઈએ. તે નક્કી કરવાનો પૂરેપૂરો અને મૂળભૂત-જન્મસિદ્ધ હક્ક-અધિકાર પ્રજાનો જ છે.*

*'જય કચ્છ'નો કચ્છી જનતાને કોલ છે કે તે જીવશે ત્યાં લગી કોઈ પક્ષનું વાજિંત્ર નહીં બને, કોઈની ખોટી ખુશામત નહીં કરે, કોઈની શેહમાં નહીં તણાય, એ કચ્છના રાજકીય પીડિતોના આર્તનાદનું વાજિંત્ર બનશે, એ કચ્છના કિસાનોના ઉદ્ધારકાર્ય માટેનું વાજિંત્ર બનશે, એ કચ્છને જવાબદાર રાજતંત્ર આપવાના પ્રયાસ અંગેનું વાજિંત્ર બનશે.*

***('જય કચ્છ' ના સર્વપ્રથમ અંક તા. ૨૨-૯-૧૯૩૪, શનિવારના તંત્રી લેખના કેટલાક અંશ)***

# નાના ગજાના મહામાનવ - શ્રી મહેન્દ્રભાઇ ગઢવી

• અશોક મહેતા •


૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના ભારત દેશ આઝાદ થયો. વર્ષોની ગુલામી બાદ સ્વતંત્રતાની પ્રભાત ઊગી. અનેક લોકોના દિલ મહેકી ઊઠ્યા. જૂના દિવસો ભૂલીને ભવિષ્ય ઉજજ્વળ છે એ આશાએ ઝૂમી રહ્યા. આ દેશનો એકેએક નેતા અને પ્રજા હર્ષોલ્લાસમાં હતા.

થોડા ઠરીઠામ થયા પછી આર્થિક આબાદી કઇ રીતે મેળવી શકાય તેની વિચારણાઓ શરૂ થઇ. મહાત્મા ગાંધીજીના ગ્રામસ્વરાજની વાત તો હતીજ. અર્થશાસ્ત્રીઓ કામે લાગ્યા. આયોજનો વિચારાયા. પંચવર્ષીય યોજનાઓ અમલમાં આવી. અન્ય યોજનાઓ પણ વિચારાઇ. તેના પણ અમલીકરણ કરવામાં આવ્યા. પરંતુ આઝાદીના ૬૦થી પણ વધુ વર્ષો બાદ આપણે અવલોકન કરીએ તો આજે આ દેશની ૭૦ ટકા પ્રજા ગરીબી રેખાની નીચે જીવી રહી છે. આયોજનોમાં આપણે સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છીએ.

આ દેશના અર્થશાસ્ત્રીઓને આજે ભારત દેશની આર્થિક પ્રગતિ થયેલ જોવી છે. કદાચ તેઓના માપદંડ અલગ હશે કે જે સામાન્ય પ્રજાના મગજમાં ઉતરી શકે તેવા હોતા નથી. અન્ય દેશોની સાથે ભારતની પ્રગતિની સરખામણી કરવામાં આવે છે. જે દેશનો જીડીપી રેશિયો-ગ્રોથ રેશિયો વધુ હોય એ દેશ આર્થિક રીતે સદ્ધર. રેસમાં તેનો ઘોડો સહુથી આગળ. પછી ભલેને એ ગ્રોથ દેશના અમુક મામૂલી લોકોનો હોય. આ દેશના બધાજ નાગરિકોનો સમાન દૃષ્ટિએ વિકાસ થાય એ હકીકત તજજ્ઞ અર્થશાસ્ત્રીઓની દૃષ્ટિએ દ્વિતીય ક્રમમાં રહેવા પામેલ હશે. આ દેશના એક જ શહેરમાં એક કુટુંબ ૨૭ માળની ઈમારત ચણી, તેમના પરિવારના ૪ સભ્યો સાથે અને ૨૦૦થી વધુ નોકર-ચાકર સાથે રહી શકે છે. જ્યારે એજ શહેરમાં અન્ય તરફ એશિયાની સહુથી મોટી, કદાચ દુનિયાની સહુથી મોટી ઝૂંપડપટ્ટી આવેલ છે કે જેમાં સેંકડો નહીં પરંતુ હજારો માનવોના નિવાસસ્થાન છે. આપણા જ અર્થશાસ્ત્રીઓની નીતિના કારણે આ છે આજે આપણા દેશની પરિસ્થિતિ!

આ દેશમાં સમજુ વર્ગ પણ છે. પરંતુ તેની માત્રા ખૂબજ અલ્પ પ્રમાણમાં છે. તેઓ મહાત્મા ગાંધીજીના ગ્રામસ્વરાજની વાત ભૂલ્યા નથી. આ દેશમાં પથરાયેલા હજારોની સંખ્યાના ગામડાના અદનામાં અદના માનવના વિકાસની વાત લક્ષમાં રાખી આયોજનો વિચારી રહ્યા છે. વિકાસના ફળ એકે-એક વ્યક્તિને મળે તે માટે ચિંતિત છે. આ દિશામાં તેઓ પોતાની શક્તિ મુજબ તનતોડ પ્રયાસ કરી રહેલ છે. ભારત દેશનો ગ્રોથ રેશિયો દુનિયાના દેશોની સરખામણીમાં અવ્વલ નંબરે રહે, એ વાત સાથે આ વર્ગને કોઇ મતલબ નથી.

મંગલ મંદિરના વાચકવર્ગને આ લેખ દ્વારા નાના ગજાના એક એવા મહામાનવનો પરિચય કરાવવા પ્રયાસ કરવામાં આવેલ છે કે જે પોતાના ક્ષેત્રમાં રહી પોતાના ભાઇઓના વિકાસની ખેવના રાખી રહેલ છે. તેટલું જ નહીં પરંતુ તે માટે તનતોડ પ્રયાસ પણ જારી રાખેલ છે.



**શ્રી મહેન્દ્રભાઇ ગઢવી**
**સરપંચશ્રી, ભુજપુર જુથ ગ્રામ પંચાયત**

નામ છે શ્રી મહેન્દ્ર નારાયણ ગઢવી. ઉંમર વર્ષ ૪૨. અભ્યાસ એસ.એસ.સી. (૧૦ ધોરણ) ચાર ભાઇઓનો સંયુક્ત પરિવાર. વ્યવસાય ખેતીનો. ભુજપુરમાં ૧૪ એકર જમીનમાં ખેતી કરે છે. અન્ય ગામોમાં પણ ખેતીની જમીન ધરાવે છે અને ત્યાં પણ ખેતી કરે છે.

જન્મ ૧૯૬૯માં. પંદર વર્ષની ઉંમરે ગામની શાળામાંથી એસ.એસ.સી. પાસ કરી. એ સમયે હજુ હાયર સેકન્ડરી સ્કૂલ ન હતી. અભ્યાસ પૂરો કરી, ખેતીના વ્યવસાયમાં પિતાશ્રી સાથે જોડાઇ ગયા.

પરંતુ જીવ જાહેર જીવનનો. એકજ સ્થળે ઠરીઠામ થઇને ના રહે. સંતોષી સ્વભાવ નહીં. બાલ્યાવસ્થાથી જ આર.એસ.એસ. સાથે જોડાયેલ હતા. વર્ષ ૧૯૮૬માં મુંદ્રા તાલુકા શારીરિક શિક્ષણ સમિતિના પ્રમુખ બની સામાજિક સેવાની કારકિર્દી શરૂ કરી.

૧૯૯૨માં અયોધ્યાના રામ મંદિરની કાર્યવાહીમાં સક્રિય ભાગ લીધો. મુંદ્રા તાલુકાના સંયોજક તરીકે ૪૦ કારસેવકો સાથે અયોધ્યામાં ઉપસ્થિત રહ્યા. ૧૯૯૪ સુધી આ પ્રકારની કાર્યવાહી ચાલુ રહી.

*ઈર્ષારહિત સ્પર્ધા જ સફળતા અપાવે છે.*

૧૯૯૪માં ભારતીય કિસાન સંઘની મુંદ્રા તાલુકા સમિતિના મહામંત્રી તરીકેની જવાબદારી સ્વીકારી. વર્ષ ૨૦૦૨ સુધી ગામડાઓના કિસાનોના હિતના કાર્યો પર પોતાનું લક્ષ પૂરેપૂરું કેન્દ્રિત કર્યું. આ વર્ષો દરમ્યાન નીચે મુજબના કાર્યો પણ મુખ્યત્વે રહ્યા.

★ ૧૯૯૪માં કાપાત-નવી દિલ્હીના સહયોગથી ભુજપુર ગામમાં રૂા. ૧૫ લાખના અંદાજિત ખર્ચથી એક ચેક ડૅમ બનાવડાવ્યો.

★ એ સમયે સમગ્ર કચ્છમાં નર્મદા નદીના સિંચાઇના પાણી માટે આંદોલન ચાલી રહેલ હતું. કચ્છની વિવિધ સામાજિક સંસ્થાઓના સંયોજનથી ૧૧ સભ્યોની એક સમિતિ બનાવવામાં આવી. ભારતીય કિસાન સંઘની કચ્છ શાખાના સભ્યની રાહે તેઓ આ સમિતિમાં નિમણૂક પામ્યા. એજ પ્રકારે વી.આર.ટી.આઇ., ઇન્ટુક, ચેમ્બર ઑફ કોમર્સ-ગાંધીધામ વગેરે સંસ્થાઓમાંથી પણ અન્ય લોકો આ સમિતિના સભ્યો તરીકે મૂકાયા. ભુજમાં એક મહા રેલીનું આયોજન કરી, કલેક્ટરશ્રીને આવેદન આપવામાં આવ્યું.

★ તાલુકાના દરેક ગામમાં કિસાન સંઘની ગ્રામ સમિતિઓ બનાવી, તાલુકા કક્ષાએ તાલુકા સંગઠન ઊભું કર્યું. કિસાનોના હિત માટે સિમાચિહ્નરૂપ અનેક કાર્યોના અમલીકરણ કરાવ્યા.

વર્ષ ૨૦૦૩ની ભુજપુર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તેઓ તથા તેમના માતુશ્રી એમ બંને જણ ઊભા રહ્યા અને ચૂંટાઇ આવ્યા. તેમના માતુશ્રી મેઘબાઇ નારાયણ ગઢવી સરપંચ તરીકે ચૂંટાઇ આવ્યા. શ્રી મહેન્દ્રભાઇએ ગ્રામ પંચાયતની કાર્યવાહીમાં સક્રિય ભાગ લીધો. તેઓશ્રી કારોબારી અધ્યક્ષના પદ પર રહી સેવા આપતા રહ્યા.

વર્ષ ૨૦૦૬માં કચ્છ જિલ્લાની ૫૦૦૦થી ઉપરની જનસંખ્યાના ગ્રામજૂથની હરીફાઇમાં ભાગ લઇ, બીજા નંબરની શ્રેષ્ઠ પંચાયત તરીકે હરીફાઇ જીત્યા. વ્યક્તિગત રીતે સરપંચશ્રીને રૂા. ૨૦,૦૦૦/- નું ઇનામ મળ્યું, જ્યારે ભુજપુર ગ્રામ પંચાયતને ગ્રાન્ટ સ્વરૂપે રૂા. ૪૫.૦૦ લાખ જિલ્લા પંચાયતે આપ્યા.




વર્ષ ૨૦૦૭ની ભુજપુર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શ્રી મહેન્દ્રભાઇ ગઢવી સરપંચ તરીકે ચૂંટાઇ આવ્યા. ત્રિપાંખીયા જંગમાં તેમની પેનલ ભારે બહુમતીથી ચૂંટાઇ આવી. તેમની પેનલના ૧૪ સભ્યોમાંથી ૧૧ સભ્યો ચૂંટાઇને આવ્યા, કે જે તેમની લોકપ્રિયતાનું પ્રમાણપત્ર હતું.

તેમના માતુશ્રી તથા તેઓ પોતે જે સમયગાળામાં સરપંચ તરીકે રહ્યા, એ દરમ્યાન તેઓએ નીચે મુજબના નોંધપાત્ર કાર્યો પાર પાડ્યા.

● **કાર્યોનો શુભારંભ :**

★ વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ ભુજપુર ગ્રામપંચાયતની લાઇબ્રેરી જે ક્ષતિગ્રસ્ત થઇ જવાથી બંધ પડી ગયેલ હતી, તેના ખંડેરોમાંથી પુસ્તકો બહાર કાઢી, તેને વ્યવસ્થિત કરાવી, વાંચવાલાયક બનાવ્યા. અહીં અમૃતલાલ શામજી ભેદાની કાર્યવાહી તેઓશ્રીને ખૂબ મદદરૂપ બની રહી.

★ ભુજપુર ગામના અમેરિકા સ્થિત દાતાશ્રી પીટર ભેદાનો આર્થિક સહયોગ મેળવી, લાઇબ્રેરીના મકાનની મરામત કરાવી, તેજ સ્થળે લાઇબ્રેરી પુનઃ શરૂ કરાવડાવી.

● **પાણી પ્રશ્નના કાર્યો :-**

★ વર્ષ ૨૦૦૫માં મોટી ભુજપુર, નાની ભુજપુર તથા પ્રતાપર ગ્રામજૂથને સાંકડી એક વિશાળ યોજનાનું આયોજન ગોઠવ્યું. પાણી પ્રશ્ને કાર્યરત 'વાસ્મો'ના સહકારથી અંદાજિત રૂા. ૫૦/- લાખના ખર્ચે ઠેર ઠેર ટાંકાઓ બનાવડાવ્યા, ઑવરહેડ ટાંકીઓ બનાવડાવી અને પાઇપલાઇન દ્વારા ત્રણે ગામના દરેક ઘેર પાણી પહોંચે તેવા આયોજનો અમલમાં મૂકાવડાવ્યા. આ કાર્યમાં લોકસહયોગ તરીકે ૧૦ ટકાના ખર્ચ સ્વરૂપે શ્રી ભુજપુર ક.વી.ઓ. સર્વોદય ટ્રસ્ટનો સહયોગ મેળવ્યો.

★ વર્ષ ૨૦૦૫થી વર્ષ ૨૦૦૯ના અંત સુધીમાં ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, સર રતન ટાટા ચેરિટેબલ ટ્રસ્ટ, ભુજપુર જૂથ ગ્રામપંચાયત તથા લોક સહયોગથી ભુજપુર ગામ તથા તેની આજુબાજુના વિસ્તારમાં રૂા. ૧.૫૦ કરોડના અંદાજિત ખર્ચથી ૫ નવા તળાવ બનાવડાવ્યા. આ કાર્યમાં લોકસહયોગ તરીકે મામલમાતા ભાવિક સંઘ તરફથી રૂા. ૩ લાખનો લોક સહયોગ મેળવી, આ પાંચ તળાવના નામ મામલસાગર-૧, ૨, ૩, ૪, ૫ આપ્યા.

★ સર રતન ટાટા ટ્રસ્ટ, ભુજપુર જૂથ ગ્રામ પંચાયત તથા અંબે માતા ગ્રૂપના લોક સહયોગથી 'અંબેસાગર' ચેક ડૅમ બનાવડાવ્યો.

★ સરકારશ્રી સાથે રહી ગામની નાગમતી નદી પર ત્રણ મોટા ચેક ડૅમ અંદાજિત રૂા. ૧.૮૦ કરોડ, રૂા. ૩.૨૦ કરોડ તથા રૂા. ૫.૦૦ કરોડનાં ખર્ચે બનાવડાવ્યા.

★ વર્ષ ૨૦૧૦માં અંદાજિત રૂા. ૧૮.૦૦ લાખના ખર્ચે નાગમતી નદીના અંબેસાગર ચેક ડૅમમાંથી ઑવરફ્લો થતા પાણીને અન્ડરગ્રાઉન્ડ પાઇપલાઇન દ્વારા નાની ભુજપુરના ગ્રામ તળાવમાં પહોંચાડી, તેને છલકાવી દીધું. દર વર્ષે આ પ્રક્રિયાનો અમલ થતો રહે તેવી વ્યવસ્થા ગોઠવી.

*માફી આપવી એ મોટાઈનું લક્ષણ છે.*

★ સહયોગી સંસ્થાઓના સહકારથી વર્ષ ૨૦૧૧માં નાની ભુજપુર ગામના બે નાના નાના તળાવોને એક મોટા તળાવમાં ફેરવી, તેમાં પાણી પહોંચાડવાની કાર્યવાહીનો આરંભ કર્યો. સહયોગી સંસ્થા સ્વરૂપે સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટના બે જે.સી.બી. મેળવ્યા. અદાણી ફાઉન્ડેશનનો ડીઝલ સ્વરૂપે સહકાર મેળવ્યો કે જે અંદાજિત રૂા. ૪.૦૦ લાખ જેટલો થવા જશે. લોકસહયોગ સ્વરૂપે માટી લઇ જવા ગામના ખેડૂતોના ટ્રેક્ટરોને કામે લગાડ્યા. રોકડા રૂા. ૮.૦૦ લાખનો અન્ય ખર્ચ થયો કે જે માટીની કિંમત સ્વરૂપે ટ્રેક્ટરવાળાઓ પાસેથી વસૂલ કર્યા તથા તેઓએ જાતે રૂા. ૧.૫૦ લાખનો ફાળો આપ્યો. સમગ્ર કાર્યવાહીનો અંદાજિત ખર્ચ રૂા. ૫૦.૦૦ લાખ જેટલો થવા પામશે. ચાલુ વર્ષ દરમ્યાન આ પ્રોજેક્ટ સંપૂર્ણ થવાની ધારણા રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત સમગ્ર કાર્યવાહી સ્વરૂપે ભુજપુર ગામ આજુબાજના વિસ્તારના પાણી કે જે દર વર્ષે ૨૦ ફૂટ જેટલા ઊંડા જતા હતા તે તો અટકી જવા પામ્યા, પરંતુ તેના બદલે અલગ અલગ વિસ્તારમાં પાણીનું ગ્રાઉન્ડ લેવલ ૫૦ ફૂટથી ૮૦ ફૂટ જેટલું ઉપર આવ્યું. અગાઉ પાણીનું ગ્રાઉન્ડ લેવલ કે જે ૩૮૦ ફૂટ સુધી પહોંચી જવા પામેલ, તે આજે ૩૦૦ ફૂટની આજુબાજુ રહેવા પામેલ છે. પાણી, સુધારેલ બીયારણ તથા આધુનિક ટેક્નિકના કારણે આ વિસ્તારના ખેડૂતોની વાર્ષિક નીપજ સારા એવા પ્રમાણમાં વધી જવા પામી છે. ખેડૂત સુખી થયો છે. તે બે પાંદડે પહોંચવા લાગ્યો છે. ખેડૂતોના મગજમાં વૈજ્ઞાનિક અભિગમ ઉદ્‌ભવતા નજદીકના ભવિષ્યમાં હવે તે મોટી માત્રામાં ડ્રીપ ઇરિગેશન પર ઉતરી જશે તેમાં કોઇ જ શક રહેલ નથી. વિશેષ સ્વરૂપે એ વાતની નોંધ લેવી રહી કે વાર્ષિક ૨૫-૩૦ ઇંચ વરસાદ પડે ત્યાં સુધી પાણીનો એક એક ટીપો સંગ્રહિત થાય અથવા તો જમીનમાં ઉતારી દેવાય. આ પાણી દરિયામાં વહી જવાની કોઇજ શક્યતા રહેવા દીધી નથી.

- **ઇલેક્ટ્રિસિટીને લગતા કાર્યો :-**

જે સમયે ગુજરાત સરકારશ્રીની જ્યોતિગ્રામ યોજનાનો હજુ શુભારંભ પણ થયેલ ન હતો, તેવા સમયે એટલે કે વર્ષ ૨૦૦૫માં ગામના પાણી પુરવઠાને મુશ્કેલી ના પડે તે માટે રૂા. ૧૦.૦૦ લાખનો સરકારશ્રીમાંથી સહયોગ મેળવી, આખા ગામને ૨૪ કલાક વીજળીનો પુરવઠો અવિરતપણે મળતો રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ કે જે અત્યારે પણ સારી રીતે કાર્યરત છે.

- **સફાઇકામને લગતાં કાર્યો :-**

આખા ગામની સફાઇ નિરંતર સ્વરૂપે ચાલતી રહે તે માટે, ગામનો કચરો બહાર ફેંકાવવા માટે બારમા નાણા પંચની યોજનામાંથી રૂા. ૫.૦૦ લાખનો સહયોગ મેળવી એક ટ્રેક્ટર તથા ટ્રોલી વસાવવામાં આવેલ છે. આ આયોજન સારી રીતે કાર્યરત રહેવા પામેલ છે. તેમ છતાં ભુજપુરના સામાન્ય જનને લાગે છે કે આ ક્ષેત્રે હજુ પણ ઘણું થઇ શકે તેમ છે.

- **શિક્ષણને લગતાં કાર્યો :-**

★ વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૦ દરમ્યાન, ઓછામાં ઓછા ૩ ક્લાસરૂમ વાળી, ૪ નવી પ્રાથમિક શાળાઓ મંજૂર કરાવી, રૂા. ૧.૦૦ કરોડ જેટલા અંદાજિત ખર્ચથી તેનાં મકાનો બનાવી, તેને કાર્યરત કરવામાં આવી.

★ ભૂકંપધ્વંશ થયેલ એક પ્રાથમિક શાળાના મકાનને પુનઃ બનાવડાવી, તે શાળાને ફરી કાર્યરત કરવામાં આવી.

★ ભુજપુર ગ્રામ પંચાયતના વિસ્તારમાં હાલે ૧૧ જેટલી પ્રાથમિક શાળાઓ આવેલ છે કે જેમાં અંદાજિત ૨૫૦૦ વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ છે.

★ સરકારશ્રી પાસેથી ૪૫૦ વિદ્યાર્થીની સંખ્યાવાળી હાઇસ્કૂલનો વહીવટ મેળવી, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી તેની કામગીરી સુચારુ સ્વરૂપે ચાલુ રાખવામાં આવેલ છે.

★ સરકારશ્રી પાસેથી મંજૂરી મેળવી, ૧૫૦ વિદ્યાર્થીની સંખ્યાવાળી ઉચ્ચત્તર માધ્યમિક શાળા વર્ષ ૨૦૧૦થી શરૂ કરેલ છે.

- **આરોગ્ય ક્ષેત્રનાં કાર્યો :-**

★ લાયન્સ ક્લબ ઑફ કોચીન, અમેરિકા સ્થિત ગામના દાતાશ્રીઓ તથા મુંબઇ મહાજનનો સહયોગ મેળવી, ભૂકંપમાં ધ્વંશ થયેલ "ભેદા ફ્રી ડિસ્પેન્સરી"નું મકાન શ્રી ભુજપુર સેવા સમાજના માધ્યમથી અંદાજિત રૂા. ૧.૦૦ કરોડના ખર્ચે બનાવડાવી, તેમાં જરૂરી સાધનો વસાવડાવી, એક અદ્યતન ડિસ્પેન્સરી (પબ્લિક હેલ્થ સેન્ટર)નું યુનિટ ચાલુ કરાવડાવ્યું કે જેમાં હાલે દરરોજ ૫૦ થી ૬૦ ની સંખ્યાના દર્દીઓ ઓ.પી.ડી. પેશન્ટ તરીકે સારવાર લઇ રહ્યા છે.

★ અવારનવાર 'બ્લડ કેમ્પ' દ્વારા બ્લડ ડોનેશન મેળવી, તે બ્લડને સુરક્ષિત રાખવા, ભુજની બ્લડ બેંકનો સહયોગ મેળવી, તેને ભુજમાં સ્ટોર કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. ગામના લોકોને જ્યારે બ્લડની જરૂરિયાત પડે ત્યારે આ બ્લડ તેમને વિનામૂલ્યે મળી રહે તેવા આયોજનો ગોઠવવામાં આવેલ છે.

★ જી.એમ.ડી.સી. તરફથી તાલુકા પંચાયતને મળેલ એમ્બ્યુલન્સ વાન, ભુજપુર જૂથ ગ્રામ પંચાયતના નેજા હેઠળ મેળવી, તેને ૨૪ કલાક માટે ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા ગોઠવેલ છે. દરરોજ આ વાનનો ઉપયોગ સારા એવા પ્રમાણમાં થતો રહે છે.

★ ગામના દાતાઓના અંદાજિત રૂા. ૨૫ લાખના સહયોગથી ગામના દર્દીઓને જરૂરિયાત મુજબના કન્સેશનલ દરે અથવા તો વિના મૂલ્યે આરોગ્યની સેવાઓ, જેવી કે હોસ્પિટલાઇઝેશન, ઑપરેશન, વગેરે મળતી રહે તેવી વ્યવસ્થા માંડવીના "તાઇ ફાઉન્ડેશન" સાથે ગોઠવવામાં આવેલ છે.

• **અન્ય કાર્યો :-**

★ દાતાશ્રીઓના સહયોગથી અંદાજિત રૂા. ૮.૦૦ લાખના ખર્ચથી ગામમાં એક અદ્યતન પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યું.

★ અન્ય દાતાશ્રીઓના સહયોગથી, અંદાજિત રૂા. ૨.૦૦ લાખના ખર્ચથી, દરબારી શાળાના બાળકોને રમવા માટે એક મેદાનની ઉપલબ્ધિ કરાવવામાં આવી.

★ ગામના નાના ધંધાર્થીઓને રોજગારલક્ષી તાલીમ અપાવડાવી, ઇ.ડી.આઇ.યુ. ભૂકંપ પુનઃવસન પ્રોજેક્ટ અંતર્ગત, અંદાજિત રૂા. ૧૫.૦૦ લાખના ખર્ચથી આઠ જેટલા ગ્રામહટ બનાવી, જે-તે તાલીમાર્થીને આ દુકાનો ખૂબજ વાજબી ભાડાથી અપાવવામાં આવી.

★ ભુજપુર ક.વી.ઓ. સર્વોદય ટ્રસ્ટ તથા બચુભાઇ લખમશી પરિવાર તરફથી, દરેકના રૂા. ૬.૦૦ લાખના સહયોગથી, ગામના બસ સ્ટેન્ડ પાસે, સ્ત્રી તથા પુરુષ, એમ બંને માટે અલગ અલગ બસ સ્ટેન્ડ બનાવડાવવામાં આવ્યા.

★ ભુજપુર ગામના બસ સ્ટેન્ડ પરના નાના ધંધાર્થીઓ માટે અંદાજિત રૂા. ૨૩.૦૦ લાખના ખર્ચથી, ૩૦ પાકી દુકાનો બનાવડાવી. ત્યારબાદ આ દુકાનો માત્ર રૂા. ૨૫૦૦૦/- ના ટોકન એમાઉન્ટ અને માસિક રૂા. ૨૦૦/- ના ભાડાથી ૩૦ જેટલા દુકાનદારોને ફાળવવામાં આવી. આ કાર્ય માટે પંચાયતના સ્વભંડોળ ઉપરાંત શ્રી રમેશ મગનલાલ દેઢિયા પરિવારનો રૂા. ૩.૦૦ લાખનો સહયોગ મેળવવામાં આવ્યો.

★ ગામના દરેક મુખ્ય રસ્તાઓ સિમેન્ટ કોંક્રીટના બનાવવામાં આવ્યા.

★ મોટી ભુજપુરના જૂના ગામ તળ અને નવા ગામતળ (ખખરાવાસ) વચ્ચે અંદાજિત રૂા. ૩.૦૦ લાખના ખર્ચે વીજળીકરણ કરવામાં આવ્યું.

★ સરકારશ્રી તથા દાતાશ્રીઓનો સહયોગ મેળવી, રૂા. ૮.૦૦ લાખના અંદાજિત ખર્ચથી, હિંદુ સ્મશાન ગૃહને અદ્યતન બનાવવામાં આવ્યું.

★ ગામમાં વિવિધ સમાજવાડીઓ બનાવવા, વ્યક્તિગત સહકાર પણ આપ્યો. મુસ્લિમ સમાજની વાડી માટે રૂા. ૩.૫૦ લાખ, હરિજન સમાજની વાડી માટે રૂા. ૧.૫૦ લાખ તથા ગઢવી સમાજની વાડી માટે રૂા. ૧.૦૦ લાખનો ફાળો, તેઓશ્રીએ પોતાના સ્વભંડોળમાંથી આપેલ.

★ એક અન્ય જનરલ કાર્ય સ્વરૂપે ગામના જરૂરિયાતમંદ તથા બી.પી.એલ. કક્ષાના અંદાજિત ૨૦ જેટલા પરિવારોને દર મહિને રૂા. ૧૦ હજારથી રૂા. ૧૨ હજાર જેટલા અનાજ તથા જીવન-જરૂરિયાતની અન્ય સામગ્રીની સુવિધા નિયમિતપણે અપાય તેવી વ્યવસ્થા ગોઠવી.

• **તેઓશ્રીના ભુજપુર ગામ સિવાયના અન્ય કાર્યો :-**

★ ગઢવી સમાજમાં કચ્છ લેવલે કાર્યરત.

★ અખિલ કચ્છ ચારણ સભાના સભ્ય તરીકે કાર્યરત.

★ કચ્છ વિપશ્યના - બાડાના ટ્રસ્ટી તરીકે કાર્યરત.

• **ભવિષ્યની કામગીરી :-**

★ અંદાજિત રૂા. ૪૫.૦૦ લાખના ખર્ચવાળી ગામની શાક માર્કેટનું કામ હાલે ચાલુ છે.

★ અંદાજિત રૂા. ૨.૦૦ કરોડના ખર્ચથી બીપીએલ પરિવારો માટે આદર્શ સોસાયટીનું નિર્માણ.

• **સારાંશ :**

માત્ર ૪૨ વર્ષની વયના ગામના યુવા સરપંચ, તેમના યશસ્વી પુરોગામીશ્રીઓ શ્રી નવીનભાઇ શેઠિયા, સ્વ. મગનલાલ વેલજી દેઢિયા, સ્વ. ડૉ. હિંમતરામ રાસ્તે, સ્વ. વીરજીભાઇ લીલાધર, સ્વ. ઝવેરીલાલ ભેદા, સ્વ. દાઉદ ખત્રી, શ્રી ધીરજલાલ રામજી દેઢિયા, શ્રી વીરજી દેસર જોશી, શ્રી જોધાજી લાખાજી જાડેજા, સ્વ. મગનભાઇ સોલંકી, શ્રીમતી અનસુયાબહેન એલ. તિલક તથા માતુશ્રી મેઘબાઇ નારાયણ ગઢવીએ કંડારેલ યશસ્વી રાહે ચાલવા ઉપરાંત જરા હટકે, નિત-દિન નવી નવી કેડીઓ કંડારતા જાય છે અને ગામને દિન-પ્રતિદિન નવી નવી સુવિધાઓ પ્રાપ્ત થતી રહે તેવા પ્રયાસો અમલમાં મૂકતા રહે છે.

એક નાના ગામના કાર્યકરનું વિરાટ કાર્ય જોઇ તાજ્જુબ થઇ જવાય છે!

આઝાદી સમયે જે સ્વપ્ન સેવવામાં આવ્યું હતું, જે લક્ષ પર પહોંચવા નિર્ધાર કરવામાં આવ્યો હતો, ગ્રામસ્વરાજની જે પરિકલ્પના કરવામાં આવેલ હતી, એ રાહે આગળ વધી, એ લક્ષ્યો સિદ્ધ કરવા તરફ તેઓશ્રી આગળ ધપી રહેલ છે અને ભારતના ગામડાઓ કઇ રીતે આબાદી તરફ પ્રયાણ કરી શકે તેનો બિલકુલ મૂકપણે રાહ ચિંધી રહેલ છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

**વિચાર વિમર્શ**

# ખોરાકની પસંદગી સ્વાસ્થ્ય માટે કે શાસ્ત્રો આધારે?

• મુરજી ગડા •

જૈન વિચારધારામાં અહિંસાને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે, ખાસ કરીને ખોરાકની પસંદગીમાં. એક એવો વર્ગ છે જેણે દૂધ તેમજ દૂધની બનાવટોનો સદંતર ત્યાગ કર્યો છે. તેઓ પોતાને વેગન ગણાવે છે અને આપણને લેક્ટો વેજિટેરિયન (દૂધ વાપરતા શાકાહારી) કહે છે. બીજા ઘણા પ્રકારના લોકો છે, જેમની શાકાહારની વ્યાખ્યા અને ખાનપાનની મર્યાદા આપણાથી અલગ પડે છે. એના ઊંડાણમાં જવું જરૂરી નથી.

બાળકને શરીરના વિકાસ માટે અને પુખ્ત વયનાઓને શરીર ટકાવી રાખવા માટે સમતોલ આહારની જરૂર પડે છે. દરેક પ્રદેશમાં જે સહેલાઇથી મળતું હતું તે એમનો મુખ્ય ખોરાક બન્યો. પાછળથી ધાર્મિક વિચારધારાઓને લીધે એમાં જરૂરી ફેરફાર થયા.

દૂધમાં પુષ્કળ પ્રમાણમાં પ્રોટીન, કેલ્શિયમ અને જરૂરી વિટામિન હોય છે. ધાર્મિક કારણથી દૂધ ન લેવું હોય તો આ બધા જરૂરી તત્ત્વોનો વિકલ્પ શોધવો પડે જે શાકાહારી માટે થોડું અઘરું છે.

દૂધમાંથી બનતા દહીં, છાશના સેવનમાં સૂક્ષ્મ સ્તરે અહિંસા પાળવી શક્ય નથી. દહીં બનાવવા માટે દૂધમાં ઉમેરાતું મેળવણ બેક્ટેરિયાનો સમૂહ છે. દૂધમાં રહેલ પોષક તત્ત્વોને લીધે આ બેક્ટેરિયા ઝડપથી વધે છે. દહીં છાશના બેક્ટેરિયા આપણી પાચનક્રિયા માટે ઘણા ઉપયોગી છે. એના ત્યાગથી જરૂરી પોષણ ઉપરાંત આ ફાયદો પણ જતો રહે છે.

કેટલીક વાનગીઓના ઘટકમાં આથો લાવવો જરૂરી હોય છે. આ આથો બેક્ટેરિયાને લીધે આવે છે. ક્યારેક આથો લાવવા માટે યીસ્ટ કહેવાતા બેક્ટેરિયા ઉમેરવામાં આવે છે. આટલા સૂક્ષ્મ સ્તરે અહિંસાથી દૂર રહેવું હોય તો આવી બધી વાનગીઓ પણ ત્યજવી પડે. શક્ય છે કે શાસ્ત્રોમાં આવી બાબતોની ચોખવટ નહીં કરી હોય.

હિંસા-અહિંસાની બાબતમાં કુદરત તટસ્થ છે. આપણા શરીરમાં જ મોટી સેના છે જે બહારના જીવાણું સાથે યુદ્ધ કરી આપણું રક્ષણ કરે છે. એ આપણા લોહીમાંના શ્વેતકણો છે.

દહીં, છાશ તેમજ આથાવાળી વાનગીઓમાં રહેલ બેક્ટેરિયા વિશે આ લેખ દ્વારા જેમને ખબર પડી હોય એમને એટલું કહેવાનું કે ધર્મના નામે આ બધું ત્યજી દેવાથી તેઓ પોતાના સ્વાસ્થ્ય સાથે બાંધછોડ કરી રહ્યા છે.

દુનિયાની એંસી ટકા પ્રજા માંસાહારી છે. શાસ્ત્રો પ્રમાણે જીવનભર આવું "ઘોર પાપ" કરનારને પાછો મનુષ્ય અવતાર ન મળે. એ ન્યાયે દુનિયાની માનવ વસતિ સતત ઘટવી જોઇતી હતી. વાસ્તવમાં એ સતત વધી રહી છે. છેલ્લા સો વરસમાં એ બે અબજથી વધી સાત અબજ નજીક પહોંચી છે. આ કેવી રીતે શક્ય બને? આનો ઉત્તર કોણ આપી શકે? એટલું સાબિત થાય છે કે ખોરાકની પસંદગી સાથે પુનર્જન્મનો (જો પુનર્જન્મ હોય તો) સીધો સંબંધ નથી.

આનો અર્થ એમ પણ નથી કે બધા પ્રકારની આહાર પસંદગી સરખી છે. બેશક, **શાકાહારી ભોજન બધી રીતે શ્રેષ્ઠ છે. માણસને એ સંસ્કારિતાના અને સ્વાસ્થ્યના ઊંચા પગથિયે લઇ જાય છે.** અહિંસા ઉપરાંત એની તરફેણમાં બીજા ઘણા મુદ્દા છે. એટલું ખ્યાલ રાખવાનું કે માત્ર ખોરાકની પસંદગી માણસને સારો કે ખરાબ નથી બનાવતી. શાકાહારી ન હોય એવા માણસો પણ પ્રામાણિક, નીતિવાન, અપરિગ્રહી, પ્રકૃતિપ્રેમી, પ્રકૃતિરક્ષક હોઇ શકે છે. ખોરાક એવો ન હોવો જોઇએ કે એનાથી પૂરતું પોષણ ન મળે, એટલો શુષ્ક ન હોવો જોઇએ કે જમવાનું અધૂરું લાગે કે જમવાનો કંટાળો આવે.

અહિંસાના આધારે ખોરાકની પસંદગીની આ વાતો હતી. ખોરાક ઉપરાંત રોજબરોજની અન્ય બાબતોમાં પણ હિંસા-અહિંસાનો વિચાર કરવાનો હોય છે. કાંદા, બટેટા, દૂધ વગેરે ત્યજતાં પહેલાં બીજું ઘણું છોડવા જેવું અને કરવા જેવું છે એની થોડી વાતો કરીએ.

અત્રે ધાર્મિક માન્યતાઓની સમીક્ષાનો પ્રયાસ નથી કર્યો. બલકે આજની વાસ્તવિકતા સાથે એમની વિસંગતિ પ્રકાશમાં લાવવાની કોશિશ કરી છે.

હિંસાને ચાર વર્ગોમાં વહેંચી શકાય : પ્રત્યક્ષ, પરોક્ષ, નિવાર્ય અને અનિવાર્ય. જૈન વિચારધારામાં માનનાર પ્રત્યક્ષ હિંસા ન આચરે એવું સ્વીકારી લઇએ. ખેતીમાં થતી જીવહિંસા અનિવાર્ય છે. આપણે એના પરોક્ષ ભાગીદાર હોવા છતાં ખેત પેદાશનો ઉપયોગ અનિવાર્ય હોવાથી એની ચર્ચા કરવી વ્યર્થ છે. અટકાવી શકાય એવી નિવાર્ય હિંસામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભાગીદાર થતા હોઇએ એવા ઘણા દાખલા છે. અહીં એવા ચાર દૃષ્ટાંતોની વાત કરી છે.

રેશમ કેવી રીતે બને છે એની જેમને ખબર હોય તેઓ રેશમી વસ્ત્રો પહેરવાનો વિચાર સુદ્ધાં ન કરે. જેમને કદાચ ખ્યાલ ન હોય એમને જણાવવાનું કે એક મીટર રેશમનું કાપડ બનાવવામાં લાખો રેશમના કિડાઓનો નાશ કરાય છે.

કારખાનામાં બનતી પ્રાણીજન્ય વસ્તુઓ માટેનો કાચો માલ સીધો કતલખાનામાંથી આવતો હોય છે. એવી વસ્તુઓના બિનજરૂરી વપરાશથી પરોક્ષ રીતે હિંસાના ભાગીદાર

*સમય વેડફો નહિ, જિંદગી સમયની બનેલી છે.*

બનીએ છીએ.

વાહનમાંથી નીકળતા ધૂમાડાથી વાતાવરણ તો બગડે જ છે, સાથે સાથે હવામાંના કેટલાયે સૂક્ષ્મ જીવ પણ મરે છે. જરૂર વગર ગાડી લઇને નીકળી પડતા લોકો પ્રત્યક્ષ રીતે હિંસાના ભાગીદાર બને છે.

આપણા વપરાશની વસ્તુઓ બનાવવામાં જેટલી કુદરતી સંપત્તિ વપરાય છે, જેટલી ઊર્જા વપરાય છે, જેટલું પર્યાવરણ બગડે છે, જેટલો કચરો પેદા થાય છે, જેટલા મજૂરોનું શોષણ થાય છે, જેટલા બાળ મજૂરોનો ઉપયોગ થાય છે એ બધામાં એક પ્રકારની હિંસા રહેલી છે. આપણે જ્યારે પણ કોઇ વસ્તુની ખરીદી કરીએ છીએ ત્યારે પરોક્ષ રીતે આ હિંસાના ભાગીદાર બનીએ છીએ. ખાનપાન બાબતે અહિંસાને એક અંતિમ સુધી લઇ જનાર આવી બાબતો પ્રત્યે સાવ ઉદાસીન રહે તો એમની અહિંસાની સમજ અધૂરી કહેવાય.

બધા પ્રકારની હિંસા બને તેટલી ટાળવાનો સરળ ઉકેલ પણ જૈન વિચારધારામાં છે. એ છે અપરિગ્રહનો. આપણે એને સગવડતાથી હાંસિયામાં ધકેલી દીધો છે. વાસ્તવમાં અહિંસા અને અપરિગ્રહ એકબીજા સાથે અભિન્ન રીતે સંકળાયેલા છે. મોટો પરિગ્રહી અહિંસક ન હોઇ શકે. માણસ જેટલો અપરિગ્રહી એટલો વધુ અહિંસક ગણાય.

અહીં સંસાર છોડીને સાધુ બનવાની વાત નથી કે સ્વેચ્છાએ ગરીબી સ્વીકારવાની પણ વાત નથી. આજના સંદર્ભમાં બિનજરૂરી ખરીદી ન કરવાથી અને બગાડ અટકાવવાથી પણ આ ક્ષેત્રમાં ઘણું કરી શકાય છે. કરુણતા એ વાતની છે કે, વધેલી સંપત્તિથી છકી ગયેલા, આડેધડ ખરીદી કરતા, વેડફાટ કરતા, કારણ વગર દોડાદોડ કરતા ઘણા લોકો પોતાને પ્રકૃતિપ્રેમી, પર્યાવરણવિદ્દ, જાગૃત નાગરિક વગેરે માને છે અને અપરિગ્રહી સંસારી પ્રત્યે ઉતરતી નજરે જુએ છે.

અહિંસા ઉપરાંત બીજી પણ એક બાબત ધ્યાનમાં લેવા જેવી છે. દરેક વસ્તુના બેફામ વપરાશથી આપણે ભાવિ પ્રજા માટે દૂષિત પર્યાવરણવાળી અને વપરાઇ ગયેલી કુદરતી સંપત્તિવાળી દુનિયા છોડી જઇએ છીએ. પૃથ્વી પર માત્ર આપણોજ અધિકાર નથી, ભાવિ પેઢીઓનો પણ એટલોજ અધિકાર છે. એમના માટે આપણે કેવી દુનિયા છોડી જઇએ છીએ એના પરથી તેઓ આપણને મૂલવવાના છે. આગલી પેઢીઓનો સમૃદ્ધ વારસો આવનારી પેઢીઓને કેવી સ્થિતિમાં આપવાનો છે?

જે શાસ્ત્રોના લખાણને આધારે આટલી ચર્ચા થઇ છે એ શાસ્ત્રો વિશે થોડી વાત કરી લઇએ. સાદી સમજ પ્રમાણે પૌરાણિક પુસ્તકો (ગ્રંથો) શાસ્ત્ર કહેવાય છે. જોકે શાસ્ત્રનો સાચો અર્થ છે કોઇપણ વિષયને લગતી વિસ્તૃત માહિતી. એ વિષય જૂનો કે નવો હોઇ શકે છે. એટલેજ ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા શબ્દો વપરાય છે. ધર્મશાસ્ત્ર એક વિષય ગણાય.

દરેક ધર્મના લોકો પોતાના શાસ્ત્રોમાં સંપૂર્ણ સત્ય સમાયેલું હોવાનું માને છે. ધર્મશાસ્ત્રો લખાયા પછી માનવ સમાજનું વધેલું જ્ઞાન એમના મતે મિથ્યા છે. બદલાતા સમય પ્રમાણે બદલાતી સમાજની જરૂરિયાતો એમને સ્પર્શતી નથી. આપણે વાસ્તવિક દુનિયામાં જીવીએ છીએ. જો સત્યને સ્વીકારવું હોય તો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી શાસ્ત્રોની મર્યાદા સ્વીકારવી રહી.

સદીઓ અગાઉ, તત્કાલીન રાજકીય, સામાજિક અને ધાર્મિક વાતાવરણમાં લખાયેલ શાસ્ત્રોની આચારસંહિતા વર્તમાન સંજોગોમાં કેટલી અસંગત થઇ ગઇ છે એના થોડા દાખલા અહીં આપ્યા છે.

જે શાસ્ત્ર દ્રવ્યદાનની વાત કરે પણ રક્તદાન, ચક્ષુદાન વગેરેની વાત ન કરે એ શાસ્ત્ર આજના સંદર્ભમાં અધૂરું છે.

જે શાસ્ત્ર સૂક્ષ્મ સ્તરે અહિંસાની અને ક્ષમાની વાત કરે પણ અન્યાય અને અત્યાચારનો સામનો કરવાની વાતને જરૂરી મહત્ત્વ ન આપે એ શાસ્ત્ર પલાયનવાદી અને અધૂરૂં છે.

જે શાસ્ત્ર કહેવાતા દેવદ્રવ્યનો ઉપયોગ માનવ હિતાર્થે કરવાનો નિષેધ ફરમાવે એ શાસ્ત્ર આજના સંદર્ભમાં (out dated) અવ્યવહારુ છે.

જે શાસ્ત્ર ક્ષત્રિયકુળને શ્રેષ્ઠ ગણી રાજાશાહીનો મહિમા કરે જ્યારે લોકશાહીનો ઉલ્લેખ સુદ્ધાં ન કરે તે શાસ્ત્ર આજના સંદર્ભમાં અવ્યવહારુ છે.

જે શાસ્ત્ર સ્ત્રીઓને પુરુષોથી ઉતરતી ગણે તે શાસ્ત્ર માત્ર આજનાજ નહીં, હંમેશના સંદર્ભમાં અવ્યવહારુ છે.

જે શાસ્ત્ર હજી પણ પૃથ્વી સપાટ હોવાની વાતો કરે તે શાસ્ત્ર આજના સંદર્ભમાં અવ્યવહારુ છે.

આધુનિક માણસ માત્ર બે લાખ વરસ પહેલાં જ અસ્તિત્વમાં આવ્યો છે. જે શાસ્ત્ર આદિ માનવોનું આયુષ્ય કરોડો વરસ હોવાનું કહે તે શાસ્ત્ર આજના સંદર્ભમાં અવ્યવહારુ છે.

ધર્મશાસ્ત્રોમાં સમયાનુસાર સુધારા થવા એ નવી વાત નથી. સમય પ્રમાણે શાસ્ત્રો બદલાતા રહ્યા છે. દરેક ધર્મના વિવિધ પંથોની ધર્મ વિશેની સમજમાં જે તફાવત છે તે ધર્મગુરુઓ દ્વારા શાસ્ત્રોમાં કરવામાં આવેલ ફેરફારનો પુરાવો છે. શાસ્ત્રો લખનાર અને બદલાવનાર આપણા જેવા જ માણસો હતા. એમની મર્યાદા અહીં છતી થાય છે.

મૂળ વાત ખોરાકની પસંદગીની હતી. આપણે જે પણ કરવાનું કે ત્યજવાનું વિચારીએ એના પરિણામોને સમજી, સ્વીકારી પછી કરીએ એજ આ લેખનો મુખ્ય હેતુ છે. આ જીવન આનંદથી જીવવા માટે છે. પરલોકના ખ્યાલમાં પલાયનવાદી બનવા માટે નથી કે કોઇનો પડછાયો બનીને જીવવા માટે પણ નથી. કોઇને પણ હાનિ પહોંચાડ્યા વગર આપણને ગમતું હોય તે કરવા માટે છે. આવી પડેલ જવાબદારીઓ નભાવવા માટે છે. સમાજને હિતકારક ધ્યેય રાખવા માટે છે. આખરી નિર્ણય હંમેશાં આપણા હાથમાં હોય છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

માહિતી

# કહાં હો તુમ જરા આવાઝ દો......
## મહાન ગાયક સ્વ. મુકેશની પુણ્યતિથિ પ્રસંગે...

● દિનેશ આર. મહેતા ●

મુકેશચંદ માથુર તેમનું પૂરું નામ. મુકેશનો જન્મ ૨૨ જુલાઇ, ૧૯૨૩ના રોજ દિલ્હીમાં થયો હતો. તે સમયે મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યા બાદ દિલ્હીમાં જ સાર્વજનિક નિર્માણ વિભાગમાં સહાયક નિરીક્ષકના હોદ્દા પર કામ કર્યું હતું.

૧૯૪૦માં કેટલાંક ગૈર ફિલ્મી ગીતોનું રેકોર્ડિંગ દિલ્હીમાં કરાવ્યું હતું. આ વાતથી ફલિત થતું હતું કે મુકેશને બાળપણથી જ ગાયકી ક્ષેત્રમાં દિલચસ્પી હતી. તે સમયમાં, પાર્શ્વ ગાયન ક્ષેત્રમાં જમાવટ કરવા મુકેશ મુંબઇ પહોંચ્યા હતા. મુંબઇમાં તેમના સંબંધી અને તે જમાનાના જાણીતા અભિનેતા શ્રી મોતીલાલજીના ઘરે રોકાઇને મુકેશ પોતાનું ભાગ્ય અજમાવવાના પ્રયત્નો કરવા લાગ્યા. મુકેશના ગીતોથી મોતીલાલ પ્રભાવિત હતા. તેમણે જ મુકેશને પંડિત જગન્નાથજી પાસે સંગીત શિક્ષણ અપાવ્યું હતું.

**ખૂબીની વાત એ હતી કે પાર્શ્વ ગાયક તરીકે પોતાનું ભાગ્ય ચમકાવવા પ્રયત્ન કરી રહેલ મુકેશને ફિલ્મમાં કામ કરવાનો પ્રથમ મોકો પ્રાપ્ત થયો.** સાલ ૧૯૪૧માં 'નિર્દોષ' ફિલ્મમાં નાયક તરીકેનો રોલ મળ્યો હતો. ૧૯૪૧-૪૨ના અરસામાં તેમની અન્ય બે ફિલ્મો 'સુખ-દુઃખ' અને 'આદાબ અર્જ' રિલીઝ થઇ હતી. તેમની પ્રથમ ફિલ્મ 'નિર્દોષ'માં હીરો તરીકેની ભૂમિકા સાથે ગાવાની તક પણ મળી. 'દિલ હી બુઝા હુઆ હો તો...' એ ગીતના બોલ હતા. ત્યારબાદ ૧૯૪૪માં ગાયિકા કુસુમજીની સાથે ફિલ્મ 'ઉસ પાસ'માં 'જસ બોલો રી હાં' ગીત ગાવાનો અવસર મળ્યો. ૧૯૪૫માં ખુર્શીદા અને હમીદાની સાથે 'બદરિયાં બરસ ગઇ ઉસ પાર' શબ્દો વાળું ગીત ફિલ્મ 'મૂર્તિ' માટે ગાયું.



નાની-મોટી શરૂઆત બાદ, ૧૯૪૫માં ફિલ્મ 'પહેલી નજર' માં સંગીતકાર અનિલ વિશ્વાસ દ્વારા રાગ દરબારીમાં તૈયાર થયેલું 'દિલ જલતા હૈ તો જલને દો' સદાબહાર ગીત ગાવાનો અવસર મળ્યો. આ ગીત ટર્નિંગ પોઇન્ટ જેવું સાબિત થયું. મુકેશજીનું આ દર્દભર્યું ગીત દેશના ખૂણે-ખૂણે ગવાતું જોવા મળ્યું અને સર્વત્ર એક હલચલ મચી ગઇ. તે સમયના ગાયક-સમ્રાટ કુંદનલાલ સાયગલે મુકેશનાં ઉપરોક્ત ગીતનું મુખડું સાંભળીને કહ્યું હતું 'દર્દભર્યા આવાઝના શાહજાદાએ ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો છે.' મુકેશ પોતાના આ માત્ર એક ગીતથી પ્રગતિના શિખર પર પહોંચી ગયા હતા. ત્યારબાદ ૧૯૪૮માં ફિલ્મ 'આગ', 'અનોખી અદા', 'મેલા' વગેરે ફિલ્મોમાં ગાયેલા ગીતો, દેશના પ્રત્યેક સ્થળોની ગલી-ગલીમાં એક અજીબ જાદુની જેમ લોકોના દિલ દિમાગમાં છવાઇ ગયા.

મુકેશની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવવા માટે ૧૯૪૯માં મહાન સંગીતકાર શંકર-જયકિશન આગળ આવ્યા. ફિલ્મ 'આવારા', 'શ્રી ૪૨૦'ના ગીતોએ એક અવનવો જાદુ કર્યો. હવે મુકેશનો આવાઝ દેશની સીમા પાર કરીને વિદેશમાં ગયો અને ત્યાં પણ ગજબની ધૂમ મચાવી દીધી.

સંગીતકાર શંકર-જયકિશનના સંગીત નિર્દેશનમાં ફિલ્મ 'આહ', 'અનાડી', 'કન્હૈયા', 'જિસ દેશ મેં ગંગા બહેતી હૈ', 'સંગમ', 'સપનો કા સોદાગર', 'મેરા નામ જોકર', 'પહચાન', 'બેઇમાન' વગેરે ફિલ્મોમાં મુકેશજીના ગીતોએ કમાલ કરી. નાના બાળકોથી માંડીને મોટી વયવાળા લોકો, એ બધાં ગીતો ગુનગુનાવા લાગ્યા.

૧૯૪૬માં ગુજરાતી સરલા ત્રિવેદી (બચીબહેન) જોડે તેમનાં પ્રેમલગ્ન થયાં હતાં. લગ્નજીવનમાં નીતિન અને મોહનીત નામનાં બે પુત્ર તેમજ રિયા શર્મા, સ્વ. નલિની અને નમ્રતા નામની ત્રણ પુત્રીઓ થયા. રફી, કિશોરકુમારની જેમ મુકેશ પણ તેટલાં જ લોકપ્રિયતાના સ્થાને હતા. ઘરમાં અમસ્તા કાંઇક ગાવું હોય તો રફી-કિશોર વાળા ગીતો, લલકારી શકાય પરંતુ કોઈક સમયે ગાઇને સંતોષ પ્રાપ્ત કરવો હોય તો મુકેશનાં જ ગીતો ગાવા પડે.

**ઉલ્લેખનીય છે કે મુકેશ પાસે સૌથી વધારે ગીતો સંગીતકાર શંકર-જયકિશન સલીલદા, ઉષા ખન્ના, લક્ષ્મીકાંત-પ્યારેલાલ કે ચિત્રગુપ્તે નહીં પરંતુ કલ્યાણજી-આણંદજીએ કુલ ૫૯ ફિલ્મોમાં ગવડાવ્યાં છે.** બીજી તરફ જોઇએ તો સંગીતકાર શંકર-જયકિશને કમ્પોઝ કરેલાં મુકેશના લગભગ બધાજ ગીતો હીટ થયાં

*વેર લીધાનો આનંદ એક દિવસ ટકશે, પણ ક્ષમા કર્યાનું ગૌરવ સદાકાળ ટકે છે.*

છે. તેવી રીતે રફી સાહેબ સાથે મુકેશે ફક્ત નવ ફિલ્મોમાં, કિશોરકુમાર સાથે ૬ ફિલ્મોમાં ગીતો ગાયા છે. પરંતુ તલત મહેમુદ સાથે કોમ્બિનેશન એકપણ ફિલ્મમાં નથી. સિવાય કે ત્રણ ગૈર ફિલ્મી ગીતો!

મુકેશે ગીતાદત્ત સાથે ૧૦, સુમન કલ્યાણપુર સાથે ૨૮, આશા ભોંસલે સાથે ૩૯ અને લતા મંગેશકર સાથે ૧૧૩ ફિલ્મોમાં યુગલ ગીતો ગાયાં છે. મુકેશજીએ કુલ ૯૦૦ ગીતો ગાયાં છે. કમનસીબે જૂના ગીત-સંગીતનો ખજાનો ગાયબ થતો જાય છે. શંકર-જયકિશન, મદન મોહન વગેરે જેવા સંગીતકારો અને રફી સાહેબ, મુકેશ, કિશોરકુમાર, બર્મનદા વગેરે જેવા અમર ગાયકો હવે પાકવાના નથી. અત્યારના ગીતો શરૂઆતમાં પ્રખ્યાત બને છે ખરા પરંતુ તેવા ગીતો થોડા સમય બાદ કંટાળાજનક લાગે છે, જૂના ગાયકોની આ છે સફળતા! જૂના ગીતો પચાસ વર્ષ બાદ પણ લોકોના કંઠમાં કાયમ છે. જ્યારે 'અંતાક્ષરી' જેવા કાર્યક્રમમાં આજનો યુવા વર્ગ નવી ફિલ્મોના ગીતો ગાવામાં પણ મુશ્કેલી અનુભવતો જોવા મળે છે. પરંતુ જૂના ગીતો કોઇપણ તકલીફ વિના ફટાફટ ગાઇ શકાતા હોય છે કારણકે જૂના ગીતોના શબ્દો, તેની રચના, સંગીત કમ્પોઝિશન વગેરેની ધ્યાનપૂર્વક, બારીકાઇથી તપાસીને વ્યવસ્થિત રીતે રજૂઆત થતી હતી. જે બાબત આજે જોવા મળતી નથી. મુકેશના હિટ ગીતો પૈકી... 'આયા હૈ મુઝે ફિર યાદ વો...', 'બહારોને મેરા ચમન લૂંટકર...' (બન્ને ફિલ્મ 'દેવર'), 'બહોત દિયા દેને વાલોને તુઝકો...' (સૂરત ઔર સીરત) તેમજ 'બાવરે નૈન', 'દિલ હી તો હૈ', 'શીશમ', 'મલ્હાર' ફિલ્મોના હિટ ગીતોથી ઉપરોક્ત તફાવત સ્પષ્ટ થાય છે. આવુંજ એક અફલાતૂન હિટ ગીત હતું 'ઓહ રે તાલ મિલે નદી કે જલમેં, નદી મિલે સાગર મેં...' **આ બધા ગીતોની મધુરતા, ના તો ગઇકાલ મંદ હતી, આજ પણ મંદ પડી નથી અને આવતીકાલે પણ મંદ પડવાની નથી.** 'ભૂલી હુઇ યાદોં', 'મુઝે ઇતના ન સતાઓ' ગીતનું જ્યારે ફાઇનલ રેકોર્ડિંગ પૂરું થયું ત્યારે તેનાં સંગીતકારે કહ્યું હતું કે, 'આ વ્યક્તિ સિવાય અન્ય કોઇ આટલું સરસ રીતે ગાઈ શકે નહીં.

મુકેશ એ ગાયેલાં કેટલાંક હિટ ગીતોની યાદી..... એક રાતમેં દો-દો ચાંદ ખિલે- (બરખાં), તુમ અગર મુઝકો ન ચાહો (દિલ હી તો હૈ), જીના યહાં મરના યહાં (મેરા નામ જોકર), હમ-તુમ યુગ-યુગ સે (મિલન), છોડ ગયે બાલમ (બરસાત), દિલ તડપ તડપ કે (મધુમતી), યહ મૌસમ રંગીન શમાં (મોડર્ન ગર્લ), આ જાઓ તડપતે હૈં (અરમાં), આહ, તૂ કહે અગર જીવનભર (અંદાજ), દુનિયા વાલોં સે દૂર જલને વાલોં સે દૂર (ઉજાલા), આવારા હૂં યા ગર્દિશ મેં હૂં (આવારા), ચાંદી કી દીવાર ન તોડી (વિશ્વાસ), આ લૌટ કે આજા મેરે ગીત (રાની રૂપમતી), સારંગા તેરી યાદમેં (સારંગા), સજન રે જૂઠ મત બોલો (તીસરી કસમ), આંસૂ ભરી યે જીવન કી રાહેં (પરવરિશ), કોઇ જબ તુમ્હારા હૃદય તોડ દે (પૂરબ ઔર પશ્ચિમ), તેરી યાદ દિલ સે ભુલાને ચલા હૂં (હરિયાલી ઔર રાસ્તા), ગાએ જા ગીત મિલન કે (મેલા), સુહાના સફર ઔર યે મૌસમ હસીં (મધુમતિ) — યાદી ખૂબ લાંબી છે, બીજાં પણ ઘણાં ગીતો છે.

**મારા ભોળા દિલનો હાય રે શિકાર કરીને અને ઓ નીલ ગગના પંખેરુ જેવાં અનેક ગુજરાતી ગીતો ગાનાર મુકેશજી ગુજરાતને માટે વિશેષરૂપે આપ્તજન હતા.**

ગળાની સરળતા અને સાદગી એજ મુકેશના ગીતોની સફળતા છે. આ એકજ ગાયક એવા હતા કે, જેનું ગીત સાંભળ્યા પછી... બધા કહેશે કે, 'આવું તો હું પણ ગાઇ શકું' આવી સચોટ અસર દરેકમાં ઊભી કરી નાખે. તેમનાં ગીતો ગાઇ લીધા બાદ... 'પણ મુકેશ એટલે મુકેશ હોં' એમ દરેક જણ કહેતા હોય. કારણમાં એટલું જ કે તેમનાં ગીતો ગાવાં આસાન નથી, એવી ખાસિયત તેમના ગીતોમાં છે. 'નૈન દ્વાર સે મન મેં વો આકર તન મેં આગ લગાયે' અથવા 'દિલ જલતા હૈ તો જલને દે' ગાવાનો પ્રયત્ન કરીએ ત્યારેજ ખબર પડે. મુકેશના ગીતોની આ ખૂબી છે. તેમનો અસલ અવાજ સાંભળવો હોય તો જૂના જમાનાની રેકર્ડ ગ્રામોફોન પર મૂકીને સાંભળવી જોઇએ. આવું અસલ રેકોર્ડિંગ આજની કિંમતી મ્યુઝિક સિસ્ટમમાં હોતું નથી.

**શાસ્ત્રીય રાગો આધારિત પણ મુકેશે કેટલાંક સદાબહાર ગીતો ગાયાં છે.** થોડા ગીતો જોઇએ... ઝૂમતી ચલી હવા યાદ આ ગયા કોઇ, સંસાર હૈ એક નદીયાં સુખ દુઃખ દો કિનારે હૈં, મતવાલી નાર ઠૂમક ઠૂમક ચલી જાય, વક્ત કરતા જો વફા આપ હમારે હોતે, 'ગોદાન' ફિલ્મનું જીયા જરત રહત દિન રૈન વગેરે.

કહેવાય છે કે, બેનઝિર ભુટ્ટો એકમાત્ર મુકેશના ગીતોની કેસેટો પોતાની ગાડીમાં રાખતાં હતા. સચિન તેન્ડુલકર અને ભૂતપૂર્વ સ્પિન બી.એસ. ચંદ્રશેખર પાસે મુકેશે ગાયેલાં બધાંજ ગીતોનો ખજાનો છે. મુકેશની લોકપ્રિયતાના આ માત્ર દાખલા છે.

મુકેશ સ્વભાવે ઉદાર, કોઇને પણ ઉપયોગી થવું, મદદ કરવી, નિષ્ઠાવાળા, કોઇના પ્રત્યે દ્વેષ નહીં અને સાફ મન ધરાવનાર એક ખાસ દરજ્જાના વ્યક્તિ હતા. ફિલ્મ ઉદ્યોગનાં કોઇ વ્યક્તિના ઝઘડામાં લવાદની ભૂમિકા ભજવતા અને તેઓ વચ્ચે સમાધાન કરાવી આપતા હતા. ઘણાં નવા નિર્દેશકોને બજેટ નાનું હોય ત્યારે મુકેશ રકમ લીધા વગર જ મફતમાં ગાઇ આપતા હતા. મુકેશ તેમના સંબંધી મોતીલાલનો ઉપકાર પણ ભૂલ્યા ન હતા. ફિલ્મ 'છોટી છોટી બાતેં'ના નિર્માણ સમય દરમિયાન મોતીલાલનું અવસાન થયું હતું. ત્યારે મુકેશે પોતાની આર્થિક મુશ્કેલીઓ અને અન્ય અવરોધોની પરવાહ કર્યા વિના તે ફિલ્મ પૂરી કરી હતી.

પડદા પાછળની કેટલીક વાત એવી હોય છે, જે ઘણાંને ખબર ના હોય. સુરૈયાની ફિલ્મ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮૪ ઉપર)**

તંદુરસ્તી

# આત્મહત્યા : મનની બીમારી – (૨)

● ડૉ. (પ્રો.) મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા) ●

આગળના અંકમાં આપણે આત્મહત્યા વિશેના (ચોંકાવનારા) આંકડાઓ વિશે જાણ્યું. આત્મહત્યાના વિચારો/પ્રયાસ મનની નબળાઇ નથી પરંતુ મનની બીમારી છે જે યોગ્ય સમયસરનું નિદાન તથા મનોચિકિત્સક સારવારથી બીમારી દૂર થાય છે (સરલાબહેનનો કેસ) તથા આત્મહત્યાના વિચારો પણ દૂર થાય છે વ્યક્તિની જીવવાની ઇચ્છા પ્રબળ થાય છે.

● **આત્મહત્યા મદદ માટેનો પોકારઃ-**

**કાયદાની દૃષ્ટિએ** ભારતમાં આત્મહત્યાનો પ્રયાસ કે આત્મહત્યા એક ગુનો છે, શિક્ષાને પાત્ર છે. આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ પર કાનૂની કેસ કરી શકાય. (સફળ આત્મહત્યા કરનાર વ્યક્તિ દુનિયામાં હાજર ન હોવાથી કાનૂની કેસ નથી થતો)

**સામાજિક દૃષ્ટિએ** આત્મહત્યાનો પ્રયાસ કે આત્મહત્યા કરનાર વ્યક્તિ તથા એના કુટુંબ તરફ સમાજ નકારાત્મક વલણ અપનાવે છે. વ્યક્તિની તથા કુટુંબની માનસિક નબળાઇ ગણવામાં આવે છે. કુટુંબીજનો તથા સમાજમાં એ વ્યક્તિની છબી ખરાડાઇ જાય છે. આ દૃષ્ટિકોણ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ યોગ્ય નથી. આત્મહત્યાના વિચાર અને / અથવા પ્રયાસ કરનાર વ્યક્તિનો વિચારો પર કાબૂ નથી. આ વ્યક્તિને મદદની જરૂર છે. સહનુભૂતિ, હૂંફની જરૂર છે. આમાંથી બહાર લાવવા માટે મનોચિકિત્સાની જરૂર છે.

**મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ** આત્મહત્યાના વિચાર અને અથવા પ્રયાસ કરનાર વ્યક્તિ **"મદદ માટેનો પોકાર"** (cry for help) કરે છે. કુટુંબે તથા સમાજે આ પોકાર સમજવાની જરૂર છે.

અમેરિકા, ઇંગ્લેંડ જેવા દેશોમાં આત્મહત્યાના વિચાર/પ્રયાસ કરનારને "મદદ માટેનો પોકાર" (cry for help) તરીકે સમજવામાં આવે છે આ દેશોમાં આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિની દર્દી તરીકે ગણતરી થાય છે, અપરાધી તરીકે નહીં. આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિને ઇમરજન્સી મેડિકલ સારવાર કરી દર્દીનો જીવ બચાવવામાં આવે છે ત્યારબાદ હોસ્પિટલમાં જ મનોચિકિત્સકનો અભિપ્રાય લેવામાં આવે છે. મનોચિકિત્સક નિદાન કરી મનોચિકિત્સા હોસ્પિટલમાં જ શરૂ કરે છે. દર્દી આત્મહત્યા કે મરવાના વિચારોથી મુક્ત થાય બાદ જ હોસ્પિટલમાંથી રજા મળે છે.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાકિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઇ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


● **આત્મહત્યા / મરવાના વિચારોનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ**

**(Analysis of suicidal intent):**

જિંદગી જીવવા જેવી નથી, જિંદગીમાં રસ નથી, આના કરતાં મરી જવું સારું, મોત જલદી આવે, ભગવાન તું મને તારી પાસે બોલાવી લે વગેરે વિચારોનું નીચે પ્રમાણે ઊંડાણમાં પૃથક્કરણ કરવું જરૂરી છે.

૧. મરવાના વિચારો કેટલી વખત આવે છે? (વારંવાર, હરપળે, કોઇક વખત, જવલ્લેજ)

૨. ક્યા સંજોગોમાં વિચારો આવે છે? (circumstances) પ્રવૃત્તિ વખતે આવે છે, નવરાશની પળોમાં આવે છે, વિચારો શરૂ થાય એ પહેલા કઇ નકારાત્મક લાગણીઓવાળી ઘટના ઘટે છે)

૩. સબળ કે પરોક્ષ વિચારો આવે છે? (active or passive) જિંદગીમાં રસ ઓછો થઇ ગયો છે, જિંદગી જીવવામાં મજા નથી, આ પરોક્ષ મરવાના વિચારો છે. મરી જઇએ તો આમાંથી છૂટીએ, ભગવાન મને મોત આપે, આત્મહત્યાની પદ્ધતિ વિશે વિચારે વગેરે સબળ મરવાના / આત્મહત્યાના વિચારો છે.

૪. આત્મહત્યા કરવાની પદ્ધતિ કે રીત વિશેના વિચારો આવે છે? (methods of attempting suicide) : આત્મહત્યા કરવાની અલગ અલગ પદ્ધતિઓ વિશેનું વાંચન કર્યું હોય, માહિતી મેળવી હોય, પદ્ધતિ વિશે મનમાં ઊંડાણમાં વિચારી લીધું હોય વગેરે.

૫. મનમાં આત્મહત્યા કરવાનું આયોજન કરી લીધું છે? (planning) કયા સમયે, કઇ રીતે, આત્મહત્યા કરવી, આત્મહત્યા વિશેની ચીઠ્ઠી (suicidal note) લખી છે વગેરે.

ઉપરોક્ત માહિતી વિચારો / આત્મહત્યા વિશે મેળવી મનોવૈજ્ઞાનિક રીતે તારવણી

*જે પોતાના સુખને માટે વસ્તુઓની ઇચ્છા કરે છે તેને વસ્તુઓના અભાવનું દુઃખ ભોગવવું જ પડશે.*

કરવામાં આવે છે કે વ્યક્તિ આત્મહત્યા કરવા માટે કેટલી કૃતનિશ્ચયી છે તથા મનોચિકિત્સા માટે તાત્કાલિક કયા પગલા લેવાની જરૂર છે. (હોસ્પિટલમાં દાખલ કરી, સતત નિરીક્ષણ હેઠળ સારવારની જરૂર છે કે નહીં એ નિર્ણય લેવાય છે.)

- **આત્મહત્યા/મરવાની ઇચ્છા, વિચારોનું વર્ગીકરણ (Classification of suicidal intent) :**

ઉપરોક્ત માહિતી દ્વારા આત્મહત્યા/મરવાની ઇચ્છા વિચારો, આયોજન તથા અમલમાં મૂકવા માટેના કાર્યોનું પૃથક્કરણ કરી એનું વર્ગીકરણ કરવામાં આવે છે જે વ્યક્તિની મનોચિકિત્સા માટે ખૂબજ અગત્યનું છે.

(૧) **સબળ ઇચ્છા :** આત્મહત્યાની ઇચ્છા ખૂબ જ સબળ હોય છે. આવી વ્યક્તિમાં સમજાવટથી વિચારોમાં ફરક પડતો નથી. (ભેંસ આગળ ભાગવત) આત્મહત્યા માટેની તક શોધતાં હોય છે. આત્મહત્યા વિશેનું આયોજન તથા પદ્ધતિ નક્કી કરી લીધી હોય છે. સાધન (દવાઓ, જંતુનાશક દવાઓ, દોરડું, કેરોસીન વગેરે) મેળવી લીધું હોય છે. આવા દર્દીઓને હોસ્પિટલમાં સુરક્ષિત જગ્યાએ દાખલ કરી સારવાર કરવી જરૂરી છે. કુટુંબીજનોનો યોગ્ય સાથ, સહકાર તથા સમજ ખૂબ જરૂરી છે. એમની સલાહ નહીં. (સરલાબહેનનો કેસ)

(૨) **ઇચ્છા નબળી હોય છે :** આત્મહત્યાના વિચારો આવે છે પણ ધ્યાન આમાંથી બીજે જઇ શકે છે. જીવવાની ઇચ્છા (જિજીવિષા) પણ હોય છે. આત્મહત્યા માટેનું આયોજન કર્યુ નથી હોતું તથા સાધનો કે રીત વિષે જવલ્લેજ વિચાર્યું હોય છે. યોગ્ય સારવારથી આત્મહત્યા નિવારી શકાય છે.

(૩) **પ્રાસંગિક નકારાત્મક પ્રતિક્રિયા :** માનહાનિ કે પ્રતિષ્ઠાભંગનો જબરજસ્ત પ્રસંગ બન્યો હોય તથા વ્યક્તિની નકારાત્મક પ્રતિક્રિયા થાય એ સમયે આત્મહત્યા એક જ રસ્તો સૂઝે. પ્રસંગ કે પરિસ્થિતિનું નકારાત્મક લાગણીથી માપદંડ કરી આંતરિક જબરજસ્ત પ્રતિક્રિયા આવે. ઘણી વખત લાંબું વિચાર્યા વગરનું ક્ષણિક તાત્કાલિક આત્મહત્યાનું પગલું ભરાય અને જો જીવી જાય તો પોતાના પગલાંનો અફસોસ થાય. આવા કિસ્સામાં આગળથી આયોજન કર્યું નથી હોતું તથા પદ્ધતિ વિશે આગળથી વિચાર્યું નથી હોતું. એ પ્રમાણે જે મળ્યું એનાથી આત્મહત્યાનો પ્રયાસ થાય છે.

(૪) **મદદ માટેની પુકાર :** વ્યક્તિનું મન અસ્વસ્થ, બેચેન રહેતું હોય, નકારાત્મક વિચારો આવતા હોય, કુટુંબીજનોનું વ્યક્તિ તરફ નકારાત્મક વલણ હોય, યોગ્ય - જરૂરી માંગણીઓ પણ પૂરી થતી ન હોય, અન્ય પ્રયત્નો આ બાબતે સફળ થયા ન હોય, ત્યારે આત્મહત્યાનો પ્રયાસ એક રસ્તો દેખાય છે આ એક શારીરિક ભાષા (Body language) છે જે દ્વારા વ્યક્તિ કહે છે કે હું તકલીફમાં છું, મને મદદ કરો. આત્મહત્યાના પ્રયાસ આવા કિસ્સામાં સફળ થાય છે ત્યારે કુટુંબીજનોને અફસોસ થાય છે. વ્યક્તિ બચી જાય તો એને અફસોસ થાય છે. અપરાધભાવ સાથે જીવે છે.

(૫) **પોતાનું ધારેલું પરાણે બીજા પાસેથી કરાવવાની વૃત્તિ (emotional black mailing) :** આવી વ્યક્તિઓ બીજી વ્યક્તિઓ પાસેથી પોતાનું ધારેલું યેનકેન પ્રકારે કરાવવાનો સ્વભાવ હોય છે. પોતાનામાં બદલાવ લાવવાને બદલે કુટુંબીજનો બદલાય અને હું કહું છું એ પ્રમાણે જ કરે. મારી બધી જ માગણીઓ (ઘણી વખત અયોગ્ય) પૂરી કરે. આત્મહત્યાની ધમકી આપે. કોઇક વખત પ્રયત્ન કરે. આવા પ્રયત્નો લગભગ દેખાવ પૂરતા હોય છે મરવા માટે નહીં. પરંતુ ધમકી પૂરતા કુટુંબીજનોના મનમાં હોય છે કે જો માંગણીઓ પૂરી નહીં કરીએ તો વ્યક્તિ સાચેજ આત્મહત્યા કરશે. વ્યક્તિની મરવાની ઇચ્છા હોતી નથી ફક્ત ધમકી જ હોય છે. આત્મહત્યાનો પ્રયત્ન એવો હોય છે કે વ્યક્તિ બચી જાય.

- **આત્મહત્યાના વિચારો વિશે ગેરસમજ :**

**ગેરસમજ-૧ :** આત્મહત્યાના વિચારો વ્યક્ત કરનાર વ્યક્તિ આત્મહત્યા નહીં કરે (જે લોકો બોલે છે એ કરતા નથી, ભસ્યા શ્વાન નવ ખાય.)

**મનોવૈજ્ઞાનિક સમજ :** મનોવૈજ્ઞાનિક સંશોધનો દ્વારા સાબિત થયેલ છે કે મોટાભાગની આત્મહત્યાનો પ્રયાસ કરનારી વ્યક્તિઓ પ્રયાસ કરવાના પહેલા એકાદ મહિનામાં આત્મહત્યાના વિચારો કે પ્રયત્ન વ્યક્ત કરતા હોય છે. કુટુંબીજનો કે નજીકના મિત્રો આ ચિહ્નો વિશે ધ્યાન આપતા નથી, દુર્લક્ષ કરે છે. તેઓ એમ સમજે છે કે "મારો સ્વજન મનથી મજબૂત છે, આત્મહત્યા નહીં કરે" એ ભ્રમણામાં રહે છે અને પછી પસ્તાય છે. આવી ભ્રમણાને લીધે જરૂરી પ્રતિબંધક પગલાં (યોગ્ય પૃથક્કરણ, નિદાન તથા સારવાર) લેવાતાં નથી.

**ગેરસમજ - ૨ :** લોકોમાં તથા સમાજમાં માન્યતા છે કે આત્મહત્યા કે મરવાના વિચારો વિશે પૂછવાથી કે એ વિશે વાતચીત કરવાથી એ વ્યક્તિને આપણે આત્મહત્યા તરફ ધકેલીએ છીએ.

**મનોવૈજ્ઞાનિક સત્ય :** આત્મહત્યાના વિચારો વિશે સહાનુભૂતિપૂર્વક ચર્ચા કરવાથી એ વ્યક્તિનું મન હળવું થાય છે. આત્મહત્યાના

વિચારો તટસ્થપૂર્વક (પોતાનો કોઇપણ નકારાત્મક પ્રતિભાવ આપ્યા વગર) ધ્યાનથી સાંભળવા જોઇએ. આથી અપરાધભાવ ઓછો થાય છે. એ વ્યક્તિને લાગે છે કે મને કોઇ સમજી શકે છે. વ્યક્તિ ખુલ્લા મને નિખાલસપણે પોતાના વિચારોની રજૂઆત કરે છે. આ રજૂઆતને લીધે વિચારો વિશેની ઊંડાણમાં અન્ય માહિતી મળે છે. આ માહિતી મનની બીમારીના નિદાન માટે અત્યંત જરૂરી છે. આત્મહત્યાના પ્રતિરોધક પગલાં માટે ખૂબજ ઉપયોગી થઇ શકે છે.

ફેમિલી ડોક્ટરોએ શારીરિક તપાસ જોડે લાગણી, વિચારો, વર્તણૂક વિશે જાણકારી મેળવવી જરૂરી છે. નકારાત્મક વિચારો વ્યક્ત કરનાર દર્દી પાસેથી આત્મહત્યાના વિચારો વિશે આગળ જણાવેલ માહિતી મેળવવી જરૂરી છે. યોગ્ય સારવારથી આત્મહત્યાનો પ્રયાસ અટકાવી શકાય છે.

### • મનની બીમારીનું નિદાન :

નકારાત્મક કે આત્મહત્યાના વિચારો જો વ્યક્તિ વ્યક્ત કરતી હોય તો મનની બીમારીથી પીડાય છે કે નહીં એ વિશેનું યોગ્ય નિદાન કરવું જોઇએ.

વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અન્ય સંશોધનો દ્વારા તારવણી પ્રમાણે આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિઓમાંથી ૮૦% વ્યક્તિઓ માનસિક હતાશાની બીમારીથી પીડાતી હોય છે. મોટાભાગના કિસ્સામાં યોગ્ય સમયે, યોગ્ય નિદાન તથા યોગ્ય મનોચિકિત્સા દ્વારા આત્મહત્યા અટકાવી શકાય છે.

### • નિદાન માટે અગત્યના મુદ્દાઓ :

૧. હતાશાની બીમારીના અન્ય લક્ષણો છે? કામમાં મન ન લાગવું, વારંવાર રડવું આવવું, આત્મવિશ્વાસ ઓછો થઇ જવો, અનિદ્રા, શારીરિક નબળાઇ, માથાનો દુ:ખાવો, શરીરમાં કળતર, આત્મહત્યાના વિચારો જોડે અપરાધભાવ (guilt feeling) મેં પાપ કર્યા છે, હું સૌને બોજારૂપ છું, મારા થકી બીજા દુ:ખી છે વગેરે વિચારો હોય તો આત્મહત્યા કરવાની શક્યતા ખૂબ જ વધી જાય છે.

૨. ભૂતકાળમાં હતાશાની બીમારી થયેલ છે?

૩. તાજેતરમાં માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો પ્રસંગ બન્યો છે. જીવનસાથી કે પ્રિય વ્યક્તિનું અવસાન, જીવનસાથી કે મહત્ત્વલક્ષી વ્યક્તિ જોડે ચકમક, અણબનાવ, ધંધામાં, પ્રેમમાં, પરીક્ષામાં નિષ્ફળતા, નાણાંકીય તકલીફ, સામાજિક સંસ્થામાં માનભંગ કે પ્રતિષ્ઠાભંગ આવા પ્રસંગોને લીધે આત્મહત્યાની શક્યતા વધી જાય છે.

૪. કુટુંબમાં અન્ય વ્યક્તિએ આત્મહત્યા કરી હોય.

ઉપરના મુદ્દાઓ સાથે આગળ જણાવ્યા પ્રમાણે આત્મહત્યાની ઇચ્છા તથા વિચારોનું પૃથક્કરણ કરી યોગ્ય નિદાન કરાય છે.

### • સારવાર :-

આત્મહત્યાની ઇચ્છા તથા વિચારો જો સબળ હોય તો હોસ્પિટલમાં દાખલ કરી સારવાર કરવી જરૂરી છે. (સરલાબહેનના કિસ્સામાં મેડિકલ સારવાર બાદ પણ મનોચિકિત્સા માટે હોસ્પિટલમાં જ રાખેલ.) અન્યથા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી. દવાઓ, કાઉન્સેલિંગ, કોગ્નિટિવ બિહેવિયર થેરાપી, ફેમિલી થેરાપી દ્વારા સારવાર કરાય છે.

### • સારાંશ :-

આત્મહત્યાના વિચારો કે પ્રયાસ એક મનની બીમારી છે. ઉપરોક્ત મુદ્દાઓ ધ્યાનમાં લઇ, બીમારીનું નિદાન કરી, મનોચિકિત્સા કરવાથી મોટા ભાગના કિસ્સામાં આત્મહત્યા નિવારી શકાય છે. ■

## જો હું સ્ત્રી હોઉં તો....

(અનુસંધાન : પાના નં.-૨૦૩ ઉપરથી ચાલુ)

'તેં મારા દીર્ઘાયુષ્ય માટે આજ સુધીમાં વડની ફરતે જેટલું સૂતર વિંટાળ્યું છે તેમાંથી મારી ચાર ચડ્ડી બની ગઇ હોત!' પતિના દીર્ઘાયુષ્ય માટે વટસાવિત્રીનું વ્રત કરતી પત્નીઓની એ ભલી ભાવના માટે સ્ત્રીઓને કોટિ કોટિ વંદન... પણ જો હું સ્ત્રી હોઉં તો તેમને એક સવાલ અચૂક પૂછું- 'જે સ્ત્રીઓ એ વ્રત નથી કરતી તેમના પતિદેવોય જીવતા જાગતાં તંદુરસ્ત બેઠા છે, ત્યારે આવી વડ પ્રદક્ષિણાનો કોઇ અર્થ ખરો? જિંદગીભર જે પુરુષો ચૂનો, બીડી, તમાકુ, સિગારેટ, ગુટકા કે માવા-મસાલામાં અથાયેલા રહે છે તેમની એ જીવલેણ આદતો સામે મોરચો માંડવાને બદલે વડ ફરતે દોરા વીંટાળવાથી કદી કોઇ વરને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થઇ શકતું નથી!'

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## તમારે ત્યાં ફેવિકોલ છે?

(અનુસંધાન : પાના નં.-૨૦૪ ઉપરથી ચાલુ)

નથીંગ બટ ઍન આર્ટ ઓફ એડજસ્ટમેન્ટ!'

પતિ પત્ની પોતાની જરૂરિયાતો કે ગમા અણગમા થોડા ફ્લેક્સિબલ બનાવી પરસ્પરને અનુકૂળ ન થઇ શકે તો દાંપત્ય જીવનમાં નિરંતર સંઘર્ષની શક્યતા રહે છે. સંઘર્ષ, પ્રેમ રૂપી ફુગ્ગા માટે ટાંકણીની ગરજ સારે છે. મનદુ:ખ એ પ્રેમની કબર છે અને સંઘર્ષ એટલે પ્રેમની પનોતી! યાદ રહે, સંસારમાં દરેક ફુલદાની બ્રેકેબલ (તૂટવા પાત્ર) હોય છે. એથી પ્રત્યેક દંપતીએ ઘરમાં પ્રેમનો ફેવિકોલ રાખવો જરૂરી છે. દરેકની ફુલદાની ક્યારેક તો જરૂર તૂટે છે. પરંતુ એને ઠીક રીતે સાંધીને ફરી એમાં આનંદ ઉલ્લાસના પુષ્પો સજાવીએ એમાં દાંપત્ય જીવનની શોભા રહેલી છે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

મહિલા વિશ્વ

# રેસિપી – જૈન વાનગી માટે

• સુરભિ નીરવ વસા •

## માઇક્રોવેવ

*'મંગલ મંદિર'ના ગયા અંક દ્વારા આપણે માઈક્રોવેવ વાપરવા બાબત પ્રાથમિક સમજ તેમજ ધ્યાનમાં રાખવાના જરૂરી મુદ્દા જોયા. માઈક્રોવેવની સફર આગળ વધારતા..... સરળ અને ઝડપથી રોજબરોજ તૈયાર કરી શકાય તેવી વાનગીઓની રેસિપી હવે જોઈશું.*

### સોજીનો શીરો

***સામગ્રી :*** ૧ કપ રવો, ૩$^{1}/_{2}$ કપ દૂધ, $^{1}/_{2}$ કપ ઘી, $^{3}/_{4}$ કપ ખાંડ, ૧ ટી.સ્પૂન એલચી પાવડર, ૨ ટી.સ્પૂન કાજુના ટુકડા.

***રીત :*** સૌપ્રથમ માઈક્રોપ્રૂફ બાઉલ લઈ તેમાં રવો અને ઘી મિક્ષ કર્યા બાદ ૨ મિનિટ માઈક્રો કરવું. વચ્ચે એક મિનિટ બંધ કરીને મિશ્રણ બહાર કાઢી, હલાવવું. ફરીથી એક મિનિટ માઈક્રો કરવું. આ રીતે ૨ મિનિટ માઈક્રો કરવા મૂકી વચ્ચે વચ્ચે સોજીના મિશ્રણને હલાવવું. લગભગ ૫ મિનિટમાં રવો શેકાઈ જાય છે. હવે તેમાં દૂધને થોડું ગરમ કરીને ઉમેરવું. તેની સાથે ખાંડ, એલચી પાવડર, કાજુ બદામના ટુકડા ઉમેરીને બે મિનિટ માઈક્રો કરવું. ત્યારબાદ શીરાને બહાર લઈને તપાસી લેવું. જો વધારે પડતો ઢીલો લાગે તો ફરીથી એક મિનિટ માઈક્રો કરવાથી શીરો તૈયાર થઈ જશે.

### ખાંડવી

***સામગ્રી :*** ૧ કપ ચણાનો લોટ, ૨ કપ ખાટી છાશ, $^{1}/_{4}$ ટી.સ્પૂન હળદર, $^{1}/_{2}$ ટી.સ્પૂન હીંગ, સ્વાદ અનુસાર મીઠું.

***વઘાર માટે :*** ૨ ટી. સ્પૂન તેલ, ૧ ટી.સ્પૂન રાઈ, ૧ ટી.સ્પૂન તલ, ૧ ટી.સ્પૂન લાલ મરચું.

***સજાવટ માટે :*** કોથમીર, લીલા કોપરાનું છીણ.

***રીત :*** એક માઈક્રોપ્રૂફ બાઉલ લઈ તેમાં ચણાનો લોટ, છાશ, હીંગ, હળદર, મીઠું ઉમેરી સરસ રીતે મિક્ષ કરી લેવું. ગઠ્ઠા ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

હવે આ મિશ્રણને ત્રણ મિનિટ માઈક્રો કરવું. એક મિનિટ પછી મિશ્રણ બહાર કાઢી હલાવવું. જેથી ગઠ્ઠા (લમ્પ્સ) તૂટી જશે. ફરી એક મિનિટ માઈક્રો કરી બહાર કાઢી હલાવવું. આ રીતે લગભગ પાંચ મિનિટ માઈક્રો કરવું અને વચ્ચે વચ્ચે હલાવતા રહેવું. ત્યારબાદ મિશ્રણ પ્લેટમાં પાથરી તપાસી લેવું. ૩૦ સેકન્ડ માઈક્રો કરવું. હવે થાળીને તેલથી ગ્રીઝ કરી તેના પર સરસ રીતે મિશ્રણ પાથરવું. રબરનો સ્પેચ્યુલા (તાવેથો) હોય તો તેનાથી મિશ્રણ બહુ સરસ રીતે પથરાય છે. પાથરેલ મિશ્રણને ૧૦-૧૫ મિનિટ ઠંડું પાડવું. ઠંડું થાય એટલે કાપા પાડી હળવા હાથે રોલ વાળવા.

તેલ લઈ તેમાં રાઈ, તલ તથા હીંગ ઉમેરી વઘાર તૈયાર કરવો. એક પ્લેટમાં તૈયાર કરેલ ખાંડવી ગોઠવીને તેના પર વઘાર રેડી ઉપરથી થોડું લાલ મરચું ભભરાવવું. લીલા કોપરાનું છીણ તથા કોથમીરથી શણગારવું.

માઈક્રોવેવમાં ખાંડવી બનાવતા ચોંટી જવાનો ડર રહેતો નથી.

### ભરેલા ભીંડાનું શાક

***સામગ્રી :*** ૧૫૦ ગ્રામ ભીંડા, ૨ ટે. સ્પૂન અધકચરા પીસેલા તલ, ૨ ટે.સ્પૂન શેકેલી સીંગનો ભૂકો, ૧ ટે.સ્પૂન લાલ મરચું, $^{1}/_{2}$ ટે. સ્પૂન હળદર, $^{1}/_{2}$ ટી. સ્પૂન હીંગ, ૨ ટે. સ્પૂન ધાણાજીરું, $^{1}/_{2}$ ટે. સ્પૂન ગરમ મસાલો, મીઠું સ્વાદ અનુસાર. ૧ ટે. સ્પૂન લાલ મરચાની પેસ્ટ, ૧ ટે.સ્પૂન ઝીણી સમારેલ કોથમીર, ૪ ટે.સ્પૂન તેલ, ૨ ટે. સ્પૂન ચણાનો લોટ.

***રીત :*** એક બાઉલ લઈ તેમાં તલ, સીંગદાણા, લાલ મરચું, હળદર, ધાણાજીરું, હીંગ, ગરમ મસાલો, મીઠું, લીલા મરચાની પેસ્ટ, કોથમીર, ચણાનો લોટ તથા ૧ ટે. સ્પૂન જેટલું તેલ ઉમેરી મિક્સ કરો. ભરવા માટેનો મસાલો તૈયાર થઈ ગયો.

હવે નાની સાઈઝના કુણા ભીંડા લઈ, વચ્ચેથી કાપા પાડી, તેમાં તૈયાર કરેલ મસાલો ભરવો.

વઘાર માટે ૧ ટે. સ્પૂન તેલ લઈ તેમાં હીંગ, હળદર ઉમેરી ૩૦ સેકંડ માઈક્રો કરો. તેમાં તૈયાર કરેલ ભીંડા ઉમેરી, ઉપરથી ૧ ટે. સ્પૂન તેલ તથા ૨-૩ ટે. સ્પૂન જેટલું પાણી છાંટી (ભેજ જળવાઈ રહે તે માટે) ૨ મિનિટ માઈક્રો કરો. ત્યારબાદ બહાર કાઢી હલાવવું. ફરીથી ૨ મિનિટ માટે માઈક્રો કરો. ફરી બહાર કાઢી ભીંડા બરાબર ચઢ્યા ન હોય તો ફરીથી ૧ મિનિટ માટે માઈક્રો કરો. બાઉલ બહાર લઈ તેમાં બાકીનો વઘારાનો મસાલો તથા ૧ ટે. સ્પૂન તેલ મિક્સ કરી ૩૦ સેકંડ માટે બાઉલને માઈક્રોવેવમાં ખુલ્લું રાખી માઈક્રો કરો. (જેથી ભીંડામાં ચીકાશ રહી હોય તો નીકળી જાય). પછી ૮ મિનિટનો સ્ટેન્ડિંગ ટાઈમ આપો. ભરેલા ભીંડાનું શાક તૈયાર થઈ જશે.

(ઉપરની બધી જ કામગીરી માઈક્રોવેવમાં બાઉલને ઢાંકીને કરવી. જેથી ભેજનું પ્રમાણ જળવાઈ રહે અને ભીંડા બરાબર ચઢી જાય.)

*એ/૩, નિર્માણ ફ્લેટ, પ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : ૨૭૯૧૦૭૧૩, મો. ૯૯૯૮૯ ૫૭૫૨૦*

હળવાશની ક્ષણોમાં

# જો હું સ્ત્રી હોઉં તો...!

## (હળવી નજરે)

• દિનેશ પાંચાલ •

બચુભાઇ અમારા મિત્ર છે. અમારી મિત્રમંડળીમાં એઓ હળવા અંદાજમાં વાતો કરતા રહે છે. એક દિવસ સ્ત્રીશોષણના મુદ્દા પર ચર્ચા થઇ રહી હતી. બચુભાઇ થોડા ઉગ્ર બની બોલ્યા : ''જો હું સ્ત્રી હોઉં તો પહેલું કામ એ કરું કે વ્રત ઉપવાસથી ભાગ્ય પલટાઇ જશે એવી અંધશ્રદ્ધામાંથી મુક્ત થવાનો સ્ત્રીઓને અનુરોધ કરું. ખુદ મારી દીકરી ય અલૂણા કરવાની જીદ લઇ બેસે તો તેને કાનમાં કહું - તારે ખાવા હોય તેટલા આલુ-અંજીર એમ જ ખા, પણ અલૂણા ફલૂણાના ધતિંગમાં પડીશ નહીં. ગમે તેટલા વ્રત કરો તોય નસીબમાં લખ્યો હોય તેવો જ પતિ મળે છે. જયા ભાદુડીએ ક્યાં જયાપાર્વતી વ્રત કર્યા હતા? છતાં એને અમિતાભ બચ્ચન મળ્યો અને મંદોદરીએ અલૂણાનો પૂરો કોર્સ ડિસ્ટીંક્શન સાથે પાસ કર્યો હતો છતાં મળ્યો તો રાવણ જ ને? બહેતર તો એ કે જયાપાર્વતી વ્રતને બદલે જૂડો-કરાટે શીખ. રસ્તામાં કોઇ રાવણ મળી ગયો તો બે ચાર અડબોથ મારી કોકની ઇજ્જત બચાવી શકીશ!'

'જો હું સ્ત્રી હોઉં તો મારા દીકરાની લગ્નવિષયક જાહેરાતમાં એક વાત મોટા ટાઇપમાં છપાવી દઉં. અલૂણા ન કર્યા હોય એવી કન્યાને પ્રથમ પસંદગી આપવામાં આવશે. નોકરી વિનાની કન્યા ચાલશે, પણ એમ.એસ.સી. થઇ હોય છતાં નોકરી માટે ગળામાં મંત્રેલું માદળિયું લટકાવીને ફરતી હોય એવી 'અભણ' કન્યાઓએ તસ્દી લેવી નહીં. મને ક્યારેય એ નથી સમજાયું કે લફરાબાજ પતિ પણ પત્ની માટે 'પરમેશ્વર' શા માટે ગણાતો હશે? એવા પતિ પરમેશ્વરને હું એક વાત કડકાઇપૂર્વક સમજાવી દઉં. સડકછાપ રોમિયો જેવા પતિની અખંડ સૌભાગ્યવતી કહેવડાવવા કરતાં હું વફાદાર પતિની વિધવા ગણાવાનું વધુ પસંદ કરીશ!'

'જો હું સ્ત્રી હોઉં તો મારા માબાપના કાને વાત નાખી રાખું - મને દસ લાખનો વાંકડો આપી શકે એવો કોઇ મુરતિયો તમારા ધ્યાનમાં હોય તો મારે માટે જોજો! મને સમાજનું એ ગણિત કદી સમજાયું નથી કે અંગૂઠાછાપ ધણીને ખૂબ ભણેલી કન્યા મળે તોય વાંકડો કન્યાના પિતાએ જ કેમ આપવાનો રહે છે? હું જાણું છું કે વાંકડો પુરુષોને બદલે સ્ત્રીઓ માંગતી થાય તેથી વાંકડાપ્રથા પવિત્ર બની જવાની નથી. પણ ક્યારેક તો દુર્યોધન જેવા દુષ્ટ દીકરાઓ પણ છ સાત લાખમાં વેચાય છે અને કમાઉ કન્યાનો ભાવ સાવ કોડીનો! એવું શા માટે?'

'જો હું સ્ત્રી હોઉં તો હોળીની ફરતે લોટા વડે પાણી રેડતી બહેનોને એક સવાલ અચૂક પૂછું-સદીઓ પૂર્વે હોલીકા નામની એક સ્ત્રીએ પ્રહલાદને બાળી નાખવાનો પ્રયત્ન કરેલો. પણ તેમ કરવામાં તે સ્વયમ્ સળગી ગઇ હતી. એ ઘટનાને હજારો વર્ષ વીતી ગયા. આજે હવે સળગતી હોળીની ફરતે લોટા વડે પાણીની ધાર પાડવા જેવી અર્થહીન પ્રવૃત્તિનો કોઇ અર્થ ખરો? એર હોસ્ટેસો, લેડી ડોક્ટરો, સ્ત્રી સાંસદો, કે કૉલેજની આચાર્યાઓ જેવી બૌદ્ધિક સન્નારીઓ કદી હોળીની ફરતે આમ ફૂદરડી નથી ફરતી. તેઓ કયા પુણ્યથી વંચિત રહી જાય છે?'

'જો હું સ્ત્રી હોઉં તો સાપના લીસોટા જેવા અર્થહીન ધાર્મિક ક્રિયાકાંડો ફગાવી દેવાની બહેનોને ખાસ સલાહ આપું. ને તેમને ભારપૂર્વક કહું- અમાસને દિવસે ખીચડી રાંધી તો જુઓ... કશું જ નુકસાન થતું નથી. ટાઢી શીળીના દિવસે તમે ચા તો ગરમ પીઓ જ છો... એકાદ વાર ટાઢી રસોઇને બદલે તાજી ગરમ રસોઇ આખા કુટુંબને જમાડો. શીતળામાતા કોપાયમાન નહીં થાય તેનું અભયવચન હું આપું છું. તમારો નાનકો બહુ રડે તો એને આઇસ્ક્રીમ કે લોલીપોપ અપાવીને છાનો રાખવાને બદલે તમે ક્યાં સુધી તેના માથેથી મરચું ઓવારીને ચૂલામાં નાંખતા રહેશો? વડી, પાપડ, પાપડી કે - અથાણાં બનાવવામાં કોઇ પાપ નથી. પરંતુ ઘરની ચાર દીવાલ વચ્ચે રહીને ય સ્ત્રીઓ દુનિયાનો અદ્‌ભુત વિકાસ સમજે અને દુનિયાના સાંપ્રત પ્રવાહોથી પરિચિત રહે તે જરૂરી છે.'

જો હું સ્ત્રી હોઉં તો પોતાને પુત્ર ન અવતરવા બદલ મણના નિસાસા નાખતી સ્ત્રીને માથે પ્રેમથી હાથ મૂકી સમજાવું- 'ગગી, તને ખબર ના હોય તો જાણી લે. ફક્ત દીકરી જ અવતરે તે માટે સોએ સો ટકા પુરુષો જ કારણભૂત હોય છે. સ્ત્રીનો એમાં કોઇ વાંક હોતો નથી.'

'જો હું સ્ત્રી હોઉં તો મારી દીકરીના હાથમાંથી વૈભવલક્ષ્મી કે સંતોષીમાની ચોપડી છીનવી તેના હાથમાં જગતભરના ઉત્તમ લેખકોના પુસ્તકો મૂકું અને મારા પતિને પણ રામાયણની ભાષામાં રોકડું પરખાવી દઉં- 'હે આર્યપુત્ર, તમને ગંગારામ જેવા જોવાને બદલે હું ગંગાસ્વરૂપ હોવાનું વધુ પસંદ કરીશ! તમે ભલે દિવસ આખો ફેક્ટરીમાં પરિશ્રમ કરો, પણ સાંજે નિયમિત થોડું સારું વાંચો. હે પ્રાણનાથ, ક્યારેક ચૂડી-ચાંદલો કે મંગળસૂત્ર પહેરવાનું હું ચૂકી જાઉં તો ચિંતા ના કરશો. પરંતુ એક પણ દિવસ હું પુસ્તક વાંચવાનું ના ચૂકું તેની ખાસ તકેદારી રાખજો. કેમકે વાંચવાથી દિમાગની બેંકમાં બુદ્ધિનું બેલેન્સ વધે છે. સાડી, લિપસ્ટિક કે ઘરેણાં વિના હું ચલાવી લઇશ... પણ ઉત્તમ પુસ્તકો, છાપાઓ અને મેગેઝિનો વિના મારું ગાડું નહીં ગબડે!''

અંતે બચુભાઇએ એક સ્વાનુભવ ઉમેરતાં કહ્યું : 'મારી પત્નીને મેં એક વાર કહેલું-

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦૧ ઉપર)

*પરાજયથી સત્યાગ્રહીને નિરાશા થવી જોઇએ નહીં, બલકે તેનાથી તેની કાર્યક્ષમતા અને લગન વધે છે.*

# તમારે ત્યાં ફેવિકોલ છે?

• દિનેશ પાંચાલ •

એક પરિચિત કૉલેજ કન્યાના લગ્નની વાત ચાલતી હતી. મેં એને પૂછ્યું, 'તારો સ્વભાવ બહુ રમૂજી છે. તને રમૂજીને બદલે કોઇ મૂજી મળી ગયો તો શું કરીશ?' એણે જરા ગંભીર બની કહ્યું- 'હું તેને મારી અપેક્ષા મુજબનો આકાર આપવાની કોશિશ કરીશ. પણ સફળ ન થઇ શકી તો એડજેસ્ટ થઇ જઇશ!' છોકરીનો જવાબ ગમ્યો. એમાં સ્ત્રી સહજ વ્યવહારુતા હતી. એને શોષણ ગણો કે અન્યાય પણ સંસારમાં બહુધા સ્ત્રીઓના ભાગે જ અનુકૂળ થવાનું આવતું હોય છે.

સાસરે ગયેલો જમાઇ ભોજન બાદ હાથ ધોવા ઊઠે ત્યારે સાળો યા સસરો તેની તહેનાતમાં ટુવાલ લઇને ઊભો રહે છે. પણ સાસરે ગયેલી પુત્રવધૂ જમીને વૉશ બેઝીનમાં હાથ ધોતી હોય ત્યારે તેની સાસુ ટુવાલ લઇને બાજુમાં ઊભી હોય એવા દૃશ્યની કલ્પના થઇ શકે ખરી? આપણા પુરુષપ્રધાન સમાજના માન, સન્માન કે સુવિધાઓ સર્વ પુરુષલક્ષી જ હોય છે.

ઓફિસમાં એક મહિલા કર્મચારીની બદલી થતાં અમારા એક મિત્રે તેમને પૂછ્યું, 'દસ વર્ષ સુધી અહીં નોકરી કર્યા પછી હવે બીજી ઓફિસમાં એડજેસ્ટ થવાનું બહુ આકરું લાગશે નહીં? બહેને કહેલું, 'બિલકુલ નહીં. આ તો ફક્ત દસ વર્ષની વાત છે, અમે સ્ત્રીઓ બાવીસ તેવીસ વર્ષનો પિયરનો ગાઢ સંબંધ છોડી સાસરે જઇએ ત્યારથી જ એડજેસ્ટ થવાનું શીખી લઇએ છીએ! સાસરામાં નવા માણસો, નવું ઘર, નવું વાતાવરણ... બધું જ નવું હોય છે. એ બધાંને અનુકૂળ થઇ જવા સિવાય છૂટકો હોતો નથી. હું પરણીને આવી ત્યારે મારા સાસરે ખોરાકમાં મરચાનું પ્રમાણ એટલું વધારે હતું કે જમતી વેળા મારી આંખમાં આંસુ આવી જતા. આજે અડધો શેર કાચા મરચા ચાવી જઇ શકું એટલી ટેવાઇ ગઇ છું!'

વાત ખોટી નથી. સ્ત્રીને કુદરતે સ્ટ્રેચેબલ પ્રકૃતિ આપી છે. તેમણે સંસારની ગમે તેવી તીવ્ર તીખાશ પચાવી જવી પડતી હોય છે. મરચાંવાળી રસોઇ શું આખેઆખા મરચાંછાપ પતિ જોડે પણ જીવન જીવી લેવું પડે છે. અનુકૂલન સ્ત્રીઓનો સૌથી મોટો સદ્‌ગુણ હોય છે. એકવાર એક મિત્રે કહેલું- 'મારી પત્નીને પારકા ઝઘડામાં ભારે રસ. બન્યું એવું કે એ પાડોશીને ત્યાં ઉછીની ખાંડ લેવા ગઇ. તેજ ક્ષણે પાડોશીએ છૂટી ફૂલદાનીનો ઘા તેની પત્ની પર કર્યો. ફૂલદાની દીવાલ પર અફળાઇને બે ટુકડા થઇ ગઇ. એ નિહાળી પત્ની એવી રીતે મારી પાસે દોડી આવી જાણે દસ લાખની લોટરી લાગી હોય! હું તંદ્રામાં હતો. મને હચમચાવી નાખતાં કહ્યું- 'આ તમને તો ઉંઘવા સિવાય બીજો ધંધો જ નથી. કાંઇ ખબર છે, બાજુમાં શું ચાલી રહ્યું છે? બેય વચ્ચે જબરી જામી ગઇ છે. સાંજે બેસવાને બહાને જઇશું. ફૂલદાનીના બે ફાડચા થઇ ગયા છે. હું નજરે જોઇને આવી છું!'

સાંજે અમે ગયા તો શું જોઇએ છીએ? પતિ પત્ની એક સોફા પર અડોઅડ બેસી તેમની સાતમી મેરેજ એનીવરસરીમાં કોને કોને બોલાવવા તેનું લિસ્ટ બનાવી રહ્યા હતા. બન્નેએ હસીને અમને આવકાર્યા. દૂર દૂર સુધી તેમના ચહેરા પર પેલા ઝઘડાનું નામનિશાન નહોતું. મારી પત્નીનું મોઢું પડી ગયું. મેં ટેબલ પર પડેલી ફૂલદાની તરફ પત્નીનું ધ્યાન ઇશારાથી દોર્યું. ફૂલદાનીમાં સુંદર ફૂલો શોભતા હતા. બાજુમાં ફેવિકોલની નાની બોટલ પડી હતી. શોધવા નીકળીએ તો સંસારમાંથી આવી તૂટેલી ફૂલદાનીઓ લાખોની સંખ્યામાં મળી આવે... પણ તે સમજદારીના ફેવિકોલથી સુંદર રીતે સંધાયેલી હોય છે. તેનાથી કમરાની શોભા જરાય ઘટતી નથી.

સ્વ. પન્નાલાલ પટેલે તેમની કોઇ વાર્તામાં લખ્યું છે - હું ગલ્લે પાન ખાવા જઇ રહ્યો હતો. ત્યાં મેં જોયું કે એક ઘરમાં પત્ની પોતાના પતિ પર છૂટી રકાબીઓ ફેંકી રહી હતી. થોડી વાર પછી હું પાછો ફર્યો ત્યારે મેં તીરછી નજરે જોયું તો બન્ને હસતા હસતા ફર્સ પર પડેલા રકાબીના ટુકડા ભેગા કરી રહ્યા હતા!

માણસ નાનો હોય કે મોટો, દરેકના જીવનમાં ઝઘડા થાય છે. જેમના ફેવિકોલમાં દમ હોતો નથી, તેમના ઝઘડા લાંબા ચાલે છે. સંતો કહે છે : 'જીવનમાં પ્રેમથી મહાન બીજું કાંઇ નથી!' પણ દાંપત્ય જીવનમાં પ્રેમ કરતાં અનુકૂલનનું મહત્ત્વ વધી જાય છે. અનુકૂલન હોય તો પ્રેમ વિનાય માણસો સુખથી જીવી શકે છે. એક ફિલ્મી ગીતમાં અનુકૂલનનો જીવનમંત્ર સુંદર રીતે વ્યક્ત થયો છે. 'દો કદમ તુમ ભી ચલો, દો કદમ હમ ભી ચલે... મંઝિલે ફિર પ્યારકી આયેગી ચલતે ચલતે!' બન્ને પક્ષ સમાધાનની દિશામાં બે બે ડગલા આગળ વધે તો સંસારની ફૂલદાની અવશ્ય મહેકી ઊઠે!

પતિને ભર શિયાળામાંય ફૂલ પંખો જોઇતો હોય અને પત્નીને પંખો મુદ્દલે ના ફાવતો હોય ત્યારે અનુકૂલનની ખાસ જરૂર પડે છે. અમારા એક મિત્ર દંપતીને ત્યાં આવી સ્થિતિ છે. પત્નીને પંખો નથી ફાવતો. એથી એ કાને સ્કાર્ફ બાંધી લઇ જાડો ચોરસો ઓઢી લે છે. અને પતિ મહાશય પંખો પાંચને બદલે ત્રણ પર રાખી (થોડા ઓછા પવનથી) ચલાવી લે છે. કોઇકે સાચું કહ્યું છે- 'લાઇફ ઇઝ

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦૧ ઉપર)

*બીજાને માટે ત્યાગ કરનારો જ સાચો પરોપકારી કહેવાય.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : બાજુજે ફ્લેટમેં જયંતીકાકા રેંતા તેંજો છોરો દંધિયે જો હકડો દંધો તૂટે પ્યો તેંમેં નઉં દંધિયો ગનેલા કે કજીયો કરેતો... ને જયંતીકાકા ચેંતા હકડો દંધો તૂટે પ્યો તેંલા કે નઉં દંધિયો ન ગેનાજે... સે જરા તપાસ ત કર ગાલ કુરો આય? ને છોરો કુલા કજીયો કરેતો?

બચુડો : (તપાસ કે ને ચેં) હકડો દંધો તૂટે તેલાં નઉં દંધિયો ન ગેનાજે, પણ છોરે ગીયા જોકો દંધિયો વો અનમેં છેલ્લો દંધો વો સે પણ તૂટે પ્યો વો અતરે નયો દંધિયો ગેનેલા કજીયો કેંતે....

## ખિલજા મ ભલા

યશરાજ : સાંભળ્યું છે કે તમને ગુસ્સો બહુ જ આવે છે.

જશરાજ : હા, સાચી વાત છે.

યશરાજ : તમારો ગુસ્સો સાતમા આસમાને ક્યારે પહોંચે છે?

જશરાજ : છઠ્ઠા આસમાને પહોંચ્યા પછી.

☺ ☺ ☺ ☺ ☺

એક મિત્ર : તું ખૂબ નસીબદાર છે. તારી પત્ની તારી માતાને ખૂબ સારી રીતે રાખે છે.

બીજો મિત્ર : હા, કારણકે અમને રસોયણ બાઈ અને આયા પોષાય તેમ નથી.

☺ ☺ ☺ ☺ ☺

રાકેશ : આજે તું કેમ બહુ ઉદાસ છે?

રાજેશ : હું મારી પત્નીના વાંકમાં આવ્યો. તેથી ૩૦ દિવસ સુધી તેણે મારી સાથે બોલવાનું બંધ કર્યું છે.

રાકેશ : એ તો બહુ સારું કહેવાય. કચકચથી તું છૂટ્યો.

રાજેશ : હા, પણ અબોલાનો આજે છેલ્લો દિવસ છે.

☺ ☺ ☺ ☺ ☺

પરદેશથી લાંબા સમયે આવેલો મિત્ર : તારી પત્ની હજુ પણ એવી જ સુંદર દેખાય છે?

દેશમાં રહેનારો મિત્ર : હા, પણ એના માટે હવે તેને ઘણો સમય લાગે છે.

☺ ☺ ☺ ☺ ☺

જમનાદાસ : બધી સ્ત્રીઓ બુદ્ધિ કરતાં રૂપ ઉપર કેમ વધુ ધ્યાન આપે છે?

ગંગારામ : કારણકે પુરુષ મૂર્ખ હોઈ શકે છે, આંધળા નહિ.

☺ ☺ ☺ ☺ ☺

છગન : યાર મગન, તારો કૂતરો ગઈકાલે મારી સાસુને કરડ્યો.

મગન : એનું શું...? શું તારે મારા પર કેસ કરવો છે?

છગન : ના, રે ના... મારે તો તારો કૂતરો વેચાતો લેવો છે.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : મારા અને મારી પત્નીના વિચારો મળતા આવે છે.

સોહન : એ કેવી રીતે? ટેલિપથી?

મોહન : ના... ના... પહેલા એ વિચારે છે પછી હું એ કહે એ જ રીતે વિચારું છું.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : મમ્મી... મમ્મી... પરી ઊડી શકે?

મમ્મી : હા બેટા, પણ તું શું કામ પૂછે છે?

ચીન્ટુ : આપણી નવી કામવાળીને પપ્પા પરી કહેતા હતા.

મમ્મી : એ પરી કાલે ઊડી જશે.

☺ ☺ ☺ ☺ ☺

વીમા એજન્ટ : પીયૂષભાઈ, હવે તમારા લગ્ન થઈ ગયા. હવે તમારે વીમો લઈ લેવો જોઈએ.

પીયૂષ : ના, ના... એ એટલી બધી ક્રૂર નથી.

☺ ☺ ☺ ☺ ☺

કરશન : જીવનમાં એવા બે તબક્કા આવે છે જ્યારે પુરુષ સ્ત્રીને સમજી શકતો નથી.


દર્શન : કયા કયા...?

કરશન : એક લગ્ન પહેલાં અને બીજો લગ્ન પછી.

☺ ☺ ☺ ☺ ☺

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*ગ્રંથાલય એ પૂજાનું સ્થાન નથી પણ નવા વિચારોને જન્મ આપતું પ્રસૂતિગૃહ છે.*




મંગલ મંદિરનો અષાઢી બીજ વિશેષાંક અહીં લંડનમાં બેસી લેપટોપ પર રસપૂર્વક વાંચી ગયો. આલ્હાદક કચ્છી નવા વર્ષની જેમ વિવિધ સામગ્રીથી ભરપૂર ઘણોજ રોચક લાગ્યો.

અમદાવાદ કચ્છી જૈન સમાજે અકલ્પનીય પ્રગતિ કરી છે. આપના તંત્રી લેખમાં સામાન્ય કુટુંબની આવાસની સમસ્યાને ઉકેલવા તમે જોરદાર આહ્વાન કરેલ છે. એનો પ્રતિસાદ સમાજે વિના વિલંબે આપવાનો છે. ટાટાની ૩૨૦૦૦ રૂપિયાની કિંમતના ઘર જેવી કોઇ યોગ્ય રૂપરેખા તૈયાર થવી જોઇએ.

શ્રી નવીનભાઇ ઉપાધ્યાય અને શ્રી લાલ રાંભિયાના ટાઉન પ્લાનિંગ અને ઘરોની આસપાસ સ્વચ્છ વાતાવરણ વિશેના લેખ આવાસના પ્રશ્નોને વિશેષ ઉજાગર કરે છે. શ્રી હરખચંદ ભાઇએ કેન્સર વિષયના પુસ્તકનો લાભ સૌને મળે તે માટે પુસ્તકને પ્રસિદ્ધ કરાવી અનુકરણીય દાખલો બેસાડ્યો છે. કામણગારા કચ્છ વિશેના લેખ અને કચ્છના મ્યુઝિયમની માહિતી વાંચી એક કચ્છી હોવાનો ગર્વ થાય છે. પ્રવાસ-લેખો ઠીક ગમ્યા. ચિત્રસેનભાઇએ સારો હાસ્ય પૂટ આપ્યો છે. ડૉ. વિશન નાગડાના કચ્છી કહેવતમાં હાસ્ય લખાણ વાંચીને ખ્યાલ આવ્યો કે આપણા વડીલો કેવા હળવા રહી શકતા હતા.

મારા અળશીના લેખને પ્રગટ કરવા માટે ઘણો આભાર.,

અનેક શુભેચ્છાઓ સાથે.

***માણેક એમ. સંગોઇના પ્રણામ.***

• • • • •

'મંગલ મંદિર' અમારા કુટુંબનું 'જનકલ્યાણ' અને 'ચિત્રલેખા' જેવું અતિપ્રિય મેગેઝિન બની ગયું છે. ખાસ કરીને એમાં છાપકામની એક પણ ભૂલ હોતી નથી. કચ્છી જૈન સમાજને ખૂબ ગૌરવ બક્ષે એવું આ મેગેઝિન બની શક્યું છે. એનું તંત્રીમંડળ, લેખકો અને અન્ય સહયોગીઓ, એ માટે હાર્દિક અભિનંદનને પાત્ર છે. 'જનકલ્યાણ'ની જેમ લેખકોના ફોટા છાપવાનું પણ વિચારો તો એક વિશિષ્ટ ભાત પડે. વાચકોને થોડો ચેઇંજ પણ મળે. બાકી એવું ન કરશો તો પણ આ અત્યંત સુંદર મેગેઝિનની સફળ આગેકૂચ કદી અટકવાની નથી.

***દિનેશ પાંચાલ - નવસારી***

અષાઢી બીજ વિશેષાંક મળેલ છે. તેમાંના માહિતીસભર લેખોથી ઘણું જાણવાનું મળે છે. જૈન સમાજનું મુખપત્ર હોવા છતાં આપની ઔદાર્યપૂર્ણ પારદર્શક વિચારસરણીથી તે દ્વારા કચ્છના પ્રાણપ્રશ્નો તેમજ સ્થાનિક ગતિવિધિની રજૂઆત માટે હાર્દિક ધન્યવાદ.

આ અંકમાં કચ્છી ગ્રામ્ય જીવનનો તાદશ ચિતાર આપતી અફલાતુન તસવીરો માટે શ્રી વિવેકભાઇ દેસાઇને તેમજ તેમને પ્રેરણા પ્રોત્સાહન આપવા માટે આપ સૌને અભિનંદન.

આગામી અંકોમાં પણ આવા જ વિશિષ્ટ સર્જનો રજૂ કરતા રહેશો એવી અપેક્ષા ઊણી નહીં ઉતરે એવી શ્રદ્ધા છે.

***કિશોર જે. શાહ - ભુજ, કચ્છ***

માસ જૂન ૨૦૧૧ના મંગલ મંદિરના અંકમાં લેખક શ્રી મગનલાલ ગંગરનો લેખ "થોડાં તથ્યો પર વિચારણા મંથન" વાંચ્યો. અલગ અલગ મુખવટા ધારણ કરીને કેટલાક ઠગ ભક્તોને ધર્મની આડે દીવાલો ખડકતા જવાની પુરાણી આદત હોય છે... લેખકશ્રીએ આ આદત પર માર્મિક ઘા કર્યો છે... આમ જોવા જઇએ તો ધર્મના નામે સદીઓથી દંભ રચાતા રહ્યા છે. દૂષણો ફેલાતા રહ્યા છે. અનેક ભ્રમોની માયાજાળ રચાતી રહી છે. ભણેલા ગણેલા લોકો પણ તેના ભોગ બનવાના અનેક દાખલા મોજૂદ છે.

શ્રી મગનલાલ ગંગરની કલમ પર જબરી પક્કડ છે. 'મંગલ મંદિર'માં પ્રગટ થએલો લેખ વાંચી આનંદ થયો.

***ટોકરશી વોરા - હૈદ્રાબાદ***

• • • • •

'મંગલ મંદિર'માં માહિતી સભર લેખો પ્રસિદ્ધ કરો છો તે માટે મારા હાર્દિક ધન્યવાદ પાઠવું છું.

***મણિલાલ કે. છેડા - મુંબઇ***

• • • • •

## કચ્છમાં વૃક્ષારોપણ યોજના

કોટિ વૃક્ષ અભિયાનના પ્રણેતા શ્રી એલ.ડી. શાહના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લામાં ચાલી રહેલી વૃક્ષારોપણની ઝુંબેશને કારણે લાખોની સંખ્યામાં વૃક્ષોની વાવણી કરવામાં આવી છે. સુવિદિત છે કે જેટલા વધુ વૃક્ષો વવાશે તેટલા પ્રમાણમાં વરસાદ વધશે. ભુજ ખાતેની 'માનવ જ્યોત' સંસ્થાએ સૌના સહકારથી આ કાર્યનો આરંભ કર્યો છે. કચ્છમાં વૃક્ષોનું પ્રમાણ વધારવાની અત્યંત આવશ્યકતા છે કારણકે જિલ્લામાં જરૂરિયાત મુજબનો વરસાદ થતો નથી અને તેનાં કારણે તળાવો અને નદીઓમાં પાણીનો અભાવ વર્તાય છે જેની અસર

ખેડૂત વર્ગને પણ થાય છે.

આ સ્થિતિમાં એક વિચાર એવો છે કે કોઇપણ સમાજ પરિવારજનોમાં જન્મદિન, શુભ લગ્ન પ્રસંગ, કોઇ પ્રસંગની ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી, નવું મકાન, નવા કામકાજ, ખાતમુર્હૂત જેવાં વિવિધ પ્રસંગોએ ઉપરોક્ત વૃક્ષ દત્તક યોજનામાં આર્થિક સહકાર આપીને ઘણું કરી શકાય તેમ છે. શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટની રતનવીર નેચર ક્યોર સેન્ટરમાં ઉપચાર માટે આવતા મિત્રોએ આ પ્રકારની શરૂઆત કરી છે. તે રીતે, પ્રથમ માસે રૂા. દોઢ લાખ — ૧૫૦ વૃક્ષો અને બીજે મહિને રૂા. એક લાખ — ૧૦૦ વૃક્ષો દત્તક લેવાયા છે. જેમાં એક વૃક્ષના રક્ષણ માટેનાં પીંજરાની કિંમત રૂા. એક હજારનો અંદાજ મૂકાયો છે.

અન્ય વિચાર મુજબ, પરિવારજનમાં કોઇ દુઃખદ મૃત્યુ થાય ત્યારે અનેક વિટંબણાઓનો સામનો કરીને લોકો પ્રાર્થના સભા જેવા લૌકિક વ્યવહારમાં જતા હોય છે. જેમાં સમય અને ખર્ચનો વ્યય અલગ વિષય છે. આ પ્રકારના વ્યવહારના સ્થાને, સદ્‌ગતના આત્માને અંજલિ આપવા વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં સહયોગ આપીને મોટા પુણ્યનું કામ ના થઇ શકે? વૃક્ષારોપણની યોજનાથી કચ્છની જનતા અને પશુધનને લાખોનો ફાયદો થયો છે. વૈજ્ઞાનિકોના એક મત મુજબ, એક પુખ્ત વયનું વૃક્ષ સમાજને પ્રાણવાયુ, લાકડું, ફળ, છાલ, ગુંદર, પક્ષીઓને રક્ષણ વગેરેની ગણતરીથી રૂા. ૨૩ લાખનો ફાયદો આપે છે. તે ઉપરાંત, વરસાદ લાવવા અને જમીનનું ધોવાણ અટકાવવાનું કાર્ય પણ થાય છે. આના જેવું પુણ્યનું કામ ભાગ્યે જ અન્ય હોઇ શકે. આ રીતે સમાજે અને લોકોએ વ્યવહારમાં યુ-ટર્ન લેવાનો સમય પાકી ગયો છે તેમજ આવા પ્રસંગોએ જે નાની-મોટી રકમ એકઠી થાય તે કચ્છમાં વૃક્ષારોપણ, દત્તક યોજના માટે મોકલાવી શકાય છે. રકમ મોકલાવવા માટે માનવજ્યોત મુંબઇમાં ફોન નંબર ૯૮૨૦૦ ૩૯૬૪૯ અને ભુજમાં ૯૯૨૫૧ ૬૯૮૭૬ નો સંપર્ક થઇ શકશે.

*માનવ જ્યોત, 'કોટિ વૃક્ષ અભિયાન'*

## એક અજમાવવા જેવો અભિગમ

લોકોનો વિશ્વાસ અને લક્ષ્ય સુધી પહોંચવાની તમારી ક્ષમતાથી જ ધારેલા કાર્યો થઈ શકે છે. કોઈ પણ કાર્ય કરવા માટે આત્મવિશ્વાસ એક પડકાર અને ભેટ છે. તમને આ ભેટ ન મળી હોય તો પણ તમે એની પસંદગી તો કરી જ શકો છો. અને તમે આ પસંદગી કરશો તો તમને ભેટ આપોઆપ મળી જવાની. વિશ્વાસના મૂળિયા 'બધું બરાબર થઈ જશે, રહેશે' એવી આસામાં રહેલા છે. લોકો પોતાના ડર - આશંકા તમારી ઉપર ઠોકી બેસાડે એવી તક એમને આપો જ નહીં અને જ્યાં સુધી તમે કોઈ કામ શરૂ નથી કરતા ત્યાં સુધી તમે ક્યારેય કાંઈ નથી શીખી શકતા.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

## દૂધ પીવાય કે નહીં?

દૂધ પીવાય કે નહિ? આ અંગે મનમાં ગુંચવાડો અનુભવવા સુશ્રી અલ્કાબહેને પોતાના પત્રમાં ('આંજો કાગર'-જૂન : ૧૧) શરૂઆતમાં જ ઉત્તમ વાત કરી છે. તેમણે લખ્યું છે : જીવદયા, અહિંસા અને કરુણા આપણા જીવનમાં ખૂબ વણાઇ ગયા છે. સાવ સાચું, બહુ સરસ. પણ સાચું કહેજો, આ બધું આપણા વિચારોમાં તો વણાઇ જ ગયું છે, તેમાંથી આચરણમાં આપણે કેટલું મૂક્યું? મને લાગે છે નહિવત. જીવદયા અને કરુણાના ભાવ સાથે આપણે આચરણ કરતા હોત તો આજે કોઇ જૈન દુઃખી ન હોત. કરોડોના ખર્ચે નવા નવા દેરાસરો બંધાયે જ જાય છે, મોટા મોટા મહોત્સવોના ઉજવણાં વણથંભે ચાલ્યા જ કરે છે. કેવી કેવી શિબિરો ને કેવી કેવી હાજરી, ધન્ય ધન્ય થઇ જવાય એટલી. આ પરંપરાઓને કચરા ટોપલીમાં નાખી દઇને આવી પ્રણાલિઓને અટકાવી દેવી જોઇએ. આ અંગે વધુ ટીપ્પણ કરતો નથી. એટલું જ કહીશ કે પારસીબંધુઓ માટેની છે તેવી જબરજસ્ત સખાવતો જૈનબંધુઓ માટે નથી. ધન્ય છે પારસીઓની કરુણા - જીવદયાને.

સાધુ ભગવંતોનો એવો નાનો વર્ગ છે જ, જે દૂધ વાપરવાનો વિરોધ કરે છે. સામે પક્ષે વિશાળ વર્ગ દૂધ વાપરવાને બાધ ગણતો નથી. કદાચ બહેને પત્રમાં છેલ્લે લખેલી વાતોથી આ વર્ગ અજાણ છે અથવા આંખ આડા કાન કરે છે. આ ક્રૂરતા-હિંસા અંગે હમણાં એક રૂંવાડા ઊભા થઇ જાય તેવી હકીકત જાણવા મળી. દૂધ ઉત્પાદક ડેરી કે કેન્દ્રમાં દૂધ આપવા જાય છે ત્યારે દૂધના કૅનમાં પાણી તો નાખે જ છે, પણ દૂધ ઘટ્ટ થાય તે માટે ૧૦-૧૫ જીવતા અળસિયાની પોટલી બનાવીને દૂધમાં મૂકે છે. આ જીવોનું માંસ દૂધમાં ભળી જવાથી દૂધ ઘટ્ટ/જાડું બને છે. અને આ વાત લગભગ સર્વત્ર કેન્દ્રોને લાગુ પડે છે, એવી કબૂલાત પણ દૂધ ઉત્પાદકો કરે છે! આ દૂધનો ભાવ તેમને વધુ મળે છે. આપણે પણ એવા વધુ ફૅટવાળું દૂધ પસંદ કરીએ છીએ.

કેટલાક ડૉક્ટરોના મતે દૂધમાં આપણે માનીએ છીએ તેવા શક્તિદાયક તત્ત્વો નથી- કદાચ બાળકો માટે હોય- અને જે થોડાં તત્ત્વો છે તે દૂધ ઉકાળવાથી ઊડી જઇને લગભગ શૂન્ય થઇ જાય છે.

વધુ દૂધ મેળવવા પ્રાણીઓએ કેવો કેવો ત્રાસ સહન કરીને, છેવટે રિબાઇરિબાઇને કમોતે મરવું પડે છે તેની વિગતવાર માહિતી માટે બેન અલકાબહેનના પત્રની દસ લીટીનો છેલ્લો ફકરો વાંચી જવા વાચકોને નમ્ર સૂચન છે. જવાબ મળી જશે.

વિચારો તો જાણ્યા, હવે આ આચરણમાં મૂકવા કે નહિ તે વ્યક્તિગત વાત થઇ. પોતાની ગૂંચવણ, ખુલ્લા મનથી રજૂ કરીને મને બે વાતો લખવાનો મોકો આપ્યો તે માટે આભાર. સુશ્રી અલકાબહેનનો આભાર.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

# મંગલ મંદિર-શ્રેષ્ઠ લેખ, શ્રેષ્ઠ આંજો કાગર — નિર્ણાયક સમિતિ

હાલે છેલ્લા કેટલાક સમયથી મંગલ મંદિરમાં પ્રસારિત થતા 'લેખો' તથા તેના આંજો કાગર વિભાગમાં પ્રસારિત થતા 'પત્રો'માંથી શ્રેષ્ઠ લેખ તથા શ્રેષ્ઠ પત્રની પસંદગી કરી તે લખનારને ઇનામ/ઍવૉર્ડથી નવાજે છે કે જેના કારણે મંગલ મંદિરનું ધોરણ ઉત્તરોત્તર શ્રેષ્ઠ થતું રહે.

શ્રેષ્ઠ લેખ તથા શ્રેષ્ઠ પત્રની પસંદગી કરવા માટે એક નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવે છે. જે દરેક લેખ તથા પત્રને વિવિધ સ્વરૂપે ચકાસી, યોગ્ય નિર્ણય લેવામાં નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કરે છે.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને વર્ષ ૨૦૧૧-૧૨ માટે એટલે કે એપ્રિલ-૨૦૧૧થી માર્ચ ૨૦૧૨ ના અંકોની ચકાસણી કરવા નીચે મુજબની એક નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવેલ છે. આ નિર્ણાયક સમિતિના દરેક સભ્ય સુપરત કરવામાં આવેલ જવાબદારી યોગ્ય સ્વરૂપે અદા કરી શકે તે પ્રકારના તજજ્ઞ અને પ્રખર અભ્યાસુ છે. મંગલ મંદિરને એ વાતનો ગર્વ છે કે તેને આ પ્રકારના વિદ્વાનોનો સહકાર સાંપડી શકેલ છે.

નિર્ણાયક સમિતિની વિગત નીચે મુજબ છે.

(૧) શ્રી ધીરજભાઇ સોમપુરા-અમદાવાદ, M.A., Alumini, IIM-A'bad - સંયોજક

(૨) શ્રી પ્રફુલભાઇ ઠક્કર-અમદાવાદ, IAS (Retd.), Ex-Secretary, Govt. of Gujarat - સભ્ય

(૩) શ્રી મોહનભાઇ પંચાલ-અમદાવાદ, M.Ed., Ph.D. - સભ્ય

ઉપરોક્ત સમિતિને મંગલ મંદિર ખરા અંતઃકરણપૂર્વક આવકારે છે. સાથે સાથે વિદ્વાન તજજ્ઞોની ટીમનું ગઠબંધન કરી આપવા માટે શ્રી ધીરજભાઇ સોમપુરાનો આભાર માને છે.

***તંત્રી મંડળ-મંગલ મંદિર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ***

## ધીરજભાઇ સોમપુરા

M.A (Entire English), M.A. (Eng. Lit) 1967 (A.U.)

Alumni, IIM, Ahd.

"ખભે પછેડી અને દીઠો ચાંદ" વાળી કચ્છીયત અને "No man is foreigner, no land is foreign" વાળું જીવનસૂત્ર આત્મસાત્ કરનાર ધીરજભાઇને ભુજની લાલન કૉલેજમાં પ્રેરણા મળતાં અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર્સ પૂર્ણ કરી આઠ વર્ષ લગી ગુજરાત યુનિ. સંલગ્ન કૉલેજોમાં અધ્યાપક/પ્રાધ્યાપક તરીકે સેવા-આપતાં આત્મસંતોષ મેળવી ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસના ચક્રો ગણાતા ચાર નિગમો પૈકી ગુજરાત સ્મોલ ઇન્ડ. કોર્પોરેશનમાં વર્ગ-૧માં એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે ૧૯૭૧માં જોડાયા અને તે પછી પ્રગતિના પંથે ૧૫ વર્ષમાં જનરલ મેનેજર પદે રહી નિવૃત્ત થયા.

Industrial Entrepreneur થવાની આકાંક્ષાએ સ્ટીલ માલમાં ડાયરેક્ટરના હોદ્દા પર થોડો સમય રહી પોતાનો વ્યવસાય શરૂ કરી હાલ નિવૃત્તિકાળનું જીવન વ્યતીત કરે છે.

ગુજરાત રાજ્યના Undertakingમાં સેવા આપતાં સરકારશ્રી દ્વારા પસંદગી થતાં તેમણે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત મિડલ મેનેજમેન્ટ કોર્સ પૂર્ણ કરી IIMના Alumni થયા.

સમાજના અનુરાગી ધીરજભાઇ વૈશ્વિક સોમપુરા સમાજની મધ્યવર્તી સંસ્થા "સોમપુરા કેળવણી કેન્દ્ર"માં ટ્રસ્ટી અને ઉપપ્રમુખ હોવા ઉપરાંત કચ્છી સમાજ - અમદાવાદમાં પણ ટ્રસ્ટી અને ઉપપ્રમુખ તરીકે રહ્યા છે.

## શ્રી પ્રફુલભાઇ ઠક્કર

IAS (Retd.)

Ex-Secretary, Govt. of Gujarat

ગુજરાત રાજ્યના અલગ અલગ વહીવટી વિભાગોમાં ઉચ્ચ હોદ્દાઓ પર રહીને સેવા આપતાં IAS કેડર ધરાવતા શ્રી પ્રફુલ્લભાઇએ ઉજ્જવળ કારકિર્દી પૂર્ણ કરતાં પૂર્વે સેક્રેટરી-રેવન્યુ અપીલ્સના કારકિર્દીના સર્વોચ્ચ હોદ્દા પર રહી નિવૃત્ત થયા.

પરંતુ સરકારી સેવા નિવૃત્ત હોવા છતાં અત્યંત પ્રવૃત્તિશીલ જીવન વ્યતીત કરી રહ્યા છે. ઓટોગ્રાફ્સ, કેન્ટીન ટોકન્સ તેમજ ન્યુમિસ્મેટીક્સ (પ્રાચીન સિક્કાને લગતી પ્રવૃત્તિ)માં સર્જનાત્મક રસ ધરાવતા શ્રી પ્રફુલ્લભાઇને Limca Book of Awardsમાં વર્ષ ૨૦૦૯માં બે વખત સ્થાન પ્રદાન થયેલ છે.

સ્વભાવે મૃદુ છતાં મક્કમ ઇચ્છા શક્તિવાળા પ્રફુલ્લભાઇ ઉપર્યુક્ત વિષયમાં અનેક વખત દેશ કે વિદેશ યાત્રા કરી ચૂક્યા છે. પ્રફુલ્લભાઇ વાસ્તવમાં સમાજપ્રેમી છે અને પરોપકારી સ્વભાવ ધરાવે છે.

## ડૉ. મોહનભાઇ પંચાલ

M.Ed., Ph.D

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત શિક્ષણવિદ્‌માં જેમનું અનેરું સ્થાન છે તેવા ડૉ. મોહનભાઇએ સમગ્ર જીવન કેળવણીના ક્ષેત્રમાં અલગ અલગ સ્થળોએ અલગ-અલગ હોદ્દા પર રહીને ૫૦ વર્ષ ઉપરાંતની યશસ્વી કારકિર્દી પૂર્ણ કરી નિવૃત્તિમાં પણ પ્રવૃત્ત રહ્યા છે.

વ્યસ્ત જીવન વચ્ચે અભ્યાસ, મનન અને ચિંતનના આ વિરલ સર્જનાત્મક વિદ્વાન ડૉ. મોહનભાઇએ ૭૬ જેટલા વિવિધ વિષયો પર પુસ્તક/ગ્રંથો લખી ગુજરાતી સાહિત્યમાં પ્રભાવશાળી સ્થાન પ્રાપ્ત કર્યું છે અને અનેક બહુમાનના નિરભિમાની સ્વભાવે હક્કદાર રહ્યા છે.

તેમના પુસ્તક નિર્માણના વિષયોમાં શિક્ષણ, મનોવિજ્ઞાન, સમાજવિદ્યા અને તત્ત્વચિંતનનો સમાવેશ થાય છે.

"સાહેબ મને સાંભળો તો ખરા" શીર્ષકવાળા પુસ્તકના પરિપાક રૂપે શિક્ષકો અને વિદ્યાર્થી જગતમાં નવચેતના પ્રસરાવી છે.

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ભાવનગર કચ્છ સમાજ

છેલ્લા ૨૪ વર્ષથી અષાઢીબીજની ઉજવણી ભાવનગર કચ્છ સમાજ દ્વારા કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે રજત જયંતી વર્ષ નિમિત્તે વિશિષ્ટ અને અનેરું આયોજન કરવામાં આવેલ હતું.






સમાજ પરિવાર માટે સમગ્ર દિવસનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. વિવિધ હરીફાઈઓ યોજવામાં આવેલ હતી. જેમાં નાના મોટા લગભગ ૨૦૦ હરીફોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના પ્રમુખસ્થાને હાલમાં જ નિવૃત્ત થયેલ સમાજ કલ્યાણ ખાતાના સંયુક્ત સચિવ તેમજ પાટીદાર સંદેશના તંત્રીશ્રી શામજીભાઈ પટેલ, તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી હંસરાજભાઈ કંસારા (પત્રકાર અને લેખક) તથા શ્રી મીનાક્ષીબહેન માંકડ (મુખ્યતંત્રી 'કચ્છશ્રુતિ') તેમજ સ્થાનિક અન્ય સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને સમાજના વિકાસ કાર્યને બિરદાવીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

સાંજના સમયે સોનગઢ સ્થિત શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના કચ્છી બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી.

કચ્છી પરિવારો જેઓ પોતાની વતનભૂમિ છોડી અહીં વસવાટ કરે છે તેઓ માટે પોતાની માતૃભાષા "કચ્છી ભાષા" ને પ્રોત્સાહન મળે તે માટે સમાજના હોલ ખાતે "કચ્છી ભાષા પ્રચાર કેન્દ્ર"નું, મુખ્ય મહેમાનના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું.

ભાવનગર કચ્છ સમાજના ૨૫ વર્ષના ઈતિહાસને સાંકળી લેતી તેમજ જૂના સંસ્મરણોની યાદ આપતી એક "સ્મરણિકા" (સોવિનીયર) આ શુભ અવસરે બહાર પાડવામાં આવેલ. જેનું વિમોચન શ્રી શામજીભાઈ પટેલના શુભ હસ્તે કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમમાં પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ભાવનગર-કચ્છ સમાજના પ્રમુખની રાજકીય પાર્ટીના ઉદ્યોગ સેલમાં વરણી

મૂળ કચ્છના અને હાલે ભાવનગર કચ્છ સમાજના પ્રમુખ તથા ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની ભારતીય જનતા પાર્ટીની તાજેતરમાં મળેલ સંકલન સમિતિની બેઠકમાં પાર્ટીના ભાવનગર ઉદ્યોગ સેલના કન્વીનર તરીકે વરણી કરવામાં આવી છે. તેઓશ્રી ઉદ્યોગ ક્ષેત્રે ૪૮ વર્ષનો લાંબો અનુભવ ધરાવે છે અને સ્થાનિક તેમજ જિલ્લાની અન્ય સમિતિઓમાં પણ તેઓ કાર્યરત છે.

## ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ, જે અબોલ જીવોને ગેરકાયદેસર કતલખાને જતા બચાવીને અભયદાન આપવાનું કાર્ય કરે છે, તે સંસ્થાએ ગઈ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષે ૧૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ કારણે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી સહિત અનેક આગેવાનો અને સંસ્થાને શુભેચ્છા સંદેશા ટ્રસ્ટને અને તેના સંચાલક શ્રી બચુભાઈ પી. રાંભિયાને પ્રાપ્ત થયા છે.

*વિચારવાનું, બોલવાનું, વિચારીને બોલવાનું, લાભ નુકસાનની તુલના કરવાનું, કિંમતનો હિસાબ માનવાનું તો જીવનના કોઈ વળાંક પર છોડવું જ પડશે અને આવું બધું પાછળ મૂકી છલાંગ મારવી પડશે.* — *ગુલાબચંદ ધારશી રાંભિયા*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ જૂન-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. શાળાની. અણ્ણા હજારેજીનું ગામ. (પાના : ૫૮)

૨. માર્કેટિંગ ક્ષેત્ર માટે કોમ્યુનિકેશન અને ઓરિએન્ટેડ જોબ માટે વિનિંગ હેબિટ ટ્રેનિંગ ઉત્તમ છે. (પાના : ૪૪)

૩. ગ્રંથકાર મકાલે. વિષય ઇંગ્લેન્ડ દેશનો ઇતિહાસ. (પાના : ૩૬)

૪. લયબદ્ધ, સ્વરબદ્ધ, હૃદયપૂર્વક ગવાય તોજ ધારી અસર થાય. (પાના : ૨૭)

૫. કચ્છના પુરુષાર્થી ધનિકો નફો નહીં પણ નુકસાનના ધોરણે શિક્ષણ ક્ષેત્રને પ્રથમ પસંદગી આપવાનું શરૂ કરે તો કચ્છના શિક્ષણનું ભવિષ્ય ઉજળું બને. (પાના : ૨૧)

૬. નૈતિકતા અને પ્રામાણિકતાના અભાવનું નગ્ન સ્વરૂપ છે. (પાના : ૧૬)

૭. દહીંચૂરા એટલે જાડા પૌંઆ પર દહીં અને સાકર. બિહારના લોકો એનો પોતાના ખોરાક તરીકે ઉપયોગ કરે છે. (પાના : ૧૭)

*જૂન-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી.*

૧. વર્ષાબહેન આર. પારેખ - અમદાવાદ
૨. મીનાક્ષી આર. પારેખ - અમદાવાદ
૩. નેહા ભાવેશભાઈ પારેખ - અમદાવાદ
૪. ઝરણા હેમાંગ પારેખ - અમદાવાદ
૫. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૬. મીનાક્ષીબહેન એ. માંકડ - અમદાવાદ
૭. નયના એ. ગાલા - અમદાવાદ
૮. અલકાબહેન એ. સંઘવી - અમદાવાદ
૯. જ્યોત્સના અ. શાહ - અમદાવાદ
૧૦. યોગિની ચેતન શાહ - અમદાવાદ
૧૧. શોભનાબહેન સી. દંડ - અંકલેશ્વર
૧૧. અવનિ અમિત - અમદાવાદ
૧૨. દક્ષાબહેન ધનસુખભાઈ શાહ - અમદાવાદ
૧૩. શ્રીમતી જ્યોતિ એલ. શાહ - અમદાવાદ
૧૪. કલ્પના એસ. ગાલા - અમદાવાદ
૧૫. યમી નીતિનકુમાર શાહ - અમદાવાદ

*મે-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનાર, પાછળથી આવેલ વાચકમિત્રોના નામ નીચે મુજબ છે.*

૧. શ્રીમતી અલકા એ. સંઘવી - અમદાવાદ
૨. શ્રીમતી કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૩. શ્રીમતી શોભના સી. દંડ - અંકલેશ્વર

★ **માસ જુલાઈ-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. ભારતીય સંસ્કૃતિની "સર્વ ધર્મ સમભાવ"ની વિભાવના કયા શહેરમાં સૌથી વધારે ઉપસી આવે છે?

૨. વડીલોની વાત શા માટે માનવી જોઈએ? તેઓ સાચા હોય છે એટલા માટે નહીં, પરંતુ....

૩. આધુનિક ખોરાક શાસ્ત્રીઓએ કયા અનાજને 'સુપર ફુડ' તરીકે ગણાવ્યું છે? એ અનાજનો આપણા રોજિંદા ખોરાકમાં કઈ રીતે ઉપયોગ કરીશું?

૪. વિધાન પૂરું કરો : "માતૃભૂમિના પ્રેમના કારણે.... .... .... ... લીલોછમ થયો છે."

૫. રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ અને જવાહરલાલ નહેરુની આંખમાં કઈ ફિલ્મનું અને કયું ભજન સાંભળીને આંખમાં આંસુ આવી ગયા હતા? ભજન કોણે ગાયું હતું?

૬. કયા ગામના ૨૫૧ લોકોએ શાનો સંકલ્પ કર્યો? કોના પ્રયત્નનું આવું સુંદર પરિણામ આવેલ છે?

૭. કચ્છના પ્રથમ રાજવી બનેલા ખેંગારજીએ કયા જૈન સાધુને રાજગુરુ તરીકે બેસાડેલા અને તેમને રહેઠાણ માટે શું બનાવી આપેલ? તેમની સરખામણી કયા જૈન આચાર્ય સાથે થાય છે?

***જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૮-૨૦૧૧ છે. જવાબો મોડા મળશે તો એમના નામ ત્યારબાદના અંકમાં પ્રસિદ્ધ થશે. ધન્યવાદ.***

*જવાબો મોકલવાનું સરનામું :* શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

*ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)*

## 'મંગલ મંદિર' પરત ફરેલા અંકોની યાદી

*જુલાઈ-૨૦૧૧ દરમ્યાન નીચે મુજબના મંગલ મંદિરના અંકો પરત ફરેલ છે.*

| ક્રમ | નામ | સ્થળ | કેટેગરી | જુલાઈ-૨૦૧૧ | રિમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧. | અતુલ શંકરલાલ સોની | અમદાવાદ | સભ્ય | પરત | "લેફ્ટ" |
| ૨. | દિલીપ પાસુ ખોના | અમદાવાદ | સભ્ય | પરત | "લેફ્ટ" |
| ૩. | આશિષ રસિકલાલ ગડા | અમદાવાદ | સભ્ય | પરત | "લેફ્ટ" |
| ૪. | કિશોર લખમશી દેઢિયા | અમદાવાદ | સભ્ય | પરત | "લેફ્ટ" |
| ૫. | અજય ઉત્તમચંદ દંડ | અમદાવાદ | સભ્ય | પરત | "લેફ્ટ" |
| ૬. | કાલીદાસ સભાગૃહ | અમદાવાદ | સભ્ય | પરત | "લેફ્ટ" |

*આપણા વ્યક્તિત્વની ઉત્પત્તિ આપણા વિચારોમાં છે.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**જુલાઈ – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબ લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.**

### રિન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કિશોરચંદ્ર જગજીવન શાહ — ભુજ, કચ્છ
- રમેશ ધનજી ચંદે — નાની ખાખર, માંડવી, કચ્છ.

#### ૩ વર્ષનું લવાજમ

- તેજપાર લખમશી ધરમશી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

#### ૫ વર્ષનું લવાજમ

- અતુલ ઈશ્વરભાઈ દેસાઈ — ભુજ, કચ્છ
- રમેશ એચ. ગઢવી — ગાંધીધામ, કચ્છ.
- મધુકાંત પાશ્વીર મોમાયા — અંકલેશ્વર
- કિશોર કાંતિલાલ જોબનપુત્રા — ભુજ, કચ્છ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- જયેશ હિંમતલાલ દેઢિયા — નાલાસોપારા (ઈસ્ટ), થાણે.
- અરવિંદ મણિલાલ શાહ — સેટેલાઈટ, અમદાવાદ
- દીપક ભોગીલાલ મહેતા — ભુજ, કચ્છ
- ધર્મેશ સુરેન્દ્રભાઈ વોરા — મહેસાણા
- નયનભાઈ શાહ — રાઉરકેલા, ઓરિસ્સા
- પ્રવીણભાઈ શાહ — ભુજપુર (કંઠી), કચ્છ
- પોપટલાલ પ્રેમજી ભેદા — ભુજપુર (કંઠી), કચ્છ
- અશ્વિન નેમચંદ મહેતા — મુંદ્રા, કચ્છ
- દિલીપસિંહ રામસિંહ જાડેજા — મણિનગર, અમદાવાદ
- ભાસ્કર ડી. ઓઝા — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ
- ચિંતન એચ. ઓઝા — હાવરા, કલકત્તા
- લલિતકુમાર પી. શાહ — કલકત્તા
- જનકકુમાર શિવલાલ શાહ — માણેકચોક, અમદાવાદ.
- પ્રો. સુધીર મુખરજી — વલ્લભવિદ્યાનગર (આણંદ)
- સુધીર જયચંદ શાહ — રાજકોટ
- જયસુખભાઈ પારેખ — ભુજ, કચ્છ.

#### ૩ વર્ષનું લવાજમ

- ડોંબીવલી યુવક એજ્યુકેશન ટ્રસ્ટ — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- વિશનજી ધારશી દેઢિયા — ગાંધી હોસ્પિટલ, મુંબઈ.
- શ્રીમતી મધુરીબહેન જે. મૈશેરી — મસ્જીદ બંદર (વેસ્ટ), મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- નરશી લધાભાઈ પોલડિયા — વડાલા (વેસ્ટ), મુંબઈ

#### આજીવન

- હરખચંદ હીરજી ગડા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- હીરેન ચીમનલાલ ગાલા — સિદ્ધપુર (પાટણ)
- ઉલકા પ્રેમજી સાવલા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- વિશનજી નેણશી દેઢિયા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ

## 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી

જે ગ્રાહકોના લવાજમ જુલાઈ-૨૦૧૧ પૂરાં થઈ ગયેલ છે અને ઓગસ્ટ-૨૦૧૧માં પૂરા થવાના છે અને જેઓએ હજુ સુધી પોતાનાં લવાજમો રિન્યુ કરાવેલ નથી, એ ગ્રાહકોની નામાવલિ અત્રે આપેલ છે.

નીચે મુજબના ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાના લવાજમો તાત્કાલિક રિન્યુ કરાવી લે.

### જુલાઈ-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | કિરીટ ટોકરશી શાહ | રાજકોટ |
| ૨. | અશ્વિન તલકશી શાહ | ભુજ, કચ્છ |
| ૩. | શાંતિલાલ પોપટલાલ દોશી | ભુજ, કચ્છ |
| ૪. | વિપુલ રસિકલાલ મહેતા | રાપર, કચ્છ |
| ૫. | મહેન્દ્રભાઈ છેડા | ભુજપુર, મુંદ્રા, કચ્છ |
| ૬. | એ. બી. જેઠવા | માંડવી, કચ્છ |
| ૭. | કીર્તિભાઈ ખેતશી ધરમશી | તેરા, અબડાસા, કચ્છ |
| ૮. | રવિ કિરણભાઈ ગડા | વડાલા (વેસ્ટ), મુંબઈ |
| ૯. | મેઘજી હંસરાજ ગાલા | અંધેરી (વેસ્ટ), મુંબઈ |
| ૧૦. | પ્રફુલભાઈ કે. વોરા | દહીંસર (વેસ્ટ), મુંબઈ |
| ૧૧. | દામજી ઉમરશી સાવલા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૨. | વસંત વીજપાલ રાંભિયા | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | ભરત મનસુખલાલ શાહ | નાલાસોપારા (ઈસ્ટ) |
| ૧૪. | કેતન ઠાકરશી ગોસર | ધુલિયા (મહારાષ્ટ્ર) |

### ઓગસ્ટ-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | પ્રદીપ પાલીવાલ | ઉદયપુર (રાજસ્થાન) |
| ૨. | સમીર શશીકાંત શાહ | રાજકોટ |
| ૩. | શૈલેષ વી. બાકાણિયા | ભાવનગર |
| ૪. | હરીશ પ્રવીણભાઈ ધરમશી | પાલિતાણા |
| ૫. | જયેન્દ્ર સી. સંઘવી | ભુજ (કચ્છ) |
| ૬. | વાસંતીબહેન ગૌતમ શાહ | વાસણા, અમદાવાદ |
| ૭. | નીલેશ રતિલાલ છેડા | મણિનગર, અમદાવાદ |
| ૮. | મણિલાલ દામોદર | વલસાડ |
| ૯. | વસંતલાલ ડી. ઝોતા | માટુંગા (સે.રે.), મુંબઈ |
| ૧૦. | અનિલ એલ. શાહ | ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૧. | ભૂપેન્દ્ર યુ. શાહ | ધમતરી (છત્તીસગઢ) |
| ૧૨. | જયચંદ માણેકજી લોડાયા | ગદગ (કર્ણાટક) |
| ૧૩. | કમલ એ. શાહ | કલકત્તા |

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. લાંબી અને વળાંકલક્ષી ડોક અને પોપટ જેવી લાલ ચાંચવાળા આછા ગુલાબી રંગના સુરખાબ સુંદર પક્ષી છે. સુરખાબ વિદેશી પક્ષી છે અને ફલેમિંગોના નામે ઓળખાય છે. દરેક શિયાળામાં લાખો ફલેમિંગો ગુજરાતના કચ્છમાં આવીને શિયાળો ગાળે છે. ઈંડાં મૂકે છે અને બચ્ચાં થાય ત્યારે પોતાના વતન પાછા ચાલ્યાં જાય છે. ગુલાબી પગવાળા બગલા જેવા ઊંચા આ પક્ષીઓ તળાવના છીછરા પાણીમાં રહે છે. લાખોની સંખ્યામાં એક જ સ્થળે એકઠા થયેલા ફલેમિંગોને જોવા એ એક લહાવો છે. કચ્છના રણ પ્રદેશના વિશાળ મેદાનમાં ફલેમિંગો કાદવના ૧ મીટર વ્યાસના બાઉલ જેવા માળા બનાવે છે અને તેમાં ઈંડા મૂકે છે. એક માસ પછી તેમાંથી બચ્ચાં બહાર આવે છે.

સુરખાબની ચાંચ ગજબની છે. તેની ખોરાક લેવાની રીત પણ અનોખી છે. પાણીમાં તરતા સૂક્ષ્મ જીવો, શેવાળ અને લીલ ખાઈને તે જીવે છે. ચાંચમાં ઝીણા ઝીણા તાંતણાં હોય છે તેમાંથી ગળાઈને પાણી બહાર પડી જાય છે અને ખોરાકનો ઘટ્ટ ભાગ ચાંચમાં જ રહે છે તે ગળે ઉતારે છે.

સુરખાબ દોઢથી બે મીટર ઊંચાઈનું અને ૪ થી ૫ કિલો વજનના હોય છે. ગુલાબી રંગના કદાવર અને સુંદર પક્ષીઓ ગુજરાતના મહેમાન ગણાય છે.

૨. એક અને ફક્ત એક જ-

★ ચામાચીડિયું એક માત્ર સસ્તન પ્રાણી છે જે ઊડી શકે છે.

★ જિરાફ એક માત્ર એવું પ્રાણી છે જે શિંગડાં સાથે જન્મે છે.

★ મધ એક જ એવું ખાદ્ય છે જે કદી બગડતું નથી

★ પારો એક જ એવી ધાતુ છે જે સામાન્ય ઉષ્ણતામાને પણ પ્રવાહી રહે છે

★ હમિંગ બર્ડ એક જ એવું પક્ષી છે જે પાછલી દિશામાં ઊડી શકે છે

★ ઑસ્ટ્રેલિયા એક જ એવો દેશ છે જે એક ખંડ પણ છે.

૩. ★ એક એકર (૪૦૪૬ ચોરસ મીટર) વિસ્તારની જમીન પર એક ઇંચ વરસાદ પડે તો તેટલા પાણીનું વજન ૧૧૮ ટન થાય.

★ આફ્રિકાના ચીલીમાં વિશ્વમાં સૌથી ઓછો, વર્ષે ૦.૦૩ ઈંચ વરસાદ પડે છે.

★ અવકાશમાં ક્યાંક ને ક્યાંય વીજળી થતી જ હોય છે. એક અંદાજ પ્રમાણે વિશ્વભરમાં દર સેકંડે ૧૦૦ વીજળીના ચમકારા થતા હોય છે.

★ વિશ્વમાં સૌથી વધુ સરેરાશ આસામના ચેરાપુંજીમાં વર્ષે ૪૬૭.૪ ઇંચ જેટલો વરસાદ પડે છે.

★ સમગ્ર પૃથ્વીનો સરેરાશ વાર્ષિક વરસાદ ૩૨ ઇંચ છે.

★ ૧૯૫૨ના માર્ચ માસની ૧૪ તારીખે હિંદ મહાસાગરના સિલાઓસ ટાપુ પર ૨૪ કલાકમાં ૭૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. વિશ્વનો આ સૌથી વધુ વરસાદનો રેકોર્ડ છે.

૪. જીરાફ તેની ૨૧ ઇંચ લાંબી જીભની મદદથી તેના કાન સાફ કરી શકે છે.

૫. લેધરબેક નામનો સૌથી મોટો પુખ્ત કાચબો ૯૦૭ કિલો વજન તથા સાડા છ ફૂટની લંબાઈ ધરાવે છે.

૬. જન્મ સમયથી લઈને જીવન પર્યંત મનુષ્યોની આંખોનું કદ એનું એ જ રહે છે. જ્યારે નાક - કાનના કદમાં શરીરના વિકાસ સાથે વધારો થાય છે.

૭. બ્રિટનમાં આવેલો વિન્ડસર પેલેસ વિશ્વના સૌથી મોટા મહેલોમાં સમાવેશ પામે છે. ૪૫,૦૦૦ સ્ક્વેર મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પેલેસમાં ૧,૦૦૦ ખંડ આવેલાં છે. ■

## શબ્દ રમત-૬૨નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દા | મો | દ | ર | | ભ | ણ | ત | ર | | ચો | | વ | હે | મ |
| | હ | | મા | ન | વ | | ર | | અ | ર | મા | ન | | શા |
| જા | ન | મ | | વ | | | કી | ટ | ક | | વ | | ગ | લ |
| હે | | સ | વા | લ | જ | વા | બ | | બ | ર | ત | ર | ફ | |
| ર | જ | | ત | | રૂ | | | પ | ર | | ર | | લ | |
| | ગ | ળ | ચી | | રિ | ક્ષા | | ક | | મ | | જ | ત | ન |
| દા | ન | | ત | | યા | | તા | ડ | | ખ | મ | ણ | | વું |
| વા | | સ | | ક | ત | | | દા | | મ | | સ | દી | |
| ન | ક | રા | મ | ણ | | પ્ર | ભા | વ | શી | લ | તા | | વા | |
| ળ | | મ | | સ | બ | ક | | | ત | | સ | ત | લ | જ |
| | ત | ણ | ખ | લું | | ર | | કા | ળ | જી | | ગ | | રી |
| ર | મા | | બ | | ર | ણ | વા | સ | | ન | વ | ર | સ | |
| જા | મ | ગ | રી | | ઝા | | ર | દ | | ગ | ણ | | ચી | ન |
| ક | | મા | | ર | કા | સ | | | મ | ર | જા | દ | | ફ |
| જા | હે | ર | ખ | બ | ર | | ભ્ર | મ | ણ | | ર | મ | ઝ | ટ |

**જુલાઈ-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૨ ના**

**બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ**

૧. પ્રતાપ નારાણજી દંડ અમદાવાદ
૨. કિશોર જે. શાહ ભુજ
૩. રશ્મિકાંત સાવલા ભુજ
૪. ચંદ્રા મહેન્દ્ર શાહ સેટેલાઈટ, અમદાવાદ
૫. ચંદ્રા મહેન્દ્ર શાહ ભદ્રા, અમદાવાદ
૬. શાંતિલાલ વ. શાહ અમદાવાદ
૭. પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા વલસાડ

*શબ્દ ગૌણ છે, વિચાર મુખ્ય છે અને તેની અસર લાંબા ગાળા સુધી છે.*



**જૂન-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૧ ના**

## શબ્દ રમત-૬૩

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | ૭ | ૮ | ■ | ૯ | ૧૦ |
| ૧૧ | | ■ | ■ | ૧૨ | | | | ■ | ૧૩ | | | ૧૪ | ■ | |
| | ■ | ૧૫ | ૧૬ | | ■ | ■ | ■ | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | ■ |
| ૨૦ | ૨૧ | | | ■ | ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ | | ૨૬ |
| ■ | | ■ | ૨૭ | ૨૮ | | ■ | | ■ | ૨૯ | | ૩૦ | | ■ | |
| ૩૧ | | ૩૨ | ■ | | ■ | ■ | ૩૩ | | | ■ | | ■ | ૩૪ | |
| | ■ | ૩૫ | ૩૬ | | ૩૭ | ૩૮ | | ■ | ૩૯ | | | | | ■ |
| ૪૦ | ૪૧ | ■ | | ■ | ૪૨ | | ■ | ૪૩ | | ■ | | ■ | ૪૪ | ૪૫ |
| ■ | ૪૬ | | | ■ | | ■ | ૪૭ | | ■ | ૪૮ | ■ | ૪૯ | | |
| ૫૦ | | ■ | | ■ | ૫૧ | | | | ■ | ૫૨ | | | ■ | |
| | ■ | ૫૩ | ■ | ૫૪ | | ■ | ■ | | ■ | | ■ | ૫૫ | ૫૬ | ■ |
| ૫૭ | | | | | ■ | ૫૮ | | | ૫૯ | | ૬૦ | ■ | ૬૧ | ૬૨ |
| | ■ | | ■ | ૬૩ | | | ■ | ■ | | ■ | ૬૪ | ૬૫ | | |
| ■ | ૬૬ | | ૬૭ | | ■ | | ■ | ૬૮ | | ૬૯ | ■ | | ■ | |
| ૭૦ | | ■ | | ■ | ૭૧ | | | | ■ | ૭૨ | | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૧-૮-૨૦૧૧)*

### આડી ચાવીઓ

૧. મંગલ મંદિરનો ચારસોમો અંક (૬)
૫. અવિનાશી, જરા-મરણ વિનાનું (૫)
૯. દીપક, હાથી (૨)
૧૧. શ્રેણી, તબક્કો (૨)
૧૨. અફસોસ ઉપજાવે એવો બનાવ (૪)
૧૩. હાનિ-નુકસાન કરે તેવું (૪)
૧૫. પગ વિનાનું (૩)
૧૭. ૧૦ની સંખ્યા (૨)
૧૮. એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
૨૦. રસાળ, ધનવાન (૪)
૨૨. કોકિલા, નવલકથા (૪)
૨૫. કડવાશ, અપ્રિયતા (૩)
૨૭. વલો અસાંજો.... (૩)
૨૯. સંતાપ (૪)
૩૧. નાખુશ (૩)
૩૩. બહેરું (૩)
૩૪. પારકું (૨)
૩૫. પ્રત્યક્ષ, આંખ સામે (૬)
૩૯. ઉછાંછળું, અવિવેકી (૫)
૪૦. એક કઠોળ,...લાવે પગ (૨)
૪૨. ....ભલા, હોગા ભલા (૨)
૪૩. રગ, નસ (૨)
૪૪. થોડું, જરાક (૨)
૪૬. માહિતગાર, વાકેફ (૩)
૪૭. એક મસાલો, ....જીરૂં (૨)
૪૯. નામસ્મરણ, ભક્તિ ગીત (૩)
૫૦. સરોવર, એક ઈલકાબ (૨)
૫૧. કમાન આકારનું ચણતર (૪)
૫૨. મીઠું (૩)
૫૪. શપથ, મનાઈ (૨)
૫૫. વચન, કબૂલાત (૨)
૫૭. બાળકોની એક રમત (૫)
૫૮. અન્યોન્ય મદદ કરવાનો વ્યવહાર (૬)
૬૧. જાસૂસ, બાતમીદાર (૨)
૬૩. સ્થિર, સ્થાયી (૩)
૬૪. તિરસ્કાર, ઘૃણા (૪)
૬૬. એકબીજાને મદદગાર થવું (૪)
૬૮. રોજ, એક આખો દિવસ (૩)
૭૦. મૂક, ચૂપ (૨)
૭૧. મોર, ચંદ્ર, કલાકાર (૪)
૭૨. સરખી સપાટી (૪)

### ઊભી ચાવીઓ

૧. હોશિયાર, ચાલાક (૪)
૨. રક્ષણ (૨)
૩. વાલીનો પુત્ર (૩)
૪. ઓછું, ખરાબ (૨)
૫. ત્વરિત, પૈડાનો આરો (૨)
૬. દાનવ (૩)
૭. બુદ્ધિ (૨)
૮. ચીજ, સંખ્યા (૩)
૧૦. દરજ્જો, પગ (૨)
૧૪. ધૂળનો કણ (૪)
૧૫. અંગચેષ્ટા, નખરા (૨)
૧૬. તહેવાર (૩)
૧૭. શેતરંજી, ગુફા (૨)
૧૯. આસક્ત (૨)
૨૧. આફ્રિકાનું મોટું રણ (૩)
૨૨. સાંભળવાની ઈન્દ્રિય (૨)
૨૩. સમાન, સરખું (૪)
૨૪. ઔષધ (૨)
૨૬. લક્ષણ, ગુણ (૩)
૨૮. તાપ, ધખારો (૩)
૨૯. તિરસ્કાર, છિત્કાર (૪)
૩૦. પરોણાચાકરી (૪)
૩૧. નાનાપણું, હલકાઈ (૩)
૩૨. માણસ, લોકો (૨)
૩૪. પગની ધૂળ (૪)
૩૬. આવશ્યકતા, ગરજ (૪)
૩૭. હૂંડી ન શીકરાતાં આપવી પડતી નુકસાની (૫)
૩૮. .... જમીન ને જોરૂ (૨)
૪૧. અણસમજુ, મૂર્ખ (૩)
૪૩. શરાફોનું બજાર, ચોકસી બજાર (૫)
૪૫. ઉત્પન્ન કરનાર, બાપ (૩)
૪૭. પરંપરા, હાર (૨)
૪૮. મધુર ધ્વનિ, ગુંજારવ (૪)
૪૯. કશા અવાજની આગાહી, ભણકારા (૩)
૫૦. બાળવાનાં લાકડાં (૪)
૫૩. સ્થૂળ શરીર, ચેતનહીન કાયા (૪)
૫૪. આદરમાન, સ્વાગત (૪)
૫૬. તરંગ, મોજું (૩)
૫૮. રામકથાનું ભવાઈ જેવું નાટક (૪)
૫૯. ભરોસો, પતીજ (૩)
૬૦. એક અંગ્રેજી તોલ (૨)
૬૨. ઝટ રોઈ પડે તેવું (૩)
૬૫. બદનામ (૩)
૬૬. પુત્ર, સૂર્ય (અં.) (૨)
૬૭. કાબેલ, પક્કો (૨)
૬૮. તંતુ, દોરો (૨)
૬૯. ચામડીનો એક રોગ (૨)

*જેની ભીતર કોઈપણ ઈચ્છા હોતી નથી, તેની જરૂરિયાતોની પૂર્તિ પ્રકૃતિ આપોઆપ કરે છે.*

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૨૦ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૧-૮-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી. સાચા જવાબો મોકલનારના નામ સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :***
1. *૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*
2. *૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

## ક્રમાંક - ૧૦૨૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | | | | | ૫ |
| ૯ | | ૪ | | | | | | ૧ |
| | ૭ | ૨ | | ૧ | ૩ | ૪ | | |
| ૭ | ૨ | ૧ | | ૫ | | | ૮ | |
| | ૩ | | ૧ | | ૭ | | ૫ | |
| | ૮ | | | ૨ | | ૩ | ૧ | ૭ |
| | | ૬ | ૭ | ૪ | | ૧ | ૯ | |
| ૮ | | | | | | ૭ | | ૬ |
| ૧ | | | | | ૨ | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | ૨ | ૫ | | |
| | | ૧ | | | | | ૪ | ૨ |
| | | ૬ | ૫ | ૩ | | ૮ | | |
| ૧ | | | | ૬ | ૩ | ૨ | | ૪ |
| ૨ | ૬ | | | ૪ | | | ૭ | ૮ |
| ૮ | | ૩ | ૯ | ૨ | | | | ૬ |
| | | ૭ | | ૫ | ૧ | ૪ | | |
| ૩ | ૫ | | | | | ૯ | | |
| | | ૪ | ૩ | | ૯ | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | ૩ | | | ૯ | ૭ | |
| ૭ | | ૫ | | ૯ | | ૧ | | |
| ૪ | | | | ૫ | ૭ | | | |
| ૫ | | | ૭ | | | | ૯ | ૨ |
| | ૯ | | ૫ | | ૧ | | ૮ | |
| ૩ | ૪ | | | | ૯ | | | ૧ |
| | | | ૪ | ૧ | | | | ૭ |
| | | ૩ | | ૭ | | ૬ | | ૮ |
| | ૭ | ૪ | | | ૮ | ૫ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૫ | | | ૬ | | | ૮ |
| | | | ૮ | ૧ | | ૪ | | |
| | | ૨ | ૭ | | | ૧ | | |
| ૩ | | | ૯ | | | | | |
| ૫ | | | | ૭ | | | | ૬ |
| | | | | | ૪ | | | ૨ |
| | | ૧ | | | ૮ | ૩ | | |
| | | ૪ | | ૫ | ૭ | | | |
| ૭ | | | ૧ | | | ૬ | | ૫ |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૧૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૯ | ૨ | ૬ | ૫ | ૮ | ૪ | ૭ |
| ૮ | ૫ | ૨ | ૭ | ૪ | ૩ | ૬ | ૧ | ૯ |
| ૬ | ૪ | ૭ | ૮ | ૯ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૮ | ૩ | ૫ | ૨ |
| ૭ | ૩ | ૫ | ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૬ |
| ૨ | ૮ | ૧ | ૩ | ૫ | ૬ | ૭ | ૯ | ૪ |
| ૫ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૩ |
| ૧ | ૬ | ૪ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૮ |
| ૯ | ૨ | ૩ | ૪ | ૮ | ૭ | ૫ | ૬ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૭ | ૪ | ૫ | ૨ | ૮ | ૩ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૨ | ૯ |
| ૧ | ૪ | ૨ | ૯ | ૮ | ૩ | ૬ | ૭ | ૫ |
| ૩ | ૧ | ૬ | ૨ | ૪ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૪ | ૫ | ૯ | ૧ | ૭ | ૬ | ૩ | ૮ | ૨ |
| ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૯ | ૧ | ૪ | ૬ |
| ૬ | ૯ | ૪ | ૮ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ |
| ૨ | ૮ | ૩ | ૬ | ૧ | ૫ | ૭ | ૯ | ૪ |
| ૫ | ૭ | ૧ | ૩ | ૯ | ૪ | ૨ | ૬ | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૪ | ૫ | ૧ | ૨ | ૩ | ૭ | ૮ |
| ૭ | ૨ | ૧ | ૪ | ૩ | ૮ | ૬ | ૫ | ૯ |
| ૩ | ૫ | ૮ | ૯ | ૬ | ૭ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૭ | ૨ | ૩ | ૫ | ૯ | ૮ | ૬ | ૧ |
| ૮ | ૧ | ૫ | ૨ | ૭ | ૬ | ૯ | ૪ | ૩ |
| ૬ | ૩ | ૯ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૭ |
| ૨ | ૯ | ૭ | ૮ | ૪ | ૫ | ૧ | ૩ | ૬ |
| ૫ | ૮ | ૩ | ૬ | ૨ | ૧ | ૭ | ૯ | ૪ |
| ૧ | ૪ | ૬ | ૭ | ૯ | ૩ | ૨ | ૮ | ૫ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૬ | ૪ | ૨ | ૭ | ૮ | ૧ | ૩ |
| ૮ | ૭ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ | ૪ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૬ | ૭ | ૫ | ૯ |
| ૯ | ૨ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૧ | ૩ | ૮ | ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ |
| ૬ | ૪ | ૭ | ૯ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ |
| ૭ | ૬ | ૯ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૮ | ૧ | ૭ | ૪ | ૯ | ૫ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૪ | ૬ | ૮ | ૩ | ૧ | ૯ | ૭ |

## *જુલાઈ-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૯નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. ધારા ઉદય નાગડા - અમદાવાદ
૩. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૫. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૬. પી. સી. શાહ - ભુજ

## સદાચારી સમાજ

જ્યાં હૃદયમાં સદાચાર હોય છે ત્યાં ચારિત્ર્યમાં સૌંદર્ય હોય છે.

જ્યાં ચારિત્ર્યમાં સૌંદર્ય હોય છે ત્યાં ઘરમાં સંવાદ હોય છે.

જ્યારે ઘરમાં સંવાદ હોય છે તો રાષ્ટ્રમાં પણ વ્યવસ્થા ઊભી થાય છે.

જ્યારે રાષ્ટ્રમાં વ્યવસ્થા ઊભી થાય છે તો વિશ્વમાં શાંતિ પ્રસરે છે.

હૃદય, ચારિત્ર્ય, દેશ અને વિશ્વ વચ્ચે અદ્‌ભુત સંવાદિતા છે. આપણે સમાજનાં વિવિધ ઘટકો વચ્ચે સદાચારનું નિર્માણ કરવાનું છે. સમગ્ર સમાજ સદાચારી થઈ શકે માટે આપણે કુટુંબમાં, શિક્ષણમાં, સેવાઓમાં, કારકિર્દીમાં, વ્યાપાર અને ઉદ્યોગોમાં, વહીવટમાં, રાજકારણમાં, સરકારમાં, કાનૂન અને વ્યવસ્થામાં અને ન્યાયમાં પણ સદાચાર સર્જવો પડશે.

સમાજનાં બધાં જ પાસાંઓમાં સદાચાર વિકસાવવા સાથે વિક્સિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા અદમ્ય ચેતના પણ જરૂરી છે.

***– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ***
***સાભાર : "ભારતીય ચેતના"***

*આપણો સાચો સલાહકાર આપણો અંતરાત્મા છે.*

# સાર સમાચાર

★ સરકારે કેન્દ્રીય બજેટમાં ઉદ્યોગોને અપાનાર સબસિડીની રૂા. પાંચ લાખ વીસ હજાર કરોડ ઉપરાંત ઔદ્યોગિક તથા વ્યક્તિગત છૂટના રૂા. ૧૩૯ લાખ કરોડ એટલે કે કુલ્લે રૂા. ૬૬૦ લાખ કરોડનો આંકડો હોશિયારીપૂર્વક છૂપાવેલો છે.

★ પર્યાવરણ સુરક્ષા સમિતિના અભ્યાસ મુજબ ગુજરાતના ૧૪ જિલ્લાઓના અને ૭૪ તાલુકાઓના પાણી પીવા માટે, રાંધવા તથા નહાવા તથા ખેતી માટે વાપરી શકાય તેવા નથી. આ પાણી થકી માનવ માટે અનેક રોગ, આંતરડાનું કેન્સર, કિડનીમાં પથરી, શ્વાસ તથા હૃદયરોગ વગેરે થઇ શકે છે.

★ ૧૯૭૮ પછી અમેરિકાએ પોતાના દેશમાં એકપણ અણુ વીજમથક સ્થાપેલ નથી. જાપાનના ફુકુશીમા ઘટના પછી યુરોપના દેશોએ પોતાના અણુવીજ મથકોનું કામ સ્થગિત કરી દીધું છે. ગુજરાત સરકાર અને અંબાણી ઉદ્યોગગૃહ મીઠી વીરડી ખાતે અણુવીજ મથક બાંધવા પ્રયત્નશીલ છે.

★ એક દાયકા પહેલાં કચ્છમાં કેસર કેરીની પેદાશ ૨૦૦ ટન જેટલી હતી. આજે એક લાખ ટન જેટલી થઇ ગઇ છે. લગભગ દસ ટકા કેરીની નિકાસ થાય છે. આ કેરી બ્રિટનમાં બકિંગહામ પેલેસમાં પહોંચી ગઇ છે.

★ આજે દુનિયામાં અમીર અને ગરીબ વચ્ચેની ખાઇ એટલી મોટી છે કે દુનિયાનું ૫૦% ધન માત્ર ૨% લોકોના હાથમાં છે.

★ એક મિનિટના રૂા. ચાલીસ હજાર ખર્ચ કરતી આપણી લોકસભાએ ૧૯૫૦ પછીના ૫૦ વર્ષોમાં આપણા બંધારણમાં ૭૮ સુધારા કર્યા જ્યારે ૨૧૦ વર્ષના શાસનકાળમાં અમેરિકાએ પોતાના બંધારણમાં માત્ર ૨૭ સુધારા કરવાની જરૂર પડી છે.

★ કચ્છમાં મુંદ્રા તાલુકાના કારાઘોઘા અને ભુજપુર વચ્ચે ૨૦૦ એકર જમીનમાં એંકરવાલા અહિંસાધામ રાષ્ટ્રીય પક્ષી મોર માટે અભયારણ્ય બનાવવાના છે.

★ કચ્છના મુંદ્રા તાલુકાના નવી નાળ ગામના ડુંગરશી ટોકરશી વોરા નામના ગૃહસ્થે પોતાના લગ્નજીવનના ૫૦ વર્ષ પૂરા કર્યાની ઉજવણીરૂપે ભુજ નજીક નિર્માણ થઇ રહેલ ખાનગી પશુ ચિકિત્સાલયને રૂા. ૫૧ લાખનું દાન આપેલ છે.

★ યુનેસ્કોના એક રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૦૬થી ૨૦૦૯ સુધીમાં ૨૪૭ પત્રકારોની હત્યા કરવામાં આવી છે.

★ ઉત્તરપ્રદેશના મુખ્ય સેવક માયાવતીએ પોતાના રાજ્યમાં ૮ કતલખાના ખોલવાની પરવાનગી આપી દીધેલ છે. એક કતલખાનામાં રોજના ૧૪ હજાર પ્રાણીઓની કતલ થશે. એટલે કે ૮ કતલખાનામાં રોજના એક લાખ બાર હજાર મૂંગા જીવોની હત્યા કરવામાં આવશે.

★ ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાને કેન્દ્ર સરકારે સત્તર હજાર કરોડ રૂા. ચુકવવાના બાકી છે જે ચૂકવાતા નથી. ૫૯ બેંકો પાસેથી એફ.સી.આઇ.એ ધીરાણ લીધેલ છે એટલે એની પણ પરત ચૂકવણી ન થવાથી વધુ ધીરાણ આપવાની બેંકોએ ના પાડી દીધી છે.

★ પર્યાવરણ ખાતાના સેવક જયરામ રમેશે આદિવાસી વિસ્તારમાં ઉગતા વાંસને ઇમારતી લાકડું નહીં પણ ગૌણવન પેદાશ ગણી તે આદિવાસીઓને આપવા નક્કી કર્યું. પરંતુ આ વાતનો મોન્ટેક આહલુવાલિયા નામના સેવકે વિરોધ કર્યો છે કારણકે આહલુવાલિયાને કાગળ ઉદ્યોગની ચિંતા છે, આદિવાસીઓની ચિંતા નથી.

★ લુણા ગ્રામ પંચાયત, ભુજ કચ્છની નોંધ જણાવે છે કે એક લાખ એકર જમીન ગુજરાત સરકારે માત્ર રૂા. ૩૭ લાખમાં વેચી મારી છે.

★ ઉત્તર પ્રદેશના મુખ્ય સેવિકા માયાવતી વર્ષમાં આઠ વખત દેશના ૧૫૦ દૈનિક અખબારમાં આખા પાનાની જાહેરાત કરે છે તેમાં રૂા. ૬૪ કરોડનો ખર્ચ સરકારના એટલે કે જનતાના પૈસે કરે છે.

★ આ વર્ષે દેશમાં કપાસનો પાક વિપુલ પ્રમાણમાં થયો. શરૂમાં કપાસનો ભાવ ૧૪૦૦ રૂા. હતો તે કૃષિ સેવક શરદ પવારના કારણે ૭૦૦/- રૂા. થઇ ગયો ને ખેડૂતો બેહાલ થઇ ગયા.

★ પ્લાનિંગ કમિશને ‘ગરીબીની રેખા’ની વ્યાખ્યા સુધારીને રૂા. ૧૨/- બદલે રૂા. ૧૭/- જેની રોજની કમાણી હોય તેને ગરીબીની રેખા નીચે BPL ગણવાનું ઠરાવેલ છે.

★ હિંદ સરકારે વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં હિંદ તરફી લોબિઇંગ માટે રૂા. છ કરોડ ત્યાંશી લાખ ખર્ચ કરેલ છે.

★ નેશનલ ક્રાઇમ બ્યૂરોએ બહાર પાડેલ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૦૯માં આપણા દેશમાં દરરોજના ૪૬ ખેડૂતોએ આત્મહત્યા કરેલ છે.

★ Politics ‘પોલિટિક્સ’ શબ્દ લેટિન ભાષામાંથી આવેલ છે લેટિનમાં ‘poli’ એટલે ઘણા અને ‘tics’ એટલે લોહી ચૂસનાર. આમ પોલિટિક્સનો અસલ અર્થ ‘ઘણા લોહી ચૂસનાર’ થાય છે.

★ વર્ષ ૧૯૯૪થી ૨૦૦૪ ના એકધારા દસ વર્ષના સંશોધન બાદ ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ જાહેર કર્યું છે કે બ્રિટન તથા અમેરિકાના લોકો સ્થૂળ શરીરવાળા - જાડા એટલા માટે છે કે તેઓ પૈસાની વધારે પડતી ચિંતા કરે છે.

★ સંયુક્ત રાષ્ટ્રના ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઇઝેશને પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે લોકો જેટલું ખાય છે તેના કરતાં વધારે ખોરાકનો બગાડ કરે છે. આ પ્રકારે વિશ્વમાં દર વર્ષે ૧૩૦ કરોડ ટન જેટલા ખોરાકનો બગાડ થાય છે.

★ ૨૦૦૦ની સાલમાં ગુજરાતમાં ૫૦ વૃદ્ધાશ્રમો હતા. આજે ૧૮૦ વૃદ્ધાશ્રમો છે.

*સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*દોષ કાઢવો સરળ છે પરંતુ તેને સુધારવો મુશ્કેલ છે.*



સંકલન : રજનીકાંત ધરમશી પારેખ
દિનેશ આર. મહેતા

★ **લિમ્કા બુક** : એક સાથે દસ હજાર મીણબત્તીઓ માત્ર છ મિનિટ અને બે સેકન્ડમાં નિર્ણાયકોની હાજરીમાં બુઝાવીને ભુજના યુવા શ્રી મિલન મહેન્દ્ર સોજાએ રેકોર્ડ માટે દાવો નોંધાવ્યો છે.

★ **પદયાત્રા** : ભુજના યુવાન શ્રી કલ્પેશ મહેન્દ્ર શાહે ચેન્નાઈ (મદ્રાસ)થી પાલિતાણાની પદયાત્રા તાજેતરમાં પૂર્ણ કરી હતી.

★ **ગૌરવ પુરસ્કાર** : સાહિત્ય અકાદમી દ્વારા અપાતા પ્રતિષ્ઠિત ગુજરાત ગૌરવ પુરસ્કાર કચ્છના ત્રણ સાહિત્યકારો અમૃતલાલ વેગડ, વીનેશ અંતાણી અને આદિપુરના લખમી ખેલાણીને આપવાનું જાહેર થયું છે.

★ **શહીદ સ્મારક** : કચ્છ સરહદે નાપાક તત્ત્વો સામે જાનની બાજી લગાવી દુશ્મનોને જડબાતોડ જવાબ આપનારા જાંબાઝ જવાનોના શસ્ત્ર-અસ્ત્રો સાથે ૭૦ લાખના ખર્ચે યુદ્ધ સ્મારક આકાર લેશે.

★ **માંડવી કોલેજ** : ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. લાંબો સાગરકાંઠો, નિરંતર વધતા જતા દરિયાઈ વિદેશ વ્યાપાર, ઔદ્યોગિકીકરણના પરિપ્રેક્ષ્યમાં રોજગારીની વિપુલ તકો લક્ષમાં રાખી રાજ્યમાં સર્વપ્રથમ સ્નાતક કક્ષાની વિજ્ઞાન 'મરીન અને એન્વાયરમેન્ટ સાયન્સ કૉલેજ'નો તાજેતરમાં માંડવી શહેરમાં આરંભ થયો હતો.

★ **જોગિંગ પાર્ક** : ભુજ શહેરનું પર્યાવરણ હરિયાળું બનાવવા સાથે નગરજનોને એક વધારાનું હરવા-ફરવાનું સ્થળ ભેટ ધરવા મહાદેવ નાકા બહાર ઉમેદનગર માર્ગ પર એક જોગિંગ પાર્ક આકાર પામી રહ્યું છે.

★ **કંડલા અગ્રસ્થાને** : ગાંધીધામ ખાતે કંડલા પોર્ટ ટ્રસ્ટની તાજેતરની બેઠકમાં અનેક મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા. સાથે સાથે હજુ કંડલા બંદરે, મહાબંદરોમાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હોવાની માહિતી પણ આપવામાં આવી હતી. કંડલાના સતસેડા બેટમાં રૂા. ૫૭ લાખને ખર્ચે ચેરિયાનું વાવેતર કરવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો.

★ **કચ્છી ગીત** : અષાઢી બીજને વધાવવા માટે ભુજ શહેરની ભાગોળે મિરજાપર પાસે આવેલા 'બોની ઓડિયો લેબ' સ્ટુડિયોમાં કચ્છીઓ માટે, કચ્છીઓ દ્વારા કચ્છી ગીતનું નિર્માણ કરવામાં અવ્યું છે. જે www.bonnyaudiolab.comની વેબસાઈટ પરથી મળી શકશે.

★ **હત્યા** : ભુજ શહેરમાં ભારતીય સંચાર નિગમના નિવૃત્ત નાયબ ઈજનેર રામકરણ બી. ત્રિપાઠીની તાજેતરમાં જાહેર વાંચનાલયમાં કરપીણ હત્યા કરવામાં આવી હતી.

★ **કચ્છ યુનિ.** : કચ્છ યુનિવર્સિટીમાં આગામી થોડા સમયમાં ત્રણ વિશ્વસ્તરીય સુવિધા ઊભી કરવામાં આવશે. જેમાં લગભગ ૫૦ લાખના ખર્ચે ઊભો કરાતો વર્ચ્યુઅલ ક્લાસરૂમ ગુજરાતની યુનિવર્સિટીઓમાં પહેલો ક્લાસરૂમ બની રહેશે. જેના દ્વારા દેશ-વિદેશમાં બેઠેલા અધ્યાપકો કચ્છ યુનિ.ના વિદ્યાર્થીઓને ભણાવશે.

★ **ખાનગી તબીબી** : કચ્છની ખાનગી હોસ્પિટલ અને દવાખાનાઓ પૈકી અમુક તબીબો તગડી ફી લેતા હોવા છતાં છેલ્લે દર્દીને ગંભીર હાલતમાં બહારગામના મોટા મથકે ખસેડાતા હોવાની વ્યાપક ફરિયાદોનાં પગલે તાજેતરમાં જિલ્લા પંચાયતોનાં આરોગ્ય તંત્રે ભુજના ૧૩૯ હોસ્પિટલ અથવા ક્લિનિકમાં તપાસ કાર્ય કર્યું હતું. જેમાં અનેક સ્થળે નાની-મોટી અધૂરાશો જોવા મળી હતી.

★ **૭-વર્ષ બાદ** : ભુજની સિવિલ હોસ્પિટલ જી.કે. જનરલ હોસ્પિટલમાં એક્સ-રે અને એમ્બ્યુલન્સ સેવા ચાલુ નથી તેવા વર્ષ ૨૦૦૪માં વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્ન બાદ સંબંધિત તંત્ર દ્વારા લગભગ ૭ વર્ષ બાદ વિધાનસભાની ખાતરી સમિતિએ ભુજની સિવિલ હોસ્પિટલની તાજેતરમાં મુલાકાત લીધી હતી.

★ **નવનીત કેન્દ્ર** : સર્વોદય ટ્રસ્ટ દ્વારા શ્રીમતી કસ્તુરબહેન ડુંગરશી ગાલા નવનીત મહિલા કેન્દ્ર ભોજાયનાં ઉપક્રમે આયોજિત સ્ત્રી રોગ શિબિરમાં નખત્રાણા અને ભોજાય કેન્દ્રો પર કુલ ૩૫૫ દર્દીઓની પ્રજનન અવયવોનાં વિવિધ રોગો માટે ચિકિત્સા કરવામાં આવી હતી અને ૫૧ દર્દીઓનાં તાજેતરમાં ઑપરેશનો થયાં હતાં.

★ **ખેડૂતોના વીજ પ્રશ્નો** : ભુજ તાલુકાના ખેડૂતોને સતાવતા વીજ પ્રશ્નો અંગે તાલુકા ભારતીય કિસાન સંઘ દ્વારા કાર્યપાલક ઈજનેરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

★ **જાહેરનામું** : ભુજથી લખપત જતા માર્ગ પર ૮૦ થી ૮૧ કિ.મી. વચ્ચે સાત ગાળાના રવાપર મેજર બ્રિજનું સમારકામ ચાલુ હોવાથી ૨૭ જૂનથી બે માસ માટે ભુજથી લખપત જવા

અને આવવા અન્ય માર્ગનો ઉપયોગ કરવાનું જાહેરનામું બહાર પડાયું છે.

★ **કચ્છ ટીમને ચંદ્રક :** ૨૭મી ઓલ ઇન્ડિયા કરાટે ચેમ્પિયનશિપનું આયોજન કરાટે સ્કૂલ ઓફ ઇન્ડિયા દ્વારા મસૂરી ખાતે થયું હતું. જેમાં કચ્છની ટીમે એક સુવર્ણ અને પાંચ રજતચંદ્રક જીત્યા હતા.

★ **કેપીટી કૌભાંડ :** થોડા સમય અગાઉ એક રાષ્ટ્રીય ટીવી ન્યુઝ ચેનલે કંડલા પોર્ટ ટ્રસ્ટમાં ૧૬૦૦૦ એકર જમીનના આચરાયેલાં કૌભાંડનો બજારભાવ મુજબનો આંક બે લાખ કરોડનો બતાવીને ધડાકો કરતાં તે વિસ્તારમાં હલચલ મચી ગઈ છે.

★ **પેથોલોજી લેબ :** કચ્છ જિલ્લા આરોગ્યતંત્રે પોલીસ સ્ટાફ સાથે તાજેતરમાં ભુજની કેટલીક પેથોલોજી લેબોરેટરીમાં ઓચિંતુ ચેકિંગ કર્યું હતું, પરંતુ સત્તાવાર રીતે કોઇ વિગત જાહેર કરાઇ ન હતી.

★ **૧૫.૧૫ લાખ વૃક્ષો :** કચ્છમાં ૬૨મા વન મહોત્સવ અને વૃક્ષારોપણ મહાઅભિયાનની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી તેમજ અન્ય લોકોના સહકારથી ૧૫ લાખ ૧૫ હજાર ૫૧૫ રોપાઓનું વાવેતર કરવા તાજેતરમાં ભુજ ખાતે આયોજિત એક સેમિનારમાં નક્કી કરાયું હતું.

★ **'શહેર પાડે સાદ' :** વંચિત વિસ્તારોમાં પીવાના પાણી, ઘર જેવી પાયાની સુવિધા વગેરેથી ચિંતિત ભુજ ખાતેની વિવિધ સંસ્થાઓ દ્વારા ભજવાતી 'સેતુરૂપ' ભૂમિકા પ્રશંસાને પાત્ર હોવાનું 'શહેર પાડે સાદ' ઝુંબેશના સમાપન પ્રસંગે ભુજના ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના સામાજિક કલ્યાણ ખાતાના પ્રધાનશ્રીએ સંસ્થાઓની પ્રવૃત્તિ બિરદાવતાં સરકાર વતી સહકારનો કોલ આપ્યો હતો.

★ **મકાન વાસ્તુ ખર્ચ પાંજરાપોળને :** ગાંધીધામના એક સદ્‌ગૃહસ્થે પોતાના નવા મકાનના વાસ્તુનો ખર્ચ કરવાના બદલે રાપર પાંજરાપોળને રૂા. ૧.૧૧ લાખનું દાન આપીને અન્યો માટે પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

★ **એમસીએ :** કોમ્પ્યુટરના ક્ષેત્રમાં કારકિર્દી ઘડતરની મહત્ત્વાકાંક્ષા સેવતા કચ્છના વિદ્યાર્થીઓ માટે કચ્છ યુનિવર્સિટીને એમસીએના અભ્યાસક્રમ શરૂ કરવા જરૂરી માન્યતા મળી ગઇ છે.

★ **કચ્છમાં શૂટિંગ :** મલ્ટીસ્ટાર ગુજરાતી ફિલ્મ 'મા ઉમિયા પધાર્યા મારા આંગણે'નું શૂટિંગ ટૂંક સમયમાં કચ્છમાં થશે, તેવું કચ્છી અભિનેત્રી કોમલ ઠક્કરે એક મુલાકાતમાં જણાવ્યું હતું.

★ **વીજ માળખામાં બદલાવ :** કચ્છના ચાર શહેરો ભુજ, ગાંધીધામ, માંડવી અને અંજારમાં આવનાર દિવસોમાં અદ્યતન વીજ માળખું રચવા રાજ્ય અને કેન્દ્ર સરકારની એક યોજના હેઠળ રૂા. ૩૭ કરોડની જંગી ધનરાશિ મંજૂર કરવામાં આવી છે. તે અન્વયે ભૂગર્ભ વાયરો પથરાશે તેમજ વીજતંત્રને હાઇટેક બનાવવામાં આવશે.

★ **રાપરમાં રસ્તા :** રાપર વિસ્તારના અંતરિયાળ રસ્તાની સુધારણા માટે સ્થાનિક ધારાસભ્યશ્રીની રજૂઆતના પગલે દોઢ કરોડની રકમ ફાળવવામાં આવતાં સંબંધિત ગામ લોકોમાં આનંદની લાગણી ફેલાઇ છે.

★ **પ્રાગ મહેલ :** ધરતીકંપમાં ભુજના પ્રાગમહેલને પણ નુકસાન થતાં કચ્છ રાજનો જેના પર ધ્વજ ફરકતો, તે દંડ નમી ગયો હતો. ૧૬૦ ફૂટની ઊંચાઇએ આવેલા આ ધજા દંડને ઊભો કરી તેના પર મા આશાપુરાનો ધ્વજ તાજેતરમાં ફરીથી ફરકતો કરી દેવામાં આવ્યો છે.

★ **એમ.આર.આઇ. સેવા :** ભુજ ખાતેની માતુશ્રી મેઘબાઇ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરમાં ગત અષાઢી બીજથી એમ.આર.આઇ.ની સુવિધા ઉપલબ્ધ થઇ છે.

★ **ફાર્મસી કૉલેજ :** કચ્છ જિલ્લાની સૌ પ્રથમ અને એકમાત્ર જખાણિયા ખાતેની ફાર્મસી ડિગ્રી કોલેજ વિરાયતન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા તરફથી માન્યતા મળી ગઇ છે.

★ **પ્રભારી :** કચ્છના જાહેરજીવનમાં વર્ષોથી સંકળાયેલા પીઢ આગેવાન અને પૂર્વ ધારાસભ્ય શ્રી મહેશભાઈ ઠક્કરની કચ્છ કોંગ્રેસના પ્રભારી તરીકે તાજેતરમાં નિયુક્તિ કરવામાં આવી છે.

★ **લાઇવ ઓપરેશન :** સ્ત્રીઓને લગતા ઑપરેશનની આધુનિક પદ્ધતિઓ વિશે લોકો માહિતગાર બને તેવા હેતુ સાથે કચ્છમાં કાર્યરત તબીબો દ્વારા ભુજના એક નર્સિંગ હોમમાં તાજેતરમાં એક સેમિનારનું આયોજન થયું હતું. કચ્છમાં પ્રથમ વખત આ પ્રસંગે ચાર દર્દીઓની લાઇવ શસ્ત્રક્રિયા નિઃશુલ્ક કરવામાં આવી હતી.

★ **નિકાસક્ષેત્રે સિદ્ધિ :** ગુજરાત રાજ્યના ઇતિહાસમાં મહાકાય જહાજ વડે તાજેતરમાં મુંદ્રા બંદરેથી એક લાખ ત્રીસ હજાર ટન બોક્સાઇટનો જથ્થો ચીન જવા રવાના થયો હતો. આટલી મોટી નિકાસ અત્યાર સુધી ક્યારેય થઇ નથી.

★ **ઓપન સ્કૂલ :** ગુજરાત રાજ્યમાં શિક્ષણનો સાર્વત્રીકરણનો હેતુ પાર પાડવા રાજ્ય સરકારે 'ગુજરાત સ્ટેટ ઑપન સ્કૂલ'ની સ્થાપના કરવાનું નક્કી થતાં કચ્છ જિલ્લામાં તેનો આરંભ થઇ રહ્યો છે તેમ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

★ **અષાઢી બીજ :** કચ્છી નવા વર્ષ અષાઢી બીજે જિલ્લાભરમાં ઉજવણીના દોર વચ્ચે સાહિત્ય-સંસ્કૃતિનો ભવ્ય વારસો ધરાવતા માંડવી બંદરે અષાઢી બીજની સંધ્યાએ રાષ્ટ્રીય કલા મહોત્સવમાં આસામ અને મણિપુરની વિખ્યાત નૃત્યાંગનાઓએ મંત્રમુગ્ધ કરતી કલાના કામણ પાથરીને ઉપસ્થિત કલા રસિકોને આનંદ વિભોર કર્યા હતા. જિલ્લાના અન્ય સ્થળોના કચ્છીઓએ કચ્છી નવા વર્ષે વરસાદની પ્રાર્થના સાથે અષાઢી બીજની પરંપરાગત ઉજવણી કરી હતી.

★ **કચ્છી-આંતરરાષ્ટ્રીય ફિલ્મ ક્ષેત્રે :** કચ્છી માડુ જે ક્ષેત્રમાં હોય છે ત્યાં તેણે ઊંચાઇ સર કરી છે એવું માનવાને બળ મળે એવા એક વ્યક્તિ એટલે મુંદ્રા તાલુકાના છસરા ગામે જન્મેલા અને ત્યારબાદ મુંબઇને કર્મભૂમિ બનાવી સિદ્ધિનાં અનેક શિખરો સર કરનારા શ્રી અમૃતભાઇ ગંગર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ફિલ્મ વિવેચક અને લેખનમાં ખ્યાતિ ધરાવનાર શ્રી ગંગરે તાજેતરમાં કચ્છ જિલ્લાની મુલાકાતના સમયે જણાવ્યું હતું કે 'મને કચ્છી હોવાનું ગૌરવ છે'.

★ **હમીરસર તળાવ :** ભુજ શહેરની ઓળખ અને નાગરિકોના દિલમાં હંમેશાં હિલોળા લેતા હમીરસર તળાવના સર્વગ્રાહી વિકાસ માટે કુલ ૧૧ કરોડના વિવિધ કામોને આવરી લેતી દરખાસ્ત તૈયાર કરીને ભુજ સુધરાઇએ મંજૂરી માટે કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયમાં રજૂ કરી છે.

★ **નેટ હાઉસ-કૃષિ :** બદલાતા વાતાવરણમાં પરંપરાગત માધ્યમથી અલગ કૃષિનું ઉત્પાદન લેવામાં આવે તો ઊંચી ગુણવત્તા પ્રાપ્ત થઇ શકે એવી માન્યતા સાથે કચ્છમાં નેટ હાઉસની કૃષિ સંસ્કૃતિ ધીમે ધીમે પાંગરી રહી છે. અત્યારે ભુજ અને અંજાર તાલુકો આ ક્ષેત્રે મોખરે છે. જો કે એની શરૂઆત અબડાસામાં થઇ હતી.

★ **લાલિયા-મોતિયાની જોડી :** કચ્છના કાવડિયા સંત શ્રી મેકણદાદાની કર્મભૂમિ-એવા આહીર પટ્ટીના ઝીંકડી ગામે છેલ્લા કેટલાક માસથી સાથેજ રહેતા ગધેડા (લાલિયો) અને શ્વાન (મોતિયા) ની જોડીએ સારા વિસ્તારમાં આકર્ષણ જમાવ્યું છે. વર્ષો અગાઉ દાદા મેકણ સાથેજ જીવતે સમાધિ લેનાર બન્ને પ્રાણીઓએ જાણે પુનઃ અવતાર ધારણ કર્યો હોય તેમ ઝીંકડીમાં સાથે જ ફરતા જોવા મળે છે.

★ **રડાર-અરુધ્રા :** નલિયાના વાયુદળ મથકે તાજેતરમાં ભારતીય વાયુદળના વડા એર ચીફ માર્શલે દેશનું સૌપ્રથમ અદ્યતન મધ્યમ રેન્જનું અરુધ્રા રડાર કાર્યાન્વિત કરાવ્યું હતું.

★ **મહિલા ગૃહ :** કચ્છમાં શિક્ષણ ઉપરાંત સમાજસેવા પણ અગ્રીમ સ્થાને છે. કચ્છની સમાજસેવી સંસ્થાઓએ માનવતાની જ્યોતિ પ્રજ્જવલિત કરી દેશને રાહ ચીંધ્યો છે એમ ગુજરાતના રાજ્યપાલે ભુજ ખાતે મહિલા ગૃહનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું.

★ **મુંદરામાં કાર ઉત્પાદન :** બજાજ કંપની ગુજરાતમાં મુંદરામાં 'મિની કાર'ના ઉત્પાદન માટે એક હજાર કરોડ રૂપિયાથી વધુ રોકાણ સાથે સૌથી મોટો પ્લાન્ટ સ્થાપશે તેવું જાણવા મળે છે. બજાજ કંપની, નિશાન મોટર કંપની અને રિનોલ્ટે એસએ કંપનીઓ સાથે મળીને મુંદરામાં વાર્ષિક ૫૦ લાખ વાહનોનું ઉત્પાદન કરશે. જેમાંથી ૬૦ ટકા મિની કારની મુંદરા બંદર પરથી નિકાસ થશે. આ કારણે મુંદરા વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે.

★ **કચ્છમિત્ર-૬૫મો જન્મદિન :** કચ્છ-ભુજથી પ્રસિદ્ધ થતા કચ્છમિત્ર દૈનિકના ૬૫મા જન્મદિવસ નિમિત્તે તાજેતરમાં ભુજના ટાઉનહોલમાં ફોરહાઇ ઑફસેટ કલર પ્રિન્ટિંગ મશીનના ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન થયું હતું. આ પ્રસંગે મોભીઓથી માંડી અદના આદમી સુધીના ગ્રાહક-વાચક વર્ગ દ્વારા કચ્છમિત્રને શુભેચ્છાઓની વર્ષા થઇ હતી. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ

## નિમંત્રણ

*સ્નેહી શ્રી,*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૮મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧ના દિવસે સવારમાં ૯.૩૦ કલાકે **શ્રી કચ્છી જૈન ભવન,** પાલડી ખાતે યોજવામાં આવેલ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય જમણવાર **માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ)** તથા **શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)**ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે અમદાવાદ - ગાંધીનગર સ્થિત સહુ કચ્છી જૈન પરિવારોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. સમાજની નિયાણી બહેનોને પણ આ કાર્યક્રમમાં પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવેલ છે :

- સવારમાં ૯.૩૦થી ૧૦.૦૦ : શ્રી કચ્છી જૈન ભવન ખાતે આગમન તથા મિલન
- સવારમાં ૧૦.૦૦ થી બપોરના ૧૨.૦૦ :
  - ❒ આવકાર, સામૂહિક ક્ષમાપના
  - ❒ ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કામગીરી વિશેની જાણકારી
  - ❒ ગત વર્ષ દરમિયાનના 'મંગલ મંદિર'ના શ્રેષ્ઠ લેખના લેખકશ્રીનું બહુમાન
  - ❒ પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગના વિજેતાશ્રીઓનું બહુમાન
  - ❒ પ્રાસંગિક પ્રવચનો
  - ❒ આભારવિધિ
  - ❒ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર

***કાર્યક્રમ બાદ શ્રી કચ્છી જૈન ભવન પર સ્વામિવાત્સલ્ય જમણવાર યોજવામાં આવેલ છે.***

અમદાવાદ અને ગાંધીનગરના બધા જ કચ્છી જૈન પરિવારોને આ ક્ષમાપના તથા વાર્ષિક મિલન સમારંભના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, ઉમળકાભેર ભાગ લેવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.


સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સાથે પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

કાર્યક્રમ બરાબર ૧૦.૦૦ વાગે શરૂ કરવાનો હોવાથી સહુએ સમયસર પોતાની જગ્યા લઈ લેવા વિનંતી કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**અશોકકુમાર સાકરચંદ મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*આંખથી નીકળેલાં સાચાં આંસુ મનનો મેલ ધૂવે છે.*




## સરનામા ફેરફાર

- **મનીષ મણિલાલ ગોસર**
  ૧૩, કમલનયન બંગ્લોઝ, ગાલા જિમખાના રોડ,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૯૧૩૮ ૯૯૦૦૦

## ફોન નંબર ફેરફાર

- **ગિરીશ દામજી પોલડિયા**
  મો. ૯૯૨૫૨ ૦૭૪૩૦

## સગપણ

- **ચિ. દર્શન દિલીપભાઈ શાંતિલાલ સંઘવી (મુંદ્રા - અમદાવાદ)**
  **ચિ. માનસી હિમાંશુભાઈ શાહ (માંડવી - કર્નૂલ)**

## શરણાઈ

- **ચિ. પુનીત નરેન્દ્ર છગનલાલ શાહ (નાની તુંબડી - અમદાવાદ)**
  **ચિ. રીચા કેતનભાઈ શાહ (અમદાવાદ)**

## અવસાન નોંધ

- **જયંતીલાલ વેલજી બેચરભાઈ મહેતા** (દૂધઈ - અંજાર - અમદાવાદ) મંગળવાર, તા. ૧૭-૭-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.

*સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### સરસ્વતી સન્માન કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પુરસ્કાર સમિતિ, શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ તથા યુવા વિકાસ સમિતિ દ્વારા ધોરણ-૮ અને તેનાથી ઉપરના વિદ્યાર્થીઓ માટે તા. ૨૧-૮-૨૦૧૧ને રવિવારે બપોરે ૩.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ રાખેલ છે.

જેમાં સમાજના ધોરણ-૮ અને તેનાથી ઉપરના દરેક તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમાનુસાર પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે. સમાજમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ ત્રણ આવેલ બાળકોનું અને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ આવેલ વિદ્યાર્થિનીઓને અલગથી પણ સન્માનિત કરાશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અભ્યાસ ક્ષેત્રે ઉપયોગી થાય એવી માહિતી આપવામાં આવશે.

ફક્ત કાર્યક્રમના દિવસે જ પુરસ્કાર આપવામાં આવશે. પછીથી ક્ષમા.

- **વિવિધ યોજનાઓના દાતાશ્રીઓ :**

૧. ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના
૨. શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૦)
૩. શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) : **માતુશ્રી વિમળાબહેન કેશવજી શાહ પરિવાર**
૪. શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ) : **શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા પરિવાર**
૫. શૈક્ષણિક મહિલા પારિતોષિક યોજના (ધોરણ-૧૦ તથા ૧૨) : **શ્રીમતી પ્રમીલાબહેન ઉમરશી જેઠાભાઈ કુરુવા પરિવાર**

વિવિધ યોજનાઓના દાતાશ્રીઓને વિનંતી કે જે તે યોજનાના દાતાશ્રીઓના વરદ્ હસ્તે પુરસ્કાર એનાયત કરવાના હોવાથી તે પરિવારના કોઈ એક સભ્યને જરૂરથી સમયસર ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે.

***— કન્વીનર, પુરસ્કાર સમિતિ***

## નવું સાહસ

- **શ્રી મેહુલ અમૃતલાલ શાહ (ગંગર)** નાંગલપુર
  મહેન્દ્ર ટ્રેક્ટર્સની ડીલરશિપ
  મણિભદ્ર ટ્રેક્ટર્સ
  હરિ પ્લાય કમ્પાઉન્ડ, એસ.ટી. વર્કશોપની બાજુમાં,
  કલોલ - મહેસાણા હાઈવે, કલોલ.
  ફોન : ૦૨૭૬૪-૨૨૨૧૭૭, મો. ૯૦૯૯૯ ૬૫૫૪૩

  ***રહેઠાણ :*** એસ-૩૦૧, ઈન્દ્રપ્રસ્થ-૬,
  સૂરધારા બંગ્લોઝ-૨ની સામે,
  પ્રહલાદ નગર ગાર્ડન સામે,
  સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  ફોન : ૦૭૯-૨૯૨૯૬૭૫૯
  મો. ૯૩૨૮૩ ૩૦૬૦૭

*સુખની ઈચ્છાથી સુખ મળતું નથી એ નિયમ છે.*

## ઊડતી નજરે....

**જૂન-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......<br>કે જેમાંથી – | ૮,૫૫૫ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ...... ૪૦૭ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ...... ૧૦૦ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ...... ૧૬ | |
| | (ગ) | સોનોગ્રાફી ...... ૭૨૭ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ...... ૯ | |
| | (ચ) | બોડી ચેક-અપ ...... ૩૨૦ | |
| | (છ) | અન્ય ...... ૬,૯૭૬ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... ૨,૬૨૪<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... ૫,૯૪૫<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... ૨,૩૧૭ | ૧૦,૮૮૬ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... ૯૫૯<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... ૨,૯૨૫ | ૩,૮૮૪ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... ૫૬૪ | ૫૬૪ |
| | | જૂન-૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ...... | ૨૩,૮૮૯ |

## સાભાર સ્વીકાર

- **શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ** તરફથી તા. ૭-૭-૨૦૧૧ના તેમનાં પુત્ર ચિ. પુનિતના શુભ લગ્ન પ્રસંગે મંગલ મંદિરને રૂા. ૫૦૧/- ભેટ અપાતાં, તેનો સાભાર સ્વીકાર કરેલ છે.
- **શ્રી દિલીપભાઈ શાંતિલાલભાઈ સંઘવી** તરફથી તા. ૧૭-૭-૨૦૧૧ના તેમનાં પુત્ર ચિ. દર્શનના શુભ વેવિશાળ પ્રસંગે રૂા. ૨૫૧/- મંગલ મંદિરને ભેટ અપાતાં, તેનો સાભાર સ્વીકાર કરેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ મધ્યે **શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના** ચાલુ છે. આ યોજનામાં નીચે પ્રમાણે અન્ય અનુદાન પ્રાપ્ત થયા છે.

- ★ **રૂા. ૧૧૦૦/- શ્રી મુરલીભાઈ રતનશી દૈયા - મુંબઈ**
- ★ **રૂા. ૨૫૦૦/- શ્રી અજિતકુમાર મહેતા - અમદાવાદ**
- ★ **રૂા. ૧૦૦૦/- એક સદ્‌ગૃહસ્થશ્રી, મુંબઈ તરફથી**
- ★ **રૂા. ૧૦૦૦/- લક્ષ્મીબહેન મહેશભાઈ ખત્રી, અમદાવાદ**
- ★ **રૂા. ૩૦૦૦/- શ્રી નવીનભાઈ હીરજીભાઈ દંડ - વેરાવળ**
- ★ **રૂા. ૫૦૦૦/- શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ, ઝરિયા - ધનબાદ**

*પોતાનાં મન-મસ્તિષ્કના થોડાક ભાગમાંથી ખરાબ વિચાર બહાર કાઢી નાંખો. તુરત જ ખાલી સ્થાન સર્જનાત્મકથી ભરાઈ જશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## સુવર્ણ જયંતી વર્ષ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડની એક મિટિંગ રવિવાર તા. ૧૭-૭-૨૦૧૧ના મળેલ હતી. જેમાં તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ના વર્ષને સુવર્ણ જયંતી વર્ષ (૫૦મા વર્ષ) તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત કાર્ય અંગે “સુવર્ણ જયંતી વર્ષ ઉજવણી સમિતિ”ની નીચે મુજબ રચના કરવામાં આવેલ હતી.

૧. શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા – કન્વીનર
૨. શ્રી કાંતિલાલ વેલજી સાવલા – સભ્ય
૩. શ્રી પ્રતાપ નારાણજી દંડ – સભ્ય
૪. શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા – સભ્ય
૫. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા – સભ્ય

સમાજની દરેક સમિતિને અપીલ કરવામાં આવે છે કે “સુવર્ણ જયંતી વર્ષ ઉજવણી” નિમિત્તે તેઓ પોતાની સમિતિની મિટિંગ બોલાવી વર્ષભરના પોતાના કાર્યક્રમો નક્કી કરી, ઉપરોક્ત સમિતિના કન્વીનરશ્રીને વહેલી તકે પહોંચતા કરે. જેથી વર્ષ દરમ્યાન, એક સંલગ્ન કાર્યક્રમ ઘડી કાઢી તેને અંતિમ સ્વરૂપ આપી શકાય.

સુવર્ણ જયંતીના કાર્યક્રમો અંગે જે સભ્યોને સૂચનો કરવાના હોય, તેઓ પોતાના સૂચનો ઉપરોક્ત સમિતિના કન્વીનરશ્રીને વહેલી તકે પહોંચતા કરે તેવી વિનંતી કરવામાં આવે છે.

સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન કયા પ્રકારના કાર્યક્રમો આપણે યોજવા જોઈએ, તે અંગેના સૂચનો પણ સભ્યશ્રીઓ પાસેથી મંગાવવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# આવાસ યોજના - નવનીત ભવન

## બાકી ફ્લેટની ફાળવણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત નવનીત ભવન ખાતેની આવાસ યોજનામાં બે ફ્લેટ ખાલી થયેલ છે.

જે સભ્યો આ ફ્લેટ લેવા ઈચ્છા ધરાવતા હશે તેઓએ સંસ્થાની ઓફિસેથી જરૂરી ફોર્મ મેળવી તા. ૨૦-૮-૨૦૧૧ સુધી ભરીને પરત મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

આ ફ્લેટો સંસ્થાએ બનાવેલા નવા ધારાધોરણ મુજબ ફાળવણી કરવામાં આવશે.

ફોર્મની વિગત ભરનારે નીચે મુજબની વિગતો ખાસ ભરવા વિનંતી કરવામાં આવે છે.

૧. અમદાવાદમાં કેટલા વર્ષથી રહે છે.
૨. પરિવારની માસિક આવક
૩. શા કારણે ફ્લેટની જરૂરિયાત પડેલ છે.
૪. વધુમાં વધુ કેટલા રૂપિયા જમા કરાવી શકશે.
૫. ફ્લેટમાં રહેવા ઈચ્છા ધરાવનાર પરિવારના સભ્યોના નામ, ઉંમર તથા અન્ય વિગતો સાથે.

ફોર્મ નવેસરથી ભરવાના હોવાથી, જે સભ્યોએ ફોર્મ ભરેલ હોય અને તેમને ફ્લેટ ફાળવવામાં આવેલ ન હોય, તેઓએ પણ પોતાના ફોર્મ નવેસરથી ભરવાના રહેશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*સ્વબળે સક્રિય રહો, માર્ગમાં મુશ્કેલીઓ નહીં આવે.*

બિંદુઓ ભેગા મળ્યા, સરિતાના આકારમાં;
ભવ્યતાનું રૂપ છે, જોઈ લ્યો સહકારમાં....

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ મધ્યે

## શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, રાજસ્થાન હોસ્પિટલની પાસે, શાહીબાગ, અમદાવાદ ખાતે "શ્રી જલારામ અન્નક્ષેત્ર" ચાલુ છે.

અન્નક્ષેત્રના મુખ્ય હેતુ અનુસાર કચ્છથી અમદાવાદ તબીબી સારવાર અર્થે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ અને તેમની સંભાળ માટે દર્દીની સાથે રહેનારને સવારના ચા-નાસ્તો અને બપોર-સાંજના ભોજન વિના મૂલ્યે આપવાની આ યોજના હેઠળ વ્યવસ્થા અમલમાં છે. દરરોજ અંદાજે ૩૦ વ્યક્તિઓ આ યોજનાનો લાભ ઊઠાવી રહ્યા છે અને જેના માટે દરરોજ રૂા. ૩,૦૦૦/- જેવો ખર્ચ કરવામાં આવે છે.

આ પ્રકારની ખૂબજ જરૂરિયાતવાળી સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે તે માટે દાનવીર જનતાને આ યોજનામાં પોતાનો આર્થિક સહયોગ મોકલાવી આપવા "મંગલ મંદિર"ના માધ્યમથી અપીલ કરવામાં આવી રહી છે.... તેનાં પરિણામરૂપે નીચે પ્રમાણે દાનની રકમ પ્રાપ્ત થઈ છે.

- ★ **રૂા. ૧૧૦૦/- શ્રી મુરલીભાઈ રતનશી દૈયા - મુંબઈ**
- ★ **રૂા. ૨૫૦૦/- શ્રી અજિતકુમાર મહેતા - અમદાવાદ**
- ★ **રૂા. ૧૦૦૦/- એક સદ્‌ગૃહસ્થશ્રી, મુંબઈ તરફથી**
- ★ **રૂા. ૧૦૦૦/- લક્ષ્મીબહેન મહેશભાઈ ખત્રી, અમદાવાદ**
- ★ **રૂા. ૩૦૦૦/- શ્રી નવીનભાઈ હીરજીભાઈ દંડ - વેરાવળ**
- ★ **રૂા. ૫૦૦૦/- શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ, ઝરિયા - ધનબાદ**

***સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.***

આ અભિયાનની મંજિલ લાંબી અને કઠિન છે. દરેક શક્તિશાળી દાનવીરો આ સેવાકીય પ્રવૃત્તિમાં યથાયોગ્ય સહયોગ આપવાની અમૂલ્ય તક ચૂકશે નહીં, તેવી અપેક્ષા રાખીએ છીએ.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શો ફેર પડે?

એક વૃદ્ધ માણસ સવાર સવારમાં દરિયાકાંઠે લટાર મારવા નીકળેલો. સૂર્ય ઊગવાને હજુ થોડીક વાર હતી. અદ્‌ભુત શાંતિ છવાયેલી હતી. ભીનાશ ભરેલો પવન ધીમી ગતિથી વાઈ રહ્યો હતો.

એ વખતે એની નજર એક યુવાન પર પડી. દરિયાને કાંઠેથી કંઈક હાથમાં લઈ દોડતો, એ ઘૂંટણ સમાણા પાણીમાં જતો અને ત્યાં કંઈક નાંખતો હતો. વૃદ્ધને નવાઈ લાગી. એણે યુવાનની પાસે જઈને જોયું તો ભરતીમાં હજારોની સંખ્યામાં તણાઈને કાંઠે આવી ગયેલી સ્ટાર ફિશ (તારા માછલી)ને એ ખોબામાં લઈને દરિયામાં ફરી છોડી આવતો હતો. યુવાનની આ દોડાદોડી દસેક મિનિટ સુધી નિહાળ્યા પછી વૃદ્ધથી ન રહેવાયું. એણે પેલા યુવાનને કહ્યું, 'અરે ભાઈ! તું સાવ નાહકનો દોડાદોડી કરે છે. જો તો ખરો, આખા જ કાંઠા પર હજારોની સંખ્યામાં સ્ટારફિશ તણાઈ આવેલી છે. હમણા સૂરજ ઊગશે એટલે એ મરી જ જવાની છે. તું પણ જોને, કેટલો હાંફી ગયો છે? થોડી જ ક્ષણો પછી મરી જનારી હજાર સ્ટારફિશને તું નહિં જ બચાવી શકે, એ તું પણ જાણતો જ હોઈશ. તો પછી તારી આ નિરર્થક દોડાદોડીથી શો ફેર પડશે?

વૃદ્ધના આવા શબ્દો સાંભળીને બે ક્ષણ માટે એ યુવક અટકી ગયો. પછી એણે વાંકા વળી પોતાના ખોબામાં એક જીવતી સ્ટારફિશ લીધી. અને દોડતા જઈ, એને ગોઠણ સમાણા પાણીમાં છોડી આવ્યો. પાછા આવીને એણે પેલા વૃદ્ધ સામે જોયું. પછી બોલ્યો, 'દાદા! મારી દોડાદોડીથી શો ફેર પડી શકે એની તો મને ખબર નથી પણ હમણાં જે સ્ટાર ફિશને મેં દરિયામાં છોડી, એને તો ઘણો બધો ફેર પડ્યોને....?!!'

વૃદ્ધ કંઈ જવાબ આપે એ પહેલાં તો એ યુવાને બીજી એક સ્ટારફિશ ખોબામાં લઈને પાણી તરફ દોટ મૂકી!

***સાભાર : "પરિત્રાણ"***
***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## તા. ૧૭-૭-૨૦૧૧ના સવારના ૧૦ વાગે મળેલ સમાજની ૨૪મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

- ઉપરોક્ત સભા સવારના ૧૦ વાગે શરૂ કરવામાં આવેલ હતી. અંદાજિત ૮૫ સભ્યો આ સભામાં ઉપસ્થિત રહેલ હતા.
- ઉપરોક્ત સભામાં નીચે મુજબના ટ્રસ્ટીશ્રીઓને બિનહરીફ ચૂંટાયેલ જાહેર કરવામાં આવેલ હતા.

| | | | |
|---|---|---|---|
| દાતા ટ્રસ્ટીઓ | : | (૧) | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| | | (૨) | શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા |
| | | (૩) | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા |
| સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રૂપ) | : | (૧) | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |
| સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રૂપ) | : | (૧) | શ્રી આણંદજી વેલજી વીરા |

***નોંધ*** : સામાન્ય ટ્રસ્ટી (માનદ્ ગ્રૂપ)ની ખાલી રહેલ એક સીટ પર શ્રી નવીન નાનજી શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

- ઉપરોક્ત સભામાં નીચે મુજબના કારોબારી સભ્યોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.
  1. શ્રી પોપટલાલ નેણશી ધરોડ
  2. શ્રી બચુભાઈ હીરજી રાંભિયા
  3. શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી
  4. શ્રી નવીન જેઠાભાઈ લાલકા
  5. શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
  6. શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
- વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના ઓડિટેડ હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતા.
- વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે ઓડિટર તરીકે શ્રી નૌતમ આર. વકીલની નિમણૂક કરવામાં આવેલ હતી.
- કેટલાક બંધારણીય સુધારા પાસ કરી, ફરીથી લખવામાં આવેલ સળંગ સ્વરૂપનું બંધારણ મંજૂર કરવામાં આવેલ હતું.
- તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ (સંસ્થાનું ૫૦મું વર્ષ)ને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## તા. ૧૭-૭-૨૦૧૧ના બપોરના ૧.૦૦ વાગે મળેલ સમાજના નવા ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગનો અહેવાલ

- વર્ષ ૨૦૧૧-૧૨ માટે (૧) શ્રી હરખચંદ કુંવરજી સાવલા તથા (૨) શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયાની કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે તથા (૧) શ્રી મુળજી નરશી શાહની આમંત્રિત ટ્રસ્ટી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.
- વર્ષ ૨૦૧૧-૧૨ માટે શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાની મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.
- વર્ષ ૨૦૧૧-૧૨ માટે નીચે મુજબના ૬ ટ્રસ્ટીશ્રીઓને કારોબારી સમિતિમાં મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું : (૧) શ્રી કાંતિલાલ વેલજી સાવલા, (૨) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, (૩) શ્રી પ્રતાપ નારાણજી દંડ, (૪) શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા, (૫) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (શ્રી કે.ડી. શાહ) તથા (૬) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા.
- સુવર્ણ જયંતી વર્ષ ઉજવણી સમિતિની નીચે મુજબ રચના કરવામાં આવેલ હતી.

  (૧) શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા - કન્વીનર, (૨) શ્રી કાંતિલાલ વેલજી સાવલા, (૩) શ્રી પ્રતાપ નારાણજી દંડ, (૪) શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા, (૫) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા.

## તા. ૧૭-૭-૨૦૧૧ના બપોરના ૩.૩૦ વાગે મળેલ સમાજની નવી કારોબારી સમિતિની પ્રથમ મિટિંગનો અહેવાલ.

- વર્ષ ૨૦૧૧-૧૨ માટે (૧) શ્રી ગુલાબચંદ ધનજી જૈન (દંડ), (૨) શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહની કો-ઓપ્ટ સભ્યો તરીકે તથા (૧) શ્રી બાબુભાઈ ખેતશી મહેતાની આમંત્રિત સભ્ય તરીકે વરણી કરવામાં આવેલ હતી.

*દુનિયાનો પ્રેમ ઘટે છે ત્યારે પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગે છે.*

- વર્ષ ૨૦૧૧-૧૨ માટે પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી કાંતિલાલ વેલજી સાવલા, દ્વિતીય ઉપપ્રમુખ તરીકે શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, માનદ્ મંત્રી તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી તરીકે શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા, ખજાનચી તરીકે શ્રી ચંદ્રકાંત દામજી શાહ તથા સહ ખજાનચી તરીકે શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરની વરણી કરવામાં આવેલ હતી.
- વર્ષ ૨૦૧૧-૧૨ માટેની વિવિધ સમિતિઓના કન્વીનરશ્રી તરીકે નીચે મુજબની વ્યક્તિઓની વરણી કરવામાં આવેલ હતી.

★ શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ : શ્રી હીરેન કુંવરજી શાહ
★ વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ : શ્રી પંકજ મેઘજી ગોગરી
★ કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ : શ્રી પ્રતાપ નારાણજી દંડ
★ લાઈબ્રેરી સમિતિ : શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
★ યુવા વિકાસ સમિતિ : શ્રી નવીન જેઠાભાઈ લાલકા
★ મહિલા ઉત્કર્ષ સમિતિ : શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ
★ બાળ કલ્યાણ સમિતિ : શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી
★ દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ : શ્રી કમલેશ બાબુભાઈ શાહ
★ પરિચય મિલન સમિતિ : શ્રી હીરજી પાસુભાઈ શાહ
★ તબીબી સેવા સમિતિ : શ્રી કાંતિલાલ વેલજી સાવલા
★ તબીબી સહાય સમિતિ : શ્રી કાંતિલાલ વેલજી સાવલા
★ વયસ્ક સમિતિ : શ્રી રજનીકાંત ધરમશી પારેખ
★ સામાજિક સુરક્ષા સમિતિ : શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી
★ શૈક્ષણિક સહાય સમિતિ : શ્રી આણંદજી વેલજી વીરા
★ સાધર્મિક સહાય સમિતિ : શ્રી આણંદજી વેલજી વીરા
★ વૈયાવચ્ચ સમિતિ : શ્રી પદમશી ચત્રભુજ ડાઘા
★ મંગલ મંદિર તંત્રીમંડળ સમિતિ : શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
★ લીગલ સમિતિ : ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
★ હિસાબી સમિતિ : શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી
★ સભ્યપદ સમિતિ : શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા
★ ફંડ રેઈઝિંગ સમિતિ : શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ
★ કેન્ટીન સમિતિ : શ્રી મણિલાલ કુંવરજી ગોસર
★ ભવન સમિતિ : શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા
★ જનરલ ખરીદ સમિતિ : શ્રી ચંદ્રકાંત દામજી શાહ
★ જમણવાર સમિતિ : શ્રી સંદીપ અશોકકુમાર મહેતા
★ મુંબઈ અતિથિ ભવન સમિતિ : ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
★ ભદ્રેશ્વર પ્રોજેક્ટ સમિતિ : શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ
★ બંધારણ સમિતિ : શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી
★ ગૃહઉદ્યોગ સમિતિ : શ્રી રજનીકાંત ધરમશી પારેખ
★ લોન સમિતિ : શ્રી કાંતિલાલ રામજી શાહ
★ કચ્છ મ્યુઝિયમ સમિતિ : શ્રી કાંતિલાલ રામજી શાહ

*ટાઈમ મેનેજમેન્ટથી સફળતાનો માર્ગ મળે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## વર્ષ ૨૦૧૧-૨૦૧૨નું ટ્રસ્ટ મંડળ

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | મેનેજિંગ ટ્રસ્ટી | ૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧/<br>૬૨/૬૩/૬૪ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ૩. | શ્રી જગશી જેઠાભાઈ છેડા | લાયજા - મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૦૨૨-૨૪૧૮૭૨૭૧ | ૦૨૨-૨૪૧૮૧૦૯૬ | ૦૯૮૨૦૮ ૦૦૪૫૬ |
| ૪. | શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | નાની ખાખર-મુંબઈ | કાયમી ટ્રસ્ટી | ૦૨૨-૨૨૬૨૪૭૨૧ | ૦૨૨-૨૨૦૧ ૭૪૭૬ | — |
| ૫. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૬. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | ટ્રસ્ટી | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫ /૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૭. | શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા | અંજાર | ટ્રસ્ટી | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૮. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ટ્રસ્ટી | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ૯. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૧૦. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | ટ્રસ્ટી | ૨૬૩૦ ૫૮૬૦ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૧૧. | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | બાડા | ટ્રસ્ટી | ૨૬૭૫ ૧૪૧૫ | ૨૭૫૭ ૩૩૬૬ | ૯૮૨૫૦ ૦૭૨૫૪ |
| ૧૨. | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શેરડી | ટ્રસ્ટી | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ૧૩. | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | ટ્રસ્ટી | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૬૨ ૦૦૫૧<br>૨૫૫૦ ૧૯૫૫ | — |
| ૧૪. | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | ટ્રસ્ટી | ૨૬૪૬ ૨૫૩૬ | ૨૬૪૨ ૭૦૦૧ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| ૧૫. | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી | ૨૬૭૫ ૨૧૨૨ | — | ૯૪૨૭૫ ૫૧૮૭૭ |
| ૧૬. | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | તુંબડી | ટ્રસ્ટી | ૨૭૪૮ ૪૯૦૬ | ૨૬૮૫ ૩૨૭૯ | ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| ૧૭. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૧૦૧૧ | ૨૬૮૬ ૨૦૭૬/૭૮ | ૯૮૨૫૦ ૪૮૬૪૫ |
| ૧૮. | શ્રી નવીન નાનજી શાહ (પોલડિયા) | તલવાણા | ટ્રસ્ટી | ૦૨૭૧૭-૨૩૪૮૦૦ | ૬૬૩૦ ૫૦૦૦<br>૨૭૪૫ ૧૦૦૦ | ૯૮૨૫૦ ૦૯૨૦૦ |
| ૧૯. | શ્રી કાંતિલાલ રામજી શાહ | રામાણિયા | ટ્રસ્ટી | ૨૬૪૨ ૩૮૯૫ | ૨૫૮૯ ૪૫૫૬<br>૨૫૮૩ ૩૯૮૯ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| ૨૦. | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | ટ્રસ્ટી | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| ૨૧. | શ્રી કલ્યાણજી રવજી રાંભિયા | રામાણિયા | ટ્રસ્ટી | ૨૭૫૦ ૬૧૬૧ | ૨૭૫૬ ૦૪૮૦ | ૯૮૨૫૦ ૨૨૨૬૧ |
| ૨૨. | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | કો-ઓપ્ટ | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૫૬ ૪૪૩૨<br>૨૬૫૬ ૧૧૬૮ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ૨૩. | શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંઢિયા | કો-ઓપ્ટ | ૨૬૬૩ ૪૦૯૦<br>૨૬૬૩ ૬૦૧૯ | ૨૫૪૫ ૦૩૮૦ | ૯૮૨૫૦ ૦૯૮૦૩ |
| ૨૪. | શ્રી મૂળજી નરશી લોડાયા | કોઠારા | આમંત્રિત | — | — | — |

*ચાહે સાધુ બનો યા ગૃહસ્થ, જ્યાં સુધી કામના રહેશે ત્યાં સુધી શાંતિ નહીં મળી શકે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે કારોબારી સમિતિના સભ્યોની યાદી

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ | ૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | પ્રથમ ઉપપ્રમુખ | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧/<br>૬૨/૬૩/૬૪ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ૩. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | દ્વિતીય ઉપપ્રમુખ | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ૪. | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | માનદ્ મંત્રી | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫ / ૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ૫. | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | સહમંત્રી | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ૬. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ખજાનચી | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ૭. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | સહ ખજાનચી | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૮. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | ટ્રસ્ટી | ૨૬૩૦ ૫૮૬૦ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ૯. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | સભ્ય | ૨૭૪૮ ૫૮૧૨ | — | — |
| ૧૦. | શ્રી કિશોર મૂળજી લાલકા | લાલા | સભ્ય | ૨૫૪૩ ૦૪૩૪ | ૨૫૩૮ ૩૬૩૬ | ૯૮૨૫૦ ૬૫૮૪૪ |
| ૧૧. | શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | સભ્ય | ૨૨૮૬ ૫૪૩૧<br>૨૨૮૬ ૭૦૬૪ | ૨૨૧૨ ૩૨૧૦<br>૨૨૧૨ ૪૪૭૪ | ૯૩૭૬૧ ૧૪૦૨૪<br>૯૩૭૭૨ ૦૯૫૩૦ |
| ૧૨. | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | સભ્ય | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| ૧૩. | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | વરાડિયા | સભ્ય | ૨૬૬૦ ૮૩૨૨ | — | ૯૪૨૭૪ ૧૭૬૮૬<br>૯૮૨૫૮ ૮૫૮૨૨ |
| ૧૪. | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| ૧૫. | શ્રી દામજી (બચુભાઈ) હીરજી રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭<br>૨૨૧૪ ૯૫૫૦ | ૩૨૯૩ ૫૭૭૨ | ૯૨૨૭૨ ૧૩૩૫૧<br>૯૪૨૮૧ ૧૩૧૯૧ |
| ૧૬. | શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ | નલિયા | સભ્ય | ૬૫૨૧ ૮૫૩૫<br>૨૬૬૦ ૭૯૯૦ | — | — |
| ૧૭. | શ્રીમતી શીલ્પિબહેન પ્રકાશ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૬૨ ૦૧૯૯ | — | ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| ૧૮. | શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | ફરાદી | સભ્ય | ૨૬૭૬ ૬૨૯૦ | ૨૫૫૦ ૭૪૮૦<br>૨૫૫૦ ૦૫૪૪ | — |
| ૧૯. | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | નાની ખાવડી | સભ્ય | — | — | — |
| ૨૦. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય | — | — | — |
| ૨૧. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | — | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| ૨૨. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૨૩. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ભુજ | સભ્ય | ૨૬૮૫ ૪૬૪૪ | — | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| ૨૪. | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૫૭ ૫૮૪૯ | — | ૯૮૨૫૦ ૬૧૯૩૦<br>૯૮૨૫૩ ૫૫૮૫૫ |
| ૨૫. | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય | — | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ૨૬. | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| ૨૭. | શ્રી ગુલાબચંદ ધનજી દંડ | પરજાઉ | કો-ઓપ્ટ સભ્ય | ૨૫૬૨ ૧૯૦૯ | ૨૨૧૨ ૨૨૪૨<br>૩૦૯૦ ૨૨૪૨ | ૯૮૨૪૦ ૯૭૦૭૮ |
| ૨૮. | શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ | ભુજ | કો-ઓપ્ટ સભ્ય | ૨૬૫૬ ૫૭૩૦ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ૨૯. | શ્રી બાબુભાઈ ખેતશી મહેતા | ભુજપુર | આમંત્રિત | — | ૨૭૬૮ ૩૨૬૮ | ૯૩૭૭૧ ૯૮૩૬૯ |

*સંપીને રહેવામાં જે મજા છે તે 'ઝઘડો કે વાદવિવાદમાં નથી.'*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

## વાર્ષિક અહેવાલ : ૨૦૧૦-૧૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સામાજિક અને જાહેર પ્રજાકીય સેવા પ્રવૃત્તિઓથી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન ધમધમતું રહ્યું હતું. ત્યારબાદ પણ તેનો વ્યાપ વધતો જાય છે. સમાજના દરેક કાર્યક્રમો ખૂબ જ સુંદર રીતે ઉજવાયા અને તેમાં સમાજના સભ્યો તથા કાર્યકરોનો ઉત્સાહ અને સહયોગનો સુંદર સમન્વય જોવા મળ્યો.

વર્ષ દરમ્યાન આપણે અનેક કાર્યક્રમોનું આયોજન કરી શક્યા. જેમાં સ્વામિવાત્સલ્ય, શૈક્ષણિક કાર્યક્રમો, રમતગમત અને ઇતર પ્રવૃત્તિઓની હરીફાઈઓ મુખ્ય છે. તે ઉપરાંત આપણા સ્વર્ગસ્થ સમાજ બાંધવોની શ્રદ્ધાંજલિનો વાર્ષિક કાર્યક્રમ યોજવામાં આવ્યો.

સમાજે ૪૭મો સ્વામિવાત્સલ્ય સપ્ટેમ્બર માસમાં યોજેલ. જેમાં મોટી સંખ્યામાં સભ્યોની હાજરી પ્રોત્સાહનરૂપ હતી. સમાજ આયોજિત દરેક કાર્યક્રમ તથા પ્રવૃત્તિઓમાં સમાજ પરિવારજનોનો આવો પ્રતિસાદ પ્રત્યેક વર્ષે મળે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરનો લાભ સમાજ પરિવાર ઉપરાંત અન્યોએ પણ નોંધનીય કક્ષાએ લીધો છે. આશરે ૧,૦૦,૦૦૦ વ્યક્તિઓએ જુદા જુદા ૫૫ તબીબી તજજ્ઞોનો લાભ મેડિકલ સેન્ટરમાં લીધો છે. ધીરે ધીરે તેનો વ્યાપ વધતો જાય છે. તેના પરિણામરૂપે મેડિકલ સેન્ટરના દરેક વિભાગની સેવામાં આધુનિકીકરણ કરવામાં આવેલ છે. આ કારણે પણ લાભ લેનાર દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળે છે.

સમાજ સંચાલિત ગીતા મંદિર, શાહીબાગ તથા પાલડી ભવન ઉપર બહારથી આવતા મહેમાનો માટે પણ સંતોષકારક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. અતિથિગૃહોના રૂમોની અંદર ફ્યુમિગેશન, કલરકામ વગેરેનું કાર્ય જરૂરિયાત મુજબ થાય છે. સમગ્ર વર્ષ દરમ્યાન ૮૨,૦૦૦ વ્યક્તિઓએ અતિથિગૃહોનો લાભ લીધેલ છે. ગત ડિસેમ્બર-૨૦૧૦થી શાહીબાગ વિશ્રામ ગૃહ ખાતે જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા દર્દીઓ તથા તેના સગાસંબંધીઓ માટે "જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ"ના આર્થિક સહયોગથી "જલારામ અન્નક્ષેત્ર" શરૂ કરવામાં આવેલ છે. તે યોજના હેઠળ દર્દીઓને તેમજ તેમની સાથે સંભાળ રાખનારને નાસ્તો અને બંને સમય ભોજન નિઃશુલ્ક અપાય છે. જેમાં ડિસેમ્બર-૨૦૧૦થી માર્ચ-૨૦૧૧ સુધી ૮,૦૦૦ વ્યક્તિઓએ લાભ લીધેલ છે.

ઉપરાંત, સમાજના આર્થિક રીતે નબળા પરિવારજનોને મેડિકલ સહાય આપવામાં આવતી હોય છે અને કચ્છથી શાહીબાગ વિશ્રામગૃહમાં આવતા જરૂરિયાતમંદ દર્દીઓને સહાયરૂપ થવાની પ્રવૃત્તિઓ પણ નિયમાનુસાર ચાલે છે.

સામાજિક સુરક્ષા યોજના હેઠળ લગભગ ૮૪ કુટુંબોને મેડિકલ સહાય (પ્રતિ ફેમિલી રૂા. ૨૫,૦૦૦/-) આપવામાં આવી છે. તે રીતે, સમાજના દરેક સભ્ય કુટુંબમાંથી એક વ્યક્તિને અકસ્માત વીમા પોલિસીનો લાભ આપવામાં આવે છે.

યુવા વર્ગ માટે શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ માટે પણ ઉત્કૃષ્ટ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેમાં જુદા જુદા વિષય નિષ્ણાતોને બોલાવીને યુવા વર્ગને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું છે અને એપ્ટિટ્યુડ ટેસ્ટ દ્વારા કેરિયર સંબંધી દિશાસૂચન આપવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. યુવાવર્ગ માટે આ એક ખૂબ ઉપયોગી કામગીરી છે.

યુવા વર્ગનો વાંચન, લેખન, રમતગમત અને અન્ય પ્રવૃત્તિમાં રસ કેળવાય તે માટે જુદી જુદી હરીફાઈઓનું આયોજન થયું છે. તે સાથે નવરાત્રિ અને શરદ પૂનમ જેવા ઉત્સવોની ઉજવણી પણ ઉમંગથી કરવામાં આવી છે. અભ્યાસ ક્ષેત્રે ઉચ્ચ ક્રમાંકવાળા, સમાજના વિદ્યાર્થીઓને યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓમાં કેરિયરલક્ષી ભણતર પ્રાપ્ત કરવા જરૂરી જાગૃતતા આવે તેવા કાર્યક્રમોનું અવારનવાર આયોજન કરવામાં આવ્યું છે.

વયસ્ક વ્યક્તિઓ માટે વિવિધ રંગારંગ કાર્યક્રમો અને જુદા જુદા સ્થળોએ પ્રવાસોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તે રીતે મહિલા ઉત્કર્ષ માટે પણ વિવિધ પ્રવૃત્તિઓ જેમાં વાનગી, મહેંદી, સંગીત, વેશભૂષા વગેરેની હરીફાઈઓનું આયોજન થયું છે. તે સાથે મહિલાઓ ગૃહ ઉદ્યોગ દ્વારા પગભર થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

સમાજ સંચાલિત 'નવનીત ભવન' બહેરામપુરામાં રહેનાર પરિવારજનો ગૃહ ઉદ્યોગ દ્વારા અમુક આઈટમ જાતે તૈયાર કરે તે માટે તેઓને દરેક રીતે મદદ કરવામાં આવે છે. આ રીતે તૈયાર કરવામાં આવેલ માલસામાનનું વેચાણ કરવા પાલડી ભવન અને શાહીબાગ વિશ્રામગૃહમાં વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ બંને સ્થળોએ વેચાણ કાઉન્ટર તેઓ જાતે ચલાવે છે. તેઓ આર્થિક રીતે સદ્ધર થાય તે હેતુસર આ પ્રવૃત્તિ ચાલુ છે.

આ વર્ષે દિવાળીના તહેવારમાં આશરે ૨૦૦૦ કિલો મીઠાઈ તથા ફરસાણનું કિફાયત ભાવે વેચાણ કરવામાં આવ્યું હતું. સમાજના મોટાભાગના પરિવારજનોએ આ યોજનામાં સાથ સહકાર આપ્યો હતો.

અગાઉ આપવામાં આવેલ જાણકારી મુજબ મુંબઈ ખાતે એક અતિથિ ભવન બનાવવાની કામગીરી ચાલુ છે. તેમાં કાનૂની અડચણો દૂર કરીને તેનું નિર્માણ જલદીથી થાય તેવા પ્રયત્નો સતત ચાલુ છે.

*ઈશ્વરની મરજી વગર બધાં કાર્યો અધૂરાં છે, તેથી ઈશ્વરનો ઉપકાર માણસે કદી ભૂલવો ન જોઈએ.*

આશા છે, ટૂંક સમયમાં બાંધકામ શરૂ કરી શકાશે.

કચ્છમાં ભદ્રેશ્વર પ્રોજેક્ટ માટે પણ સર્વે વગેરે કરાવી ત્યાંનો પ્રોજેક્ટ શરૂ કરવા માટેના પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે.

આ ઉપરાંત બાળ કલ્યાણ યોજના હેઠળ નવજાત બાળકો માટેના બોન્ડનું વિતરણ તેમજ ગર્લ્સ હોસ્ટેલ માટે જરૂરી જમીન સંપાદન કરવા માટેના પ્રયત્નો શરૂ કરી દેવામાં આવ્યા છે.

શાહીબાગ વિશ્રામ ગૃહ ઉપર કચ્છની કલા અને સંસ્કૃતિનો વારસો સાચવવા માટે કચ્છ મ્યુઝિયમનું નિર્માણ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે.

કચ્છના ડેવલપમેન્ટ માટે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા કચ્છમાં નર્મદાના જળ પહોંચે તથા કચ્છ હરિયાળું બને તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કચ્છમાં હજુ સુધી આર્કિટેક્ચરલ કૉલેજ નથી તે કારણે ત્યાં એક કૉલેજ ઊભી કરવાના પ્રયાસ શરૂ કરેલ છે. જેના માટે જમીન વગેરેનું સંપાદન કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે અને આગળની કાર્યવાહી ચાલુ છે. કચ્છ જિલ્લાના ઇતિહાસને લગતું એક સુંદર પુસ્તક બનાવવાનું કાર્ય પણ હાથ ધરવામાં આવેલ છે જે લગભગ પૂર્ણતાને આરે આવેલ છે. કચ્છમાં પ્રગતિનો જુવાળ આવેલો છે. તેમાં વેગ લાવવા બનતા બધા જ પ્રયત્નો કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે.

આપણા સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'ની વાત કરીએ તો તેમાં સાંપ્રત સમાજને અનુલક્ષીને વિવિધ લેખો વગેરેનું સુંદર સમન્વય કરીને બહાર પાડવામાં આવે છે. તંત્રી મંડળના અભૂતપૂર્વ પ્રયાસોથી આજે ૨૫૦૦ કોપીઓનું વિતરણ દર માસે થઈ રહ્યું છે.

સમાજના સમાચાર, સમાજની પ્રવૃત્તિઓ તેમજ આગામી કાર્યક્રમોની જાણ મંગલ મંદિર દ્વારા સમાજના દરેક સભ્યોને મળે છે.

આમ, સમગ્ર વર્ષ દરમ્યાન અનેક પ્રકારના સમાજ ઉપયોગી કાર્યક્રમો આપણે કર્યા અને ધીરે ધીરે તેનો વ્યાપ વધારવાનો પ્રયત્ન પણ આરંભાઈ ચૂક્યો છે. જેમાં બાળકોના કેરિયરલક્ષી કાર્યક્રમો, નબળા વર્ગને સ્વરોજગારી મળી રહે તેવા કાર્યક્રમો તેમજ આર્થિક રીતે પગભર સમાજના ઘડતરની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવેલ છે. ૨૦૨૦ સુધીમાં "સર્વેન સુખીનઃ સંતુ સર્વે સંતુ નિરામયાઃ"નું વાતાવરણ બને તેવી મહેચ્છા સાથે આગળ વધવાનો નિશ્ચય કરેલ છે.

વર્ષ દરમ્યાન આટલા બધા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં સહભાગી થયેલા દરેક સમિતિઓના સભ્યોનો અથાગ પ્રયત્ન કેમ ભૂલાય? સર્વે સમિતિઓના ઉત્સાહિત કન્વીનરો અને સભ્યોનો આભાર. જેમની જહેમતથી દરેક કાર્યક્રમો સુંદર રીતે ઉજવાયા અને સમાજના સભ્યોને તેનો સર્વાંગી લાભ મળ્યો. વિવિધ સમિતિઓની રચના થકી સમાજના ઘણા બધા સભ્યો આ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયા છે અને ખંતપૂર્વક સમાજનાં વિવિધ ક્ષેત્રે કાર્યક્રમો પૂરા કરવા મહેનત કરી રહ્યા છે, જે એક નોંધનીય અને ઉત્સાહપ્રેરક બાબત છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર

### એમ.આર.આઈ., સીટી સ્કેન, ડેક્ઝા સ્કેન, મેમોગ્રાફી અને ઓપીજી એક્સ-રે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં આવતા લાભાર્થીઓને તેમની જરૂરિયાત અનુસાર નીચે પ્રમાણેની સેવાઓ રાહત દરે ઉપલબ્ધ કરી આપવામાં આવે છે.

| ઉપલબ્ધ કરાવાતી સેવાનો પ્રકાર | ટાઈ઼ડ-અપ સંસ્થાનું નામ (જે સ્થળે સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.) | દર (એક વખતના) |
|---|---|---|
| ★ એમ.આર.આઈ. અને સીટી સ્કેન | સદ્ભાવ ઈમેજિંગ સેન્ટર<br>ગુજરાત કૉલેજ પાસે | રાહત દરે |
| ★ ડેક્ઝા સ્કેન<br>(હાડકાંની ઘનતાની તપાસ) | પીરામલ ડાયગ્નોસ્ટિક્સ<br>ટાઉનહોલ પાસે | રાહત દરે |
| ★ મેમોગ્રાફી<br>મીઠાખળી | મેડિસર્જ હોસ્પિટલ | રૂા. ૫૫૦/-<br>ચાર્જ અત્રે ભરપાઈ કર્યા બાદ |
| ★ ઓપીજી એક્સ-રે | મેડિમેક્સ,<br>એલિસબ્રિજ, વી.એસ. હોસ્પિટલ પાસે | રૂા. ૩૨૫/-<br>ચાર્જ અત્રે ભરપાઈ કર્યા બાદ |

અત્રેના મેડિકલ સેન્ટરના રૂમ નંબર-૩૧૦ અથવા ૩૨૦માં રૂબરૂ સંપર્ક કર્યા બાદ ઉપરોક્ત સુવિધા ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. જરૂરિયાતમંદ વ્યક્તિએ લાભ લેવા વિનંતી છે.

***કન્વીનર, મેડિકલ અને ચેક-અપ સેન્ટર***

*શાણો માણસ બીજાની સ્પર્ધા નથી કરતો, પોતાની સ્પર્ધા કરે છે.*

**નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર**

## સ્વાસ્થ્ય અંગે પોકેટ બુક

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ અને ચેક-અપ સેન્ટર દ્વારા સ્વાસ્થ્ય અંગેની અંગત માહિતી દર્શાવતી એક પોકેટબુક હંમેશાં સાથે રાખી શકાય તેવા હેતુથી તૈયાર કરવામાં આવી છે. કોઈપણ સમયે શારીરિક સારવાર અથવા તો ઈમર્જન્સીના સમયે તેમાં જણાવેલ વિગત ખૂબજ ઉપયોગી બનશે. વ્યક્તિનું નામ, સરનામું, ફોન નંબર, બ્લડ ગ્રૂપ, ફેમિલી ડૉક્ટર, તાત્કાલિક સંપર્ક થઈ શકે તેવી વ્યક્તિનું નામ, ફોન નંબર, મેડિક્લેઈમ અને ક્લિનિકલ દરેક વિભાગોમાં થતાં પરીક્ષણ અને તેનાં પરિણામ સંબંધી બધી જ વિગત અને માહિતી ઉપરોક્ત જણાવેલ ૧૬ પાનાની પોકેટ બુકમાં નોંધી રાખવાથી દરેક વ્યક્તિને પોતાની શારીરિક સારવાર તેમજ અન્ય હેતુસર ખૂબજ ઉપયોગી થશે.

સમાજના કોઈ સભ્ય અત્રે જણાવેલ પોકેટબુક મેળવવા ઈચ્છતા હોય તો મેડિકલ સેન્ટરનાં કાઉન્ટર પરથી પ્રાપ્ત કરી શકે છે.

*કન્વીનર, મેડિકલ અને ચેક-અપ સેન્ટર*

---

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ** *સંચાલિત*
**શ્રી નવનીત મેડિકલ સેન્ટર અને શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેકઅપ સેન્ટર**

## વર્ષ ૨૦૧૦-૧૧ માટે સંક્ષિપ્ત અહેવાલ

★ શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર કોઇ જાતનાં ભેદભાવ વગર આ વિસ્તારને ઉચ્ચ ગુણવત્તા સાથેની તબીબી સેવા પૂરું પાડી રહ્યું છે અને સારી એવી લોકચાહના મેળવી છે.

★ વર્ષ દરમ્યાન રૂા. ૫,૫૬,૯૦૦/- ના નવાં સાધનો વસાવવામાં આવ્યા છે.

★ ગત વર્ષના અંતે રૂા. ૧૨.૦૦ લાખની કિંમતનાં આવેલ નવા સોનોગ્રાફી અને ડોપ્લર મશીનથી ઇકો કાર્ડિયોગ્રાફી, સોફ્ટ ટીસ્યુ સોનોગ્રાફી ઉપરાંત ડોપ્લર ટેસ્ટ એટલે દર્દીના મગજમાં તેમજ હાથ-પગમાં પૂરતું લોહી પહોંચે છે કે નહીં તે માટે ગળાની તથા હાથ-પગની લોહીની નસોની તપાસ પણ હવે આપણાં આ સેન્ટર પર થઇ શકે છે.

★ સેન્ટર પર જે સવલત ઉપલબ્ધ નથી તેવી એમ.આર.આઇ., સીટી સ્કેન, મેમોગ્રાફી, ઓપીજી એક્સ-રે, બેરિયમ ટેસ્ટ વગેરે સેવાઓ રાહતનાં દરે આ સેન્ટર પર આવતા દર્દીઓને ઉપલબ્ધ થઇ શકે તે માટે કેટલીક અગ્રણી સંસ્થા / હોસ્પિટલ સાથે ટાઇ-અપ કરવામાં આવેલ છે.

★ જોઇન્ટ રિપ્લેસમેન્ટ (પગનાં સાંધા બદલવા), તેમજ હાર્ટ (હૃદય) અને કિડની (મૂત્રપિંડ)ને લગતાં ખૂબજ ખર્ચાળ ઓપરેશનો પણ ખૂબજ વાજબી ખર્ચમાં થઇ શકે તે માટે, આંતરરાષ્ટ્રીય કક્ષાની, અમદાવાદની કેટલીક હોસ્પિટલો સાથે ગોઠવણ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. જે ટૂંક સમયમાં કાર્યાન્વિત થઇ જવાની અપેક્ષા છે.

★ મેડિકલ સેન્ટર દ્વારા એક નાની "સ્વાસ્થ્ય પુસ્તિકા" બહાર પાડવામાં આવી છે. જેમાં સમાજના સભ્યોના બોડી ચેક-અપના રિપોર્ટના આધારે મેડિકલને લગતી, બી.પી., બ્લડ સુગર, ઇ.સી.જી., સોનોગ્રાફી, ડાયાબિટીસ વગેરે સંપૂર્ણ વિગતો લખી આપવામાં આવશે. સંબંધિત વ્યક્તિ પોતાના ખિસ્સામાં કે પર્સમાં રાખી શકે તેવી નાની આ પુસ્તિકાની વિગતો, આકસ્મિક સંજોગોમાં ખૂબજ ઉપયોગી થઇ શકશે.

★ માનસિક રોગોના વિશ્લેષણ અને સારવાર તેમજ બાળકોની મનોવૈજ્ઞાનિક ચકાસણી માટે, સંસ્થાના શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિના સહયોગથી મેડિકલ સેન્ટરમાં સાઇકોથેરાપી વિભાગ શરૂ કરવામાં આવેલ છે.

★ આ મેડિકલ સેન્ટરમાં સારવાર / ચેકઅપ માટે આવતા માત્ર સ્થાનિક સમાજનાં સભ્યોના પરિવારજનોને, જે તે નિયત ચાર્જમાં ૭૫% જેટલા રાહતના દરે સેવા ઉપલબ્ધ હતી, પરંતુ હવે સ્થાનિક સભ્યો ઉપરાંત બહારગામ ક્યાંય પણ રહેતા હોય તેવા નોંધાયેલા સભ્યોને પણ આ લાભ આપવામાં આવે છે.

★ શ્રી કચ્છી સમાજ-અમદાવાદના સભ્યોના પરિવારજનોને જે-તે નિયત ચાર્જમાં ૨૫% જેટલા રાહતના દરે સેવા ઉપલબ્ધ કરવામાં આવે છે.

★ મેડિકલ સેન્ટર દ્વારા યુવાન વયે થતા હાર્ટ એટેક સંબંધિત કાર્ડિયાક, હાડકાંના રોગો, કેન્સર શરીરમાં થતા અસહ્ય દુઃખાવા, બૉન મેરો-ડેન્સિટી, આંખના મોતિયા પૈકીના કેમ્પોનું આયોજન પણ જાહેર પ્રજાના લાભાર્થે અવારનવાર કરવામાં આવે છે.

*કન્વીનરશ્રી - મેડિકલ કમિટી*

*પરિસ્થિતિને વશ થવાને બદલે આપણે પરિસ્થિતિને વશ કરવી જોઇએ.*

# યુવા વિકાસ સમિતિ

તા. ૨૬-૬-૨૦૧૧ના આયોજિત શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ કેરમ સ્પર્ધામાં ૩૪ સ્પર્ધકોએ બે ગ્રૂપમાં ભાગ લીધેલ. નાનકડી પંખીનીથી માંડીને વડીલ વર્ગના દરેક સ્પર્ધકોએ કેરમની રમતમાં પોતાની મહત્તમ કાબેલિયતનું પ્રદર્શન કરેલ હતું.

રમત પ્રત્યેની ભાવના જુઓ.... છેલ્લી ઘડીએ સ્પર્ધકોની સંખ્યામાં વધારો થતાં ભક્તિ અને પાયલ મારુએ પોતાના ઘરેથી કેરમ લાવીને આયોજકોની મૂંઝવણ હલ કરી હતી. તેમને અને બધા સ્પર્ધકોને ધન્યવાદ.

***સ્પર્ધામાં વિજેતાઓના નામ :***

- **ગ્રૂપ-અ (૧૫ વર્ષ સુધી)**

પ્રથમ ટીમ : મિહિર મનીષ લોડાયા<br>મયૂર ધીરજલાલ શાહ

દ્વિતીય ટીમ : મીત મનીષ મોતા<br>ચિંતન અરવિંદભાઈ શાહ

- **ગ્રૂપ-બ (૧૬ વર્ષથી ઉપર)**

પ્રથમ ટીમ : ભારત કાંતિલાલ શાહ<br>રાકેશ ડી. શાહ

દ્વિતીય ટીમ : અમન જીતુભાઈ સંઘવી<br>દર્શન જીતુભાઈ સંઘવી

## ડૉ. સુશીલભાઈ ચુનીલાલ દેવજી શાહ "સંભારણા" સ્પર્ધા

શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારજનો માટે સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૧ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન ખાતે ડૉ. સુશીલભાઈ ચુનીલાલ દેવજી શાહ "સંભારણા" સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આપના જીવનની કોઈ મહત્ત્વની ઘટના અથવા અનુભવ કે જે આપના જીવનમાં એક સંભારણું બની ગયેલ હોય અને જેના થકી અન્યને પણ કાંઈ લાભ કે બોધ પ્રાપ્ત થાય તેવું હોય તો ૫ (પાંચ) મિનિટમાં એક સંભારણા રૂપે રજૂઆત કરવાની રહેશે.

શક્ય છે, આપનો એ અનુભવ, આપનું એ સંભારણું, કોઈકના માટે માર્ગદર્શક કે બોધદાયક બની શકે.

૧૮ વર્ષથી ઉપરના સ્પર્ધકોએ પોતાનું નામ, ઉંમર, ફોન નંબર તા. ૧૩-૮-૨૦૧૧ સુધીમાં સમાજની ઓફિસમાં લખાવવાના રહેશે.

***અન્ય જાણકારી માટે સંપર્ક :***

હીરેન શાહ : ૯૮૨૫૪ ૦૩૬૦૦ (ઓફિસ સમય બાદ)

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

# પરિચય મિલન સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત ચતુર્થ લગ્નોત્સુક પરિચય મિલન સમારોહ માસ જૂન-૨૦૧૧માં અમદાવાદ ખાતે સંપન્ન થયો હતો. જેનો વિગતવાર અહેવાલ 'મંગલ મંદિર'ના માસ જુલાઈ-૨૦૧૧નાં વિશેષાંકમાં પ્રસિદ્ધ થયેલ છે. પરિચય મિલન કાર્યક્રમના પ્રસંગે યુવતીઓ અને યુવકોની માહિતી સાથે એક પુસ્તિકા બહાર પાડવામાં આવી હતી. જે પુસ્તિકાની સારી એવી માંગ રહી છે.

સમિતિને પ્રાપ્ત માહિતી અનુસાર યુવાવર્ગના ઉપરોક્ત મિલન સમારોહના અનુસંધાને નીચે જણાવેલ યુવક-યુવતીઓના વેવિશાળ નક્કી થઈ ગયાં છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | જિજ્ઞા રાજેન્દ્ર જશવંતલાલ શાહ | - અમદાવાદ | (F-25) |
| | ચિરાગ રાગીનકુમાર એ. શાહ | - કર્નૂલ (એ.પી.) | (M-6) |
| ૨. | કિંજલ અંબાલાલ બાબુલાલ શાહ | - ડાભોડા | (F-15) |
| | હેમલ કમલેશ શાહ | - અમદાવાદ | |
| ૩. | રચના શ્રીકાંત પુરુષોત્તમ સંઘવી | - રાઉરકેલા | (F-41) |
| | અંકિત કાર્તિક ભવાનજી ખોના | - વાપી | (M-55) |

પરિચય મિલન સમિતિ ઉપરોક્ત યુવતીઓ અને યુવાનોને તેમજ તેમના પરિવારજનોને શુભેચ્છા પાઠવે છે.

***કન્વીનર***

# વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા તા. ૨૧-૭-૨૦૧૧ના એક અનોખા કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં નીચે જણાવેલ સભ્યોએ કાવ્ય, સ્તવન વગેરેની રજૂઆત કરી હતી.

શ્રીમતી વર્ષાબહેન પારેખ, શ્રીમતી ઊર્મિલાબહેન વસા, શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા, શ્રી પ્રવીણભાઈ સંઘવી, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી ભોગીલાલભાઈ શાહ અને શ્રી ધીરજલાલભાઈ સંઘવી.

ત્યારબાદ શ્રી રજનીભાઈ પારેખે વિવિધ રમતો રમાડી હતી. તેનાં એક ભાગરૂપે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી ગિરીશભાઈ સંઘવી, શ્રી મહેન્દ્રભાઈ વસા અને શ્રી અરવિંદભાઈ શેઠને સ્ટેજ પર એક અનોખી ઢબે ડાન્સ કરાવીને સૌ પ્રેક્ષકોને હાસ્યથી ઝુમતા કરી દીધા હતા. કાર્યક્રમમાં હાઉસીની રમત રમાડ્યા બાદ સૌએ ભોજન કર્યું હતું.

આ કાર્યક્રમના સૌજન્ય દાતાશ્રીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

***- કન્વીનર***

- ★ **ચોપન કરોડ યુવાનો જો "હું તે કરી શકું", "આપણે તે કરી શકીએ" અને "ભારત તે કરી શકે" – એ જુસ્સાથી કામ કરે, તો ભારતને વિકાસશીલ દેશ બનતાં કોઈ અટકાવી ન શકે.**
- ★ **આવકની અસમાનતા, શક્ય તેટલા પરિગ્રહનો લોભ, બીજા લોકોની સમસ્યાઓ પ્રત્યે ઉદાસીનતા, – આ જ ભ્રષ્ટાચારના કેટલાંક કારણો છે.**
- ★ **ત્રાસવાદ સમાજના માળખામાં અસ્થિરતા ઊભી થવાના કારણે જન્મે છે. આપણે જો યુવાનોને રોજગારની પૂરતી તકો પૂરી પાડી શકીએ અને ધનની અસમાન વહેંચણીને દૂર કરી શકીએ, તો ત્રાસવાદ આપોઆપ દૂર થઈ શકે.** ***– ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, સાભાર : "ભારતીય ચેતના"***

## ગૃહ ઉદ્યોગ સમિતિ

નવનીત આવાસ, બહેરામપુરા ખાતે ચાલતા ગૃહ ઉદ્યોગમાં રોજિંદી ખાદ્યખોરાકીની વસ્તુઓ જોબવર્કથી તૈયાર કરવા ઈચ્છુકે શ્રી રજનીભાઈ પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક કરવા વિનંતી.

*- કન્વીનર*

## "સંકલ્પ"
## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### વાર્ષિક સામાન્ય સભા

"સંકલ્પ" શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા, રવિવાર, તા. ૨૫-૯-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે રાખવામાં આવેલ છે. (સમય : સાંજે ૪.૦૦ વાગે)

'સંકલ્પ'ના જે સભ્યો કમિટીમાં આવવાની ઈચ્છા ધરાવતા હોય અને સ્વેચ્છાએ સેવા આપી શકતા હોય તેઓએ પોતાના નામ તા. ૨૩-૯-૨૦૧૧ સુધી નીચે જણાવેલ સભ્ય પાસે નોંધાવવા વિનંતી. આ રીતે નોંધાયેલ સભ્યોમાંથી નવા કારોબારી સભ્યોનું સિલેક્શન થશે.

*ડૉ. કેતન શાહ : મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧*
*પીયૂષ પારેખ : મો. ૯૩૨૭૫ ૫૬૫૬૮*
*અમી શાહ : મો. ૨૭૪૯ ૯૨૮૮*

*પ્રમુખ / મંત્રી - 'સંકલ્પ'*

*તા.ક. :* (૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તેજ સ્થળે મળશે. તે વખતે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં. (૨) વર્ષ ૨૦૧૦-૧૧ના હિસાબો અંગે જે સભ્યોને કંઈ પૂછવાનું હોય અથવા પોતાના સૂચનો તા. ૨૧-૯-૨૦૧૧ સુધી નીતિન શાહ (મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧)ને જણાવવાના રહેશે.

### એક અજમાવવા જેવો અભિગમ

*કંઈક આપવાથી ખૂબ આનંદ મળ્યો હોય એવા તમારા જીવનના કોઈ અવસરને યાદ કરો. ભલે ને આપવાની ક્ષણે એ આનંદ તમે ન અનુભવ્યો હોય. કદાચ એ આનંદ તમે ઘણો પાછળથી અનુભવેલો. કદાચ એ વ્યક્તિના માધ્યમથી તમે બીજા કોઈ એવી વ્યક્તિને મળ્યા હો, જે તમારા માટે ચમત્કારીક તાવીજ બની ગઈ હોય અથવા કદાચ આપવાની એ ક્રિયાએ તમને કોઈ રીતે બદલી નાખ્યા હોય. આ રૂપાંતરને કારણે તમને નવી પરિસ્થિતિ ભણી આકર્ષિત થયા હો, જેણે તમારી જિંદગીમાં કંઈ અણધાર્યું સારું કરી નાખ્યું હોય!*

*– ગુલાબચંદ ધારશી રાંભિયા*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જૂન / જુલાઈ – ૨૦૧૧

- **મંગળવાર, તા. ૨૧-૬-૨૦૧૧**

☆ આજરોજ કચ્છના ભૂતપૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઇ ગઢવી સાથે એક મિટિંગ યોજવામાં આવેલ હતી અને ભુજમાં "સાહિત્ય સંશોધન કેન્દ્ર"ની સ્થાપના કરવા જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૨૪-૬-૨૦૧૧**

☆ આજરોજ ભવન સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગમાં શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઇ પારેખ, શ્રી મહેન્દ્ર વ. શાહ, શ્રી બચુભાઇ રાંભિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ નારાણજી દંડ ઉપસ્થિત રહેલ હતા. કેન્ટીનના ભાવપત્રક રિવાઇઝ્ડ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. જલારામ અન્નક્ષેત્રના વપરાશ માટે રૂા. ૨૦/- તથા જનરલ જમવાનો ભાવ રૂા. ૩૫/- નક્કી કરવામાં આવેલ હતો. જલારામ અન્નક્ષેત્ર માટે અન્ય ભાવોમાં પણ ફેરફાર કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૨૯-૬-૨૦૧૧**

☆ મંગલ મંદિરના વ્યક્તિ વિશેષ માટે ભુજપુર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મહેન્દ્ર ગઢવીનો આજરોજ ભુજપુર ગામ ખાતે ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યો.

☆ મેડિકલ સમિતિની એક મિટિંગ આજરોજ થઇ હતી. જેમાં દર્દીઓને એમઆરઆઇ તેમજ સીટી સ્કેન રાહત દરે કરાવી આપવા, મેડિકલ સ્ટાફ માટે નામની પ્લેટ બનાવવા, ઓર્થોપેડિક અને ગાયનેકોલોજિસ્ટના ડોક્ટરોના ઇન્ટરવ્યૂ બાબત, સ્કીન ન્યુરોફીઝિશિયન સર્જનની જરૂરિયાત તેમજ દાંતનું એક્સ-રે મશીન ખરીદ કરવા વગેરે બાબતોની ચર્ચા-વિચારણા કરીને યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ મિટિંગમાં ડૉ. ચંદ્રકાંતભાઇ દેઢિયા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી અશ્વિનભાઇ સાવલા, ડૉ. હિતેન્દ્રભાઇ શાહ તેમજ સ્ટાફ વિભાગમાંથી શ્રીમતી દક્ષાબહેન અને શ્રી પીન્ટુભાઇ હાજર હતા.

- **શનિવાર, તા. ૨-૭-૨૦૧૧**

☆ આજરોજ મુન્દ્રા ખાતે શ્રી અશ્વિનભાઇ ઝીંઝુવાડિયા સાથે મિટિંગ કરવામાં આવી. મંગલ મંદિરના ૪૦૦મા વિશેષાંક માટે તેમના લેખની ચર્ચા કરી. કચ્છના કેટલાક પ્રશ્નો વિશે પણ અગત્યની ચર્ચા થઇ શકી.

- **બુધવાર, તા. ૬-૭-૨૦૧૧**

☆ ભવિષ્યના આયોજનો માટે આજે કેટલાક હોદ્દેદારોની એક મિટિંગ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી પ્રતાપભાઇ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. મુંબઇ અતિથિ ભવન તથા અન્ય અનેક બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ વિતરણ કરવા માટે કચ્છથી ખારેકનો ૧૦૦ કિલોનો પ્રથમ લોટ કચ્છી જૈન ભવન પર આવેલ હતો. આ ખારેક મઉથી શ્રી છબીલદાસ પટેલે મોકલી આપેલ હતો.

- **ગુરુવાર, તા. ૭-૭-૧૧**

☆ વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે મંગલ મંદિર શ્રેષ્ઠ લેખ વગેરે વિશેની નિર્ણાયક સમિતિ અંગે શ્રી ધીરજભાઇ સોમપુરા સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૮-૭-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની વિગતો 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'માં પ્રસારિત કરવા, આજરોજ ટાઇમ્સના પ્રતિનિધિ શ્રી રાજીવ કપુરને લઇને શ્રી આર.ટી. સાવલિયા ભવન પર આવેલ હતા અને તે અંગે તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૧૪-૭-૧૧**

☆ ઉપરોક્ત પ્રતિનિધિ સાથે આજરોજ ફરીથી મિટિંગ થઇ હતી. જેમાં ડૉ. ચંદ્રકાંતભાઇ દેઢિયા અને શ્રી દિનેશ મહેતાએ પ્રતિનિધિ સાથે ચર્ચા કરી હતી.

☆ મંગલ મંદિરના ૪૦૦માં વિશેષાંક અંગે શુભેચ્છા સંદેશ મેળવવા વિવિધ વિભાગના અગ્રણીઓને આજે પત્રો લખવામાં આવેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૫-૭-૧૧**

☆ આજરોજ અશોક મહેતા, કે.કે. તથા પરાશર વ્યાસે શ્રી કચ્છી જૈન ભવન પરના ધાબા પરના સ્ટ્રક્ચરનું નિરીક્ષણ કર્યું તથા ત્યારબાદ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જઇ, ત્યાં હાલે જે ટેમ્પરરી શેડ બનાવવાના છે તેની વિગતો ચકાસી. મ્યુ.ના પ્રશ્નો હોવાથી હાલે આ બાબત આગળ ન વધવા શ્રી કે.કે. એ સલાહ આપી.

☆ આજરોજ રાત્રે ભવન પર એક મિટિંગ મળેલ હતી કે જેમાં અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા સીમ્સ હોસ્પિટલના ડૉક્ટરો શ્રી ધીરેન શાહ તથા ડૉ. ઊર્મિલ શાહ ઉપસ્થિત રહેલ હતા. સીમ્સ હોસ્પિટલ તથા શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદના મેડિકલ સેન્ટરના ટાઇઅપ વિશે વિવિધ પ્રસ્તાવો પર ચર્ચા-

*જે માણસો આજની સજ્જતા સાચવી શકે છે એના માટે આવતીકાલ હંમેશાં તૈયાર હોય છે.*

વિચારણા કરવામાં આવી. આ બધાજ પ્રસ્તાવો ડૉ. ધીરેન શાહ લેખિત સ્વરૂપે શ્રી કચ્છી જૈન ભવન પર મોકલી આપે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૧૭-૭-૧૧**

☆ આજરોજ સવારમાં ૧૦ વાગે શ્રી ક.જૈ.સે.સ.ની વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી કે જેમાં ૮૦થી વધુ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ સભામાં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના નિયમ અનુસારના સભ્યોને બિનહરીફ ચૂંટવામાં આવેલ હતા. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના ઓડિટેડ હિસાબો મંજૂર કરવામાં આવેલ હતા. વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવામાં આવેલ હતી. સુધારેલ બંધારણ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ હતું. આવતા વર્ષને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ બપોરના ૧.૦૦ વાગે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના નવા ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગમાં બે કો-ઓપ્ટ ટ્રસ્ટી, મેનેજિંગ ટ્રસ્ટી તથા ૬ સભ્યોને કારોબારી સમિતિમાં મોકલવા અંગે નિર્ણયો લેવામાં આવેલ હતા. સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિની રચના કરવામાં આવેલ હતી.

☆ આજરોજ બપોરના ૩.૩૦ વાગે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ની નવી કારોબારી સમિતિની પ્રથમ મિટિંગ મળેલ હતી. આ સભામાં પ્રથમ તથા દ્વિતીય ઉપપ્રમુખ, મંત્રી તથા સહમંત્રી તેમજ ખજાનચી અને સહ-ખજાનચીની નિમણૂક કરવામાં આવેલ હતી. કારોબારી સમિતિ માટે કો-ઓપ્ટ સભ્યો નક્કી કરવામાં આવેલ હતા. વિવિધ સમિતિઓના કન્વીનરોની નિમણૂક કરવામાં આવેલ હતી.

☆ આજરોજ કચ્છ ભાજપના મંત્રીશ્રી પંકજ મહેતા તથા સુરતથી પત્રકાર શ્રી જગદીશ ર. શાહ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓશ્રીની સાથે કચ્છના વિવિધ વિષયે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૧૮-૭-૨૦૧૧**

☆ આજરોજ વિઝન-૨૦૨૦ સમિતિની એક મિટિંગ મળેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી અશ્વિન સાવલા, શ્રી કિરીટ નંદુ, શ્રી વિમેશ શાહ, શ્રી નવીન લાલકા તથા શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા ઉપસ્થિત રહેલ હતા. સમિતિએ આપેલ રિપોર્ટ પર વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. આ રિપોર્ટ ટ્રસ્ટ મંડળની આગામી મિટિંગમાં રજૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૧૯-૭-૨૦૧૧**

☆ મંગલ મંદિરના ૪૦૦મા અંકના રિવ્યૂ માટે આજરોજ ભવન પર મંગલ મંદિરના તંત્રી મંડળના સભ્યો શ્રી અશોક મહેતા, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી દિનેશ મહેતા તથા સલાહકાર શ્રી હંસરાજ કંસારા, શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતા. અત્યાર સુધી ન આવેલ લેખો વિશે ચર્ચા કરી તેની વૈકલ્પિક વ્યવસ્થા નક્કી કરવામાં આવેલ હતી. અન્ય જરૂરી બાબતે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ ભવન પર આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ પધારેલ હતા. તેમની સાથે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ મિટિંગ કરી ભવન પરના રૂફ સ્ટ્રક્ચર તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહના કચ્છ મ્યુઝિયમના પ્લાનિંગ અંગે ચર્ચા કરેલ હતી.

- **બુધવાર, તા. ૨૦-૭-૨૦૧૧**

☆ આજરોજ કચ્છથી શ્રી લીલાધરભાઇ ગડા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. કચ્છની આરોગ્ય વિષયક સંસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૧-૭-૨૦૧૧**

☆ જી.આઇ.ડી.બી.ના સિનિયર ઓફિસર સાથે કચ્છમાં ડી-સેલિનેશન પ્લાન્ટ અંગે વિગતવાર ચર્ચા કરવા શ્રી અશોક મહેતાએ ગાંધીનગરમાં તેઓશ્રીની રૂબરૂ મુલાકાત લીધેલ હતી.

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના કચ્છ મ્યુઝિયમના બાકી રહેતા કામ માટે શ્રી પ્રતાપ નારાણજી દંડ, આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ, કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવન તથા ચૌલાબહેન કુરુવા મળેલ હતા. બાકી રહેતા કામોના પ્રશ્નોના આર્કિટેક્ટશ્રીએ નિરાકરણ સૂચવેલ હતા. બાકી રહેતા કામોના પ્રોગ્રેસ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ વયસ્ક સમિતિનો એક મનોરંજન કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન પર ગોઠવવામાં આવેલ હતો. અંદાજિત ૮૦થી વધુ વયસ્કો ઉપસ્થિત રહેલ હતા. સમૂહભોજન બાદ સહુ છૂટા પડેલ હતા.

- **શનિવાર, તા. ૨૩-૭-૨૦૧૧**

☆ આજરોજ ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઇ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી રજનીકાંતભાઇ પારેખ, શ્રી કિશોર મૂળજી લાલકા તથા શ્રી હિતેન વસા ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં ગૃહ ઉદ્યોગ દ્વારા વિવિધ વસ્તુઓ બનાવતા શ્રી પરેશ દોશી, શ્રીમતી ભાવનાબહેન નાગડા, શ્રીમતી નયનાબહેન અલ્પેશ ગાલા, શ્રીમતી કલ્પનાબહેન ગડા (ખાખરાવાલા), શ્રીમતી કાંતાબહેન, શ્રીમતી જસ્મિતાબહેન તથા શ્રીમતી શીલાબહેન સાથે એક પછી એક રૂબરૂમાં ચર્ચા કરવામાં આવેલ હતી અને તેઓ દ્વારા ચલાવાતા ગૃહ ઉદ્યોગોનો કઇ રીતે વિકાસ થાય તે અંગેના જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. ■

*પ્રાર્થના એ તો અંતરનો નાદ છે.*